ઓ૩મ્

શ્રીમત્સ્વામી શ્રીદયાનંદ સરસ્વતી નિર્મિત.

(ગર્ભાધાનથી અંત્યેષ્ટિ પર્યન્તના વેદાનુકુલ સોળ સંસ્કારોથી યુક્ત)

સંસ્કાર વિધિ.

ગુર્જર ભાષાન્તર

અનુવાદક

પં. ઇચ્છાશંકર પાઠક

અને

રા. રા. ગિરધરલાલ ગોવિંદજી.

પ્રકાશક

રા. રા. જમનાદાસ નારણદાસ ચહાવાળા.

પુસ્તકાધ્યક્ષ સુ. પ્ર. આ. પ્ર. સભા.

ગીરગામ-કાકડવાડી-મુંબાઇ.

અમદાવાદ—ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં

મોતીલાલ સામળદાસે છાપ્યું.

વિક્રમાબ્દ ૧૯૭૧. ઇસ્તીસન ૧૯૧૪. દયાનંદાબ્દ ૩૨.

સૃષ્ટયબ્દ ૧૯૭૨૯૪૯૦૧૭

દ્વિતીયાવૃત્તિ. પ્રત ૧૦૦૦

પાકું પુઠું મુલ્ય રૂ. ૧—૦—૦

કાચું પુઠું મુલ્ય રૂ, ૦-૧૨—૦

ओ३म्

શ્રીમત્સ્વામી શ્રીદયાનંદ સરસ્વતી નિર્મિત.

(ગર્ભાધાનથી અંત્યેષ્ટિ પર્યન્તના વેદાનુકુલ સોળ સંસ્કારોથી યુક્ત)

સંસ્કાર વિધિ.

ગુર્જર ભાષાન્તર

અનુવાદક

પં. ઇચ્છાશંકર પાઠક

અને

રા. રા. ગિરધરલાલ ગોવિંદજી.

પ્રકાશક

રા.. રા. જમનાદાસ નારણદાસ ચહાવાળા.

પુસ્તકાધ્યક્ષ મુ. પ્ર. આ. પ્ર. સભા.

ગીરગામ-કાકડવાડી-મુંબાઇ.

અમદાવાદ—ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટીગ પ્રસ કંપના લીમીટડમા

મોતીલાલ સામળદાસે છાપ્યું.

વિક્રમાબ્દ ૧૯૭૧. ઇસ્વીસન ૧૯૧૪. દયાનંદાબ્દ ૩૨.

સૃષ્ટ્યબ્દ ૧૯૭૨૯૪૯૦૧૭

દ્વિતીયાવૃત્તિ. પ્રત ૧૦૦૦

પાકું પુઠું મુલ્ય રૂ. ૧—૦—૦

કાચું પુઠું મુલ્ય રૂ, ૦-૧૨—૦

પ્રસ્તાવના

પ્રિયબંધુઓ. દયાળુ ઇશ્વરની કૃપાથી **પરમ પહારૂઢ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતિ નિર્મિત** આ સંસ્કારવિધિ અતિ ઉપયોગી ગ્રંથની દ્વિતીયાવૃત્તિ તૈયાર થઇ ગઇ છે અને તે આપની સેવામાં રજુ કરતાં ઘણો આનંદ થાય છે. આ ગ્રંથ છપાવવામાં પ્રેસની અગવડતાને લીધે ઘણો વિલંબ થયો છે પરંતુ તે હવે તૈયાર થઈ ગયો છે તે માટે પ્રભુનો ઉપકાર માનીયે છીયે. આ ગ્રંથ કેટલો આવશ્યકીય છે તે સર્વને વિદત છે, એટલે જે વિષયમાં કાંઇ વધુ ન લખતાં આ દ્વિતીયાવૃત્તિના સંબંધમાં જણાવીશ કે તેમાં આ વખતે કેટલોક સુધારો વધારો કરવામાં આવ્યો છે. આ આવૃત્તિમાં જે વેદમંત્રાના અર્થો પ્રથમાવૃત્તિમાં આપી શકાયા નહોતા તે આપવામાં આવ્યા છે જેથી વાંચકોને અને સંસ્કારાભ્યાસીઓને ઘણા ઉપયોગી થઈ પડશે. આ ગ્રંથના પ્રુફો જોવાનો અને તેમાંના વેદ મંત્રાર્થો કરવાનો તથા કાંઇ સુધારો કરવાનો પરિશ્રમ મું. પ્ર. આ. પ્ર. સભાના ઉપદેશક શ્રીમાન્ પં. મણિશંકર શર્માએ લીધો છે તેના માટે હમે તેમના અનુગ્રહિત છીયે. પ્ર. સભાના અને આર્ય સંસ્થાના ઉપદેશકોએ તથા વિદ્વાન્ ચાલકોએ તેમની સેવાનું અનુકરણ કરવું જોઇએ.

લી. આર્ય સેવક.
જમનાદાસ નારણદાસ ચહાવાળા.
પુસ્તકાધ્યક્ષ મું. પ્ર. આ. પ્ર. સભા.

વિષયાનુક્રમણિકા.

ओ३म्.

આર્યસમાજના નિયમો.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનન્દ સ્વરૂપ, નિરાકાર સર્વશક્તિમાન્, ન્યાયકારી, દયાળુ, અજન્મા અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્ત્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવું અને સાંભળવું, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

૧. સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ·

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

ઓ૩મ્

વૈદિક સાહિત્યના ગ્રંથોના અભ્યાસીઓને નિવદન.

આધુનિક સમયમાં ભારત વર્ષમાં અનેક મતમતાંતરો થઈ જવાથી સત્ય ધર્મ શું છે તે જાણવાની સર્વને ઇચ્છા રહે છે. માનવયોનિમાં જન્મ લીધા પછી ધર્મ અને અધર્મ શું છે તે જાણવું મનુષ્યનું પ્રથમ અને મુખ્ય કર્તવ્ય છે. ૭ હજાર વર્ષના પૂર્વ સમયમાં લોકો ધર્મને બુદ્ધિપૂર્વક સમજતા હતા જેથી મતમતાન્તરના સંપ્રદાયો નહોતા પરંતુ કાલબળે મતમતાન્તરના વાવાઝોડે આ પવિત્ર દેશના ઉપર હુમલો કર્યો અને તેમાં અનેક પ્રકારના ધાર્મિક પુસ્તકો બન્યાં. આ પુસ્તકોના આધાર લઈ વિદેશી વિદ્વાનો વેદના ભાષ્યો અને પૌરાણિક ગ્રંથો ઉપર હસવા લાગ્યા આમ થવાથી આર્યસંતાનો પણ વેદથી વિમુખ થઇ નાસ્તિકવાદ ઉપર જવા લાગ્યા અને તેઓ પણ સંસ્કૃત ગ્રંથોનું ઉપહાસ કરવા લાગ્યા. આવા સમયમાં શ્રીમાન્ સ્વામી **શ્રી દયાનંદ સરસ્વતી મહારાજ** થયા અને તેમણે વેદોનું અને આર્યગ્રંથોનું બુદ્ધિપૂર્વક રહસ્ય સમજાવ્યું અને તેમ કરવા માટે વેદોના ભાષ્ય વિગેરેના અતિ ઉપયોગી ગ્રંથો રચ્યા છે. તે પુસ્તકોનો પ્રચાર લાખોની સંખ્યામાં થયો છે અને થયા કરે છે. તેમના દેહાંત પછી અનેક અન્ય સંસ્કૃતજ્ઞ વિદ્વાનોએ આર્ય ગ્રંથોપર પોતાના ભાષ્યો કર્યા છે તે પણ વાંચવા લાયક છે. તેવા ગ્રંથોનો જથ્થો મુ. પ્ર. આ. પ્ર. સભા તરફથી એક વિક્રેય પુસ્તકાલય કાઢી અત્રે રાખવામાં આવ્યો છે અને જે મહાશયો મંગાવે છે તેમને વી. પી. થી મોકલી આપવામાં આવે છે. હમારી પાસે નિમ્નલિખિત મુખ્ય મુખ્ય પુસ્તકો છે અને તે ઉપરાંત અનેક પુસ્તકો છે જેને માટેનું સૂચી પત્ર તૈયાર છે જેના પોષ્ટેજના અરધા આના સાથે મંગાવવાથી જાણી શકાશે.

પુસ્તકનું નામ.	કિંમત.
સત્યાર્થ પ્રકાશ (ગુજરાતી)	૧-૮-૦
સત્યાર્થ પ્રકાશ (હિંદી)	૧-૫-૦
સત્યાર્થ પ્રકાશ (મરાઠી)	૧-૧૨-૦
સત્યાર્થ પ્રકાશ (અંગ્રેજી)	૨-૦-૦
સંસ્કાર વિધિ (ગુજરાતી)	૧-૦-૦
સંસ્કાર વિધિ (હિંદી)	૦-૧૨-૦
ઋગ્વેદાદિ ભાષ્ય ભુમિકા (ગુજરાતી)	૧-૮-૦
ઋગ્વેદાદિ ભાષ્ય ભુમિકા (હિંદી)	૧-૮-૦
,, ,, ,, (મરાઠી)	૧-૦-૦
યજુર્વેદ ભાષા ભાષ્ય (હિંદી)	૨-૪-૦
મનુસ્મૃતિ ,,	૧-૪-૦
,, (ગુજરાતી)	૧-૮-૦
ભાસ્કર પ્રકાશ (હિંદી)	૧-૮-૦
આર્યમન્તવ્ય પ્રકાશ પ્ર-ભા.	૦-૧૦-૦
,, દ્વી-ભા.	૧-૦-૦

પુસ્તકનું નામ.		કિંમત.
વેદાન્ત દર્શન	......	૩-૪-૦
,,	ગુજરાતી	૨-૮-૦
ભગવદ્ગીતા	હિંદી	૨-૮-૦
ન્યાયદર્શન	,,	૨-૧૨-૦
વૈશેષિક દર્શન	,,	૨-૧૨-૦
યોગ દર્શન	,,	૨-૨-૦
પૂર્વમીમાંસા ભાગ-૨	,,	૮-૮-૦
સાંખ્ય દર્શન	,,	૨-૨-૦
સ્વામી દયાનંદ જીવન ચરિત્ર	,,	૧-૧૨-૦
પુરૂષાર્થ પ્રકાશ-બે ભાગ	ગુજરાતી	૧-૪-૦
આર્યાભિવિનય	હિંદી તથા ગુજરાતી	૦-૪-૦
સામવેદ ભાષા ભાષ્ય	,,	૧૦-૮-૦
ઋગ્વેદ ભાષ્ય (મોટું)	,,	૨૧-૦-૦
યજુર્વેદ ભાષ્ય મોટું	,,	૧૬-૦-૦

આ શિવાય નાના મોટાં વૈદિક સાહિત્યના અનેક ગ્રંથો હમારે ત્યાંથી મળી શકશે માટે નીચે લખેલે ઠેકાણેથી અવશ્ય મંગાવી લેશો એવી આશા છે.

ઠેકાણું—ગીરગામ કાકડવાડી.
પોષ્ટ નં. ૪. મુંબાઈ.

લી० આર્ય સેવક.
જમનાદાસ નારણદાસ ચાહવાળા.
પુસ્તકાધ્યક્ષ—મુ. પ્ર. આ. પ્ર. સભા.

ओ३म् नमो नमः सर्वविधात्रे जगदीश्वराय ॥

अथ संस्कारविधिं वक्ष्यामः ॥

ॐ सहनाववतु । सह नौ भुनक्तु । सह वीर्य्यं करवावहै । तेजस्विनावधीतमस्तु । मा विद्विषावहै । ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ तैत्तिरीय आरण्यके । अष्टमप्रपाठके । प्रथमानुवाके ॥

અર્થઃ—(**सहनौ अवतु**) હે સર્વ શક્તિમાન ઈશ્વર આપની કૃપા, રક્ષા તથા સહાય વડે અમે પરસ્પર એક બીજાની રક્ષા કરીએ. (**सह नौ भुनक्तु**) અમે સર્વે પરસ્પર પ્રીતિથી મળીને સર્વોત્તમ ઐશ્વર્ય અર્થાત્ ચક્રવર્તિ રાજ્યાદિ સામગ્રીના આનંદને આપના અનુગ્રહથી ભોગવીએ. (**सह वीर्यम् करवावहै**) હે કૃપાનિધે! આપની સહાયથી અમે એક બીજાના સામર્થ્યને પુરૂષાર્થ વડે સદા વધારીએ; (**तेजास्वि नौ अधीतम् अस्तु**) હે પ્રકાશમય! સર્વ વિદ્યાના દાતા પરમાત્મન્! આપના સામર્થ્ય વડે અમારૂં પઠનપાઠન સંસારમાં પ્રકાશિત થાઓ અને અમારી વિદ્યા સદા વધતી રહો. (**मा विद्विषावहै**) હે પ્રીતિના ઉત્પાદક પ્રભો ! આપ એવી કૃપા કરો કે જેથી અમે પરસ્પર વિરોધ ન કરતાં એક બીજાની સાથે મિત્રભાવથી રહીએ અને આપની કરૂણાથી આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ત્રિવિધતાપોના ક્લેશથી રહિત થઇએ.

सर्वात्मा सच्चिदानन्दो विश्वादिर्विश्वकृद्विभुः ।
भूयात्तमां सहायो नस्सर्वेशो न्यायकृच्छुचिः ॥ १ ॥

અર્થ:—જેની સર્વત્ર ગતિ છે તેવા સચ્ચિદાનન્દ, વિશ્વકર્ત્તા, વિભુ, સર્વનો માલિક, ન્યાયકારી, શુદ્ધ પરમાત્મા અમને અત્યંત સહાયકારી થાઓ. ૧

गर्भाद्या मृत्युपर्यन्ताः संस्काराः षोडशैव हि ।
वक्ष्यन्ते तं नमस्कृत्यानन्तविद्यं परेश्वरम् ॥ २ ॥

અર્થ:—અનંતજ્ઞાનવાન્ પરમાત્માને પ્રણમીને ગર્ભથી મૃત્યુપર્યંતના સોળ સંસ્કાર (આ પુસ્તકમાં) હું કહીશ-લખીશ. ૨

वेदादिशास्त्रसिद्धान्तमाध्याय परमादरात् ।
आर्यैतिह्यं पुरस्कृत्य शरीरात्मविशुद्धये ॥ ३ ॥

અર્થ:—વેદાદિશાસ્ત્રના સિદ્ધાન્તનો પરમ આદર સહિત અભ્યાસ કરીને, તથા પ્રાચીન આર્યોના પરંપરાગત વિષયને આગળ કરી (એમના મન્તવ્યપ્રમાણે) શરીર અને આત્માની શુદ્ધિ અર્થ આ પુસ્તક હું રચું છું. ૩.

કારણ કે:— संस्कारैस्संस्कृतं यद्यन्मेध्यमत्र तदुच्यते ।
असंस्कृतं तु यल्लोके तदमेध्यं प्रकीर्त्यते ॥ ४ ॥

અર્થ:—સંસારમાં જે વસ્તુ સંસ્કારથી હીન છે તે અમેધ્ય અર્થાત્ અપવિત્ર—અસ્વચ્છ કહેવાય છે; અને જે સંસ્કારોથી ભૂષિત છે તે પવિત્ર કહેવાય છે. ૪ માટે:—

अतः संस्कारकरणे क्रियतामुद्यमो बुधैः ।
शिक्षयौषधिभिर्नित्यं सर्वथा सुखवर्धनः ॥ ५ ॥

અર્થઃ—સત્પુરૂષોએ શિક્ષણ અને ઔષધિ પ્રયોગો વડે સંસ્કાર કરવામાં, દરેકરીતે સુખવર્દ્ધન ઉદ્યમ નિત્ય કરવો જોઇયે. ૫

कृतानीह विधानानि ग्रन्थग्रन्थनतत्परैः ।
वेदविज्ञानविरहैः स्वार्थिभिः परिमोहितैः ॥ ६ ॥
प्रमाणैस्तान्यनादृत्य क्रियते वेदमानतः ।
जनानां सुखबोधाय संस्कारविधिरुत्तमः ॥ ७ ॥

અર્થઃ—વેદવિજ્ઞાનહીન, ગ્રંથગ્રંથન કરી કેવળ કીર્ત્તિ અને ધન મેળવવામાં આસક્ત થયેલા અને અત્યંત મુગ્ધ સ્વાર્થિ મનુષ્યોએ આ વિષયના વિધાયક જે ગ્રંથો રચેલા છે તેમનો વેદાદિ સત્યશાસ્ત્રોનાં પ્રમાણોદ્વારા અનાદર કરીને મનુષ્યોના સુખને માટે આ ઉત્તમ સંસ્કારવિધિ ગ્રંથ હું રચું છું. ૬–૭.

बहुभिः सज्जनैस्सम्यङ्मानवप्रियकारकैः ।
प्रवृत्तो ग्रन्थकरणे क्रमशोऽहं नियोजितः ॥ ८ ॥

અર્થઃ—જનહિત ચાહનારા ઘણા સત્પુરૂષોની ક્ષમાશથી સંસ્કારોના ક્રમપૂર્વક આ ગ્રંથ રચવામાં હું પ્રવૃત્ત થયો છું. ૮

दयाया आनन्दो विलसति परो ब्रह्मविदितः
सरस्वत्यस्याग्रे निवसति मुदा सत्यनिलया ।
इयं ख्यातिर्यस्य प्रततमुगुणा हीशशरणाऽ-
स्त्यनेनायङ्ग्रन्थो रचित इति बोद्धव्यमनघाः ॥

અર્થઃ—બ્રહ્મનું જ્ઞાન થવાથી પ્રાપ્ત થયેલો આનંદ, દયાશબ્દની પછી (**दयानन्द**) શોભી રહ્યો છે અને તે સત્યરૂપ ઘરમાં રહેનારા હર્ષ (આનંદ) યુક્ત થઇને (દયાનંદ શબ્દની પછી) સરસ્વતી શબ્દ સ્થિત છે તથા અનેકગુણો જેનામાં વિસ્તૃત થયા છે તથા પરમેશ્વર એજ જેની ગતિ છે એવું જેનું નામ છે તેણે (દયાનન્દ સરસ્વતીએ) હે સભ્ય મનુષ્યો ! આ ગ્રંથ રચ્યો છે, તે જાણો.૯

चक्षूरामाङ्कचन्द्रेऽब्दे कार्तिकस्यासिते दले ।
अमायां शनिवारेऽयं ग्रन्थारम्भः कृतो मया ॥ १० ॥

અર્થઃ—સંવત્ ૧૯૩૨ ના કાર્તિક વદ અમાસો શનિવારે મેં આ ગ્રંથનો પ્રારંભ કર્યો છે.૧૦

बिन्दुवेदाङ्कचन्द्रेऽब्दे शुचौमासेऽसिते दले ।
त्रयोदश्यां रवौ वारे पुनः संस्करणं कृतम् ॥ ११ ॥

અર્થઃ—સંવત્ ૧૯૪૦ ના અષાડ વદ તેરશને રવિવારે આ ગ્રંથની દ્વિતીયાવૃત્તિ સુધારા વધારા સાથે તૈયાર કરી. ૧૧.

अथेश्वरस्तुतिप्रार्थनोपासनाः ॥

ओ३म् विश्वा॑नि देव सवितर्दुरि॒तानि॒ परा॑सुव । यद्भ॒द्रन्तन्न॒ आसु॑व ॥ १ ॥ यजुः० अ० ३० मं० ३.

અર્થઃ—હે (**सवितः**) સકલ જગતની ઉત્પત્તિકર્તા સમગ્ર ઐશ્વર્યયુક્ત (**देव**) શુદ્ધસ્વરૂપ, સર્વ સુખોના દાતા પરમેશ્વર આપ કૃપા કરીને (**नः**) અમારાં (**विश्वानि**) સંપૂર્ણ (**दुरितानि**) દુર્ગુણ, દુર્વ્યસન તથા દુઃખોને (**परासुव**) દુર કરો અને (**यत्**) જે (**भद्रम्**) કલ્યાણકારક ગુણ, કર્મ, સ્વભાવ અને પદાર્થો હોય (**तत्**) તે સર્વ અમને (**आसुव**) આપની કૃપાથી પ્રાપ્ત થાઓ.

हि॒र॒ण्य॒ग॒र्भः सम॑वर्त्त॒ताग्रे॑ भू॒तस्य॑ जा॒तः पति॒रेक॑ आसीत् । स दा॑धार पृथि॒वीं द्यामु॒तेमां कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ २ । यजु० अ० १३ मं० ४

અર્થઃ –જે (**हिरण्यगर्भः**) સ્વપ્રકાશ સ્વરૂપ છે અને જેણે પ્રકાશક સૂર્યચંદ્રમાદિ પદાર્થો ઉત્પન્ન કરીને ધારણ કર્યા છે, તથા જે (**भूतस्य**) ઉત્પન્ન થયેલા સંપૂર્ણ જગતનો (**जातः**) પ્રસિદ્ધ (**पतिः**) સ્વામી (**एकः**) એકજ ચેતન સ્વરૂપ (**आसीत्**) છે તથા જે (**अग्रे**) સર્વ જગતની ઉત્પત્તિની પૂર્વે (**समवर्त्तत** વર્તમાન હતો (**सः**) તે (**इमाम्** આ (**पृथिवीम्**) ભૂમિ (**उत**) તથા (**द्याम्**) સૂર્યાદિને (**दाधार**) ધારણ કરી રહ્યો છે. અમે તે (**कस्मै**) સુખસ્વરૂપ (**देवाय**) શુદ્ધ પરમાત્માની (**हविषा**) ગ્રહણ કરવા યોગ્ય યોગાભ્યાસ અને અતિ પ્રેમથી (**विधेम**) વિશેષભક્તિ કર્યા કરીએ.

य आ॑त्म॒दा ब॑ल॒दा यस्य॒ विश्व॑ उ॒पास॑ते प्र॒शिषं॒ यस्य॑ दे॒वाः । यस्य॑च्छा॒याऽमृतं॒ यस्य॑ मृ॒त्युः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ ३ ॥ यजुः० अ० २५ मं० १३

અર્થઃ—(**यः**) જે (**आत्मदाः**) આત્મજ્ઞાનનો દાતા (**बलदाः**) શરીર, આત્મા અને સમાજના બલનો દાતા, (**यस्य** કે જેની (**विश्वे**) સર્વ (**देवाः**) વિદ્વાન્ લોકો **उपासते**) ઉપાસના કરેછે; અને (**यस्य**) જેના (**प्रशिषम्**) પ્રત્યક્ષ સત્યસ્વરૂપ શાસન અને ન્યાય અર્થાત્ શિક્ષાને માને છે તથા (**यस्य**) જેની (**छाया**) છાયા અર્થાત્ આશ્રયજ (**अमृतम्**, મોક્ષસુખદાતા છે અને (**यस्य**) જેનું ન માનવું અર્થાત્ ભક્તિ ન કરવી તેજ (**मृत्युः**) મૃત્યુ આદિ દુઃખનો હેતુ છે. અમે તે (**कस्मै**) સુખસ્વરૂપ (**देवाय**) સકલ જ્ઞાનના દાતા પરમાત્માની પ્રાપ્તિને માટે (**हविषा**) આત્મા અને અંતઃકરણથી (**विधेम**) ભક્તિ અર્થાત્ તેનીજ આજ્ઞા પાલનમાં તત્પર રહિયે.

यः प्रा॑ण॒तो नि॑मिष॒तो म॑हि॒त्वैक॒ इद्राजा॒ जग॑तो ब॒भूव॑ । य ईशे॑ऽअ॒स्य द्वि॒पद॒श्चतु॑ष्पदः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ ४ ॥ यजुः० अ० २३ मं० ३

અર્થઃ– (**यः**) જે (**प्राणतः**) પ્રાણવાળા અને (**निमिषतः**) અપ્રાણિરૂપ (**जगतः**) જગતનો (**महित्वा**) પોતાના અનન્ત મહિમાને લીધે (**एकः इत्**) એકજ (**राजा**) વિરાજમાન રાજા (**बभूव** છે, (**यः**) જે (**अस्य**) આ (**द्विपदः**) મનુષ્યાદિ તથા (**चतुष्पदः**) ગૌ આદિ પ્રાણિઓના શરીરની (**ईशे**) રચના કરે છે તે (**कस्मै**) સુખસ્વરુપ (**देवाय**) સકલૈશ્વર્યના દાતા પરમાત્માની (**हविषा**) અમારી સર્વ ઉત્તમ સામગ્રીથી (**विधेम**) અમે વિશેષ ભક્તિ કરીએ.

येन॒ द्यौरु॒ग्रा पृ॑थि॒वी च॑ दृ॒ळ्हा येन॒ स्वः॑ स्तभि॒तं येन॒ नाकः॑ । यो अ॒न्तरि॑क्षे॒ रज॑सो वि॒मानः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ ५ ॥ यजुः० अ० ३२ मं० ६

અર્થઃ—(**येन**) જે પરમાત્માએ (**उग्र**) તીક્ષ્ણસ્વભાવવાળા (**द्यौः**) સૂર્ય આદિને (**च**) તથા (**पृथिवी**) ભૂમિને (**दृढा**) ધારણ કર્યાં છે (**येन**) જેણે (**स्वः**) સુખને (**स्तभितम्**) ધારણ કર્યું છે; અને (**येन**) જે જગદીશ્વરે (**नाकः**) દુઃખ રહિત મોક્ષને ધારણ કર્યો છે. વળી (**यः**) જે (**अन्तरिक्षे**) આકાશમાં (**रजसः**) સર્વ લોકલોકાન્તરોને (**विमानः**) વિશેષ માન યુક્ત અર્થાત્ જેમ આકાશમાં પક્ષી ઊડે છે તેમ સર્વ લોકોને નિર્માણ અને ભ્રમણ કરાવે છે, તે (**कस्मै**) સુખસ્વરૂપ (**देवाय**) કામના કરવાયોગ્ય પરબ્રહ્મની પ્રાપ્તિને માટે (**हविषा**) સઘળાં સામર્થ્ય સહિત (**विधेम**) અમે વિશેષ ભક્તિ કરીએ.

प्रजा॑पते॒ न त्वदे॒तान्य॒न्यो विश्वा॑ जा॒तानि॒ परि॒ ता ब॑भूव । यत्का॑मास्ते जुहु॒मस्तन्नो॑ अस्तु व॒यं स्या॑म॒ पत॑यो रयी॒णाम् ॥ ६ ॥ ऋ० मं० १० सू० १२१ मं० १०

અર્થઃ—(**प्रजापते**) હે સર્વ પ્રજાના સ્વામી પરમાત્મા (**त्वत्**) આપનાથી (**अन्यः**) ભિન્ન બીજું કોઈ (**ताएतानि**) આ (**विश्वा जातानि**) સર્વ ઉત્પન્ન થયેલાં જડચેતનાદિનો (**न परि बभूव**) તિરસ્કાર કરી શકતું નથી અર્થાત્ આપ સર્વોપરી છો. (**यत् कामाः**) જે જે પદાર્થની કામનાથી અમે (**ते**) આપનો (**जुहुमः**) આશ્રય લઈએ અને વાંછા કરીએ (**तत्**) તે તે કામના (**अस्तु**) આપની કૃપાથી સિદ્ધ થાઓ કે જેથી (**वयम्**) અમે (**रयीणाम्**) ધનૈશ્વર્યના (**पतयः**) સ્વામી (**स्याम**) થઈએ.

स नो॒ बन्धु॑र्जनि॒ता स वि॑धा॒ता धामा॑नि वेद॒ भुव॑नानि॒ विश्वा॑ । यत्र॑ दे॒वा अ॒मृत॑मानशा॒नास्तृ॒तीये॒ धाम॑न्न॒ध्यैर॑यन्त ॥ ७ ॥ यजु० अ० ३२ मं० १०

અર્થઃ—હે મનુષ્યો (**सः**) તે પરમાત્મા (**नः**) આપણને (**बन्धुः**) ભ્રાતા સમાન સુખ દાયક, (**जनिता**) સકલ જગતના ઉત્પાદક, (**विधाता**) સર્વ કામોને પૂર્ણ કરનાર, (**विश्वा**) સંપૂર્ણ (**भुवनानि**) લોકમાત્ર અને (**धामानि**) નામ સ્થાન તથા જન્મોને (**वेद**) જાણે છે, અને (**यत्र**) જે (**तृतीये**) સાંસારિક સુખ દુઃખથી રહિત નિત્યાનંદયુક્ત (**धामन्**) મોક્ષ સ્વરૂપ પરમાત્મામાં (**अमृतम्**) મોક્ષને પ્રાપ્ત કરીને (**देवाः**) વિદ્વાન્ લોકો (**अध्यैरयन्त**) સ્વેચ્છાપૂર્વક વિચરે છે તેજ પરમાત્મા આપણો ગુરૂ, આચાર્ય, રાજા તથા ન્યાયાધીશ છે. આપણે સર્વે મળીને તેની સર્વદા ભક્તિ કર્યા કરીએ.

अग्ने॒ नय॑ सु॒पथा॑ रा॒ये अ॒स्मान् विश्वा॑नि देव व॒युना॑नि वि॒द्वान् । यु॒यो॒ध्य॑स्मज्जु॑हुरा॒णमेनो॒ भूयि॑ष्ठां ते॒ नम॑उक्तिं विधेम ॥ ८ ॥ य० अ० ४० मं० १६

અર્થઃ—હે (**अग्ने**) સ્વપ્રકાશ જ્ઞાનસ્વરૂપ સર્વ જગતના પ્રકાશક (**देव**) સકલ સુખદાતા પરમેશ્વર આપ (**विद्वान्**) સંપૂર્ણ વિદ્યાયુક્ત છો. કૃપા કરીને (**अस्मान्**) અમને (**राये**) વિજ્ઞાન વા રાજ્યાદિ ઐશ્વર્યની પ્રાપ્તિને માટે (**सुपथा**) ધર્મયુક્ત આપ્ત લોકોના માર્ગે (**विश्वानि**) સંપૂર્ણ (**वयुनानि**) પ્રજ્ઞાન અને ઉત્તમ કર્મ (**नय**) પ્રાપ્ત કરાવો, અને (**अस्मत्**) અમારાથી (**जुहुराणम्**) કુટિલતાયુક્ત (**एनः**) પાપરૂપ કર્મને (**युयोधि**) દૂર કરો એટલાજ માટે અમે

(ते) આપની (भूयिष्ठाम्) અનેક પ્રકારે સ્તુતિરૂપ (नम उक्तिम्) નમ્રતા પૂર્વક પ્રશંસા (विधेम) સદા કર્યા કરીએ અને અખંડાનંદમાં રહીયે.

॥ इतीश्वरस्तुतिप्रार्थनाप्रकरणम् ॥

अथ स्वस्तिवाचनम् ॥

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ॥ १ ॥ स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव । सचस्वा नः स्वस्तये ॥२॥ ऋ० मं० १ सू० १ मं० १९

स्वस्ति नो मिमीतामश्विना भगः स्वस्ति देव्यदितिरनर्वणः । स्वस्ति पूषा असुरो दधातु नः स्वस्ति द्यावापृथिवी सुचेतुना ॥ ३ ॥ स्वस्तये वायुमुपब्रवामहै सोमं स्वस्ति भुवनस्य यस्पतिः । बृहस्पतिं सर्वगणं स्वस्तये स्वस्तय आदित्यासो भवन्तु नः ॥ ४ ॥ विश्वे देवा नो अद्या स्वस्तये वैश्वानरो वसुरग्निः स्वस्तये । देवा अवन्त्वृभवः स्वस्तये स्वस्ति नो रुद्रः पात्वंहसः ॥ ५ ॥ स्वस्ति मित्रावरुणा स्वस्ति पथ्ये रेवति । स्वस्ति न इन्द्रश्चाग्निश्च स्वस्ति नो अदिते कृधि ॥ ६ ॥ स्वस्ति पन्थामनुचरेम सूर्याचन्द्रमसाविव । पुनर्ददताघ्नता जानता संगमेमहि ॥७॥ ऋ० मं० ५ सू० ५१

ये देवानां यज्ञिया यज्ञियानां मनोर्यजत्रा अमृता ऋतज्ञाः । ते नो रासन्तामुरुगायमद्य यूयं पात स्वस्तिभिः सदा नः ॥८॥ ऋ० मं० ७ अ० ३ सू० ३५॥

येभ्यो माता मधुमत्पिन्वते पयः पीयूषं द्यौरदितिरद्रिबर्हाः । उक्थशुष्मान् वृषभरान् स्वप्नसस्ताँ आदित्याँ अनुमदा स्वस्तये ॥९॥ नृचक्षसो अनिमिषन्तो अर्हणा बृहद्देवासो अमृतत्वमानशुः । ज्योतीरथा अहिमाया अनागसो दिवो वर्ष्माणं वसते स्वस्तये ॥ १० ॥ सम्राजो ये सुवृधो यज्ञमाययुरपरिह्वृता दधिरे दिवि क्षयम् । ताँ आ विवास नमसा सुवृक्तिभिर्महो आदित्याँ अदितिं स्वस्तये ॥ ११ ॥ को वः स्तोमं राधति यं जुजोषथ विश्वे देवासो मनुषो यतिष्ठन । को वोऽध्वरं तुविजाता अरं करद्यो नः पर्षदत्यंहः स्वस्तये ॥ १२ ॥ येभ्यो होत्रां प्रथमामायेजे मनुः समिद्धाग्निर्मनसा सप्तहोतृभिः । त आदित्या अभयं शर्म यच्छत सुगा नः कर्त सुपथा स्वस्तये ॥ १३ ॥ य ईशिरे भुवनस्य प्रचेतसो विश्वस्य स्थातुर्जगतश्च मन्तवः । ते नः कृतादकृतादेनसस्पर्यद्या देवासः पिपृता स्वस्तये ॥१४॥ भरेष्विन्द्रं सुहवं हवामहेऽहोमुचं सुकृतं दैव्यं जनम् । अग्निं मित्रं वरुणं सातये भगं द्यावापृथिवी मरुतः स्वस्तये ॥ १५ ॥ सुत्रामाणं पृथिवीं द्यामनेहसं सुशर्माणमदितिं सुप्रणीतिम् । दैवीं नावं स्वरित्रामनागसमस्रवन्तीमा रुहेमा स्वस्तये ॥ १६ ॥ विश्वे यजत्रा

अर्धि वोचतोनये त्रायध्वं नो दुरेवाया अभिह्रुतः सत्यया वो देवहूत्या हुवेम शृण्वतो देवा अवसे स्वस्तये ॥ १७ ॥ अपामीवामप विश्वामनाहुतिमपारातिं दुर्विदत्रामघायतः। आरे देवा द्वेषो अस्मद्युयोतनोरुणः शर्म यच्छता स्वस्तये ॥ १८ ॥ अरिष्टः स मर्तो विश्व एधते प्र प्रजाभिर्जायते धर्मणस्परि। यमादित्यासो नयथा सुनीतिभिरति विश्वानि दुरिता स्वस्तये ॥ १९ ॥ यं देवासोऽवथ वाजसातौ यं शूरसाता मरुतो हिते धने। प्रातर्यावाणं रथमिन्द्र सानसिमरिष्यन्तमा रुहेमा स्वस्तये ॥ २० ॥ स्वस्ति नः पथ्यासु धन्वसु स्वस्त्यप्सु वृजने स्वर्वति। स्वस्ति नः पुत्रकृथेषु योनिषु स्वस्ति राये मरुतो दधातन ॥ २१ ॥ स्वस्ति रिद्धि प्रपथे श्रेष्ठा रेक्णस्वत्यभि या वाममेति। सा नो अमा सो अरणे निपातु स्वावेशा भवतु देवगोपा ॥ २२ ॥ ऋ० मं० १० सू० ६३

इषे त्वोर्जे त्वा वायवस्थ देवो वः सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मण आप्यायध्वमघ्न्या इन्द्राय भागं प्रजावतीरनमीवा अयक्ष्मा मा वस्तेन ईशत माघशंसो ध्रुवा अस्मिन् गोपतौ स्यात बह्वीर्यजमानस्य पशून् पाहि ॥ २३ ॥ यजुः० अ० १। मं० १ ॥

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतोऽदब्धासो अपरीतास उद्भिदः। देवा नो यथा सदमिद्वृधे असन्नप्रायुवो रक्षितारो दिवेदिवे ॥ २४ ॥ देवानां भद्रा सुमतिर्ऋजूयतां देवानां रातिरभि नो निवर्त्तताम्। देवानां सख्यमुपसेदिमा वयं देवा न आयुः प्रतिरन्तु जीवसे ॥ २५ ॥ तमीशानं जगतस्तस्थुषस्पतिं धियं जिन्वमवसे हूमहे वयम्। पूषा नो यथा वेदसामसद्वृधे रक्षिता पायुरदब्धः स्वस्तये ॥ २६ ॥ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः। स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥ २७ ॥ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः। स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥ २८ ॥ यजुः० अ० २५ मं० १४।१५।१८।१९।२१ ॥

अग्न आयाहि वीतये गृणानो हव्यदातये। नि होता सत्सि बर्हिषि ॥ ॥ २९ ॥ त्वमग्ने यज्ञानां होता विश्वेषां हितः। देवेभिर्मानुषे जने ॥ ॥ ३० ॥ सा० छन्द आ० प्रपा० १ मं० १।२ ॥

ये त्रिषप्ताः परियन्ति विश्वा रूपाणि बिभ्रतः। वाचस्पतिर्बला तेषां तन्वो अद्य दधातु मे ॥ ३१ ॥ अथर्व० कां० १। वर्ग १। अनु० १। प्रपा० १। मं० १ ॥

इति स्वस्तिवाचनम् ॥

स्वस्तिवाचनमन्त्रार्थाः

(पुरोहितम्) અનાદિ કાળથી જગતને ધારણ કરવાવાળા **(यज्ञस्य)** હવન, વિદ્યાદિ દાન અને શિલ્પક્રિયાના **(देवम्)** પ્રકાશક **(ऋत्विजम्)** પ્રત્યેક ઋતુમાં પૂજ્ય **(होतारम्)** જગતના સુંદર પદાર્થોના દાતા **(रत्नधातमम्)** રમણીય રત્નાદિના પોષણ કર્તા **(अग्निम्)** પ્રકાશ સ્વરૂપ પરમાત્માની **(ईडे)** હું ઉપાસક સ્તુતિ કરૂં છું (આ મંત્રનો ભૌતિક અગ્નિ પરક અર્થ પણ થાય છે પરંતુ અત્ર તો આજ અર્થ ગ્રાહ્ય છે. ॥१॥

(अग्ने) હે જ્ઞાન સ્વરૂપ પરમેશ્વર ! **(सूनवे, पीता इव)** જેવી રીતે પુત્રને માટે પિતા (સુખકર પદાર્થોની પ્રાપ્તિના કરવાવાળાછે) તેવી રીતે **(सः)** સર્વત્ર પ્રસિદ્ધ આપ **(नः)** હમારે માટે **(सूपायनो भव)** સુખદાયક પદાર્થોની પ્રાપ્તિ કરાવનાર થાઓ. અને **(नः)** હમારો **(स्वस्तये)** કલ્યાણાર્થ **(सचस्व)** મેળ કરાવો. ॥२॥

હે ઇશ્વર ! **(अश्विना)** અધ્યાપક અને ઉપદેશક **(नः)** હમારૂં **(स्वस्ति)** કલ્યાણ **(मिर्मीताम्)** કરે, **(भगः)** ઐશ્વર્યરૂપ આપ, વા વાયુ **(स्वस्ति)** સુખ સંપાદન કરો, **(अदितिः)** અખંડિત **(देवी)** પ્રકાશવાળી વિદ્યુત્ વિદ્યા **(अनर्वणः)** ઐશ્વર્ય રહિત લોકોને માટે કલ્યાણકર થાઓ **(पूषा)** પુષ્ટિકારક **(असुरः)** પ્રાણદાતા મેઘાદિ **(स्वस्ति)** કલ્યાણકારી **(दधातु)** થાઓ. **(द्यावापृथिवी)** અન્તરિક્ષ અને પૃથિવી **(सुचेतुना)** સુવિજ્ઞાન યુક્ત થઇને **(नः)** હમારે માટે **(स्वस्ति)** કલ્યાણકારી થાઓ. ॥३॥

હે પરમેશ્વર ! **(स्वस्तये)** શાન્તિને અર્થે હમે **(वायुम्)** વાયુ વિદ્યાનું **(उप ब्रवामहे)** કથન કરીએ વા તેનો ઉપદેશ કરીયે અને **(सोमम्)** શાન્ત્યાદિ ઐશ્વર્ય આપવાવાળા ચંદ્રમા કે **(यः)** જે ઔષધ્યાદિ રસના ઉત્પાદક હોવાથી **(भुवनस्य)** સંસારની **(पतिः)** રક્ષા કરવાવાળા છે તેની પણ અમે સ્તુતિ કરીયે છીયે. **(बृहस्पतिम्)** મહત્ કાર્યોના રક્ષક **(सर्वगणम्)** સર્વ સમુહના અધિપતિ **(स्वस्तये)** હમારા કલ્યાણાર્થ આપનું આશ્રયણ કરીયે છીયે. **(आदित्यासः)** ઉડતાળીશ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય ધારણ કરવાળા બ્રહ્મચારીઓ, આપની કૃપાથી **(नः)** હમારામાં **(भवन्तु)** ઉત્પન્ન થાઓ. ॥४॥

હે પરમાત્મન્ ! **(अद्य)** આજ યજ્ઞના દિવસે **(नः)** હમારા **(स्वस्तये)** આનંદને માટે **(विश्वेदेवाः)** સર્વ વિદ્વાનો હમને પ્રાપ્ત થાઓ, અને **(वैश्वानरः)** સર્વ મનુષ્યોને ઉપયોગી અને સર્વત્ર વાસ કરનાર **(अग्निः)** અગ્નિ **(स्वस्तये)** મંગળકારી થાઓ, **(ऋभवः)** વિશિષ્ટ મેધાવી (બુદ્ધિશાળી) **(देवाः)** વિદ્વાન્ લોકો **(अवन्तु)** હમારી રક્ષા કરો અને **(नः)** હમારાં **(स्वस्तये)** કલ્યાણને માટે **(रुद्रः)** દુષ્ટોને રડાવનાર આપ **(अंहसः)** પાપરૂપ અપરાધોથી શાન્તિપૂર્વક હમારી રક્ષા કરો. ॥५॥

હે **(अदिते)** અખંડિતવિદ્ય ! પરમેશ્વર ! **(नः)** હમારૂં **(स्वस्ति)** કલ્યાણ **(कृधि)** કરો, **(च)** અને **(इन्द्रः)** વાયુ **(च)** અને **(अग्निः)** વિદ્યુત **(नः)** હમારે માટે **(स्वस्ति)** કલ્યાણકારી થાઓ **(पथ्ये-रेवति)** ધનાદિ સંપન્ન કરવાના શુભ માર્ગોમાં આપ હમારૂં **(स्वस्ति)** કલ્યાણ કરો, અને **(मित्रावरुणा)** પ્રાણ અને ઉદાન વાયુ **(नः)** હમારે માટે **(स्वस्ति)** કલ્યાણકારી થાઓ. ॥६॥

હે ઇશ્વર ! **(सूर्याचन्द्रमसाविव)** જેવી રીતે સૂર્ય અને ચંદ્ર, કોઈ પણ ઉપદ્રવ

શિવાય સંસારમાં વિચરણ કરે છે તેવી રીતે હમે, (**पन्थाम्**) સંસાર માર્ગમાં (**स्वस्ति**) આનંદથી (**अनुचरेम**) વિચરીયે, (**पुनः**) વળી (**ददता**) સહાયતા આપવાવાળા, (**अघ्नता**) કોઇને પણ દુઃખ નહિં દેવાવાળા (**जानता**) જ્ઞાન સંપન્ન બુદ્ધિશાળી બંધુઓ વિગેરે સાથે (**संगमेमहि**) હમારો મેળ થાઓ. ॥૭॥

(**ये**) જે (**यज्ञियानां, देवानाम्**) યજ્ઞને યોગ્ય વિદ્વાનોમાં (**यज्ञियाः**) યજ્ઞોપયોગી છે એવા યાજ્ઞિકો, અને (**मनोर्यजत्राः**) મનનશીલ પુરૂષોની સાથે સંગતિ કરવાળા (**अमृता**) જીવન્મુક્ત જેવા (**ऋतज्ञाः**) સત્ય જ્ઞાની છે તેના આપ સત્પુરૂષો, (**अद्य**) આજ આ યજ્ઞને દિવસે (**उरुगायम्**) સત્કીર્તિ પ્રાપ્ત કરવાવાળા વિદ્યાબોધ (**नः**) હમને (**रासन्ताम्**) આપો, અને (**यूयम्**) તમે સર્વે (**स्वस्तिभिः**) કલ્યાણકારી પદાર્થોથી (**सदा**) સર્વદા (**नः**) હમારી (**पात**) રક્ષા કર્યા કરો. ॥૮॥

(**येभ्यो**) જે આદિત્ય બ્રહ્મચારીઓને માટે (**माता**) સર્વને નિર્માણ કરવાવાળી પૃથિવી (**मधुमत्, पयः**) માધુર્યયુક્ત દુગ્ધાદિ પદાર્થો (**पिन्वते**) આપે છે અને (**आदितिः**) અખંડનીય (**अद्रिवर्हाः**) મેઘોથી વૃદ્ધિ પામેલા (**द्यौः**) અન્તરિક્ષ લોક (**पीयूषम्**) સુંદર જલાદિક આપે છે. (**तान्**) તે (**उक्थशुष्मान्**) અત્યન્તબલવાળા, (**बृषभरान्**) યજ્ઞદ્વારા વૃષ્ટિનું આહરણ કરવાવાળા (**स्वप्नसः**) શુભ કર્મયુક્ત (**आदित्यान्**) આદિત્ય બ્રહ્મચારિયોને (**स्वस्तये**) હમારા તરફથી કાંઈપણ ઉપદ્રવ ન થાય તેવા (**अनुमदा**) યોગ્ય બનાવો. ॥૯॥

(**नृचक्षसः**) કર્તવ્ય પરાયણ મનુષ્યોના દ્રષ્ટા (**अनिमिषन्तः**) આલસ રહિત (**अर्हणा**) સર્વના પૂજનીય (**देवासः**) વિદ્વાન્ લોકો છે જે (**बृहत्**) મહાન્ (**अमृतत्वम्**) મુક્તિને (**आनशुः**) પ્રાપ્ત થઈ ચુક્યા છે; અર્થાત્ જીવનમુક્ત છે. અને (**ज्योतीरथाः**) જેઓ સુંદર પ્રકાશમય રથોથીયુક્ત છે, (**अहीमायाः**) જેમની બુદ્ધિને કોઈ દબાવી શકતા નથી એવા (**अनागसः**) પાપરહિત આદિત્ય બ્રહ્મચારી જે (**दिवः**) અન્તરિક્ષ લોકના (**वर्षमाणम्**) ઉચ્ચદેશને (**वसंत**) જ્ઞાનાદિદ્વારા વ્યાપ્ત કરે છે તે (**स्वस्तये**) હમારા કલ્યાણકારી થાઓ. ॥૧૦॥

(**सम्राजः**) સ્વતેજથી વિરાજમાન (**सुवृधः**) જ્ઞાનાદિથી વૃદ્ધ (**येदेवाः**) વિદ્વાનો જેઓ (**यज्ञम्**) યજ્ઞને (**आययुः**) પ્રાપ્ત થયા છે, (અર્થાત્ યજ્ઞમાં પધાર્યા છે) અને સર્વથી અપીડિત દેવતાઓ જેઓ (**दिवि**) દ્યુલોકવર્તી મોટા મોટા સ્થાનોમાં (**क्षयम्**) નિવાસ (**दधिरे**) કરે છે (**तान्**) તેવા (**महो अदित्यान्**) ગુણોથી અધિક આદિત્ય બ્રહ્મચારિયોને અને તેમની (**अदितिम्**) અખંડનીય આત્મવિદ્યાને (**नमसा**) હવ્યાન્ન સહ અને (**सुवृक्तिभिः**) અને ઉચિત્ સ્તુતિઓથી (**स्वस्तये**) હમારા કલ્યાણને માટે (**आविवास**) તેમની સેવા કરીયે. ૧૧

હે (**विश्वेदेवासः**) વિશ્વના વિદ્વાનો! (**यम् जुजोषथ**) જે સ્તુતિ સમુહનું તમે સેવન કરો છો તે (**स्तोमम्**) સામવેદોક્ત સ્તુતિ સમુહને (**वः**) તમારામાંથી (**कः**) કોણ (**राधाति**) બનાવે છે? અને હે (**तुविजाताः**) અનેક પ્રકારના જન્મવાળા (**मनुषः**) મનનશીલ વિદ્વાનો (**यति, स्थन**) જેટલા તમે છો તે (**वः**) તમારા સર્વમાંથી (**अध्वरम्**) યજ્ઞ કે (**यः**) જે (**नः**) હમારા (**अंहः**) પાપને (**अति**) દૂર કરી (**स्वस्तये**) હમારા કલ્યાણને અર્થે (**पर्षत्**) હમારૂં પાલન કરે છે, તે યજ્ઞને (**कः**) કોણ (**अरम् करत्**) અલંકૃત કરે છે? (તેનો વિચાર કરો.) ॥ **१२** ॥

(**येभ्यः**) જે આદિત્ય બ્રહ્મચારિયોને માટે (**समिद्धाग्निः**) અગ્નિહોત્રી (**मनुः**) મનનશીલ વિદ્વાન્ (**मनसा**) મનથી (**सप्तहोतृभिः**) સાતહોતાઓસહ (**प्रथमाम्**) મુખ્ય (**होत्राम्**) યજ્ઞ (**आयेजे**) કરે છે; અર્થાત્ જેમનું વિદ્વાનો મોટા મોટા યજ્ઞોદ્વારા સન્માન કરે છે (**ते आदित्याः**) તે આદિત્ય બ્રહ્મચારીઓ (**अभयंशर्म**) ભયરહિત સુખ (**यच्छत**) હમને આપે અને (**नः**) હમારા (**स्वस्तये**) કલ્યાણાર્થ (**सुगा**) સુગમતાથી પ્રાપ્તવ્ય (**सुपथा**) શોભન વૈદિક માર્ગો (**कर्त**) કરે (દર્શાવે). ॥ ૧૩ ॥

(**ये देवासः**) જે વિદ્વાનો (**प्रचेतसः**) સત્યજ્ઞાનવાન (**मन्तवः**) સર્વને જાણવાવાળા (**स्थातुः**) સ્થાવર (**च**) અને (**जगतः**) જંગમ (**विश्वस्य**) સર્વ (**भुवनस्य**) લોકના (**ईशिरे**) સ્વામી બને છે (**ते**) તે (**अद्य**) આજ (**स्वस्तयें**) હમારા કલ્યાણને માટે (**कृतात्**) કરેલા અને (**अकृतात्**) નહિં કરેલાં (હમારી જાણથી બહાર) (**एनसः**) પાપોથી (**परि, पिपृत**) (હમને) પાર ઉતારે ॥ ૧૪ ॥

હે ઇશ્વર ! (**अंहोमुचम्**) પાપ દૂર કરવાવાળા, (**सुहवम्**) બોલાવવા યોગ્ય (**इन्द्रम्**) શક્તિવાન્ વિદ્વાનને (**भरेषु**) સંગ્રામોમાં (**हवामहे**) અમારી રક્ષાને માટે અમે બોલાવીએ અને (**सुकृतम्**) શ્રેષ્ટ કર્મવાળા (**दैव्यं**) આસ્તિક (**जनम्**) પુરૂષને બોલાવીએ તથા (**सातये**) અન્નાદિલાભાર્થ (**स्वस्तये**) તથા અમારા કલ્યાણને માટે (**अग्निम्**) અગ્નિવિદ્યા (**मित्रम्**) પ્રાણવિદ્યા (**भगम् वरुणम्**) સેવનીય જલવિદ્યા (**द्यावापृथिवी**) અન્તરિક્ષ તથા પૃથિવી વિદ્યા અને (**मरुतः**) વાયુવિદ્યાનું (અમે સેવન કરીયે). ॥૧૫॥

(**सुत्रामाणम्**) સારી રીતે રક્ષા કરવાવાળી (**पृथिवीम्**) લાંબી પહોળી (**अनेहसम्**) ઉપદ્રવરહિત (**सुशर्माणम्**) સારી રીતે સુખ આપનાવાળી, (**अदितिम्**) અખંડનીય (**सुप्रणीतिम्**) સારી રીતે બનાવેલી (**द्याम्**) અન્તરિક્ષલોકસ્થ (**स्वरित्राम्**) સુંદર યંત્રોથી યુક્ત (**अस्रवन्तीम्**) દ્રઢ (**दैवीम्, नावम्**) વિદ્યુત સંબંધી નૌકા અર્થાત્ વિમાનપર અમે લોકો (**स्वस्तये**) સુખાર્થ (**आरुहेम**) આરૂઢ થઇએ. ॥૧૬॥

હે (**विश्वे, यजत्राः**) પૂજનીય વિદ્વાનો ! (**ऊतये**) અમારો રક્ષાર્થ (**अधिवोचत**) આપ ઉપદેશ કર્યા કરો અને (**अभिह्रुतः**) દુઃખદાયિની (**दुरेवायाः**) દુર્ગતિથી (**नः**) અમારી (**त्रायध्वम्**) રક્ષા કરો (**शृण्वतः**) હે અમારી સ્તુતિ શ્રવણ કરવા યોગ્ય (**देवाः**) વિદ્વાનો! (**सत्यया**) સાચી (**वः**) તમારી (**देवहूत्या**) દેવતાઓની સ્તુતિયોગ્ય (**अवसे**) શત્રુઓથી રક્ષા કરવાને માટે અને (**स्वस्तये**) સુખને માટે (**हुवेम**) અમે બોલાવ્યા કરીયે ॥૧૭॥

હે (**देवाः**) વિદ્વાન્ લોકો ? (**अमीवाम्**) રોગાદિને (**अप**) પૃથક્ કરો (**विश्वाम्**) સર્વ (**अनाहुतिम्**) દેવતાઓને નહિં બોલાવવાની મનુષ્યોની બુદ્ધિને (**अप**) પૃથક્ કરો, (**अरातिम्**) અમારી લોભ બુદ્ધિને (**अप**) પૃથક કરો, (**अघायतः**) પાપની ઇચ્છા કરવાવાળા શત્રુની (**दुर्विदत्राम्**) દુષ્ટ બુદ્ધિને દૂર કરો, (**द्वेषः**) દ્વેષ કરવાવાળા સર્વને (**अस्मत्**) અમારાથી (**आरे**) દૂર (**युयोतन**) પૃથક્ કરો (**नः**) અમારો (**स्वस्तये**) કલ્યાણને માટે (**उरुशर्म**) વિશેષ સુખ (**यच्छत**) પ્રદાન કરો. ॥૧૮॥

હે ! (**आदित्यासः**) આદિત્ય બ્રહ્મચારિયો ! (**यम्**) જે પુરૂષોને (**सुनीतिभिः**) સુનીતિયોથી (**विश्वानि, दुरिता**) સર્વ પાપોનું (**अति**) ઉલ્લંઘન કરીને (**नयथ**) સન્માર્ગમાં

પ્રવૃત્ત કરો છો (सः, विश्वः मर्त्तः) તે સર્વ પુરૂષો (अरिष्टः) કોઇથી પણ પીડા પામ્યા વગરે (एधते) વૃદ્ધિ પામે છે અને (धर्मणः) ધર્માનુષ્ઠાન (परि) પછી (प्रजाभिः) પુત્ર પૌત્રાદિકોથી (प्रजायते) સારી રીતે પ્રસિદ્ધિને પામે છે. ॥१९॥

હે (मरुतो, देवासः) મિતભાષી દેવતા, વિદ્વાન્ લોકો (वाजसातौ) અન્નના લાભાર્થ (यं, रथम) જે રમણીય ગમન સાધન આપ્પાયનાદિની (अवथ) રક્ષા કરો છો અને (हिते, धने) સંરક્ષિત ધનને કારણ (शूरसाता) સંગ્રામમાં જે રથની રક્ષા કરો છો તે (इन्द्रसानसिम) મોટા યંત્રકલાના વિદ્વાનોથી સેવનીય (प्रातर्यावाणम) પ્રાતઃકાલે ગમન કરવાવાળા રથપર (स्वस्तये) કલ્યાણાર્થ (आरुहेम) અમે સ્વારી કરીયે. ॥२०॥

(मरुतः) મિતભાષી વિદ્વાન્ લોકો ! (नः) અમારૂં (पथ्यासु) માર્ગ યોગ્ય અર્થાત્ જલ સહિત દેશોમાં (स्वस्ति) કલ્યાણ કરો અને (धन्वसु) જલ રહિત દેશોમાં (स्वस्ति) જલની ઉત્પત્તિ રૂપ કલ્યાણ કરો અને (अप्सु) જળમાં કલ્યાણ કરો. અને (स्वरित) સર્વ આયુધોથી યુક્ત (वृजने) શત્રુઓને દબાવવાવાળી સેનામાં (स्वस्ति) કલ્યાણ કરો અને (नः) અમારી (पुत्रकृथेषु योनिषु) પ્રજોત્પાદક શક્તિ (स्वस्ति) કલ્યાણકારી થાઓ અને (राये) ગવાદિ ધનને માટે કલ્યાણ પદ (दधातन) ધારણ કરો. ॥२१॥

(या) જે પૃથિવી, ગમન કરવાવાળાઓને (प्रपथे) સન્માર્ગ પર જવા માટે (स्वस्तिः इत्, हि) કલ્યાણકારિણીજ થાય છે, જે (श्रेष्ठा) અતિ સુંદર (रेक्णस्वस्ति) ધનવતી છે તથા (वामम) જે સેવન યોગ્ય યજ્ઞને (अभि, एति) પ્રાપ્ત થયેલી છે (सा) તે પૃથિવી (नः) અમારા (अमा) ગૃહની (नि, पातु) રક્ષા કરે, (सा, उ) તે પૃથિવી (अरणे) વનાદિ દેશોમાં અમારી રક્ષિકા થાય અને (देवगोपा) વિદ્વાનો જેના રક્ષક છે એવી આ પૃથિવી અમારે માટે (स्वावेशा) સુસ્થાનવાળી (भवतु) થાઓ અર્થાત્ પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી છે કે સુંદર માર્ગવાળી, અન્નાદિ ધન પેદા કરવાવાળી અરણ્યમાં સુપ્રબન્ધવાળી અને વિદ્વાનો (ઇન્જીનીયરો) જેમાં સારા સારા સ્થાનો બનાવી શકે તેવી પૃથિવી અમને પ્રાપ્ત થાય.) ॥२२॥

હે ઇશ્વર ? (इषे) અન્નાદિ ઇષ્ટ પદાર્થોને માટે તથા (ऊर्जे) બલાદિને માટે (त्वा) તમને (आश्रयाम इतिशेषः) આશ્રયણ કરીયે છીયે.

હે વત્સ જીવો ! તમે (वायवः) વાયુસદશ પરાક્રમ કરવાવાળા (स्थ) થાઓ, (सविता देव) સર્વ જગતના ઉત્પાદક દેવ (श्रेष्ठ तमाय कर्मणे) યજ્ઞરૂપ શ્રેષ્ઠ કર્મોને માટે (वः) તમને સર્વને (प्रार्पयतु) સંબદ્ધ કરે, તે યજ્ઞદ્વારા (इन्द्राय भागम) તમારા ઐશ્વર્યના ભાગને (आप्यायध्वम) વધારો, યજ્ઞ સંપાદનને માટે (अघ्न्याः) નહિં મારવા યોગ્ય (प्रजावतीः) વાછડાઓ સહિત, (अनमीवाः) વ્યાધિ વિશેષોથી રહીત (अयक्ष्माः) યક્ષ્માદિ મહાન્ રોગોથી શુન્ય (ગાયો પ્રાપ્ત કરો) (वः) તમારામાંથી જેનામાં (स्तेनः) ચૌર્યાદિ દુષ્ટ ગુણો હોય તેઓ ગાયોના (मा, ईशत) માલીક ન થાય અને (अघ, शंसः) અન્ય પાપીઓ પણ (मा) તેમના રક્ષક ન થાય. (बह्वीः ध्रुवाः) ચિરકાલ પર્યન્ત રહેવાવાળી ઘણી ગાયો (अस्मिन्, गोपतौ) નિર્દુષ્ટ ગૌરક્ષકની પાસે (स्यात) રહે (એવો યત્ન કરો). ॥२३॥

હે ઇશ્વર ? (यथा) જેવી રીતે (नः) અમારી (सदम) સભામાં વા સર્વદા, (विश्वतः) સર્વ તરફથી (अदब्धासः) અવિઘ્નિત (अपरितासः સર્વોત્તમ (उद्भिदः) દુઃખનાશક (देवाः) વિદ્વાન્ લોકો (वृधे, एव) ઉન્નતિને માટેજ (असत्) હોય છે તેવીજ રીતે (दिवे दिवे)

પ્રતિદિન (अप्रायुवो, रक्षितारः) પ્રમાદ શૂન્ય રક્ષા કરવાવાળા બનાવો એવો (नः) અમને (भद्राः) સ્તુતિ યોગ્ય (क्रतवः) સંકલ્પ (आ, यान्तु) પ્રાપ્ત થાઓ. ॥૨૪॥

હે ભગવાન્! (ऋजूयताम्) સરલતાથી આચરણ કરવાવાળા (देवानाम्) વિદ્વાનોની (भद्रा) કલ્યાણકારિણી (सुमतिः) સદ્બુદ્ધિ (नः) અમને (अभि-निवर्तताम्) પ્રાપ્ત થાઓ, (देवानां रातिः) વિદ્વાનોના વિદ્યાદિ પદાર્થોનું દાન (અમને મળો.) (देवानाम्) વિદ્વાનોના (सख्यम्) મિત્રભાવને (वयम्) અમે (उपसेदिम) પ્રાપ્ત થઇએ જેથી તે (देवाः) વિદ્વાનો (जीवसे) દીર્ઘકાલ પર્યન્ત જીવન માટે (नः) અમારી (आयुः) આયુમાં (प्रतिरन्तु) વૃદ્ધિ કરે. ॥૨૫॥

(यथा) જેવી રીતે (वेदसाम्) ધનની વૃદ્ધિ માટે (पूषा) પુષ્ટિ કર્તા તથા (रक्षिता) રક્ષક અને (स्वस्तये) સુખાર્થે (पायुः) સર્વના રક્ષક (अदब्धः) અહિંસક તે પરમાત્મા છે તેવીજ રીતે (वयम्) અમે (ईशानम्) ઐશ્વર્યવાન્ (जगतस्तस्थुषस्पतिं) ચર અને અચર જગતના પતિ (धियं जिन्वम्) બુદ્ધિની શુદ્ધિ કરવાવાળા ભગવાનની (अवसे) અમારા રક્ષણાર્થે (हूमहे) સ્તુતિ કરીયે છીયે. ॥૨૬॥

(वृद्धश्रवाः) મહાન્ કીર્તિવાન્ (इन्द्रः) પરમૈશ્વર્ય યુક્ત ઇશ્વર (नः) અમારૂ (स्वस्ति) કલ્યાણ (दधातु) કરો, (पूषा) પુષ્ટિકર્તા (विश्ववेदाः) સર્વ જ્ઞાતા ઇશ્વર (नः) અમારે માટે (स्वस्ति) કલ્યાણકારી થાઓ (तार्क्ष्यः) તીક્ષ્ણ તેજસ્વિ (अरिष्टनेमिः) દુઃખહર્તા ઇશ્વર (नः) અમને (स्वस्ति) મંગલકારી થાઓ અને (बृहस्पतिः) મહાન્ પદાર્થોના સ્વામી (नः) અમારે માટે (स्वस्ति) કલ્યાણકર થાઓ. ॥૨૭॥

હે (यजत्राः) સંગ કરવા યોગ્ય (देवाः) વિદ્વાનો! અમે (આપની પાસેથી) (कर्णेभिः) અમારા કર્ણોથી (भद्रम्) કલ્યાણકારી વચનો (शृणुयाम) સાંભળીયે (अक्षभिः) નેત્રોથી (भद्रम्) સુખકર વસ્તુ (पश्येम) જોઇએ (स्थिरैरङ्गैः) દૃઢ અંગોથી (तुष्टुवांसः) આપની સ્તુતિ કરવાવાળા અમે આ (तनूभिः) શરીરો વડે (देवहितम्) વિદ્વાનોને માટે કલ્યાણકારી (यद् आयुः) જે આયુ છે તે (व्यशेमहि) સારી રીતે પ્રાપ્ત કરીયે. ॥૨૮॥

હે (अग्ने) પ્રકાશ સ્વરૂપ પરમાત્મન્ (वीतये) કાન્તિ તેજે વિશેષને માટે (गृणानः) પ્રશંસિત આ (हव्यदातये) દેવતાઓને માટે હવ્ય આપવાને માટે (आयाहि) અમને પ્રાપ્ત થાઓ, (होता) સર્વ પદાર્થોનું ગ્રહણ કરવાવાળા આપ (बर्हिषि) યજ્ઞાદિ શુભ કાર્યોમાં સ્મરણાદિદ્વારા અમારા હૃદયોમાં (नि, सत्सि) સ્થિત થાઓ. ॥૨૯॥

હે (अग्ने) પૂજનીયેશ્વર! (त्वं) તમે (विश्वेषां, यज्ञानाम्) નાના મોટા સર્વ યજ્ઞોના (होता) ઉપદેષ્ટા છો, (देवेभिः) વિદ્વાન્ લોકો (मानुषे, जने) વિચારશીલ પુરૂષોમાં, જ્ઞાનદ્વારા આપને (हितः) સ્થિત કરે છે. ॥૩૦॥

(त्रिषप्ताः) રજ, તમ અને સત્વગુણ તથા સાત ગ્રહ, અથવા ત્રણ સાત એટલે ૫ મહાભૂત, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ પ્રાણ, ૫ કર્મેન્દ્રિય અને એક અંતઃકરણ (સર્વ મળી એકવીસ) (ये) જે (विश्वा, रूपाणि) સર્વ ચરાચરાત્મક વસ્તુઓને (बिभ्रतः) અભિમત ફલ આપી પોષણ કરતાં (परि, यन्ति) યથોચિત પરિણામ પામતાં રહે છે (तेषाम्) તે સબંધી (मे, तन्वः) મારા શરીરમાં (अद्य) આજ (वाचस्पतिः) વેદાત્મક વાણીના પતિ પરમેશ્વર (बला) બળો (दधातु) પ્રદાન કરો. ॥૩૧॥

इति स्वस्तिवाचनमन्त्रार्थाः

॥अथ शान्तिप्रकरणम्॥

शन्न इन्द्राग्नी भवतामवोभिः शन्न इन्द्रावरुणा रातहव्या। शमिन्द्रासोमा सुविताय शंयोः शन्न इन्द्रापूषणा वाजसातौ॥ १॥ शन्नो भगः शमु नः शंसो अस्तु शन्नः पुरन्धिः शमु सन्तु रायः। शन्नः सत्यस्य सुयमस्य शंसः शन्नो अर्यमा पुरुजातो अस्तु॥ २॥ शन्नो धाता शमु धर्त्ता नो अस्तु शन्न उरूची भवतु स्वधाभिः। शं रोदसी बृहती शं नो अद्रिः शं नो देवानां सुहवानि सन्तु॥ ३॥ शन्नो अग्निर्ज्योतिरनीको अस्तु शन्नो मित्रावरुणावश्विना शम्। शन्नः सुकृतां सुकृतानि सन्तु शन्न इषिरो अभिवातु वातः॥ ४॥ शन्नो द्यावापृथिवी पूर्वहूतौ शमन्तरिक्षं दृशये नो अस्तु। शं न ओषधीर्वनिनो भवन्तु शन्नो रजसस्पतिरस्तु जिष्णुः॥ ५॥ शन्न इन्द्रो वसुभिर्देवो अस्तु शमादित्येभिर्वरुणः सुशंसः। शन्नो रुद्रो रुद्रेभिर्जलाषः शन्नस्त्वष्टा ग्नाभिरिह शृणोतु॥ ६॥ शं नः सोमो भवतु ब्रह्म शं नः शं नो ग्रावाणः शमु सन्तु यज्ञाः। शं नः स्वरूणां मितयो भवन्तु शं नः प्रस्वः शम्वस्तु वेदिः॥ ७॥ शं नः सूर्य उरुचक्षा उदेतु शं नश्चतस्रः प्रदिशो भवन्तु। शं नः पर्वता ध्रुवयो भवन्तु शं नः सिन्धवः शमु सन्त्वापः॥८॥ शं नो अदितिर्भवतु व्रतेभिः शं नो भवन्तु मरुतः स्वर्काः। शं नो विष्णुः शमु पूषा नो अस्तु शं नो भवित्रं शम्वस्तु वायुः॥९॥ शं नो देवः सविता त्रायमाणः शं नो भवन्तूषसो विभातीः। शं नः पर्जन्यो भवतु प्रजाभ्यः शं नः क्षेत्रस्य पतिरस्तु शम्भुः॥ १०॥ शं नो देवा विश्वदेवा भवन्तु शं सरस्वती सह धीभिरस्तु। शमभिषाचः शमु रातिषाचः शं नो दिव्याः पार्थिवाः शन्नो अप्याः॥११॥ शंनः सत्यस्य पतयो भवन्तु शं नो अर्वन्तः शमु सन्तु गावः। शंनः ऋभवः सुकृतः सुहस्ताः शं नो भवन्तु पितरो हवेषु॥ १२॥ शं नो अज एकपादेवो अस्तु शं नोऽहिर्बुध्न्यः शं समुद्रः। शं नो अपांनपात्पेरुरस्तु शं नः पृश्निर्भवतु देवगोपाः॥ १३॥ ऋ० मं० ७ सू० ३५ मं० १-१३॥

इन्द्रो विश्वस्य राजति शंनोऽअस्तु द्विपदे शं चतुष्पदे॥ १४॥ शन्नो वातः पवतां शं नस्तपतु सूर्यः। शंनः कनिक्रदद्देवः पर्जन्योऽअभि वर्षतु॥ १५॥

अहा॑नि॒ शं भव॑न्तु नः॒ शꣳ रात्रीः॒ प्रति॑धीयताम् । शं न॑ इन्द्रा॒ग्नी भ॑वता॒मवो॑भिः॒ शं न॒ इन्द्रा॒ वरु॑णा रा॒तह॑व्या । शं न॒ इन्द्रा॒पू॒षणा॒ वाज॑सातौ॒ शमिन्द्रा॒सोमा॑ सुवि॒ताय॒ शंयोः ॥ १६ ॥ शं नो॑ दे॒वीर॒भिष्ट॑य॒ आपो॑ भवन्तु पी॒तये॑ । शंयो॑र॒भिस्र॑वन्तु नः ॥ १७ ॥ द्यौः शान्ति॑र॒न्तरि॑क्ष॒ꣳ शान्तिः॑ पृथि॒वी शान्ति॒राप॒ः शान्ति॒रोष॑धय॒ः शान्तिः॑ । वन॒स्पत॑य॒ः शान्ति॒र्विश्वे॑दे॒वाः शान्ति॒र्ब्रह्म॒ शान्तिः॒ सर्व॒ꣳ शान्तिः॒ शान्ति॑रे॒व शान्तिः॒ सा मा॒ शान्ति॑रेधि ॥ १८ ॥ तच्चक्षु॑र्दे॒वहि॑तं पु॒रस्ता॑च्छु॒क्रमु॒च्च॑रत् । पश्ये॑म श॒रदः॑ श॒तं जीवे॑म श॒रदः॑ श॒तꣳ शृणु॑याम श॒रदः॑ श॒तं प्रब्र॑वाम श॒रदः॑ श॒तमदी॑नाः स्याम श॒रदः॑ श॒तं भूय॑श्च श॒रदः॑ श॒तात् ॥ १९ ॥

यजुः० अ० ३६ मं० ८।१०।११।१२।१७।२४॥

यज्जाग्र॑तो दू॒रमु॒दैति॒ दैवं॒ तदु॑ सु॒प्तस्य॒ तथै॒वैति॑ । दू॒र॒ङ्ग॒मं ज्योति॑षां॒ ज्योति॒रेकं॒ तन्मे॒ मनः॑ शि॒वसं॑कल्पमस्तु ॥ २० ॥ येन॒ कर्मा॑ण्य॒पसो॑ मनी॒षिणो॑ य॒ज्ञे कृ॒ण्वन्ति॑ वि॒दथे॑षु॒ धीराः॑ । यद॑पू॒र्वं य॒क्षम॒न्तः प्र॒जानां॒ तन्मे॒ मनः॑ शि॒वसं॑कल्पमस्तु ॥ २१ ॥ यत्प्र॒ज्ञान॑मु॒त चेतो॒ धृति॑श्च॒ यज्ज्योति॑र॒न्तर॒मृतं॑ प्र॒जासु॑ । यस्मा॒न्न ऋ॒ते किं च॒न कर्म॑ क्रि॒यते॒ तन्मे॒ मनः॑ शि॒वसं॑कल्पमस्तु ॥ २२ ॥ येने॒दं भू॒तं भुव॑नं भवि॒ष्यत्परि॑गृहीतम॒मृते॑न॒ सर्व॑म् । येन॑ य॒ज्ञस्ता॒यते॑ स॒प्तहो॑ता॒ तन्मे॒ मनः॑ शि॒वसं॑कल्पमस्तु ॥ २३ ॥ यस्मि॒न्नृचः॒ साम॒ यजूꣳ॑षि॒ यस्मि॒न् प्रति॑ष्ठिता रथना॒भावि॑वा॒राः । यस्मिं॑श्चि॒त्तꣳ सर्व॒मोतं॑ प्र॒जानां॒ तन्मे॒ मनः॑ शि॒वसं॑कल्पमस्तु ॥ २४ ॥ सु॒षा॒र॒थिरश्वा॑निव॒ यन्म॑नु॒ष्या॒न्नेनी॒यते॒ऽभीशु॑भिर्वा॒जिन॑ इव । हृ॒त्प्रति॑ष्ठं॒ यद॑जि॒रं जवि॑ष्ठं॒ तन्मे॒ मनः॑ शि॒वसं॑कल्पमस्तु ॥ २५ ॥ यजुः० अ० ३४ मं० १-६

शं नः॑ पवस्व॒ शं गवे॒ शं जना॑य॒ शमर्व॑ते । शꣳ रा॑ज॒न्नोष॑धीभ्यः ॥ २० ॥

साम० उत्त० अ० प्रपा० १ मं० १ ॥

अभ॑यं नः कर॒त्य॒न्तरि॑क्ष॒मभ॑यं॒ द्यावा॑पृथि॒वी उ॒भे इ॒मे । अभ॑यं प॒श्चादभ॑यं पु॒रस्ता॑दुत्त॒राद॑ध॒रादभ॑यं नो अस्तु ॥ २७ ॥ अभ॑यं मि॒त्रादभ॑यम॒मित्रा॒दभ॑यं ज्ञा॒तादभ॑यं प॒रोक्षा॑त् । अभ॑यं॒ नक्त॒मभ॑यं॒ दिवा॑ नः॒ सर्वा॒ आशा॒ मम॑ मि॒त्रं भ॑वन्तु ॥ २८ ॥

अथर्व० कां० १९ । सू० १५ मं० ५।६ ॥

॥ इति शान्तिप्रकरणम् ॥

॥ अथ शान्ति प्रकरण मन्त्रार्थाः ॥

હે ભગવાન્ **(इन्द्राग्नी)** વિદ્યુત તથા અગ્નિ **(अवोभिः)** રક્ષણાદિ શક્તિ દ્વારા **(नः)** અમારે માટે **(शम्)** સુખકારક **(भवताम्)** થાઓ, **(रातहव्या)** જેનાથી ગ્રહણ યોગ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે તે જેવાં **(इन्द्रावरुणा)** વીજળી અને જળ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારક બનો, **(इन्द्रासोमा)** વિદ્યુત અને ઔષધીગણ **(सुविताय)** ઐશ્વર્યાર્થ **(शंयोः)** શાન્તિદાયક સુખોને માટે **(शम्)** પ્રસન્નકર્તા થાઓ, **(इन्द्रापूषणा)** વિદ્યુત અને વાયુ **(नः)** અમારે માટે **(वाजसातौ)** યુદ્ધમાં અન્નલાભ વિષયમાં **(शम्)** કલ્યાણકારક થાઓ. ॥१॥

હે પરમાત્મન્! **(नः)** અમારે માટે **(भगः)** ઐશ્વર્ય **(शम्)** સુખદાયક બનો, **(नः)** અમારે માટે **(शंसः)** પ્રશંસા **(शम्, उ)** શાન્તિકારક બનો, અમારે માટે **(पुरन्धिः)** વિશેષ બુદ્ધિ **(शम्)** સુખકારક થાઓ, **(रायः)** ધન **(शम्, उ)** શાન્તિ અર્થ **(सन्तु)** હો. **(सुयमस्य)** સુનિયમોથી યુક્ત **(सत्यस्य)** સત્યનું **(शंसः)** કથન **(नः)** અમને **(शम्)** સુખકારક થાઓ, **(नः)** અમારે માટે **(पुरुजातः)** ઘણા પુરૂષોમાં પ્રસિદ્ધ **(अर्यमा)** ન્યાયાધીશ **(शम्)** સુખદાતા **(अस्तु)** થાઓ. ॥२॥

(नः) અમને **(धाता)** પોષક સર્વ વસ્તુઓ **(शम्)** શાન્તિકારક થાઓ, **(धर्ता)** ધારક વસ્તુઓ, **(नः)** અમારે માટે **(शम्, उ)** શાન્તિ અર્થ **(अस्तु)** બનો, **(नः)** અમારે માટે **(उरुची)** પૃથિવી **(स्वधाभिः)** અન્નાદિ પદાર્થોસહીત **(शम्)** કલ્યાણકારક **(भवतु)** થાઓ. **(बृहती)** મહાન્ **(रोदसी)** અન્તરિક્ષ સહીત પૃથિવી વા પ્રકાશ સહિત અન્તરિક્ષ **(शम्)** શાન્તિદાયક થાઓ **(अद्रिः)** મેઘ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારક થાઓ અને **(नः)** અમારે માટે **(देवानाम्)** વિદ્વાનોનું **(सुहवानि)** સુંદર આવાહન (પ્રસન્નતા પૂર્વક કરવામાં આવેલું આમંત્રણ) **(शम्)** સુખકારક **(सन्तु)** થાઓ ॥३॥

હે ઇશ્વર ! **(ज्योतिरनीकः)** પ્રકાશ જેનું મુખ વા સેના છે તેવી **(अग्निः)** અગ્નિ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારક **(अस्तु)** થાઓ, **(मित्रावरुण)** પ્રાણ અને ઉદાન વાયુ **(नः)** અમને **(शम्)** સુખકારક થાઓ, **(अश्विना)** ઉપદેશક અને અધ્યાપક **(शम्)** સુખ પ્રાપ્ત કરાવાવાળા થાઓ, **(सुकृताम्)** ધર્માત્માઓના **(सुकृतानि)** ધર્માચરણ **(नः)** અમને **(शम्)** સુખદાયક **(सन्तु)** થાઓ, **(नः)** અમારે માટે **(इषिरः)** ગમનશીલ **(वातः)** વાયુ **(शम्)** શાન્તિ આપતા **(अभि, वातु)** વહન કરે. ॥४॥

(द्यावापृथिवी) વિદ્યુત અને ભૂમિ **(पूर्वहूतौ)** પૂર્વ વિદ્વાનોમાં પ્રશંસા પામેલી ક્રિયાઓમાં **(नः)** અમારે માટે **(शम्)** શાન્તિદાયક થાઓ. **(अन्तरिक्षम्)** અન્તરિક્ષ લોક **(दृशये)** જ્ઞાન સંપત્તિ માટે **(नः)** અમને **(शम्)** શાન્તિદાયક **(अस्तु)** થાઓ. **(ओषधीः)** ઔષધીઓ અને **(वनिनः)** વૃક્ષ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારક **(भवन्तु)** થાઓ **(रजसस्पतिः)** રજો લોકના પતિ **(जिष्णुः)** જયશીલ મહાપુરૂષ **(नः)** અમારે માટે **(शम्)** સુખ આપવા વાળા **(अस्तु)** થાઓ. ॥५॥

(देवः) દિવ્યગુણયુક્ત **(इन्द्रः)** સૂર્ય **(वसुभिः)** ધનાદિ પદાર્થો સાથે **(नः)** અમારે માટે

(शम्) સુખકારક (अस्तु) થાઓ, (आदित्येभिः) સંવત્સરીય માસો સાથે (सुशंसः) સત્ય પ્રશંસાવાળા (वरुणः) જલસમુદાય (शम्) સુખકારક થાઓ, (जलाषः) શાન્ત સ્વરૂપ (रुद्रः) પરમાત્મા (रुद्रेभिः) દુષ્ટોને દંડ આપવાવાળા પોતાના ગુણો સહીત (नः) અમારે માટે (शम्) સુખ આપવાવાળા થાઓ. (त्वष्टा) વિવેચક વિદ્વાન્ (ग्नाभिः) વાણીયોથી (इह) આ સંસારમાં (शम्) સુખમય ઉપદેશો (नः) અમને (शृणोतु) સંભળાવે. (अन्तर्भावितण्यर्थः ॥६॥

(नः) અમારે માટે (सोमः) ચંદ્રમા (शम्) સુખકારક (भवतु) થાઓ, (नः) અમારે માટે (ब्रह्म) અન્નાદિરૂપતત્વ (शम्) શાન્તિદાયક બનો. (ग्रावाणः) મેઘ (नः) અમારે માટે (शम्) સુખદાયક થાઓ, (यज्ञाः) સર્વ પ્રકારના યજ્ઞો (शम्, उ) શાન્તિ અર્થે (सन्तु) થાઓ, (स्वरूणाम्) યજ્ઞસ્તમ્ભોનુ (मितयः) પરિમાણ (नः) અમને (शम्) સુખદાયક (भवन्तु) થાઓ, (नः) અમને (प्रस्वः) ઔષધિયો (शम्) સુખદાયક થાઓ, (वेदिः) યજ્ઞની વેદિ કુંડાદિક (शम्, उ) શાન્ત્યર્થજ (अस्तु) થાઓ. ॥७॥

(उरुचक्षाः) મહાન્ તેજસ્વિ (सूर्यः) સૂર્ય, (नः) અમારે માટે (शम्) સુખપૂર્વક (उद्, एतु) ઉદય પામો, (चतस्रः) ચારે (प्रदिशः) દિશા અને પ્રદિશાઓ (नः) અમારે માટે (शम्) સુખદાયક (भवन्तु) થાઓ, (पर्वताः) પર્વતો, (नः) અમારે માટે (ध्रुवयः) સ્થિર અને (शम्) સુખકારક (भवन्तु) થાઓ અને (सिन्धवः) નદીઓ વા સમુદ્ર (शम्) શાન્તિદાયક થાઓ (आपः) જલમાત્ર વા પ્રાણ (शम्, उ) શાન્તિકારક (सन्तु) થાઓ.॥८॥

(व्रतेभिः) સત્કર્મોથી (अदितिः) વિદુષી માતાઓ (नः) અમારી શાન્તિને માટે (भवतु) થાઓ, (स्वर्काः) સદ્‌વિચારશીલ (मरुतः) મિતભાષી વિદ્વાનો (नः) અમને (शम्) શાન્તિદાયક (भवन्तु) થાઓ, (विष्णुः) વ્યાપક ઇશ્વર (नः) અમને (शम्) શાન્તિકારક થાઓ, (पूषा) પુષ્ટિકારક બ્રહ્મચર્યાદિ વ્યવહાર (नः) અમને (शम्, उ) શાન્તિકર થાઓ, (भवित्रम्) અન્તરિક્ષ–વાજલ વા ભવિતવ્ય (नः) અમને (शम्) સુખકારક થાઓ (वायुः) પવન (शम्, उ) શાન્ત્યર્થ (अस्तु) બનો. ॥९॥

(सविता) સર્વોત્પાદક (देवः) પરમેશ્વર (त्रायमाणः) અમારી રક્ષા કરતા (नः) અમારે માટે (शम्) સુખકારક થાઓ, (विभातीः) વિશેષપ્રકાશ યુક્ત (उषसः) પ્રભાત (नः) અમને (शम्) સુખકારક (भवन्तु) થાઓ. (पर्जन्यः) મેઘ (नः) અમને અને (प्रजाभ्यः) સંસારને (शम्, भवतु) કલ્યાણકારી થાઓ (क्षेत्रस्य) જગતરૂપી ક્ષેત્રના (पतिः) સ્વામી (शम्भुः) સર્વને સુખ આપવાવાળા (नः) અમારે માટે (शम्) શાંતિકારી (अस्तु) થાઓ.૧૦

(देवाः) દિવ્યગુણ યુક્ત (विश्वेदेवाः) સમસ્ત વિદ્વાનો (नः) અમારે માટે (शम्भवन्तु) સુખ આપનાર થાઓ, (सरस्वती) વિદ્યા, સુશિક્ષાયુક્ત વાણી (धीभिः) ઉત્તમ બુદ્ધિયોની (सह) સાથે (शम्, अस्तु) સુખકારિણી થાઓ. (अभिषाचः) યજ્ઞના સેવક અથવા આત્મદર્શી પુરૂષ (शम्) શાંતિદાયક થાઓ. (रातिषाचः) વિદ્યા ધનાદિના દાનનું સેવન કરનાર (शम्, उ) શાંતિને માટે જ થાઓ, (दिव्याः) સુંદર (पार्थिवाः) પૃથિવીના પદાર્થો (नः) અમારે માટે (शम्) સુખપ્રદ થાઓ. (अप्याः) જલમાં ઉત્પન્ન થનારા પદાર્થો (नः) અમારે માટે (शम्) સુખપ્રદ થાઓ. ૧૧

(सत्यस्यपतयः) સત્યભાષણાદિ વ્યવહારના પાલક **(नः)** અમારે માટે **(शंभवन्तु)** સુખકારી થાઓ, **(अर्वन्तः)** ઉત્તમ ઘોડાઓ **(नः)** અમને **(शम्)** સુખદ થાઓ. **(गावः)** ગાયો **(शम्, उ)** શાંતિને માટે **(सन्तु)** થાઓ. **(ऋभवः)** શ્રેષ્ઠ બુદ્ધિવાળા **(सुकृतः)** ધર્માત્મા **(सुहस्ताः)** હાથથી સારાં કામોના કરનારાઓ **(नः)** અમને **(शम्)** સુખદ થાઓ. **(हवेषु)** હવનાદિ સત્કર્મોમાં **(पितरः)** માતા, પિતા આદિ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારક **(भवन्तु)** થાઓ. १२

(एकपात्) જગતરૂપ પાદવાળા અર્થાત્ જેના અંશમાં સર્વ જગત્ છે એવા અનંત સ્વરૂપ, **(अजः)** અજન્મા, **(देवः)** ઈશ્વર **(नः)** અમારાં **(शम्)** કલ્યાણને માટે **(अस्तु)** થાઓ. **(बुध्न्यः, अहिः)** અંતરિક્ષમાં ઉત્પન્ન થનાર મેઘ **(नः)** અમારાં **(शम्)** કલ્યાણને માટે હો. **(समुद्रः)** સાગર **(शम्)** સુખકારી થાઓ. **(अपाम्)** જલની **(नपात)** નૌકા **(नः)** અમને **(शम्, पेरुः)** સુખપૂર્વક પાર ઉતારવાવાળી **(अस्तु)** થાઓ. **(देवगोपा)** દેવ છે રક્ષક જેમાં એવું **(पृश्निः)** અંતરિક્ષસ્થલ **(नः)** અમને **(शम्भवतु)** સુખકારક થાઓ.१३

હે જગદીશ્વર ? જે આપ **(इन्द्रः)** વિજળીની પેઠે **(विश्वस्य)** સંસારના મધ્યમાં **(राजति)** પ્રકાશમાન છો, તે આપની કૃપાથી **(नः)** અમારા **(द्विपदे)** પુત્રાદિને **(शम्)** સુખ **(अस्तु)** થાઓ અને અમારા **(चतुष्पदे)** ગૌ આદિ પશુઓને **(शम्)** સુખ થાઓ. १४

હે પરમેશ્વર! **(वातः)** પવન **(नः)** અમારે માટે **(शम्)** સુખકારી **(पवताम्)** ચાલો, **(सूर्यः)** સૂર્ય, **(नः)** અમારે માટે **(शम्)** સુખકારી **(तपतु)** તપો. **(कनिक्रदद्)** અત્યન્ત શબ્દ કરનાર **(देवः)** ઉત્તમ ગુણયુક્ત વિદ્યુતરૂપ અગ્નિ, **(नः)** અમને **(शम्)** કલ્યાણકારી થાઓ. અને **(पर्जन्यः)** મેઘ, અમારે માટે **(अभि, वर्षतु)** સારી રીતે વૃષ્ટિ કરો. १५

હે પરમેશ્વર ? **(अवोभिः)** રક્ષણાદિની સાથે **(शंयोः)** સુખની **(सुविताय)** પ્રેરણાને માટે **(नः)** અમારા **(अहानि)** દિવસો **(शम्)** સુખકારી **(भवन्तु)** થાઓ. **(रात्रिः)** રાત્રિયો **(शम्)** કલ્યાણકારિણી **(प्रति)** અમારા પ્રત્યે **(धीयताम्)** ધારણ કરો– થાઓ. **(इन्द्राग्नी)** વિજળી અને પ્રત્યક્ષ અગ્નિ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારી **(भवताम्)** થાઓ. **(रातहव्या)** જેનાથી ગ્રહણ કરવા યોગ્ય સુખ પ્રાપ્ત થાય એવાં **(इन्द्रावरुणा)** વિજળી અને પાણી **(नः)** અમારે માટે **(शम्)** સુખકારી થાઓ. **(वाजसातौ)** અન્ન સેવનના હેતુ ભૂત સંગ્રામમાં **(इन्द्रापूषणा)** વિજળી અને પૃથિવ **(नः)** અમારે માટે **(शम्)** સુખકારી થાઓ. **(इन्द्रासोमा)** વિજળી અને ઔષધિયો **(शम्)** સુખકારક થાઓ. १६

હે જગદીશ્વર ? **(अभिष्टये)** ઈષ્ટ સુખની વૃદ્ધિને માટે **(पीतये)** પાન કરવાને માટે, **(देवीः)** દીવ્ય ઉત્તમ **(आपः)** પાણી **(नः)** અમને **(शम्)** સુખકારી **(भवन्तु)** થાઓ અને તે **(नः)** અમારે માટે **(शंयोः)** સુખની વૃષ્ટિ **(अभिस्रवन्तु)** સર્વ બાજુથી કરો. १७

હે પરમેશ્વર ? **(द्यौः)** પ્રકાશયુક્ત સૂર્યાદિ **(अन्तरिक्षम्)** સૂર્ય અને પૃથ્વીની વચમાંનો લોક **(पृथिवी)** ભૂમી, **(आपः)** જલ, **(औषधयः)** સોમલતા આદિ ઔષધિયો, **(वनस्पतयः)** વનસ્પતિયો, **(विश्वेदेवाः)** સર્વ વિદ્વાન્ લોકો, **(ब्रह्म)** વેદ **(सर्वम्)** સર્વ વસ્તુ **(शान्तिः)** સુખકારી તેમજ નિરૂપદ્રવી થાઓ. (આ મંત્રમાં **शान्ति** શબ્દનો સંબંધ પ્રત્યેક શબ્દ સાથે જાણવો.) **(शान्तिरेवशान्तिः)** સ્વયંશાંતિ પણ સુખદાયિની થાઓ.. **(सा)** તે **(शांति)** શાંતિ **(मा)** મને **(एधि)** પ્રાપ્ત થાઓ. १८

હે સૂર્યવત્ પ્રકાશક પરમેશ્વર ? આપ (**देवहितम्**) વિદ્વાનોના હિતને (**शुक्रम्**) શુદ્ધ (**चक्षुः**) નેત્ર તુલ્ય સર્વને દેખાડવાવાળા (**पुरस्तात्**) અનાદિકાલથી (**उत्, चरत्**) સારી રીતે સર્વને જાણવાવાળા છો. (**तत्**) તે આપને (**शतं, शरदः**) સો શરદ્ઋતુ પર્યંત (**पश्येम**) જ્ઞાન દૃષ્ટિથી જોઇએ. અને આપની કૃપાથી (**शतं, शरदः**) સો વર્ષ સુધી (**जीवेम**) અમે જીવિયે (**शतं, शरदः**) સો વર્ષ સુધી (**श्रृणुयाम**) સતશાસ્ત્રો અમે સાંભળિયે. (**शतं, शरदः**) સો વર્ષ પર્યન્ત (**प्रब्रवाम**) ભણાવાયે તથા ઉપદેશ કરીયે, અને (**शतं, शरदः**) સો વર્ષ સુધી (**अदीनाः**) દીનતા રહિત (**स्याम**) રહીયે. (**च**) અને (**शतात्, शरदः**) સો વર્ષથી (**भुयः**) આધક પણ જોઇયે, જીવિયે, સાંભળીયે અને દીનતા રહિત રહિયે. ૧૯

હે જગદીશ્વર ! આપની કૃપાથી (**यत्**) જે (**दैवम्**) દિવ્ય ગુણ યુક્ત (**दूरंगमम्**) દૂર દૂર જવાવાળા અથવા પદાર્થોને ગ્રહણ કરવાવાળું (**ज्योतिषाम्**) વિષયોની પ્રકાશક ચક્ષુ આદિ ઇન્દ્રિયોનું (**ज्योतिः**) પ્રકાશકરુપ મન (**एकम**) એકલું (**जाग्रतः**) જાગવાવાળાની (**दूरम्**) છેટે છેટે (**उत, एति**) અધિક જાય છે (**उ**) અને (**तत्**) તે (**सुप्तस्य**) સુવા વાળાની પણ (**तथा, एव**) તેજ પ્રમાણે (**एति**) દૂર જાય છે. (**तत्**) તે (**मे**) મારૂં (**मनः**) મન (**शिवसंकल्पम**) સારા સારા વિચારવાળું (**अस्तु**) થાઓ. ૨૦

હે જગતપત ? (**येन**) જે મનવડે (**अपसः**) સત્કર્મનિષ્ઠ (**मनीषिणः**) મનને દમન કરવાવાળા (**धीराः**) ધ્યાન કરવાવાળા બુદ્ધિમાન્ લોકો (**यज्ञे**) અગ્નિહોત્રાદિ ધાર્મિક કાર્યોમાં અને (**विदथेषु**) વૈજ્ઞાનિક અને યુદ્ધાદિ વ્યવહારોમાં (**कर्माणि**) ઇષ્ટ કર્મોને (**कृण्वन्ति**) કરે છે. અને (**यत्**) જે (**अपूर्वम्**) અદ્ભૂત (**प्रजानाम**) પ્રાણિ માત્રના (**अन्तः**) અંદર (**यक्षम**) મળેલું છે (**तत्**) તે (**मे**) મારૂં (**मनः**) (**शिवसंकल्पम**) શ્રેષ્ઠ સંકલ્પવાળું (**अस्तु**) થાઓ. ૨૧

હે પ્રભો ? (**यत्**) જે (**प्रज्ञानम**) બુદ્ધિનું ઉત્પાદક (**उत**) અને **चेतः**) સ્મૃતિનું સાધન (**धृतिः**) ધૈર્ય સ્વરૂપ (**च**) અને (**प्रजासु**) મનુષ્યોમાં (**अंतः**) અંદર (**अमृतम्**) નાશ રહિત (**ज्योतिः**) પ્રકાશ સ્વરૂપ છે (**यस्मात्**) જેના (**ऋते**) વિના (**किम्, चन**) કાંઇ પણ (**कर्म**) કાર્ય (**नक्रियते**) કરી શકાતું નથી (**तत्**) તે (**मे**) મારૂં ,(**मनः**) મન (**शिवसंकल्पम**) શુદ્ધ વિચારવાળું (**अस्तु**) થાઓ. ૨૨

હે સર્વેશ્વર ? (**येन, अमृतेन**) જે નાશ રહિત મનવડે (**भूतं, भुवनं, भविष्यत्, सर्वम्, इदम परिगृहीतम**) ભૂત, વર્તમાન, ભવિષ્ય સર્વે જાણી શકાય છે અને (**येन**) જેનાથી (**सप्त होता**) જેમાં સાત હોતા હોય એવો (**यज्ञः**) અગ્નિષ્ટોમાદિયજ્ઞ (**तायते**) વિસ્તાર પામે છે (**तत्**) તે (**मे**) મારૂં (**मनः**)(**शिवसंकल्पम**) મુક્તિ આદિ શુભ પદાર્થોનાં વિચારવાળું (**अस्तु**) થાઓ. ૨૩

હે અખિલોત્પાદક? (**यस्मिन्**) જે શુદ્ધ મનમાં (**ऋचः, साम**) ઋગ્વેદ અને સામવેદ તથા (**यस्मिन्**) જેમાં (**यजूंषि**) યજુર્વેદ (અને અથર્વ વેદ પણ) (**रथनाभाविवाराः**) રથની નાભિની વચમાંની ધરીના કાષ્ઠમાં આરાની પેઠે (**प्रतिष्ठिताः**) સ્થિત છે અને (**यस्मिन्**) જેમાં (**प्रजानाम**) પ્રાણિયોનું (**सर्वम्**) સમગ્ર (**चित्तम**) જ્ઞાન (**ओतम्**) સૂતરમાં મણિ

યોની સંબંધવાળું છે (तत्) તે (मे) મારૂં (मनः) મન (शिवसंकल्पः) વેદાદિ સત્ય શાસ્ત્રોના પ્રચારરૂપ સંકલ્પવાળું (अस्तु) થાઓ. ૨૪

(यत्) જે મન (मनुष्यान्) મનુષ્યોને (सुषारथिः, कश्वानिव) જે સારો સારથી ઘોડાઓને (नेनीयते) સારી રીતે આમ તેમ લઇ જાય છે, અને સારો સારથી જેમ (अभि, शुभिः) ઘોડાની રાશોવડે (वाजिन इव) ઘોડાઓને નિયમમાં રાખે છે તેમ મનુષ્યોને જે મન નિયમમાં રાખે છે, અને (यत्) જે (हृत्, प्रतिष्ठम्) હૃદયમાં સ્થિત છે. (अजिरम्) જરા રહિત છે, (जविष्ठम्) અતિશય ગમન શીલ છે (तत्) તે (मे) મારૂં (मनः) મન शिवसंकल्पम्) શુદ્ધ સંકલ્પવાળું (अस्तु) થાઓ. ૨૫

હે (राजन्) સર્વત્ર પ્રકાશમાન પરમેશ્વર ? (सः) તે પ્રસિદ્ધ આપ (नः) અમારાં (गवे) ગાય આદિ દૂધ આપવાવાળાં પશુઓને માટે (शम्) સુખકારક થાઓ. (जनाय) મનુષ્ય માત્રને માટે (शम्) શાંતિ આપવાવાળા થાઓ, (अर्वते) ઘોડા આદિ સવારીનાં કામમાં આવનારાં પશુઓને માટે (शम्) સુખકાર થાઓ, (ओषधीभ्यः) ઘઉં આદિ ઔષધિયોને માટે અમને (शम्, पवस्व) શાંતિ આપો. ૨૬

હે ભગવન્ ! (अन्तारिक्षम्) અંતરિક્ષલોક (नः) અમને (अभयम्-करोति) નિર્ભય કરે. (उभे, इमे) આવાંને (द्यावा पृथिवी) વિદ્યુત્ અને પૃથ્વી (अभयम्) નિર્ભય કરે, (पश्चात्) પાછળ (अभयम्) ભય ન થાઓ, (पुरस्तात्) આગળ (अभयम्) ભય ન થાઓ, (उत्तरात, अधरात्) ઉંચે અને નીચેથી (नः) અમને (अभयम्, अस्तु) ભય પ્રાપ્ત ન થાઓ. ૨૭

હે જગત્પતે ? અમને (मित्रात्) મિત્રથી (अभयम्) ભય પ્રાપ્ત ન થાઓ, (अमित्रात्) શત્રુથી (अभयम्) ભય પ્રાપ્ત ન થાઓ, (ज्ञातात्) જાણેલા પદાર્થોથી (अभयम्) ભય ન થાઓ, (परोक्षात्) અજ્ઞાત પદાર્થોથી (अभयम्) ભય પ્રાપ્ત ન થાઓ, (नः) અમને (नक्तम्) રાત્રીમાં (अभयम्) ભય ન થાઓ, (दिवा) દિવસમાં अभयम्) ભય ન થાઓ, (सर्वाः) સર્વ (आशाः) દિશાઓ (मम, मित्रम्) મારી મિત્ર (भवन्तु) થાઓ. ૨૮

॥ इति शान्ति प्रकरण मंत्रार्थाः ॥

॥ अथ सामान्यप्रकरणम् ॥

નિમ્નલિખિત ક્રિયા સર્વ સંસ્કારોમાં કરવી જોઇએ, પરંતુ જ્યાં કંઇ વિશેષતા હશે ત્યાં સૂચના કરવામાં આવશે કે અમુક કર્મ અહિં નથી કરવાનું અને અમુક વિશેષ કરવાનું છે. સંસ્કાર કર્ત્તાએ હમેશાં નિમ્નલિખિત બાબતો ઉપર વિશેષ ધ્યાન આપવું જોઇએ.

યજ્ઞદેશ—અર્થાત્ યજ્ઞ કરવાનું સ્થાન પવિત્ર એટલે કે ત્યાંનો વાયુ શુદ્ધ હોય કોઇપણ પ્રકારની ગંદકી વિનાનું હોવું જોઇએ.

યજ્ઞશાલા–એને યજ્ઞમંડપ પણ કહે છે. એનું પ્રમાણ વધારેમાં વધારે સોળ હાથ સમચોરસ અને ઓછામાં ઓછું આઠ હાથ સમચોરસ હોવું જોઇએ. જો મંડપની ભૂમિ અશુદ્ધ હોય તો તેને વેદિ જેટલી ઉંડી બનાવવાની હોય તેટલી ઉંડેસુધી ખોદીને તે અશુદ્ધ માટી કાઢી નાંખી શુદ્ધ માટી નાંખવી. જો યજ્ઞશાલા સોળ હાથ સમચોરસ હોય તો ચોતરફ મળીને ૨૦ થાંભલા અને આઠ હાથ સમચોરસ હોય તો બાર થાંભલા ઘાલીને ઉપર છાયા કરવી. એ છાયાની છત વેદીની સર્વથી ઉપરની મેખલા કરતાં દશ હાથ ઉંચી અવશ્ય હોવી જોઇએ. આ યજ્ઞશાલાની ચારે દિશાઓમાં ચાર દ્વાર અવશ્ય રાખવાં પછી તેને ધ્વજા પતાકા તોરણાદિથી સુશોભીત કરવી; અને નિત્ય છાણથી લિંપીને રાંગોળી વગેરેથી સુભૂષિત રાખવી. સર્વે મનુષ્યોને યોગ્ય છે કે તેઓએ સઘળાં મંગલકાર્યોમાં પોતાના તથા અન્યના કલ્યાણને અર્થે યજ્ઞદ્વારા ઇશ્વરોપાસના કરવી, અને યજ્ઞને માટે નિમ્નલિખિત સુગંધિત આદિ દ્રવ્યો છે તેની આહુતિ યજ્ઞકુંડમાં આપવી.

યજ્ઞકુંડનું પરિમાણ.

યજ્ઞકુંડનું પરિમાણ–માપ તેની આહુતિઓની ગણત્રી ઉપર છે. જો એક લક્ષ આહુતિ આપવાની હોય તો ચાર ચાર હાથનો સમચોરસ કુંડ ઉપરને ગાળેથી તેમજ ઉંડો પણ તેટલોજ અને નીચેથી ઉપરના ગાળાનો એક ચતુર્થાંશ અર્થાત્ એક હાથ સમચોરસ એ પ્રકારનો કુંડ બનાવવો; જો લક્ષ કરતાં વધારે આહુતિ આપવાની હોય તો બબે હાથ વધારતા જવું. એટલે કે બે લાખ આહુતિ આપવાની હોય તો ઉપરને ગાળેથી છ હાથ સમચોરસ અને ઉંડો પણ તેટલોજ અને નિચેથી એક ચતુર્થાંશ અર્થાત્ દોઢ હાથ સમચોરસ રાખવો. જો આહુતિ પચાસ હજાર આપવાની હોય તો એક હાથ ઓછો અર્થાત ત્રણ હાથ સમચોરસ ઉપરને ગાળે તેમજ ઉંડાઇમાં રાખવો અને નિચેથી પોણો હાથ સમચોરસ રાખવો એજ પ્રમાણે પચીસહજાર આહુતિને માટે બે હાથ સમચોરસ ઉપરને ગાળે અને ઉંડાઇમાં રાખી અર્ધો હાથ નીચેથી સમચોરસ રાખી કુંડ બનાવવો. દશ હજાર આહુતિ સુધી એજ પ્રમાણેનો કુંડ બનાવવો. પાંચથી દશહજાર આહુતિ સુધી દોઢ હાથ સમચોરસ અને સાડાઆઠ આંગળ નીચેથી સમચોરસ રાખવો. આ પરિમાણને માટે આહુતિઓ ઘીની સમજવા જોઇએ. એટલે કે કોઇ યજ્ઞમાં અઢીહજાર ઘીની અને અઢીહજાર ખીર અગર મોહન ભોગની મળીને પાંચ હજાર આહુતિ આપવાની હોય તો પણ બે હાથ સમચોરસના માપનોજ કુંડ બનાવવો. ઘૃતની હજાર આહુતિ આપવાનો હોય તોપણ સવા હાથ સમચોરસ અને ચતુર્થાંશ નીચેથી રાખવો પણ એથી ઓછો ન રાખવો. આ કુંડને પ્રત્યેક પાંચ આંગળની લાંબી પહોળી એવી ત્રણ મેખલાઓ બનાવવી; આ મેખલાઓ યજ્ઞશાલાની ભૂમિના પૃષ્ઠ ભાગથી બનાવવી.

યજ્ઞસમિધા–અર્થાત યજ્ઞમાં બાળવાનાં લાકડાં, પલાશ (ખાખર), સમી, પીંપળો, વડ, ગુલર (ઉબરડો), આંબો, બિલી આદિની સમિધા વેદિના પ્રમાણમાં નાના મોટી કપાવીને તૈયાર રાખવી. આ સમિધાઓ કીડાએ ખાધેલી, મલિન દેશોત્પન્ન અર્થાત્ ઉકરડા અગર તો લોકો જાજરૂ જતા હોય કિંવા શ્મશાનમાં ઉગેલી હોય તેવા સ્થાનની ન હોવી જોઇએ.

ચતુર્ધા હોમદ્રવ્ય.

૧ સુગંધિત–કસ્તુરી, કેશર, અગર, તગર, ચંદન, ઇલાયચી, જાયફલ, જાવિત્રી ઇત્યાદિ.

૨ પુષ્ટિકારક–ઘી, દૂધ, ફળ, કંદ, અન્ન, વગેરે.

૩ મિષ્ટ–સાકર, મધ, ખારેક, દ્રાક્ષ, ઈત્યાદિ.

૪ રોગનાશક-ગળો આદિ ઔષધિઓ.

સ્થાલીપાક-નિમ્નલિખિત વિધીથી ભાત, ખિચડી, ખીર, લાડુ, મોહનભોગ આદિ સર્વ ઉત્તમ પદાર્થ બનાવવા. પ્રમાણઃ—

ओ३म् देवस्तवा सविता पुनात्वच्छिद्रेण वसोः पवित्रेण सूर्यस्य रश्मिभिः॥

सौत्रमन्त्रः

અર્થઃ—સૂર્ય જેમ પોતાના કિરણો વડે નિરંતર જગતના સઘળા પદાર્થોને શુદ્ધ કરે છે તેમ યજ્ઞકર્ત્તાએ યજ્ઞસંબંધી સઘળી સામગ્રીને યથાવત્ શુદ્ધ કરી લેવી જોઇએ. મતલબ કે જીવ-જંતુ કે ઉંદરની લિંડીઓ અગર તેવાજ બીજા અમેધ્ય પદાર્થો હોય તે તપાસીને કાઢી નાંખવા.ત્યાર બાદ તે દ્રવ્યોમાંથી યથાયોગ્ય મેળવીને પાક કરવો. જેમકે ૧ શેર સાકરના મોહનભોગમાં એક રત્તી કસ્તુરી, એક માસો કેશર, બે માસા જાયફલ, જાવિત્રી એ પ્રમાણે નાંખીને શીરો બનાવવો. એજ પ્રમાણે ખીર,ભાત,ખીચડી આદિ હોમને માટે યથાયોગ્ય ભાગ અને શુદ્ધ વસ્તુઓ લઇને બનાવવું. ચરૂ અર્થાત્ હોમને માટે પાક બનાવવાનો વિધિ આ પ્રમાણે છેઃ—

ओ३म् अग्नये त्वा जुष्टं निर्वपामि ।

અર્થઃ—અગ્નિ પરમાત્માને માટે પ્રીતિપૂર્વક સંશોધિત દ્રવ્યને હું લઉં છું. એ પ્રમાણે બોલી પ્રત્યેક આહુતિને માટે ચાર ચાર મુઠી ચોખા આદિ લઇને—

ओ३म् अग्नये त्वा जुष्टं प्रोक्षामि । यजुः अ० १ मं० १५

અર્થઃ—અગ્નિ પરમાત્માને માટે સંશોધિત દ્રવ્યને ધોઉં છું. એ પ્રમાણે બોલીને બરાબર ચોખા વગેરેને ધોઇને અગ્નિ ઉપર તેનો બરાબર પાક બનાવવો અર્થાત્ તે કાચો ન રહે તેમ બરાબર બનાવવો અને જ્યારે એનું કામ પડે ત્યારે શાકલ્યસ્થાલીમાં કાઢવો અને એના ઉપર ઘૃત સેચન કરવું. એજ પ્રમાણે ઘી પણ પ્રથમથીજ બરાબર ગરમ કરીને ગાળી અંદર કેશર, જાયફલ તથા જાવિત્રી મેળવીને રાખી મૂકવું જોઇએ.

યજ્ઞપાત્ર-યજ્ઞમાં વાપરવાનાં પાત્રો વિશેષ કરીને ચાંદિ અગર કાષ્ઠનાં હોવાં જોઇએ. અને તે જો લાકડાનાં હોય તો યજ્ઞ થઇ રહ્યા પછી તેને ગરમ પાણીવડે ધોઇને મૂકી દેવાં કે જેથી તે ખરાબ ન થાય.

अथ पात्रलक्षणान्युच्यन्ते ॥

बाहुमात्र्यः पाणिमात्रपुष्कराः । षडङ्गुलखातास्त्वग्विलाहंसमुखप्रसेकाः-मूलदण्डाश्चतस्रः स्रुचो भवन्ति । तत्र पालाशी जुहूः । आश्वत्थ्युपभृत् । वैकङ्कती ध्रुवा । अग्निहोत्र हवणीच। अरत्निमात्रः खादिरः स्रुवः अङ्गुष्ठपर्वमात्रपुष्करः तथा विधो द्वितीयो वैकङ्कतः स्रुवः। वारणं बाहुमात्रं मकराकारमग्निहोत्रहवणीनि-धानार्थं कूर्चम् । अरत्निमात्रं खादिरं खड्गाकृति वज्रम् । वारणान्यहोमसंयुक्तानि तत्रोलूखलं नाभिमात्रम् । मुसलं शिरोमात्रम् । अथवा मुसलोलूखलं वार्क्षे सारदामयं

शुभे इच्छाप्रमाणे भवतः। तथा खादिरं मुसलं कार्यं पालाशः। सालूखलः यद्वोभौ वारणौ कार्यौ तदभावेऽन्यवृक्षजौ। शूर्पं वैणवमेव वा । ऐशीकं नलमयं वाऽचर्मबद्धम्। प्रादेशमात्री वारणी शम्या। कृष्णाजिनमखण्डम् । दृशदुपले अश्ममये। वारणीं २४ हस्तमात्रीं २२ अरत्निमात्रीं वा खातमध्यां मध्यसंगृहीतामीडापात्रीम् । अरत्नीमात्राः ब्रह्मयजमानहोतृपत्न्यासनानि मुञ्जमयं त्रिवृतं व्याममात्रं योक्त्रम् । प्रादेशदीर्घे अष्टाङ्गुलायते षडङ्गुलखातमण्डलमध्ये पुरोडाशपात्र्यौ । प्रादेशमात्रं द्व्यङ्गुलपरीणाहन्तीक्ष्णाग्रं श्रितावदानम् । प्रादर्शाकारे चतुरस्रे वा प्राशित्रहरणे। तयोरेकमीषत्खातमध्यम् । षडङ्गुलकङ्कतिकाकारमुभयतः खातं षडवदानम् । द्वादशाङ्गुलमर्द्धचन्द्राकारमष्टाङ्गुलोत्सेधमन्तर्द्धानकटम् । उपवेशोऽरत्निमत्राः। मुञ्जमयी रज्जुः। खादिरान् द्वाद्रशाङ्गुलदीर्घान् चतुरङ्गुलमस्तकान् तक्ष्णिाग्रान् शङ्कून् । यजमानपूर्णपात्रं पत्नीपूर्णपात्रं च द्वादशाङ्गुलदीर्घं चतुरङ्गुलविस्तारं चतुरङ्गुखातम् । तथा प्रणीतापात्रञ्च । आज्यस्थाली द्वादशाङ्गुलविस्तृता प्रादेशोच्चा । तथैवचरुस्थाली । अन्वाहार्यपात्रं पुरुषचतुष्टयाहारपाकपर्याप्तं समिदिध्मार्थं पलाशशाखामयं कौशं बर्हिः ऋत्विग्वरणार्थं कुण्डलाङ्गुलीयकवासांसि । पत्नीयजमानपरिधानार्थं क्षौमवासश्चतुष्टयम् । अग्न्याधेयदक्षिणार्थं चतुर्विंशति पक्षे एकोनपञ्चाशद् गावः द्वादशपक्षे पञ्चविंशतिः । षट्पक्षे त्रयोदश । सर्वेषु पक्षेषु आदित्येऽष्टौ धेनवः । वरार्थं चतस्रः गावः ॥

ઋત્વિજોનાં લક્ષણ:–હમેશાં જેમનો ઋત્વિજ તરિકે સ્વીકાર કરવામાં આવે તેઓ વિદ્વાન્ ધાર્મિક, જીતેન્દ્રિય, કર્મકુશલ, નિર્લોભ, પરોપકારી, દુર્વ્યસનરહિત, કુલીન, સુશીલ ઇત્યાદિ સદ્ગુણસંપન્ન હોવા જોઇએ, તથા વૈદિક મતાવલંબી અને વેદવિત્ હોવા જોઇએ. જો આવો એકજ વિદ્વાન્ હોયતો માત્ર તેને પુરોહિત બનાવવો. બે હોયતો પુરોહિત તથા ઋત્વિજ, ત્રણ હોયતો ઋત્વિજ, પુરોહિત તથા અધ્યક્ષ અને ચાર હોય તો હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા એ પ્રમાણે નિયુક્ત કરવા. એમનાં આસન વેદિની ચારે બાજુએ નીચે પ્રમાણે હોવાં જોઇએ—

હોતા—વેદિની પશ્ચિમમાં પૂર્વાભિમુખ.

અધ્વર્યુ—વેદિની ઉત્તરમાં દક્ષિણાભિમુખ.

ઉદ્ગાતા—વેદિની પૂર્વમાં પશ્ચિમાભિમુખ.

બ્રહ્મા—વેદિની દક્ષિણમાં ઉત્તરાભિમુખ.

યજમાનનું આસન પશ્ચિમમાં પૂર્વાભિમુખ અથવા દક્ષિણમાં ઉત્તરાભિમુખ હોવું જોઇએ ઋત્વિજોને સત્કારપૂર્વક આસન ઉપર બેસાડવા અને તેઓએ પ્રસન્નતા પૂર્વક આસન ઉપર બેસવું અને ઉપસ્થિત કર્મ વિના બીજું કંઇ કર્મ કે વાત કોઇએ પણ નહિ કરવી.

अथ ऋत्विग्वरणम् ॥

પ્રથમ વિદ્વાન્ વ્યસન રહિત અને કર્મ ઉપર શ્રદ્ધાવાળા બ્રાહ્મણને બોલાવી ને તેમનું વરણ નીચે લખ્યા પ્રમાણે કરવું:—

यजमान—ओमावसोः सदने सीद× ।

આ પ્રમાણે જેટલા બ્રાહ્મણને ઋત્વિજ કરવા હોય તેમને કર્મ કરવાને માટે બોલાવીને તેમને આસન ઉપર બેસાડવા; અને તેઓએ બેસતી વખતે:—

ऋत्विज्—ओं सीदामि* ।

આ પ્રમાણે બોલવું પછી.

यजमान—अहमद्योक्त कर्मकरणाय भवन्तं वृणे‡ ॥

ऋत्विज्—वृतोऽस्मि ।

આ પ્રમાણે બોલીને ઋત્વિજનો સ્વીકાર કરવો અને ઋત્વિજ તેને નીચે પ્રમાણે જવાબ આપે.

આ પ્રમાણે ઋત્વિજોનું વરણ થઈ રહ્યા પછી નિમ્નલિખિત મંત્રો વડે યજમાન તથા ઋત્વિજોએ આચમન કરવું—

ओं अमृतोपस्तरणमसि स्वाहा ॥ १ ॥

ओं अमृतापिधानमसि स्वाहा ॥ २ ॥

ओं सत्यं यशः श्रीर्मयि श्रीःश्रयतां स्वाहा ॥ ३ ॥ सौत्रमन्त्राः

આ એકે એક મંત્ર વડે એકે એક એમ ત્રણ આચમન કરવાં. ત્યાર પછી નિમ્નલિખિત મંત્રો વડે જલવડે ઇન્દ્રિયસ્પર્શ કરવો—

*** ओं वाङ्‌ म आस्येऽस्तु ॥ ४ ॥**

× હે વિદ્વાન શ્રેષ્ઠ (યજ્ઞકાર્યાર્થ) આ આસન પર બેસો.

* બેસવું છું.

‡ હું આજ ઉક્ત કર્મ કરવાને માટે આપનો સ્વીકાર કરવું છું.

* આ મંત્ર સૂત્રકારોએ અથર્વ વેદના નિમ્નલિખિત મંત્રોમાંથી જૂદા પડેલા છે:—

वाङ्म आसनसोः प्राणश्चक्षुरक्ष्णोः श्रोत्रं कर्णयोः । अपलिताः केशा अशोणा दन्ता बहु बाह्वोर्बलम् ॥ १ ॥ ऊर्वोरोजो जङ्घयोर्जवः पादयोः । प्रतिष्ठा अरिष्टानि मे सर्वात्मा निभृष्टः ॥ अथर्व० कां० १९ अ० ७ सू० ६०

त- स्तन्वा मे सहे दतः सर्वमायुरशीय ॥ अथर्व० कां० १९ अ०७ सु० ६१ ॥

ઋત્વિજ—હું વરી ચુક્યો છું.

ओ३म् એ પરમાત્માનું નામ છે, હે પરમાત્મન્! તું અમારો મહાન્ આધાર છે. ૧

હે અવિનાશી પરમાત્મન્! તું અમારો રક્ષક છે. ૨

હે પુજ્ય પરમાત્મન્! અમારામાં, સત્યવ્યવહાર, યશ તથા ઐશ્વર્ય આશ્રય કરો-મને પ્રાપ્ત થાઓ. ૩

હે પરમાત્મન્! મારી વાચા; નાસિકા, ચક્ષુરાદિ જ્ઞાનેન્દ્રિયો તથા હસ્તપાદાદિ કર્મેન્દ્રિયો સતેજ, સુદૃઢ રહી હમેશાં ધર્મમાર્ગમાં પ્રવૃત્ત રહો. ૪-૫-૬-૭-૮-૯-૧૦.

આ મંત્ર વડે મુખ,

ओं नसोर्मे प्राणोऽस्तु ॥ ५ ॥

નાસિકાનાં બન્ને છિદ્ર,

ओं अक्ष्णोर्मे चक्षुरस्तु ॥ ६ ॥

બન્ને નેત્ર,

ओं कर्णयोर्मे श्रोत्रमस्तु ॥ ७ ॥

બન્ને કાન,

ओं बाह्वोर्मे बलमस्तु ॥ ८ ॥

બન્ને બાહુ,

ओं ऊर्वोर्म ओजोऽस्तु ॥ ९ ॥

બન્ને જંઘાંઓ,

ओं अरिष्टानि मेंऽङ्गानि तनूस्तन्वा मे सह सन्तु ॥ १० ॥

આ મંત્ર વડે આખા શરીરપર પાણિ છાંટવું. તદનંતર—

ओं भूर्भुवः स्वः

આ મંત્રનું ઉચ્ચારણ કરી બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્યને ત્યાંથી અગ્નિ લાવી, અથવા તો ધૃતનો દીપક કરી તેના વડે કપૂર સળગાવી સમિધાના બારીક ટુકડા એના ઉપર મૂકીને યજમાન કે પુરોહિત નીચેના મંત્ર વડે અગ્ન્યાધાન કરેઃ—

ओं भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवीव वरिम्णा । तस्यास्ते पृथिवी देवयजनि पृष्ठेऽग्निमन्नादमन्नाद्यायादधे ॥ यजुर्वेद० अ० ३ मं० ५

હું ભક્ષણયોગ્ય અન્નને માટે જેમ આકાશમાં સૂર્ય છે તેમ શુભ ગુણો વડે યુક્ત, વિસ્તૃત ભૂમિના તેવાં પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ અર્થાત આકાશયુક્ત લોકોમાં રહેનાર, ભૂમિના પૃષ્ઠ ભાગ ઉપર જ્યાં વિદ્વાનો યજ્ઞ કરે છે ત્યાં ભૂમિ, અન્તરિક્ષ; દ્યુલોક એમની અંતર્ગત રહેનારા તથા યવાદિ અન્નના ભક્ષક અગ્નિની સ્થાપના કરૂં છું.

આ મંત્રવડે વેદિમાં અગ્નિ સ્થાપન કરીને તેના ઉપર થોડું કપુર તથા લાકડના બારિક ટુકડાઓ મુકીને આગલો મંત્રબોલીને પંખાથી અગ્નિને પ્રજ્વલિત કરવો.

જ્યારે અગ્નિ સમિધાઓમાં બરાબર પ્રજ્વલિત થવા માંડે ત્યારે ચંદન અગર બીજા સમિધાઓમાંથી આઠ આઠ આંગળની ત્રણ સમિધાઓ લઇને ધીમાં બોળીને નીચેના મંત્રો વડે અગ્નિને *સમર્પણ કરવીઃ—

१ ओं उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते सꣳसृजेथामयं च । अस्मिन्त्सधस्थे अध्युत्तरस्मिन् विश्वेदेवा यजमानश्च सीदत ॥ यजुः० अ० १५ मं० ५४

१ હે (अग्ने) તું પ્રકટ થઇ પ્રકાશિત થા, કે જેથી (त्वम्, अयम् च) તું અને હું મળીને (તારી મદદવડે) (अस्मिन् सधस्थ उत्तरास्मिन्) આ સ્થાને અને આગામી સમયમાં પણ સદા (इष्टापूर्ते) ઇષ્ટસુખ (વિદ્વાનોનો સત્કાર, ઇશ્વિરારાધન, સત્સંગ, તથા સત્યવિદ્યા આદિનું દાન દેવું વગેરે) અને પૂર્ત (બ્રહ્મચર્ય,પૂર્ણબલ, વિદ્યાની શોભા, પૂર્ણ યુવાવસ્થા વગેરે) ને (संसृजेथाम्) સિદ્ધ કરીએ; અને તેમ કરવાથી (विश्वेदेवाः) સર્વ વિદ્વાનો (च) અને (यजमानः) યજ્ઞ કરનારા પુરૂષો એકસ્થાનમાં (अधिसीदत) ઉન્નતિપૂર્વક રહિયે (આ ઉપરથી પરમાત્મા ઉપદેશ કરે છે કે મનુષ્યોએ નિત્ય અગ્નિને પ્રકટ કરીને પોતાનાં ઇષ્ટાપૂર્તની સિદ્ધિ કરવી જોઇએ).

२ ओं अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्वर्धस्व चेद्ध वर्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा–इदमग्नये जातवेदसे–इदन्न मम॥ सौत्रमन्त्रः ॥

२ હે (जातवेद) જાતવેદ પરમાત્મન્! આપ અમને ઇંધનની માફક જ્ઞાનથી પ્રદિપ્ત કરો અને અમારી ઉન્નતિ કરો તથા આપની કૃપાએ અમને સંપત્તિ, સંતતિ, અન્ન, તેજ, બલ આદિ પ્રાપ્ત થાઓ.

३ ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् आस्मिन् हव्या जुहोतन स्वाहा। इदमग्नये–इदन्न मम ॥ यजुः० अ० ३ मं० १

૩ હે વિદ્વાનો તમે (समिधा) સમિધાઓ તથા ઘી આદિ વડે (अग्निम्) ભૌતિક અગ્નિને (बोधयत) ઉદ્દીપ્ત અર્થાત્ પ્રકાશીત કરો; તથા જેમ (अतिथिम्) અતિથિનો સત્કાર આદિ કરો છો તેમ અગ્નિનું (दुवस्य) સેવન કરો; અને (आस्मिन्) એ અગ્નિમાં (हव्या) સુગંધ મિષ્ટ, પુષ્ટ તથા રોગને નાશ કરનારા હવ્ય પદાર્થોનો (आजुहोतन) સારી રીતે હવન કરો.

४ ओं सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन। अग्नये जातवेदसे स्वाहा ॥ इदमग्नये जातवेदसे–इदन्न मम ॥ यजु० अ० ३ मं० २

૪ હે મનુષ્યો તમે (सुसमिद्धाय) બરાબર પ્રજ્વલિત થયેલા, (शोचिषे) શુદ્ધ કરેલા અથવા દોષોના નિવારક (जातवेदसे) સર્વ પદાર્થોમાં વિદ્યમાન (अग्नये) રૂપ, દાહ, પ્રકાશ, છેદન આદિ ગુણસ્વભાવવાળા અગ્નિમાં, (तीव्रम्) સર્વ દોષોને નિવારણ કરવામાં તીક્ષ્ણસ્વભાવવાળા (घृतम्) ઘી મિષ્ટ આદિ પદાર્થોને (जुहोतन) બરાબર રીતે હોમો.

---

* **मन्त्रान्तैः कर्मादीन् सन्निपातयेत् ॥ यज्ञपरिभाषासूत्र ४९ ॥**

પ્રત્યેક આહુતિ અથવા યજ્ઞાંતર્ગત કર્મ મંત્રપુરો બોલી રહ્યા પછી કરવું. કારણ કેઃ—

युगपज्ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गम् ॥ न्या० द० अ० १ आ० १ सू० १६

મનનો ધર્મ છે કે એક કાલમાં બે કર્મ સાથે નથી કરી શકતું. માટે પ્રથમ મંત્ર બોલીને પછી તે મંત્ર વડે જે કર્મ કરવાનું હોય તે કરવું.

१ ओं तन्त्वा॑ स॒मिद्भि॑रङ्गिरो घृ॒तेन॑ वर्द्धयामसि । बृ॒हच्छो॑चा यविष्ठ्य॒ स्वाहा॑ ॥
इदमग्नयेऽङ्गिरसे, इदन्नमम ॥ यजु:० अ० ३ मं० ३

૧ જે અગ્નિ (अंगिरः) પદાર્થોને પ્રાપ્ત કરાવનાર અથવા (यविष्ठ्य) પદાર્થોનું ભેદન કરવામાં અતિ બલવાન છે તથા (बृहत्) ઘણા તેજથી (शोचा) જે પ્રકાશે છે, (त्वा) તેને (समिद्भिः) કાષ્ઠાદિ તથા (घृतेन) ઘી આદિ વડે (वर्द्धयामसि) અમે વધારીયે છિયે.

આ મંત્ર વડે ત્રીજા સમિધાની આહુતિ આપવી. ત્યાર પછી નીચેના મંત્ર વડે ધૃતની પાંચ આહુતિ આપવી:--

२ ओं अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्व वर्द्धस्व चेद्ध वर्द्धय चास्मान्प्रजयापशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा ॥ इदमग्नये जातवेदसे–इदन्नमम ॥
सौत्रमन्त्रः ।

તત્પશ્ચાત વેદિની ચારે દિશાઓમાં નીચેના મંત્ર વડે જલથી સિંચન કરવું:—

३ ओम् अदितेऽनुमन्यस्व ॥ પૂર્વમાં.
४ ओम् अनुमतेऽनुमन्यस्व ॥ પશ્ચિમમાં.
५ ओम् सरस्वत्यनुमन्यस्व ॥ ઉત્તરમાં.

६ ॐ देव॑ सवितः॒ प्रसु॑व य॒ज्ञं प्रसु॑व य॒ज्ञप॑तिं॒ भगा॑य । दि॒व्यो ग॑न्ध॒र्वः के॑त॒पूः केतं॑ नः पुनातु वा॒चस्पति॒र्वाचं॑ नः स्वदतु ॥ यजुः अ० ३० मं० १

૨ આ મંત્રનો અર્થ અન્ય પાના ઉપર આપેલો છે.

૩ હે (अदिते) અવિનાશી પરમાત્મા અમારી સત્કામનાની સિદ્ધિ કરે.

૪ હે (अनुमते) સર્વ કામોના અનુમન્ત્રિ (શુભસલાહદાતા) પરમાત્મન્! અમારી સત્કામનાની સિદ્ધિ કરો.

૫ હે (सरस्वति) અત્યન્ત જ્ઞાનવાન્ પરમાત્મન્! અમારી સત્કામનાની સિદ્ધિ કરો.

૬ હે (देव) દિવ્યસ્વરૂપ (सवितः) સમસ્ત ઐશ્વર્યયુક્ત તથા જગદુત્પાદક જગદીશ્વર! (यज्ञम्) અમારૂં આ કર્મ (प्रसुव) માન્ય કર; અને (भगाय) કર્મફલ ભોગને માટે (यज्ञपतिम्) મને યજમાન જાણ–અનુષ્ઠિત કર્મફલ ભોક્તા મને કર. વળી (दिव्यः) દ્યુલોકસ્થ, (गन्धर्वः) પૃથ્વીનો ધાતા પરમાત્મા, (केतपूः) તથા અમારી પ્રજ્ઞાને પવિત્ર કરનાર દેવ (नः) અમારાં (केतम्) મન (पुनातु) પવિત્ર કરો; અને (वाचस्पतिः) વાણીનો રક્ષક પરમાત્મા (नः) અમારી (वाचः) વાણી (स्वदतु) મધુર, સ્નિગ્ધ, તથા કોમલ કરો.

આ મંત્ર વડે વેદિની ચારે બાજુ જલ સિંચન કરવું.

ત્યારબાદ નીચેના બે મંત્રો વડે આઘારાહુતિ નામની બીની બે આહુતિ અને આજ્યભાગાહુતિ નામની બે એમ મળીને ચાર આહુતિઓ વેદિમાં આપવી.

१ ओं अग्नये स्वाहा ॥ इदमग्नये–इदन्नमम ॥ यजुः० अ० २२ मं० २७

આ મંત્ર વડે વેદીનાં ઉત્તરભાગમાં અગ્નિમાં અને,

२ ओं सोमाय स्वाहा ॥ इदंसोमाय–इदन्नमम .। य० अ० २२ मं० २७

આ મંત્ર વડે વેદીના દક્ષિણભાગના અગ્નિમાં ઘીની આહુતિ આપવી.

३ ओं प्रजापतये स्वाहा ॥ इदं प्रजापतये–इदन्नमम ॥ य० अ० १८ मं०२८

४ ओं इंद्राय स्वाहा ॥ इदमिन्द्राय–इदन्नमम य० अ० २२ मं० २७

આ બે મંત્રો વડે વેદિની મધ્યમાં ઘીની બે આહુતિઓ આપવી. ત્યારબાદ નીચેના ચાર મંત્રે વડે ઘીની આહુતિ આપવી.

५ ओं भूरग्नये स्वाहा ॥ इदमग्नये–इदन्नमम ॥

६ ओं भुववायवे स्वाहा ॥ इदं वायवे–इदन्नमम ॥

७ ओं स्वरादित्याय स्वाहा ॥ इदमादित्याय–इदन्नमम ॥

८ ओं भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः स्वाहा ॥

इदमाग्नि वाय्वादित्येभ्यः–इदन्न मम ॥

૧ જ્ઞાનસ્વરૂપ પરમાત્માને માટે આ આહુતિ મારે માટે નહિ.

૨ ઉત્તમ રસોના ઉત્પાદક પરમાત્માને માટે આ આહુતિ.

૩ પ્રજાપતિ પરમાત્માને માટે આ આહુતિ છે મારે માટે નથી.

૪ પરમ ઐશ્વર્યયુક્ત પરમાત્માને માટે આહુતિ.

૫ જગત્માં પ્રાણરૂપ તથા જ્ઞાનસ્વરૂપ પરમાત્માને માટે આ આહુતિ હું આપું છું.

૬ જગતના અપાન વાયુના ચાલક વાયુ પરમાત્માને માટે હું આ આહુતિ આપું છું.

૭ જગતના વ્યાન વાયુરૂપ આદિત્ય પરમાત્માને માટે હું આ આહુતિ આપું છુ.

૮ જગતના પ્રાણાપાન વ્યાનાદિ સર્વવાયુના ચાલક આદિત્ય પરમાત્માને માટે આ આહુતિ હું આપું છું.

આ ચાર ઘીની આહુતિઓ આપીને પછી સ્વિષ્ટકૃત હોમાહુતિ એકજ છે તે ઘૃત અથવા ભાતની નિમ્ન લિખિત મંત્ર વડે આપવીઃ—

१ ओं यदस्य कर्मणोऽत्यरीरिचं यद्वा न्यूनमिहाकरम् । अग्निष्टत्स्विष्टकृद्विद्यात्सर्वं स्विष्टं सुहुतं करोतु मे । अग्नये स्विष्टकृते सुहुतहुते सर्वप्रायश्चित्ताहुतीनां कामानां समर्धयित्रे सर्वान्नः कामान् समर्द्धय स्वाहा ॥इदमग्नये स्विष्टकृते–इदन्नमम॥

शत० ब्रा० कां० १४ अ० ८ ब्रा० ७ कं० ६

સ્વિષ્ટકૃત આહુતિ આપ્યા પછી નિમ્નલિખિત મંત્ર વડે પ્રાજાપત્યાહુતિ આપવી. આ આહુતિ મંત્ર મનમાં બોલીને આપવીઃ—

२ ओं प्रजापतये स्वाहा ॥ इदं प्रजापतये इदन्न मम ॥

આ આહુતિ આપ્યા પછી ચૌલ, સમાવર્તન તથા વિવાહસંસ્કારમાં નિમ્નલિખિત મંત્રો વડે ચાર ધૃતાહુતિ આપવી—

૨ સૃષ્ટિ કર્તા પરમાત્માને માટે આ આહુતિ આપું છું.

૧ હે સર્વે પૂજ્ય પરમાત્મન્! અમારાં કર્ત્તવ્ય કર્મમાં કાંઈ ન્યૂનતા કે વિશેષતા હશે તે આપ જાણો છો; આપ અમારા હાથે સર્વ ઇષ્ટ કર્મો કરાવો તથા આપની ભક્તિ, પરોપકાર તથા ધર્મવૃદ્ધિ આદિ અમારી મનોકામનાઓ પૂર્ણ થાઓ.

ओ३म् भूर्भुवः स्वः । अग्न आयूंषि पवस आसुवोर्ज्जमिषं च नः । आरे बाधस्व दुच्छुनां स्वाहा । इदमग्नये पवमानाय, इदन्नमम॥ ऋ० मं० ९ सू० ६६ मं० १९

ओ३म् भूर्भुवः स्वः । अग्निर्ऋषिः पवमानः पाञ्चजन्यः पुरोहितः । तमीमहे महागयं स्वाहा । इदमग्नये पवमानाय, इदन्न मम ॥ ऋ० मं० ९ सू० ६६ मं० २०

ओ३म् भूर्भुवः स्वः । अग्ने पवस्व स्वपा अस्मे वर्चः सुवीर्यम् । दधद्रयिं मयि पोषं स्वाहा । इदमग्नये पवमानाय, इदन्न मम ॥ ऋ० मं० ९ सू० ६६ मं० २१

ओ३म् भूर्भुवः स्वः । प्रजापते न त्वदेतान्यन्यो विश्वा जातानि परि ता बभूव । यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम पतयो रयीणां स्वाहा । इदं प्रजापतये, इदन्न मम ऋ० मं० १० सू० १२१ मं० १०

આ ચાર મંત્રો વડે ધૃતની ચાર આહુતિ આપીને નિમ્ન લિખિત મંત્રો વડે "અષ્ટાજ્યાહુતિ" સર્વે મંગલકાર્યોમાં આપવી. પરન્તુ કયા સંસ્કારમાં કયે વખતે આપવી તેનું સ્પષ્ટીકરણ તે તે સંસ્કારોમાં કરવામાં આવશેઃ—

ओ३म् त्वन्नो अग्ने वरुणस्य विद्वान् देवस्य हेडो अवयासिसीष्ठाः । यजिष्ठो वह्नितमः शोशुचानो विश्वा द्वेषांसि प्रमुमुग्ध्यस्मत् स्वाहा ॥ इदमग्नीवरुणाभ्याम्, इदन्न मम ॥ १ ॥ ऋ० मं० ४ सू० १ मं० ४

१ ओं स त्वन्नो ऽअग्ने ऽवमो भवोती नेदिष्ठो अस्या उषसो व्युष्टौ । अवयक्ष्व नो वरुणं रराणो वीहि मृडीकं सुहवो न एधि स्वाहा ॥ इदमग्नीवरुणाभ्याम्, इदन्न मम ॥ ऋ० मं० सू० १ मं० ५

२ ओं इमं मे वरुण श्रुधी हवमद्या च मृडय । त्वामवस्युराचके स्वाहा ॥ इदं वरुणाय, इदन्न मम ऋ० मं० १ सू० २५ मं० १९

३ ओं तत्त्वा यामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः । अहेडमानो वरुणेह बोध्युरुशंस मा न आयुः प्रमोषीः स्वाहा । इदं वरुणाय, इदन्न मम ॥ ऋ० मं० १ सू० २४ मं० ११

ओं ये ते शतं वरुण ये सहस्रं यज्ञियाः पाशा वितता महान्तः ॥ तेभिर्नो अद्य सवितोत विष्णुर्विश्वे मुञ्चन्तु मरुतः स्वर्काः स्वाहा ॥ इदं वरुणाय सवित्रे विष्णवे विश्वेभ्यो देवभ्यो मरुद्भ्यः स्वर्केभ्यः । इदन्न मम ॥ सौत्रमन्त्रः ॥

(अग्न आयूंषि) હે સર્વ પાલક પૂજ્ય પરમાત્મા ! અમારા જીવિતવ્યનું રક્ષણ કર તથા અમને ઉત્તમ અન્ન બલ તથા વિજ્ઞાન આપ; અને દુષ્ટોનો નાશ કર.

(अग्निऋषि०) હે મહાજન સ્તુત સર્વ દ્રષ્ટા, સર્વ પાલક ઇશ્વર ! તું અમારૂં હિત કરનાર છે, અમે તારી પ્રાર્થના કરીએ છિયે કે તું અમને વિપુલ ધન તથા સન્તતિ આપ.

(अग्ने पवस्व०) હે શોભન પરમાત્મન્ ! અમને ઉત્તમ તેજ, ધન, પુષ્ટિ તથા આરોગ્ય આપો.

(प्रजापते न०) આ મંત્રનો અર્થ ઇશ્વરસ્તુતિ પ્રાર્થનામાં આપવામાં આવ્યો છે.

(ओं त्वन्नो अग्ने०) હે સર્વ પૂજ્ય, જગત્ પાલક, સર્વજ્ઞ, સર્વ વ્યાપક સ્વયંપ્રકાશ પરમાત્મન ! વેદાર્થ જ્ઞાતા સજ્જનોનો અમારા ઉપર ક્રોધ ન થાઓ; તથા અમારામાંથી સર્વ દુષ્ટ ગુણોનો નાશ થાઓ.

(सत्वन्नो०) હે જ્ઞાનસ્વરૂપ પરમાત્મા ! આપ અમારી રક્ષા કરો, શ્રેષ્ઠ ઉપદેશકોના સત્કાર કરીએ, તથા તેમને આદર પૂર્વક બોલાવીએ તથા અમને સુખદાતા કાર્યોનો માર્ગ પ્રાપ્ત થાય તેવી બુદ્ધિ આપો.

(इमं मे वरुण०) હે સર્વોત્તમ, ગ્રહણ કરવા યોગ્ય પરમાત્મા ! સ્વરક્ષેષણા અથવા વિજ્ઞાનેષણાવાળો હું આપની અત્યંત નમ્રભાવે સ્તુતિ કરૂં છું. આપ મારી તે સ્તુતિને શ્રવણ કરો તથા મને વિદ્યાદાન તથા સુખ આપો.

(तत्वा यामि०) હે સર્વથા પ્રશંસનીય જગદીશ્વર ! ત્રણ પ્રકારના યજ્ઞ કરનારા વિદ્વાનો હોમાદિ સાધનો વડે અત્યંત સુખની આશા રાખે છે. એવા આપને વેદના સ્મરણ, અભિવાદન સહિત અત્યંત ભક્તિપુરઃસર હું શરણ આવું છું. આપ કૃપા કરીને મને આ સંસારમાં બોધયુક્ત કરો; અને અમારી જીંદગી વ્યર્થ ન જાય અર્થાત્ અમારા આત્મામાં જ્ઞાન પ્રકાશ થાય તેમ કરો.

(यतेशोतं०) હે જગદીશ્વર ! અનેક પ્રકારના આધિ, વ્યાધિ તથા ઉપાધિથી અને સંકટોથી અમને રહિત કરો.

१ ओं अयाश्चाग्नेस्यनभिशस्तिपाश्च सत्यमित्वमयासि । अयानो यज्ञं वहास्ययानो धेहि भेषज५ स्वाहा इदमग्नये अयसे—इदन्न मम ॥ सौत्रमन्त्रः ॥

२ ओं उदुत्तमं वरुण पाशमस्मदवाधमं विमध्यमं श्रथाय । अथा वयमादित्यव्रते तवानागसोऽदितये स्याम स्वाहा ॥ इदं वरुणायाऽदित्यायाऽदितये चइदन्न मम ॥ ऋ० मं० १ सू० २४ मं० १५

३ ओं भवतन्नः समनसौ सचेतसावरेपसौ । मा यज्ञꣳ हिꣳसिष्टं मा यज्ञपतिं जातवेदसौ शिवौ भवतमद्य नः स्वाहा । इदं जातवेदोभ्याम्—इदन्न मम ॥
यजुः० अ० ५ मं० ३

૧ (अयाश्चाग्ने०) હે સજ્જન રક્ષક, સત્ય પ્રિય પ્રભો! આપ અમારૂં સત્કાર્ય યથાસાંગ સિદ્ધિને પહોંચાડનારા છો, અમને સૌભાગ્ય, આરોગ્ય અને શોભા આપો.

૨ (उदुत्तमं०) હે સ્વીકરણીય પરમાત્મન્! આપ અમારાં સર્વ પ્રકારનાં દુઃખદાયક બંધનોનો નાશ કરો. હે આદિત્ય! સર્વના ઉપદેષ્ટા ગુરૂ આપ છો તેના શરણમાં રહી અમે સત્યાચરણરૂપી વ્રત કરીતે વિનાશ રહિત સુખની પ્રાપ્તિ કરીએ.

૩ (भवतन्न०) હે. પરમાત્મન્! વેદાદિ સત્ય વિદ્યાઓને સિદ્ધ કરી પઠન પાઠન કરાવનારા, તથા લોકોને જ્ઞાનોપદેશ કરનારા વિદ્વાનો અમારામાં ઉત્પન્ન થાઓ કે જેથી યજ્ઞ અને યજ્ઞપતિ યજમાનનો નાશ ન થાય અને તેથી અમને તે મંગલપ્રદ થાય.

સઘળા સંસ્કારોમાં મંત્રોચ્ચારણ મધુરસ્વરથી યજમાને પોતેજ કરવું જોઇએ; અને તે ઉચ્ચારણ બહુ જલદીથી કે બહુ વિલંબથી નહિ કરવું જોઇએ. કિન્તુ મધ્યભાગમાં એટલે જે વેદના સ્વરના ઉચ્ચારણને જેટલો કાળ લાગવો જોઇએ તે પ્રમાણેજ બોલવું જોઇએ. અગર જો યજમાન અભણ હોય તો તેણે સામાન્ય પ્રકરણના મંત્રો તો અવશ્ય શીખી લેવા જોઇએ. વળી જો કોઇ કાર્યકર્તા જડ, મંદમતિ તથા અક્ષરશત્રુ હોય તો તે શુદ્ર છે—અર્થાત્ શૂદ્ર મંત્રોચ્ચારણમાં અસમર્થ હોય તો પુરોહિત તથા ઋત્વિજ મન્ત્રોચ્ચારણ કરે અને કર્મ તે મૂઢ યજમાનના હાથે કરાવે. ત્યાર પછી નિમ્ન લિખિત મંત્રવડે પૂર્ણાહુતિ કરવી. સ્રુવામાં ઘી ભરીનેઃ—

ओं सर्वं वै पूर्णꣳ स्वाहा ॥

આ મંત્રવડે ત્રણ આહુતિઓ આપવી. પછી જેને દક્ષિણા આપવી હોય તેને દક્ષિણા આપે તથા જેને જમાડવા હોય તેમને જમાડી દક્ષિણા આપી સર્વેને વિદાય કરી સ્ત્રીપુરૂષે હુતશેષ ઘૃત, ભાત અથવા મોહનભોગ પ્રથમ ખાઈ પશ્ચાત્ રૂચિપૂર્વક ઉત્તમાન્નનું ભોજન કરવું.

मङ्गलकार्य.

ગર્ભાધાનાદિ સન્યાસ સંસ્કાર પર્યંત પૂર્વોક્ત તથા નિમ્ન લિખિત સામવેદોક્ત વામદેવ્યગાન અવશ્ય કરવું જોઇએ. તેના મંત્રો નીચે પ્રમાણે છેઃ—

ओं भूर्भुवः स्वः कया नश्चित्र आभुवदूती सदावृधः सखा । कया शचिष्ठया वृता ॥ १ ॥ ओं भूर्भुवः स्वः । कस्त्वा सत्यो मदानां मꣳहिष्ठो मत्सदन्धसः । दृढा चिदारुजे वसु ॥ २ ॥ ओं भूर्भुवः स्वः । अभि षुणः सखीनामविता जरयितॄणाम् । शतम्भवास्यूतये ॥ ३ ॥ महा वामदेव्यम् ॥ का ८५ या । नश्चा३

इत्रों३ आभुवात् । ऊ । ती सदांवृधः सखा । औ १ हो हाइ । कया २३ शचाई ष्ठयौहो १ हुम्मा २ । वा२र्तो३ऽ५ हाइ ॥ १ ॥ काऽ५स्त्वा । सत्या ३ मा३ दोनाम् । मो । हिष्ठोमोन्सादन्ध । सा । औ३हो हाइ । दृढा२३ चिंदा । संजौहो ३ । हुम्मा २ । वोऽ३सो३ऽ५हायि ॥ २ ॥ अऽ५ भी । षुणो ३ः सा३खीनाम् । ओं । विता जरायि तॄ । णाम् । औ२३हो हायि । शंता२३म्भवा । सियौ हो ३ । हुम्मा२ । ताऽ२ योऽ३ऽ५हायि ॥ ३ ॥ साम० उत्तरार्चिके । अध्याये १ ख० ३ मं० १ । २ । ३

આ વામદેવ્ય ગાન થઇ રહ્યા પછી ગૃહસ્થ સ્ત્રી પુરૂષ કાર્યકર્ત્તા, સદ્ધર્મી, લોકપ્રિય, પરોપકારી, સજ્જન, વિદ્વાન્, અથવા ત્યાગી, પક્ષપાત રહિત સન્યાસી કે જે સદા વિદ્યાની વૃદ્ધિ અને સર્વના કલ્યાણાર્થે પ્રયત્ન કરનારા હોય તેમનો નમસ્કાર, આસન, અન્ન, જલ, વસ્ત્ર, પાત્ર, ધન આદિ દાન વડે ઉત્તમ પ્રકારે યથાસામર્થ્ય સત્કાર કરી પછી તેમને વદાય કરે. સંસ્કાર ક્રિયા જોવાની ઇચ્છા વાળાઓએ મૌન કરીને દૂર બેસી રહેવું, કોઇ પણ જાતની વાતચિત કે ગરબડ ન કરવી. સર્વે મનુષ્યોએ ધ્યાનાવસ્થિત અને પ્રસન્નવદન રહેવું; અને વિશેષકર્મ કર્તા તથા કર્મ કરાવનારાઓએ શાન્તિ ધીરજ અને વિચારપૂર્વક, ક્રમથી કર્મ કરવું તથા કરાવવું.

આ સામાન્યવિધિ સર્વ સંસ્કારોમાં કર્તવ્ય છે.

इति सामान्यप्रकरणम् ॥

अथ गर्भाधानविधिं वक्ष्यामः ॥

निषेकादिश्मशानान्तो मन्त्रैर्यस्योदितो विधिः ॥ मनुः० अ० २ श्लो० १६

મનુષ્યોના શરીર તથા આત્મા ઉત્તમ કરવાને માટે નિષેક અર્થાત્ ગર્ભાધાનથી શ્મશાનાન્ત અર્થાત્ અન્ત્યેષ્ટિ એટલે મૃત્યુપછી મૃતક શરીરનું વિધિપૂર્વક દહન કરવું તે પર્યંત સોળ સંસ્કાર કરવામાં આવે છે. શરીરનો આરંભ ગર્ભાધાન વખતે અને અન્ત ભસ્મ કરતાં સુધી છે. એટલા સમયમાં તેને સોળ પ્રકારના ઉત્તમ સંસ્કાર કરવા પડે છે. તેમાંનો પ્રથમ ગર્ભાધાન સંસ્કાર છે.

ગર્ભાધાન એટલે—**"गर्भस्याधानं वीर्यस्थापनं स्थिरीकरणं यस्मिन्येन वा कर्मणा तद्गर्भाधानम्"** ગર્ભનું ધારણ, અર્થાત્ ગર્ભાશયમાં વીર્યનું સ્થાપન કરી તેમાં તેને

સ્થિર જે કર્મ વડે કરવામાં આવે છે તેને ગર્ભાધાન કહે છે. જેમ બીજ અને ક્ષેત્ર ઉત્તમ હોવાથી અન્નાદિ પદાર્થો પણ ઉત્તમ પાકે છે, તેમજ ઉત્તમ બલવાન્ સ્ત્રીપુરૂષોથી સંતતિ પણ ઉત્તમ થાય છે. માટે પૂર્ણ યુવાવસ્થા, યથાવત્ બ્રહ્મચર્યનું પાલન અને વિદ્યાભ્યાસ કરીને ગર્ભાધાન કરવું જોઇએ. અર્થાત્ ઓછામાં ઓછી કન્યાની ઉમર સોળ વર્ષની અને પુરૂષની ઉમર પચ્ચીસ વર્ષની ગર્ભાધાન સમયે જરૂર હોવી જોઇએ આથી મોટી ઉમર હોય તો તો ઘણીજ સારી વાત છે કારણ કે સોળ વર્ષથી નાની કન્યાના ગર્ભાશયમાં બાલકના શરીરને વધવાને માટે જોઇએ તેટલો અવકાશ નથી મળતો; તેમજ ગર્ભનું ધારણ તથા પોષણ થવાનું સામર્થ્ય પણ નથી હોતું; તેમજ પચ્ચીશ વર્ષનો થયા વિના પુરૂષનું વીર્ય પણ ઉત્તમ નથી થતું. કેમકેઃ—

पञ्चविंशे ततो वर्षे पुमान्नारी तु षोडशे ।
समत्वागतवीर्यौ तौ जानीयात्कुशलो भिषक् ॥

सुश्रुते, सूत्रस्थाने, अ० ३५

ऊनषोडशवर्षायामप्राप्तः पञ्चविंशतिम् ।
यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थः स विपद्यते ॥ १ ॥

जातो वा न चिरं जीवेज्जीवेद्वा दुर्बलेन्द्रियः ।
तस्मादत्यन्तबालायां गर्भाधानं न कारयेत् ॥ २ ॥

सुश्रुते, शारीरस्थाने, अ० १०

શરીરની ઉન્નતિ અગર અવનતિની વિધિ જેવી વૈદ્યકશાસ્ત્રમાં છે તેવી અન્ય ક્યાંયેપણ નથી. એનું મૂળ વિધાન છે તે આગળ વેદારંભમાં લખીશું. કયા કયા વર્ષમાં કયી કયી ધાતુ કેવી કેવી રીતે કાચી હોય છે અથવા પાકે છે કે વૃદ્ધિ કિંવા ક્ષય પામે છે તે બધું વિધાન વૈદ્યકશાસ્ત્રમાં છે માટે ગર્ભાધાનાદિ સંસ્કારો કરવામાં વૈદ્યકશાસ્ત્રનો આશ્રય વિશેષ લેવો જોઇએ. પરમવૈદ્ય સુશ્રુતકાર કે જેનું પ્રમાણ સર્વ વિદ્વાન લોકો માને છે તે વિવાહ તથા ગર્ભાધાનને માટે ઓછામાં ઓછી સોળ વર્ષની કન્યા અને પચ્ચીસ વર્ષનો પુરૂષ અવશ્ય હોવાં જોઇએ એમ બતાવે છે. તેઓ લખે છે કે જેટલું સામર્થ્ય સોળમા વર્ષની કન્યાના શરીરમાં હોય છે તેટલુંજ સામર્થ્ય પચ્ચીસમા વર્ષના પુરૂષનામાં હોય છે. માટે કુશલ વૈદ્યે સ્ત્રીપુરૂષ બન્નેને પૂર્વોક્ત અવસ્થામાં સમવીર્ય અર્થાત્ તુલ્ય બલવાળાં જાણવાં. સોળ વર્ષથી ઓછી વયની સ્ત્રીમાં પચ્ચીસ વર્ષથી ઓછી ઉમરનો પુરૂષ જો ગર્ભાધાન કરે તો તે ગર્ભ અંદરમાંજ બગડી જાય છે એટલે કે છોડ બાઝે છે. જો કદી તેમ નથી થતું અને ઉત્પન્ન થાય છે તો અધિક જીવતો નથી, અથવા કદાચિત્ જીવી જાય તો તેનાં અંગો તથા ઇંદ્રિયો અત્યન્ત દુર્બલ હોય છે. માટે અત્યંત બાલા અર્થાત્ સોળ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રીમાં કદી પણ ગર્ભાધાન નહીં કરવું જોઇએ.

*चतस्रोऽवस्थाः शरीरस्य वृद्धिर्यौवनं संपूर्णता किञ्चित्परिहाणिश्चेति। आषोडशाद् वृद्धिरापञ्चविंशतेर्यौवनमाचत्वारिंशतः संपूर्णता ततः किञ्चित्परिहाणिश्चेति ॥ सुश्रुते, सूत्रस्थाने.

અર્થઃ—સોળમા વર્ષપછી મનુષ્યના શરીરની સર્વ ધાતુઓની વૃદ્ધિ, પચ્ચિસમા વર્ષથી યુવાવસ્થાનો આરંભ, ચાળીસમા વર્ષ સુધીમાં યુવાવસ્થાની પૂર્ણતા અર્થાત્ સર્વ ધાતુઓની પૂર્ણપુષ્ટિ અને પછીથી કિંચિત્ કિંચિત્ વીર્યનો અને તમામ ધાતુઓનો નાશ થતો જાય છે મતલબ કે ચાળીસમા વર્ષમાં સઘળા અવયવો સંપૂર્ણતાને પામે છે; અને ત્યારપછી ખાનપાનથી જે વીર્ય ધાતુ ઉત્પન્ન થાય છે તેનો થોડો થોડો નાશ થતો જાય છે. આથી સિદ્ધ થાય છે કે જો જલદી વિવાહ કરવાની મરજી હોય તોપણ કન્યાની ઉમર ઓછામાં ઓછી સોળ વર્ષની અને પુરૂષની ઓછામાં ઓછી પચ્ચીસ વર્ષની ઉમર હોવીજ જોઇએ. લગ્નનો મધ્યમ સમય કન્યાને માટે વીસ વર્ષનો અને પુરૂષને માટે ચાળીસ વર્ષનો છે. તથા ઉત્તમ સમય કન્યાને માટે ચોવિસ અને પુરૂષને માટે અડતાળીસ વર્ષનો છે. જેઓ પોતાના કુલની ઉત્તમતા, ઉત્તમ સન્તાન, દીર્ઘાયુ, સુશીલ બુદ્ધિયુક્ત, બલવાન, પરાક્રમયુક્ત, વિદ્વાન અને શ્રીમાન કરવાની ઇચ્છા રાખતા હોય તેઓએ કન્યાનો સોળ વર્ષથી નાની અને પુરૂષનો પચ્ચીસ વર્ષથી નાની ઉમરમાં કદી પણ વિવાહ નહિ કરવો એજ સર્વ સુધારાનો સુધારો, સૌભાગ્યનું પણ સૌભાગ્ય અને સર્વ ઉન્નતિની પણ ઉન્નતિ કરનાર કર્મ છે. એ અવસ્થામાં બ્રહ્મચર્ય રખાવીને પોતાનાં સન્તાનોને વિદ્યા તથા સુશિક્ષા ગ્રહણ કરાવવી કે જેથી તેઓ ભવિષ્યમાં ઉત્તમ થાય.

ऋतुदाननो समय.

ऋतुकालाभिगामी स्यात्स्वदारनिरतस्सदा।
पर्ववर्जं व्रजेच्चैनां तद्व्रतो रतिकाम्यया ॥ १ ॥
ऋतुः स्वाभाविकः स्त्रीणां रात्रयः षोडश स्मृताः।
चतुर्भिरितरैः सार्द्धमहोभिः सद्विगर्हितैः ॥ २ ॥
तासामाद्याश्चतस्रस्तु निन्दितैकादशी च या।
त्रयोदशी च शेषास्तु प्रशस्ता दशरात्रयः ॥ ३ ॥
युग्मासु पुत्रा जायन्ते स्त्रियोऽयुग्मासु रात्रिषु।
तस्माद्युग्मासु पुत्रार्थी संविशेदार्त्तवे स्त्रियम् ॥ ४ ॥

---

* આ પાઠ છપાયલી સુશ્રુતસંહિતામાં જોતાં નીચે પ્રમાણે છેઃ—

षोडशसप्तत्योरन्तरे मध्यं वयस्तस्य विकल्पो वृद्धिर्यौवनं संपूर्णता हानिरिति। आविंशतेर्वृद्धिरात्रिंशतो यौवनमाचत्वारिंशतः सर्वधात्विन्द्रियबलवीर्यसम्पूर्णता। अत ऊर्ध्वमीषत् परिहाणिर्यावत्सप्ततिरिति ॥ सुश्रुते, सूत्रस्थाने अ० ३५ [भा क.]

पुमान् पुंसोऽधिके शुक्रे स्त्री भवत्यधिके स्त्रियाः ।
समे पुमान् पुंस्त्रियौ वा क्षीणेऽल्पे च विपर्ययः ॥ ५ ॥
निन्द्यास्वष्टासु चान्यासु स्त्रियो रात्रिषु वर्जयन् ।
ब्रह्मचार्य्येव भवति यत्र तत्राश्रमे वसन् ॥ ६ ॥

मनुस्मृ० अ० ३ श्लो० ४५-५०

અર્થ—મનુ આદિ ઋષિઓએ ઋતુદાનના સમયનો નિશ્ચય આ પ્રમાણે કર્યો છેઃ—સદા પુરૂષ ઋતુકાલમાંજ સ્ત્રી સમાગમ કરે તથા પોતાની સ્ત્રી વિના અન્ય સ્ત્રીનો સર્વદા ત્યાગ કરે. એજ પ્રમાણે સ્ત્રી પણ પોતાના પતિ વિના અન્ય પુરૂષોનાથી સદૈવ પૃથક્ રહે. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના વિવાહિત પતિવિના પરપુરુષનો સંગ કદી પણ નથી કરતી તેમ જે પુરૂષ સ્ત્રીવ્રત અર્થાત્ પોતાની વિવાહિતા સ્ત્રીનાથીજ પ્રસન્ન રહે છે, તેણે જ્યારે ઋતુદાન આપવું હોય ત્યારે પૂર્વ અર્થાત્ ઋતુદાનના સોળ દિવસોમાં પૌર્ણમાસી, અમાવસ્યા, ચતુર્દશી અથવા અષ્ટમી આવે તેને બાદ કરીને બીજા દિવસોમાં રતિક્રિયા કરવી. ૧ સ્ત્રીઓનો સ્વાભાવિક ઋતુકાલ સોળ રાત્રિનો છે–અર્થાત્ રજોદર્શનના દિવસથી સોળમા દિવસ સુધી ઋતુ સમય છે. તેમાંની પ્રથમ ચાર રાત્રિઓ અર્થાત્ જે દિવસથી રજસ્વલા થાય તે દિવસથી આગળના ચાર દિવસ નિન્દિત છે. માટે પ્રથમ દ્વિતીય, તૃતીય તથા ચતુર્થ રાત્રિમાં પુરૂષે સ્ત્રીનો સ્પર્શ કિંવા સ્ત્રીએ પુરૂષનો સંબંધ કદી પણ ન કરવો, અર્થાત્ રજસ્વલાના હાથનું પાણી સુદ્ધાં ન પીવું. તે સ્ત્રીએ કંઇ કામ પણ ન કરવું; પરંતુ એકાંતમાં બેસી રહેવું, કારણ કે આ ચાર રાત્રિઓમાં સમાગમ કરવો તે વ્યર્થ અને મહારોગકારક છે. રજ અર્થાત્ સ્ત્રીના શરીરમાંથી એક પ્રકારનું વિકૃત ઉષ્ણ રૂધિર જેવું કે ફોલ્લાઓમાંથી પરૂ અગર લોહી નીકળે છે તેવું છે. ૨ જેમ પ્રથમના ચાર રાત્રિ ઋતુદાનને માટે નિંદિત છે, તેમજ અગીઆરમી તથા તેરમી રાત્રિ પણ નિંદિત છે; અને બાકીની દશ રાત્રિઓ ઋતુદાનને માટે શ્રેષ્ઠ છે. જેને પુત્રની ઇચ્છા હોય તેણે છઠ્ઠી, આઠમી, બારમી, ચૌદમી અને સોળમી એ છ રાત્રિઓ ઋતુદાનને માટે ઉત્તમ જાણવી. પરંતુ તેમાંની ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. જેને પુત્રીની ઇચ્છા હોય તેણે પાંચમી, સાતમી, નવમી અને પંદરમી એ ચાર રાત્રિઓ ઉત્તમ સમજવી.* ૪. પુરૂષનું વીર્ય ઋતુદાનમાં અધિક હોય તો પુત્ર અને સ્ત્રીનું આર્ત્તવ અધિક હોય તો કન્યા, વીર્ય અને આર્ત્તવ સમાન હોય તો નપુંસક પુત્ર અથવા વંધ્યા

---

* રાત્રિગણનાનું કારણ એ છે કે દિવસમાં ઋતુદાન દેવું તે નિષિદ્ધ છે, કારણ કે પારસ્કર ગૃહ્યસૂત્રમાં કહ્યું છે કેઃ—

तस्मिन्प्रजयाः संभवकाले निशायां कुर्याद्यदिदिवामै न प्रजे क्लीवा अल्पवीर्या अल्पायुषाश्च प्रसूयन्ते तस्माद ... प्रजाकामो हि + + +

ભાવાર્થઃ—ઋતુદાનને માટે યોગ્ય કહેલી રાત્રિયોમાં પોતાની પત્નીની સાથે સંબંધ કરવો. જો દિવસે મૈથુન કરે તો પ્રજા નપુંસક, અલ્પવીર્યવાળી અને અલ્પાયુષી થાય છે માટે ઉત્તમ સંતાનની ઇચ્છા રાખનારે દિવામૈથુનનો સર્વથા ત્યાગ કરવો. (ભાષાન્તર કર્તા)

કન્યા ઉત્પન્ન થાય છે; અને જો પુરૂષ ક્ષીણ વા અલ્પ વીર્ય કે સ્ત્રી ક્ષીણ અથવા અશુદ્ધ આર્ત્તવવાળી હોય તો ગર્ભ નથી રહેતો અગર રહીને પડી જાય છે. ૫. જે પૂર્વની આઠ (પ્રથમની ચાર, અગીઆરમી, તેરમી તથા બે પર્વની) નિન્દિત રાત્રીઓ બતાવી છે તેમાં જે પુરૂષ સ્ત્રી સંગ નથી કરતો તે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ બ્રહ્મચારીજ કહેવાય છે.

उपनिषदि गर्भलम्भनम् ॥ आश्व० गृ० सू० अ० १ कं० १३ सू० १

અર્થઃ—ગર્ભાધાનનો વિધિ જે પ્રમાણે ઉપનિષદમાં કહ્યો છે તે પ્રમાણે કરવો જોઇએ અર્થાત્ કન્યા સોળ અને પુરૂષ પચ્ચિસ વર્ષની ઉમરે વિવાહ કરીને પછી ગર્ભાધાન કરે એ પ્રમાણે ઉપનિષદ્‌માં વિધાન કરેલું છે.

अथ गर्भाधानं स्त्रियाः पुष्पवत्याश्चतुरहादूर्ध्वं स्नात्वा विरुजायास्तस्मिन्नेव दिवा "आदित्यं गर्भमिति" पार० गृ० सू० अ०

આજ પ્રમાણે શૌનક તથા ગોભિલિય ગૃહ્યસૂત્રોમાં પણ વિધાન છે. વિવાહાનંતર સ્ત્રી જ્યારે રજસ્વલા થઇને પાંચમા દિવસે સ્નાન કરીને રજોદર્શનથી રહિત થાય તેજ દિવસે અથવા જ્યારે ગર્ભ સ્થાપન કરવાની ઇચ્છા હોય ત્યારે **"आदित्यं गर्भमिति"** ઇત્યાદિ મંત્રો વડે દિવસે સુગંધાદિ પદાર્થો વડે આહુતિ આપવી. આ વખતે પતિ વેદિના પશ્ચિમ ભાગમાં પોતાની પત્નીને ડાબી બાજુએ બેસાડીને સઘળો વિધિ કરે. ઋત્વિજોને પણ યથાસ્થાન વરણ કરીને બેસાડે.

વિધિઃ—પ્રથમ વિદ્વાન્, વ્યસન રહિત અને કર્મઉપર શ્રદ્ધાવાળા બ્રાહ્મણોને બોલાવીને તેમનું વરણ નીચે લખ્યા પ્રમાણે કરવું:—

यजमान—ओमावसोः सदने सीद* ।

આ પ્રમાણે જેટલા બ્રાહ્મણને ઋત્વિજ્ કરવા હોય તેમને કર્મ કરવાને માટે બોલાવીને તેમનાં આસન ઉપર બેસાડવા; અને તેઓ બેસતી વખતે—

ऋत्विज्—ओं सीदामि+ ।

એ પ્રમાણે બોલે પછી—

यजमान—÷अहमद्य मम पत्न्या गर्भसंस्काराख्य कर्मकरणाय भवन्तं वृणे ॥

ऋत्विज्—वृतोऽस्मि ।

આ વિધિ થઈ રહ્યા પછી સર્વેએ નિમ્નલિખિત મંત્રોવડે આચમન કરવું:—

ओं अमृतोपस्तरणमसि स्वाहा ॥ १ ॥

ओं अमृतापिधानमसि स्वाहा ॥ २ ॥

---

* હે ભગવાન્! આપ આસનપર વિરાજો.

+ બેસું છું.

÷ હું આજ મારી પત્નીના ગર્ભસંસ્કાર નામક કર્મ કરવાને માટે આપનો સ્વીકાર કરૂં છું.

ओं सत्यं यशः श्रीर्मयि श्रीः श्रयतां स्वाहा ॥ ३ ॥ सौत्रमंत्राः ॥

આ એક એક મંત્ર વડે એક એક આચમન કરીને હાથ ધોઈ નાંખવા પછી નિમ્નલિખિત મંત્રો વડે જલ લઈ અંગસ્પર્શ કરવોઃ-

ओं वाङ्‌ म आस्येऽस्तु ॥ १ ॥	મુખ.
ओं नसोर्मे प्राणोऽस्तु ॥ २ ॥	નાસિકા.
ओं अक्ष्णोर्मे चक्षुरस्तु ॥ ३ ॥	બન્ને આંખ.
ओं कर्णयोर्मे श्रोत्रमस्तु ॥ ४ ॥	બન્ને કાન.
ओं बाह्वोर्मे बलमस्तु ॥ ५ ॥	બન્ને બાહુ.
ओं ऊर्वोर्म ओजोस्तु ॥ ६ ॥	બન્ને જંઘા.

ओं अरिष्टानि मे अङ्गानि तनूस्तन्वा मे सहसन्तु ॥ सौत्रमंत्राः ॥ ७ ॥

સર્વ શરીરપર જલ છાંટવું. ત્યારપછી-વેદિમાં સમિધા ચયન કરીઃ—

ओंभूर्भुवः स्वः

આ મંત્રનું ઉચ્ચારણ કરી બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યના ઘરમાંથી અગ્નિ લાવવો, અથવા તો ધૃતનો દીપક સળગાવી તેના વડે કપુર સળગાવી કોઇએક પાત્રમાં મૂકી તેના ઉપર સમિધાના નાના નાના કડકા મૂકી યજમાને અથવા તો પુરોહિતે તે પાત્રને બન્ને હાથ વડે ઉઠાવી (જો ગરમ હોય તો સાણશીથી પકડે) નીચેના મંત્રવડે અગ્ન્યાધાન કરવું:—

ओं भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवीव वरिम्णा । तस्यास्ते पृथिवी देवयजनि पृष्ठेऽग्निमन्नादमन्नाद्यायादधे ॥ यजुर्वेद० अ० ३ मं० ५

આ મંત્ર વડે વેદીમાં અગ્ન્યાધાન કરીને તેના ઉપર નાના નાના સમિધાઓના કડકા તથા કપૂર મૂકીને નીચેના મંત્ર બોલતા જવા અને વીંજણાવડે અગ્નિને પ્રદીપ્ત કરવોઃ—

ओं उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते सꣳ सृजेथा मयं च । अस्मिन्त्सधस्थे अध्युत्तरस्मिन् विश्वेदेवा यजमानश्च सीदत ॥यजुः० अ० १५ मं०५४॥

જ્યારે અગ્નિ સમિધાઓમાં બરાબર પ્રવિષ્ટ થવા માંડે ત્યારે ચંદન અથવા પલાશાદિથી ત્રણ સમિધા લઇને ઘીમાં બોળીને નીચેના એક એક મંત્રવડે તે અગ્નિમાં અર્પવી.—

ओं अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्ववर्धस्व चेद्ध वर्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा—इदमग्नये जातवेदसे—इदन्न मम ॥ १ ॥ सौत्रमन्त्रः ॥

આ મંત્રવડે એક સમિધા—

ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम्। आस्मिन् हव्या जुहोतन स्वाहा। इदमग्नये—इदन्न मम॥ ओं सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन। अग्नये जातवेदसे स्वाहा॥ इदमग्नये जातवेदसे—इदन्नमम॥ यजुः० अ० ३ मं० १-२

આ બે મંત્રોવડે બીજી સમિધા અર્પવી.

ओं तन्त्वा समिद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि। बृहच्छोचा यविष्ठ्य स्वाहा॥ इदमग्नयेऽङ्गिरसे इदन्न मम॥ ४॥ यजु० अ० ३ मं० ३ इ०

આ મંત્ર વડે ત્રીજી સમિધા અર્પવી પછી નીચેના મંત્ર વડે ધૃતાહુતિ પાંચ આપવી—

ओ३म् अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्ववर्धस्व चेद्ध वर्द्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा॥ इदमग्नये जातवेदसे—इदन्न मम॥ सौत्रमन्त्रः

તત્પશ્ચાત્ નિમ્ન લિખિત મંત્રોવડે વેદિની ચારે દિશાઓમાં પાણી છાંટવું:—

ओ३म् अदितेऽनुमन्यस्व॥ પૂર્વમાં;
ओ३म् अनुमतेऽनुमन्यस्व॥ પશ્ચિમમાં;
ओ३म् सरस्वत्यनुमन्यस्व॥ ઉત્તરમાં;

ओ३म् देव सवितः प्रसुव यज्ञं प्रसुव यज्ञपतिं भगाय। दिव्यो गन्धर्वः केतपूः केतं नः पुनातु वाचस्पतिर्वाचं नः स्वदतु॥ यजुः० अ० ३० मं० १

આ મંત્ર વડે વેદિની ચારે દિશાઓમાં પાણી છાંટવું. ત્યાર પછી આધારાવાજ્યભાગાહુતી ચાર તથા વ્યાહૃતિ આહુતિ ચાર આપવી. ઉપર પ્રમાણે આહુતિઓ આપ્યા પછી નિમ્ન લિખિત મંત્રો વડે ધૃતની આહુતિઓ આપવી:—

ओ३म् प्रजापतये स्वाहा इदं प्र०

ओं अग्ने प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पापी लक्ष्मीस्तनूस्तामस्या अपजहि स्वाहा—इदमग्नये—इदन्न मम॥ १॥ ओं वायो प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पापी लक्ष्मीस्तनूस्तामस्या अपजहि स्वाहा। इदं वायवे। इदन्न मम॥ २॥ ओं चन्द्र प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पापी लक्ष्मीस्तनूस्तामस्या अपजहि स्वाहा। इदं चन्द्राय इदन्न मम॥ ३॥ ओं सूर्य प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्म-

णस्त्वा नाथकाम उपधावामि यास्याः पापी लक्ष्मीस्तनूस्तामस्या अपजहि स्वाहा। इदं सूर्याय इदन्न मम ॥ ४ ॥ ओं अग्निवायुश्चन्द्रसूर्य्याः प्रायश्चित्तयो यूयं देवानां प्रायश्चित्तयः स्थ ब्राह्मणो वो नाथकाम उपधावामि यास्याः पापी लक्ष्मीस्तनूस्तामस्या अपहत स्वाहा ॥ इदमग्निवायुचन्द्रसूर्येभ्यः—इदन्न मम ॥ ५ ॥ ओं अग्ने प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पतिघ्नी तनूस्तामस्या अपजहि स्वाहा ॥ इदमग्नये । इदन्न मम ॥ ६ ॥ ओं वायो प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पतिघ्नी तनूस्तामस्या अपजहि स्वाहा ॥ इदं वायवे—इदन्न मम ॥ ७ ॥ ओं चन्द्र प्रायश्चिते त्वं देवानां प्रायश्चित्तरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पतिघ्नी तनूस्तामस्या अपजाहि स्वाहा ॥ इदं चन्द्राय इदन्न मम ॥ ८ ॥ ओं सूर्य प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्याः पतिघ्नी तनूस्तामस्या अपजहि स्वाहा ॥ इदं सूर्य्याय । इदन्न मम ॥ ९ ॥ ओं अग्निवायुश्चन्द्रसूर्याः प्रायश्चित्तयो यूयं देवानां प्रायश्चित्तयः स्थ ब्राह्मणो वो नाथकाम उपधावामि यास्यांः पतिघ्नी तनूस्तामस्या अपहत स्वाहा इदमग्निवायुचन्द्रसूर्येभ्यः । इदन्न मम ॥ १० ॥ ओं अग्ने प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपुत्र्यास्तनूस्तामस्या अपजाहि स्वाहा। इदं वायवे । इदन्न मम ॥ ११ ॥ ओं वायो प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपुत्र्यास्तनूस्तामस्या अपजहि स्वाहा। इदमग्नये । इदन्न मम ॥ १२ ॥ ओं चन्द्र प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपुत्र्यास्तनूस्तामस्या अपजाहि स्वाहा। इदं चन्द्राय इदन्न मम ॥ १३ ॥ ओं सूर्य प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपुत्र्यास्तनूस्तामस्या अपजहि स्वाहा इदं सूर्याय इदन्न मम ॥ १४ ॥ ओं अग्निवायुश्चन्द्रसूर्याः प्रायश्चित्तयो यूयं देवानां प्रायश्चित्तयः स्थ ब्राह्मणो वो नाथकाम उपधावामि यास्या अपुत्र्यास्तनूस्तामस्या अपहत स्वाहा। इदमग्निवायुचन्द्रसूर्येभ्यः । इदन्न मम ॥ १५ ॥ ओं अग्ने प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपसव्यास्तनुस्तामस्या अपजहि स्वाहा। इदमग्नये । इदन्न मम ॥ १६ ॥ ओं वायो प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपसव्यास्तनूस्तामस्या अपजहि स्वाहा । इदं वायवे । इदन्न मम ॥ १७ ॥ ओं

चन्द्र प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपसव्या स्तनूस्तामस्या अपजहि स्वाहा। इदं चन्द्राय। इदन्न मम॥१८॥ ओं सूर्य प्रायश्चित्ते त्वं देवानां प्रायश्चित्तिरसि ब्राह्मणस्त्वा नाथकाम उपधावामि यास्या अपसव्या तनूस्तामस्या अपजहि स्वाहा। इदं सूर्याय। इदन्न मम॥१९॥ ओं अग्निवायुचन्द्रसूर्याः प्रायश्चित्तयो यूयं देवानां प्रायश्चित्तयः स्थ ब्राह्मणो वो नाथकाम उपधावामि यास्या अपसव्या तनूस्तामस्या अपहत स्वाहा। इदमग्निवायुचन्द्रसूर्येभ्यः। इदन्न मम॥ २०॥

આ વીશ મંત્રોથી આહુતી આપવી * અને આ વિશ આહુતી આપ્યા પછી જે કંઈ ઘી બચે તે કાંસાના પાત્રમાં કાઢીને રાખી દેવું ત્યાર પછી ભાતની આહુતી આપવા નીચે પ્રમાણે વિધિ કરવો. એક ચાંદી અથવા કાંસાના પાત્રમાં ભાત રાખીને તેમાં ઘી દુધ તથા શાકર મેળવી તેને થોડી વાર રાખી જ્યારે ઘી વીગેરે ભાતમાં એક રસ થઈ જાય ત્યારે નીચે લખ્યા પ્રમાણે એકેક મન્ત્રથી એકેક આહુતી અગ્નિમાં આપવી અને સ્રુવામાંનું શેષ પાસે રાખેલાં કાંસાના જળ પાત્રમાં મુકતાં જવું. પછી આ છ મંત્રોથી ભાતની આહુતી આપવી.

ओं अग्नये पवमानाय स्वाहा॥ इदमग्नये पवमानाय। इदन्न मम॥ १॥ ओं अग्नये पावकाय स्वाहा॥ इदमग्नये पावकाय। इदन्न मम॥२॥ ओं अग्नये शुचये स्वाहा॥ इदमग्नये शुचये। इदन्न मम॥ ३॥ ओं अदित्यै स्वाहा॥ इदमदित्यै इदन्न मम॥ ४॥ ओं प्रजापतये स्वाहा। इदं प्रजापतये। इदन्न मम॥ ५॥ ओं यदस्य कर्मणोऽत्यरीरिचं यद्वा न्यूनमिहाकरम्‌ अग्निष्टित्स्विष्टकृद्विद्यात्सर्वं स्विष्टं सुहुतं करोतु मे। अग्नये स्विष्टकृते सुहुतहुते सर्वप्रायश्चित्ताहुतीनां कामानां समर्धयित्रे सर्वान्नः कामान्समर्धय स्वाहा॥ इदमग्नये। इदन्न मम॥ ६॥

પછી સામાન્ય પ્રકરણમાં પૃષ્ઠ ૧૬ તથા ૧૭ માં લખ્યા પ્રમાણેની અષ્ટ આજ્યાહુતિ આપવી તથા નિમ્નલિખિત મન્ત્રોથી પણ આજ્યાહુતી મોહન ભોગની આહુતી દેવી.

विष्णुर्योनिं कल्पयतु त्वष्टा रूपाणि पिंशतु। आसिञ्चतु प्रजापतिर्धाता गर्भं दधातु ते स्वाहा॥१॥ गर्भं धेहि सिनीवालि गर्भं धेहि सरस्वति। गर्भं ते अश्विनौ देवावाधत्तां पुष्करस्रजौ स्वाहा॥ २॥ हिरण्ययी अरणी यं निर्मन्थतो अश्विना। तं ते गर्भं हवामहे दशमे मासि सूतवे स्वाहा॥ ३॥ ऋ० मं० १०। सू० ८४॥

रेतो मूत्रं विजहाति योनिं प्रविशदिन्द्रियम्। गर्भो जरायुणावृत उल्वं जहाति

---

* આ વીશ આહુતિઓ દેતી વખતે સ્ત્રી પોતાનો જમણો હાથ વરના જમણા સ્કંધને અડાડી રાખે.

जन्मना ॥ ऋतेन सत्यमिन्द्रियं विपान१ शुक्रमन्धस इन्द्रस्येन्द्रियमिदं पयोऽमृतं मधु स्वाहा ॥ यत्ते सुसीमे हृदयं दिवि चन्द्रमसि श्रितम् । वेदाहं तन्मां तद्विद्याद् ॥ पश्येम शरदः शतं जीवेम शरदः शत१ शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् स्वाहा ॥ ५ ॥ यजुर्वेदे ॥

यथेयं पृथिवी मही भूतानां गर्भमादधे ॥ एवा ते ध्रियतां गर्भोऽनु सूतुं सवितवे स्वाहा ॥ ६ ॥ यथेयं पृथिवीमही दाधारेमान् वनस्पतीन् । एवा ते ध्रियतां गर्भो अनु सूतु सवितवे स्वाहा ॥ ७ ॥ यथेयं पृथिवी मही दाधार पर्वतान् गिरीन् । एवा ते ध्रियतां गर्भो अनु सूतुं सवितवे स्वाहा ॥ ८ ॥ यथेयं पृथिवी मही दाधार विष्ठितं जगत् । एवा ते ध्रियतां गर्भोऽ अनु सूतुं सवितवे स्वाहा ॥ ९ ॥ अथर्व० कां० ६ । सू० १७ ॥

આ નવ મંત્રોથી નવઘીની અને મોહન ભોગની આહુતી આપી નીચે પ્રમાણે ઘૃતાહુતી આપવી.

ओं भूरग्नये स्वाहा इदमग्नये । इदन्न मम ॥ १ ॥ ओं भुवर्वायवे स्वाहा । इदं वायवे इदन्न मम ॥ २ ॥ ओं स्वरादित्याय स्वाहा । इदमादित्याय इदन्न मम ॥३॥ ओम् भूर्भुवःस्वरग्निवाय्वादित्येभ्यः प्राणापानव्यानेभ्यः स्वाहा । इदमग्निवाय्वादित्येभ्यः प्राणापानव्यानेभ्यः । इदन्न मम ॥ ४ ॥

ओम् अयास्यग्नेर्वषट्कृतं यत्कर्मणोऽत्यरीरिचं देवा गातुविदः स्वाहा । इदं देवेभ्यो गातुविद्भ्यः । इदन्न मम ॥ १ ॥ ओं प्रजापतये स्वाहा । इदं प्रजापतये । इदन्न मम ॥ २ ॥

ઉપર પ્રમાણે સઘળી આહુતિઓ આપ્યા પછી ઉપલા મંત્ર વડે સ્વિષ્ટકૃત આહુતિ ઘીની આપવી.

*ओं यदस्य कर्मणोऽत्यरीरिचं यद्वा न्यूनमिहाकरम् । अग्निष्टत्स्विष्टकृद्विद्यात्सर्वंस्विष्टं सुहुतं करोतु मे । अग्नये स्विष्टकृते सुहुतहुते सर्व प्रायश्चित्ताहुतीनां का-

---

* (अयास्यग्ने०) હે સજ્જન રક્ષક પ્રભો ! વષટ્કૃત મંત્રો તથા ગાન વિદ્યામાં નિપુણ વિદ્વાનો વડે કરેલા આ કર્મમાં જે ન્યુનતા રહી હોય તે ક્ષમા કરશો.

मानां समर्द्धयित्रे सर्वान्नः कामान्त्समर्धय स्वाहा ॥ इदमग्नये स्विष्टकृते। इदन्न मम॥ शत० ब्रा० कां० १४ अ० ९ प्र० ७ कं० ५

આ સર્વ આહુતિયો થઇ રહ્યા પછી પ્રત્યેક આહુતિ આપતી વખતે સ્રુવામાંનું શેષ ઘી જે કાંસાના ઉદક પાત્રમાં એકઠું કરતા આવ્યા હોય તે યજમાન પત્નીએ લઈ સ્નાનઘરમાં જઇ પોતાના શરીરે પગના નખથી તે માથાં સુધી ચોળીને પછી ગરમ પાણીથી સ્નાન કરવું. તત્પશ્ચાત્ શુદ્ધ વસ્ત્રથી શરીર કોરૂં કરી, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી કુંડ પાસે આવવું. વહુ આવે ત્યાર પછી વહુવર બન્નેએ કુંડની પ્રદક્ષિણા કરીને સૂર્યનું દર્શન કરવું અને તે વખતે નિમ્ન લિખિત મંત્ર વડે પરમેશ્વરનું ઉપસ્થાન કરવું—

§ ओं आदित्यं गर्भं पयसा समङ्ग्धि सहस्रस्य प्रतिमां विश्वरूपम्। परिवृङ्धि हरसा माभिमꣳस्थाः शतायुषं कृणुहि चीयमानः ॥ १ ॥ यजु० अ० १३ मं० ४१॥ सूर्यो नो दिवस्पातु वातो अन्तरिक्षात्। अग्निर्नः पार्थिवेभ्यः ॥२॥ जोषा सवितर्यस्यते हरः शतं सवाँ अर्हति। पाहि नो दिद्युतः पतन्त्याः ॥ ३ ॥ चक्षुर्नो देवः सविता चक्षुर्न उत पर्वतः। चक्षुर्धाता दधातु नः ॥ ४ ॥ चक्षुर्नो धेहि चक्षुषे चक्षुर्विख्यै तनूभ्यः। सं चेदं वि च पश्येम ॥ ५ ॥ सुसंदृशं त्वा वयं प्रतिपश्येम सूर्य। विपश्येम नृचक्षसः ॥ ६ ॥ ऋ० मं० १० अ० १२ सू० १५८ मं० १–२–३–४–५ ॥

આ પ્રમાણે પરમાત્માનું ઉપસ્થાન કર્યા પછી વહુ નીચે પ્રમાણે વાક્ય બોલીને પતિને નમસ્કાર કરે:—

---

§ (आदित्यं गर्भं०) હે પરમાત્મન્ આ ગર્ભને સુખ પૂર્વક વધાર; તથા આદિત્યવત્ તેજસ્વી કર; ગર્ભને અમૃતનો ભાગી કર તથા જગતના રૂપ લાવણ્યયુક્ત હજારો મનુષ્યોમાં તે એક દૃષ્ટાંતરૂપ થાય તેમ કર; તેનાં સર્વ દુઃખોનું હરણ કર. આ ગર્ભનું હનન ન કરતાં તે સો વર્ષ સુધી જીવે તેમ કરો. ૧.

(सूर्यो नो०) દ્યુસ્થાનમાંથી થનારાં વિઘ્નોથી જગદુત્પાદક પરમાત્મા અમારૂં રક્ષણ કરો; અન્તરિક્ષમાંથી થતાં વિઘ્નોથી ચરાચર જગત્ વ્યાપી પરમાત્મા અમારૂં રક્ષણ કરો; તથા પાર્થિવ પદાર્થોથી થનારાં વિઘ્નોથી જ્ઞાનસ્વરૂપ પરમાત્મા અમારૂં રક્ષણ કરો.

(ज्योषा सवि०) હે જગદીશ્વર ! અનેક પ્રકારે દુષ્ટ જનોનું હનન કરનાર તારા બાહુ અમને ત્રિવિધ દુઃખથી રક્ષો.

(चक्षुः नः) જગદુદ્ધારક પરમાત્મા અમારી દૃષ્ટિને સૂર્ય સમાન તેજસ્વી અને પર્વત સમાન દૃઢ કરો.

ओं (अमुक (१) गोत्रा शुभदा, अमुक (२) अहं भवन्तमभिवादयामि *)

આ પ્રમાણે પતિને નમસ્કાર કર્યા પછી પોતાના માતાપિતા પિતામહાદિ અથવા જે કોઇ બીજા માનનીય પુરૂષો તથા પતિની માતા તથા કુટુંબની અન્ય વૃદ્ધ સ્ત્રીઓ આવ્યાં હોય તેને પણ એજ પ્રમાણે નમન કરે. આ પ્રમાણે વધૂવરના ગોત્રમાં ભળે અર્થાત્ વધુ પત્નીત્વ અને વર પતિત્વને પ્રાપ્ત થયા પછી બન્ને જણે શુભાસન ઉપર પૂર્વાભિમુખે વેદીના પશ્ચિમ ભાગમાં બેસીને વામદેવ્ય ગાન કરવું. તત્પશ્ચાત્ યથોક્ત (૩) ભોજન બન્ને જણે કરવું; અને પુરોહિતાદિ સર્વ મંડળીને સન્માનાર્થે યથાશક્તિ ભોજન કરાવીને આદરસત્કાર પૂર્વક સર્વને વિદાય કરવાં.

(चक्षुर्नो धेहि०) હે જગદીશ્વર! અમારી આંખો તથા અમારાં સંતાનોની આંખોમાં દિવ્ય દૃષ્ટિ આપો, કે જેથી અમે સારી રીતે જોઇ શકીએ.

(सुसन्दृशं०) હે જગદુત્પાદક પ્રભો ! અમે તારી પેઠે સજ્જનોને સમાનદૃષ્ટિથી અને દુષ્ટોને ક્રોધની દૃષ્ટિથી જોઇએ.

૧ **अमुक** શબ્દની જગાએ પતિના ગોત્રનું નામ બોલવું.

૨ **अमुक** શબ્દની જગાએ સ્ત્રીએ પોતાનું નામ બોલવું.

* અમુક ગોત્રા અમુક હું આપને અભિવંદન કરૂં છું.

૩ ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવાનો મુખ્ય આધાર પતિપત્નીના આહાર ઉપર છે. માટે તેમણે પોતાના શરીર તથા આત્માની પુષ્ટિને માટે બલ તથા બુદ્ધિ આદિ વર્દ્ધક સર્વૌષધીનું સેવન કરવું જોઇએ.

स यः कामयेत महत्प्राप्नुया मित्युदगयन आपूर्यमाणपक्षे पुण्याहे द्वादशाहमुपसद्व्रतीभूत्वौदुंबरे क ँ से चमसेवा सर्वौषधं फलानीति सम्भृत्य परिसमुह्य परिलिप्याग्नि मुपसमाधायावृताज्य ँ संस्कृत्य पु ँ सा नक्षत्रेण मन्थ ँ संनीय जुहोति ॥ शतपथ ब्रा० कां० १४ अ० ९ ब्रा० ८ कं १

અર્થ:—જે પુરૂષની કામના હોય કે મારે મહા શ્રેષ્ઠ ગુણયુક્ત સંતાનની પ્રાપ્તિ કરવી છે તેણે પોતાની પ્રસન્નતાને દિવસથી બાર દિવસ સુધી વ્રત અર્થાત્ મિતાહારી થઇને, ઉમરડાના લાકડાનું એક પાત્ર જમાય તેવું અને તેજ લાકડાની રવઇ બનાવરાવીને તેમાં દૂધની સાથે સર્વૌષધી મેળવીને તેને જમાવવી; અને દહીં બને એટલે તેને વલોવીને તેનું ઘી કરવું. આ ઘીમાંથી થોડું ઘી લઇને દરરોજ સુગંધીત હવન સામગ્રીની સાથે સાયંપ્રાત: અગ્નિહોત્ર કરવો અને તે ઘી પતિપત્નીએ ખાવું. સર્વૌષધી નીચે પ્રમાણે છેઃ—આંબાહળદર, ખાવાની હળદર, ચંદન મોરવેલ, કુષ્ટ, જટામાંસી, મુરા, શિલાજીત, કપુર, નાગરમોથ, અને ભદ્રમોથ.

આ ઔષધીને મેળવવાનું તથા તેનું ઘી બનાવવાનું પ્રમાણ આ પ્રમાણે છે. ઉપરની સઘળી ઔષધી સમાન ભાગે લઇને તેને ખાંડીને બારીક કરવી. પછી એક શેર ગાયના દૂધમાં નવટાંક ઔષધી મેળવી તે દુધને જમાવવું. તેનું દહીં થયા પછી વલોવી માખણ

તત્પશ્ચાત્ રાત્રિમાં નિયમિત સમયે જ્યારે બન્નેનાં શરીર આરોગ્ય, મન અત્યંત પ્રસન્ન અને બંનેમાં અત્યન્ત પ્રેમની વૃદ્ધિ થઇ હોય તે સમયે ગર્ભાધાન ક્રિયા કરવી. ગર્ભાધાનનો સમય રાત્રિનો પ્રથમ પ્રહર વીત્યા પછીથી એક પ્રહર રાત્રિ બાકી રહે ત્યાં સૂધીનો છે. ગર્ભાધાન ક્રિયા વખતે જ્યારે વીર્ય સ્ખલનનો સમય થાય ત્યારે બંને જણે સ્થિર શરીર તથા પ્રસન્ન વદન થઇને* મુખના સામે મુખ તથા નાસિકાની સામે નાસિકાદિ અવયવો રાખી પુરૂષે વીર્યનો પ્રક્ષેપ કરવો. આ સમયે પુરુષે પોતાનો શ્વાસ નીચો છોડવો; અને સ્ત્રીએ પોતાની મૂલેન્દ્રિય તથા યોનીન્દ્રિનું શ્વાસની ઉર્ધ્વગતિદ્વારા સંકોચન કરી વીર્યને ગર્ભાશયમાં સ્થિત કરવું. તત્પશ્ચાત્ જ્યારે બંનેનાં શરીર તથા નાડીની ચેષ્ટા શિથિલ થઈ જાય ત્યારે બંનેએ પૃથક થઈ, દશ પંદર મિનિટ રોકાઇને સ્નાન કરવું. જો આ વખતે શિયાળો હોય તો પ્રથમ કેશર, કસ્તુરી, જાયફળ, જાવંત્રી, તથા ઇલાયચી નાંખીને ગરમ કરી રાખેલું ઠંડું દૂધ યથારૂચિ પીને સ્નાન કર્યા વિના પૃથક પૃથક સુઇ જવું.

કાઢવું, અને તેને તાવીને ઘી કરવું. પછી તે ઘીમાં એક શેર ઘીએ એક રત્તી કસ્તુરી, એક માસો કેશર એક માસો જાયફલાદિ સુગંધી પદાર્થ મેળળવાં. અને પૃષ્ઠ ઉપર લખેલ **विष्णुर्योनिम्** ઇત્યાદિ સાત મંત્રોવડે સવારસાંજ અગ્નિહોત્ર સમયેજ આહુતિ આપવી અને બાકીના ઘીનું પતિ પત્નીએ સેવન કરવું. આ ઘીનું સેવન ભાત અથવા ઘઉંના ખોરાક સાથે સેવન કરવું. આ પ્રમાણે યથારૂચિ ભોજન કરી ગર્ભસ્થાપન કરે તો સુશીલ, વિદ્વાન્, દીર્ઘાયુ, તેજસ્વી; સુદૃઢ તથા નિરોગી પુત્ર ઉત્પન્ન થાય. (ભાષાન્તર કર્ત્તા) .

अथ य इच्छेत् । दुहिता मे पण्डिता जायेत सर्वमायुरियादिति दध्योदनं पाचयित्वा सर्पिष्मन्तमश्नियाताम् ॥ शतपथ ब्रा० कां० १८ अ० ९

જેને એવી ઇચ્છા હોય કે મને વિદુષી અને સો વર્ષ જીવે તેવી પુત્રીની પ્રાપ્તિ થાય તેણે પૂર્વોક્ત દહીંની સાથે તલ તથા ચોખા રાંધીને પૂર્વોક્ત ઘી સહિત ખાવા. આ પ્રમાણે કરવાથી ઉત્તમ કન્યા પણ થાય છે. કારણ કેઃ—

आहार शुद्धौ सत्त्व शुद्धिः सत्त्व शुद्धो ध्रुवा स्मृतिः ॥ छान्दोग्योपनि० अ० ७ खं० २६ मं० २

અર્થાત્ મદ્યમાંસાદિ રહિત ઘૃત, ઘઉં, દૂધ, ચોખા આદિ શુદ્ધ આહારનું સેવન કરવાથી અન્તઃકરણની શુદ્ધિ, બલ, પુરૂષાર્થ, આરોગ્ય તથા બુદ્ધિની પ્રાપ્તિ થાય છે. માટે પૂર્ણ યુવાવસ્થામાં વિવાહ કરી ઉપર લખ્યા પ્રમાણે ગર્ભાધાન કરે તો સન્તાન તથા કુલ નિત્યપ્રતિ ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થાય. જેમ સર્વ પદાર્થોને ઉત્કૃષ્ટ બનાવવાની વિદ્યા છે, તેમ સન્તાનોને ઉત્કૃષ્ટ કરવાની આજ વિદ્યા છે. માટે મનુષ્યોએ આના ઉપર બહુજ ધ્યાન આપવું જોઇએ. કારણ કે એમ ન થવાથી કુલની હાની અને તે પ્રમાણે થવાથી કુલની વૃદ્ધિ તથા ઉત્તમતા અવશ્ય થાય છે.

*** अथ यामिच्छेत् । गर्भं दधीतेति तस्यामथ निष्ठाप्य मुखेन मुखꣳसन्धायापान्याभिमायाण्यादिन्द्रयेण ते रेतसा रेत आदधामीति गर्भिण्येव भवति ॥ शतपथ ब्रा०कां० १४ अ० ९ म ७ आ ४ कं १०**

જો સ્ત્રીપુરૂષને દૃઢ નિશ્ચય થાય કે ગર્ભ સ્થિર થઈ ગયો તો બીજેજ દિવસે નીચે લખેલ મંત્રો વડે ઘૃતાહુતિ આપવી; અને જો ગર્ભ રહ્યાનો દૃઢ નિશ્ચય ન હોય તો એક માસ પછી રજસ્વલા થવાના સમયે સ્ત્રી રજસ્વલા ન થાય તો નિશ્ચય જાણવું કે ગર્ભ સ્થિત થયો છે; અને આ પ્રમાણે જાણ્યા પછી નિમ્ન લિખિત મંત્રો વડે આહુતિ આપવી. મતલબ બીજે દિવસે અથવા બીજા મહિનામાં આહુતિ આપવીઃ—

***यदि नाधीयात् तृतीये गर्भमासे तिष्येणो पोषितायाः सरूपनत्साय। गो-र्दधनि मासौ यवं च दधि प्रसतेन प्राशयेत् ॥ १ ॥ किं पिबसि किं पिबसीति पृष्ट्वा पुंसवनं पुंसवन मिति त्रिः प्रतिजानीयात् ॥ २ ॥ आश्व०गृ० अ० १ खं० १३ सू० २-३**

सा यदि गर्भं न दधीत सिंह्याः श्वेतपुष्पा उपोष्य पुष्येण मूलमुत्थाप्य चतुर्थेऽहनि स्नानायां निशायामुदशेषं पीष्ट्वादक्षिण नासिकायामासिञ्चति ॥ पारस्कर गृह्यसूत्र अ० १ । कं० १३ । सू० १ ।

---

* જો એ ઋતુકાલ વ્યર્થ જાય અર્થાત્ એ માસમાં એવાર ગર્ભાધાન ક્રિયા નિષ્ફલ જાય-ગર્ભસ્થિતિ ન થાય તો ત્રીજા માસમાં ઋતુકાલ આવે ત્યારે પુષ્ય નક્ષત્ર યુક્ત દિવસના પ્રાતઃકાલમાં પ્રથમ વિઆયેલી ગાયનું દહીં બે માસા અને જવના દાણાને શેકીને તેનો લોટ બનાવીને તે બેમાસા લઈ તે બંનેને મેળવવાં; અને પોતાની પત્નીના હાથમાં આપીને પતિએ પૂછવું કે "**किं पिबासि**" (શું પીયે છે?) આ પ્રમાણે ત્રણવાર પૂછવું; અને આ વખતે સ્ત્રી પોતાના પતિને દરેક ફેરે "**पुंसवनम्**" (પુંસવન) એ પ્રમાણે બોલીને એના પ્રશ્નનો જવાબ આપે અને તે મિશ્રણને ત્રણ વાર ચાટતી જાય. ત્યાર પછી શંખાવળી તથા સફેદ ફુલની ભોંય રીંગણીને પાણીમાં બારીક વાટી તેને કપડામાં નાખી ગાળીને રસ કાઢવો; અને આ રસ રાત્રિને સમયે પતિએ પોતાની પત્નીની ડાબી નાસિકામાં સિંચન કરવો અને નીચેના મંત્ર વડે ઇશ્વરની પ્રાર્થના કરવીઃ—

ओ३म् इयमोषधी त्रायमाणा सहमाना सरस्वती । अस्या अहं बृहत्याः पुत्रः पितु रिव नाम जग्रभम् ॥ पा० गृ० सू० कां० १ । कं० १३ । सू० १ ॥

ભાવાર્થઃ—હે પરમાત્મન્! આ ઔષધીઓના ગર્ભની રક્ષા કરનાર, સહનકારક શુદ્ધ, વાગિન્દ્રિયકારક થાઓ, આ સ્ત્રીનો પુત્ર આપની કૃપાથી મોટો થાય અને તેનું નામ હું પાડું.

આ પ્રમાણે ગર્ભાધાન ક્રિયા કરવી એવો સૂત્રકારોનો મત છે.

વિવાહિત સ્ત્રિપુરૂષોએ પરસ્પર એક બીજાને ચહાવાં જોઇએ અને ત્યાર પછી ગર્ભાધાનની ઇચ્છા કરવી. તે બંને જણે ગર્ભસ્થાપન સમયે અર્થાત્ જ્યારે વીર્યસ્ખલનનો સમય થાય ત્યારે બન્નેએ સ્થિત થઇ પોતાનાં શરીર સીધાં રાખી પ્રત્યેક અથવા એક બીજાના અવયવની સામે રાખી વીર્યનું સિંચન આકર્ષણ કરવું.

यथा वातः पुष्करिणीं समिङ्गयति सर्वतः। एवा ते गर्भ एजतु निरैतु दशमास्यः स्वाहा ॥ १ ॥ यथा वातो यथा वनं यथा यथा समुद्र एजति। एवात्वं दशमास्य सहावें हिजरायुणा स्वाहा ॥ २ ॥ दशमासाञ्छयानः कुमारो अधि मातरि। निरैतु जीवो अक्षतो जीवो जीवन्त्या अधि स्वाहा ॥ ३ ॥ ऋ० मं० ५ सू० ७९ मं० ७-८-९

एजतु दशमास्यो गर्भो जरायुणा सह। यथायं वायु रेजति यथा समुद्र एजति। एवायं दशमास्यो अस्रज्जरायुणा सह स्वाहा ॥ १ ॥ यस्यै ते यज्ञियो गर्भो यस्यै योनिर्हिरण्ययी। अङ्गान्यह्रुता यस्य तं मात्रा समजीगम ँ स्वाहा ॥ २ ॥ यजुः० अ० ८ मं० २८-२९

पुमा ँ सौ मित्रावरुणौ पुमां ँ सावश्विनावुभौ। पुमानग्निश्चः वायुश्च पुमान् गर्भस्तवोदरे स्वाहा ॥ १ ॥ पुमानग्निः पुमानिंद्रः पुमान्देवो बृहस्पतिः। पुमा ँ सं पुत्रं विन्दस्व तंपुमाननु जायतां स्वाहा ॥ २ ॥ सामवेदमंत्र ब्रा० प्रपा० १ खं० ४ मं० ८-९

આ મંત્રોવડે આહુતિઓ આપીને—

ओम् सर्वं वै पूर्ण ँ स्वाहा ॥

આ મંત્ર વડે પૂર્ણાહુતિ આપવી. ત્યાર બાદ સ્ત્રીના ભોજન છાદનનો સુનિયમ કરવો. અર્થાત્ તેને કોઈ પણ જાતનો માદક મદ્યઆદિ, રેચક હરડે આદિ, ક્ષાર અધિક મીઠું, અધિક ખાટું; રૂક્ષ જવ કે ચણા આદિ તથા અતિ તીખા મરચાં વગેરે કદી પણ ખાવા ન

જેમ વાટિકાસ્થ જલાશયના જલને વાયુ ધીરેધીરે હલાવે છે તેમ હે સ્ત્રી! તારો ગર્ભ પ્રાણાદિ શક્તિયુક્ત થઇને ધીરે ધીરે ચેષ્ટા કરે તથા સુખપૂર્વક દશમે માસે જન્મ પામે ૧.

જેમ વાયુ, વન તથા સમુદ્ર ધીરેધીરે ચેષ્ટા કરે છે, તેમજ હે ગર્ભ! પરમાત્માની કૃપાથી જરાયુ સહિત પૂર્ણદશમા માસ સુધી ગર્ભમાં ધીરે ધીરે ચેષ્ટા કરીને પછી સુખપૂર્વક બહાર આવ ૨.

માતાના ઉદરમાં દશ માસ સુધી શયન કરીને અક્ષત જીવિત કુમાર બહાર આવે; તથા તેની માતા પણ નિરોગી અને તે જન્મેલો બાલક પણ આનંદપૂર્વક રહે એવા કૃપા પરમાત્મા અમારા ઉપર કરો.

હે પરમાત્મન્! જેવી રીતે પવન ચાલે છે, અથવા સમુદ્ર પોતાના તરંગોમાં ઉછળે છે તેવી રીતે અમારો આ ગર્ભ પૂર્ણ દશમાસ સુધી ક્રમથી વધે અને બરાબર દશ માસનો થઇનેજ જન્મે.

હે પરમાત્મન્! આ રોગરહીત શુદ્ધ ગર્ભાશયવાળી સ્ત્રીમાં જે યજ્ઞને યોગ્ય ગર્ભ છે, તથા જે ગર્ભનાં સુંદર અંગ છે એવા તે આ ગર્ભની કામના કરનારી સ્ત્રીની સાથે સમાગમ કરાને ધર્મયુક્ત ક્રિયાથી બરાબર ગર્ભની પ્રાપ્તિ કરૂં.

દેવું; પરંતુ ઘી, દુધ, મિષ્ટાન્ન, સોમલતા અર્થાત્ ગળો આદિ પૌષ્ટિક ઔષધિ, ભાત, દહીં (મોળું) ઘઉં, અડદ, મગ, તુવરની દાળ આદિ અન્ન તથા પુષ્ટિકારક શાક ખાવા દેવાં. આ પદાર્થોની સાથે ઋતુ ઋતુના મશાલા ગર્મીમાં ઠંડા ઈલાયચી વગેરે તથા શરદીમાં કેશર, કસ્તુરી આદિ નાખીને ખાવાં. યુક્ત આહાર વિહાર સદા કરવાં *દહીંમાં સુંઠ તથા બ્રાહ્મી ઔષધીનું સેવન સ્ત્રીએ વિશેષ કરી કરવું જેથી સંતાન અતિ બુદ્ધિમાન, રોગરહિત અને શુભગુણકર્મ સ્વભાવવાળું થાય.

इति गर्भाधानविधिः समाप्तः ॥

॥ अथ पुंसवनम् ॥

પુંસવન સંસ્કારનો સમય ગર્ભસ્થિતિનું જ્ઞાન થયાના સમયથી બીજા અથવા ત્રીજા માસ સુધી છે. એજ વખતે પુંસવન સંસ્કાર થવો જોઇએ; જેથી પુરુષત્વ અર્થાત્ વીર્યનો લાભ થાય. જ્યાં સુધી બાળકનો જન્મ થયા પછી બે માસ વીતી ન જાય ત્યાં સુધી પુરૂષે બ્રહ્મચારી રહેવું અને સ્વપ્નમાં પણ વીર્યનો નાશ ન થવા દેવો. ભોજન છાદન, શયન, જાગરણાદિ વ્યવહાર એવી રીતે કરવો કે જેથી વીર્ય દૃઢ રહીને બીજું સન્તાન પણ ઉત્તમ બલિષ્ઠજ થાય.

---

*આ દહીં ઘેર જમાવેલું અને તદ્દન મોળું અને મલાઈવાળું હોવું જોઇએ; અને તેમ ન બને તો ગાયનું ઉત્તમ દુધ લેવું તે વધારે સારૂં.

ગર્ભ વૃદ્ધ્યુપાયઃ—

वरी विश्वा च गंधा च मधुकं भृंगराट् समम् । अजादुग्धेन पानं तु नार्या गर्भस्य वृद्धिकृत् ॥

શતાવરી, સુંઠ, આસન, જેઠીમધ, ભાંગરો, આ વસ્તુઓને સમભાગે લઇ બારીક વસ્ત્ર ગાળ ચુર્ણ કરીને તેમાંથી પા તોલો બકરીના તાજા પાશેર દુધ જોડે પાવાથી ગર્ભની વૃદ્ધિ સારી થાય છે.

ગર્ભસ્ત્રવણોપાયઃ—

पीत्वा तंदुलतोयेन तंदुलयस्य जटा ऋतौ । पतद्गर्भा च यानारी स्थिर-गर्भा प्रजायते ॥

તાંદળજાની ભાજીનાં મૂળીયાં ઋતુ સમયે ચોખાના ધોવરામણમાં વાટીને પીએ તો જે સ્ત્રીનો ગર્ભ બીજે, ત્રીજે અગર ચોથે માસે સ્ત્રવીજતો હોય તે બંધ થઈ સ્થિર ગર્ભા થાય છે. (ભા. ક.)

पुमा ꣳसौ मित्रावरुणौ पुमा ꣳसा वश्विनावुभौ ।
पुमानग्निश्च वायुश्च पुमान् गर्भस्तवोदरे ॥ १ ॥
पुमानग्नि पुमानिन्द्रः पुमान्देवो बृहस्पतिः ।
पुमा ꣳसं पुत्रं विन्दस्व तं पुमाननु जायताम् स्वाहा ॥ २ ॥
सामवेदमन्त्र ब्राह्म० प्रपा० १ खं० ४ मं. ८–९

शमीमश्वत्थआरूढस्तत्र पुंसवनं कृतम् ।
तद्वै पुत्रस्य वेदनं तत्स्त्रीष्वा भरामसि ॥ १ ॥
पुंसि वै रेतो भवति तत्स्त्रियामनुषिच्यते ॥
तद्वै पुत्रस्य वेदनं तत्प्रजापतिरब्रवीत् ॥ २ ॥
प्रजापतिरनुमतिः सिनीवाल्यचीक्लृपत् ।
स्त्रैषूयमन्यत्र दधत्पुमांसमुदधदिह ॥ ३ ॥
अथर्व० कां० ६ सू० ११

આ મંત્રોનો અભિપ્રાય એજ છે કે પુરૂષે વીર્યવાન થવું જોઇએ. આશ્વલાય ન ગૃહ્ય સૂત્રમાં કહ્યું છે કેઃ—

(पुमा ꣳसौ०) જેમ પ્રાણ અને અપાન, અશ્વિનૌ–પૃથ્વી તથા આકાશ અગ્નિ તથા વાયુ પુરૂષગુણયુક્ત છે; તેમજ તારા ઉદરમાં પુરૂષરૂપ ગર્ભ થયો અને તેનું તું યથાવત્ સંરક્ષણ કર- ૧

(पुमानग्निः०) હે સ્ત્રિ ! જઠરાગ્નિ, વાયુ, સૂર્ય એ જેવા પુરૂષગુણયુક્ત છે તેવો પુત્ર તને પ્રાપ્ત થાઓ; તથા તેના પછી પણ તેવાજ પુત્રો ઉત્પન્ન થાઓ ૨.

(शमीमश्वत्थ०) જેમ શમી વૃક્ષપર પીંપળો આરુઢ થાય છે, તેમ શમી સ્થાનીય સ્ત્રી અને અશ્વત્થ (પિંપળો) સ્થાની પુરૂષ, એ બંનેના સમાગમ પૂર્વક ગર્ભસ્થિતિ કરીને પુંસવન–પુરૂષત્વનો લાભ લેવાય છે. આમાં વિપરીતતા થયાથી નથી થતો. પુત્રના પ્રાપ્તિનો આજ ઉપાય છે; માટે વીર્ય સેચનદ્વારા ગર્ભનું ધારણ પોષણ અમે કરીએ છીએ.

(पुंसि वै०) પુરૂષમાં વીર્ય ઉત્પન્ન થાય છે, અને તેને સ્ત્રીમાં સેચન કરે છે. આજ ઉપાય પુત્ર પ્રાપ્તિનો છે; અને પરમાત્માએ સર્વને ઉપદેશ કરેલો છે. ૨

(प्रजापति०) તે પ્રજાપતિ–પરમાત્મા સર્વવિદ્યા તથા ધર્મનો ઉપદેષ્ટા છે, પ્રેમાદિ ઉત્તમ વ્યવહારો વડે જે બનવાય છે, તથા જે સુકુમાર્યાદિ ગુણયુક્ત અથવા ઉત્તમ કેશ યુક્ત સ્ત્રી ગર્ભધારણમાં સમર્થ હોય છે, તેમાંજ પુરૂષ ગર્ભસ્થાપન કરે છે. કારણ કે સંસારમાં પરમાત્માએ સંતાનોત્પત્તિનો નિયમ નક્કી કર્યો છે કે ક્ષેત્ર રૂપ સ્ત્રી અને બીજરૂપ પુરૂષના સંયોગથીજ સંતાનોત્પત્તિ થાય. સ્ત્રી શિવાય અન્યત્ર મનુષ્યોત્પત્તિ નહિ થવી તે સાધારણ નિયમ છે. માટે સ્ત્રી અને પુરૂષે વીર્યની યથાવત્ રક્ષા કરીને ઉત્તમ ગર્ભને સ્થાપવો, અને તેની રક્ષા કરવી ૩

अथास्यै मंडलागारच्छायायां दक्षिणस्यां नासिकायामजीतामोषधींनस्तः करोति ॥१॥ प्रजावज्जीवपुत्राभ्यां हैके ॥२॥ आश्व०सू०अ०१ खं०१३सू०५-६.

अथ पुꣳसवनं पुरास्यन्दत इति मासे द्वितीये तृतीये वा ॥ १ ॥
पारस्कार० गृ० सू० कां० १-१४ ॥

આજ પ્રમાણે ગોભિલીય તથા શૌનક ગૃહ્યસૂત્રોમાં પણ લખેલું છે.

अथ क्रियारम्भः ॥

પૃષ્ઠ ૩ થી તે શાન્તિપ્રકરણ પર્યન્ત લખ્યા પ્રમાણે (**विश्वानि देव०**) ઇત્યાદિ વેદમંત્રોથી યજમાન તથા પુરોહિતાદિએ ઇશ્વરોપાસના કરવી તથા જેટલાં માણસો ત્યાં હાજર હોય તેમણે પણ ઇશ્વરોપાસનામાં ચિત્ત લગાડવું. એ પ્રમાણે સ્વસ્તિવાચન તથા શાન્તિપાઠ થઇ રહ્યા પછી પ્રથમથીજ તૈયાર કરી રાખેલા યજ્ઞકુંડ આગળ હવન સમિધા, સામગ્રી તથા પ્રસ્તુત સંસારમાં ઉપયોગી થનારાં સાધનો તૈયાર રાખવાં. ત્યાર બાદ પ્રથમ લખ્યા પ્રમાણે અગ્ન્યાધાન અગ્નિ પ્રજ્વલન કરીને (**अयन्त इध्म०**) ઇત્યાદિ મંત્રો વડે સમિદાધાન કરી (**अयन्त इध्म०**) એ મંત્રોવડે પાંચ ઘૃતાહુતિ આપવી. ત્યાર બાદ પ્રથમ લખ્યા પ્રમાણે (**अदितेनु०**) ઇત્યાદિ ચાર મંત્રો વડે જલ પ્રોક્ષણ કરી આઘા રાવાજ્ય-ભાગાહુતિ ચારા તથા વ્યાહૃતિ આહુતિ ચાર આપવી, સામાન્ય પ્રકરણમાં લખ્યા પ્રમાણે (**ओं प्रजापतये०**) ઇત્યાદિ મંત્રો વડે એક પ્રાજાપત્ય આહુતિ અને (**ओं यदस्य कर्मणां०**) એ સ્વિષ્ટકૃત આહુતિ આપવી. આ પ્રમાણે થયા પછી નીચે લખેલા બંને મંત્રો વડે ઘૃતની આહુતિઓ આપવી.

ओं आते गर्भो योनिमेतु पुमान्वाण इवेषुधिम्। आवीरो जायतां पुत्रस्ते दशमास्यः स्वाहा ॥ १ ॥ सौत्रमन्त्रः ॥ ओं अग्निरेतु प्रथमो देवतानां सोऽस्यै प्रजां मुञ्चतु मृत्युपाशात् । तदयं राजा वरुणोऽनुमन्यतां यथेयं स्त्री पुत्रमघं न रोदात् स्वाहा ॥ २ ॥ सामवेदमन्त्र ब्रा० प्रपा० १ खं० १ मंत्र० ९

આ બંને મંત્રો વડે બે આહુતિ આપ્યા પછી પતિએ પત્નીના હૃદય પર હાથ મૂકીને નિમ્ન લખિત મંત્ર બોલવો:—

(**अथास्यै०**) ગર્ભવતી સ્ત્રીને ઘરની છાયામાં બેસાડીને દુર્વાના રસને તેના જમણા નાકમાં ગર્ભની સ્થિરતાને માટે સુંઘાડવો. અને તે વખતે **प्रजावज्जीव**-ઇત્યાદિ મંત્રો વડે પરમાત્માની સ્તુતિઓ કરે.

(**पुꣳसवनं०**) ગર્ભસ્થાપન પછી બીજા અગર ત્રીજા માસમાં પુંસવન સંસ્કાર કરવો.

હે સ્ત્રિ ! તારામાં પુત્રરૂપ ગર્ભ સ્થિર થાઓ. જેવી રીતે બાણ પોતાના ભાથામાં સ્થિર થાય છે તેવી રીતે તારા ઉદરમાં ગર્ભ નિવાસ કરો; અને દશ માસ જ્યારે પૂરા થાય ત્યારે શુરવીરતાદિ ગુણયુક્ત થઇને જન્મે. ૧

અત્યન્ત વિદ્યાવાન પરમાત્મા અમને પ્રાપ્ત થાઓ અને આ ગર્ભરૂપ અમારી પ્રજાને મૃત્યુ આદિ દુઃખોથી છોડાવીને આનંદ રૂપ રાખો. સર્વથી શ્રેષ્ઠ પરમાત્મા, અમારા રાજા રૂપ અ-

ओं यत्ते सुसीमे हृदये हितवन्तः प्रजापतौ । मन्ये हं मां तद्विद्वांसमाह पौत्रमघन्नियाम् ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ સામવેદનાં તથા મહાવામદેવ્ય ગાન કરીને જે જે સ્ત્રી પુરૂષો સંસ્કાર જોવા આવ્યાં હોય તેમને આદર સત્કાર પૂર્વક વિદાય કરવાં. પછી વડની કુમળી કૂંપળો અને ગળોને બારીક વાટીને કપડાં વડે રસ નિચોવા લઇ ગર્ભિણી સ્ત્રીના જમણા નાસાપુટમાં રેડવો અને પછી નીચેના મંત્ર વડે ઇશ્વરની પ્રાર્થના કરવીઃ—

हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् । स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ यजुः० अ० १३ मं० ४

अद्भ्यः सम्भृतः पृथिव्यै रसाच्च विश्वकर्मणः समवर्त्तताग्रे । तस्य त्वष्टा विदधद्रूपमेति तन्मर्त्यस्य देवत्वमाजानमग्रे ॥ य० अ० ३१ । मं० १७

આ બે મંત્રો બોલી રહ્યા પછી પતિ પોતાની ગર્ભિણી પત્નીના ગર્ભાશય પર હાથ મૂકીને નીચેના મંત્ર બોલેઃ—

सुपर्णोसि गरुत्माँस्त्रिवृत्ते शिरो गायत्रं चक्षुर्बृहद्रथन्तरे पक्षौ । स्तोम आत्मा छन्दा ᳪ स्यङ्गानि यजू ᳪ षि नाम साम ते तनूर्वामदेव्यं यज्ञायज्ञियं पुच्छं धिष्ण्याः शफाः । सुपर्णोसि गरुत्मान्दिवं गच्छ स्वः पत ॥ यजुः अ० १२ मं० ४

આ પ્રમાણે આ સંસ્કાર પુરો થયા પછી ગર્ભિણી સ્ત્રીએ યુક્તાહારવિહારી થવું. વિશેષ કરી ગળો, બ્રહ્મી, સુંઠ એને દૂધની સાથે થોડી થોડી પીએ; અને અધિક શયન અધિક જાગરણ તથા અધિક ભાષણ ન કરવું; અતિ ખારા, ખાટા, તીખા, કડવા, તથા રેચક આદિ પદાર્થો નહિ ખાવા. સૂક્ષ્મ આહાર કરવો. તથા ક્રોધ, દ્વેષ, લોભાદિ દોષોથી દૂર રહી ચિત્તને હમેશાં પ્રસન્ન રાખવું અને શુભાચરણથી રહેવું.

॥ इति पुंसवनसंस्कारविधिः ॥

મારી પ્રાર્થનાને સ્વીકારી આ મારી સ્ત્રીને પુત્ર વિરહના દુઃખથી મુક્ત રાખે, કે જેથી અમે સંતાનની પ્રાપ્તિ કરીને સદા આનંદમાં રહીએ ૨.

હે સૌંદર્યાદિ ગુણયુક્તે ! તારા હૃદયમાં હિતાદિ ગુણવાળા પુત્ર સ્થિર થાઓ. પ્રજાપતિ પરમાત્મા ઉપર પ્રીતિ રાખનારા પુત્રો ઉત્પન્ન થાઓ. હે સ્ત્રી ! આવો પરમાત્માનો ઉપદેશ છે કે એવા પુત્રો વડે આપણે સદા સુખી થઇએ અને પુત્રો વિના આપણે કદી દુઃખી ન થઇએ.

જલદ્વારા પૃથ્વી ઉપર ઉત્પન્ન થએલી ઔષધીઓના રસથી ઉત્પન્ન થયેલ વીર્યવડે આ ગર્ભનું ધારણ અને ઉત્પત્તિ થાય છે. જેમ પૃથ્વિઆદિ જગત્ પરમાત્માએ પોતાના સામર્થ્યથી આદિ કાલમાં ઉત્પન્ન કર્યું અને વર્તમાનમાં રાખેલું છે, તેમજ વીર્યથી ગર્ભ ધારણ અને ઉત્પન્ન થાય છે, જેમ આ જગતના રૂપાદિ વિચિત્ર પદાર્થનું વિધાન પરમાત્મા કરે છે તેમજ ગર્ભથી મનુષ્યના દેવત્વ તથા ઉત્તમ ગુણ વીર્ય વગેરેનો પરમાત્માની કૃપા વડે મનુષ્ય એક શિલ્પી છે. હે પરમાત્મા અત્યંત કરૂણા કરીને આ ગર્ભની રક્ષા કરી ઉત્તમ ગુણવાળો ઉત્પન્ન કરો.

હે જગદ્ધારક પરમાત્મન્! આપ સૌંદર્યસ્વરૂપ, સર્વ શ્રેષ્ઠ, સર્વાન્તર્ગત આત્મા અને અંતઃકરણ અર્થાત્ વેદજ્ઞાન સ્વરુપ આપજ છો. આપ આ ગર્ભને સૌંદર્યાદિ ગુણ યુક્ત કરો.

॥ अथ सीमन्तोन्नयनम् ॥

હવે ત્રીજો સંસ્કાર સીમન્તોન્નયન નામનો છે તે લખીએ છિયે. આ સંસ્કારથી ગર્ભિણી સ્ત્રીનું મન સંતુષ્ટ, આરોગ્ય તથા ગર્ભસ્થિતિ ઉત્કૃષ્ટ થઈ પ્રતિદિન વધતી જાય છે. આ સંસ્કારને માટે નિમ્નલિખિત પ્રમાણો છેઃ—

चतुर्थे गर्भमासे सीमन्तोन्नयनम् ॥ १ ॥ आपूर्यमाणपक्षे यदा पुंसा नक्षत्रेण चन्द्रमायुक्तः स्यात् ॥२॥ अथास्यै युग्मेन शलालुग्रप्सेन त्रयेण्या च शलल्या॥३॥ त्रिभिश्च कुशापिञ्जूलैरूर्ध्वं सीमन्तं व्यूहति भूर्भुवः स्वरोमिति त्रिः ॥४॥ चतुर्वा ॥५॥ आश्व० गृ०सू० १ खं० १ कं० १४ सू० १-२-४-५

ભાવાર્થઃ—ગર્ભાધાનથી ચોથા માસમાં શુક્લપક્ષમાં જ્યારે મૂલ આદિ પુરૂષ નક્ષત્રયુક્ત ચન્દ્રમા હોય તે દિવસે સીમન્તોન્નયન સંસ્કાર કરવો.

पुंसवन व त्प्रथमगर्भे मासे षष्ठेऽष्टमेवा ॥ पारस्करगृ०सू०कं०२५सू.२

ભાવાર્થઃ—પુંસવન સંસ્કારની પેઠે ગર્ભાધાનથી છઠ્ઠા અથવા આઠમા માસમાં પૂર્વોક્ત પક્ષ નક્ષત્રયુક્ત ચન્દ્રમા હોય તે દિવસે સીમન્તોન્નયન સંસ્કાર કરવો.

अथ क्रियारम्भः

પ્રથમ કુંડ તથા સંસ્કારોપયોગી સામગ્રી વગેરે તૈયાર કરી ઋત્વિગ્વરણ તથા સ્વસ્તિવાચન અને શાન્તિ પાઠ કરી આચમન માર્જન કરવું ત્યાર બાદઃ—

ओ३म् भूर्भुवः स्वः

આ મંત્રવડે બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્યને ત્યાંથી અગ્નિ લાવીને પૂર્વોક્ત કુંડમાં સમિધાચયન કરી તેના ઉપર નિમ્ન લિખિત મંત્ર વડે અગ્ન્યાધાન કરવું. અગર ધૃતનો દિપક લાવી તેવડે કપૂર સળગાવી એક પાત્રમાં મૂકી તેના ઉપર નાનાં નાનાં સમિધાના કડકા મૂકી સળગાવીને અગ્નિ તૈયાર કરવો.

ओं भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवीव वरिम्णा । तस्यास्ते पृथिवी देव यजनि पृष्ठेऽग्निमन्ना दमन्नाद्यायादधे ॥ यजुर्वेद० अ० ३ मं० ५

આ મંત્ર વડે વેદિમાં અગ્ન્યાધાન કરી તેના ઉપર સમિધાના બારિક ટુકડા તથા કપૂર મૂકી નીચેનો મંત્ર બોલતા જવો અને વીંજણા વડે અગ્નિને પ્રજ્વલિત કરવોઃ—

ओं उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते सꣳसृजेथा मयं च । अस्मिन्त्सधस्थेऽअध्युत्तरस्मिन् विश्वेदेवा यजमानश्च सीदत ॥यजुः० अ० १५ मं०५४॥

જ્યારે સમિધામાં અગ્નિ પ્રવિષ્ટ થવા લાગે ત્યારે ચંદન અથવા બીજા કોઇ પણ જાતની સમિધા આઠ આઠ આંગળની ત્રણ લઇને તેને ધૃતમાં બોળીને નિમ્ન લિખિત મંત્રો વડે અગ્નિમાં અર્પવીઃ—

ओं अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्ववर्धस्व चेद्ध वर्धय चास्मान्

प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा—इदमग्नये जातवेदसे—इदन्न मम ॥ १ ॥ सौत्रमन्त्रः ॥ આ મંત્રથી એક.

ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् । आस्मिन् हव्या जुहोतन, स्वाहा ॥ इदमग्नये इदन्न मम ॥ २ ॥ यजुः अ० ३ मं० १

सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन । अग्नये जातवेदसे स्वाहा ॥ इदमग्नये जातवेदसे—इदन्नमम ॥ यजुः० अ० ३ मं० २

આ બંને મંત્ર વડે બીજી સમિધા અને,

ओं तन्त्वा समिद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि । बृहच्छोचा यविष्ठ्य स्वाहा ॥ इदमग्नयेऽङ्गिरसे इदन्न मम ॥ ४ ॥ यजु० अ० ३ मं. ३ इ०

આ મંત્ર વડે ત્રીજી સમિધા અર્પવી.

ઉપર પ્રમાણે સમિધા દાન થયા પછી નિમ્નલિખિત મંત્ર વડે પાંચ ધૃતાહુતિ આપવી.

ओ३म् अयन्त इध्म आत्मा जातवेदस्तेनध्यस्ववर्धस्व चेद्ध वर्द्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा ॥ इदमग्नये जातवेदसे—इदन्न मम ॥ सौत्रमन्त्रः

ધૃતાહુતિ આપ્યા પછી નિમ્ન લિખિત મંત્રો વડે વેદિની પૂર્વાદિ ચારે દિશાઓમાં જલ સિંચન કરવું:—

ओं अदितेऽनुमन्यस्व ॥

આ મંત્રવડે પૂર્વમાં

ओं अनुमतेऽनुमन्यस्व ॥

પશ્ચિમમાં

ओं सरस्वत्यनुमन्यस्व ॥

ઉત્તરમાં અને

ओ३म् देव सवितः प्रसुव यज्ञं प्रसुव यज्ञपतिं भगाय । दिव्यो गन्धर्वः केतपूः केतं नः पुनातु वाचस्पतिर्वाचं नः स्वदतु ॥ यजुः० अ० ३० मं० १

આ પ્રમાણે જલસિંચન થયા પછી નીચેના મંત્રો વડે ચાર આઘારાવાજ્યભાગાહુતિ ઘીની આપવી:

ओम् अग्नये स्वाहा ॥ इदमग्नये—इदन्न मम ॥

આ મંત્રો વડે વેદિના ઉત્તરભાગના અગ્નિમાં

ओम् सोमाय स्वाहा ॥ इदं सोमाय । इदन्न मम ॥

વેદિના દક્ષિણભાગના અગ્નિમાં અને નીચેના બે મંત્રો વડે વેદિની મધ્યમાં આહુતિ આપવી.

ओं प्रजापतये स्वाहा ॥ इदं प्रजापतये—इदन्न मम ॥

ओं इन्द्राय स्वाहा ॥ इदमिन्द्राय इदन्न मम ॥

ત્યારબાદ નીચેના મંત્રો વડે વ્યાહૃતિ આહુતિ ચાર આપવી:—

ओं भूरग्नये स्वाहा इदमग्नये । इदन्न मम ॥ १ ॥ ओं भुवर्वायवे स्वाहा । इदं वायवे इदन्न मम॥२॥ओं स्वरादित्याय स्वाहा । इदमादित्याय इदन्न मम॥३॥

ओम् भूर्भुवः स्वरग्निवाय्वा दित्येभ्यः स्वाहा ॥ इदमग्निवाय्वादित्येभ्य इदन्न मम ॥

આ પ્રમાણે વ્યાહૃતિ આહુતિ આપી રહ્યા પછી પ્રથમથી તૈયાર કરી રાખેલી, ચોખા, મગ તથા તલની*ખીચડીમાં પુષ્કળ ઘી નાંખીને નિમ્ન લિખિત મંત્રોવડે આઠ આહુતિઓ આપવીઃ—

ओं धाता ददातु दाशुषे प्राची जीवातु मुक्षितम् । वयं देवस्य धीमहि सुमतिं वाजिनीवति स्वाहा ॥ इदं धात्रे–इदन्न मम ॥१॥ ओं धाता प्रजानामुत राय ईशे धात्रेदं विश्वं भुवनं जजान । धाता कृष्टीरनिमिषाभिचष्टे धात्रऽइद्धव्यं घृतवज्जुहोत स्वाहा ॥ इदं धात्रे–इदन्न मम ॥ २ ॥ सौत्रमन्त्रः ॥

ओं राकामहं सुहवां सुष्टुती हुवे शृणोतु नः सुभगा बोधतु त्मना । सीव्यत्वपः सूच्याच्छिद्यमानया ददातु वीरं शतदायमुक्थ्यं स्वाहा ॥ इदं राकायै–इदन्न मम ॥ ३ ॥ ओं यास्ते राके सुमतयः ॥ सुपेशसो याभिर्ददासि दाशुषे वसूनि । ताभिर्नो अद्य सुमना उपागहि सहस्रपोषं सुभगे रराणा स्वाहा ॥ इदं राकायै इदं न मम ॥ ४ ॥ ऋ० मं० सू० ३२ मं० ४–५

---

*આ ખીચડી બનાવવામાં ચોખા, તલ તથા મગ સમભાગ લેવા અને તે લેતી વખતે **ओं प्रजापतयेत्वा जुष्टं निर्वपामि** એમ બોલવું પછી એને ધોઈ નાંખવા, અને ધોતી વખતે **ओं प्रजापतयेत्वा जुष्टं प्रोक्षामि** એ પ્રમાણે બોલવું.

(**धाता०**) ધાતા પરમાત્મા આ ગર્ભને બુદ્ધિ આદિ ગુણયુક્ત કરી, દીર્ઘાયુ કરો. હે સ્ત્રિ! આપણે મળીને પરમાત્માની પ્રાર્થના કરીએ કે તે આપણને બુદ્ધિમાન્ શોભાયુક્ત પુત્ર આપે કે જેથી આપણે સુખી થઇએ.

(**धाता०**) સર્વ જગતને ધારણ કરનાર તથા પ્રજાને ઉત્પન્ન કરનાર ઇશ્વરે આ જગત્ ઉત્પન્ન કર્યું છે; તે ધાતા પરમાત્મા મનુષ્યને ઉપદેશ કરે છે કે ઘૃતાદિ ઉત્તમ પદાર્થ તમે યજ્ઞદ્વારા મને અર્પણ કરો.

(**राकामहम्०**) સર્વાધાર, સર્વ પૂજ્ય પરમાત્માને હું પૂજું છું, અને તેનીજ સ્તુતિ કરૂં છું તે અમારી સ્તુતિ સાંભળીને આ ગર્ભના આત્માને શ્રેષ્ઠ બોધયુક્ત કરી, પ્રાણાદિનું શરીરની સાથે સંધાન કરે; જેવી રીતે સંગીન સોયવડે કપડું શીવાય છે તેવી રીતે અસંખ્ય વિદ્યાદિ દાનભાગના ગ્રહણ કરતા તથા લોકોમાં સ્તુતિયોગ્ય વીર પુત્ર અમને કૃપા કરીને આપો.

(**यास्ते०**) હે પરમાત્મન્! જેમ સુંદર રૂપગુણ તથા ઉત્તમ બુદ્ધિવાન્ સંતાન આપ અમને આપોછો તથા ઉત્તમ ધનાદિ ઐશ્વર્ય આપોછો તેવીજ રીતે આપ અમને પ્રાપ્ત થઇને અનેક પ્રકારની પુષ્ટિ આપો. હે સુભગે! એજ પરમાત્માની કૃપાથી આપણી પ્રજા સુખપૂર્વક રહેશે.

नेजमेष परापत सुपुत्रः पुनरापत । अस्यैमे पुत्रकामायै गर्भमाधेहि यः पुमान्स्वाहा ॥ ५ ॥ यथेयं पृथिवी मह्युत्ताना गर्भमादधे । एवं तं गर्भमाधेहि दशमे मासि सूतवे स्वाहा ॥ ६ ॥ विष्णोः श्रेष्ठेन रूपेणास्यां नार्यां गवीन्याम् । पुमांसं पुत्रानाधेहि दशमे मासि सूतवे स्वाहा ॥ सौत्रमन्त्राः ॥

ओं भूर्भुवः स्वः । प्रजापते न त्वदेतान्यन्यो विश्वा जातानि परिता बभूव । यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम पतयो रयीणां स्वाहा ॥ इदं प्रजापतये–इदन्न मम ऋ० मं० १० सू० १२१ मं० १०

આ પ્રમાણે આઠ આહુતિ આપ્યા બાદ,

ओं प्रजापतये स्वाहा ॥

આ મંત્ર વડે એક ભાતની આહુતિ અને,

ओं यदस्य कर्मणोऽत्यरीरिचं यद्वा न्यूनमिहाकरम् । अग्निष्टत्स्विष्टकृद्विद्यात्सर्वं स्विष्टं सुहुतं करोतु मे । अग्नये स्विष्टकृते सुहुतहुते सर्वप्रायश्चित्ताहुतीनां कामानां समर्द्धयित्रे सर्वान्नः कामान्त्समर्द्धय स्वाहा ॥ इदमग्नये स्विष्टकृते इदन्न मम ॥ शत० ब्रा० कां० १४ अ० ८ प्र० ७ कं० ५

આ મંત્ર વડે ખિચડીની એક આહુતિ આપવી. પછી નિમ્નલિખિત મંત્રો વડે આઠ ઘૃતાહુતિ આપવી.

ओं त्वन्नोऽअग्ने वरुणस्य विद्वान् देवस्य हेडोऽअवयासिसीष्ठाः । यजिष्ठो वन्हितमः शोशुचानो विश्वाद्वेषांसि प्रमुमुग्ध्यस्मत् स्वाहा ॥ इदमग्निवरुणाभ्याम्–इदन्न मम ॥ १ ॥ ओं स त्वन्नोऽअग्नेऽवमो भवोति नेदिष्ठोऽअस्याउषसो व्युष्टौ । अवयक्ष्व नो वरुणं रराणो वीहि मृडीकं सुहवो न एधि स्वाहा ॥ इदमग्निवरुणाभ्यां इदन्न मम ॥ २ ॥ ऋ० मं० सू० १ मं० ४–५

ओं इमं मे वरुण श्रुधी हवमद्या च मृडय । त्वामवस्युराचके स्वाहा ॥ इदं वरुणाय इदन्न मम ॥ ३ ॥ ऋ० मं० १ सू० २५ मं० १९

ओं तत्त्वा यामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः । अहेडमानो वरुणेह बोध्युरुशंस मा न आयुः प्रमोषीः स्वाहा ॥ इदं वरुणाय–इदन्न मम ॥४॥

ऋ० मं० १ सू० २४ मं० ११

(नेजमेष०) હે પરમાત્મન્! આ મારી પુત્ર કામનાવાળી સ્ત્રીના ગર્ભાશયમાં જે ગર્ભ છે તે આપની કૃપા વડે દશ માસ સુધી સ્થિર રહો.

(यथेयम०) હે જગદીશ્વર! જેમ આ પડેલી પૃથ્વી બીજને પૂર્ણ કાલ સુધી પોતાના ગર્ભમાં રાખે છે, તેમ આ મારી સ્ત્રી પણ આપની કૃપાથી ગર્ભને દશમે માસે જન્મ આપો.

(विष्णोः श्रेष्ठेन०) આ પૃથ્વી રૂપી સ્ત્રીમાં પરમાત્માની કૃપાથી ઉત્તમ સ્વરૂપવાન પુત્ર દશમે માસે જન્મો.

ओं येते शतं वरुणं ये सहस्रं यज्ञियाः पाशा वितता महान्तः ॥ ते भिर्नो अद्य सवितोत विष्णुर्विश्वे मुञ्चन्तु मरुतः स्वर्काः स्वाहा ॥ इदं वरुणाय सवित्रे विष्णवे विश्वेभ्यो देवेभ्यो मरुद्भ्यः स्वर्केभ्यः—इदन्न मम ॥ ५ ॥ ओं अयाश्चाग्नेऽस्यनभिशस्तिपाश्च सत्यमित्त्वमयासि । अया नो यज्ञं वहास्यया नो धेहि भेषजꣳ स्वाहा ॥ इदमग्नये अयसे—इदन्न मम ॥ ६ ॥ ओं उदुत्तमं वरुण पाशमस्मदवाधमं विमध्यमꣳश्रथाय । अथा वयमादित्य व्रते तवानागसोऽदितये स्याम स्वाहा । इदं वरुणायाऽदित्यायाऽदितये च । इदन्न मम ॥ ऋ० मं० १ सू० २४ मं० १५

ओं भवतन्नः समनसौ सचेतसावरेपसौ । मा यज्ञꣳ हिꣳसिष्टं मा यज्ञपतिं जातवेदसौ शिवौ भवतमद्य नः स्वाहा ॥ इदं जातवेदोभ्यां—इदन्न मम ॥ य० अ० ५ मं० ३

આ આઠ આહુતિ આપ્યા પછી વ્યાહૃતિ આહુતિ ચાર ઘીની આપવીઃ—

ओं भूरग्नये स्वाहा ॥ इदमग्नये—इदन्न मम ॥
ओं भुववार्यवे स्वाहा ॥ इदं वायवे—इदन्न मम ॥
ओं स्वरादित्याय स्वाहा ॥ इदमादित्याय—इदन्न मम ॥
ओं भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः स्वाहा ॥
इदमग्निवाय्वादित्येभ्यः—इदन्न मम ॥

આ પ્રમાણે ઉપરની સઘળી આહુતિઓ આપ્યા બાદ પતિપત્નીએ એકાન્તમાં જઈને ઉત્તમાસનપર બેસવું પછી પતિ પત્નીની પાછળ બેસીને નિમ્નલિખિત મંત્રોનો પાઠ કરેઃ-

ओं सुमित्रिया न आप ओषधयः सन्तु । दुर्मित्रियास्तस्मै सन्तु । योऽस्मान्द्वेष्टि यं च वयं द्विष्मः ॥ यजु० अ० ६ मं० २२

ओं मूर्द्धानं दिवो अरतिं पृथिव्या वैश्वानरमृतऽआ जातमग्निम् । कविꣳ सम्राजमतिथिं जनानामासन्ना पात्रं जनयन्त देवाः ॥ यजु० अ० ७ मं० २४

(सुमित्रिया०) હે પરમાત્મન્ ! આપની કૃપાથી પ્રાણ, જલ તથા સર્વ ઔષધી અમારી મિત્ર-હિતકર્ત્તા થાઓ, તથા જે અમારા શત્રુ—અમારી ઇર્ષ્યા કરનારા—જેનો અમે દ્વેષ કરીએ છીએ તેમને માટે સર્વ ઔષધિ તથા જગતના જલાદિ પદાર્થો દુર્મિત્ર અર્થાત્ અહિતકારી થાઓ કે જેથી એમનું બલ કદી ન વધે.

(मूर्धानं०) જે તેજસ્વી સૂર્યાદિ પદાર્થોનો મૂર્ધાસ્થાનિ-સર્વથી ઉત્કૃષ્ટ-પૃથિવી આદિનો રચનાર વિશ્વનો રાજા, સર્વપૂજ્ય, સત્યનો આધાર, સર્વનો પ્રકાશક તથા સર્વજ્ઞપરમાત્મા કે જેને દેવ-વિદ્વાનો વિજ્ઞાનથી જાણીને હૃદયમાં માને છે, તે પરમાત્મા આ ગર્ભની રક્ષા કરો.

(अयमूर्जावतो०) જેમ આ ઉદુમ્બર વૃક્ષ બહુ ફલ વાળું છે તેમજ હે સ્ત્રિ ! તુ પણ બહુતર ફલશાલિની-બહુપુત્રવતી થા. જગત્ પોષક પરમાત્મા તને ધન સંપન્ન કરો.

ओं अयमूर्जावतो वृक्ष ऊर्जीव फलिनी भव । पर्णं वनस्पते नुत्वा नुत्वा सूयता१ रयिः ॥ ३ ॥ सामवेदमन्त्रब्रा० प्रपा० १ खं० ५ मं० १

ओं येनादिते सीमानं नयति प्रजापतिर्महते सौभगाय। तेनाहमस्यै सीमानं नयामि प्रजामस्यै जरदष्टिं कृणोमि ॥ ४ ॥ ओं राकामह१ सुहवा१ सुष्टुती हुवे शृणोतु नः सुभगो बोधतु। उपागहि सहस्रपोष१ सुभगे रराणा ॥ ५ ॥ ओं किंपत्मना सीव्यत्वपः सूच्या छिद्यमानया ददातु वीर१शतदायुमुख्यम् ॥ ६ ॥ ओं यास्ते राके सुमतयः सुपेशसो याभिर्ददासि दाशुषे वसूनि। ताभिर्नो अद्यसुमना-पश्यसि प्रजां पशून्त्सौभाग्यं मह्यं दीर्घायुष्ट्वं पत्युः ॥ ७ ॥ सामवेदमन्त्र ब्राह्मणे प्रपा १ खं० ५ मं० २-५

આ મંત્રો બોલીને પતિયે પોતાના હાથે પત્નીના કેશમાં સુગન્ધ તેલ નાંખી કાંસકી વડે ઓળીને ઉમરડા અથવા અર્જુનવૃક્ષની ડાંડી અથવા દર્ભની મૃદુ સળી અથવા શીસોળીયાં વડે કેશ સાફ કરીને સુંદર વેણી બાંધીને પછી યજ્ઞશાલામાં આવવું; અને આ વખતે વીણા આદિ વાજાં વગડાવવાં. તત્પશ્ચાત્ પાછળ લખ્યા પ્રમાણે સામવેદ ગાન કરવું. પછીઃ–

ओं सोम एव नो राजेमा मानुषीः प्रजा। अविमुक्त चक्र आसीरंस्तीरे तुभ्यं असौ॥*

આરંભમાં આ મંત્રનું ગાન કરીને પછી અન્ય મન્ત્રોનું ગાન કરવું ત્યારબાદ ખીચડીની આહુતિઓ આપતાં વધેલી ખીચડીમાં પુષ્કળ ઘી નાંખીને ગર્ભિણી સ્ત્રી પોતાનું પ્રતિ-

---

(**येनादिते०**) પ્રજાપતિ–પરમાત્મા અદિતિ–પૃથ્વીની સીમાને જે સામર્થ્યે વડે બનાવે છે અને જાણે છે, પરમાત્માના તે સામર્થ્યે વડે આ સ્ત્રીની સીમા કેશની અવધિને સૌભાગ્ય, પુત્ર પૌત્રાદિ તથા ધન ધાન્યાદિ ઐશ્વર્યને માટે હું ઉન્નતિશીલ કરૂં છું; તથા આ મારી પત્નીની પ્રજાને વૃદ્ધાવસ્થાપર્યન્ત સુખથી સ્થિર રહે તેવી ઇશ્વરાનુગ્રહથી કરૂં છું.

(**राकामहं**) હે જગદીશ્વર! ચંદ્રમાયુક્ત રાત્રિ વડે સુંદર સ્પર્ધા કરવા યોગ્ય સ્ત્રી કે જેને અમે પ્રાપ્ત થઇએ છિયે તે અમને ઉત્તમ ઐશ્વર્યની તથા અસંખ્ય પ્રકારની પુષ્ટિની પ્રાપ્તિ કરાવો.

(**किंपत्मना०**) આ મંત્રનો અર્થ આગળ ઉપર આવી ગયો છે.

(**यास्तेराके०**) હે પરમાત્મન્! જેમ સુંદર રૂપ ગુણ તથા ઉત્તમ બુદ્ધિવાળાં સંતાન તથા ધનાદિ ઐશ્વર્ય આપો છો, તેમજ મને તથા અમારી સ્ત્રીને દીર્ઘાયુ કરી સંપત્તિયુક્ત કરો.

(**सोमएव०**) જેમ આ નદીનું પાણીચક્ર ફરે છે (સૂર્યદ્વારા સોષાઇને પાછું વર્ષાદ્વારા નદીમાં આવે છે) તેમ આ સંસારરૂપી નદીમાં જગત્ પ્રેરક પરમાત્મા આ માનુષી પ્રજાને તેમના કર્મો પ્રમાણે મોકલે છે. અને એ ચક્ર નિરંતર ચલાવો.

* **असौ** પદના સ્થાનમાં કોઇ નદીનું નામ બોલવું.

(**वीरसूस्त्वं०**) હે સ્ત્રિ! તું શુરવીર, દીર્ઘાયુ પુત્રને જન્મ આપ; અને તું પણ પ્રસૂત થયા પછી જીવિત રહે.

બિંબ તે ઘીમાં જુએ આ સમયે પતિપત્નીને પૂછે કે " **किं पश्यसि** " (શું જુએ છે) પત્ની ઉત્તર આપે કે " **प्रजां पश्यामि** " (સંતતિ જોઉં છું) ત્યારબાદ એકાન્તમાં વૃદ્ધ, કુલીન, સૌભાગ્યવતી, પુત્રવતી પોતાના કુલની સ્ત્રિઓ તથા બ્રાહ્મણની સ્ત્રીઓ ગર્ભિણીની સાથે પ્રસન્ન વદને બેસે તથા પ્રસન્નતાની વાતો કરે અને ગર્ભિણી તે ખીચડી ખાય પછી તે બેઠેલી સ્ત્રિઓ નીચે પ્રમાણે ગર્ભિણીને આશિર્વચન દેઃ—

ओं वीरसूस्त्वं भव जीवसूस्त्वंभव जीवपत्नीत्वं भव ॥

આ પ્રમાણે શુભ માંગલિક વચન બોલવાં તત્પશ્ચાત્ સંસ્કારમાં આવેલાં મનુષ્યોનો યથાયોગ્ય સત્કાર કરી સ્ત્રી સ્ત્રિયોને તથા પુરૂષ પુરૂષોને વિદાય કરે.

॥ इति सीमन्तोन्नयनसंस्कारविधिः ॥

॥ अथ जातकर्मसंस्कारविधिः ॥

આ સંસ્કારનો સમય, પ્રમાણ તથા વિધિ નીચે પ્રમાણે છેઃ—

सोष्यन्तीमद्भिरभ्युक्षति० ॥ पार० गृ० सू० १–१६–२

આ પ્રમાણે આશ્વલાયન, ગોભિલીય તથા શૌનક ગૃહ્યસૂત્રોમાં પણ લખેલું છે.

જ્યારે પ્રસવ સમય થાય ત્યારે નિમ્નલિખિત મંત્ર વડે ગર્ભિણી સ્ત્રીના શરીર પર જલ વડે માર્જન કરવું:—

* **ओं एजतु दशमास्यो गर्भो जरायुणा सह । यथायं वायुरेजति यथा समुद्रएजति । एवायं दशमास्यो अस्रज्जरायुणा सह ॥ यजुः० अ० ८ मं० २८**

આ મંત્ર વડે માર્જન કર્યા બાદ,

ओं अवैतु पृश्निशेवलꣳ शुभे जरायवत्तवे । नैवमांसेन पीवरीं न कस्मिंश्चनायतनमवराजरायु पद्यताम् ॥ पा० गृ० सू० १–१६ ॥

આ મંત્રનો જપ કરીને પુનઃ માર્જન (જલસિંચન) કરવું.

कुमारं जातं पुराऽन्यैरालम्भात् सर्पिर्मधुनी हिरण्यनिकाषं हिरण्ययेनप्राशयेत् ॥ आश्वलायन गृ० सू० अ० १ खं० १५ सू० १ ॥

જ્યારે પુત્રનો જન્મ થાય ત્યારે પ્રથમ દાયણ આદિ સ્ત્રિઓએ બાલકના શરીર ઉપરનો ઓર દૂર કરી, મુખ, નાસિકા, કાન, આંખ આદિમાંથી મળને શીઘ્ર દૂર કરી કોમળ

---

* આ મંત્રનો અર્થ ગર્ભાધાન પ્રકરણમાં ઉપર આપેલો છે ત્યાં જોઇ લેવો.

(**अवैतु०**) હે પરમાત્મન્ ! આ ગર્ભજરાયુ (ઓર) વેષ્ટિત આપની કૃપા વડે બહાર આવો; ઓર તુટી જાઇ અથવા તો કંઇ પણ નાડી તુટયાવિના તે ગર્ભ બહાર આવો.

ધર્માત્મા શાસ્ત્રોક્ત વિધિને પૂર્ણ રીતિ જાણનાર, વિદ્વાન, સદ્ધર્મી, કુલીન, નિર્વ્યસની, સુશીલ, વેદપ્રિય, પૂજનીય, સર્વોપકારી ગૃહસ્થની પુરોહિત સંજ્ઞા છે.

વસ્ત્ર વડે શરીર કોરું કરી બાળકને તેના પિતાના ખોળામાં આપવું. પછી પિતાએ તેને જ્યાં વાયુ તથા શીતલતા ન હોય ત્યાં લઇ જઇને બેસી એક વેંત ભર નાળ રાખીને તેને સૂતર વડે બાંધી વધારાની નાડીને તીક્ષ્ણ છરી વડે કાપી નાંખવો. ત્યાર બાદ બાલકને ઉષ્ણ જલ વડે સ્નાન કરાવી શુદ્ધ વસ્ત્ર વડે કોરૂં કરી, શુદ્ધ નવીન કોમલ વસ્ત્ર પહેરાવવું. ત્યારબાદ પ્રસૂતિગૃહની બહાર કુંડ તૈયાર કરાવ્યો હોય ત્યાં અથવા તો ત્રાંબાનો કુંડ હોય તો તે મૂકીને સમિધાચયન વગેરે પ્રથમથીજ તૈયાર રખાવેલું હોય ત્યાં જઇ બાલકના પિતાએ પોતાના હાથ પગ ધોઇ નાંખીને વેદિની પશ્ચિમમાં પૂર્વાભિમુખે બેસવું; અને પુરોહિત કુંડના દક્ષિણ ભાગમાં ઉત્તરાભિમુખ બેસે પછી પુરોહિત તથા યજમાનની આગળ પ્રસ્તુત સંસ્કારોપયોગી સર્વ સામગ્રી ગોઠવી દેવી; અને યજમાને પુરોહિતને કહેવું કેઃ--

ओं आ वसोः सदने सीद ॥

પુરોહિતે જવાબ આપવો કે,

ओं सीदामि ॥

આ પ્રમાણે પુરોહિતે બોલીને પોતાના આસન ઉપર બેસવું ત્યારબાદ પુરોહિતે અગ્ન્યાધાન, સમિધાદાન, પંચઘૃતાહુતિ, જલપ્રોક્ષણ તથા આઘારા વાજ્યભાગાહુતિ ચાર અને વ્યાહૃતિ આહુતિ ચાર આપવી ત્યારબાદ નિચે લખેલા મંત્રો વડે ઘૃતાહુતિ આપવીઃ-

ओं या तिरश्ची निपद्यते अहं विधरणी इति । तां त्वा घृतस्य धारया यजे सꣳराधनीमहम् । सꣳराधिन्यै देव्यै देष्ट्र्यै स्वाहा ॥ इदंसंराधिन्यै–इदन्न मम ॥ १ ॥ ओं विपश्चित् पुच्छमभरत्तद्धाता पुनराहरत् । परेहि त्वं विपश्चित्पुमानयं जनिष्यतेऽसौ नामास्वाहा ॥ इदंधात्रे–इदन्न मम ॥ २ ॥ सामवेदमन्त्रब्राह्मणे. प्रपा. १ खं० ६ मं० ६–७.

આ પ્રમાણે ઘૃતાહુતિ આપવી અને પછી વામદેવ્ય ગાન કરીને પૃષ્ઠ ૩ થી પૃષ્ઠ ૫ સુધી લખ્યા પ્રમાણે ઇશ્વરોપાસના કરવી. તત્પશ્ચાત્ ઘી મધ *બરોબર મેળવીને પ્રથમથી તૈયાર કરાવેલી સોનાની સળીથી તે મિશ્રણ વડે બાળકની જીભ ઉપર--

---

(**या तिरश्ची०**) હે ગર્ભ ધારણને માટે ધરણીસ્થ થતી સ્ત્રિ ! ઘૃતને તેની ધારાથી હું સત્કૃત કરૂંછું, તું ગર્ભની સમ્યક્ સિદ્ધિ કરનારીછે, એવી ગુણવાળી તને હું સ્ત્રી અનુકુલરહીશ.

(**विपश्चित्०**) ગર્ભવિધાને જાણનારો વિદ્વાન પતિ સ્ત્રીમાં ગર્ભ નિષિક્ત કરે છે અને જન્મસમયમાં જાતકર્મ વડે આહરણ કરેછે. હે ગર્ભવિદ્યામાં નિપુણ પતિ! તમે સૂતિકા ગૃહની બહાર રહો. કારણ કે સ્ત્રી પુત્રને જન્મ આપશે,(જન્મ થતી વખતે પતિએ સ્ત્રીની પાસે ન રહેવું).

* ઘી અને મધ સરખા ભાગે મેળવવાથી વિષસમાન થાય છે માટે ઘી એક રૂપિયાભાર તો મધ બે રૂપિયાભાર એ પ્રમાણથી મેળવવું. (ભાષાન્તર કર્તા)

(**प्रतेददामि०**) હે બાલક ! તને મધુ અને ઘૃતનો ખોરાક પ્રથમ હું ભોજનાર્થ આપું છું; જગદુત્પાદક પરમાત્માની કૃપાથી સર્વોત્તમ દ્રવ્યાદિ પદાર્થોનો ભોક્તા થા. તું મારા પુત્રરૂપ ઉત્પન્ન થયોછે, તને હું વેદનું દાન આપું છું, તું ઇશ્વરાનુગ્રહથી વિદ્વાન્ થા, તથા આ લોકમાં ઇન્દ્રિયો તથા વિદ્વાનો વડે રક્ષિત થઇને સો વર્ષ જીવ.

(**भूस्त्व० भुवस्त्व०स्वस्त्व०भूर्भुवःस्वस्तायि**) હે બાલક ! ભૂલોક, અંતરિક્ષલોક તથા સ્વર્લોક એ ત્રણે લોકનું ઐશ્વર્ય તારામાં સ્થાપું છું.

ओ३म्,

આ અક્ષર લખીને બાળકના દક્ષિણ કાનમાં "   " (તારૂં ગુપ્ત નામ વેદ છે) એ પ્રમાણે કહીને પૂર્વથી મેળવેલા ઘી અને મધમાં સુવર્ણની સળી વડે નીચેના મંત્ર વડે બાળકને થોડું થોડું ચટાડેઃ-

मेधान्ते मित्रावरुणौ मेधामग्निर्दधातुते । मेधान्ते अश्विनौ देवावाधत्तां पुष्करस्रजौ ॥ सामवेद मं० ब्रा० प्रपा० १ खं० ५ मं० ९

ओं प्रते ददामि मधुनो घृतस्य वेद सवित्रा प्रसूतं मघोनाम् । आयुष्मान् गुप्तो देवताभिः इति जीव शरदो लोके अस्मिन् ॥१॥ ओं भूस्त्वयि दधामि ॥२॥ ओं भुवस्त्वयि दधामि ॥३॥ ओं स्वस्त्वयि दधामि ॥४॥ ओं भूर्भुवः स्वस्सर्वं त्वयि दधामि ॥ ५ ॥ ओं सदसस्पतिमद्भुतं प्रियमिन्द्रस्य काम्यम् । सनिं मेधामयासिषं स्वाहा ॥ ६ ॥ यजुः० अ० ३२ मं० १३.

આ પ્રત્યેક મંત્ર વડે છ ધાર ધૃત મધુ પ્રાશન કરાવીને ચોખા તથા જવને શુદ્ધ કરીને પાણીની સાથે પીસીને વસ્ત્રગાળ કરી એક પાત્રમાં રાખી હાથના અંગુઠા તથા અનામિકા વડે થોડું લઇનેઃ-

ओं इदमाज्यमिदमन्नमिदमायुरिदममृतम् ।
सामवेद मंत्र आ० प्रपा १ खं० ५ मं० १८.

આ મંત્ર બોલીને બાલકના મુખમાં એક ટીંપું પાડવું (આ માત્ર ગોભિલીય ગૃહ્યસૂત્રનો મત છે). પશ્ચાત્ બાલકનો પિતા બાલકના દક્ષિણ કાન આગળ પોતાનું મુખ રાખીને નીચેના મંત્ર બોલેઃ—

ओं मेधान्ते देवः सविता मेधां देवी सरस्वती ॥ मेधान्ते अश्विनौ देवावाधत्तां पुष्करस्रजौ ॥ १ ॥ ओं अग्निरायुष्मान् स वनस्पतिभिरायुष्माँस्तेनत्वायु-

---

હે બાલક ! તું જ્ઞાનના રક્ષક, આશ્ચર્ય ગુણકર્મ સ્વભાવવાળા પરમાત્માની કૃપાથી, ઇંદ્રિયોના માલિક જીવના ઇચ્છિત તથા પ્રિય વિષયો તથા સત્યાસત્યનું યથાવત્ નિરીક્ષણ કરનાર ઉત્તમ બુદ્ધિને પ્રાપ્ત થા.

હે બાળક ! આ ઘી તથા અન્ન તારે માટે આયુષ્ય તથા જીવનપ્રદ થાવ.

(**मेधान्ते०**) હે પુત્ર (અગર પુત્રી !) તને સવિતા દેવ-પરમેશ્વર-શીઘ્ર શાસ્ત્રગ્રહણ કરનારી બુદ્ધિ દો, તથા સરસ્વતી પરમાત્માની વાણી વેદવિદ્યા તને બુદ્ધિ દો, તથા અશ્વિન્ દેવ સૂર્ય, ચંદ્રને જેણે માળાવત્ ધારણ કરેલા છે એ બે પ્રકારનો વાયુ-કે જેનાથી લોકલોકાન્તરની સ્થિતિ પામેલી છે તે તને બુદ્ધિ પ્રદાન કરો. ૧.

(**अग्निरायु०**) હે બાળક ! જેવી રીતે વનસ્પતિ વડે અગ્નિ, ઔષધી વડે ચંદ્રમા, બ્રાહ્મણો વડે વેદઅમૃત, સત્યવિદ્યા વડે વિદ્વાન્, સત્ય વ્રત વડે ઋષિ, સત્યજ્ઞાનવડે પિતૃ,

षायुष्मन्तं करोमि ॥ २ ॥ ओं सोमऽआयुष्मान्स ओषधीभिरायुष्माँस्तेन* ॥३॥ ओं ब्रह्म आयुष्मन् तद्ब्राह्मणैरायुष्मतेन० ॥ ४ ॥ ओं देवा आयुष्मन्तस्तेऽमृतेना युष्मन्तस्तेन० ॥ ५ ॥ ओं ऋषय आयुष्मन्तस्ते व्रतैरायुष्मन्तस्तेन० ॥ ६ ॥ ओं पितर आयुष्मन्तस्ते स्वधाभिरायुष्मन्तस्तेन० ॥ ७ ॥ ओं यज्ञ आयुष्मान् स दक्षिणाभिरायुष्माँस्तेन० ॥ ८ ॥ ओं समुद्र आयुष्मान् स स्रवन्तीभिरायुष्माँस्तेन त्वायुषायुष्मन्तं करोमि ॥ ९ ॥ पार० गृ० सू० क० १६ मं० ६.

આજ પ્રમાણે ડાબા કાન આગળ પોતાનું મુખ રાખીને આ નવ મંત્રો બોલવા. પછી બાલકના ખભાને પોતાનો હાથ લગાડીને નિમ્નલિખિત મંત્રો બોલવાઃ--

ओं इन्द्र श्रेष्ठानि द्रविणानि धेहि चित्तिं दक्षस्य सुभगत्वमस्मे पोषं रयीणामरिष्टिं तनूनां स्वाद्मानं वाचः सुदिनत्वमह्नाम्॥

ऋ० मं० २ अ० ३ सू० २१ मं० ६

ओं अस्मे प्रयन्धि मघवन्नृजीषिन्निन्द्र रायो विश्ववारस्य भूरेः । अस्मे शतं शरदो जीवसे धा अस्मे वीराञ्छश्वत इन्द्र शिप्रिन्॥ ऋ० मं. ३ अ सू० ३६ मं. १०

ओं अश्मा भव परशुर्भव हिरण्यमस्तृतं भव । वेदो वै पुत्रनामासि सजीव शरदः शतम् ॥ ३ ॥ पार० गृ० सू० कं० १६ मं० १८.

આ ત્રણ મંત્રો બોલીને પછીઃ--

त्र्यायुषं जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् । यद्देवेषु त्र्यायुषं तन्नो अस्तु त्र्यायुषम् ॥ यजुः० अ० ३ मं० ६२.

દક્ષિણાવડે યજ્ઞ, જલથી વહેતી નદીઓ વડે સમુદ્ર દીર્ઘાયુ થાય છે, તેવીજ રીતે તને હું દીર્ઘાયુ કરૂં છું.

* આગળ ઉપરના મંત્રમાં જે છે તે પ્રમાણે **त्वायुषा** ઇત્યાદિ પૂરો મંત્ર બોલવો.

(**इन्द्रश्रेष्ठानि**) હે પરમાત્મન્! આ સંતાન અત્યુત્તમ, ઐશ્વર્યવાન, પુષ્ટ, ધનવાન, નિરોગી, જ્ઞાની, ધર્મમાર્ગે ધન પેદા કરનાર વગેરે શુભ ગુણ વાળો થાઓ. (માતાપિતાએ સન્તાન ઉપરોક્ત ગુણવાળું થાય તેને માટે પ્રયત્ન કરવો જોઇએ.)

(**अस्मेप्रयन्धि०**) પરમ કૃપાળુ જગદીશ્વર! આ બાળક પરાક્રમી, બહુ સત્કારયુક્ત, ધનથી પરિપૂર્ણ, સરલ સ્વભાવવાળો, અને સૂર્ય સમાન સુદૃઢ પ્રતાપી થાય, તથા પ્રથમ પોતાના ધનમાંથી બીજાને આપી પછી તેને ભોગવે અને સો વર્ષ સુધી જીવે તેવી કૃપા કરો.

(**अश्माभव०**) હે પુત્ર! તું ઇશ્વરાનુગ્રહથી પત્થર સમાન દૃઢેન્દ્રિય થા; પરશુ (ફરશી) સમાનસ્વયં અચ્છેદ્ય થઇ શત્રુઓનો છેદક થા અને હિરણ્ય સમાન તેજસ્વી તથા જેનો કદી વિયોગ ન થાય તેવો થા, તારૂં પ્રસિદ્ધ નામ વેદ છે. તું ઇશ્વરાનુગ્રહથી સો વર્ષ સુદૃઢ જીવ.

(**त्र्यायुष०**) હે પુત્ર! પરમાત્માની કૃપાથી તું પૂર્વના વિદ્વાનોની પેઠે બ્રહ્મચર્ય આ-

આ મંત્રનો ત્રણ વાર જપ કરીને બાલકની ખાંધપરથી હાથ ઉઠાવી લેવો અને જ્યા બાલકનો જન્મ થયો હોય ત્યાં જઇને:—

ओं वेद ते भूमि हृदयं दिवि चन्द्रमसि श्रितम्। वेदाहं तन्मां तद्विद्यात्पश्येम शरदःशतं जीवेम शरदः शतꣳ शृणुयाम शरदः शतम् ॥ १ ॥ पा० गृ० सू०।

આ મંત્રનો જપ કરવો તથા:—

यत्ते सुसीमे हृदयꣳ हितमन्तः प्रजापतौ। वेदाहं मन्ये तद्ब्रह्म माहं पौत्रमघं निगम् ॥ साम० मं० ब्रा० प्र० १ खं० ५ मं० १०.

यत्पृथिव्या अनामृतं दिवि चन्द्रमसि श्रितम्। वेदामृतस्येह नाममाहं पौत्रमघꣳ रिषम् ॥ ३ ॥ इन्द्राग्नी शर्म यच्छतं प्रजापती। यथायन्न प्रमीयेत* पुत्रो जनित्र्या अधि ॥ ४ ॥ यददश्चन्द्रमसि कृष्णं पृथिव्या हृदयꣳ श्रितम्। तदहं विद्वाꣳस्तत्पश्यन् माहं पौत्रमघꣳ रुदम् ॥ ५ ॥ सा० मं० ब्रा० प्रपा० १ खं० ५ मं० ११-१२-१३.

આ મંત્રો બોલતા જવા અને સુગન્ધિત જલ વડે પ્રસૂતાના શરીરનું માર્જન કરવું.

कोसि कतमोस्येषोस्यमृतोसि। आहस्पत्यंमासं प्रविशासौ ॥ ६ ॥ सत्वाह्ने परिददात्वहस्त्वा रात्र्यै परिददातु रात्रिस्त्वाहोरात्राभ्यां परिददात्वहोरात्रे त्वार्द्धमासेभ्यः परिदत्तामर्द्धमासास्त्वा मासेभ्यः परिददातु मासास्त्वर्तुभ्यः परिदद-

---

શ્રમનું યથાવત્ પાલન કરીને, ત્રણસો વર્ષ સુધી ચક્ષૂ આદિ ઇન્દ્રિયો સહિત રહીને, શરીર શુદ્ધિ, બલ તથા પરાક્રમાદિ ગુણસંપન્ન થા; અને ત્રણસો વર્ષ સુધી જીવ.

(**वेद ते भूमि०**) હે પુત્ર! તારામાં સ્થિત મારા હૃદયને તું જાણ અને હું તારા હૃદયને જાણું છું; અને આપણે બન્ને પરમાત્માની કૃપાથી સો વર્ષ સુધી જીએ.

(**यत्पृथिव्या०**) જે અમૃત પૃથ્વિ, ધુલોક તથા ચન્દ્રમાં રહેલું છે તેના ગુણને હું જાણું છું અને તેથી આ જલ વડે આપણે પુત્રવિયોગ સંબંધી દુઃખથી રહિત થઇએ.

(**इन्द्राग्नी०**) ઇંદ્રિ તથા અગ્નિ અને પ્રજાપાલક પરમાત્મા અમારી પ્રજાને માટે કલ્યાણ દાતા થાઓ તથા આ પુત્ર તેની માતાની માંહેજ (એટલે કે જન્મતાંજ) ન મરે એવી કૃપા કરો.

(**यददश्चन्द्रमसि०**) હે પરમાત્મન્! ચન્દ્રમાં પૃથ્વીની છાયારૂપી કૃષ્ણવર્ણનું પડેલું લાંછન હું પદાર્થવિત્ વિદ્વાન્ જાણું છું; અને તેથી પુત્રસંબંધી દુઃખ પામીને હું આપની કૃપાથી રોઇશ નહીં.

(**कोसि कतमोसि०**) હે બાલક! તારૂં નામ શું? તું અકાલમરણધર્મા છે કે પૂર્ણાયુષી છે? જો તું ના જાણતો હોય તો સાંભળ તું અમુક નામ વાળો છે. તું બૃહસ્પતિ સૂર્યના સંક્રાન્તિકૃત સૌરમાસમાં પ્રવેશ કર—દીર્ઘાયુ થા.

त्वृतवस्वा संवत्सराय परिददतु संवत्सरस्त्वायुषे जरायै परिददात्वसौ ॥ ७ ॥ सा० मं० ब्रा० प्रपा० १ खं० ५ मं० १४–१५.

આ મન્ત્રો વડે બાલકને આશીર્વાદ દે. પછીઃ—

अङ्गादङ्गात्सꣳस्रवसि हृदयादधिजायसे । प्राणन्ते प्राणेन सन्दधामि जीव मे यावदायुषम् ॥ १ ॥ अङ्गादङ्गात्संभवसि हृदयादधिजायसे । वेदो वै पुत्रनामासि सजीव शरदः शतम् ॥ २ ॥ अश्मा भव परशुर्भव हिरण्यमस्तृतं भव । आत्मासि पुत्र मामृथाः सजीवः शरदः शतम् ॥ ३ ॥ पशूनां त्वा हिंकारेणाभिजिघ्राम्यसौ ॥ ४ ॥ सा० मं० ब्रा० प्रपा० १ खं० ५ मं० १६–१७–१८–१९.

આ મન્ત્રો બોલીને પુત્રના માથાનું આઘ્રાણ કરે અર્થાત્ સુંઘે. આ પ્રમાણે જ્યારે જ્યારે પરદેશથી આવે અથવા જાય ત્યારે ત્યારે આ ક્રિયા કરવી કે જેથી પુત્ર તથા માતા પિતામાં અતિ પ્રેમ વધે.

ओं इडासि मैत्रावरुणी वीरे वीरमजीजनथाः सात्वं वीरवती भव यास्मा न्वीरवतोऽकरत् ॥ १ ॥ सौत्रमन्त्रः ॥

આ મંત્રવડે ઇશ્વરની પ્રાર્થના કરીને પ્રસૂતા સ્ત્રીને પ્રસન્ન કરીને પછી સ્ત્રીનાં બન્ને સ્તન કિંચિત ઉષ્ણ સુગંધિત જલ વડે ધોઇને કોરા કરવાં અને:—

(**सत्वा०**) તે જગદુત્પાદક પિતા તને આયુષ્ય વર્દ્ધનાર્થ દિવસ આપો. દિવસ પોતાના કાલમાં તારૂં રક્ષણ કરીને રાત્રિ આપો, રાત્રિ અહોરાત્રને અહોરાત્ર પક્ષને, પક્ષ માસને, માસ ઋતુઓને ઋતુઓ સંવત્સરને અને સંવત્સર તને જરાવસ્થા સુધી રક્ષણ કરી આયુષ્યમાન્ કરો.

(**अङ्गादङ्गात्सꣳस्रवसि०**) હે ! પુત્ર તું મારા સમસ્ત અવયવોમાંથી સ્રવિત થયેલો છે, મારા હૃદયમાંથી ઉત્પન્ન થયો છું. માટે તારા પ્રાણનું મારા પ્રાણ જતાં સુધી પણ પોષણ કરીશ. હે પુત્ર ! તું શ્રુત્યુક્ત આયુમર્યાદા (સો વર્ષ) સુધી જીવ.

(**अङ्गादङ्गात्०**) હે પુત્ર ! તું મારા પ્રત્યંગમાંથી ઉત્પન્ન થયો છે. મારા હૃદયમાંથીજ ઉત્પન્ન થયો છે. માટે તું લોકમાં (મારી પેઠે) નિશ્ચયપૂર્વક વેદ પાઠી થઈ સો શરત્કાલ સુધી જીવ.

(**अश्मा भव०**) હે પુત્ર! તું શિલાસમાન દૃઢ થા! પરશુ સમાન સ્વયં અચ્છેદ્ય અને શત્રુનો ઘાતક થા! સુવર્ણ સમાન યત્નપૂર્વક રક્ષણીય થા. તું આત્મા નામથી પ્રસિદ્ધ છે. તું અલ્પવયમાં ન મરતાં સો શરદઋતુ સુધી જીવ.

(**पशूनांत्वा०**) હે બાલક ! જેમ ગવાદી પશુઓ પોતાનાં સંતાનોને પ્રેમથી સુંઘે છે તેમ હું તારા મસ્તિષ્કને સુંઘું છું.

(**इडासि०**) હે સ્ત્રી! પ્રશંસિત મિત્ર તથા શ્રેષ્ઠ ગુણયુક્ત તું છે, હે વીર સ્ત્રી ! આ વીર ગુણયુક્ત બાલકને તેં જન્મ આપ્યો છે તેવીજ વીરપુત્ર અને પતિયુક્ત થા; તું જે અમને વીરપુત્રયુક્ત કરનારી છે તે સદૈવ ઇશ્વર કૃપાથી સુખી થા.

ओं इम१४ स्तनमूर्जस्वन्तं धयापां प्रपीनमग्ने सरिरस्य मध्ये । उत्सं जुषस्व मधुमन्तमर्वन्त्समुद्रिय१४ सदनमा विशस्व ॥ यजुः अ० १७ मं० ८७

આ મંત્ર બોલીને પ્રથમ જમણું સ્તન બાલકના મુખમાં મુકવું; પછીઃ—

ओं यस्ते स्तनः शशयो यो मयोभूर्यो रत्नधा वसुविद्यः सुदत्रः । येन विश्वा पुष्यसि वार्याणि सरस्वती तमिह धातवे कः ॥ १ ॥ यजुः० अ० ३८ मं० ५ ॥

આ મંત્ર બોલી ને ડાબું સ્તન બાલકના મુખમાં આપવું તત્પશ્ચાતઃ—

ओं आपो देवेषुजागृथ यथा देवेषु जागृथ । एवमस्या१४ सूतिकायां१४ सुपुत्रिकायां जागृथ ॥ १ ॥ सौत्रमन्त्रः ॥

આ મંત્ર વડે પ્રસૂતા સ્ત્રીના ખાટલાની ઉપરની બાજુએ અર્થાત્ માથા તરફ એક કલશ જળથી પુરો ભરીને દશ રાત્રિ સુધી ત્યાંજ મૂકી રાખવો; અને પ્રસૂતા સ્ત્રી પ્રસૂતિ ગૃહમાં દશ દિવસ સુધી રહે. ત્યાં નિત્ય સાંજ સવાર નિમ્નલિખિત બે મંત્રો વડે ભાત અને સરષવ મેળવીને દશ દિવસ સુધી નિયમિત રીતે આહુતિએ આપવીઃ—

ओं शण्डामर्का उपवीरः शौण्डिकेयऽउलूखलः मलिम्लुचो द्रोणासश्च्यवनो नश्यतादितः स्वाहा इदं शण्डामर्काउपवीराय, शौण्डिकेयायोलूखलाय, मलिम्लुचो द्रोणाश्च्यवनो नश्यादितेभ्यश्च-इदन्न मम ॥ १ ॥ ओं आलिखन्ननिमिषः किंवदन्त उपश्रुतिः । हर्यक्षः कुम्भीशत्रु पात्रपाणिर्नृमणिर्हन्त्रीमुखः सर्षपारुणश्च्यवनो नश्यतादितः स्वाहा । इदमालिखन्ननिमिषाय किंवद्भ्य उपश्रुत हर्यक्षाय कुम्भीशत्रवे पात्रपाणये नृमणये हन्त्रीमखाय सर्षपारुणाय-इदन्न मम ॥ २ ॥ सौत्रमन्त्रः ॥

આ મત્રો વડે દશ દિવસ સુધી હોમ કરીને પછી સારા વિદ્વાન, ધાર્મિક, વૈદિક મતાનુયાયીએ પ્રસૂતિગૃહની બહાર ઉભા રહીને અને બાલકના પિતા અંદર રહીને આશીર્વાદરૂપી નીચે લખેલા મંત્રોનો પાઠ આનંદિત થઇને કરેઃ—

(**इम१४स्तन०**) હે બાલક! તું આ પ્રશંસિત બલદાતા, મધુરતાદિ ગુણયુક્ત, જલ સમાન તથા દૂધના સમુદ્રરૂપ આ સ્તનને પી; અને આ જગતમાં પ્રવેશ કર.

(**यस्तेस्तन०**) હે વિજ્ઞાનવતી સ્ત્રી! જેના આશ્રયવડે બાલક સુખપૂર્વક સુવે છે, તે દૂધના આધારરૂપ સ્તન કે જે સુખ સિદ્ધ કરનારા અને ઉત્તમોત્તમ ગુણોના ધારણ કર્ત્તા ધનને પ્રાપ્ત થનારા, તથા જે સુંદર દાન દેનારા કે જેના આશ્રયથી સર્વ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુએ પુષ્ટ થાય છે. એવા સ્તનને આ બાલકના મુખમાં પીવાને માટે મુક.

(**आपो०**) બાળકસહિત પ્રસુત સ્ત્રીનું સર્વ પ્રકારે ઇશ્વિર કલ્યાણ કરો.

(**शण्डामर्का । आलिखन्न०**) હે પરમાત્મન્! દુષ્ટ સ્વભાવવાળાં મનુષ્યો, તથા જંતુએ અને અન્ય પ્રાણિએથી આ બાળકનું રક્ષણ કરજો.

मा नो हासिषुर्ऋषयो दैव्या ये तनूपा येनं स्तन्वस्तनूजाः । अमर्त्या मर्त्याँ अभि नः सचध्वमायुर्धत्त प्रतरं जीवसे नः ॥ अथर्व. कां० ६ अनु० ४ सू०४१ मं० ३ । इमं जीवेभ्यः परिधिं दधामि मैषां नु गादपरो अर्थमेतम् । शतं जीवन्तः शरदः पुरूचीस्तिरो मृत्युं दधतां पर्वतेन ॥ २ ॥ अथर्व० कां० १२ अ० २ मं० २३ विवस्वान्नो अभयं कृणोतु यः सुत्रामा जीरदानुः सुदानु इहे मे वीरा बहवो भवन्तु गोमदश्ववन्मय्यस्तु पुष्टम् ॥ ३ ॥ अथर्व० कां० १८ अनु० ३ मं० ६१ ॥

॥ इति जातकर्म संस्कारविधिः ॥

॥ नामकरणसंस्कारविधिं वक्ष्यामः ॥

अत्र प्रमाणम् । नाम चास्मै दद्युः ॥ १ ॥ घोषवदाद्यन्तरन्तःस्थमभिनिष्ठानान्तं द्व्यक्षरम् ॥ चतुरक्षरं वा ॥ ३ ॥ द्व्यक्षरं प्रतिष्ठाकामश्चतुरक्षरं ब्रह्मवर्चसकामः ॥ ४ ॥ युग्मानित्वेव पुंसाम् ॥ ५ ॥ अयुजानि स्त्रीणाम् ॥ ६ ॥ अभिवादनीयं च समीक्षेत तन्मातापितरौ विदध्यातामोपनयनात् ॥ ७ ॥ आश्व० गृ० सू० अ० १ खं० १५ सू० ४-५-६-७-८-९-१०.

दशम्यामुत्थाप्य पिता नाम करोति । द्व्यक्षरं चतुरक्षरंवा घोषवदाद्यन्तरन्तःस्थं दीर्घाभिनिष्ठानान्तं कृतं कुर्यान्न तद्धितम् अयुजाक्षरमाकारान्तं स्त्रियैतद्धितम् । शर्म ब्राह्मणस्य वर्म क्षत्रियस्य गुप्तेति वैश्यस्य ॥ पारस्कर गृ० सू० १-१७-२-४ ॥

(**मानो०**) હે પરમાત્મન્ ! દિવ્ય ઋષિયો અમારો પરિત્યાગ ન કરો, શરીર રક્ષક ! અમારા શરીરથી ઉત્પન્ન થયેલા અમારા તનુજો અમારો ત્યાગ ન કરો અર્થાત્ તેઓ દીર્ઘ કાલપર્યંત જીવો. હે અવિનાશી પરમાત્મન્ ! અમે મરણધર્મયુક્ત મર્ત્યોને આપ પ્રાપ્ત થાઓ અને અમને દીર્ઘાયુષ્ આપો.

(**इमं जीवेभ्यः**) હે જગદીશ્વર ! આપ આ બાળકની આયુમર્યાદા દીર્ઘ કરીને એને દ્રવ્યવાન કરજો; તથા આયુ અને દ્રવ્યની પ્રાપ્તિને માટે તે બ્રહ્મચર્યાદિ સેવન કરે તેમાં તું મદદ કરજો કે જેથી તે સો વર્ષ સુધી જીવે.

(**विवस्वान् नः**) હે આદિત્ય પરમાત્મન્ ! અમને મરણ ભયરહિત કરો તથા જીવન પ્રદાન કરો; હે જગત્રાતા ! આપ અમને સર્વ પ્રકારે અભય કરો. હે જગદીશ્વર ! આ લોકમાં અમારા પુત્ર પૌત્રાદિકોની વૃદ્ધિ થાઓ તથા ગવ્યાદિ પશુ અને પુષ્ટિકારક અન્ન તથા ધન અમને પ્રાપ્ત થાઓ.

આજ પ્રમાણે ગોભિલિય તથા શૌનક ગૃહ્યસૂત્રોમાં પણ લખેલું છેઃ—

ભાવાર્થઃ—નામકરણ અર્થાત્ જન્મેલા બાળકનું સુંદર નામ ધારણ કરવું–પાડવું તે. નામકરણનો સમય જે દિવસે બાળકનો જન્મ થયો હોય ત્યારથી દશ દિવસ છોડીને અગીઆરમે અથવા એકસોને એક અથવા બીજા વર્ષના પ્રારંભમાં જે દિવસે જન્મ થયો હોય તે દિવસે નામ પાડવું. જે દિવસે આ સંસ્કાર કરવો હોય તે દિવસે અતિ પ્રસન્નતાથી પોતાના ઇષ્ટમિત્રો તથા હિતૈષી, સગાંવહાલાંઓને બોલાવી યથાવત્ સત્કાર કરવો. પ્રથમ સંસ્કારોપયોગી વસ્તુઓ તૈયાર રાખી બાળકનો પિતા તથા ઋત્વિજે ક્રિયાનો પ્રારંભ કરવો. પ્રથમ પૃષ્ઠ ૩ થી પૃષ્ઠ ૩૦ સુધીનો વિષય-ઇશ્વરોપાસના, સ્વસ્તિ વાચન, શાંતિપ્રકરણ તથા અગ્ન્યાધાન આદિ સામાન્યપ્રકરણનો વિધિ કર્યા બાદ આઘારાવાજ્ય ભાગાહુતિ તથા વ્યાહૃતિ આહુતિ આપીને પૃષ્ઠ ૨૭ માં લખ્યા પ્રમાણે (**त्वन्नो अग्ने०**) ઇત્યાદિ આઠ મંત્રો વડે આઠ અર્થાત્ સર્વ મળીને સોળ ઘૃતાહુતિ કરવી. તત્પશ્ચાત્ બાળકની માતા બાળકને શુદ્ધ જલ વડે સ્નાન કરાવી સુંદર શુદ્ધ વસ્ત્ર પહેરાવી કુંડ પાસે લઇ આવે. આવતી વખતે બાળકના પિતાની પાછળ થઇને પતિની દક્ષિણ બાજુમાં આવી બાલકનું માથું ઉત્તરમાં રાખીને બાળકને તેના પિતાના હાથમાં આપે અને પછી એજ રસ્તે પાછી જઇને પતિની ડાબી બાજુએ પૂર્વાભિમુખે બેસે તત્પશ્ચાત્ પિતા તે બાલકને પોતાની પત્નીના હાથમાં આપે પછી નીચે પ્રમાણે વિધિ કરવોઃ—

ओं प्रजापतये स्वाहा ॥

આ મંત્ર વડે પ્રથમ એક ઘૃતાઆહુતિ આપવી. પછી જે તિથિ તથા નક્ષત્રમાં બાલકનો જન્મ થયો હોય તે તિથિ તથા નક્ષત્રનું નામ (ચતુર્થી વિભકત્યન્ત) લઇને તે તિથિ તથા નક્ષત્રના દેવતાના નામથી ચાર આહુતિ આપવી પ્રથમ તિથિની, દ્વિતીય તિથિના દેવતાની, તૃતીય નક્ષત્રની અને ચતુર્થ નક્ષત્રના દેવતાની એ પ્રમાણે ચાર આહુતિઓ, તે તિથિ તથા નક્ષત્ર અને તેના દેવતાઓના નામને ચતુર્થી વિભક્તિમાં બોલી અંતમાં સ્વાહા પદ લગાડીને આહુતિ આપવી. જેમકે કોઈ બાલકનો જન્મ પ્રતિપદા અને અશ્વિની નક્ષત્રમાં થયો હોય તોઃ—

ओं प्रतिपदे स्वाहा । ओं ब्रह्मणे स्वाहा । ओं अश्विन्यै स्वाहा । ओं अश्विभ्यां स्वाहा* ॥

---

* **તિથિ દેવતાઃ**-૧ બ્રહ્મન્; ૨-ત્વષ્ટા; ૩-વિષ્ણુ; ૪-યમ; ૫-સોમ; ૬-કુમાર; ૭-મુનિ; ૮-વસુ; ૯-શિવ; ૧૦-ધર્મ; ૧૧-રૂદ્ર. ૧૨-વાયુ, ૧૩-કામ, ૧૪-અનન્ત, ૧૫-વિશ્વેદેવ, અમાવાસ્યા, પિતર.

નક્ષત્ર દેવતાઃ-અશ્વિની-અશ્વી; ભરણી-યમ; કૃત્તિકા-અગ્નિ; રોહિણી-પ્રજાપતિ; મૃગશીર્ષ-સોમ; આર્દ્રા-રૂદ્ર; પુનર્વસુ-અદિતિ; પુષ્ય-બૃહસ્પતિ; આશ્લેષા-સર્પ; મઘા-પિતૃ; પૂર્વાફલ્ગુની-ભગ; ઉત્તરા ફલ્ગુની-અર્યમન્; હસ્ત-સવિતૃ; ચિત્રા-ત્વષ્ટ્રા; સ્વાતિ-વાયુ; વિશાખા-ઇંદ્રાગ્ની; અનુરાધા-મિત્ર; જ્યેષ્ઠા-ઇંદ્ર; મૂલ નિર્ઋતિ; પૂર્વાષાઢા-અપ્; ઉત્તરાષાઢા-વિશ્વેદેવ;

તત્પશ્ચાત્ પૃષ્ઠ ૨૬ ઉપર લખેલી સ્વિષ્ટકૃત્ આહુતિ અને પૃષ્ઠ ૨૬ માં લખેલી ચારે વ્યાહુતિ આહુતિ એમ મળીને પાંચ આહુતિઓ આપવી. પછી બાલકને લઇને તેની માતા આસન પર બરાબર બેસે અને તેનો પિતા બાલકના નાસિકા દ્વારથી નીકળતા વાયુનો સ્પર્શ કરીનેઃ—

कोऽसि कतमोसि को नामासि कस्यासि यस्य ते नामामन्महि यन्त्वा सोमेनातीतृपाम् । भूर्भुवः स्वः सुप्रजाः प्रजाभिः स्या ५ सुवीरो वीरैः सुपोषः पोषैः ॥

यजुः० अ० ७ मं० २९.

(ओं कोऽसि कतमोऽस्येषोस्यमृतोऽसि । आहस्पत्यं मासं प्रविशासौ)

"**असौ**" પદના સ્થાનમાં બાલકનું ઠરાવેલું નામ બોલવું. જો પુત્ર હોય તો નીચે લખ્યા પ્રમાણે બે અથવા ચાર અક્ષરનું ઘોષસંજ્ઞક તથા અંતસ્થ વર્ણ અર્થાત્ પાંચે વર્ગોના પ્રથમ બે અક્ષર છોડીને ત્રીજો, ચોથો, પાંચમો અને ય, ર, લ, વ, એ ચાર અક્ષર નામમાં અવશ્ય આવવા જોઇએ* જેમકેઃ—દેવ અથવા જયદેવ બ્રાહ્મણ હોય તો દેવશર્મા, ક્ષત્રિય હોય તો દેવવર્મા, વૈશ્ય હોય તો દેવગુપ્ત અને શુદ્ર હોય તો દેવદાસ એ પ્રમાણે નામ રાખવું જો પુત્રી હોય તો એક, ત્રણ અથવા પાંચ અક્ષરનું નામ રાખવું જેમકેઃ-**શ્રી હ્રી**, યશોદા, સુખદા, સૌભાગ્યપ્રદા ઇત્યાદિ પછી નિમ્નલિખિત મંત્રો વડે બાલકને જાતકર્મ સંસ્કારની પેઠે આશીર્વાદ દેઃ—

ओं स त्वा न्हे परिददात्वहस्त्वा रात्र्यै परिददातु रात्रिस्त्वाहोरात्राभ्यां परिददात्वहोरात्रौ त्वार्द्धमासेभ्यः परिदत्तामर्द्धमासास्त्वा मासेभ्यः परिददतु मासा-

---

શ્રવણ–વિષ્ણુ; ધનિષ્ઠા–વસુ; શતભિષજ–વરૂણ, પૂર્વાભાદ્રપદા–અજપાદ; ઉત્તરાભાદ્રપદા–અહિર્બુધ્ન્ય; રેવતી–પૂષન.

(**कोऽसि०**) હે પુત્ર ! તું કોણ છે, કેટલામો છે; હે પુત્ર તું અમુક છે તું અમૃત છે. તું પરમાત્માની કૃપાએ દિવસના પતિ માસમાં પ્રવિષ્ટ થા, અર્થાત્ દીર્ઘાયુ થા.

(**कोसि कतमो०**) હે પુત્ર ! તું કોણ છે, કેટલામોછે, કોનો છે, તારૂં નામ શું છે તે અમે પરમાત્માની કૃપાથી જાણીએ, અને તને અનેક પ્રકારના ધનાદિ પદાર્થોથી તૃપ્ત કરીએ કે જેથી તું ભૂમિ અન્તરિક્ષ તથા આદિત્ય લોકના સુખ સમાન આત્મસુખની આશાવાળો, સુપ્રજાવાન તથા પુષ્ટિકારક પદાર્થો વડે વીરાદિ ગુણયુક્ત થાય.

*ग, घ, ङ, ज, झ, ञ, ड, ढ, ण, द, ध, न, ब, भ, म, આ ઘોષ અને **य, र, ल, व**, આ ચાર અંતઃસ્થ અને **ह** એ ઉષ્માક્ષર, આમાંનો એક પણ અક્ષર નામમાં હોવો જોઇએ, અને સ્વરમાંથી કોઇપણ સ્વર હોવો જોઇએ. જેમ (ભદ્રઃ, ભદ્રસેન, દેવદત્ત, ભવ, ભવનાદ, નાગદેવ, રૂદ્રદત્ત, હરિદેવ) ઇત્યાદિ પુરૂષોનાં નામ સમાક્ષર હોવાં જોઇએ, અને સ્ત્રિયોનાં વિષમાક્ષર હોવાં જોઇએ. સ્ત્રિયોનાં નામ અંત્યમાં દીર્ઘ સ્વરવાળાં અથવા તદ્ધિતાન્ત્ય હોવાં જોઇએ. જેમકેઃ-શ્રી, હ્રી, યશોદા, સુખદા, ગાંધારી, સૌભાગ્યવતી, કલ્યાણી, ઇત્યાદિ. પરંતુ સ્ત્રિઓનાં નામ જે મનુ આદિ એ નિષિદ્ધ કહ્યાં છે તેવાં ન રાખવાં જેમકેઃ-

स्त्वर्तुभ्यः परिददत्वृतवस्त्वा संवत्सराय परिददतु संवत्सरस्त्वायुषे जरायै परिददातु असौ ॥

આ પ્રમાણે બાલકનું નામ પાડીને સંસ્કારમાં આવેલાં મનુષ્યોને એ નામ સંભળાવીને ૨૯ પૃષ્ટમાં લખ્યા પ્રમાણે મહાવામ દેવ્યગાન કરવું. તત્પશ્ચાત્ કાર્યાર્થ આવેલા મનુષ્યોનો આદરસત્કાર કરીને તેમને વિદાય કરવાં અને સર્વે જતી વખતે પૃષ્ટ ૩ થી પૃષ્ટ ૫ માં લખ્યા પ્રમાણે ઇશ્વરસ્તુતિપ્રાર્થનોપાસના કરીને બાલકને આશીર્વાદ દો.

हे बालक ! त्वमायुष्मान् वर्चस्वी तेजस्वी श्रीमान् भूयाः ॥

હે બાલક ! તું આયુષ્માન્, વિદ્યાવાન્, ધર્માત્મા, યશસ્વી, પુરૂષાર્થી, પ્રતાપી, પરોપકારી તથા શ્રીમાન્ થા.

॥ इति नामकरण संस्कारविधिः ॥

॥ अथ निष्क्रमणसंस्कारविधिं वक्ष्यामः ॥

બાળકને ઘરમાંથી બહાર, જ્યાંનો વાયુ શુદ્ધ હોય ત્યાં ભ્રમણ કરાવવા-ફેરવવા લઇ જવો તેને નિષ્ક્રમણ કહે છે. આ સંસ્કારનો સમય જ્યારે બાલકની તબિયત સારી અને ઋતુ દિવસ સ્વચ્છ હોય ત્યારે અથવા ચોથા માસમાં અવશ્ય ભ્રમણ કરાવવું. એને માટે પ્રમાણોઃ-

चतुर्थे मासि निष्क्रमणिका सूर्यमदीक्षयति तच्चक्षुरिति ॥ पारस्कर गृ० सू० कां० १ । कं० १७ । ५ । ६ ।

जननाद्यस्तृतीयो ज्यौत्स्नस्तस्य तृतीयायाम् ॥ गोभि० गृ० सू० प्रपा० २ कं० ८ सू० १.

અર્થઃ—નિષ્ક્રમણ સંસ્કાર કાલના બે ભેદ છે. એક બાલકના જન્મ પશ્ચાત્ ત્રીજા શુક્લ પક્ષની તૃતીયાએ અથવા ચોથા માસમાં જે તિથિએ બાલકનો જન્મ થયો હોય તે તિથિએ આ સંસ્કાર કરવો.

नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतनामिकाम् । न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥ मनुस्मृ०अ०३ श्लो० ९

(**ऋक्ष**) રોહિણી, રેવતી ઇત્યાદિ (**वृक्ष**) ચંપા, તુલસી વગેરે, (**नदी**) ગંગા, યમુના, સરસ્વતી વગેરે. (**अन्त्य**) ચાંડાલી ઇત્યાદિ, (**पर्वत**) વિંધ્યાચળા, હિમાલયા ઇત્યાદિ, (**पक्षी**) કોકિલા, હંસી ઇત્યાદિ (**अहि**) સર્પિણી, નાગી ઇત્યાદિ (**प्रेष्य**) દાસી, કિંકરી ઇત્યાદિ (**भीषण**) ભીમા, ભયંકરી, ચંડિકા ઇત્યાદિ નામો નિષિદ્ધ છે.

(**स्त्वाहे०**) આ મંત્રનો અર્થ ૬૦ પૃષ્ટ ઉપર આપવામાં આવ્યો છે.

આ સંસ્કારને દિવસે પ્રાતઃકાલે સૂર્યોદય પછી બાલકને શુદ્ધ જલ વડે સ્નાન કરાવી શુદ્ધ સુંદર વસ્ત્ર પહેરાવીને તેની માતા યજ્ઞશાલામાં લઈ આવે; અને પતિની જમણી બાજુએ થઇને તેની સામે આવી બાલકને પોતાના હાથમાં ચત્તો ઉત્તર તરફનું માથું રાખી પતિના હાથમાં આપે પછી તેજ રસ્તે પાછી આવી પતિના ડાબી બાજુમાં આવીને ઉભી રહે અને પતિ નિમ્નાલિખિત મંત્રો વડે ઇશ્વરની પ્રાર્થના કરેઃ—

‡ **ओं यत्ते सुसीमे हृदय ँ हितमन्तः प्रजापतौ । वेदाहं मन्ये तद् ब्रह्म माहं पौत्रमघं निगाम् ॥ १ ॥ ओं यत्पृथिव्या अनामृतं दिवि चन्द्रमसि श्रितम् ॥ वेदामृतस्याह नाममाहं पौत्रमघ ँ रिषम् ॥ २ ॥ ओं इन्द्राग्नी शर्म यच्छतं प्रजापती यथायन्न प्रणीयेत पुत्रो जनित्र्या अधि ॥ ३ ॥**

આ પ્રમાણે પ્રાર્થના કરી રહે એટલે સ્ત્રીએ બેસી જવું. ત્યારબાદ પૃષ્ઠ ૩ થી પૃષ્ઠ ૩૦ સૂધીનો ઇશ્વિરોપાસના, સ્વસ્તિવાચન, શાંતિપ્રકરણ આદિ સામાન્ય પ્રકરણોક્ત સઘળો વિધિ કરીને પુત્રના તરફ જોઈ નિમ્નલિખિત ત્રણ મંત્રો વડે પુત્રના માથાંને સ્પર્શ કરવો.

ओं अङ्गादङ्गात्सम्भवसि हृदयादधिजायसे । आत्मा वै पुत्रनामासि स जीव शरदः शतम् ॥ १ ॥ ओं प्रजापतेष्ट्वा हिंकारेणावजिघ्रामि । सहस्रायुषाऽसौ जीव शरदः शतम् ॥ २ ॥ गवां त्वा हिंकारेणावजिघ्रामि । सहस्रायुषोऽसौ जीव शरदः शतम् ॥ ३ ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ નિમ્નલિખિત મંત્ર બાલકના જમણા કાન આગળ પોતાનું મુખ રાખીને પિતા બોલેઃ—

ओं अस्मे प्रयन्धि मघवन्नृजीषिन्निन्द्र रायो विश्ववारस्य भूरेः अस्मे शत ँ शारदो जीवसे धा अस्मे वीराञ्छश्वत इन्द्र शिप्रिन् ॥१॥ ऋ० मं० ३ अ० ३ सू० ३६ मं० १०

નિમ્નલિખિત મંત્ર બાલકના ડાબા કાનમાં જપવોઃ—

ओं इन्द्र श्रेष्ठानि द्रविणानि धेहि चित्तिं दक्षस्य सुभगत्वमस्मे । पोषं रयीणामरिष्टिं तनूनां स्वाद्मानं वाचः सुदिनत्वमह्नाम् ॥ ३ ॥ ऋ० अ० २ मं० ३ सू० २१ मं० ६ ।

---

‡ આ મંત્રોના અર્થ ઉપર આપવામાં આવ્યા છે.

(**प्रजापतेष्ट्वा०**) હે પુત્ર! પ્રજા પાલક પરમાત્મા તને દીર્ઘાયુ કરી સો શરત્કાલ સુધી જીવાડો.

(**गवांत्वा०**) હે પુત્ર! જેમ ગાય પોતાના વાછરડાને પ્રેમથી સૂંઘે છે તેમ હું તારૂં મસ્તિષ્ક સુંઘું છું. તું દીર્ઘાયું થઇ સો શરદઋતુ સુધી જીવ.

(**अस्मेप्रयन्धि०** તથા **इन्द्रश्रेष्ठानि०**) આ બે મંત્રોના અર્થ ૫૮ પૃષ્ઠ ના ઉપર આપવામાં આવ્યા છે.

આ પ્રમાણે મંત્ર બોલી રહ્યા પછી બાળકને તેની માતાના હાથમાં ઉત્તરમાં બાલકનું માથું રાખીને આપવું. અને સ્ત્રીના માથાને પોતાનો હાથ કંઇ બોલ્યા વિના અડકાડવો. પશ્ચાત્ આનંદપૂર્વક ઉઠીને બાલકને સૂર્યદર્શન કરાવવું અને તે વખતે નિમ્નલિખિત મંત્ર બોલવો:-

ओं तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतꣳ शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ यजुः० अ० ३६ मं० २४

આ મંત્ર બોલીને થોડીવાર બાલકને શુદ્ધ વાયુમાં ભ્રમણ કરાવી યજ્ઞશાલામાં લાવવો. બાદ સર્વે એ:—

त्वं जीव शरदः शतं वर्धमानः ॥

આ વચન બોલીને બાલકને આશીર્વાદ દેવો. તત્પશ્ચાત્ બાલકના માતાપિતા સંસ્કારમાં આવેલાં સ્ત્રીપુરૂષોનો યથાયોગ્ય સત્કાર કરીને વિદાય કરે, પછી જ્યારે રાત્રિમાં ચંદ્રમા પ્રકાશમાન થાય ત્યારે બાલકની માતાને શુદ્ધ તથા ઋતુ અનુસાર વસ્ત્રો પહેરાવી, પતિની જમણી બાજુએથી પતિની સામે આવી બાલકને તેના હાથમાં બાલકનું માથું ઉત્તરમાં રાખી આપે; અને પછી તેજ રસ્તેથી પાછી આવી ડાબી બાજુએ આવી પોતાની અંજલી પાણીથી ભરી ચંદ્રની સન્મુખ ઉભા રહી:—

ओं यददश्चन्द्रमसि कृष्णं पृथिव्याहृदयꣳ श्रितम् । तदहं विद्वाꣳ स्तत्पश्यन्माहं पौत्रमघꣳ रुदम् ॥ १ ॥

આ મંત્ર વડે પરમાત્માની સ્તુતી કરીને જલ પૃથ્વી ઉપર છોડી દેવું. પશ્ચાત્ બાલકની માતા ફરીથી પતિની પાછળ થઇ પતિના જમણા ભાગમાં થઇને સન્મુખ આવી, પતિના હાથમાંથી પુત્રને લઇ, તેજ રસ્તે પાછી ડાબી બાજુએ આવી બાલકનું ઉત્તર તરફનું માથું રાખી ઉભી રહે અને બાલકનો પિતા પોતાની અંજલી જલથી ભરીને (**ओं यददश्च०**) એજ મંત્રવડે પરમેશ્વરની પ્રાર્થના કરીને જલને પૃથ્વીપર નાંખી દે અને બન્ને જણે પ્રસન્ન વદને ઘરમાં જવું.

इति निष्क्रमणसंस्कारविधिः ।

(**तच्चक्षु०**) હે પરમાત્મન્ ! આપની કૃપા તથા વિજ્ઞાનવડે આપની રચનાને જોઇ, આપની સાથે યુક્ત થઇને, નિરોગી બની સમસ્ત ઇન્દ્રિયો સહિત સો વર્ષ સુધી જીવિયે; સત્યશાસ્ત્રો તથા આપના ગુણો સાંભળીએ; વેદાદિને ભણાવીએ તથા સત્યનો ઉપદેશ કરીએ. કદી પણ કોઈ વસ્તુને માટે પરાધીન ન થતાં સ્વતંત્ર રહીને નિરન્તર આનંદિત રહીએ અને બીજાઓને આનંદિત કરીએ.

(**यददश्चन्द्र०**) આ મંત્રનો અર્થ ઉપર આપવામાં આવ્યો છે.

॥ अथान्नप्राशनविधिं वक्ष्यामः ॥

બાલકની શક્તિ જ્યારે અન્ન પચાવવા યોગ્ય થાય ત્યારેજ અન્નપાશન સંસ્કાર કરવો:-

षष्ठे मास्यन्नप्राशनम् ॥ १ ॥ घृतौदनं तेजस्कामः ॥ २ ॥ दधिमधुघृतमिश्रितमन्नं प्राशयेत् ॥ ३ ॥ आश्व० गृ० सू० अ० १ कं० १६ सू० १-४-५.

આજ પ્રમાણે પારસ્કરાદિ ગૃહ્યસૂત્રોમાં પણ છે.

છઠ્ઠે મહિને બાલકને અન્ન પ્રાશન કરાવવું. અને પોતાના બાલકને તેજસ્વી કરવું હોય તેણે ઘી અને ભાત અથવા દહીં, ઘી તથા મધ એ ત્રણેની સાથે ભાત મેળવીને ખવરાવવો. આ સંસ્કારને દિવસે નિમ્નલિખિત વિધિ કરવો. પ્રથમ પૃષ્ઠ ૩ થી પૃષ્ઠ ૩૦ સુધીમાં લખ્યા પ્રમાણેનો ઇશ્વર પ્રાર્થના શાંતિપ્રકરણ, સ્વસ્તિવાચન, અગ્ન્યાધાન, સમિદાધાન, જલ પ્રોક્ષણ, આધારાવાજ્ય, ભાગાહુતિ, વ્યાહૃતિ, આહુતિ વગેરે સંપૂર્ણ વિધિ કરીને જે દિવસે બાલકનો જન્મ થયો હોય તેજ દિવસે અર્થાત્ તે તિથિએ આ સંસ્કાર કરવો; અને નીચે લખ્યા પ્રમાણે ભાત તૈયાર કરવો:—

ओं प्राणाय त्वा जुष्टं प्रोक्षामि । ओं अपानाय त्वा० । ओं चक्षुषे त्वा० । ओं श्रोत्राय त्वा० ओं अग्नये स्विष्टकृते त्वा० ॥

આ પાંચે મંત્રોનો ભાવાર્થ એ છે કે ચોખાને ધોઇ બરાબર શુદ્ધ કરીને પકવવા; અને શીઝતી વખતે ભાતમાં યથાયોગ્ય ઘી નાંખી દેવું જ્યારે બરાબર શીઝી રહે ત્યારે ઉતારી તેને ઠંડો પડવા દઇ પછી હોમ સ્થાલીમાં નિમ્નલિખિત મન્ત્રોવડે કાઢવો:—

ओं प्राणाय त्वा जुष्टं निर्वपामि। ओं अपानाय त्वा० । ओं० चक्षुषे त्वा० । ओं श्रोत्राय त्वा० । ओं अग्नये स्विष्टकृते त्वा० ॥

આ પાંચ મંત્રોવડે કાર્ય કર્ત્તા યજમાને પુરોહિત તથા ઋત્વિજોને પૃથક્ પૃથક્ પાત્રોમાં ભાત કાઢી આપવો અને પોતે પણ લેવો. પછી નિમ્ન લિખિત મંત્રો વડે તે ભાતમાંથી આહુતિ આપવી.

दे॒वीं वाच॑मजनयन्त दे॒वास्तां वि॒श्वरू॑पाः प॒शवो॑ वदन्ति । सा नो॑ म॒न्द्रेष॒मूर्जं॒ दुहा॑ना धे॒नुर्वाग॒स्मानुप॒ सुष्टु॒तैतु॒ स्वाहा॑ ॥ इदं वाचे इदन्न मम ॥

ऋ० मं० ८ अ० १० सू० १०० मं० ११

(**देवी वाच०**) હે પ્રણાધિપતિ પરમાત્મન્! ઉત્તમ વાણી, રસભરિત અન્ન અને વીર આદિ ગુણવાન્ સંતતિ અમને પ્રાપ્ત થાય એવી કૃપા કરો.

ओं वाजो नोऽअद्य प्रसुवाति दानं वाजो देवाँ ऋतुभिः कल्पयाति । वाजो हि मा सर्ववीरं जजान विश्वा आशा वाजपतिर्जयेयः स्वाहा । इदं वाचे वाजाय-इदन्न मम ॥ यजुः० अ० १८ मं० ३३.

આ બે મંત્રોવડે બે આહુતિ આપવી. પશ્ચાત્ એજ ભાતમાં ઘી નાંખીનેઃ—

ओं प्राणेनान्नमशीय स्वाहा इदं । प्राणायइदन्न मम ॥ १ ॥ ओं अपानेन गन्धानशीयस्वाहा । इदमपानाय इदन्न मम ॥ २ ॥ ओं चक्षुषा रूपाण्यशीय स्वाहा । इदं चक्षुषे-इदन्न मम ॥ ३ ॥ ओं श्रोत्रेण यशोऽशीय स्वाहा । इदं श्रोत्राय इदन्न मम ॥ ४ ॥ सौत्रमन्त्रः ॥

આ મંત્રોવડે ચાર આહુતિ આપીને (**ओं यदस्य कर्मणो०**) પૃષ્ઠ ૨૬ ઉપર લખ્યા પ્રમાણેની સ્વિષ્ટકૃત આહુતિ એક તથા પૃષ્ઠ ૨૬ ઉપર લખેલી વ્યાહૃતિ આહુતિ ચાર અને પૃષ્ઠ ૨૭ ઉપર લખેલી (**ओं त्वन्नो अग्ने०**) ઇત્યાદિ વડે આઠ આજ્યાહુતિ મળીને બાર આહુતિઓ આપવી, તત્પશ્ચાત્ આહુતિ આપતાં વધેલા ભાતમાં દહીં, મધ તથા ઘી યથાયોગ્ય મેળવી, બીજા સુગંધયુક્ત ભાત સાથે મેળવી બાલકને રૂચિ પ્રમાણે નિમ્નલિખિત મંત્ર વડે ખવરાવવોઃ—

ओं अन्नपतेऽन्नस्य नो देह्यनमीवस्य शुष्मिणः । प्रप्रदातारं तारिष ऊर्ज्जं नो धे हि द्विपदे चतुष्पदे ॥ यजुः० अ० ११ मं० ८३.

આ મંત્ર વડે ભાત ખવરાવી બાલકનું મુખ ધોઇ પોતાના હાથ ધોઇ નાંખવા પશ્ચાત્ પૃષ્ઠ ૩૦ માં લખ્યા પ્રમાણે મહાવામદેવ્યગાન કરીને બાલકનાં માતાપતા તથા અન્ય વૃદ્ધ સ્ત્રી પુરૂષો સંસ્કારમાં આવ્યાં હોય તેમણે પરમાત્માની પ્રાર્થના કરીનેઃ—

त्वमन्नपतिरन्नादो वर्धमानो भूयाः ॥

આ વાક્ય બોલીને બાલકને આશીર્વાદ દે, પછી સંસ્કારમાં આવેલા પુરૂષોનો સત્કાર બાલકનો પિતા અને સ્ત્રિઓનો બાલકની માતાએ કરીને તેમને સત્કારપૂર્વક વિદાય કરવાં.

॥ इत्यन्नप्राशनसंस्कारविधिः ॥

(**वाजो नो०**) હે અન્નપતે ભગવન્! જેમ જગતમાં સર્વ પદાર્થોમાં અન્ન અત્યન્ત પ્રશંસાયોગ્ય છે, તેમજ આ મારા પુત્રને આ અન્નના જેવા ગુણવાળો કરો, કે જેથી તે પરાક્રમાદિ ગુણસંપન્ન થઇ વિજય પ્રાપ્ત કરે.

(**प्राणेनान्न०**) હે બાલક ! તું પ્રાણવડે અન્ન ખા. (**अपानेन०**) અપાનવડે ગંધનો ઉપભોગ કર. (**चुक्षुषा०**) ચક્ષુવડે રૂપનો ઉપભોગ કર (**श्रोत्रेण०**) શ્રોત્ર વડે યશ સાંભળ. (બાલકને એવો ખોરાક ખવરાવવો કે જેથી તેના પ્રાણ બલવાન્ થાય, ચક્ષુનું તેજ કાયમ રહે. ટુંકામાં બળ, બુદ્ધિ તથા સ્મૃતિવર્દ્ધક ખોરાક હમેશાં આપવો જોઇએ. ભાષાન્તર કર્ત્તા.)

(**अन्नपते०**) હે અન્નપતે ! આપ અમને બલકારી તથા રોગ નાશક અન્ન સદૈવ આપો. સુખ, દુઃખોથી ઉદ્ધાર કરનાર અન્નનો દાતા મારૂં બાલક થાય; તથા અમને અમારે તથા પશુઓને માટે પરાક્રમ યુક્ત, બલિ દાતા અન્ન આપ.

(**त्वमन्नपति०**) હે બાલક! તું અન્નપતિ અર્થાત્ અન્નનો માલિક થઇ બલિષ્ઠ થઇને દીર્ઘાયુ થા.

॥ अथ चूडाकर्मसंस्कारविधिं वक्ष्यामः ॥

આ ચૂડાકર્મ સંસ્કાર આઠમો છે; એને કેશચ્છેદન સંસ્કાર પણ કહે છે. એને માટે આશ્વલાયનનો મત આ પ્રમાણે છેઃ—

तृतीये वर्षे चौलम् ॥ १ ॥ उत्तरतोऽग्नेर्व्रीहियवमाषतिलानां (पृथक्पूर्ण इत्यपि) शरावाणि निदधाति ॥२॥ आश्व० गृ० सू० अ० १ कं० १७ सू० १-२

सांवत्सरिकस्य चूडाकरणम् ॥ पार० गृ० सू० कां २ कं० १ । सू० १ ।

આ પ્રમાણે ગોભિલીય ગૃહ્યસૂત્રનો પણ મત છે. આ ચૂડાકર્મ અર્થાત્ મુંડન બાલકના જન્મથી ત્રીજા વર્ષે અથવા પ્રથમ વર્ષમાં, ઉત્તરાયણકાલ શુક્લપક્ષમાં જે દિવસે શુભ દિવસ (વાદળાં વગેરેથી આચ્છાદિત ન હોય તથા પવન ઘણો ન ચાલતો હોય એવા દિવસને શુભ દિવસ કહેવો) હોય ત્યારે આ સંસ્કાર કરવો. વિધિઃ—

પ્રથમ કુંડ તૈયાર કરાવી, સમિધા તથા પાણી આજ્યસ્થાલી વગેરે તૈયાર રાખવું. પછીથી માટીનાં ચાર કોડિયાં અગર ખાખરી કે બીજા કોઇ પાંદડાંના પડિયા લઇને એકમાં ચોખા, બીજામાં જવ, ત્રીજામાં અડદ અને તલ ભરીને વેદિની ઉત્તર દિશામાં મૂકવાં; અને પછી પૃષ્ઠ ૩ થી લખેલી ઈશ્વર પ્રાર્થના, સ્વસ્તિ વાચન તથા શાંતિપ્રકરણ તથા અગ્ન્યાધાન, સમિદાધાન અને ઘૃતની પંચાહુતિ આપ્યા બાદ કુંડની ચારે બાજુએ જલપ્રોક્ષણ કરીને આઘારાવાજ્ય ભાગાહુતિ ચાર અને વ્યાહૃતિ આહુતિ ચાર તથા પૃષ્ઠ ૨૭ માં લખેલી (**त्वन्नो अग्ने०**) ઇત્યાદિ આઠ મળસોળ ઘૃતાહુતિ આપવી. પછી પૃષ્ઠ ૨૭ માં લખેલી (**ओं भूर्भुवःस्वः** તથા **अग्न आयूंषि०**) ઇત્યાદિ મંત્રો વડે ચાર આજ્યાહુતિ પ્રધાન હોમની આપી, ફરીથી વ્યાહૃતિ આહુતિ ચાર તથા સ્વિષ્ટકૃત્ આહુતિ એક મળી પાંચ ઘીની આહુતિ આપવી. આટલું કાર્ય કર્યા પછી કાર્ય કર્તા યજમાને પરમાત્માનું ધ્યાન ધરી હજામના સામું જોઈ બાલકને તેના સામું બેસાડી પોતે બાલકની પાછળ બેસેઃ—

ओं आयमगन्त्सविता क्षुरेणोष्णेन वाय उदकेनेहि । आदित्या रुद्रा वसव उन्दन्तु सचेतसः सोमस्य राज्ञो वपत प्रचेतसः अथर्व० कां० सू० ६८ मं० १ ॥

આ મંત્ર વડે બાલકના પિતાએ કિંચિત્ ઉષ્ણ અને કિંચિત્ ટાઢું પાણી બે પાત્રોમાં લઇને (**उष्णेन वाय उदकेनेधि**) આ મંત્ર બોલી તે બંને પાત્રમાંનું જલ એકમાં કરી

(**आयमग०**) હે સર્વ પ્રેરક સવિતા પરમાત્મન્! આ અસ્ત્રાને ધારવાળો કરજે; હે વાયો! તું આ ગરમ જલની સાથે આવ એને જેવું જોઇએ તેવું રાખજે. હે આદિત્ય, રુદ્ર તથા વસુ પરમાત્મન્! આપ આ બાલકનું શિર આર્દ્ર કરો. વરુણના સમાન આર્દ્ર,સોમ સમાન શીતલ અને દીપ્તિમાન અસ્ત્રા વડે આ બાલકના કેશ દૂર કરો.

નાખવું પછી થોડું પાણી અને થોડું માખણ અથવા દહીંની ઉપરની મલાઇ લઇઃ—

ओं अदितिः श्मश्रु वपत्वाप उन्दन्तु वर्चसा । चिकित्सतु प्रजापतिर्दीर्घायुत्वाय चक्षसे ॥ १ ॥ अथर्व० कां० ६ सू० ६८ मं० २.

ओं सवित्रा प्रसूता दैव्या आप उन्दन्तु । ते तनूं दीर्घायुत्वाय वर्चसे ॥२॥ सौत्रमन्त्रः ॥

આ મંત્રો બોલી બાલકના માથામાં તે પાણી તથા માખણ ઘસવું અને વાળને બરાબર પલાળવા. પશ્ચાત્ કાંસકી વડે વાળને ઓળીને એકઠા કરવા. પછી નિમ્નલિખિત મંત્ર બોલી ત્રણ દર્ભ લેવાઃ—

ओं ओषधे त्रायस्वैनꣳ मैनꣳ हिꣳसीः ॥ यजु० अ० ६ मं० १५ ॥

પછી જમણી બાજુના વાળ હાથમાં ઝાલીનેઃ—

ओं विष्णोर्दꣳष्ट्रोसि सा० मं० ब्रा० प्र० १ खं० ६ मं० ४

આ મંત્ર બોલી અસ્ત્રા સામું જોઇઃ—

ओं शिवो नामासि स्वधितिस्ते पिता नमस्ते अस्तु मामा हिꣳसीः॥ यजुः० अ० ३ मं० ६३ पूर्वार्द्धः ॥

આ મંત્રનો જપ કરી અસ્ત્રાને જમણા હાથમાં લઇઃ—

ओं स्वधिते मैनꣳ हिꣳसीः यजुः० अ० ७ मं० १५

ओं निवर्त्तयाम्यायुषेऽन्नाद्याय प्रजननाय रायस्पोषाय सुप्रजास्त्वाय सुवीर्याय ॥ यजुः० अ० ३ मं० ६३ उत्तरार्द्धः ॥

(**अदिति०**) અવિનાશી પરમાત્મા દીર્ઘાયુષ અને દીર્ઘદૃષ્ટિને માટે આ બાલકના કેશનું વપન થાઓ, સર્વવ્યાપક પરમાત્મા પોતાના તેજવડે તેના કેશને આર્દ્ર કરો, તથા પ્રજાપતિ પરમાત્મા તેને થતા રોગોમાંથી બચાવો.

(**सवित्रा**) સૂર્યવડે ઉત્પન્ન થયેલું દિવ્ય જલ તને આર્દ્ર કરો; અને તને વર્ચસ્વી તથા દીર્ઘાયુ કરો.

(**ओषधे०**) હે ઓષધે ! તું આ બાલકની રક્ષા કર.

(**शिवोनामासि०**) હે પરમાત્મન્ ! તારૂં નામ–શિવ–સુખદાયક છે. તું અવિનાશી હોવાથી વજ્રમય છે. તને મારા નમસ્કાર છે તું મારૂં રક્ષણ કર.

(**स्वधिते०**) હે અવિનાશી પરમાત્મન્ ! આ બાલકની રક્ષા કર.

(**निवर्त्तया०**) હે પરમાત્મન્ ! આ બાલકને દીર્ઘાયુ, અન્નાદિ પદાર્થોનો સ્વામી, તથા પ્રજાવાન્, બલવાન્ શરીર તથા આત્માવાળો, અને સુવર્ણ તથા વિદ્યા આદિ ઉત્તમ ધનો વડે પુષ્ટ કર.

આ બન્ને મંત્રો બોલી અસ્રો તથા દર્ભ વાળની પાસે લઇ જઈ:—

ओं येनावपत्सविता क्षुरेण सोमस्य राज्ञो वरुणस्य विद्वान्। तेनं ब्रह्माणो वपते दमस्य गोमानश्ववानयमस्तु प्रजावान् ॥ अथ० कां० ६० सू० ६८ मं० ३

આ મંત્ર બોલી દર્ભસહિત તે વાળને કાપવા† અને એ કાપેલા વાળ અને દર્ભ શમી વૃક્ષના પાંદડા સહિત (પ્રથમથી લાવી રાખી, અહીં મૂકવાં જોઇએ) બાલકનાં માતાપિતા એક શકોરામાં મુકે. જો કેશ છેદન વખતે કોઇ વાળ ઉડીને બહાર પડયો હોય તો તે છાણ વડે ઉઠાવીને તે શકોરાંમાં અથવા તેની પાસે મુકવો. તત્પશ્ચાત્:—

ओं येन धाता बृहस्पतेरग्नेरिन्द्रस्य चायुषेऽवपत्। तेन त आयुषे वपामि सुश्लोक्याय स्वस्तये आश्व० गृ० सू० अ० १ कं० १७ सौ० मं० १२

આ મંત્ર વડે બીજી વાર બીજી બાજુના વાળ કાપી એજ પ્રમાણે શકોરામાં મૂકવા. તત્પશ્ચાત્:—

ओं येन भूयश्च रात्र्यं ज्योक् च पश्यति सूर्यम्। तेन त आयुषे वपामि सुश्लोक्याय स्वस्तये ॥ आश्व० गृ० सू० अ० १ कं० १७ सौ० मं० १२

આ મંત્ર વડે ત્રીજી વાર એજ પ્રમાણે કેશ કાપી ઉપર લખેલા ત્રણે મંત્રો, " **ओं येनावपत्०** " " **ओं येनधाता०** " " **ओं येनभूयश्च०** " અને

येन पूषा बृहस्पतेर्वायोरिन्द्रस्य चात्रपत। तेन ते वपामि ब्रह्मणा जीवातवे जीवनाय दीर्घायुष्ट्वाय ॥ सा० मं० ब्रा० प्रपा० १ खं० ६ मं० ७

આ પ્રમાણે ચાર મંત્રોવડે ચોથી વાર કેશ કાપવા અર્થાત્ પ્રથમ દક્ષિણ બાજુના કેશ કાપવાનો વિધિ પૂરો થયા પછી ડાબી બાજુના કેશ કાપવાનો વિધિ કરવો. તત્પશ્ચાત્ પછવાડેના તથા આગલના વાળ કાપવા. પરંતુ ચોથી વાર વાળ કાપતી વખતે " **येन पूषा०** " ને બદલે નિમ્નલિખિત મંત્ર બોલવો:—

(**येनावपत्**) જેવી રીતે સૂર્ય કિરણો વડે ઔષધિના રસ તથા જલને વૃષ્ટિદ્વારા પૃથ્વી ઉપર મોકલે છે, તેમ કેશનું ધીરે ધીરે (બાલકના પિતાએ) છેદન કરવું. જગત્ પિતા પરમાત્માની કૃપાથી આ બાલક વિદ્વાન્ થાય એજ હેતુથી વિદ્વાનો કેશનું વપન કરે એથી એને સુખ થાય. બાલક આયુષ્યમાન્ થઈ સુખ પૂર્વક સો વર્ષ સુધી જીવો.

† કેશ છેદનની રીતિ આ પ્રમાણે છેઃ—દર્ભ તથા કેશ બંને યુક્તિથી પકડીને વાળને અસ્ત્રા વડે અથવા કાતર વડે કાપવા.

(**येन धाता० येन भूयश्च०**) જે સામર્થ્યવડે ધાતા પરમેશ્વરે બૃહસ્પતિ, બ્રહ્માંડ, અગ્નિ, સૂર્ય એમના આયુષ્યને માટે નિયમ સ્થાપિત કર્યા છે, તે પરમાત્માના સામર્થ્ય વડે હે બાલક! તારા આયુ, ઉત્તમ વિદ્યા તથા કલ્યાણને માટે તારા કેશનું છેદન કરૂં છું.

(**येन पूषा०**) હે બાલક ! જે સામર્થ્યે વડે પુષ્ટિકારક પરમાત્માએ બૃહસ્પતિ, વાયુ તથા સૂર્ય એમના આયુષ્યને માટે નિયમ સ્થાપિત કર્યા છે, તે વડે હું તારા આરોગ્ય જીવન, દીર્ઘાયુ તથા તેજ વૃદ્ધિ અર્થે તારા કેશનું છેદન કરૂં છું.

ओं येन भूरिश्चरादिवं ज्योक् च पश्चाद्धि सूर्यम् । तेन ते वपामि ब्रह्मणा जीवातवे जीवनाय सुश्लोक्याय स्वस्तये ॥ १ ॥ पार० गृ० सू० कां० २ कं० १ सो० मं० १६.

આ પ્રમાણે કેશ છેદન થઇ રહ્યા પછીઃ--

त्र्यायुषं जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् । यद्देवेषु त्र्यायुषं तन्नो ऽअस्तु त्र्यायुषम् यजुः० अ० ३ मं० ६२

આ એક મંત્ર બોલી માથાની પાછળના વાળ કાપી એજ મંત્ર ફરીથી બોલી બાલકના માથા ઉપર પોતાનો હાથ ઉંધો ફેરવવો અને પછી અસ્ત્રો હજામના હાથમાં આપી દેવો. અનેઃ-

ओं यत् क्षुरेणमर्चयता सुपेशसा वप्ता वपसि केशान् । शुन्धि शिरो मास्यायुः प्रमोषीः ॥ अथर्व० कां० ८ अ १ सू० २ मं १७

આ મંત્ર બોલી હજામની પાસે અસ્ત્રાને પથરીપર સારી ધાર કઢાવી બાલકના પિતાએ હજામને કહેવું કે આ શીતોષ્ણ જલ વડે બાલકનું માથું સારી રીતે હલકા હાથે ભિંજવીને સાવધાનીથી કંઇ અસ્ત્રો લાગે નહીં તેવી રીતે મુંડ. આટલું કહીને કુંડની ઉત્તર દિશામાં હજામને બેસાડી તેના સામો બાલકને પૂર્વાભિમુખ બેસાડી માથામાં જેટલા વાળ રાખવા હોય તેટલા રાખી બાકીના મુંડાવી નાંખવા. અથવા પ્રથમ વાળ બધા કઢાવી નંખાવી પછીથી બીજી વારના ઉગે તે રખાવવા. જ્યારે ક્ષૌર થઇ રહે ત્યાર પછી કુંડની પાસે મૂકેલાં કોડીયાં માંના પદાર્થો હજામને આપી દેવા અને મુંડન કરેલા વાળ, તથા દર્ભ, છાણ, શમીપત્ર વગેરે પણ હજામને લઇ જવા કહેવું. તે વાળ તથા દર્ભ વગેરે હજામે લઇ જઇને જંગલમાં એક ખાડો ખોદી તેમાં દાટી દેઇ ઉપર માટી નાંખવી અથવા તળાવ, ગોશાળા કે નદીને કીનારે લઇ જઇને દાટી દેવા અથવા હજામની સાથે કોઇને મોકલીને તે પ્રમાણે કરાવી લેવું. હજામને વસ્ત્ર તથા ધનથી સંતુષ્ટ કરવો. ક્ષૌર કર્મ પૂર્ણ થયા પછી બાલકના માથામાં માખણ અથવા દહીંની ઉપરની મલાઇ ઘસી શુદ્ધ જલ વડે સ્નાન કરાવી ઉત્તમ વસ્ત્રો પહેરાવી બાલકના પિતાએ તેને પોતાની પાસે શુભાસન ઉપર પૂર્વાભિમુખ બેસાડવો અને પૃષ્ટ ૩૦ માં લખ્યા પ્રમાણે સામવેદનું મહાવામદેવ્યગાન કરી બાલકની માતા સ્ત્રિઓનો અને પિતા પુરૂષોનો યથા યોગ્ય સત્કાર કરી તેમને વિદાય કરે; તેઓએ જતી વખતે પરમેશ્વરનું ધ્યાન ધરવુંઃ--

ओं त्वं जीव शरदः शतं वर्धमानः ॥

આ પ્રમાણે બોલી બાલકને આશીર્વાદ દેવો. અને પોતાને ઘેર જવું. બાલકનાં માતાપિતાએ પ્રસન્ન રહી બાલકને પ્રસન્ન રાખવા.

॥ इति चूडाकर्म संस्कारविधि ॥

(**येन भूरिश्च०**) આ મંત્રનો અર્થ પણ (**येन पुषा०**) મંત્રના જેવોજ છે.

(**त्र्यायुषय०**) હે પરમાત્મન્! આપની કૃપા વડે અમે પૂર્વના વિદ્વાનોની પેઠે ત્રણ સો વર્ષ સુધી જીવિયે અને ત્યાં સુધી અમારી નેત્રાદિ ઇંદ્રિયો પણ બળવાન રહે.

(**यत क्षुरेण०**) હે નાપિત(હજામ)! તું સારા ધારવાળા અસ્ત્રા વડે વાળનું છેદન કરેછે. આ બાળકનું માથું વાળ કાઢીને શુદ્ધ (દેદીપ્યમાન્) કર. તેના આયુષ્યને હાનિ ન થાય તેમ કર. (અર્થાત્ હજામને ઘણી સંભાળથી વાળ કાઢવાનું કહેલું છે.)

॥ अथ कर्णवेधसंस्कारविधिं वक्ष्यामः ॥

अत्र प्रमाणम्—कर्णवेधो वर्षे तृतीये पञ्चमे वा ॥ १ ॥ पार० गृ० सू०

બાલકના કર્ણ અથવા નાસિકા વિંધવાનો સમય જન્મથી ત્રીજા અથવા પાંચમા વર્ષમાં છે. જે દિવસ કાન કે નાસિકા વિંધવાને નક્કી કર્યો હોય, તે દિવસે બાલકને પ્રાતઃકાલમાં શુદ્ધ જલ વડે સ્નાન કરાવી વસ્ત્રાલંકાર ધારણ કરાવી બાલકની માતા યજ્ઞશાલામાં લઇ આવે ત્યાર બાદ પૃષ્ઠ ૩ થી પૃષ્ઠ ૩૦ સુધીમાં લખેલો સઘળો વિધિ કરીને બાળકની આગળ કાંઈ ખાવાનો પદાર્થ અથવા રમવાનું કંઇ સાધન મૂકીને:—

ओं भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः । स्थिरैरङ्गैस्तुष्टुवा-ꣳसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥ यजुः० अ० २५ मं० २१

આ મંત્ર બોલીને ચરક સુશ્રુતાદિ વૈદ્યક ગ્રંથોને જાણનાર સદ્વૈદ્ય કે જે નસ આદિ બચાવીને વિંધી શકે તેના હાથે જમણો કાન અથવા નાક વિંધાવવું અને:—

वक्ष्यन्तीवेदा गनीगन्ति कर्णं प्रियꣳसखायं परिषस्वजाना । योषेव शिङ्क्ते वितताधि धन्वञ्ज्या इयꣳसमने पारयन्ती ॥ यजुः० अ० २९ मं० ४० ।

આ મંત્ર બોલીને ડાબો કાન વિંધાવવો. પછી વૈદ્યોએ તે છિદ્રોમાં સળી ઘાલી મૂકવી કે જેથી છિદ્ર પુરાઇ જાય નહિ; અને તેના ઉપર એવી ઓષધી લગાવવી કે જેથી કાન પાકે નહિ અને જલદીથી રૂઝાઇ જાય.

॥ इति कर्णवेधसंस्कारविधिः ॥

॥ अथोपनयन* संस्कारविधिं वक्ष्यामः ॥

अत्र प्रमाणानि—अष्टमे वर्षे ब्राह्मणमुपनयेत् ॥ १ ॥ गर्भाष्टमे वा ॥ २ ॥ एकादशे क्षत्रियम् ॥ द्वादशे वैश्यम् ॥४॥ आषोडशाद् ब्राह्मणस्यानतीतः कालः

(**भद्रं कर्णेभिः**) હે પરમાત્મન્! અમે નિત્ય કાન વડે કલ્યાણની વાતો સાંભળીએ; આંખો વડે આનંદને જોઇએ; તથા સ્થિર—સુદૃઢ—અંગોવડે તારૂં યજન કરીએ તથા તારીજ સ્તુતિ કરીએ; અને એટલા માટે તું અમને હિતકારક—વિઘ્ન રહિત—આયુ પ્રદાન કર.

(**वक्ष्यन्ती०**) હે જગદીશ્વર! અમે વેદાદિવિદ્યાઓને સારી રીતે પ્રાપ્ત કરીએ, તથા તેનો સદા સત્ય ઉપદેશ કરીએ, તથા સર્વ શક્તિમાન્ પરમાત્માની સદા ભક્તિ કરીએ.

*__ઉપ__ સમીપ અને __નયન__—પ્રાપ્ત કરવું અથવા થવું.

॥ ५ ॥ आद्वाविंशात्क्षत्रियस्य, आचतुर्विंशाद्वैश्यस्य, अतऊर्ध्वं पतितसावित्रीका भवन्ति ॥ ६ ॥ आश्व० गृ० सू० अ० १ कं० १९ सू० १-६

આ પ્રમાણે પારસ્કરાદિ ગૃહ્ય સૂત્રોમાં પણ છે.

અર્થઃ--જે દિવસે જન્મ થયો હોય, અથવા જે દિવસે ગર્ભ રહ્યો હોય તેનાથી આઠમે વર્ષે બ્રાહ્મણનો, જન્મ અથવા ગર્ભથી અગીયારમે વર્ષે ક્ષત્રિયનો અને જન્મ અથવા ગર્ભથી બારમા વર્ષમાં વૈશ્યના બાલકનો યજ્ઞોપવીત સંસ્કાર કરવો. બ્રાહ્મણનો સોળમા, ક્ષત્રિયનો બાવીસમા અને વૈશ્યનો ચોવિસમા વર્ષ પહેલાં આ સંસ્કાર થવો જોઇએ. જો એટલી મુદતમાં ન થાય તો પછી તેઓને પતિત માનવા.

ब्रह्मवर्चसकामस्य कार्यं विप्रस्य पञ्चमे ।
राज्ञो बलार्थिनः षष्ठे वैश्यस्येहार्थिनोऽष्टमे ॥ मनुः० अ० २ श्लो० ३७ ॥

અર્થઃ--જેને જલદીથી વિદ્યા, બળ તથા વ્યવહાર કરવાની ઇચ્છા હોય અને જો તે બાલક પણ ભણવામાં સમર્થ હોય તો બ્રાહ્મણના બાળકનો પાંચમે વર્ષે, ક્ષત્રિયના બાલકનો છઠ્ઠે વર્ષે અને વૈશ્યના બાલકનો આઠમે વર્ષે ઉપનયન સંસ્કાર કરવો. પરંતુ જ્યારે બાલકના માતાપિતાનો વિવાહ પૂર્ણ યુવાવસ્થા અર્થાત્ યથાયોગ્ય બ્રહ્મચર્ય પાલન કર્યા પછી થયો હોય તોજ આ વાત સંભવે છે. કારણ કે તેઓનાંજ બાલક એવાં ઉત્તમ બુદ્ધિમાન્ અને ભણવામાં શીઘ્ર બુદ્ધિવાળાં હોય છે. જ્યારે એમ માલૂમ પડે કે બાલકનું શરીર અને બુદ્ધિ ભણવા યોગ્ય થયાં ત્યારે પણ યજ્ઞોપવીત કરે.

યજ્ઞોપવીતનો સમય-ઉત્તરાયણ સૂર્ય અને

वसन्ते ब्राह्मणमुपनयेत् । ग्रीष्मे राजन्यम् । शरदि वैश्यम् । सार्वकालमेके ॥ शतपथब्रा० ॥

અર્થઃ--બ્રાહ્મણનું વસંત, ક્ષત્રિયનું ગ્રીષ્મ અને વૈશ્યનું શરદઋતુમાં યજ્ઞોપવીત કરવું, અથવા સર્વ ઋતુઓમાં ઉપનયન થઈ શકે છે. આ સંસ્કાર પ્રાતઃકાળમાંજ થાય છે.

पयोव्रतो ब्राह्मणो यवागूव्रतो राजन्य आमिक्षाव्रतो वैश्यः ॥ शत० ब्रा० ॥

જે દિવસે બાલકનું યજ્ઞોપવીત કરવું હોય તેનાથી ત્રણ અથવા એક દિવસ પૂર્વે ત્રણ અથવા એક વ્રત બાલકને કરાવવું જોઇએ. એ વ્રતમાં બ્રાહ્મણના છોકરાએ માત્ર દૂધ પીને, ક્ષત્રિયના છોકરાએ જવની રાબ અને વૈશ્યના છોકરાએ શ્રીખંડ ખાઇને રહેવું જોઇએ આ વિના બીજા પદાર્થો નહી ખાવા, જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે ત્યારે ઉપરોક્ત પદાર્થોજ ખાવા બીજા નહીં.

વિધિઃ—જે દિવસે ઉપનયન કરવું હોય તેના આગલા દિવસે બધી સામગ્રી એકઠી કરી બરાબર શોધન કરી લેવું; અને પછી પ્રાતઃકાલમાં વેદિની આસપાસ સામગ્રી તથા સંસ્કારોપયોગી અન્ય પદાર્થો પ્રથમથી યથાસ્થાન મૂકી દેવા પશ્ચાત્ બાલકની હજામત કરાવી શુદ્ધ જલ વડે સ્નાન કરાવી શુદ્ધ વસ્ત્ર પહેરાવી તેને કંઈ મિષ્ટાન્ન ખવરાવી યજ્ઞ મંડપમાં પિતા અથવા આચાર્યે વેદિના પશ્ચિમ ભાગમાં સુંદર આસન ઉપર બેસાડે પછી બાલકના પિતાએ પૃ૪ ૨૨ માં લખ્યા પ્રમાણે ઋત્વિગ્ વરણ કરવું. ત્યારબાદ તે ઋત્વિજો એ પોત

પોતાનાં આસન ઉપર બેસીને બાલકના પિતા સહિત સર્વેએ આચમન તથા ઇંદ્રિયસ્પર્શ નીચે લખ્યા પ્રમાણે કરવો:—

આચમન મંત્ર:—

ओं अमृतोपस्तरणमसि स्वाहा ॥ १ ॥

ओं अमृतापिधानमसि स्वाहा ॥ २ ॥

ओं सत्यं यशः श्रीर्मयि श्रीः श्रयतां स्वाहा ॥ ३ ॥

આ ત્રણ મંત્રો વડે ત્રણ આચમન કરવાં. ત્યાર બાદ નિમ્નલિખિત મંત્રો વડે ઇન્દ્રિય સ્પર્શ કરવો:--

ओं वाङ् मऽआस्येऽस्तु ॥ મુખ,

ओं नसोर्मे प्राणोऽस्तु ॥ નાસિકા,

ओं अक्ष्णोर्मे चक्षुरस्तु ॥ આંખ,

ओं कर्णयोर्मे श्रोत्रमस्तु ॥ કાન,

ओं बाह्वोर्मे बलमस्तु ॥ બાહુ,

ओं उर्वोर्मऽओजोऽस्तु ॥ જંઘા.

ओं अरिष्टानि मे अङ्गानि तनूस्तन्वा मे सह सन्तु ॥

આ મંત્ર વડે આખા શરીર પર જમણા હાથ વડે પાણી છાંટવું. પશ્ચાત્ કાર્ય કર્તા (બાલકનો પિતા અથવા બીજો જે જનોઈ આપવા બેઠો હોય તે) બાલકને મુખે:—

ओं ब्रह्मचर्यमागाम् । ब्रह्मचार्यसानि ॥ सौत्रमन्त्रः ॥

આ પ્રમાણે બોલાવે પછી આચાર્ય*:—

ओं येनेन्द्राय बृहस्पतिर्वासः पर्यदधादमृतम् । तेन त्वा परिदधाम्यायुषे दीर्घायुत्वाय बलाय वर्चसे ॥ १ ॥ सौत्रमन्त्रः ॥

આ મંત્ર બોલી બાલકને સુંદર વસ્ત્ર અને ઉપવસ્ત્ર પહેરાવે. તત્પશ્ચાત્ બાલક આચાર્યની સામે બેસે, અને યજ્ઞોપવીત હાથમાં લઇને:—

(**ब्रह्मचर्य०**) હું બ્રહ્મચર્યાશ્રમને પ્રાપ્ત થાઉં; હું બ્રહ્મચારી થાઉં.

*** उपनीय तु यः शिष्यं वेदमध्यापयेद् द्विजः ।**

सकल्पं सरहस्यं च तमाचार्यं प्रचक्षते ॥ मनु० स्मृ० अ० २ श्लो० १४० ॥

(**येनेन्द्राय०**) જે સામર્થ્યવડે બૃહસ્પતિ પરમાત્માએ સૂર્યને તેજો રૂપ વસ્ત્ર ધારણ કરાવ્યું છે, તથા જગતના મનુષ્યોને માટે અમૃત-મોક્ષ ધારણ કર્યો છે, તે સામર્થ્ય વડે હું તને દીર્ઘાયુ, અત્યંત બલ અને સર્વોત્તમ વિદ્યા પ્રાપ્તિને માટે આ વસ્ત્ર આપીને પરમાત્માની પ્રાર્થના કરૂં છું.

શિષ્યને ઉપનયન સંસ્કાર કરીને તેને સાંગોપાંગ વેદ, તેના શબ્દાર્થ સંબંધ, ક્રિયા શિખવે, તથા પોતે છલ કપટાદિ દોષોથી રહિત હોઇને અતિ પ્રેમથી સર્વેને વિદ્યા દાન

ओं यज्ञोपवीतं परमं पवित्रं प्रजापतेर्यत्सहजं पुरस्तात्। आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेजः ॥ १ ॥ यज्ञोपवीतमसियज्ञस्य त्वा यज्ञोपवीतेनोपनह्यामि ॥ २ ॥ सौत्रमन्त्रः ॥

આ મંત્રો બોલીને આચાર્ય ડાબા ખભા ઉપર કંઠની પાસેથી માથુ વચમાં રહે અને જમણા હાથની બગલની નીચેથી કટિસુધી આવે એવું જનોઇ ધારણ કરાવે. તત્ પશ્ચાત્ બાલકને પોતાની જમણી બાજુએ બેસાડી ઇશ્વરની પ્રાર્થના, ઉપાસના તથા સ્વસ્તિવાચન, શાંતિ પાઠ કરીને નિમ્નલિખિત વિધિ કરે. પ્રથમ દ્વિજને ત્યાંથી અગ્નિ લાવી અથવા તો ઘૃતનો દીપક પ્રકટી તે વડે કપુર સળગાવી તેના ઉપર સમિધાના બારીક કડકા મૂકી અગ્નિ તૈયાર કરવો; અને નિમ્નલિખિત મંત્રવડે અગ્ન્યાધાન કરવું:—

ओं भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवीव वरिम्णा। तस्यास्ते पृथिवि देवयजनि पृष्ठेऽग्निमन्नादमन्नाद्यायादधे ॥ १ ॥ यजुः० अ० ३ मं० ५ ॥

આ પ્રમાણે અગ્ન્યાધાન કરી તેના ઉપર સમિધાના બારીક કટકા મૂકી નિમ્નલિખિત મંત્રવડે વીંઝણાથી અગ્નિ પ્રદીપ્ત કરવો:—

ओं उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते सꣳसृजेथामयं च। अस्मिन्त्सधस्थे ऽअध्युत्तरस्मिन् विश्वेदेवा यजमानश्च सीदत ॥ यजुः० अ० १५ मं० ५४ ॥

અગ્નિ બરાબર પ્રદીપ્ત થાય એટલે ચંદનની ત્રણ સમિધાઓ લઇને ઘૃતમાં બોળી નિમ્નલિખિત મંત્રો વડે એકેક અગ્નિમાં સમર્પવી—

ओं अयं त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्व वर्धस्व चेद्ध वर्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा ॥ इदमग्नये—जातवेदसे—इदन्न मम ॥

આ મંત્ર વડે પહેલી.

ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् ॥ आस्मिन् हव्या जुहोतन स्वाहा

કરતો હોય, પરોપકારી તથા તન, મન, ધનથી સર્વના સુખની વૃદ્ધિમાં તત્પર રહેતો હોય, કોઇનો પક્ષપાત ન કરતો હોય; સત્યોપદેષ્ટા, સર્વનો હિતૈષી, ધર્માત્મા અને જીતેન્દ્રિય હોય તેને આચાર્ય કહે છે. (ભાષાન્તર કર્તા)

(**यज्ञोपवीतं०**) જે પ્રજાપતિ પરમાત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ પરમપવિત્ર યજ્ઞમાં સત્કૃત છે તેની પ્રથમ પ્રાર્થના કરી, આ યજ્ઞોપવીત (જનોઇ) તે પૂજનીય પરમાત્માની ભક્તિ તથા યજ્ઞનું અનુષ્ઠાન કરવાને માટે ધારણ કરૂં છું; તે યજ્ઞોપવીત ઇશ્વરાનુગ્રહવડે દીર્ઘાયુ, શ્રેષ્ઠ ગુણ, બલ તથા તેજનું દાતા થાઓ.

(**यज्ञोपवीतमसि०**) હે પરમાત્મન્! તું યજ્ઞની સમીપમાં વિવિધિ સુખ દેવાને માટે રહે છે. હે શિષ્ય આવા પરમાત્મા તરફ પ્રેમભક્તિ રાખ.

યજ્ઞાદિ દ્રવ્ય યજ્ઞ તથા જ્ઞાનાદિ વિદ્યા યજ્ઞની પ્રાપ્તિને માટે હું તને યજ્ઞોપવીત યુક્ત કરૂં છું.

॥ इदमग्नये–इदन्न मम ॥ सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन । अग्नये जातवेदसे स्वाहा ॥ इदमग्नये जातवेदसे–इदन्नमम ॥ यजु० अ० ३ मं० १–२

આ મંત્રોવડે બીજી.

ओं तन्त्वा समिद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि । बृहच्छोचा यविष्ठ्य स्वाहा ॥ इदमग्नयेऽङ्गिरसे–इदन्न मम ॥ यजुः० अ० ३ मं० ३

આ મંત્ર વડે ત્રીજી સમિધા અગ્નિમાં અર્પવી.

આ પ્રમાણે થયા પછી નિમ્નલિખિત મંત્રવડે પાંચ ઘૃતાહુતિ આપવીઃ—

ओं अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्व वर्धस्वचेद्ध वर्धय चास्मान्प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा ॥ इदमग्नये जातवेदसे इदन्न मम ॥

તત્પશ્ચાત્ વેદિની ચારે તરફ નીચેના મંત્ર વડે જલ પ્રોક્ષણ કરવું:—

ओम् अदितेऽनुमन्यस्व ॥ આનાથી પૂર્વમાં,

ओम् अनुमतेऽनुमन्यस्व ,, પશ્ચિમમાં,

ओम् सरस्वत्यनुमन्यस्व ,, ઉત્તરમાં,

ओं देव सवितः प्रसुव यज्ञं प्रसुव यज्ञपतिं भगाय । दिव्यो गन्धर्वः केतपूः केतं नः पुनातु वाचस्पतिर्वाचं नः स्वदतु ॥ यजुः० अ० ३० मं० १.

આ મંત્ર વડે ચારે તરફ જલ છાંટવું. પછી ચાર આઘારાવાજ્યાહુતિ નીચેના મંત્રો વડે આપવી.

ओं अग्नये स्वाहा ॥ इदमग्नये–इदन्न मम ॥ यजुः० अ० २२ मं० २७

આ મંત્ર વડે વેદિના ઉત્તર ભાગના અગ્નિમાં.

ओं सोमाय स्वाहा ॥ इदंसोमाय–इदन्न मम ॥ यजुः० अ० २२ मं० २७

વેદિના દક્ષિણ ભાગના અગ્નિમાં.

ओं प्रजापतये स्वाहा॥ इदं प्रजापतये–इदन्न मम॥ यजुः० अ० १८ मं० २८

ओं इन्द्राय स्वाहा ॥ इदमिन्द्राय–इदन्न मम ॥ यजु० अ० २२ मं० २७

આ મંત્રો વડે વેદિની મધ્યમાં ઘૃતાહુતિ આપવી ત્યારપછી વ્યાહૃતિ આહુતિ આપવી.

ओं भूरग्नये स्वाहा ॥ इदमग्नये–इदन्न मम ॥

ओं भुववायवे स्वाहा ॥ इदं वायवे–इदन्न मम ॥

ओं स्वरादित्याय स्वाहा ॥ इदमादित्याय इदन्न मम ॥

ओं भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः स्वाहा ॥ इदमग्निवाय्वादित्येभ्यः–इदन्नमम ॥

ઉપરની આહુતિઓ આપ્યા પછી નીચેના મંત્રોવડે આઠ ઘૃતાહુતિ આપવીઃ—

ओं त्वन्नो अग्ने वरुणस्य विद्वान् देवस्य हेडो अवयासिसीष्ठाः । यजिष्ठो वह्नितमः शोशुचानो विश्वाद्वेषांसि प्रमुमुग्ध्यस्मत् स्वाहा ॥ इदमग्नीवरुणाभ्याम्–

इदन्न मम ॥ १ ॥ ओं सत्वन्नो अग्नेऽवमो भवोती नेदिष्ठोऽअस्या उषसो व्युष्टौ । अवयक्ष्व नो वरुणं रराणो वीहि मृडीकं सुहवो न एधि स्वाहा ॥ इदमग्नीवरुणाभ्याम्–इदन्न मम ॥ २ ॥ ऋ० मं० ४ सू० १ मं० ४–५

ओं इमं मे वरुण श्रुधी हवमद्या च मृडय । त्वामवस्युराचके स्वाहा । इदं वरुणाय–इदन्न मम ॥ ३ ॥ ऋ० मं० १ सू० २५ मं० १९

ओं तत्वा यामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः अहेडमानो वरुणेह बोध्युरुशंस । मा न आयुः प्रमोषीः स्वाहा॥ इदं वरुणाय–इदन्न मम ॥४॥ ऋ० मं० १ सू० २४ मं० ११

ओं ये ते शतं वरुणं ये सहस्रं यज्ञियाः पाशा वितता महान्तः । तेभिर्नो अद्य सवितोत विष्णुर्विश्वे मुञ्चन्तु मरुतः स्वर्काः । स्वाहा ॥ इदं वरुणाय सवित्रे विष्णवे विश्वेभ्यो देवेभ्यो मरुद्भ्यः स्वर्केभ्यः–इदन्न मम ॥ ५ ॥

ओं अयाश्चाग्नेऽस्यनभिशस्तिपाश्च सत्यमित्वमयासि । अया नो यज्ञं वहास्यया नो धेहि भेषजं स्वाहा ॥ इदमग्नये अयसे–इदन्न मम ॥ ६ ॥

ओं उदुत्तमं वरुण पाशमस्मदवाधमं विमध्यमं श्रथाय । अथा वयमादित्य व्रते तवानागसोऽदितये स्याम स्वाहा ॥ इदं वरुणायाऽदित्यायाऽदितये च–इदन्न मम ॥ ७ ॥ ऋ० मं० १ सू० २४ मं० १५

ओं भवतन्नः समनसौ सचेतसावरेपसौ । मायज्ञ शहिं सिष्टं मा यज्ञपतिं जातवेदसौ शिवौ भवतमद्य नः स्वाहा ॥ इदं जातवेदोभ्यां–इदन्न मम ॥ ८ ॥ यजु० अ० ५ मं० मं० ३

આ પ્રમાણે એકંદર સોળ આહુતિ આપ્યા પછી નિમ્નલિખિત મન્ત્રો વડે બાલકના હાથે પ્રધાન હોમની આહુતિઓ જે કંઇ વિશેષ શાકલ્ય (ભાત વગેરે) બનાવ્યું હોય તેની આપવી:—પ્રથમ નીચેના મંત્રો વડે ચાર ધૃતાહુતિ આપવી:—

ओं भूर्भुवः स्वः । अग्न आयूंषि पवस आसुवोर्ज्जमिषं च नः । आरे बाधस्व दुच्छुनां स्वाहा ॥ इदमग्नये पवमानाय इदन्न मम ॥ १ ॥ ओं भूर्भुवः स्वः । अग्निऋषिः पवमानः पाञ्चजन्यः पुरोहितः । तमीमहे महागयं स्वाहा ॥ इदमग्नये पवमानाय–इदन्न मम ॥ २ ॥ ओं भूर्भुवः स्वः । अग्ने पवस्व स्वपा अस्मे वर्चः सुवीर्यम् । दधद्रयिं मयि पोषं स्वाहा ॥ इदमग्नये पवमानाय–इदन्न मम ॥ ३ ॥ ऋ० मंड० ९ सू० ६६ मं० १९–२०–२१

ओं भूर्भुवः स्वः। प्रजापते न त्वदेतान्यन्यो विश्वाजातानि परिताबभूव। यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम पतयो रयीणां स्वाहा॥ इदं प्रजापतये—इदन्न मम॥ ८॥ ऋ० मंड० ९ सू० १२१ मं० १०

તત્પશ્ચાત્ નિમ્નલિખિત મંત્ર વડે પ્રધાન હોમની આજ્યાહુતિ તથા શાકલ્યની આહુતિ આપવીઃ—

ओं अग्ने व्रतपते व्रतं चरिष्यामि तत्ते प्रब्रवीमि तच्छकेयम्। तेनर्ध्यासमि दमहमनृतात्सत्समुपैमिस्वाहा॥ इदमग्नये—इदन्न मम॥ १॥ ओं वायो व्रतपते*० स्वाहा॥ इदं वायवे—इदन्नमम॥ २॥ ओं सूर्य व्रतपते० स्वाहा॥ इदं सूर्याय इदन्न मम॥ ३॥ ओं चंद्रव्रतपते० स्वाहा॥ इदं चन्द्राय—इदन्न मम॥ ४॥ ओं व्रतानां व्रतपते० स्वाहा॥ इदमिन्द्राय—व्रतपतये—इदन्न मम॥ ५॥ सा० मं० ब्रा० प्रपा० १ खं० ६—९—१३

આ પાંચ મંત્ર વડે પાંચ આહુતિ અપાવી નીચેના મંત્રવડે વ્યાહૃતિ તથા સ્વિષ્ટકૃત્ અને પ્રાજાપત્યાહુતિ મળીને એકંદર ૭ આહુતિ ઘૃતની આપવીઃ—§

ओं भूरग्नये स्वाहा॥ इदमग्नये—इदन्न मम॥

ओं भुववायवे स्वाहा॥ इदं वायवे—इदन्न मम॥

ओं स्वरादित्याय स्वाहा॥ इदमादित्याय—इदन्न मम॥

ओं भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः स्वाहा॥ इदमग्निवाय्वादित्येभ्यः इदन्न मम॥

ओं यदस्य कर्मणोत्यरीरिचं यद्वान्यूनमिहाकरम्। अग्निष्टत्स्विष्टकृद्विद्यात्सर्वं स्विष्टं सुहुतं करोतु मे। अग्नये स्विष्टकृते सुहुतहुते सर्वप्रायश्चित्ताहुतीनां कामानां समर्द्धयित्रे सर्वान्नः कामान्त्समर्धय स्वाहा॥ इदमग्नये स्विष्टकृते इदन्न मम॥

આ પ્રમાણે બાલકના હાથે પંદર આહુતિ અપાવ્યા પછી આચાર્ય યજ્ઞકુંડની ઉત્તરમાં

(**अग्ने व्रतपते०**) હે વ્રતપતે પરમાત્મન્! હું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરૂં છું, તેનું પાલન યથાર્થ રીતે કરવાને મને સમર્થ કરો. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત્યર્થે આ વ્રત મેં ધારણ કર્યું છે તે મારૂં વ્રત સફળ થાઓ એવી મારી નમ્ર પ્રાર્થના છે.

* **व्रतपते** એની આગળ **सत्यमुपैमि** સુધીનો પૂરો મંત્ર બોલવો.

§ ઉપરના મંત્ર પ્રમાણેજ આગળના મંત્રોનો અર્થ.

હે જ્ઞાન સ્વરૂપ પરમાત્મન્! બ્રહ્મચર્યમાં આગમનના વ્રતવાળા આ બટુ સહિત અમે આચાર્યાદિ તારી ઉપાસના કરીયે છીએ. તું જ એને મનુષ્યોમાં શોભાયુક્ત અને બ્રહ્મચર્યમાં નિયુક્ત કર તેના અરિષ્ટ નાશ પામો અને તે સુખપૂર્વક રહો.

પૂર્વાભિમુખે બેસે અને બાળક આચાર્યની સન્મુખ પશ્ચિમાભિમુખે બેસે ત્યાર બાદ આચાર્ય બાળકના સામું જોઇને નીચેના મંત્રનો જપ કરેઃ—

ओं आगन्त्रा समगन्महि प्रसुमर्त्यं युयोतन । अरिष्टाः । संचरेमहि स्वस्ति चरता दयम् ॥ सा० मं–ब्रा० प्र० खं० ६ मं० १४

ત્યાર પછી બાલકે નીચે પ્રમાણે બોલવુંઃ—

ओं ब्रह्मचर्यमागामुपमानयस्व॥सा०मं०ब्रा०प्र० १ खं० ६ मं० १६ मं० १५

આચાર્ય— **को* नामासि ॥**

બાલક— **एतन्नामास्मि× ॥**

તત્પશ્ચાત્ બાલકની તથા આચાર્યે પોતાની જમણી હસ્તાંજલિ શુદ્ધ જલ વડે નીચેનો મંત્ર બોલી ભરવીઃ—

आपो हिष्ठा मयो भुवस्तानऊर्ज्जे दधातन । महेरणाय चक्षसे॥१॥यो वः शिव तमो रसस्तस्य भाजयते ह नः । उशतीरिव मातरः ॥ तस्मा अरं गमाम वो यस्य क्षयाय जिन्वथ । आपो जनयथा च नः ॥ ३ ॥ यजुः० अ० ११ मं०५०-५१-५२

તત્પશ્ચાત્ નીચેના મંત્ર બોલી આચાર્યએ પોતાની અંજલીનું પાણી બાલકની અંજલીમાં રેડવું.

ओं तत्सवितुर्वृणीमहे वयं देवस्य भोजनम् । श्रेष्ठं सर्वधातमम् । तुरं भगस्य धीमहि ॥ ऋ० मं० ५ अ० ६ सू० ८२ मं० १

આ પ્રમાણે બાલકની અંજલીમાં પોતાની અંજલી ખાલી કરીને બાલકની હસ્તાંજલી અંગુઠ સહિત પકડીને નીચેનો મંત્ર બોલવોઃ—

(**ब्रह्मचर्यमा०**) હે ગુરો ! મેં બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું છે. મને આપની સમીપમાં રાખો. (વિદ્યા પાઠન માટે) મારો સ્વીકાર કરો.

* તારૂં નામ શું છે.

× મારૂં અમુક નામ છે (કોઇનું નામ દેવદત્ત હોય તો આ પ્રમાણે બોલવું. **देवदत्तनामास्मि ॥** ભાષાન્તર કર્તા.)

(**आपोहिष्ठा०**) હે સર્વ વ્યાપક પરમાત્મન્ ! અમને (ગુરૂ તથા શિષ્યને) બલયુક્ત પરાક્રમી કરી તથા સુખદાતા વિદ્યા આપી તેનો ઉપદેશ કરીએ તેવી બુદ્ધિ આપો.

(**यो वः०**) હે પરમાત્મન્ ! આ બ્રહ્મચર્યાશ્રમનો અત્યન્ત સુખકારી આનંદ, જેમ કામનાવાળી માતા પોતાના પુત્રોનું સેવન કરી તેને સુખી કરે છે, તેમ હું આ શિષ્યને પ્રાપ્ત કરાવું.

(**तस्मा अरं०**) હે જગદીશ્વર ! અમને ગૃહસ્થાશ્રમમાં જે તૃપ્તિ વિદ્યાથી મળી છે, તે આ શિષ્યને પ્રાપ્તી કરાવવા હું સમર્થ થાઉં અને તેમાં આપ સહાય થશો.

(**तत्सवितुर्वृ०**) હે જગદુત્પાદક ઇશ્વર ! અમે આપની શરણમાં છિયે આપ અમારા અવિદ્યાદિ દોષોને નાશ કરી અને અમારે માટે વૃષ્ટિદ્વારા ઉત્તમોત્તમ આરોગ્યદાયક અન્ન ઉત્પન્ન કરો.

(**देवस्यत्वा०**) હે બાલક ! જગદુત્પાદક પરમાત્માના બાહુ વડે (સર્વ પ્રકારની પુષ્ટિ કરનારા પરાક્રમરૂપી બાહુ વડે) હું તારા હાથનું ગ્રહણ કરૂં છું.

ओं देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्यां पूष्णो हस्ताभ्यां हस्तं गृह्णाम्यसौ ॥ १ ॥ सा० मं० ब्रा० प्रपा० १ खं० ६ मं० १८

આ મંત્ર બોલીને બાલકની હસ્તાંજલીનું પાણી પાત્રમાં રેડાવી દેવું. આજ પ્રમાણે બીજીવાર બાલકની અંજલી ભરી તેમાં પોતાની અંજલીનું પાણી રેડીને બાલકની હસ્તાંજલી અંગુષ્ઠ સહિત પકડીને:—

ओं सविता ते हस्तमग्रभीत्, असौ॥ सा० मं० ब्रा० प्र० १ खं० ६ मं० १९

આ મંત્ર બોલીને બાલકની અંજલીનું પાણી તરભાણામાં રેડાવી દેવું. વળી ત્રીજીવાર એજ પ્રમાણે અંજલી અંગુષ્ઠ સહિત પકડી:—

ओं अग्निराचार्यस्तव, असौ ॥ १ ॥ प्र० ६ मं० १९

આ મંત્ર બોલીને બાલકની અંજલીનું પાણી તરભાણામાં રેડાવીને મંડપની બહાર આવી સૂર્યની સામે ઉભા રહી આચાર્યે નિમ્નલિખિત બે મંત્ર બોલી બાળકને સૂર્યનું દર્શન કરાવેઃ—

ओं देव सवितरेष ते ब्रह्मचारी तं गोपाय समामृत ॥ १ ॥ सौत्रमंत्रः ॥ तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतꣳशृणुयाम शरदः शतं प्रब्रवामशरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥

આ પ્રમાણે સૂર્યાવલોકન કરાવીને બાલકસહિત આચાર્યે યજ્ઞશાળામાં આવી, કુંડની ઉત્તરમાં બેસીઃ—

ओं युवा सुवासाः परिवीत आगात् स उ श्रेयान् भवति जायमानः । ओं सूर्यस्यावृतमन्वावर्त्तस्व, असौ ॥ ऋ० मं० ३ अ० १ सू० ८ मं० ४

આ મંત્ર બોલવો; અને બાલકે આચાર્યની પ્રદક્ષિણા કરી આચાર્યની સન્મુખ બેસવું.

गृह्णामि-असौ આ ઠેકાણે **असौ** ના સ્થાનમાં બાલકનું નામ સંબોધનાન્ત કરવું જેમ કે **गृह्णामि देवदत्त ॥**

(**सविता०**) હે કુમાર ! પરમાત્માએ તારો હાથ ગ્રહણ કર્યો છે. આ મંત્રમાંનાં **असौ** પદના સ્થાનમાં બાલકનું નામ સંબોધનાન્ત બોલવું.

(**अग्नि०**) હે કુમાર ! જ્ઞાનસ્વરૂપ પરમાત્મા તારા આચાર્ય છે. આ મંત્રમાં પણ **असौ** પદના સ્થાનમાં બાલકનું સંબોધનાન્ત નામ બોલવું.

(**देव सवितरेष०**) હે પરમાત્મન્ ! આ તારો બ્રહ્મચારી છે, તેની તું રક્ષા કર.

(**तच्चक्षुर्देवहितं०**) આ મંત્રનો અર્થ ઉપર આપ્યો છે ત્યાં જોઇ લેવો.

(**युवा सुवासाः**) હે જગદીશ્વર ! આ કુમાર જ્યાં સુધી યુવાવસ્થા પૂર્ણ થાય ત્યાં સુધી (અડતાળીસ વર્ષનું બ્રહ્મચર્ય પાલન કરી) વેદાદિ વિદ્યાઓ ભણીને સુંદર વસ્ત્રભૂષણ સજી (સમાવર્તન કરી) વિદ્યાદિ ગુણયુક્ત થઇ ગૃહસ્થાશ્રમમાં સૂર્ય સરખો તેજસ્વી થાઓ. હે બાળક ! સૂર્યના માર્ગને અનુસર.

(જેમ સૂર્ય ધીમે ધીમે પ્રકાશિત થાય છે તેમ તું વિદ્યા વડે પ્રકાશિત થા.)

(**प्राणानाम०**) હે જગદીશ્વર ! જેમ પ્રાણ વાહિની નાડીઓનુ મિલનસ્થાન નાભિ છે તેમ તું આ વિશ્વનું નાભિસ્થાન છે. આ બાલકને હું જ્ઞાન શરણમાં સોંપું છું તેનું તું રક્ષણ કર. (આ અને એની પછીના મંત્રોમાં **अमुम्** પદના સ્થાનમાં બાલકનુ દ્વિતીયાંત નામ બોલવું જેમકે **देवदत्तम** ।)

પછી બાલકના જમણા ખભા ઉપર આચાર્યે પોતાના જમણા હાથનો સ્પર્શ કરી તે ઉપર કપડું ઢાંકી નીચેનો મંત્ર બોલવો:—

ओं प्राणानां ग्रन्थिरसि मा विस्रसोऽन्तक इदं ते परिददामि, अमुम् ॥ १ ॥ सा० मं० ब्रा० प्र० १ खं० ६ म० २०.

પશ્ચાત્ બાલકના પેટપર હાથનો સ્પર્શ કરી એજ પ્રમાણે નીચેનો મંત્ર બોલવો:—

ओं अहुर इदं ते परिददामि, अमुम् ॥ २ ॥ मं० २१

તત્પશ્ચાત્ બાલકના હૃદય ઉપર હાથનો સ્પર્શ કરી નીચેનો મંત્ર બોલવો:—

ओं कृशन इदं ते परिददामि, अमुम् ॥३॥ सा० मं० ब्रा० प्र० १ खं० ६ मं० २२

પછી નીચેનો મંત્ર ભણી જમણા ખભા ઉપર હાથના સ્પર્શ કરવો:—

ओं प्रजापतये त्वा परिददामि, असौ ॥ ४ ॥ सा०मं०ब्रा०प्र० १ खं०६मं०२३

ત્યારબાદ નીચેનો મંત્ર બોલી બાલકના ડાબા ખભા ઉપર હાથનો સ્પર્શ કરવો:—

ओं देवाय त्वा सवित्रे परिददामि, असौ॥५॥सा०मं०ब्रा०प्र०१खं० ६ मं० २४

બાલકના હૃદય ઉપર હાથ મૂકી નીચેનો મંત્ર બોલવો:—

ओं तं धीरासः कवय उन्नयन्ति स्वाध्यो३ मनसा देवयन्तः ॥ ६ ॥ ऋ० मं० ३ अ० १ सू० ८ मं० ४ ॥

ત્યારબાદ આચાર્યે બાલકના જમણા હૃદય ઉપર પોતાનો હાથ મૂકી સન્મુખ ઉભા રહી નીચેનો મંત્ર બોલવો:—

ओं मम व्रते ते हृदयं दधामि मम चित्तमनुचित्तं तेऽअस्तु । मम वाचमेकमना जुषस्व बृहस्पतिष्ट्वा नियुनक्तु मह्यम् ॥ १ ॥ सौत्रमन्त्रः ॥

આચાર્ય આ પ્રતિજ્ઞા મંત્ર બોલે. અર્થઃ-હે શિષ્ય ! તારા હૃદયને મારે આધીન હું કરૂં છું. તારૂં ચિત્ત મારા ચિત્તની અનુકૂલ સદા રહો; અને તું મારી વાણીને એકાગ્ર મન તથા પ્રીતિ પૂર્વક સાંભળીને તેના અર્થનું સેવન કર્યા કર; અને આજથી તારી પ્રતિજ્ઞા અનુકૂલ બૃહસ્પતિ પરમાત્મા તને મારી જોડે યુક્ત કરે. આ પ્રતિજ્ઞા કરવી. એજ પ્રમાણે શિષ્ય પણ આચાર્યની પાસે પ્રતિજ્ઞા કરાવે કે હે આચાર્ય આપના હૃદયને હું મારી ઉત્તમ શિક્ષા તથા વિદ્યાની ઉન્નતિ માટે ધારણ કરૂં છું. મારા ચિત્તની અનુકૂલ તમારૂં ચિત્ત રહો; આપ મારી વાણીને એકાગ્ર ચિત્તથી સાંભળો; અને પરમાત્મા મારી સાથે આપને સદા નિયુક્ત રાખો. આ પ્રમાણે બન્નેએ પ્રતિજ્ઞા કરવી. પછી આચાર્યે બાલકને નીચે પ્રમાણે પૂછવું.

(**अहुर०**) હે વાયો ! આ બાલકને સર્વતઃ હું તારા શરણમાં સોંપું છું.

(**कृशन०**) હે પરમાત્મન્ આ બાલકને સર્વતઃ હું તારા શરણમાં સોંપું છું.

(**प्रजापतये०**) હે બાલક ! તને હું પ્રજાપાલક પરમાત્માને સોંપું છું. **असौ** પદના સ્થાનમાં દરેક ઠેકાણે બાલકનું નામ સંબોધનાન્ત બોલવું.

(**देवाय त्वा०**) હે બાલક ! હું તને જગદુત્પાદક પરમાત્માને સોંપું છું.

(**ममव्रते०**) હે બાલક ! મારા કર્મમાં તારૂં હૃદય ધારણ કરૂં છું; મારા ચિત્તની અનુકૂલ ચિત્ત થાઓ; મારી વાણીને એકાગ્ર ચિત્ત વડે સાંભળી તે પ્રમાણે વર્ત્તન કર; આ સઘળું કરવામાં જગદ્ગુરુ પરમાત્મા તને સહાય થાઓ.

को नामाऽसि ॥

તારૂં નામ શું છે.

બાલકે નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપવો.

अहम्भोः

મારૂં અમુક નામ છે. (પોતાનું નામ બાલકે આ જગ્યાએ બોલવું) આચાર્યે નીચે પ્રમાણે પૂછવું:—

कस्यत्वं ब्रह्मचार्यसि ।

તું કોનો બ્રહ્મચારી છે? બાલક—

भवतः ।

આપનો, પછી આચાર્યે બાલકની રક્ષાને માટે નીચેનો મંત્ર બોલવો:—

इन्द्रस्य ब्रह्मचार्यस्यग्निराचार्यस्तवाहमाचार्यस्तव असौ ॥ सौत्रमन्त्रः ॥

ओं कस्य ब्रह्मचार्यसि प्राणस्य ब्रह्मचार्यसि कस्त्वा कमुपनयति काय त्वा परिददामि ॥ १ ॥ ओं प्रजापतये त्वा परिददामि । देवायत्वासवित्रे परिददामि । अद्भ्यस्त्वौषधीभ्यः परिददामि । द्यावापृथिवीभ्यां त्वा परिददामि । विश्वेभ्यस्त्वा देवेभ्यः परिददामि । सर्वेभ्यस्त्वा भूतेभ्यः परिददाम्यरिष्टयै ॥२॥ सौत्रमन्त्राः ॥

આ મંત્ર બોલી બાલકને શિક્ષા આપવી કે તે તું પ્રાણ આદિની ઉત્તમ વિદ્યાને માટે યત્નવાન થા.

આ ઉપનયન સંસ્કાર પૂરો થયા પછી જો તેજ દિવસે વેદારંભ કરવાનો વિચાર બાલકના પિતા તથા આચાર્યનો હોય તો તેજ દિવસે કરવો; અને જો બીજે દિવસે કરવાનો વિચાર હોય તો પૃષ્ઠ ૨૫ માં લખ્યા પ્રમાણે મહાવામદેવ્યગાન કરી સંસ્કારમાં આવેલી સ્ત્રીઓનો બાલકની માતા અને પુરૂષોનો બાલકનો પિતા સત્કાર કરી વિદાય કરે; અને માતા પિતા, આચાર્ય સંબંધી, ઇષ્ટમિત્ર, વગેરે મળીને બાલકને નીચે પ્રમાણે આશિર્વાદ આપીને પોતપોતાને ઘેર જાય.

ओं त्वं जीव शरदः शतं वर्द्धमानः, आयुष्मान् तेजस्वी वर्चस्वी भूयाः ॥

॥ इति उपनयनसंस्कारविधिः समाप्तः ॥

(**इन्द्रस्य०**) કુમાર! તું ઇંદ્રનો બ્રહ્મચારી છે; અગ્નિ પરમાત્મા તારા આચાર્ય છે; હું તારો આચાર્ય છું; **असौ** પદ જ્યાં આવે ત્યાં બાલકનું સંબોધનાન્ત નામ બોલવું.

(**कस्य०**) તું પ્રજાપતિ પરમાત્મા તથા સર્વના પ્રાણનો પણ પ્રાણ પરમાત્મા છે તેનો બ્રહ્મચારી છે. તે સુખ સ્વરૂપ પ્રજાપતિ પરમાત્મા સુખને માટે તને ઉપનયન કરે છે. તે સુખસ્વરૂપ પ્રજાપતિને હું તને સમર્પિત કરૂં છું ૧.

(**प्रजापतये**) પ્રજાપતિ પરમાત્માને તને હું આપું છું; જગદુત્પાદક સવિતા પરમાત્માને હું તને અર્પણ કરૂં છું; તથા જલ, ઓષધી, સ્વર્ગ, પૃથ્વી, સર્વ વિદ્વાનો તથા સર્વ પ્રાણી માત્રને તને હું અર્પણ કરૂં છું. અર્થાત્ એમનું જ્ઞાન મેળવી તેનો યથાર્થ ઉપયોગ કર. ૨

(**त्वं जीव०**) તું સો વર્ષ સુધી જીવ; તું આયુષ્યમાન, તેજસ્વી બ્રહ્મજ્ઞાનવાળો થા.

॥ अथ वेदारम्भसंस्कारविधिर्विधीयते ॥

ગાયત્રીથી માંડી *સાંગોપાંગ ચારે વેદોનું અધ્યયન કરવાને માટે જે નિયમ ધારણ કરવો તેને વેદારંભ કહે છે.

સમય:—જે દિવસ ઉપનયન સંસ્કારનો છે તેજ વેદારંભનો છે. જો તે દિવસે ન થઇ શકે અથવા કરવાની ઇચ્છા ન હોય તો બીજે દીવસે કરવો. જો બીજે દિવસ પણ અનુકૂલ ન હોય તો એક વર્ષની અંદર ગમે તે દિવસે કરવો.

વિધિ:–જે વેદારંભનો દિવસ નક્કી કર્યો હોય તે દિવસે પ્રાતઃકાલમાં શુદ્ધોદક વડે બાલકને સ્નાન કરાવી શુદ્ધ વસ્ત્ર પહેરાવી, પશ્ચાત્ કાર્યકર્ત્તા અર્થાત્ પિતા, જો પિતા ન હોય તો આચાર્યે બાલકને લઇને ઉત્તમાસન ઉપર વેદીની પશ્ચિમ બાજુમાં પૂર્વાભિમુખે બેસવું. તત્પશ્ચાત્ પૃષ્ઠ ૩ થી પૃષ્ઠ ૨૬ સુધીમાં લખેલી† ઇશ્વર પ્રાર્થના, સ્વસ્તિવાચન, શાંતિપાઠ વગેરે કરી, અગ્ન્યાધાન સમિદાધાન, જલ પ્રોક્ષણ, આઘારાવાજ્ય ભાગાહુતિ ચાર, વ્યાહૃતિ ચાર તથા આઠ ઘૃતાહુતિ મળી સોળ આહુતિ આપવી. ત્યારબાદ પૃષ્ઠ ૨૭ માં લખેલી (**ओं भूर्भुवः स्वः । अग्न आयूंषि०**) ઇત્યાદિ ચાર મંત્રો વડે ઘૃતાહુતિ આપ્યા પછી ૨૫ પૃષ્ઠ ઉપર લખ્યા પ્રમાણેની પાંચ ઘૃતાહુતિવડે પ્રધાન હોમ કરવો. ત્યારબાદ વ્યાહૃતિ આહુતિ ચાર તથા સ્વિષ્ટકૃત આહુતિ એક, અને પ્રાજાપત્યાહુતિ એક મળી છ આજ્યાહુતિ બાલકને હાથે અપાવવી તત્પશ્ચાત્ નીચેનો મંત્ર બોલી વેદીમાંનો અગ્નિ એકઠો કરવો:—

ओं अग्ने सुश्रवः सुश्रवसं मा कुरु । ओं यथा त्वमग्ने सुश्रवः सुश्रवा असि । ओं एवं मां सुश्रवः सौश्रवसं कुरु । ओं यथा त्वमग्ने देवानां यज्ञस्य निधिपा असि । ओं एवमहं मनुष्याणां वेदस्य निधिपो भूयासम् ॥ १ ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ બાલકે કુંડની પ્રદક્ષિણા કરી આગળ લખેલા " **अदितेनुमन्यस्व०** " ઇત્યાદિ ચાર મંત્રો વડે કુંડની ચારે તરફ જલસિંચન કરી, કુંડની દક્ષિણ બાજુમાં ઉત્તરાભિમુખે ઉભા રહી, હાથમાં ઘૃતમાં બોળેલી એક સમિધા લઇ નીચેનો મંત્ર બોલવો:—

---

* (**अंग**) શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છન્દ, જ્યોતિષ. (ઉપાંગ) પૂર્વમીમાંસા, વૈશેષિક, ન્યાય, યોગ, સાંખ્ય અને વેદાન્ત; (ઉપવેદ) આયુર્વેદ, ધનુર્વેદ ગાંધર્વવેદ, તથા અથર્વવેદ, અર્થાત્ શિલ્પશાસ્ત્ર; (**ब्राह्मण**) ઐતરેય, શતપથ, સામ અને ગોપથ (વેદ) ઋગ્, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ સર્વને ક્રમપૂર્વક ભણવા.

† જો ઉપનયન પછી તરતજ વેદારંભ કરે તો તેને ફરીથી સ્વસ્તિ વાચન ઇશ્વરપ્રાર્થના તથા શાંતિપ્રકરણની આવશ્યકતા નથી.

(**अग्नेसुश्रवः**) હે અગ્ને પરમાત્મન્! આપ સર્વની વાતને સારી રીતે સાંભળો છો, તેમજ મને પણ સર્વ વિદ્યાયુક્ત બહુ શ્રુત કરો. જે પ્રમાણે આપ સાંભળનારાઓના પણ સાંભળનારા છો તે પ્રમાણે મને પણ યથાર્થ સાંભળનારાઓમાંનો એક કરો. આપ જેમ વિદ્વાનો તથા યજ્ઞના અધિપતિ રક્ષક છો તેમજ મને પણ મનુષ્યો તેમજ વેદોનો રક્ષક કરો, એવી હું આપની પાસે યાચના કરૂં છું.

ओं अग्नये समिधमाहार्षं बृहते जातवेदसे । यथा त्वमग्ने समिधा समिध्यसऽ एवमहमायुषा मेधया वर्चसा प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन समिन्धे जीवपुत्रो ममाचार्यो मेधाव्यहमसान्यनिराकरिष्णुर्यशस्वी तेजस्वी ब्रह्मवर्चस्यन्नादो भूयासꣳ स्वाहा ॥ सौत्रमन्त्रः ॥

આ પ્રમાણે મંત્ર બોલીને તે સમિધા અગ્નિમાં નાંખવી. એજપ્રમાણે બીજી અને ત્રીજી સમિધા પણ નાંખવી. પછી ફરી "**ओं अग्ने सुश्रवः**" મંત્ર વડે વેદીના અગ્નિને એકઠો કરવો; અને ૨૫ પૃષ્ઠમાં લખેલા "**अदितेनुमन्यस्व.**" ઇત્યાદિ મંત્રો વડે જલ પ્રોક્ષણ કરી બાલકે વેદિના પશ્ચિમ ભાગમાં પૂર્વાભિમુખે બેસી વેદીના અગ્નિ પર બંને હાથ થોડા થોડા તપાવી હાથમાં પાણી લગાડીને સ્પર્શ કરવો:—

ओं तनूपा अग्नेसि तन्वं मे पाहि ॥१॥ ओं आयुर्दा अग्नेस्यायुर्मे देहि॥२॥ ओं वर्चोदा अग्नेसि वर्चो मे देहि ॥ ३ ॥ ओं अग्ने यन्मे तन्वाऽऊनं तन्म आपृण ॥ ४ ॥ यजुः० अ० ३ मं० १७

ओं मेधां मे सविता आ ददातु ॥ ५ ॥ ओं मेधां मे देवी सरस्वती आ ददातु ॥ ६ ॥ ओं मेधां मे अश्विनौ देवावाधत्तां पुष्करस्रजौ ॥ ६ ॥ सौत्रमन्त्राः ॥

તત્પશ્ચાત્ નિમ્નલિખિત મંત્રો વડે મધ્યમા તથા અનામિકા આંગળી જલવાળી કરી ઇંદ્રિયસ્પર્શ કરવો:—

ओं वाङ् म आप्यायताम् ॥ મુખસ્પર્શ,

ओं प्राणश्च म आप्यायताम् ॥ નાસિકાનાં બન્ને છિદ્રો,

ओं चक्षुश्च म आप्यायताम् ॥ બન્ને નેત્રોનો સ્પર્શ,

ओं श्रोत्रञ्च म आप्यायताम् ॥ બન્ને કાન,

ओं यशोबलञ्च म आप्यायताम् ॥ બન્ને બાહુનો સ્પર્શ કરવો,

નીચેના મંત્ર વડે બાલકે પરમેશ્વરનું ઉપસ્થાન કરવું:—

(**अग्नये समिध०**) હે પરમાત્મન્! જેમ સમિધા વડે અગ્નિ પ્રદીપ્ત થાય છે, તેમજ આપની કૃપાથી હું દીર્ઘાયુ, બુદ્ધિમાન્, બ્રહ્મવર્ચસ્, તેજયુક્ત, પ્રજાવાન, પશુમાન્ અને બ્રહ્મ વિદ્યાદિ ગુણો વડે પ્રકાશિત થાઉં. હું તથા મારો આચાર્ય ચિરાયુ, પુત્રવાળા, મેધાવી, સત્યના પક્ષપાતી, કીર્તિમાન, તેજસ્વી, વિદ્વાન્ તથા અન્નાદીના ભોક્તા થઇએ. આ મંત્ર સૂત્રકારોએ અથર્વવેદના ઓગણીસમા કાંડના સાતમા અનુવાકના ચોસઠમા સૂક્ત ઉપરથી બનાવ્યો છે.

(**तनुपा०**) હે અગ્ને—જ્ઞાનસ્વરૂપ પરમાત્મન્! આપ શરીરની રક્ષા કરનારા છો, મારા શરીરની રક્ષા કરો. આપ આયુષ્યદાતા છો મને આયુષ્ય—દીર્ઘ જીવન આપો. આપ તેજ અને વિદ્યાના દાતા છો મને તેજ તથા વિદ્યા આપો. હે અગ્ને પરમાત્મન્! જે જે મારા શરીરમાં ન્યૂન હોય તેની પૂર્તિ કરો,

(**मेधांमे०**) આ મંત્રનો અર્થ આગળ આપવામાં આવ્યો છે.

(**ओं वाङ्म०**) હે પરમાત્મન્! મારાં તમામ અંગ આપની કૃપાથી પરિપૂર્ણ થાય; તથા વાણી, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, કીર્તિ, વિદ્યા અને બલ એ સર્વ મારામાં પૂર્ણ થાય.

ओं मयि मेधां मयि प्रजां मय्यग्निस्तेजो दधातु । मयि मेधां मयि प्रजां मयीन्द्र इन्द्रियं दधातु । मयि मेधां मयि प्रजां मयि सूर्यो भ्राजो दधातु । यत्ते अग्ने तेजस्तेनाहं तेजस्वी भूयासम् यत्ते अग्ने वर्चस्तेनाहं वर्चस्वी भूयासम् ॥ यत्ते अग्ने हरस्तेनाहं हरस्वी भूयासम् । सौत्रमन्त्राः ॥

આ પ્રમાણે ઉપસ્થાન કર્યા પછી બાલકે કુંડની ઉત્તરમાં જઇ, ઘુંટણને જમીન ઉપર ટેકવી પૂર્વાભિમુખે બેસવું; અને આચાર્યે બાલકની સન્મુખ પશ્ચિમાભિમુખે બેસવું. પછી બાલકેઃ-

अधीहि भूः सावित्रीम् भो अनुब्रूहि ॥

ઉપરના મંત્ર વડે આચાર્યને કહેવું કે હે આચાર્ય! પ્રથમ ઓંકાર, પશ્ચાત્ ત્રણ મહા-વ્યાહૃતિ અને તત્પશ્ચાત્ સાવિત્રી (ગાયત્રી) આ ત્રિક અર્થાત્ ત્રણે મેળવીને પરમાત્માના વાચક મંત્રને મને ઉપદેશ કરો. તત્પશ્ચાત્ આચાર્યે એક વસ્ત્ર પોતાના તથા બાળકના ખભા ઉપર રાખી પોતાના હાથમાં બાળકના બંને હાથની આંગળીઓ પકડી નીચે પ્રમાણે ત્રણ કટકે ગાયત્રી મંત્રનો ઉપદેશ બાળકને કરવો. પ્રથમવારઃ-

ओं भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यम् ॥

આટલો કડકો એક એક પદના શુદ્ધ ઉચ્ચારણસહિત બાલકની પાસે બોલાવવો અને બીજી વારઃ--

ओं भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।

આ બીજી વખત આટલો ભાગ શુદ્ધ ઉચ્ચારણ સહિત ધીરે ધીરે બોલાવી ત્રીજીવારઃ-

ओं भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥ १ ॥ यजुः० अ० ६ मं० ३

ધીરે ધીરે આ મંત્રને બોલાવીને નીચે લખ્યા પ્રમાણે એનો અર્થ નીચે પ્રમાણે સંક્ષેપથી સંભળાવવોઃ-

અર્થઃ-(**ओ३म्**) એ પરમેશ્વરનું મુખ્ય નામ છે. આ નામની સાથે બીજાં ઘણાં નામો આવી જાય છે. (**भूः**) જે પ્રાણનો પણ પ્રાણ છે. (**भुवः**) સર્વ દુઃખોથી મુક્ત કરનાર, (**स्वः**) સ્વયં સુખસ્વરૂપ હોઇ પોતાના ઉપાસકોને પણ સર્વ પ્રકારનાં સુખની પ્રાપ્તિ કરાવનાર (**सवितुः**) જગતની ઉત્પત્તિ કરનાર તથા સૂર્યાદિ પ્રકાશકોના પણ પ્રકાશક; સમગ્ર ઐશ્વર્યદાતા, (**देवस्य**) કામના કરવા યોગ્ય સર્વત્ર વિજય કરાવનાર પરમાત્માનું જે (**वरेण्यम्**) અતિ શ્રેષ્ઠ ગ્રહણ તથા ધ્યાન કરવાયોગ્ય (**भर्गः**) સર્વ ક્લેશોને ભસ્મ કરનાર શુદ્ધસ્વરૂપ છે. (**तत्**) તેનું અમે (**धीमहि**) ધારણ કરીએ કે જેથી (**यः**) જે પરમાત્મા (**नः**) અમારી (**धियः**) બુદ્ધિઓને ઉત્તમ ગુણ, કર્મ સ્વભાવમાં (**प्रचोदयात्**) પ્રેરણા કરે, એજ પ્રયોજન તેને માટે જગેશ્વરની સ્તુતિ પ્રાર્થનો પાસના કરવી. એના કરતાં ભિન્ન અન્ય કોઇને ઉપાસ્ય-ઇષ્ટદેવ તેની બરાબર અથવા તેનાથી અધિક નહિ માનવો જોઇએ. આ પ્રમાણે અર્થ સંભળાવ્યા પછીઃ--

---

(**मयि मेधां०**) જ્ઞાનસ્વરૂપિ પરમાત્મન્ મારામાં શીઘ્ર વિદ્યા ગ્રહણ કરનારી બુદ્ધિને કૃપયા ધારણ કરે; તથા વિદ્યારૂપ તેજ તથા પ્રજાથી મને વર્ધિત કરે. પરમૈશ્વર્ય યુક્ત પરમેશ્વર મને પૂર્વોક્ત બુદ્ધિ, પ્રજા તથા સુદૃઢ ઇન્દ્રિયોવાળો કરે ચરાચર જગતનો આત્મા મારામાં પૂર્વોક્ત મેધા, પ્રજા તથા જ્ઞાનનો પ્રકાશ ધારણ કરે. હે અગ્ને પરમાત્મન્! આપના તેજ વડે હું તેજસ્વી થાઉં, આપની વિદ્યાથી હું વિદ્વાન્ થાઉં; તથા હે પરમાત્મન્! આપ જેમ સર્વ રસોના હર્ત્તા છો, તે પ્રમાણે હું પણ વિદ્યારૂપ રસનો હરણ કર્તા થઇ આનંદિત થાઉં.

*** ओं मम व्रते हृदयं ते दधामि । ममचित्तमनुचित्तं ते अस्तु । मम वाचमेकव्रतो जुषस्व बृहस्पतिष्ट्वा नियुनक्तु मह्यम् ॥ १ ॥ सौत्रमन्त्रः ॥**

આ મંત્ર વડે બાલક તથા આચાર્ય પૂર્વવત્ દૃઢ પ્રતિજ્ઞા કરીને મંત્ર વડે પ્રથમથી તૈયાર કરી રાખેલી સુંદર મજ્બુત§ મેખલા બાળકની કેડે બાંધવી:—

ओं इयं दुरुक्तं परिबाधमाना वर्णं पवित्रं पुनतीम आगात् । प्राणापानाभ्यां बलमाददाना स्वसा देवी सुभगा मेखलेयम्॥१॥सा० मं० ब्रा०प्र०१खं०६मं०२७

ત્યારબાદ નીચેનો મંત્ર બોલી આચાર્યે બાલકને શુદ્ધ બે કોપીન, બે રૂમાલ અને એક ઉત્તરીય અને બે કટિવસ્ત્ર આપવાં; અને એમાંથી એક કટિવસ્ત્ર, કોપીન અને એક ઉપવસ્ત્ર બાલકને આચાર્યે ધારણ કરાવવું.

×ओं युवा सुवासाः परिवीत आगात् । स उश्रेयान् भवति जायमानः । तं धीरासः कवय उन्नयन्ति स्वाध्यो मनसा देवयन्तः ॥ १ ॥ ऋ० मं० ३ अ० १ सू० ८ मं० ४

તત્પશ્ચાત્ આચાર્ય દંડ હાથમાં લઇ ઉભો રહે અને બાલક પણ આચાર્યની સન્મુખ હાથ જોડીને ઉભો રહી નીચેનો મંત્ર બોલી આચાર્યના હાથમાંથી દંડ લે:—

ओं यो मे दण्डः परापतद्वैहायसोऽधि भूम्याम् । तमहं पुनरादद आयुषे ब्रह्मणे ब्रह्मवर्चसाय ॥ सौत्रमन्त्रः ॥

---

* આ મંત્રનો અર્થ ઉપનયન પ્રકરણમાં આપેલો છે.

§ બ્રાહ્મણને મુંજ અથવા દર્ભની, ક્ષત્રિયને ધનુષ સંજ્ઞક ઘાસ અથવા વલ્કલ (ઝાડની છાલ) ની અને વૈશ્યને ઉન અથવા શણની મેખલા હોવી જોઇએ.

(**इयं दुरुक्तं०**) આ મેખલા બ્રહ્મચર્ય તથા સુશિક્ષા તથા સર્વ વિદ્યાના લાભાર્થે ધારણ કરવામાં આવે છે. સઘળી દુષ્ટતા તથા કુશિક્ષાને છોડવવાને, આજથી હું આ પ્રતિજ્ઞા વડે મેખલાને ધારણ કરાવું છું. આ મેખલા પ્રાણ અને અપાનને પૂર્ણ અવસ્થા સુધી ધારણ કરવાને માટે, તથા અગ્નિ સમાન સૌભાગ્ય વધારવાને માટે, કારણભૂત થાઓ.

† આ મંત્રનો અર્થ આગળ આપવામાં આવ્યો છે.

બ્રાહ્મણના બાલકનો પગના અંગુઠાથી તે કપાળ સુધીનો લાંબો ખાખર અથવા બિલીના ઝાડનો, ક્ષત્રિયનો વડ અથવા ખેરના ઝાડનો ભમર સુધીનો, અને વૈશ્યનો પીલુ અથવા ગુલરના વૃક્ષનો નાસિકાના અગ્રભાગસુધીનો દંડ જોઇએ. અને એ દંડ સ્નિગ્ધ હોવા સાથે વાંકો, અગ્નિથી બળેલો કીડ લાગેલો ન હોવો જોઇએ તથા તેમને બેસવા માટે એક મૃગચર્મ એક જલપાત્ર, એક પ્યાલું અને એક આચમની એ પ્રમાણે પ્રત્યેક બ્રહ્મચારીને આપવું જોઇએ.

(**यो मे दण्डः०**) હે ગુરો ! પૂર્ણ આયુષ્ય, બ્રહ્મજ્ઞાન, તેજ અને ઉત્તમ ગુણની પ્રાપ્તિને માટે આ દંડ ધારણ કરૂં છું; તેમને આપ આપો અને મારી ઇચ્છા પરમાત્માના અનુગ્રહથી પૂર્ણ થાઓ.

તત્પશ્ચાત્ આચાર્યે બ્રહ્મચારીને બ્રહ્મચર્યાશ્રમનો સાધારણ ઉપદેશ + કરવોઃ—

ब्रह्मचार्यसि असौ* ॥ १ ॥ अपो अशान ॥ २ ॥ कर्मकुरु ॥ ३ ॥ दिवा मास्वाप्सीः ॥४॥ आचार्याधीनो वेदमधीष्व ॥५॥ द्वादशवर्षाणि प्रतिवेदं ब्रह्मचर्यं गृहाण वा ब्रह्मचर्यं चर ॥ ६ ॥ आचार्याधीनो भवान्यत्राधर्माचरणात् ॥ ७ ॥ क्रोधानृते वर्जय ॥ ८ ॥ मैथुनं वर्जय ॥ ९ ॥ उपरि शय्यां वर्जय ॥ १० ॥ कौशीलवगन्धाञ्जनानि वर्जय ॥ ११ ॥ अत्यन्तं स्नानं भोजनं निद्रां जागरणं निद्रा लोभमोहभयशोकान् वर्जय॥१२॥ प्रतिदिनं रात्रेः पश्चिमे यामे चोत्थायावश्यकं कृत्वा दन्तधावनस्नानसन्ध्योपासनेश्वरस्तुतिप्रार्थनोपासनायोगाभ्यासान्नित्यमाचर॥१३॥ क्षुरकृत्यं वर्जय ॥ १४ ॥ मांसरूक्षाहारं मद्यादिपानं च वर्जय ॥ १५ ॥ गवाश्वहस्त्युष्ट्रादियानं वर्जय ॥ १६ ॥ अन्तर्ग्रामनिवासोपानच्छत्रधारणं वर्जय ॥ १७॥ अकामतः स्वयमिन्द्रियस्पर्शेन वीर्यस्खलनं विहाय वीर्यं शरीरे रक्ष्योर्ध्वरेताः सततं भव ॥१८॥ तैलाभ्यङ्गमर्दनान्यम्लातितिक्त कषायक्षाररेचनद्रव्याणि मा सेवस्व ॥१९॥ नित्यं युक्ताहारविहारवान् विद्योपार्जने च यत्नवान्भव ॥२०॥ सुशीलो मितभाषी सभ्यो भव ॥२१॥ मेखला दण्डधारणभैक्ष्यचर्यसमिदाधानोदकस्पर्शनाचार्यप्रियाचरणप्रातः सायमभिवादनविद्यासंचयजितेन्द्रियत्वादीन्येते ते नित्यधर्माः ॥ २२ ॥ सौत्रोपदेशः ॥

અર્થ—તું આજથી બ્રહ્મચારી છે ૧. નિત્ય સન્ધ્યોપાસન તથા ભોજનની પૂર્વે શુદ્ધ જલનું આચમન કર્યા કર ૨. દુષ્ટ કર્મો ત્યાગીને ધર્માચરણ કર ૩. દિવસે કદી સૂઈશ નહિ. ૪ આચાર્યને તાબે રહીને સાંગોપાંગ વેદ ભણવામાં નિત્ય પુરૂષાર્થ કર ૫. એક એક વેદને માટે બાર બાર વર્ષનું બ્રહ્મચર્ય અર્થાત્ ૪૮ વર્ષ સુધી અથવા જ્યાં સૂધી સાંગોપાંગ ચાર વેદ પૂરા થાય ત્યાં સૂધી અખંડ બ્રહ્મચારી રહે ૬. આચાર્યને આધીન ધર્માચરણમાં રહેજે; પરન્તુ જો આચાર્ય અધર્માચરણ વા અધર્મ કરવાનું કહે તો તે કદી ન માનીશ અને તેવું આચરણ કદી ન કરતો ૭. ક્રોધ તથા મિથ્યા ભાષણ કરવાનું છોડી દે ૮. આઠ† પ્રકારના મૈથુનનો ત્યાગ કર ૯. જમીન ઉપર સૂજે અને પલંગ આદિ ઉપર કદિ ન સૂતો ૧૦. ગાવું, બજાવવું તથા નૃત્ય આદ નિન્દિત કર્મ, ગંધ તથા અંજન આદિનું સેવન ન કર ૧૧. અતિ સ્નાન, અતિ ભોજન, અધિક નિદ્રા, અધિક જાગરણ, નિંદા, લોભ, મોહ, ભય, તથા શોકને કદિ પણ ગ્રહણ ન કરીશ ૧૨. રાત્રિના પાછલા પહોરમાં ઉઠી આવશ્યક શૌચાદિ દંતધાવન (દાતણ) સ્નાન, સન્ધ્યોપાસન, ઇશ્વરની સ્તુતિ, પ્રાર્થના તથા ઉપાસના, યોગાભ્યાસનું આચરણ નિત્ય કર ૧૩. હજામત ન કરાવીશ ૧૪. માંસ, રૂક્ષ અર્થાત્ શુષ્ક અન્ન જેવા કે ચણા આદિ ખાતો ના અને મદ્યાદિ પાન પીતો નહિં ૧૫. બળદ, ઘોડા, હાથી તથા ઉંટ આદિની સ્વારી

+ આચાર્ય ઉપદેશ કરે તે વખતે પ્રત્યેક વાક્યને છેડે શિષ્યે **बाढम्** અથવા **ओम्** એ પદ બોલવું. (ભાષાન્તર કર્ત્તા).

* **असौ** પદના સ્થાનમાં બ્રહ્મચારીનું નામ સંબોધનાન્ત બોલવું.

† સ્ત્રીનું ધ્યાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ આ આઠ પ્રકારનું મૈથુન કહેવાય છે. જે એને છોડે છે તેજ બ્રહ્મચારી કહેવાય છે.

કરતો નહિ ૧૬. ગામમાં રહેવું તથા જોડા અને છત્રીનું ધારણ કરવું તેનો પરિત્યાગ કર ૧૭. લઘુશંકા વિના ઉપસ્થ ઇન્દ્રિયનો સ્પર્શ કરી વીર્યસ્ખલન કદી ન કરી, વીર્યને શરીરમાં રાખી નિરંતર ઉર્ધ્વરેતા થા, અર્થાત્ વીર્યનું પતન કોઈ દિવસ ન થાય તેવી રીતે વ્રત કર ૧૮. તૈલાદિ વડે અંગમર્દન, તથા જાત જાતના ઉવટણ લગાડવાં, અતિશય ખાટા, આમલી વગેરે, અતિ તીખા મરચાં આદિ, તુરા હરડે આદિ, ક્ષાર અધિક મીઠું આદિ, રેચક નેપાળો આદિ દ્રવ્યોનું સેવન કદી ન કર ૧૯. નિત્ય યોગ્ય આહાર વિહાર કરીને વિદ્યા ગ્રહણમાં યત્નશીલ થજે ૨૦. સુશીલ, થોડું બોલનાર થઇ સભામાં બેસવા યોગ્ય ગુણો સંપાદન કરજે ૨૧. મેખલા તથા દંડનું ધારણ, ભિક્ષાચરણ, અગ્નિહોત્ર, સ્નાન, સન્ધ્યોપાસન, આચાર્યનું પ્રિય આચરણ તથા આચાર્યને સાયં પ્રાતઃ નમસ્કાર કરવા એ તારા નિત્ય કરવાનાં અને જેનો નિષેધ કીધો છે તે નિત્ય ન કરવાનાં કર્મ છે ૨૨.

જ્યારે આ ઉપદેશ આચાર્ય કરી રહે ત્યાર પછી બ્રહ્મચારી આચાર્યને નમસ્કાર કરી હાથ જોડીને કહે કે જેવો આપે ઉપદેશ કર્યો છે તેજ પ્રમાણે હું કરીશ. પછી બ્રહ્મચારી યજ્ઞકુંડની પ્રદક્ષિણા કરી કુંડની પશ્ચિમદિશામાં ઉભો રહી માતા, પિતા, બ્હેન, ભાઇ, મામા, માશી તથા કાકા આદિની પાસેથી તથા જે ભિક્ષા આપવામાં નકાર ન કરે તેમની પાસેથી ભિક્ષા* માગે. અને જેટલી ભિક્ષા મળે તે બધી આચાર્યની પાસે મૂકે. તત્પશ્ચાત્ આચાર્ય તેમાંથી થોડીક કાઢી લઇ બીજી બચી ભિક્ષા બાલકને આપી દે; અને તે બાલકે તે ભિક્ષા પોતાના ભોજનને માટે રાખી મૂકવી. તત્પશ્ચાત્ બાલકને શુભાસન ઉપર બેસાડીને નીચે પ્રમાણે વામદેવ્ય ગાન કરવું:—

ओं भूर्भुवः स्वः। कया नश्चित्र आभुवदूती सदा वृधः सखा। कया शचिष्ठया वृता ॥ १ ॥ ओं भूर्भुवः स्वः। कस्त्वा सत्यो मदानां मंहिष्ठो मत्सदन्धसः। दृढा चिदारुजे वसु ॥ २ ॥ ओं भूर्भुवः स्वः। अभीषुणः सखीनामविता जरितॄणाम्। शतम्भवास्यूतये ॥ ३ ॥ महावामदेव्यम् ॥ काऽ५ या। नश्चा ३ इत्रा ३ आभुवात्। ऊ। ती सदावृधः सखा। औ ३ होहाइ। कया २ ३ शचाँई। ष्ठयौ हो ३ हुम्मा २। वार तों ३ऽ५ हाइ ॥ (१) काऽ५स्त्वा। सत्यो ३ मा ३ दानाम्। मा। हिष्ठोमात्सादन्धासा ॥ औ ३ होहाइ। दृढा २ ३ चिदा। रुजौहो ३। हुम्मा २। वाऽ३सो३ऽ५ हायि (२) आऽ५भी। पुणा ० सा ३ खीनाम्। आ विता जरायितॄ। णाम्। औ २ ३ हो हायि। शता २ ३ म्भवा। सियौहो ३। हुम्मा २। ताऽ २ यो३ऽ५हायि ॥ ३ ॥ साम० उत्तरार्चिके। अध्याय० १ खं० ३ मं० १–२–३

આ પ્રમાણે ગાન થઇ રહ્યા પછી રાખેલી ભિક્ષામાંથી બાળક પોતાની રૂચિ અનુસાર ભોજન કરે. પશ્ચાત્ સાયંકાલ સૂધી વિશ્રામ લઇ ગૃહસ્થાશ્રમ સંસ્કારમાં લખેલી સંધ્યોપાસન આચાર્ય બાળકની પાસે કરાવે; અને બ્રહ્મચારી સહિત આચાર્ય કુંડની પશ્ચિમમાં આસન ઉપર

---

* બ્રાહ્મણનો બાલક જો પુરૂષ પાસે ભિક્ષા માગે તો "**भवान् भिक्षां ददातु**" અને સ્ત્રીની પાસે માગે તો "**भवती भिक्षां ददातु**" એ પ્રમાણે; અને ક્ષત્રિયનો બાલક પુરૂષ પાસે "**भिक्षां भवान्ददातु**" અને સ્ત્રીની પાસે "**भिक्षां भवती ददातु**" એ પ્રમાણે; તથા વૈશ્ય પુરૂષ પાસે "**भिक्षां ददातु भवान्**" અને સ્ત્રી પાસે "**भिक्षां ददातु भवती**" એ પ્રમાણે બોલે.

પૂર્વાભિમુખે બેસી સ્થાલીપાક અર્થાત્ પાછળ લખ્યા પ્રમાણે ભાત બનાવી તેમાં ઘી નાંખી એક પાત્રમાં કાઢી પાછળ લખ્યા પ્રમાણે સમિદાધાન, તથા જલ પ્રોક્ષણ કરી આ-ઘારાવાજ્યભાગાહુતિ ચાર તથા વ્યાહૃતિ આહુતિ ચાર મળી આઠ આજ્યાહુતિ અપાવવી. તત્પશ્ચાત્ બ્રહ્મચારી ઉભો થઇ પાછળ લખેલા "**अग्ने सुश्रवः०**" મંત્ર વડે ત્રણ સમિધાની આહુતિ આપે. તત્પશ્ચાત્ બ્રહ્મચારીએ બેસી જઇ યજ્ઞકુંડના અગ્નિ વડે પોતાના હાથ તપાવી ઉપર લખેલા મંત્રોવડે મુખસ્પર્શ તથા અંગસ્પર્શ કરવો. બાદ ઉપર કહેલો ભાત આચાર્યે બા-ળકને હોમ તથા ભોજનને માટે આપવો. પછી આચાર્ય તે ભાતમાંથી આહુતિના અનુમાનથી ભાતને સ્થાલીમાં લઇ તેમાં ઘી નાંખી નીચે લખેલા મંત્રો વડે આહુતિ આપે:—

ओं सदसस्पतिमद्भुतं प्रियमिन्द्रस्य काम्यम् सनिं मेधामयासिषꣳ स्वाहा। इदं सदसस्पतयेइदन्न मम ॥ १ ॥ यजुः० अ० ३२ मं० १३

तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात्। इदं सवित्रेइ-दन्न ॥ यजुः० अ० २२ मं० ८

ओं ऋषिभ्यः स्वाहा। इदं ऋषिभ्यः-इदन्न मम ॥

આ ત્રણ મંત્રોવડે ત્રણ અને (**ओं यदस्य कर्मणो०**) એ મંત્ર વડે ચોથી આહુતિ આપવી. પશ્ચાત્ આગળ લખેલી વ્યાહૃતિ આહુતિ ચાર. અને (**ओं त्वन्नो०**) વગેરે આ મં-ત્રોવડે આજ્યાહુતિ આઠ મળી બાર આજ્યાહુતિ આપવી, અને બ્રહ્મચારીએ શુભાસન ઉપર પૂર્વાભિમુખે બેસી પૃષ્ઠ ૯૦ માં લખેલું વામદેવ્ય ગાન આચાર્યની સાથે કરી.—

अमुकगोत्रोत्पन्नोऽहं भो भवन्तमभिवादये ॥

એ પ્રમાણે બોલી આચાર્યને વંદન કરે; અને આચાર્યે નીચે પ્રમાણે બોલી આશીર્વાદ દેવો:-

आयुष्मान् विद्यावान् भव सौम्य ॥

પશ્ચાત્ હોમ કરતાં વધેલું હવિષ્ય અન્ન અને બીજાં પણ સુંદર મિષ્ટાન્નનું ભોજન આ-ચાર્યની સાથે અર્થાત્ પૃથક્ પૃથક્ બોલીને બ્રહ્મચારીએ કરવું. તત્પશ્ચાત્ હસ્ત મુખ ધોઇને સંસ્કારમાં જે નિમંત્રણથી આવ્યા હોય તેમને યથાયોગ્ય ભોજન કરાવી સ્ત્રીઓને સ્ત્રી અને પુરૂ-ષોને પુરૂષ પ્રીતિપૂર્વક વિદાય કરે; અને તે બધાંએ જતી વખતે બાળકને નીચે પ્રમાણે આશિર્વાદ દેવો:

हे बालक! त्वमीश्वरकृपया विद्वान् शरीरात्मबलयुक्तः कुशलीवीर्यवानरोगः सर्वाविद्याअधीत्याऽस्मान् दिदृक्षुः सन्नागम्याः ॥

આ પ્રમાણે આશિર્વાદ દઇ સર્વ પોતપોતાને ઘેર જાય. તત્પશ્ચાત્ બ્રહ્મચારી ત્રણ દિવસ સુધી જમીન ઉપર સૂઇ રહે અને સાયંપ્રાતઃ આગળ લખેલા (**ओं अग्ने सुश्रवः०**) એ

(**सदसस्पति०**) ન્યાયકારી, સભાઓના સ્વામી, અદ્ભુત ઐશ્વર્ય ગુણકર્મ સ્વભાવ-વાળી ઇંદ્રિયોના માલિક જીવના ઇચ્છિત પ્રેમ કરવા યોગ્ય પરમાત્માની સેવા કરીને સત્ય તથા અસત્યની જેના વડે યથાવત્ પરીક્ષા થાય તેવી ઉત્તમ બુદ્ધિને પ્રાપ્ત થાઉં.

(**तत्सवितु०**) આ મંત્રનો અર્થ ઉપર આપવામાં આવ્યો છે.

(**अमुक०**) અમુક ગોત્રમાં ઉત્પન્ન થયેલો હું આપને અભિવન્દન કરૂં છું.

(**आयुष्मान्०**) હે શાન્તગુણી તું આયુષ્માન્ અને વિદ્યાવાન્ થા.

(**हे बालक०**) હે બાલક! તું વિદ્વાન્ શરીરાત્મબલ સંપન્ન, કુશલ, વીર્યવાન્, નિરોગ થઇ સર્વ વિદ્યાઓ ભણીને તને (તેવો થયેલો) જોવાની ઇચ્છાવાળા અમે છિયે તેની પાસે આવજે.

મંત્રથી સમિધા હોમ અને મુખ આદિ અંગ સ્પર્શ બ્રહ્મચારી પાસે આચાર્ય કરાવે તથા **सदसस्पति०** ઇત્યાદિ સ્થલીપાકની ચાર આહુતિ આગળ લખ્યા પ્રમાણે પૂર્વોક્ત રીતિએ બ્રહ્મચારીના હાથે અપાવવી. તત્પશ્ચાત્ પાઠશાળામાં જઇ ગુરૂ સમીપ વિદ્યાભ્યાસ કરવાના સમયની પ્રતિજ્ઞા આચાર્ય તથા બ્રહ્મચારી બન્ને કરેઃ—

आचार्य उपानयमानो ब्रह्मचारिणं कृणुते गर्भमन्तः। तं रात्रीस्तिस्र उदरे बिभर्त्ति तं जातं द्रष्टुमभि सं यन्ति देवाः ॥ १ ॥ इयं समित्पृथिवी द्यौर्द्वितीयोता-न्तरिक्षं समिधा पृणाति। ब्रह्मचारी समिधा मेखलया श्रमेण लोकाँस्तपसा पिपर्ति ॥ २ ॥ ब्रह्मचार्येति समिधा समिद्धः कार्ष्णं वसानो दीक्षितो दीर्घश्मश्रुः। स सद्य एति पूर्वस्मादुत्तरं समुद्रं लोकान्संगृभ्य मुहुराचरिक्रत् ॥ ३ ॥ ब्रह्मचर्येण तपसा राजा राष्ट्रं वि रक्षति। आचार्यो ब्रह्मचर्येण ब्रह्मचारिणमिच्छते ॥ ४ ॥ ब्रह्मचर्येण कन्या३ युवानं विन्दते पतिम् ॥ ५ ॥ ब्रह्मचारी ब्रह्म भ्राजद् बिभर्त्ति तस्मिन्देवा अधि विश्वे समोताः। प्राणापानौ जनयन्नाद्व्यानं वाचं मनो हृदयं ब्रह्म मेधाम् ॥ ६ ॥ अथर्व कां० ११ सू० ५ मं० ३-४-६-१७-१८-२४

અર્થઃ—આચાર્ય બ્રહ્મચારીને પ્રતિજ્ઞાપૂર્વક પાસે રાખી ત્રણ દિવસ સુધી ગૃહાશ્રમ પ્રકરણમાં લખ્યા પ્રમાણે સન્ધ્યોપાસનાદિ સત્પુરૂષોના આચારની શિક્ષા આપી તેના આત્મામાં ગર્ભરૂપ વિદ્યા સ્થાપન કરવાને માટે તેને ધારણ કરીને પૂર્ણ વિદ્વાન્ બનાવે છે. જ્યારે તે પૂર્ણ બ્રહ્મચર્યવાન થઇ પૂર્ણ વિદ્યા ભણી ઘર આવે છે ત્યારે તેને જોવાને માટે સર્વ વિદ્વાનો સામા જઇને તેને ઘણું માન આપે છે. ૧.

જે બ્રહ્મચારી વેદારંભના સમયમાં ત્રણ સમિધા અગ્નિમાં હોમે છે અને બ્રહ્મચર્ય વ્રતનું નિયમપૂર્વક સેવન કરી વિદ્યા પૂર્ણ કરવાને દઢોત્સાહી થાય છે, તે જાણો કે પૃથ્વી, સૂર્ય અને અંતરિક્ષની પેઠે સર્વનો પાલક થાય છે; કારણ કે તે સમિધાદાન, મેખલાદિ ચિન્હોનું ધારણ અને પરિશ્રમથી વિદ્યા પૂર્ણ કરીને આ બ્રહ્મચર્યાનુષ્ઠાનરૂપ તપ વડે સર્વ લોકોને સદ્‌ગુણ અને આનંદથી તૃપ્ત કરે છે. ૨.

જ્યારે વિદ્યાવડે પ્રકાશિત અને મૃગચર્માદિ ધારણ કરી દીક્ષિત થઇ (**दीर्घश्मश्रुः०**) ચાળીસ વર્ષ સુધી દાઢી, મુંછ આદિ પંચકેશને ધારણ કરનારો બ્રહ્મચારી થાય છે, ત્યારે તે પૂર્વસમુદ્રરૂપ બ્રહ્મચર્યાનુષ્ઠાનને પૂર્ણ કરી ગુરૂકુળથી ઉત્તર સમુદ્ર અર્થાત ગૃહાશ્રમને શીઘ્ર પ્રાપ્ત થાય છે. તે સર્વ લોકોનો સંગ્રહ કરીને વારંવાર પુરૂષાર્થ અને સત્યોપદેશ વડે જગતને આનંદિત કરે છે. ૩

જે પૂર્ણ બ્રહ્મચર્યરૂપ તપશ્ચરણ વડે પૂર્ણ વિદ્વાન્, સુશિત, સુશીલ અને જીતેન્દ્રિય થઇ, રાજ્યનું વિવિધ પ્રકારે પાલન કરે છે તેજ ઉત્તમ રાજા થાય છે. તથા જે યથાવત્ બ્રહ્મચર્ય પાલન કરી સંપૂર્ણ વિદ્યા ભણે છે તેજ આચાર્ય થઇ શકે છે, અને તેજ વિદ્વાન્ બ્રહ્મચારીની ઇચ્છા કરી શકે છે. ૪.

જેવી રીતે છોકરાઓ પૂર્ણ બ્રહ્મચર્ય કરી પૂર્ણ વિદ્યા ભણી પૂર્ણ જુવાન થઇ પોતાના જેવી રૂપવતી કન્યાની સાથે વિવાહ કરે છે તેવી રીતે કન્યાઓએ પણ પૂર્ણ બ્રહ્મચર્ય પછી પૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરી, પૂર્ણ યુવતિ થઇ પોતાના સદૃશ યુવાવસ્થાવાળા પતિને પ્રાપ્ત થાય. ૫

જ્યારે બ્રહ્મચારી બ્રહ્મ અર્થાત્ સાંગોપાંગ ચારે વેદ શબ્દાર્થ સંબંધના જ્ઞાનપૂર્વક ધારણ કરે છે, ત્યારે તે પ્રકાશમાન્ થાય છે, સંપૂર્ણ દિવ્ય ગુણો તેનામાં નિવાસ કરે છે;

અને સર્વ વિદ્વાનો તેની મિત્રતા કરે છે. તે બ્રહ્મચારી બ્રહ્મચર્યથીજ પ્રાણ દીર્ઘ જીવન, દુઃખનો નાશ, સંપૂર્ણ વિદ્યામાં પ્રવિણતા, ઉત્તમ વાણી, પવિત્રાત્મા, શુદ્ધ હૃદય, પરમાત્મા અને શ્રેષ્ઠ પ્રજ્ઞાને ધારણ કરી સર્વ મનુષ્યોના હિતને માટે સર્વ વિદ્યાઓનો પ્રકાશ કરે છે. ૬.

ब्रह्मचर्य कालः ॥

બ્રહ્મચર્ય કાલને માટે છાન્દોગ્યઉપનિષદ્‌ના તૃતીય પ્રપાઠકના સોળમાં ખંડમાં નીચે પ્રમાણે લખ્યું છેઃ—

मातृमान् पितृमानाचार्यवान् पुरुषो वेद ॥ १ ॥ पुरुषो वाव यज्ञस्तस्य यानि चतुर्वि ꣳ शतिर्वर्षाणि तत् प्रातःसवनं चतुर्विंशत्यक्षरा गायत्री गायत्रं प्रातःसवनं तदस्य वसवोऽन्वायत्ताः प्राणा वाव वसव एते हीद ꣳ सर्वं वासयन्ति ॥ २ ॥ तं चेदेतस्मिन् वयसि किञ्चिदुपतपेत् स ब्रूयात् प्राणा वसव इदं मे प्रातः सवनं माध्यन्दिन ꣳ सवनमनुसन्तनुतेति माहं प्राणानां वसूनां मध्ये यज्ञो विलोप्सीयेत्युद्धैव तत एत्यगदो ह भवति ॥ ३ ॥ अथ यानि चतुश्चत्वारि ꣳ शद्वर्षाणि तन्माध्यन्दिन ꣳ सवनं चतुश्चत्वारि ꣳ शदक्षरा त्रिष्टुप् त्रैष्टुभं माध्यन्दिन ꣳ सवनं तदस्य रुद्रा अन्वायत्ताः प्राणा वाव रुद्रा एते हीद ꣳ सर्वं ꣳ रोदयन्ति ॥ ४ ॥ तं चेदेतस्मिन् वयसि किञ्चि दुपतपेत् स ब्रुयात् प्राणा रुद्रा इदं मे माध्यन्दिन ꣳ सवनं तृतीयसवनमनुसन्तनुतेति माहम्प्राणाना ꣳ रुद्राणां मध्ये यज्ञो विलोप्सीयेत्युद्धैव तत एत्यगदो व भवति ॥ ५ ॥ अथ यान्यष्टा चत्वारि ꣳ शद्वर्षाणि तत् तृतीय सवनमष्टाचत्वारि ꣳ शदक्षरा जगती जागतं तृतीयसवनं तदस्यादित्या अन्वायत्ताः प्राणा वावादित्या एते हीद ꣳ सर्वमाददते ॥ ६ ॥ तं चेदतस्मिन् वयसि किञ्चिदुपतपेत् स ब्रूयात् प्राणा आदित्या इदं मे तृतीयसवनमायुरनुसन्तनुतेति माहं प्राणानामादित्यानां मध्ये यज्ञो विलोप्सीयेत्युद्धैव तत एत्यगदो हैव भवति ॥ ७ ॥

અર્થ—જે બાલકને પાંચ વર્ષની આયુ સુધી માતા, પાંચથી આઠ સુધી પિતા અને આઠથી અડતાલીસ, ચુંમાળીસ, ચાળીસ, છત્રીસ, ત્રીસ અથવા પચ્ચીસમા વર્ષ સુધી અને કન્યાને આઠથી ચોવીસ, બાવીસ, વીસ, અરાઢ અથવા સોળમા વર્ષ સુધી આચાર્યની પાસે શિક્ષણ મળે છે, ત્યારેજ તે પુરૂષ અથવા વિદ્યાવાન્ સ્ત્રી થઇ ધર્માર્થકામ અને મોક્ષના વ્યવહારમાં અતિ ચતુર થાય છે. ૧. આ મનુષ્યદેહરૂપી યજ્ઞને સારી રીતે આયુ, બલાદિ સંપન્ન કરવાને માટે હલકામાં હલકા પક્ષ એ છે કે પુરૂષે ચોવિસ અને સ્ત્રીએ સોળમા વર્ષસુધી બ્રહ્મચર્યાશ્રમ યથાવત્ પૂર્ણ, જેવો, ચોવીસ અક્ષરનો ગાયત્રી છંદ હોય છે તે પ્રમાણે કરવો જોઇએ. જેમ ભૌતિક યજ્ઞોમાં પ્રાતઃસવનાદિ ત્રણ સવન હોય છે તેમ આ મનુષ્ય દેહરૂપી યજ્ઞનું પ્રાતઃસવન કહેવાય છે. આથી મનુષ્યમાં વસુરૂપ પ્રાણની પ્રાપ્તિ થાય છે, કે જે બળવાન્ થઇને સર્વ શુભગુણોને શરીર આત્મા અને મનમાં વાસ કરાવે છે. ૨. જે કોઇ આ પચ્ચીસ વર્ષની આયુથી પહેલાં બ્રહ્મચારીને વિવાહ અથવા વિષયભોગ કરવાનો ઉપદેશ કરે તેને તે બ્રહ્મચારીએ ઉત્તર દેવો કે જો, મારા પ્રાણ, મન તથા ઇન્દ્રિયો પચ્ચીસ વર્ષના બ્રહ્મચર્ય સેવનથી બળવાન્ નહી થાય તો મધ્યમ સવન કે જે આગળ ચુંવાળીસ વર્ષ સુધીનું

બ્રહ્મચર્ય કહ્યું છે, તેને પૂર્ણ કરવાનું સામર્થ્ય મારામાં નહી રહે. કારણ કે પ્રથમ કોઇનું બ્રહ્મચર્ય મધ્યમ કોટિના બ્રહ્મચર્યને સિદ્ધ કરે છે; માટે શું હું તમારા જેવો મૂર્ખ છું કે જે આ શરીર, પ્રાણ, અંતઃકરણ તથા આત્માના સંયોગ રૂપ સર્વ શુભ ગુણ, કર્મ સ્વભાવના સાધનરૂપ આ સંધાનનો શીઘ્ર નાશ કરી મારા મનુષ્યદેહધારણના ફળથી વિમુખ રહું? અને સર્વ આશ્રમોના મૂળરૂપ, સર્વે ઉત્તમ કર્મોમાં પણ ઉત્તમ અને સર્વના મુખ્ય કારણરૂપ બ્રહ્મચર્યને ખંડિત કરીને મહાદુઃખ સાગરમાં કદી ડુબું? પણ જે પ્રથમ આયુમાં બ્રહ્મચર્ય સેવન કરે છે તે બ્રહ્મચર્યના સેવનથી વિદ્યાને પ્રાપ્ત થઇને નિશ્ચય રોગરહિત થાય છે. માટે તમારા મૂર્ખ લોકોના કહેવાથી હું બ્રહ્મચર્યનો લોપ કદી નહી કરૂં ૩. જે ચુંમાળીસ વર્ષસૂધી અર્થાત્ જેમ ચુંમાળીસ અક્ષરનો ત્રિષ્ટુપ્ છંદ હોય છે તદ્વત્ જે મધ્યમ બ્રહ્મચર્યનું પાલન કરે છે તે બ્રહ્મચારી રૂદ્રરૂપ પ્રાણોને પ્રાપ્ત થાય છે; તેની આગળ કોઈ પણ દુષ્ટની દુષ્ટતા નથી ચાલતી અને તે સર્વ દુષ્ટ કર્મ કરનારાઓને સદા રડાવે છે. ૪. જો મધ્યમ બ્રહ્મચર્ય સેવન કરનારાને કોઇ કહે કે તું બ્રહ્મચર્ય છોડીને વિવાહ કરી આનંદને પ્રાપ્ત કર, તો તેને બ્રહ્મચારીએ ઉત્તર દેવો કે જે અધિક સુખ બ્રહ્મચર્યાશ્રમના સેવનથી થાય છે અને વિષય સંબંધી પણ અધિક આનંદ થાય છે તે બ્રહ્મચર્ય ન સેવન કરવાથી સ્વપ્ને પણ નથી થતો કારણ કે સાંસારિક વ્યવહાર, વિષય અને પરમાર્થ સંબંધી પૂર્ણ સુખ બ્રહ્મચારીનેજ પ્રાપ્ત થાય છે. માટે હું આ સર્વોતમ સુખપ્રાપ્તિના સાધનરૂપ બ્રહ્મચર્યનો લોપ કદી ન કરતાં વિદ્વાન્, બળવાન્ આયુષ્યમાન્ અને ધર્માત્મા થઇ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત કરીશ. તમારા નિર્બુદ્ધિઓના કહેવાથી શીઘ્ર વિવાહ કરીને મારો પોતાનો અને કુલનો નાશ કદી નહી કરૂં. અડતાળીસ વર્ષ સુધીનુ બ્રહ્મચર્ય જેવો કે અડતાળીસ અક્ષરનો જગતી છંદ હોય છે, તે પ્રમાણે એ બ્રહ્મચર્યથી પૂર્ણ વિદ્યા, પૂર્ણ બળ, પૂર્ણ પ્રજ્ઞા, પૂર્ણ શુભકર્મ સ્વભાવયુક્ત સૂર્યવત્ પ્રકાશમાન્ થઇને બ્રહ્મચારી સર્વ વિદ્યાઓને ગ્રહણ કરે છે. ૫. જો કોઈ આ સર્વોત્તમ ધર્મથી બ્રહ્મચારીને ચ્યુત કરવા માગે તો તેને બ્રહ્મચારીએ ઉત્તર આપવો કે અરે બાળક મૂઢ! મારાથી દૂર રહો, તમારાં દુર્ગંધરૂપી ભ્રષ્ટ વચનોથી હું દૂર રહું છું. હું આ ઉત્તમ બ્રહ્મચર્યનો લોપ કદી પણ નહી કરૂં; એને પૂર્ણ કરીને સર્વ રોગોથી રહિત થઇ, સર્વ વિદ્યાદિ શુભ ગુણકર્મ સ્વભાવયુક્ત થઇશ આ મારી શુભ પ્રતિજ્ઞાને પરમાત્મા પોતાની કૃપા વડે પૂર્ણ કરો કે જેથી હું તમારા જેવા નિર્બુદ્ધિઓનેજ ઉપદેશ અને વિદ્યા ભણાવી તથા વિશેષ કરી તમારાં બાળકોને આનંદયુક્ત કરી શકું. ૬.

चतस्रोवस्थाः शरीरस्य वृद्धिर्यौवनं सम्पूर्णता किञ्चित्परिहाणिश्चेति । तत्रा षोडशाद् वृद्धिः ॥ आपञ्चविंशतेर्यौवनम् । आचत्वारिंशतस्सम्पूर्णता । ततः किञ्चित्परिहाणिश्चेति ॥

पञ्चविंशे ततो वर्षे पुमान्नारी तु षोडशे ।
समत्वागतवीर्यौ तौ जानीयात्कुशलो भिषक् ॥ सुश्रुते० ॥

અર્થ—આ મનુષ્યદેહની ચાર અવસ્થા છે. એક વૃદ્ધિ, બીજી યૌવન, ત્રીજી સમ્પૂર્ણતા અને ચોથી કિંચિત્ પરિહાણિ, અર્થાત્ શરીરનો થોડો થોડો હ્રાસ કરનારી. તેમાં સોળમાં વર્ષથી પચ્ચીસમા સૂધીમાંની અવસ્થાને વૃદ્ધિ કહે છે જે કોઇ આ વૃદ્ધિની અવસ્થામાં વીર્યાદિધાતુઓનો નાશ કરે છે તે સમજો કે કુહાડી વડે કાપેલા વૃક્ષ અથવા લાકડી વડે ફોડેલા ઘડા સમાન પોતાના સર્વસ્વનો નાશ કરે છે અને પશ્ચાત્તાપમાં પડે છે. પછી તેના હાથમાં કંઇજ સુધાર રહેતો નથી. અને બીજી અવસ્થા પચ્ચીસમા વર્ષ; અને ચાળીસમા વર્ષ સૂધીની ત્રીજી છે. જે કોઇ એને યથાવત્ સંરક્ષિત નથી રાખતો, તે જાણે કે પોતાની ભાગ્યશાલીન-

તાનો નાશ કરે છે. જે કોઇ બ્રહ્મચારી થઇને પછી ઋતુગામી તથા પરસ્ત્રીત્યાગી એક સ્ત્રી-વ્રતવાળો થઈ ગર્ભ રહ્યા પશ્ચાત્ એક વર્ષપર્યંત બ્રહ્મચારી નહી રહે, તે પણ પોતાનું કર્યું કરાવ્યું ધુળમાં મેળવી દેશે. ચોથી અવસ્થા ચાળીસમાં વર્ષ પછીની છે, એટલે જ્યાં સુધી નિર્વીર્ય ન થાય ત્યાં સુધીની કિંચિત્ હાનિરૂપ અવસ્થા છે. જો કિંચિત્ હાનિને બદલે વીર્યની અધિક હાનિ કરશે તો તે પણ રાજ્યક્ષ્મા (ક્ષય) તથા ભગંદરાદિ રોગોથી પીડિત થશે; અને જે ચારે અવસ્થાઓને યથાવત્ સુરક્ષિત રાખશે તે સર્વદા આનંદિત થઇને આખા સંસારને સુખી કરી શકશે.

હવે એમાં આટલું વિશેષ સમજવું જોઇએ કે પૂર્વોક્ત ચારે અવસ્થાઓનો સમય સ્ત્રી પુરૂષોનો એકસરખો નથી. પરંતુ જેટલું સામર્થ્ય પચ્ચીસમા વર્ષમાં પુરૂષના શરીરમાં હોય છે તેટલું સામર્થ્ય સ્ત્રીના શરીરમાં સોળમા વર્ષમાં આવે છે. જો કદિ બહુ જલદી વિવાહ કરવાની ઇચ્છા હોય તો પચ્ચીસ વર્ષનો પુરૂષ અને સોળ વર્ષની સ્ત્રી એ બંને તુલ્ય સામર્થ્યવાળા હોય છે માટે એ અવસ્થામાં જે વિવાહ થાય તે અધમ વિવાહ; અને સત્તર વર્ષની સ્ત્રી અને ત્રીસ વર્ષનો પુરૂષ, અઢાર વર્ષની સ્ત્રી અને છત્રીસ વર્ષનો પુરૂષ થાય, તથા ઓગણીસ વર્ષની સ્ત્રી અને આડત્રીસ વર્ષના પુરૂષનો વિવાહ, તો તે મધ્યમ અને વીસ એકવીસ, બાવીસ તથા ચોવીસ વર્ષની સ્ત્રી સાથે ચાળીસ, બેંતાળીસ, છેંતાળીસ અને અડતાળીસ વર્ષના પુરૂષનો અનુક્રમે વિવાહ થાય તો તે સર્વોત્તમ છે. હે બ્રહ્મચારિન્! આ વાતોને તું ધ્યાનમાં રાખ કારણ કે તને આગળના આશ્રમોમાં કામ આવશે. જે માણસો પોતાનાં સન્તાન, કુળ તથા દેશની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખતા હોય તેમણે પૂર્વોક્ત આવેલી વાતો પ્રમાણે યથાવત્ આચરણ કરવું.

श्रोत्रं त्वक् चक्षुषी जिह्वा नासिका चैव पञ्चमी ।
पायूपस्थं हस्तपादं वाक् चैव दशमी स्मृता ॥ १ ॥
बुद्धीन्द्रियाणि पञ्चैषां श्रोत्रादीन्यनुपूर्वशः ।
कर्मेन्द्रियाणि पञ्चैषां पाय्वादीनि प्रचक्षते ॥ २ ॥
एकादशं मनोज्ञेयं स्वगुणेनोभयात्मकम् ।
यस्मिञ्जिते जितावेतौ भवतः पञ्चकौ गणौ ॥ ३ ॥
इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद्विद्वान् यन्तेव वाजिनाम् ॥ ४ ॥
इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम् ।
संनियम्य तु तान्येव ततः सिद्धिन्नियच्छति ॥ ५ ॥
वेदास्त्यागश्च यज्ञाश्च नियमाश्च तपांसि च ।
न विप्रभावदुष्टस्य सिद्धिं गच्छन्ति कर्हिचित् ॥ ६ ॥
वशे कृत्वेन्द्रियग्रामं संयम्यचमनस्तथा ।
सर्वान् संसाधयेदर्थानाक्षिण्वन्योगतस्तनुम् ॥ ७ ॥
यमान् सेवेत सततं न नियमान् केवलान् बुधः ॥
यमान् पतत्यकुर्वाणो नियमान् केवलान् भजन् ॥ ८ ॥
अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।

चत्वारि तस्य वर्द्धन्ते आयुर्विद्या यशोबलम् ॥ ९ ॥
अज्ञो भवति वै बालः पिता भवति मन्त्रदः ।
अज्ञं हि बालमित्याहुः पितेत्येव तु मन्त्रदम् ॥ १० ॥
न हायनैर्न पलितैर्न वित्तेन न बन्धुभिः ।
ऋषयश्चक्रिरे धर्मं योऽनूचानः स नो महान् ॥ ११ ॥
न तेन वृद्धो भवति येनास्य पलितं शिरः ।
यो वै युवाप्यधीयानस्तं देवाः स्थविरं विदुः ॥ १२ ॥
यथा काष्ठमयो हस्ती यथा चर्ममयो मृगः ॥
यश्च विप्रोऽनधीयानस्त्रयस्ते नाम बिभ्रति ॥ १३ ॥
संमानाद्ब्राह्मणो नित्यमुद्विजेत विषादिव ।
अमृतस्येव चाकाङ्क्षेदवमानस्य सर्वदा ॥ १४ ॥
वेदमेव सदाभ्यस्येत्तपस्तप्स्यन् द्विजोत्तमः ।
वेदाभ्यासो हि विप्रस्य तपः परमिहोच्यते ॥ १५ ॥
योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥ १६ ॥
यथा खनन्खनित्रेण नरो वार्यधिगच्छति ।
तथा गुरुगतां विद्यां शुश्रूषुरधिगच्छति ॥ १७ ॥
श्रद्दधानः शुभां विद्यामाददीतावरादपि ।
अन्त्यादपि परं धर्मं स्त्रीरत्नं दुष्कुलादपि ॥ १८ ॥
विषादप्यमृतं ग्राह्यं बालादपि सुभाषितम् ।
विविधानि च शिल्पानि समादेयानि सर्वतः ॥ १९ ॥

मनुस्मृतौ द्वितीयाध्याये ॥

अर्थ—કાન, ત્વચા, નેત્ર, જીભ, નાસિકા, ગુદા, ઉપસ્થ (મૂત્રમાર્ગ) હાથ, પગ, અને વાણી એ દશ ઇન્દ્રિયો આ શરીરમાં છે ૧. તેમાં કાન આદિ પ્રથમની પાંચ જ્ઞાનેંદ્રિય અને ગુદા આદિ પાછળની પાંચ કર્મેન્દ્રિય કહેવાય છે ૨. અગીયારમી ઇંદ્રિ મન છે. તે પોતાના સ્મૃતિ આદિ ગુણો વડે બન્ને જાતની ઇન્દ્રિયો સાથે સંબંધ રાખે છે. આ મનને જીતવાથી જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોને જીતી શકાય છે ૩, જેમ હુશિયાર સારથિ (રથ હાંકનાર) ઘોડાને કુપથમાં નથી જવા દેતો તેમ વિદ્વાન્ બ્રહ્મચારીએ આકર્ષણ કરનારા વિષયોમાં જતી ઇંદ્રિયોને રોકવામાં સદા પ્રયત્નશીલ રહેવું જોઇએ ૪. ઇન્દ્રિયોની સાથે મનને લગાડવાથી બ્રહ્મચારી નિઃસન્દેહ દોષી થાય છે; અને પૂર્વોક્ત દશ ઇન્દ્રિયોને વશ કર્યા પછી સિદ્ધિને પ્રાપ્ત થાય છે ૫. જેનું બ્રાહ્મત્વ (સન્માનની અનિચ્છા તથા ઇન્દ્રિયોને વશમાં રાખવી ઇત્યાદિ) બગડયું અથવા જેનો વિશેષ પ્રભાવ (વર્ણાશ્રમના ગુણકર્મ) બગડે છે તે મનુષ્યોનો વેદાભ્યાસ, ત્યાગ (સંન્યાસ) લેવો, યજ્ઞ (અગ્નિહોત્રાદિ) કરવો, નિયમ (બ્રહ્મચર્યાદિ), તપ, નિંદા, સ્તુતિ તથા હાનિ લાભ આદિ

દ્વન્દ્વનું સહન કરવું આદિ કર્મ કદાપિ સિદ્ધ નથી થઈ શકતાં. માટે બ્રહ્મચારીએ પોતાના નિયમ ધર્મનું યથાવત્ પાલન કરીને સિદ્ધિને પ્રાપ્ત થવું. ૬. બ્રહ્મચારીએ સઘળી ઇન્દ્રિયોને વશ કરી આત્માની સાથે મનને સંયુક્ત કરી યોગાભ્યાસ વડે શરીરને કિંચિત્ પીડા દઈ પોતાના સઘળાં પ્રયોજન સિદ્ધ કરવાં. ૭ બુદ્ધિમાન્ બ્રહ્મચારીએ યમનું નિત્ય સેવન કરવું. કેવલ નિયમનું સેવન નહિ કરવું. કારણકે* યમનું સેવન ન કરતાં કેવલ× નિયમનુ સેવન કરનાર પણ પોતાના કર્ત્તવ્યથી પતિત થાય છે, માટે યમના સેવન પૂર્વક નિયમસેવન નિત્ય કર્યા કરવું. ૮ અભિવાદન કરવાનો જેનો સ્વભાવ છે તથા અવસ્થા અગર વિદ્યામાં વૃદ્ધ પુરૂષોનું જે નિત્ય સેવન કરે છે તેની અવસ્થા વિદ્યા કીર્ત્તિ અને બળ એ ચારેની નિત્ય ઉન્નતિ થયા કરે છે. માટે બ્રહ્મચારીએ આચાર્ય, માતા-પિતા, અતિથિ, મહાત્મા આદિ પોતાનાથી મોટાઓને નિત્ય નમસ્કાર અને તેમની સેવા કરવી જોઇએ. ૯ અજ્ઞ અર્થાત્ જે કંઇ ભણ્યો નથી તેજ બાળક કહેવાય છે; અને જે મંત્ર અર્થાત્ બીજાને સુવિચાર આપનારો–વિદ્યા ભણાવનાર અને વિદ્યા વિચારમાં નિપુણ હોય તે પિતાસ્થાનીય છે કારણ કે સત્પુરૂષોએ અજ્ઞને બાળક અને મન્ત્રદને પિતાજ કહેલ છે. માટે પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ સંપન્ન થઇ જ્ઞાનવાન્ તથા વિદ્યાવાન્ અવશ્ય થવું જોઇએ. ૧૦ ધર્મવેત્તા ઋષિજનોએ મોટી ઉમરવાળાને અથવા પળીયાં વાળાને કે શિથિલાંગ વાળાને (શરીરે કરચલી પડી ગઇ હોય તેવાને) અથવા ધનીકને કે વધારે સગાંવહાલાં વાળાને વૃદ્ધ નથી માન્યો, પરંતુ એજ નિશ્ચય કર્યો છે કે જે અમારા વાદવિવાદમાં ઉત્તર દેનાર અર્થાત્ વક્તા હોય તેજ વૃદ્ધ છે. માટે બ્રહ્મચર્ય સંપન્ન થઈ વિદ્યાવાન્ થવું જોઇએ કે જેથી સંસારમાં મહાનતા–પ્રતિષ્ઠા પમાય અને બીજાઓને ઉત્તર દેવામાં અતિ નિપુણ થવાય. ૧૧ જેનું માથું પળી જાય તથા વૃદ્ધાવસ્થાને લીધે નમી જાય તે વૃદ્ધ નથી પરન્તુ જુવાન હોય છતાં જો વિદ્વાન્ હોય તેનેજ વિદ્વાનોએ વૃદ્ધ માન્યો છે. માટે બ્રહ્મચર્ય સંપન્ન થઈ વિદ્યા ભણવી જોઇએ. ૧૨ જેવી રીતે લાકડાંનો હાથી અથવા ચામડાનું બનાવેલું હરણ નામ માત્રનાં છે તેજ પ્રમાણે અભણ વિપ્ર અર્થાત્ બ્રાહ્મણ પણ છે, અર્થાત્ તે નામ માત્રના બ્રાહ્મણ છે. બ્રહ્મચર્યાશ્રમ સંપન્ન થઈ વિદ્યા ભણવી જોઇએ. ૧૩ બ્રાહ્મણે માનની વિષ સમાન ઉદાસીનતા રાખવી અને અપમાનની અમૃતની પેઠે આકાંક્ષા રાખવી, અર્થાત્ બ્રહ્મચર્યાદિ આશ્રમોને માટે ભિક્ષા માત્ર માગતીવખતે પણ કદી માનની ઇચ્છા ન કરવી. ૧૪ દ્વિજોત્તમે અર્થાત્ બ્રાહ્મણે દ્વિજોમા શ્રેષ્ઠ સજ્જન પુરૂષે સર્વકાલ તપશ્ચર્યા સાથે વેદનોજ અભ્યાસ કરવો, કારણ કે બુદ્ધિમાનોને માટે વેદાભ્યાસ કરવો તેજ આ સંસારમાં પરમ તપ કહેલું છે માટે બ્રહ્મચર્ય સંપન્ન થઇ અવશ્ય વેદાધ્યયન કરવું. ૧૫ જે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય વેદનું અધ્યયન ન કરતાં અન્ય શાસ્ત્રમાં શ્રમ કરે છે તે જીવતાંજ પોતાના વંશસહિત શુદ્રત્વને પામે છે, માટે બ્રહ્મચર્ય સંપન્ન થઇને વેદવિદ્યા અવશ્ય ભણવી. ૧૬ જેમ કોદાળી વડે ખોદતાં ખોદતાં મનુષ્યને જલની પ્રાપ્તિ થાય છે, તેમજ ગુરૂની સેવા કરનાર પુરૂષ ગુરૂજનોમાં રહેલી વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. માટે બ્રહ્મચર્યાશ્રમ સંપન્ન થઈ ગુરૂજનની સેવા કરી તેમની પાસેથી વેદાદિ સાંભળવા તથા ભણવા. ૧૭ ઉત્તમ વિદ્યાની ઇચ્છાવાળા પુરૂષે પોતાનાથી હલકા પાસેથી પણ જો મળે તો વિદ્યા ગ્રહણ કરવી. નીચ જાતિ પાસેથી પણ ઉત્તમ ધર્મનું ગ્રહણ કરવું અને નિંદ્ય કુળમાંથી પણ ઉત્તમ સ્ત્રી રત્નનો સ્વીકાર

---

* **अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः यो० सू० सा० पा० सू० ३०**

અર્થઃ—સર્વ પ્રાણિયોની સાથે નિર્વૈરતા, સત્ય બોલવું તથા ચાલવું, સર્વથા ચોરી ત્યાગ, વીર્ય રક્ષણ અને અપરિગ્રહ એ પાંચ યમ છે.

× **शौचसन्तोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानिनियमाः॥ यो०सू०सा०पा०सू०३२**

બાહ્યાભ્યંતર પવિત્રતા, સન્તોષ, તપ (સુખ દુઃખ હાનિ લાભ આદિ દ્વન્દ્વનું સહન કરવું તે) સ્વાધ્યાય (પ્રદીપ શાસ્ત્રોનું પઠન) ઇશ્વર પ્રણિધાન (સર્વસ્વ ઇશ્વરાર્પણ) એ પાંચ નિયમ છે.

કરવો એ નીતિ છે. માટે ગૃહસ્થાશ્રમની પૂર્વે બ્રહ્મચર્યાશ્રમ સંપન્ન થઈ ગમે ત્યાંથી ઉત્તમ વિદ્યા ભણી ઉત્તમ ધર્મ શીખવો. તદનંતર ગૃહસ્થાશ્રમમાં ઉતમ સ્ત્રોની સાથે વિવાહ કરવો. ૧૮ વિષમાંથી પણ અમૃતનું ગ્રહણ કરવું. બાળકની પાસેથી ઉત્તમ વચનનું ગ્રહણ કરવું અને નાના પ્રકારનાં શિલ્પકામો સર્વની પાસેથી ગ્રહણ કરવાં જોઇએ. માટે બ્રહ્મચર્યાશ્રમ સંપન્ન થઇ દેશે દેશ પર્યટન કરી ઉત્તમ ગુણુ શીખવા. ૧૯

यान्यनवद्यानि कर्माणि । तानि सेवितव्यानि । नो इतराणि । यान्यस्माकꣳसुचरितानि । तानि त्वयोपास्यानि । नो इतराणि । एके चास्मच्छ्रेयाꣳसो ब्राह्मणाः । तेषां त्वयासनेन प्रश्वसितव्यम् ॥१॥ तैत्तिरी० प्रपा० ७ ॥ अनु० ११

ऋतं तपः सत्यं तपः श्रुतं तपः शान्तं तपो दमस्तपश्शमस्तपो दानं तपो यज्ञस्तपो ब्रह्मभूर्भुवः सुवर्ब्रह्मैतदुपास्वैतत्तपः ॥२॥ तैत्तिरी० प्रपा० १० । अनु० ८॥

અર્થ—હે શિષ્ય આનંદિત, પાપરહિત અર્થાત્ અન્યાય અધર્માચરણ રહિત ન્યાયધર્માચરણ સહિત જે જે કર્મો છે તેનુંજ સેવન તું કર્યા કરજે; એનાથી વિરૂદ્ધ અધર્માચરણ કદી ન કરતો. હે શિષ્ય ! તારાં માતાપિતા આચાર્યાદિ અમે છિયે તેમનાં ધર્મયુક્ત ઉત્તમ કર્મો હોય તેનુંજ તું અનુકરણ કર અને અમારાં દુષ્ટ કર્મ હોય તેનું અનુકરણ કદી ના કરતો. હે બ્રહ્મચારિન્! અમારામાં જે ધર્માત્મા, શ્રેષ્ઠ તથા બ્રહ્મવિત્ વિદ્વાન હોય તેની પાસે બેસજે, તેમનોજ સંગ કરજે અને તેમનોજ વિશ્વાસ કરજે. હે શિષ્ય ! તું યથાર્થનું ગ્રહણ, સત્ય જાનવું બોલવું તથા કરવું, વેદાદિ સત્યશાસ્ત્રોનું સાંભળવું, મનને અધર્માચરણમાં ન જવા દેવું. શ્રોત્રાદિ ઇન્દ્રિયોને દુષ્ટાચારના માર્ગથી રોકી શ્રેષ્ટાચાર તરફ લગાડવી, ક્રોધાદિના ત્યાગથી શાંત થવું, વિદ્યાદિ શુભ ગુણોનું દાન, અગ્નિહોત્રાદિ કરવાં તથા વિદ્વાનોનો સંગ કર; જેટલી ભૂમિ, અંતરિક્ષ તથા સૂર્યાદિ લોકોમાં પદાર્થ છે તેનું યથાશક્તિ જ્ઞાન પ્રાપ્ત કર અને યોગાભ્યાસ પ્રાણાયામ અને એક પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના કર. આ સર્વ કર્મ કરવાં તેજ તપ છે ૨.

ऋतञ्च स्वाध्यायप्रवचने च । सत्यञ्च स्वाध्यायप्रवचने च । तपश्च स्वाध्याय० । दमश्च स्वाध्याय० । शमश्च स्वाध्या० अग्नयश्च स्वाध्या० अग्निहोत्रञ्च स्वाध्या० सत्यमिति सत्यवचाराथीतरः । तप इति तपो नित्य पौरुशिष्टिः । स्वाध्याय प्रवचने एवेति नाकोमौद्गल्यः तद्धि तपस्तद्धि तपः ॥ ३ ॥ तैत्तिरी० प्रपा० ७ अनु० ९

અર્થ—હે બ્રહ્મચારિન્ ! તું સત્ય ધારણ કર, ભણ અને ભણાવ; સત્યોપદેશ કરવો કદી ના છોડ, સત્ય બોલ અને ભણુ તથા ભણાવ; હર્ષ શોકાદિ છોડીને પ્રાણાયામ તથા યોગાભ્યાસ કર અને ભણ તથા ભણાવ, તારી ઇંદ્રિયોને દુષ્ટ કર્મો તરફથી હઠાવી સારાં કામોમાં પ્રેર, વિદ્યાનું ગ્રહણ કર તથા કરાવ; તારા અંતઃકરણ તથા આત્માને અન્યાયાચરણમાંથી ખેંચી ન્યાયાચરણમાં પ્રવૃત્ત કર અને બીજાઓને પણ તેવોજ ઉપદેશ કર તથા પઠનપાઠન કર; અગ્નિવિદ્યાના સેવનપૂર્વક વિદ્યા ભણ અને ભણાવ; અગ્નિ હોત્ર કરતો જા અને પઠન કરતો જા, સત્યવાદી થવું, ન્યાયાચરણથી કષ્ટ સહન કરવું તપ નિત્ય પૌરૂશિષ્ટ આચાર્ય અને ધર્મમાર્ગમાંચાલી પઠન પાઠન કરવું તથા કરાવવું અને સત્યોપદેશ કરવો એજ તપ છે, એવો નાકોમૌદ્ગલ્ય આચાર્યનો મત છે, બીજા આચાર્યોના મતમાં પણ પૂર્વોક્તજ તપ છે એમ તું સમજ. ૩ ઇત્યાદિ ઉપદેશ ત્રણુ દિવસની અંદર આચાર્ય વા બાળકના પિતાએ તે બ્રહ્મચારીને કરવો.

તત્પશ્ચાત્ ઘર છોડીને ગુરૂ કુળમાં જવું. જો પુત્ર હોય તો છોકરાઓની અને પુત્રી હોય તો પુત્રીઓની પાઠશાળામાં મોકલી દેવાં. જો ઘરમાં વર્ણોચ્ચારણની શિક્ષા યથાવત્ ન થઇ હોય તો આચાર્યે બાળકને અને કન્યાઓને સ્ત્રીએ પાણિનિ મુનિકૃત વર્ણોચ્ચારણ શિક્ષા એક માસમાં શીખવી દેવી, પછી પાણિનિમુનિકૃત અષ્ટાધ્યાયીનો પાઠ પદચ્છેદ અર્થ સહિત આઠ માસમાં અથવા એક વર્ષમાં ભણાવી, ધાતુપાઠ તથા દશ લકારોનાં રૂપ સધાવવાં તથા દશ પ્રક્રિયાઓ પણ સધાવવી પશ્ચાત્ પાણિનિ મુનિકૃત લિંગાનુશાસન, ઉણાદિકોષ ગણપાઠ તથા અષ્ટાધ્યાયીસ્થ ણ્વુલ તથા તૃચ્ પ્રત્યયાધન્ત સુબન્તનાં રૂપ છ માસમાં સધાવવાં પછી બીજીવાર અષ્ટાધ્યાયી પદાર્થોક્તિ, સમાસ, શંકા સમાધાન, ઉત્સર્ગ, અપવાદ* અન્વયપૂર્વક ભણાવવી, અને સંસ્કૃત ભાષણનો અભ્યાસ કરાવતો જવો. આટલો અભ્યાસ આઠ માસમાં કરાવવો જોઇએ. તત્પશ્ચાત પતંજલીમુનિકૃત મહાભાષ્ય કે જેમાં વર્ણોચ્ચારણ શિક્ષા, અષ્ટાધ્યાયી, ધાતુપાઠ, ગણપાઠ, ઉણાદિગણ તથા લિંગાનુશાસન એ છ ગ્રંથોની વ્યાખ્યા યથાવત્ લખી છે તે દોઢ વર્ષમાં અર્થાત્ અઢાર માસમાં ભણાવવું આ પ્રમાણે શિક્ષા અને વ્યાકરણશાસ્ત્રને ત્રણવર્ષ, પાંચ અથવા નવ માસમાં અથવા ચાર વર્ષમાં પૂર્ણ કરી સંસ્કૃતવિદ્યાનાં મર્મસ્થલોને સમજવા યોગ્ય થઇ જવું તત્પશ્ચાત્ યાસ્કમુનિકૃત નિઘંટુ, નિરૂક્ત તથા કાત્યાયનાદિ મુનિકૃત કોષ દોઢ વર્ષમાં ભણી યથાર્થ આપ્તમુનિકૃત વાચ્યવાચક સંબંધરૂપ, ÷ યૌગિક, ×યોગરૂઢિ અને રૂઢિ=ત્રણ પ્રકારના શબ્દોના અર્થ યથાવત્ જાણવા. તત્પશ્ચાત્ પિંગલાચાર્યકૃત સૂત્ર છંદો ગ્રંથ ભાષ્યસહિત ત્રણ માસમાં ભણી ત્રણ માસમાં શ્લોકાદિ રચન વિદ્યા શિખવી. પછી યાસ્કમુનિકૃત કાવ્યાલંકાર સૂત્ર વાત્સ્યાયનમુનિકૃત ભાષ્યસહિત આકાંક્ષા, યોગ્યતા, આસત્તિ અને તાત્પર્યાર્થ, અન્વયસહિત ભણી તેની સાથે મનુસ્મૃતિ, વિદુરનીતિ અને કોઇ પણ પ્રકરણમાંથી દશ સર્ગ વાલ્મીકીય રામાયણ એટલું એક વર્ષમાં ભણાવવું તથા એક વર્ષમાં સૂર્યસિદ્ધાન્તાદિમાંથી કોઇ એક સિદ્ધાન્તવડે ગણિત વિદ્યા જેમાં બીજ ગણિત, રેખા ગણિત અને પાટી ગણિત કે જેને અંકગણિત પણ કહે છે તે ભણાવવું. નિઘંટુથી તે જ્યોતિષ સુધીના વેદાંગને ચાર વર્ષનાં ભણાવવાં તત્પશ્ચાત્ જૈમિની મુનિકૃત પૂર્વમીમાંસા, વ્યાસમુનિકૃત વ્યાખ્યાસહિત ગૌતમમુનિ કૃત પ્રશસ્તપાદભાષ્યસહિત કણાદમુનિકૃત વૈશેષિક સૂત્રરૂપ શાસ્ત્ર, વાત્સ્યાયનમુનિકૃત ભાષ્યસહિત ગૌતમમુનિકૃત સૂત્રરૂપ ન્યાયશાસ્ત્ર, વ્યાસમુનિકૃત ભાષ્ય સહિત પતંજલીમુનિકૃત યોગસૂત્ર યોગશાસ્ત્ર ભાગુરિમુનિકૃત ભાષ્યયુક્ત કપિલાચાર્યકૃત સૂત્રરૂપ સાંખ્યશાસ્ત્ર જૈમિની અથવા બૌદ્ધાયન આદિ મુનિકૃત વ્યાખ્યાસહિત વ્યાસમુનિકૃત શારીરિક સૂત્ર તથા ઇશ, કેન; કઠ, પ્રશ્ન, મુંડક માંડૂક્ય, ઐતરેય, તૈત્તિરીય, છાંદોગ્ય અને બૃહદારણ્ય એ દશ ઉપનિષદ્ વ્યાસાદિ મુનિકૃત વ્યાખ્યાસહિત વેદાન્તશાસ્ત્ર, આ છ શાસ્ત્રો બે વર્ષમાં ભણવાં તત્પશ્ચાત બહ્વૃચ ઐતરેય ઋગ્વેદનો બ્રાહ્મણ, આશ્વલાયન શ્રૌત તથા ગૃહ્યસૂત્ર અને કલ્પસૂત્ર × પદ, ક્રમ તથા વ્યાકરણાદિની સહાયતા વડે છંદ, સ્વર, પદાર્થ, અન્વય તથા ભાવાર્થ સહિત ઋગ્વેદનું પઠન ત્રણ વર્ષમાં કરવું. એજ પ્રમાણે યજુર્વેદનો શતપથ બ્રાહ્મણ તથા પદાદિ સહિત બે વર્ષમાં યજુર્વેદનો, સામ બ્રાહ્મણ તથા

---

* જે સૂત્રનો અધિક વિષય હોય તે ઉત્સર્ગ અને જે કોઇ સૂત્રના અધિક વિષયમાંથી થોડામાં પ્રવૃત્ત થાય તે અપવાદ કહેવાય છે.

÷ યૌગિક—જે શબ્દ ક્રિયા સાથે સંબંધ ધરાવતા હોય તે યૌગિક શબ્દ કહેવાય છે. જેમકે:—પાચક (રસોઇઓ) યાજક (યજ્ઞ કરનાર) ઇત્યાદિ.

× યોગરુઢિ—જે શબ્દ વ્યુત્પત્તિ આત્મક થઇને નિયત વિષયને કહે છે તે યોગરૂઢિ શબ્દ કહેવાય છે. જેવાકે પંકજ ઇત્યાદિ.

=રૂઢ—છે જે શબ્દ વ્યુત્પત્તિ આત્મક ન હોઇને નિયત વિષયને કહે છે તે રૂઢ શબ્દ કહેવાય છે જેમ કે ડિત્થ—ઇત્યાદિ.

+ જે બ્રાહ્મણ અથવા સૂત્ર વેદવિરૂદ્ધ હિંસાપરક હોય તેને પ્રમાણભૂત નહિ માનવાં.

ગાન સહિત બે વર્ષમાં સામવેદ અને ગોપથ બ્રાહ્મણ અને પદાદિ સહિત અથર્વવેદ બે વર્ષની અંદર ભણવા, બધાં મળીને નવ વર્ષમાં ચારે વેદોનું અધ્યયન કરવું જોઇએ. પછી ઋગ્વેદના ઉપવેદ, આયુર્વેદ જેને વૈદ્યકશાસ્ત્ર કહે છે તે અર્થાત્ ધન્વન્તરિકૃત સુશ્રુત તથા નિઘંટુ તથા પતંજલિ ઋષિકૃત ચરક આદિ આર્ષ ગ્રંથ ત્રણ વર્ષમાં ભણવા જેવાં સુશ્રુતમાં શસ્ત્ર લખ્યાં છે તેવાં બનાવી શરીરના સઘળા અવયવોને ચિરીને જોવા તથા તેમાં જે શારીરિકાદિ વિદ્યા લખી છે તેનો પ્રત્યક્ષ અનુભવ કરવો.

તત્પશ્ચાત્ યજુર્વેદનો ઉપવેદ ધનુર્વેદ કે જેને શસ્ત્રાસ્ત્ર વિદ્યા કહે છે તે અર્થાત્ એ વિષયના અંગિરાદિ ઋષિકૃત ગ્રંથો કે જે હાલમાં બહુશઃમળતા નથી તે ત્રણ વર્ષમાં ભણવા. પછી સામવેદનો ઉપવેદ ગાંધર્વવેદ જેમાં નારદસંહિતાદિ ગ્રંથ છે તે ભણીને સ્વર રાગ રાગિણી, સમય, વાદિત્ર ગ્રામ મૂર્છના તાલ આદિનો અભ્યાસ યથાવત્ ત્રણ વર્ષમાં કરવો.

તત્પશ્ચાત્ અથર્વ વેદનો ઉપવેદ અથર્વવેદ જેને શિલ્પશાસ્ત્ર પણ કહે છે તેનો વિશ્વકર્મા, ત્વષ્ટા અને આદિ કૃત સંહિતા ગ્રંથ છે તેને છ વર્ષમાં ભણી વિમાન તાર ભૂગર્ભાદિ વિદ્યાઓનો સાક્ષાત્કાર કરવો. શિક્ષાથી આયુર્વેદસુધીની ચૌદ વિદ્યાઓને એકત્રીસ વર્ષમાં ભણી મહાવિદ્વાન્ થઈ પોતાના તથા સર્વ જગતના કલ્યાણ અને ઉન્નતિમાં સદા પ્રયત્ન કરવો.

इति वेदारम्भसंस्कारविधिः समाप्तः ।

अथ समावर्तनसंस्कारविधिं वक्ष्यामः

બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને સાંગોપાંગ વેદવિદ્યા, ઉત્તમશિક્ષા તથા પદાર્થ વિજ્ઞાનને પૂર્ણ રીતિએ પ્રાપ્ત કરી, વિવાહ વિધાન પૂર્વક ગૃહાશ્રમ ગ્રહણને માટે વિદ્યાલય છોડીને ઘેર આવવું તેને સમાવર્તન સંસ્કાર કહે છેઃ—

वेदसमाप्तिं वाचयीत । कल्याणैः सह सम्प्रयोगः । अ० १ कं० २२ सू० १९

स्नातकायोपस्थिताय । राज्ञे च । आचार्यश्वशुरपितृव्यमातुलानां च ॥
अ० १ कं० २३ सू० २०

दधनि मध्वानीय । सर्पिर्वा मध्वलाभे । विष्टरः पाद्यमर्घ्यमाचमनीयं मधुपर्कः ।
आश्व० गृ० सू० अ० १ कं० २४ सू० २-३-४-५-६-७.

वेदꣳसमाप्य स्नायाद् ॥ ब्रह्मचर्यं वाष्टचत्वारिꣳशकम् । त्रय एव स्नातका भवन्ति । विद्यास्नातको व्रतस्नातको विद्याव्रतस्नातकश्चेति ॥ पार० गृ० सू० कां० २ कं० ६ सू० १-२

અર્થઃ—જ્યારે વેદાધ્યયન સમાપ્ત થાય ત્યારે સમાવર્તન સંસ્કાર કરવો. સર્વ વ્યવહારોમાં સદા પુણ્યાત્મા પુરૂષોને સાથે રાખવા રાજા, આચાર્ય, સસરા, કાકા તથા મામા આદિનું આગમન જ્યારે થાય તથા સ્નાતક અર્થાત્ વિદ્યા તથા બ્રહ્મચર્ય પૂર્ણ કરીને બ્રહ્મચારી ઘેર આવે ત્યારે પ્રથમ પગ ધોવાને માટે જલ તથા મુખપ્રક્ષાલનને માટે અને આચમનને માટે શુદ્ધ જલ આપવું ત્યાપછી તેમને શુભાસન ઉપર બેસાડી દહીમાં મધ અથવા મધ ન મળે તો ઘી

મેળવાને એક સારા પાત્રમાં નાંખી મધુપર્ક* આપવું. વેદ સમાપ્ત કરીને અથવા અડતાળીસ વર્ષનું બ્રહ્મચર્ય પૂર્ણ કરીને સમાવર્તન સંસ્કાર કરવો. સ્નાતક ત્રણ પ્રકારના છે. (૧) × વિદ્યા સ્નાતક (૨) વ્રતસ્નાતક અને (૩) વિદ્યાવ્રતસ્નાતક.

तानि कल्पद् ब्रह्मचारी सलिलस्य पृष्ठे तपोऽतिष्ठत्तप्यमानः समुद्रे। स स्नातो बभ्रुः पिङ्गलः पृथिव्यां बहु रोचते अथर्व० ॥ कां० ११ प्रपा० २४ व० १६ मं० २६

અર્થઃ—જે બ્રહ્મચારી સમુદ્રસમાન મહા ગંભીર ઉત્તમ બ્રહ્મચર્ય વ્રતમાં રહી મહાતપ સહિત વેદ પઠન, વીર્યનિગ્રહ તથા આચાર્યના પ્રિયાચરણ આદિ કર્મોને પૂર્ણ કરીને પૃષ્ઠ ૧૦૨ માં લખ્યા પ્રમાણે સ્નાનવિધિ કરીને પૂર્ણવિદ્યા ધારણ કરી સુંદર વર્ણયુક્ત થઇ પૃથ્વીમાં અનેક શુભ ગુણ તથા સ્વભાવ વડે પ્રકાશિત થાય છે તેજ ધન્યવાદને યોગ્ય છે.

સમાવર્ત્તનનો સમય પૃષ્ઠ ૧૦૦ માં લખ્યા પ્રમાણે જાણવો. પરંતુ જ્યારે દરેક વિદ્યા તથા બ્રહ્મચર્યવ્રત પૂર્ણ થાય ત્યારેજ ગૃહાશ્રમની ઇચ્છા સ્ત્રી તથા પુરૂષે કરવા. વિવાહનાં સ્થાન બે છે. એક આચાર્યનું ઘર અને બીજું પોતાનું ઘર. એમાંથી કોઇપણ ઠેકાણે આગળ લખ્યા પ્રમાણે વિવાહનો સઘળો વિધિ કરવો. આ સંસ્કારનો વિધિ પૂરો કર્યા પછી વિવાહ કરવો.

વિધિઃ—જે દિવસ સમાવર્ત્તનને માટે નિયત કર્યો હોય તે દિવસે આચાર્યના ઘરમાં પૃષ્ઠ ૧૯ માં લખ્યા પ્રમાણે યજ્ઞકુંડ આદિ બનાવીને શાકલ્ય તથા સામગ્રી સંસ્કારને આગલે દિવસે તૈયાર કરી રાખેલી હોય તે કુંડની પાસે મૂકવી અને સ્થાલીપાક બનાવી, ઘૃતાદિ શુદ્ધ કરી યજ્ઞશાલામાં વેદીની સમીપમાં મુકવું. પછી ચારે દિશાઓમાં આસન બિછાવી ઋત્વિજોનું વરણ કરવું. પશ્ચાત્ ઇશ્વરોપાસના, સ્વસ્તિવાચન શાંતિપાઠ કરવો અને આ સમયે જેટલા અન્ય પુરૂષો આવ્યા હોય તે પણ એકાગ્રચિત્ત થઈ ઇશ્વરના ધ્યાનમાં મગ્ન થાય. તત્પશ્ચાત્ આચાર્યને અગ્ન્યાધાન, સમિધાદાન કરી વેદીની ચારે દિશાએ જલપ્રોક્ષણ કરવું. ત્યારબાદ આઘારાવાજ્યભાગાહુતિ ચાર તથા વ્યાહૃતિ આહુતિ ચાર અને (**त्वन्नोअग्ने०**) ઇત્યાદિ આઠ ઘૃતાહુતિ અને એક સ્વિષ્ટકૃત આહુતિ તથા એક પ્રાજાપત્યાહુતિ એમ મળી અઢાર આહુતિ આપવી તત્પશ્ચાત્ બ્રહ્મચારીએ (**अग्ने सुश्रवः०**) મંત્રવડે કુંડના અગ્નિને એકઠો કરવો. તત્પશ્ચાત્ પ્રથમ લખ્યા પ્રમાણે (**ओं अग्नये समिध०**) મંત્ર વડે કુંડમાં ત્રણ સમિધા હોમવી; પછી તેજ ઠેકાણે લખેલા (**ओं तनूपा०**) ઇત્યાદિ સાત મંત્રો વડે જમણા હાથની હથેળી તપાવી મુખસ્પર્શ કરતા જવો. તત્પશ્ચાત્ પ્રથમ લખ્યા પ્રમાણે (**ओं वाङ्म०**) ઇત્યાદિ મંત્રો વડે અંગસ્પર્શ કરી સુગંધાદિ ઔષધીયુક્ત જલથી ભરેલા આઠ ઘડા કે જે પ્રથમથીજ વેદીની ઉત્તરમાં મૂકી રાખ્યા હોય તેમાંનો એક ઘડો નીચેનો મંત્ર બોલી લેવો;—

---

* મધુપર્ક બનાવવાનો વિધિ નીચે પ્રમાણે છેઃ—

आज्यमेकपलं ग्राह्यं दध्नस्त्रिपलमेव च ।
मधुनः पलमेकन्तु मधुपर्कः स उच्यते ॥
गदाधरः पा० गृ० सू० कां० १ कं० ३ सू० ५ उपरि ॥

ચાર તોલા ઘી, બાર તોલા દહીં અને ચાર તોલા મધ એકઠું કરવાથી મધુપર્ક થાય છે. આ મધુપર્ક કાંસાના વાસણમાં બનાવવો જોઇએ. (ભાષાન્તર કર્ત્તા)

× જે બ્રહ્મચારી કેવળ વિદ્યા સમાપ્ત કરે અને બ્રહ્મચર્ય સમાપ્ત થતા પહેલાં સ્નાન કરે છે તે વિદ્યા સ્નાતક, ૧ જે બ્રહ્મચર્ય વ્રત સમાપ્ત કરે છે, પણ વિદ્યા સમાપ્ત ન કરતાં પહેલાં સ્નાન કરે છે તે વ્રતસ્નાતક ૨ અને જે વિદ્યા તથા બ્રહ્મચર્યવ્રત બન્ને સમાપ્ત કરીને સ્નાન કરે છે તે વિદ્યાવ્રત સ્નાતક કહેવાય છે ૩.

ओं ये अप्स्वन्तरग्नयः प्रविष्टा गोह्य उपगोह्यो मयूषो मनोहास्खलो विरुजस्तनूदुषुरिन्द्रियहातान् विजहामि यो रोचनस्तमिह गृह्णामि ॥ सा.मं.ब्रा.प्र.१.खं.६ मं.१

તત્પશ્ચાત્ તે ઘડામાંથી પાણી લઇ નીમ્નલિખિત મંત્ર બોલી સ્નાન કરવું:—

ओं तेन मामभिषिञ्चामि श्रियै यशसे ब्रह्मणे ब्रह्मवर्चसाय ॥ सौत्रमन्त्रः ॥

પુનઃ ઉપર પ્રમાણેજ (**ओं ये अप्स्वन्तर०**) મંત્ર બોલી બીજો ઘડો લઇ તેમાંથી એક લોટામાં પાણી લઇને નીચેનો મંત્ર બોલી સ્નાન કરવું:—

ओं येन श्रियमकृणुतां येनावमृषताᳪ सुरान् येनाक्षावभ्य सिञ्चतां यद्वा तदश्विना यशः ॥ सा० मं० ब्रा० प्र० खं० ७ मं० ५

ફરીથી ઉપરનો (**ओं ये अप्स्वन्तर०**) મંત્ર બોલી વેદિની ઉત્તરમાં મૂકેલા ઘડાઓમાંથી; ત્રણ ઘડા લઇ પ્રથમ લખેલા (**आपो हिष्ठा०**) ઇત્યાદિ ત્રણ મંત્રો બોલી તેમાંના જળ વડે સ્નાન કરવું ત્યારબાદ બાકી રહેલા ત્રણ ઘડાઓમાંથી પાણી લઇને (**आपो हिष्ठा०**) ઇત્યાદિ ત્રણ મંત્રો મનમાં બોલી સ્નાન કરવું; પશ્ચાત્ નિમ્નલિખિત મંત્ર બોલી બ્રહ્મચારી એ મેખલા તથા દંડ છોડી દેવાં:—

ओं उदुत्तमं वरुण पाशमस्मदवाधमं विमध्यमᳪ श्रथाय । अथा वयमादित्यव्रते तवानागसोऽअदितये स्याम ॥यजुः० अ० १२ मं० १२

તત્પશ્ચાત્ તે સ્નાતક બ્રહ્મચારીએ સૂર્યની સન્મુખ ઉભા રહીને નિમ્નલિખિત મંત્રવડે પરમાત્માનું ઉપસ્થાન કરવું.

ओं उद्यन् भ्राजि भृष्णुरिन्द्रो मरुद्भिरस्थात् प्रातर्यावभिरस्थाद्दशसनिरसि दशसनिं मा कुर्वाविदन् मागमय । उद्यन् भ्राजि भृष्णुरिन्द्रो मरुद्भिरस्थाद्दिवा यावभिरथाच्छतसनिरसि शतसनिं मा कुर्वाविदन् मागमय ॥ उद्यन् भ्राजि भृष्णुरिन्द्रो मरुद्भिरस्थात् सायं यावभिरस्थात् सहस्रसनिरसि सहस्रसनिं मा कुर्वाविदन् मा गमय ॥ सौत्रमन्त्रः ॥

(**ये अप्स्वन्तर०**) જલમાં ગુપ્ત અથવા પ્રકાશિતપણે કહેલા શોભાયમાન તથા નીચે પડતા અગ્નિ વડે શરીરમાં રહેલા રોગ અથવા દુર્ગુણોને હું દૂર કરી જે જે ઉજ્વલ ગુણો છે તેનું ગ્રહણ કરૂં છું. (બ્રહ્મચારીએ એવા ગુણો ગ્રહણ કરવા કે જેથી ગૃહસ્થાશ્રમમાં પ્રતિષ્ઠા પામી લોકોમાં માન પામે)

(**तेन माम०**)શ્રી, યશ, પરમાત્માની ઉપાસના તથા વિદ્યાપ્રચાર ઇત્યાદિ પ્રયોજનને માટે હું સ્નાન કરૂં છું.

(**येन श्रियम०**) હું ગૃહસ્થાશ્રમમાં જઇ વિદ્યા પ્રચાર વડે એવો પ્રયત્ન કરીશ કે જેથી લોકોને (**श्रियम**) લક્ષ્મી પ્રાપ્ત થાય તથા તેઓ ઉત્તમોત્તમ રસોના ભોક્તા થાય. વળી તેઓ યશયુક્ત થાય તથા નિરોગી થાય તેનો યત્ન કરીશ.

(**उदुत्तमं०**) હે ગ્રહણ યોગ્ય, સત્યન્યાય પ્રકાશક પરમાત્મન્! આ (મેખલા તથા દંડ) હું જેમ છોડું છું તેમ ગૃહસ્થાશ્રમમાં મારાથી ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ટ ત્રણે પ્રકારના બંધનો દૂર રાખજો, કે જેથી હું અને અન્ય ગૃહસ્થાશ્રમીઓ અખંડિત રાજ્યને માટે અને આપના સત્યન્યાયરૂપી નિયમ પાલનમાં સ્થિર થઇએ.

(**उद्यन्०**) સર્વૈશ્વર્યવાન્ સર્વાન્તર્યામિ પરમાત્મા મને પ્રાપ્ત થઇ સર્વકાળ મારૂં સંરક્ષણ કરો અને ધન, ધાન્ય, તેજ તથા જ્ઞાન સહસ્રગણું આપો.

ઉપર લિખિત મંત્ર વડે પરમાત્માનું ઉપસ્થાન કરી દહીં અથવા તિલ ખાઇ બ્રહ્મચારીએ પોતાની જટા, લોમ નખ વગેરે કઢાવીને નિમ્નલિખિત મંત્ર બોલી ઉમરડાનું દાતણ કરવું:—

ओं अन्नाद्याय व्यूहध्वꣳ सोमो राजा यमागमत् स मे मुखं प्रमार्क्ष्यते यशसा च भगेन च ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ સુગન્ધિ દ્રવ્ય શરીરે ચોળી શુદ્ધ જલ વડે સ્નાન કરી શરીર કોરૂં કરી અધો વસ્ત્ર અર્થાત્ ધોતીયું અગર પીતામ્બર ધારણ કરી સુગન્ધયુક્ત ચંદનાદિનું અનુલેપન કરવું. તત્પશ્ચાત્ નીચેના મંત્રવડે ચક્ષુ, મુખ, કર્ણ તથા નાસિકાનાં છિદ્રોનો સ્પર્શ કરવો:—

ओं प्राणापानौ मे तर्पय, (મુખ તથા નાસિકા.)

चक्षुर्मे तर्पय (નેત્ર) **श्रोत्रं मे तर्पय** (કર્ણ) ॥

તત્પશ્ચાત્ દક્ષિણ હસ્તાંજલીમાં પાણી લઇ, અપસવ્ય કરી (જનોઇ ડાબાહાથ તરફનું ફેરવી નાખવું તે) દક્ષિણ મુખે રહી, નિમ્નલિખિત મંત્ર બોલી તે પાણી જમીન ઉપર રેડીદેવું.

ओं पितरः शुन्धध्वम् ॥ यजुः० अ० १९ मं० ३६

પછી સવ્ય (જનોઇ હમેશાં જે સ્થિતિમાં રાખિએ છિએ તે) કરી નીચેના મંત્રનો જપ કરવો:-

ओं सुचक्षा अहमक्षीभ्यां भूयासꣳ सुवर्चा मुखेन। सुश्रुत्कर्णाभ्यां भूयासम् ॥ सौत्रमन्त्रः ॥

ત્યારબાદ નિમ્ન લિખિત મંત્ર બોલી સુંદર વસ્ત્રધારણ કરવું:—

ओं परिधास्यै यशोधास्यै दीर्घायुत्वाय जरदष्टिरस्मि। शतं च जीवामि शरदः पुरूची रायस्पोषमभिसंव्ययिष्ये ॥ सौत्रमन्त्रः ॥

(**अन्नाद्याय०**) હે શાન્તિસ્વરૂપ પરમાત્મન્! મને ઉત્તમ અન્ન, યશ, ઐશ્વર્ય તથા શુદ્ધ અંતઃકરણ આપની કૃપાથી પ્રાપ્ત થાઓ.

(**प्राणापानौ०**) હે જગદીશ્વર ! મારા પ્રાણ, અપાન, ચક્ષુ તથા શ્રોત્રની તૃપ્તિ કર.

(**पितरः**) હે વિદ્વાનો ! આપ શુદ્ધ છો તેવો મને શુદ્ધ કરો. (આ વખતે અપસવ્ય કરવાનું લખ્યું છે તે માત્ર સૂચક ચિન્હ છે. અર્થાત્ તેથી એમ માલુમ પડે કે આ વખતે પિતૃસંબંધી કાર્ય અપસવ્ય વાળો મનુષ્ય કરે છે, અપસવ્ય ન કરવાથી કંઇ ધર્મહાનિ કે કરવાથી ધર્મલાભ થાય છે એમ નથી. દક્ષિણ દિશાતરફ મુખ કરવાનું કહ્યું છે તેનું કારણ એ છે કે હમેશ બ્રહ્માનું આસન દક્ષિણ દિશામાં હોય છે; અને તે બ્રહ્મ હમેશાં ચતુર્વેદવિત્ હોય છે માટે તેને પિતૃ કહે છે. હોલિર્ભાષ્યમાં કહ્યું છે કે:—

ऋग्वेदी च पितृस्थाने यजुर्वेदी पितामहः ।
त्रिवेदी प्रपितुः स्थाने विश्वदेवा ह्यथर्ववित् ॥

અર્થાત્ ઋગ્વેદી પિતૃસ્થાની, યજુર્વેદી પિતામહસ્થાની, ત્રિવેદી પ્રપિતામહાસ્થાની અને અથર્વવેદી વિશ્વેદેવસ્થાની કહેવાય છે. માટે બ્રહ્મા ચતુર્વેદવિત્ હોવાથી તેની પણ પિતૃસંજ્ઞા છે, તેથી કરીને બ્રહ્મચારી બ્રહ્માના તરફ પોતાનું મુખ કરીને ઉપરનો સંકલ્પ કરે છે. (ભાષાન્તર કર્ત્તા.)

(**सुचक्षा०**) હે પરમાત્મન્! હું આંખો વડે સારા બનાવો જોઉં અને મારી દૃષ્ટિ દિવ્ય હોય, હું મુખ વડે તેજસ્વી થાઉં અર્થાત્ સત્યોપદેશ કરી લોકોમાં પ્રતિષ્ઠા પામું તથા કર્ણવડે શુભ વાતો સાંભળું તેવી આપ કૃપા કરો.

(**परिधास्यै**) હે જગદીશ્વર ! આપની કૃપાથી હું યશસ્વી, દીર્ઘાયુ તથા નિરોગી થાઉં ઉત્તમ સદ્ગુણી સ્ત્રી તથા સંપત્તિને ગૃહસ્થાશ્રમમાં મેળવું.

ઉપરોક્ત મંત્રવડે વસ્ત્ર ધારણ કરી નિમ્ન લિખિત મંત્રવડે ઉપવસ્ત્ર ધારણ કરવું:—

ओं यशसा मा द्यावापृथिवी यशसेन्द्राबृहस्पती। यशो भगश्च माविदद्यशो मा प्रतिपद्यताम्॥ सौत्रमन्त्रः॥

ત્યારબાદ નિમ્નલિખિત મંત્રવડે સુગંધિત પુષ્પોની માળા હાથમાં લેવી:—

ओं या आहरज्जमदग्निः श्रद्धायै कामायेन्द्रियाय। ता अहं प्रतिगृह्णामि यशसा भगेन च॥

ઉપરનો મંત્ર બોલી માળા હાથમાં લીધા પછી નીચેનો મંત્ર બોલી માળા ધારણ કરવી:—

ओं यद्यशोऽप्सरसामिन्द्रश्चकार विपुलं पृथु। तेन सङ्ग्रथिताः सुमनस आबध्नामि यशोमयि॥ सौत्रमन्त्रः॥

માળા ધારણ પછી શિરોવેષ્ટન અર્થાત્ પાઘડી, ફેંટો, ટોપી અથવા મુકુટ હાથમાં લઇ પ્રથમ લખેલા "**युवा सुवासा०**" મંત્રવડે ધારણ કરવો. પશ્ચાત્ અલંકાર લઇ:—

ओं अलङ्करणमसि भूयोऽलङ्करणं भूयात्॥

આ મંત્રવડે ધારણ કરવો પશ્ચાત્ નિમ્નિલિખિત મંત્રવડે આંખમાં અંજન કરવું:—

ओं वृत्रस्यासि कनीनकश्चक्षुर्दा आसिचक्षुर्मे देहि॥

તત્પશ્ચાત્ નિમ્નલિખિત મંત્ર બોલી આરસીમાં મોઢું જોવું:—

ओं रोचिष्णुरसि॥ सौत्रमन्त्रः॥

મુખાવલોકન કર્યા પછી નિમ્નલિખિત મંત્ર વડે છતરી ધારણ કરવી:—

ओं बृहस्पते छदिरसि पाप्मनो मामन्तर्धेहि तेजसो यशसो मामन्तर्धेहि॥

પશ્ચાત્ નીચેના મંત્રવડે ઉપાનહ—જોડા ધારણ કરવા:—

ओं प्रतिष्ठे स्थो विश्वतो मा पातम्।

જોડા ધારણ કર્યા પછી નીચેના મંત્ર વડે લાકડી ધારણ કરવી:—

ओं विश्वाभ्यो माष्ट्राभ्यस्परि पाहि सर्वतः॥

(**यशसामा०**) હે બૃહસ્પતે! મને સર્વ દિશાઓમાંથી સર્વે મનુષ્યો તરફથી યશ, તેજ ધનાદિની પ્રાપ્તિ થાઓ;

(**या आहरज्जम०**) જે માળા જમદગ્નિએ શ્રદ્ધા, કલ્પના તથા ઇંદ્રિયોને માટે લીધી હતી તે હું યશ તથા ધનની પ્રાપ્તિને માટે લઉં છું.

(**यद्यशो०**) સૂર્ય જેમ વિજળીને વિપુલ યશથી પ્રકાશિત કરે છે તેમ હું આ પુષ્પ-ગ્રથિત માળાથી મારામાં યશને ધારણ કરૂં છું.

(**अलङ्करणमसि०**) તું શોભા આપનાર છે મને શોભાની પ્રાપ્તિ કરાવજે,

(**वृत्रस्यासि०**) તું તારાઓના ચક્ષુરૂપ છે, ચક્ષુષ્ય છે; મારી દૃષ્ટિને તું વધાર.

(**रोचिष्णुरसि०**) તું પ્રસન્ન કર્ત્તા છે.

(**बृहस्पते०**) યશ તથા તેજની લાલસાવાળા મને યશ તથા તેજથી ઢાંક.

(**प्रतिष्ठे स्थो०**) આ જોડાઓ નેત્ર્ય (નેત્રનું તેજ વધારનાર) છે તે મારૂં સર્વ સ્થળે રક્ષણ કરો.

(**विश्वाभ्यो०**) ચો તરફથી સર્વ પ્રકારના કષ્ટોથી મારૂં સંરક્ષણ કર.

ત્યારબાદ બ્રહ્મચારીનાં માતપિતા એ માનપ્રતિષ્ઠાસહિત આચાર્ય કુલમાંથી બ્રહ્મચારીને પોતાને ઘેર લઇ આવવો. તથા મધુપર્કાદિવડે તેનો સત્કાર કરવો. ત્યારબાદ સંસ્કારમાં આવેલા આચાર્ય આદિનો ઉત્તમ અન્નપાનાદિ વડે સત્કાર કરવો. ત્યારબાદ સ્નાતક તથા તેના માતપિતાએ આચાર્યને ઉત્તમ આસન ઉપર બેસાડી મધુપર્ક, પુષ્પમાળા, વસ્ત્ર ગોદાનાદિ તથા ધનાદિ પદાર્થો વડે દક્ષિણા યથાશક્તિ આપવી. અને પશ્ચાત્ આચાર્યનામાં જે જે ઉત્તમ ગુણો હોય તેની પ્રશંસા કરી વિદ્યાદાન કૃતજ્ઞતા સર્વે જનોને સંભળાવે. હે ભક્તજનો ! સાંભળો, આ મહાશય પૂજ્ય આચાર્યે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. કારણ કે જેણે મને પશુતાથી છોડાવી ઉત્તમ વિદ્વાન્ બનાવ્યો છે તેનો પ્રત્યુપકાર હું કંઇ પણ કરી શકવા અસમર્થ છું. એના બદલામાં હું મારા આચાર્યને અનેક ધન્યવાદ આપી નમસ્કાર કરી પ્રાર્થના કરૂં છું કે જેમ આપે મને ઉત્તમ શિક્ષા અને વિદ્યા દાન આપી કૃતકૃત્ય કર્યો છે તેજ પ્રમાણે અન્ય વિદ્યાર્થિઓને પણ કરશો. અને જેમ આપે મને વધા આપી આનંદિત કર્યો છે તેમજ અન્ય વિદ્યાર્થિઓને હું પણ કૃતકૃત્ય અને આનંદિત કરતો રહીશ, અને આપના કરેલા ઉપકારને નહીં ભૂલું. સર્વ શક્તિમાન્ જગદીશ્વર આપને, મને તથા સર્વ પઠન પાઠન કરનારાઓને અને આખા સંસાર ઉપર પોતાની કૃપાદૃષ્ટિ કરી સર્વને સભ્ય, વિદ્વાન શરીર તથા આત્માના બલયુક્ત અને પરોપકારાદિ શુભ કર્મોની સિદ્ધિ કરવા કરાવવામાં ચિરાયુ, સ્વસ્થ, પુરૂષાર્થી તથા ઉત્સાહી કરે; કે જેથી પરમાત્માની આ સૃષ્ટિમાં તેના ગુણકર્મ સ્વભાવાનુકૂલ પોતાના ગુણ કર્મ તથા સ્વભાવ બનાવી ધર્માર્થકામ અને મોક્ષની સિદ્ધિ કરીને સર્વદા આનંદમાં રહીએ.

इति समावर्तन संस्कारविधिः समाप्तः ।

अथ विवाहसंस्कारविधिं वक्ष्यामः ॥

વિવાહ એટલે પૂર્ણ બ્રહ્મચર્યવ્રત, વિદ્યા તથા બળની પ્રાપ્તિ કરીને તથા સર્વ પ્રકારે શુભગુણ, કર્મ તથા સ્વભાવમાં પરસ્પર તુલ્ય પ્રીતિયુક્ત થઇને નિમ્ન લિખિત વિધિ પ્રમાણે સન્તાનોત્પત્તિ તથા પોત પોતાના વર્ણાશ્રમાનુકૂલ ઉત્તમ કર્મ કરવાને માટે સ્ત્રી અને પુરૂષનો સંબંધ બાંધવામાં આવે છે તે; એને માટે પ્રમાણઃ—

उदगयन आपूर्यमाणपक्षे पुण्ये नक्षत्रे* चौलकर्मोपनयनगोदानविवाहाः॥१॥ सार्वकालमेके विवाहम् ॥२॥ आश्व० गृ० सू० अ० १ कं० ४ सू० १-२

आवसथ्याधानं दारकाले ॥३॥ पार० गृ० सू० कां० १ कं० २ सू० १

पुण्ये नक्षत्रे दारान् कुर्वीत ॥४॥ लक्षणप्रशस्तान् कुशलेन ॥५॥ गोभि० गृ० सू० प्रपा० २ कं० १ सू० १-२

અર્થઃ—ઉત્તરાયણ શુકલપક્ષમાં શુભ દિવસ અર્થાત્ જે દિવસે મન પ્રસન્ન હોય તે દિવસે વિવાહકરવો જોઇએ ૧. કેટલાક આચાર્યોનો મત એવો છે કે કોઈ પણ વખતે વિવાહ કરવો. ૨. વિવાહમાં જે અગ્નિની સ્થાપના થાય છે તેને આવસથ્યાગ્નિ કહે છે ૩. જે દિવસે મન પ્રસન્ન હોય તે દિવસ સ્ત્રીનું પાણિગ્રહણ, શુભગુણાદિ યુક્ત સ્ત્રી સાથે કરવું. ૪

* આ નક્ષત્રાદિનો વિચાર કલ્પના યુક્ત છે માટે પ્રમાણ નથી.

વિવાહનો સમય પૃષ્ઠ ૧૧૨ સૂચીમાં લખ્યા પ્રમાણે જાણવો. વધુ તથા વરની આયુ, કુલ, નિવાસસ્થાન, શરીર તથા સ્વભાવની પરીક્ષા અવશ્ય કરવી. અર્થાત્ બન્ને સજ્ઞાન અને વિવાહની ઇચ્છાવાળાં હોવાં જોઇએ; વરની ઉમર સ્ત્રીની ઉમર કરતાં ઓછામાં ઓછી દોઢી અને વધારેમાં વધારે બમણી હોવી જોઇએ. પરસ્પર કુલની પરીક્ષા પણ કરવી જોઇએ એને માટે પ્રમાણઃ—

वेदानधीत्य वेदौ वा वेदं वापि यथाक्रमम् ।
अविलुप्तब्रह्मचर्यो गृहस्थाश्रममाविशेत् ॥ १ ॥
गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि ।
उद्वहेत द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम् ॥ २ ॥
असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः ।
सा प्रशस्ता द्विजातीनां दारकर्मणि मैथुने ॥ ३ ॥
महान्त्यपि समृद्धानि गोजाविधनधान्यतः ।
स्त्रीसम्बन्धे दशैतानि कुलानि परिवर्जयेत् ॥ ४ ॥
हीनक्रियं निष्पुरुषं निच्छन्दो रोमशार्शसम् ।
क्षय्यामयाव्यपस्मारी श्वित्रि कुष्ठि कुलानि च ॥ ५ ॥
नोद्वहेत् कपिलां कन्यां नाधिकाङ्गीं न रोगिणीम् ।
नालोमिकां नातिलोमां न वाचाटां न पिङ्गलाम् ॥ ६ ॥
नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतनामिकाम् ।
न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥ ७ ॥
अव्यङ्गाङ्गीं सौम्यनाम्नीं हंस वारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत् स्त्रियम् ॥ ८ ॥
ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।
गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥ ९ ॥
आच्छाद्य चार्चयित्वा च श्रुतिशीलवते स्वयम् ।
आहूय दानं कन्याया ब्राह्मो धर्मः प्रकीर्तितः ॥ १० ॥
यज्ञे तु वितते सम्यगृत्विजे कर्म कुर्वते ।
अलङ्कृत्य सुतादानं दैवं धर्मं प्रचक्षते ॥ ११ ॥
एकं गोमिथुनं द्वे वा वरादादाय धर्मतः ।
कन्याप्रदानं विधिवदार्षो धर्मः स उच्यते ॥ १२ ॥
सह नौ चरतां धर्ममिति वाचानुभाष्य च ।
कन्याप्रदानमभ्यर्च्य प्राजापत्यो विधिः स्मृतः ॥ १३ ॥
ज्ञातिभ्यो द्रविणं दत्त्वा कन्यायै चैव शक्तितः ।

कन्याप्रदानं विधिवदासुरो धर्म उच्यते ॥ १४ ॥
इच्छयाऽन्योन्यसंयोगः कन्यायाश्च वरस्य च ।
गान्धर्वः स तु विज्ञेयो मैथुन्यः कामसम्भवः ॥ १५ ॥
हत्वा छित्वा च भित्त्वा च क्रोशन्तीं रुदतीं गृहात् ।
प्रसह्य कन्याहरणं राक्षसो विधिरुच्यते ॥ १६ ॥
सुप्तां मत्तां प्रमत्तां वा रहो यत्रोपगच्छति ।
स पापिष्ठो विवाहानां पैशाचश्चाष्टमोऽधमः ॥ १७ ॥
ब्राह्मादिषु विवाहेषु चतुर्ष्वेवानुपूर्वशः ।
ब्रह्मवर्चस्विनः पुत्रा जायन्ते शिष्टसंमताः ॥ १८ ॥
रूपसत्त्वगुणोपेता धनवन्तो यशस्विनः ।
पर्याप्तभोगा धर्मिष्ठा जीवन्ति च शतं समाः ॥ १९ ॥
इतरेषु तु शिष्टेषु नृशंसानृतवादिनः ।
जायन्ते दुर्विवाहेषु ब्रह्मधर्मद्विषः सुताः ॥ २० ॥
अनिन्दितैः स्त्रीविवाहैरनिन्द्या भवति प्रजा ।
निन्दितैर्निन्दिता नृणां तस्मान्निन्द्यान् विवर्जयेत् ॥ २१ ॥
मनुस्मृ० अ० ३ श्लो० २, ४, ८, २१, २७, ३४, ३९, ४२.

અર્થ—બ્રહ્મચર્ય ધારણ કરી ચાર, ત્રણ, બે અથવા એક વેદ યથાવત્ ભણી, અખંડિત બ્રહ્મચર્યનું પાલન કરી પછી ગૃહસ્થાશ્રમ કરવો ૧ યથાવત્ ઉત્તમ રીતિએ બ્રહ્મચર્ય તથા વિદ્યાનું ગ્રહણ કરી ગુરૂની આજ્ઞા લઇ સ્નાન કરી બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યે પોતાના વર્ણની ઉત્તમ લક્ષણયુક્ત સ્ત્રી સાથે વિવાહ કરવો ૨. જે સ્ત્રી માતાની છ પેઢી અને પિતાની સગોત્રી ન હોય તેજ દ્વિજોને માટે વિવાહ કાર્યમાં ઉત્તમ છે ૩. વિવાહમાં નીચે લખેલાં દશ કુળોનો ત્યાગ કરવો જોઇએ. ગમે તો તે ગાય આદિ પશુ, ધન તથા ધાન્યાદિમાં ગમે તેટલાં મોટાં હોય તો પણ તેવા કુલમાંની કન્યા સાથે વિવાહ કદી પણ ન કરવો ૪. એ દશ કુળ આ પ્રમાણે છે ૧. જે કુલ ઉત્તમ ક્રિયાથી રહિત હોય; ૨. જે કુલમાં કોઈ પણ ઉત્તમ પુરૂષ ન હોય; ૩. જે કુળમાં કોઇ વિદ્વાન્ ન હોય; ૪. જે કુલમાં શરીર ઉપર મોટાં મોટાં રૂવાં હોય; ૫ જે કુલમાં અર્શ (હરસ) નો રોગ હોય; ૬ જે કુલમાં ક્ષયરોગ હોય; ૭. જે કુલમાં અગ્નિમંદતાને લીધે આમાશયનો રોગ હોય: ૮ જે કુલમાં મૃગી (મિરગીઆંચકી–હિસ્ટીરીયા) નો રોગ હોય; ૯ જે કુળમાં સફેદ કોઢ અને ૧૦. જે કુલમાં ગલિતકુષ્ઠ જેને લીધે હાથ પગનાં આંગળાં ગળી જઈ દુરી પડે છે તે રોગ હોય તેવાં દશ કુલનો વિવાહમાં ત્યાગ કરવો જોઇએ એવાં કુલનાં સ્ત્રી અથવા પુરૂષ કોઈ સાથે વિવાહ ન કરવો જોઇએ. ૫. પીળારંગવાળી, અધિક અંગવાળી એટલે કે છ આંગળી ઈત્યાદિ, રોગવતી, જેના શરીર ઉપર બિલકુલ રૂવાં ન હોય અથવા મોટાં મોટાં રૂવાં હોય તેવી, વ્યર્થ બકબક કરનારી અને જેનાં બિલાડીનાં જેવાં નેત્ર હોય તથા જે કન્યાનું નામ નક્ષત્ર પર અર્થાત્ રેવતી, રોહિણી ઈત્યાદિ, નદીનામવાળી ગંગા, જમના વગેરે પર્વત નામવાળી પાર્વતી વિન્ધ્યા ઇત્યાદિ, પક્ષીનામવાળી મેના, હંસા ઈત્યાદિ, સર્પ જાતિ નામવાળી ઉરગા, ભોગિની ઈત્યાદિ, દાસીનામ વાળી તથા જેનું નામ બિહામણું અર્થાત્ કાલિકા, ચંડિકા ઈત્યાદિ હોય તેની સાથે વિવાહ ન કરવો ૬–૭. પરન્તુ જેનાં

સુંદર અંગ, ઉત્તમ વામ, હંસ તથા હાથણીની સમાન ચાલ અને જેના શરીર ઉપર સૂક્ષ્મ રૂવાં હોય, જેના નખ, દાંત, કેશ આદિ સૂક્ષ્મ હોય તથા જેના અંગોપાંગ કોમળ હોય તેવી સ્ત્રી સાથે વિવાહ કરવો ૮. બ્રાહ્મ, દૈવ. આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ એ પ્રમાણે વિવાહ આઠ પ્રકારના છે ૯. યોગ્ય, સુશીલ તથા વિદ્વાન્ પુરૂષનો સત્કાર કરી તેને કન્યાને વસ્ત્રાદિથી અલંકૃત કરી, સારા સારા ગૃહસ્થોને બોલાવી તેમની સન્મુખ કન્યા આપવી તે બ્રાહ્મ વિવાહ કહેવાય છે ૧૦. મહાન્ યજ્ઞમાં મોટા મોટા વિદ્વાનોનું વરણ કરી તેમાં કર્મ કરનારા કોઇ વિદ્વાન્ બ્રાહ્મણને વસ્ત્રઆભૂષણાદિ વડે સુશોભિત કરેલી કન્યા આપવી તે દૈવ વિવાહ ૧૧. એક ગાય. અથવા બળદની એક અથવા બે જોડ* વરની પાસેથી લઇ ધર્મપુર્વક કન્યાદાન કરવું તે આર્ષ વિવાહ ૧૨. કન્યા તથા વરને યજ્ઞશાળામાં વિધિ પુર્વક સર્વની પ્રત્યક્ષમાં "તમે બન્ને મળીને ગૃહાશ્રમનાં કર્મો યથાવત્ કરો" એ પ્રમાણે કહીને બંનેની પ્રસન્નતાપુર્વક પાણિગ્રહણ કરવું તે પ્રાજાપત્ય વિવાહ કહેવાય છે. આ ચાર વિવાહ ઉત્તમ છે. ૧૩. વરના સમ્બંધીઓ કન્યાને યથાશક્તિ ધન આપી હોમ આદિ વિધિ કરી કન્યા આપવી તે આસુર વિવાહ કહેવાય છે ૧૪. વર તથા કન્યાની ઇચ્છાથી બન્નેનો સંયોગ થવો અને પોતાના મનમાં માની લેવું કે અમે બન્ને સ્ત્રીપુરૂષ (પતિપત્ની) છીએ. આ કામેચ્છાથી થયેલો ગાંધર્વ વિવાહ કહેવાય છે ૧૫. કન્યા પક્ષનાં માણસોનું હનન છેદન અર્થાત્ કન્યાના રોકનારાઓનું વિદારણ કરી રોતી કળકળતી તથા કાંપતી અને ભયભીત થએલી કન્યાને બલાત્કારે હરણ કરી વિવાહ કરવો તે રાક્ષસવિવાહ કહેવાય છે ૧૬. સુતેલી ગાંડી થઇ ગયેલી અથવા નિશેકરી ઉંન્મત્ત થયેલી કન્યાને એકાંતમાં મળ્યેથી દૂષિત કરવી. આ સર્વ વિવાહોમાં નીચમાં નીચ મહાનીચ, દુષ્ટ-અતિદુષ્ટ પૈશાચ વિવાહ છે ૧૭. બ્રાહ્મ, દૈવ, આર્ષ અને પ્રાજાપત્ય આ ચાર વિવાહ વડે પાણિગ્રહણ કરેલાં સ્ત્રીપુરૂષો વડે જે સંતાન ઉત્પન્ન થાય છે તે વેદાદિ વિદ્યાથી તેજસ્વી આપ્ત પુરૂષોને સંમત અત્યુત્તમ હોય છે ૧૮. તે પુત્ર અથવા પુત્રી સુંદર સ્વરૂપવાન બલ, પરાક્રમ. શુદ્ધબુદ્ધિ આદિ ઉત્તમ ગુણયુક્ત, બહુ ધનયુક્ત, પુણ્યકીર્તિમાન અને પુર્ણ ભોગનાં ભોક્તા તથા અતિશય ધર્માત્મા થઇ સોવર્ષ સુખી જીવે છે. ૧૯. એ ચાર વિવાહ પછીના જે ચાર આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ વિવાહ એ ચાર દુષ્ટથી થયેલાં વિવાહિત જોડાંની સંતતિ નિંદિત કર્મ કર્તા, મિથ્યાવાદી, વેદ ધર્મના દ્વેષી અને મહાનીચ સ્વભાવવાળી થાય છે ૨૦, માટે મનુષ્યોએ જે નિંદિત વિવાહોથી નીચ પ્રજા થાય છે તેનો સર્વથા ત્યાગ અને જે ઉત્તમ વિવાહો વડે પ્રજા ઉત્તમ થાય છે તેનું ગ્રહણ કરી તે પ્રમાણે વર્તવું જોઇએ. ૨૧.

उत्कृष्टायाभिरूपाय वराय सदृशाय च ।
अप्राप्तामपि तां तस्मै कन्यां दद्याद्विचक्षणः ॥ १ ॥
काममामरणात्तिष्ठेद् गृहे कन्यर्त्तुमत्यपि ।
न चैवैनां प्रयच्छेत्तु गुणहीनाय कर्हिचित् ॥ २ ॥
त्रीणि वर्षाण्युदीक्षेत कुमार्यृतुमती सती ।
ऊर्ध्वन्तु कालादेतस्माद्विन्देत सदृशं पतिम् ॥ ३ ॥
मनुस्मृ० अ० ९ श्लो० ८८-९०.

---

* આ વાત મિથ્યા છે. કારણ કે આગળ મનુસ્મૃતિમાં એનો નિષેધ કરેલો છે. વળી યુક્તિ વિરૂદ્ધ પણ છે. માટે કંઈ પણ લીધા દીધાવગર બંનેની પ્રસન્નતાપુર્વક પાણિગ્રહણ કરવું તે આર્ષ વિવાહ કહેવાય છે.

જો કન્યાનો વિવાહ માતાપિતા કરવા ઇચ્છતાં હોય તો અતિ ઉત્કૃષ્ટ, શુભગુણ કર્મસ્વભાવવાળા કન્યાના સમાન રૂપ લાવણ્યાદિ ગુણયુક્ત વરનેજ ગમે તો તે કન્યા માતાની છ પેઢીમાં હોય તો પણ તેવાનેજ કન્યા આપવી પણ બીજાને કદી ન આપવી; કે જેથી બંને અતિ પ્રસન્ન થઇ ગૃહસ્થાશ્રમની ઉન્નતિ અને ઉત્તમ સંતાનોની ઉત્પત્તિ કરે. ૧ ગમે તો કન્યા મરણ પર્યંત પિતાના ઘરમાં કુંવારી બેસી રહે, પરંતુ ગુણહીન, અસદૃશ, દુષ્ટ પુરૂષની સાથે કન્યાનો વિવાહ કદી પણ ન કરવો; અને વર કન્યા પણ પોતાની મેળે પોતાનાં સરખાંની સાથેજ વિવાહ કરે ૨. જ્યારે કન્યાની મરજી વિવાહ કરવાની થાય ત્યારે રજસ્વલા થયા પછી ત્રણ વર્ષ જવા દઇ ચોથા વર્ષમાં વિવાહ કરવો. ૩.

(પ્રશ્ન) " **अष्टवर्षा भवेद् गौरी नववर्षा च रोहिणी** " ઇત્યાદિ શ્લોકોની શી ગતિ થશે. ?

(ઉત્તર) એવા શ્લોકો અને એના માનનારાઓની દુર્ગતિ થશે. અર્થાત્ જે એ શ્લોકાનુસાર બાલ્યાવસ્થામાં પોતાનાં સંતાનોના વિવાહ કરી એમને નષ્ટભ્રષ્ટ, રોગી તથા અલ્પાયુ કરે છે તે જાણો કે પોતાના કુળનું પોતેજ સત્યાનાશ કાઢે છે. માટે જો જલદી વિવાહ કરવો હોય તો પણ વેદારંભમાં લખ્યા પ્રમાણે સોળ વર્ષથી ઓછી નહિ એવી કન્યા અને પચ્ચીસથી ઓછી ઉંમરનો નહિ એવા પુરૂષોનોજ વિવાહ કરવો એના કરતાં જેટલું વધારે બ્રહ્મચર્ય રાખશે તેટલોજ તેમને વધારે આનંદ પ્રાપ્ત થશે.

(પ્રશ્ન) વિવાહ સમીપ વર્તીઓનો થવો જોઇએ કે દૂરદેશવાસિયોમાં થવો યોગ્ય છે ?

(ઉત્તર) **दुहिता दुर्हिता दूरेहिता भवतीति ॥ निरुक्तम्.**

આ નિરુક્તનું વચન છે. એનો ભાવાર્થ એ છે કે જેટલો દૂર દેશમાં વિવાહ તેટલો ઉત્તમ અને અધિક લાભદાયી છે.

(પ્રશ્ન) સ્વગોત્રી અને ભાઇ બ્હેનોના પરસ્પર વિવાહ કેમ ન કરવા ?

(ઉત્તર) એથી એક બીજા સાથે પ્રીતિ નથી થતી કારણ કે જેટલી પ્રીતિ પરોક્ષ પદાર્થમાં થાય છે તેટલી પ્રત્યક્ષમાં નહિ. વળી એક બીજાના બાલ્યાવસ્થાના જે દોષો હોય છે તે પણ તેમને ખબર હોય છે. તેમજ ભય આદિ પણ અધિક નથી રહેતા. વિશેષમાં જ્યાં સુધી દૂરસ્થ એક બીજાના કુલ સાથે સંબંધ નથી થતો ત્યાંસુધી શરીર આદિની પુષ્ટિ પણ પૂર્ણ રીતે નથી થતી. દૂરના સંબંધથી પરસ્પર પ્રીતિ, ઉન્નતિ અને ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે. અને નિકટતાથી તેમ નથી થતું યુવાવસ્થામાંજ વિવાહ કરવો જોઇએ તેને માટે પ્રમાણઃ—

तमस्मेरा युवतयो युवानं मर्मृज्यमानाः परियन्त्यापः । स शुक्रेभिः शिक्वभी रेवदस्मे दीदायानिध्मो घृतनिर्णिगप्सु ॥ १ ॥ अस्मै तिस्रो अव्यथ्याय नारीर्देवाय देवीर्दिधिषन्त्यन्नम् । कृताइवोप हि प्रसर्स्रे अप्सु स पीयूषं धयति पूर्वसूनाम् ॥ २ ॥ अश्वस्यात्र जनिमास्य च स्वर्द्रुहो रिष संपृचः पाहि सूरीन् । आमासु पूर्षु परो अप्रमृष्यं नारातयो विनशन्नानृतानि ॥ ३ ॥ ऋ० मं० २ सू० ३५ मं० ४–६

वधूरियं पतिमिच्छन्त्येति य ईं वहाते महिषीमिषिराम् । आस्य श्रवस्याद्रथ आ च घोषात्पुरू सहस्रा परि वर्त्तयाते ॥ ४ ॥ ऋ० मं० ५ सू० ३७ मं० ३

उप व एषे वन्द्येभिः शूषैः प्र यह्वी दिवश्चितयद्भिरर्कैः । उषासानक्ता विदुषीव विश्वमाहा वहतो मर्त्याय यज्ञम् ॥ ५ ॥ ऋ० मं० ५ सू० ४१ मं० ७

અર્થ—જે (**मर्मृज्यमानाः**) ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત અને સદ્વિદ્યાઓ વડે અત્યંત (**युवतयः**)

વીશમા વર્ષથી તે ચોવીસમા વર્ષસૂધીની વયવાળી છે, તેવી કન્યાઓ જેમ (**आपः**) જલ અથવા નદી સમુદ્રને પ્રાપ્ત થાય છે તેમ (**अस्मेरा**) અમને પ્રાપ્ત થનારી અને પોતાને પ્રિય તથા પોતાનાથી દોઢા અથવા બમણા આયુષ્યવાળા (**तम्**) બ્રહ્મચર્ય તથા વિદ્યાથી પરિપૂર્ણ શુભ લક્ષણ યુક્ત એવા (**युवानम्**) યુવાન પતિને (**परियन्ति**) સમ્યક રીતે પ્રાપ્ત થાય છે. (**सः**) તે બ્રહ્મચારી (**शुक्रेभिः**) શુદ્ધ ગુણ તથા (**शिक्विभिः**) વીર્યાદિથી યુક્ત થઇને (**अस्मे**) અમારામાં (**रेवत्**) અત્યંત શ્રીયુક્ત કર્મને અને (**दीदाय**) પોતાની સમાન યુવતિ સ્ત્રીને પ્રાપ્ત થાય. જેમ (**अप्सु**) અંતરિક્ષ અથવા સમુદ્રમાં (**घृतनिर्णिक्**) જલનું શોધન કરનાર (**अनिध्मः**) સ્વયં પ્રકાશિત વિદ્યુત્ અગ્નિ છે તેજ પ્રમાણે સ્ત્રી અને પુરૂષના હૃદયમાં પ્રેમ બહાર અપ્રકાશમાન અને અંદર સુપ્રકાશિત રહીને ઉત્તમ સંતાન અને અત્યંત આનંદને ગૃહસ્થાશ્રમમાં બંને સ્ત્રી પુરૂષ પ્રાપ્ત થાય १. હે સ્ત્રીપુરૂષો! જેમ (**तिस्रः**) ઉત્તમ, મધ્યમ તથા નિકૃષ્ટ સ્વભાવયુક્ત (**देवीः नारीः**) વિદ્વાન્ પુરૂષોની વિદુષી સ્ત્રીઓ (**अस्मै**) આ (**अव्यथ्याय**) પીડાથી રહિત (**देवाय**) કામને માટે (**अन्नम्**) અન્નાદિ ઉત્તમ પદાર્થોને (**दिधिषन्ति**) ધારણ કરે છે, (**कृता इव**) જાણે કે શિક્ષણ મળ્યું હોય તેમ (**अप्सु**) પ્રાણવત્ પ્રીતિ આદિ વ્યવહારોમાં પ્રવૃત્ત થવાને માટે સ્ત્રીની સાથે પુરૂષ અને પુરૂષ સાથે સ્ત્રી (**उप प्रसर्स्रे**) સંબંધને પ્રાપ્ત થાય છે, (**स, हि**) તેજ પુરૂષ અથવા સ્ત્રી આનંદને પ્રાપ્ત થાય છે, જેમ જલમાંના (**पीयूषम्**) અમૃતરૂપ રસને (**पूर्वसूनाम्**) પ્રથમ પ્રસૂત થયેલી સ્ત્રીઓનાં બાલક (**धयति**) દુધ પીને વૃદ્ધિ પામે છે, તેમ આ બ્રહ્મચારી અને બ્રહ્મચારિણી સ્ત્રીનાં સંતાન યથાવત્ વૃદ્ધિ પામે છે. २. જેમ રાજા આદિ સર્વે લોકો (**पूर्षु**) પોતાનાં નગર અને (**आमासु**) ઘરોમાં ઉત્પન્ન થયેલાં પુત્ર તથા કન્યા રૂપ પ્રજાઓમાં ઉત્તમ શિક્ષા (**परः**) ઉત્તમ વિદ્વાન્ (**अप्रमृष्यम्**) શત્રુઓને સહન કરવાને અયોગ્ય બ્રહ્મચર્યવડે પ્રાપ્ત થયેલા શરીરાત્મબલયુક્ત દેહનો (**अरातयः**) શત્રુઓ (**नविनशन्**) નાશ નથી કરી શકતા, તથા (**अनृतानि**) મિથ્યા ભાષણાદિ દુર્વ્યસનોનો (**न**) પ્રાપ્ત નથી થતાં, તેમ ઉત્તમ સ્ત્રીપુરૂષોની સાથે (**द्रुह**) દ્રોહ આદિ દુર્ગુણ તથા (**रिष**) હિંસા આદિ પાપ (**नसम्पृच**) સંબંધ નથી કરતાં પરંતુ જે યુવાવસ્થામાં વિવાહ કરી પ્રસન્નતા પૂર્વક વિધિયુક્ત સંતાનોત્પત્તિ કરે છે તેમના (**अस्य**) આ (**अश्वस्य**) મહાન ગૃહાશ્રમની મધ્યમાં ઉત્તમ બાલકો (**जनिम**) જન્મે છે માટે હે સ્ત્રિ વા પુરૂષ! તું (**सूरीन्**) વિદ્વાનોની (**पाहि**) રક્ષા કર. (**च**) અને એવા ગૃહસ્થોનું (**स्वः**) સુખ (**अत्र**) આ ગૃહસ્થાશ્રમમાં સદૈવ વધતું રહે છે. ३. હે મનુષ્યો! (**यः**) પૂર્વોક્ત લક્ષણયુક્ત જે યુવાન (**इम्**) સર્વ રીતે પરીક્ષા કરીને (**महिषीम्**) ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી, વિદ્યા, શુભગુણરૂપ, સુશીલતાદિ યુક્ત (**इषिराम्**) વરની ઇચ્છાવાળા હૃદયને પ્રિય સ્ત્રીને (**एति**) પ્રાપ્ત થાય છે અને જે (**पतिम्**) વિવાહ વડે પોતાના સ્વામીની (**इच्छन्ती**) ઇચ્છા કરતી (**इयम्**) આ (**वधू**) સ્ત્રી પોતાના સમાન હૃદયવાળા પ્રિય પતિને (**एति**) પ્રાપ્ત થાય છે તે પુરૂષ અથવા સ્ત્રી (**अस्य**) આ ગૃહસ્થાશ્રમમાં (**आश्रवस्यात्**) અત્યંત વિદ્યા, ધન, ધાન્ય યુક્ત સર્વ રીતે થાય અને તે બંને (**रथः**) રથની પેઠે (**पुरु**)(**सहस्रा**) પરસ્પર પ્રિય વચન બોલે (**च**) તથા ગૃહસ્થાશ્રમના સઘળા ભારને (**वहाते**) ઉઠાવી શકે છે. તથા તે બંને (**पुरु**) બહુ (**सहस्रा**) અસંખ્ય ઉત્તમ કાર્યોને (**परिवर्त्तयाते**) સઘળી રીતે સિદ્ધ કરી શકે છે ४. હે મનુષ્યો! જો તમે પૂર્ણ બ્રહ્મચર્યથી સુશિક્ષિત વિદ્યાયુક્ત પોતાનાં સંતાનોને કરી સ્વયંવર વિવાહ કરાવો તો તે (**वन्द्येभिः**) કામના યોગ્ય (**चितयद्भिः**) સર્વે સત્યવિદ્યાઓને જણાવનારાં (**अर्कैः**) સત્કાર યોગ્ય (**शूषैः**) શરીરાત્મ બલયુક્ત થઇને (**वः**) તમારે માટે (**एवे**) સર્વ સુખ પ્રાપ્ત કરાવવામાં સમર્થ થશે; અને તે (**उषासानक्ता**)

જેમ દિવસ તથા રાત્રિ તથા જેમ (**विदुषीव**) વિદુષી સ્ત્રી તથા વિદ્વાન્ પુરૂષ (**विश्वम्**) ગૃહસ્થાશ્રમના સમ્પુર્ણ વ્યવહારને (**आवहतः**) બરાબર પ્રાપ્ત થાય છે. (**ह**) તેમજ આ (**यज्ञम्**) સંગતરૂપ ગૃહસ્થાશ્રમના વ્યવહારને તેજ સ્ત્રી પુરૂષો પુર્ણ કરી શકે છે અને (**मर्त्याय**) મનુષ્યોને માટે આજ પુર્વોક્ત વિવાહ પુર્ણ સુખદાયક છે, અને (**यह्वी**) અત્યંત શુભગુણ-કર્મસ્વભાવવાળાં સ્ત્રીપુરૂષ બંને (**दिवः**) કામનાઓને (**उप, प्र, वहतः**) સારી રીતે પ્રાપ્ત થઇ શકે છે. અન્ય નહીં. ૫

જેમ બ્રહ્મચર્યમાં કન્યાનું બ્રહ્મચર્ય વેદોક્ત છે તેમજ સઘળા પુરૂષોએ પણ બ્રહ્મચર્ય રાખી વિદ્યા ભણી પુર્ણ યુવાન થઈ પરસ્પર પરીક્ષા કરીને જેની સાથે જેને વિવાહ કરવામાં પુર્ણ પ્રીતિ હોય તેની સાથે વિવાહ કરવો તે ઉત્તમ છે. જે કોઇ યુવાવસ્થામાં વિવાહ ન કરાવીને બાલ્યાવસ્થામાં અનિશ્ચિત અયોગ્ય વર કન્યાના વિવાહ કરાવશે તે વેદોક્ત ઇશ્વરાજ્ઞાના વિરોધી થઇને મહાદુઃખ સાગરમાં કેમ નહિ ડૂબે ? અને જેઓ પુર્વોક્ત રીતે વિવાહ કરે તથા કરાવે છે તેઓ ઇશ્વરાજ્ઞાનુકૂલ ચાલતા હોવાથી પુર્ણ સુખને પ્રાપ્ત થાય છે. (પ્રશ્ન) વિવાહ સ્વવર્ણમાંજ થવા જોઇએ કે પરવર્ણોમા પણ થઇ શકે ?

(ઉત્તર) પોતાનાજ વર્ણમાં વિવાહ કરવો જોઇએ. પણ વર્ણવ્યવસ્થા ગુણકર્માનુસાર હોવી જોઇએ જન્મમાત્રથી નહીં જે પુર્ણ વિદ્વાન્ ધર્માત્મા, પરોપકારી જીતેન્દ્રિય, મિથ્યાભાષણાદિ દોષરહિત, વિદ્યા. અને ધર્મના પ્રચારમાં તત્પર રહે ઇત્યાદિ ઉત્તમ ગુણ જેનામાં હોય તે બ્રાહ્મણ તથા બ્રાહ્મણી કહેવાય, વિદ્યા, બલ, શૌર્ય, ન્યાયકારિત્વાદિ ગુણ જેનામાં હોય તે ક્ષત્રિય અને ક્ષત્રિયા કહેવાય; અને વિદ્વાન્ થઇ કૃષિ પશુપાલન, વ્યાપાર દેશભાષાઓમાં ચતુરતાદિ ગુણ જેનામાં હોય તે વૈશ્ય તથા વૈશ્યા કહેવાય; અને જે વિદ્યાહીન મૂર્ખ હોય તે શૂદ્ર તથા શૂદ્રા કહેવાય આજ ક્રમથી વિવાહ થવો જોઇએ અર્થાત્ બ્રાહ્મણનો બ્રાહ્મણી, ક્ષત્રિયનો ક્ષત્રિયા, વૈશ્યનો વૈશ્યા અને શૂદ્રનો શૂદ્રા-સાથેજ વિવાહ થવામાં આનંદ પ્રાપ્ત થાય છે અન્યથા નહિ. આ વર્ણવ્યવસ્થાને માટે પ્રમાણઃ—

धर्मचर्यया जघन्यो वर्णः पूर्वं पूर्वं वर्णमापद्यते जातिपरिवृत्तौ ॥१॥ अधर्मचर्यया पूर्वो वर्गो जघन्यं जघन्यं वर्णमापद्यते जातिपरिवृत्तौ ॥ आपस्तम्बे॥ शूद्रो ब्राह्मणतामेति ब्राह्मणश्चैति शूद्रताम् । क्षत्रियाज्जातमेवन्तु विद्याद्वैश्यात्तथैव च ॥३॥ मनुस्मृ० अ०

અર્થ—ધર્માચરણ વડે નીચવર્ણનો મનુષ્ય ઉત્તમ ઉત્તમ વર્ણને પ્રાપ્ત થાય છે. અને તે વર્ણના જે જે કર્ત્તવ્ય અધિકાર રૂપ કર્મ છે તે સર્વ ગુણકર્મ તે પુરૂષ અથવા સ્ત્રીને પ્રાપ્ત થાય છે ૧. એજ પ્રમાણે ઉત્તમ વર્ણનો પુરૂષ અથવા સ્ત્રી નીચ વર્ણને પ્રાપ્ત થાય છે અને તે તે વર્ણના અધિકાર અને કર્મોનો કર્ત્તા થાય છે ૨. ઉત્તમ ગુણકર્મ તથા સ્વભાવવાળો શૂદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અથવા બ્રાહ્મણ, વૈશ્ય ક્ષત્રિય તથા બ્રાહ્મણ અને ક્ષત્રિય બ્રાહ્મણ વર્ણના અધિકાર અને કર્મોને પ્રાપ્ત થાય છે. તેમજ નીચ કર્મ અને ગુણો વડે બ્રાહ્મણ હોય તે ક્ષત્રિય અથવા શૂદ્ર, ક્ષત્રિય વૈશ્ય તથા શૂદ્ર અને વૈશ્ય શૂદ્ર વર્ણના અધિકાર તથા કર્મોને પ્રાપ્ત થાય છે. ૩.

આજ પ્રમાણે વર્ણ વ્યવસ્થા થવાથી પક્ષપાત ન થતાં સર્વ વર્ણો ઉત્તમ રહે છે અને ઉત્તમ રહેવાનો તથા બનવાનો પ્રયત્ન કરે છે. ઉત્તમ વર્ણવાળો નીચ થવાના ભયથી અશુભ કર્મો છોડી ઉત્તમ કર્મોજ કર્યા કરે છે; અને તેથી સંસારની સારી ઉન્નતિ થાય છે. આર્યાવર્ત દેશમાં જ્યાં સૂધી આ પ્રમાણે વર્ણવ્યવસ્થા રહી ત્યાંસૂધી દેશની ઉન્નતિ હતી. હજીપણ એજ પ્રમાણે થવું જોઇએ કે જેથી આર્યાવર્ત્ત દેશવાસીઓ પોતાની પૂર્વાવસ્થાને પ્રાપ્ત થઇ આનંદિત થાય.

હવે વધુ તથા વર એક બીજાના ગુણકર્મ તથા સ્વભાવની પરીક્ષા આગળ લખ્યા પ્રમાણે કરે. બંનેનું સમાન શીલત્વ, સમાન બુદ્ધિ, સમાન આચાર, સમાનરૂપાદિ ગુણ, અહિંસકતા, સત્ય મધુર ભાષણ, કૃતજ્ઞતા, દયાળુતા, અહંકાર, મત્સર, ઇર્ષ્યા, કામ ક્રોધનો ત્યાગ નિર્લોભતા, દેશનો સુધાર, વિદ્યા ગ્રહણ, સત્યોપદેશ કરવામાં નિર્ભયતા, ઉત્સાહ, કપટ, દ્યુત, ચોરી, મદ્ય, માંસાહારાદિદોષોનો ત્યાગ ગૃહકામોમાં અતિ ચતુરતા હોવી જોઇએ. જ્યારે જ્યારે પ્રાતઃસાયં અથવા પરદેશથી આવીને મળે ત્યારે ત્યારે "નમસ્તે" એ વાક્યથી પરસ્પર નમસ્કાર કરી સ્ત્રીએ પતિનાં ચરણ સ્પર્શ, પાદ પ્રક્ષાલન તથા આસનદાન કરવાં; અને બંને જણે પરસ્પર પ્રેમ વધારનારા વચનાદિ વ્યવહારોથી વર્તી આનંદ ભોગવવો. વરના શરીર કરતાં સ્ત્રીનું શરીર પાતળું અને પુરૂષના ખભાની ઊંચાઇ જેટલી સ્ત્રી ઊંચાઇમાં અર્થાત્ પુરૂષના ખભાસુધી સ્ત્રીનું માથુ આવવું જોઇએ. તત્પશ્ચાત્ આંતરીય પરીક્ષા સ્ત્રી પુરૂષે વચનાદિ વ્યવહારદ્વારા કરવો.

ओं ऋतमग्ने प्रथमं जज्ञ ऋते सत्यं प्रतिष्ठितम् । यदियं कुमार्यभिजाता तदियमिह प्रतिपद्यताम् यत्सत्यं तद्दृश्यताम् सौत्रमन्त्रः ॥ सौत्रमन्त्रः ॥

અર્થઃ—જ્યારે વિવાહ કરવાનો સમય નક્કી થઇ જાય ત્યારે કન્યા ચતુર પુરૂષોની મારફત વસી અને વર ચતુર સ્ત્રિયોદ્વારા કન્યાની પરોક્ષમાં પરીક્ષા કરાવે, પશ્ચાત્ ઉત્તમ વિદ્વાન સ્ત્રી પુરૂષોની સભા કરીને બંને જણે પરસ્પર સંવાદ કરવો કે હે સ્ત્રિ વા પુરૂષ ! આ જગતની પૂર્વે ઋત્ યથાર્થ સ્વરુપ મહત્તત્વ ઉત્પન્ન થયું હતું; અને તે મહત્તત્વમાં સત્યત્રિગુણાત્મક નાશ રહિત પ્રકૃતિ પ્રતિષ્ઠિત છે. જેવી રીતે પુરૂષ અને પ્રકૃતિના યોગથી આખા જગતની ઉત્પત્તિ થઇ છે તેવી રીતે હું તમારી અથવા હું કુમાર પુરૂષ આ સમયે આપણા બંનેનો વિવાહ કરવાની સત્યપ્રતિજ્ઞા કરૂં છું, તેને આ કન્યા તથા હું વર પ્રાપ્ત થઇએ અને પોતાની પ્રતિજ્ઞામેં સત્ય કરવાને માટે દૃઢોત્સાહી રહીએ.

વિધિઃ—જ્યારે કન્યા રજસ્વલા થઇ પૃષ્ઠ ૧૦૮ માં લખ્યા પ્રમાણે શુદ્ધ થઇ જાય ત્યારે જે દિવસે ગર્ભાધાનની રાત્રિ નિશ્ચિત કરી હોય તે રાત્રિમાં વિવાહ કરવાને માટે પ્રથમથીજ સર્વ સામગ્રી એકઠી કરી રાખી મુકવી અને પ્રથમ લખ્યા પ્રમાણે યજ્ઞશાલા; વેદી, ઋત્વિક્, યજ્ઞપાત્ર, શાકલ્ય આદિ સર્વ સામગ્રી શુદ્ધ કરીને રાખવાં ઉચિત છે. પશ્ચાત્ એક* ઘડી માત્ર રાત્રિ ગયા બાદઃ—

ओं कामवेद ते नाममदो नामासि समानयामुꣳसुराते अभवत् । परमत्र जन्माग्ने तपसो निर्मितोऽसि स्वाहा ॥ १ ॥ ओं इमं त उपस्थं मधुना सꣳसृजामि प्रजापतेर्मुखमेतद्द्वितीयम् ॥ तेन पुꣳसोभिभवासि सर्वानवशान् वशिन्यासि राज्ञि

---

* જો અર્ધી રાતસુધીમાં વિધિ પૂરો ન થઈ શકે તેમ હોય તો મધ્યાન્હોત્તર અર્થાત્ ત્રીજા પહોરે આરંભ કરવો કે જેથી મધ્યરાત્રિ સુધીમાં વિવાહ વિધિ પૂરો થઇ જાય.

(**कामवेद०**) હે કામદેવ ! તારૂ નામ આખું જગત્ જાણુ છે તું મદકર નામથી પ્રસિદ્ધ છે. તું અને આ તારા અર્થને માટે ઉત્પન્ન થયેલી કન્યા પણ સુરા સમાન (મદકારિણી) છે તે કન્યાની પ્રાપ્તિ મને કરાવ હે કામાગ્ને ! તારૂં મૂળ આ સ્ત્રીજાતિમાંજ છે તું પુરૂષાર્થની સિદ્ધિ કરાવનાર છે.

(**इमन्त०**) હે કન્યકે ! આ તારી આનંદેંદ્રિયોને મધુર જલ વડે મારી સાથે યોજું છું. તે પ્રજાપતિના બીજા મુખ સમાન છે. તેનાજ પ્રભાવવડે વશમાં નહી આવનારા પુરૂષો પણ વશ થાય છે હે કાન્તિમતિ ! તું સર્વકામનાઓની સ્વામિની છે.

स्वाहा ॥२॥ ओं अग्निं क्रव्यादम कृण्वन् गृहाणाः स्त्रीणामुपस्थमृषयः पुराणाः । तेनाज्यमकृण्वꣳस्त्रैशृङ्ग त्वाष्ट्रं त्वयि तद्दधातु स्वाहा ॥ ३ ॥

सामवेद मं० ब्रा० प्रपा० १ खं० १ मं० २–३

આ મંત્રો વડે સુગંધિત શુદ્ધ જલથી પૂર્ણ કલશોને લઇ વધુ તથા વરે સ્નાન કરી પશ્ચાત્ ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરી ઉત્તમ આસન ઉપર પૂર્વાભિમુખે કન્યાએ બેસવું તત્પશ્ચાત્ પૃષ્ઠ ૩ થી ૧૮ પૃષ્ઠ સુધીમાં લખ્યા પ્રમાણે ઇશ્વરસ્તુતિ, પ્રાર્થનોપાસના, સ્વસ્તિવાચન, શાંતિ કરણ કરવાં બાદ નીચે પ્રમાણે અગ્ન્યાધાન આદિ ક્રિયા કરવી:—

પ્રથમ **भूर्भुवः स्वः ॥** આ મંત્રનું ઉચ્ચારણ કરી કોઇ દ્વિજને ત્યાંથી અગ્નિ લાવી અથવા તો ઘૃતનો દીપક સળગાવી તેના વડે કપુર સળગાવી એક તામ્ર પાત્રમાં નાની નાની સમિધાઓ મૂકી તેમાં તે કપૂર મુકીને સળગાવવું પછી તે પાત્રને યજમાન અથવા પુરોહિતે નીચેનો મંત્ર બોલી કુંડમાં તે અગ્નિનું સ્થાપન કરવું:—

ओं भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवीव वरिम्णा । तस्यास्ते पृथिवी देवयजनि पृष्ठेऽग्निमन्नादमन्नाद्यायादधे ॥ १ ॥ यजुः० अ० ३ मं० ५

ત્યારબાદ તે અગ્નિ ઉપર સમિધાના બારીક ટુકડા તથા થોડોક કપૂર મૂકી નિમ્નલિખિત મંત્ર વડે વ્યજનથી અગ્નિ પ્રદીપ્ત કરવો:—

ओं उद्बुध्यस्वाग्ने प्रति जागृहि त्वमिष्टापूर्ते सꣳसृजेथामयं च । अस्मिन्त्सधस्थेऽअध्युत्तरस्मिन् विश्वेदेवा यजमानश्च सीदत ॥ यजुः० अ० १५ मं० ५४

અગ્નિ સમિધાઓમાં પ્રવિષ્ટ થવા લાગે એટલે ચંદન અથવા બીજી કોઇ સમિધ વૃક્ષની ત્રણ સમિધાઓ આઠ આઠ આંગળની લઇને તેને ઘૃતમાં ડુબવી નીચેના મંત્ર વડે એક એક સમિધા અગ્નિમાં અર્પવી:—

ओं अयं त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्व वर्धस्व चेद्ध वर्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा ॥ इदमग्नये जातवेदसे–इदन्न मम ॥१॥

આ મંત્ર વડે પ્રથમ:—

ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् । आस्मिन् हव्या जुहोतन स्वाहा ॥ इदमग्नये इदन्न मम ॥ २ ॥ सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन । अग्नये जातवेदसे स्वाहा ॥ इदमग्नये जातवेदसे–इदन्न मम ॥ ३ ॥ यजु० अ० ३ मं० १–२

આ બંને મંત્રો વડે બીજી અને

ओं तन्त्वा समिद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि । बृहच्छोचा यविष्ठय स्वाहा ॥ इदमग्नयेऽङ्गिरसे–इदन्न मम ॥ यजुः अ० ३ मं० ३

આ મંત્ર વડે ત્રીજા સમિધાની આહુતિ આપવી તથા વેદિની સમીપમાં પૂર્વોક્ત રીતે સ્થાલીપાક આદિ વિવાહોપયોગી વસ્તુઓ પ્રથમથી તૈયાર મૂકવી. એજ પ્રમાણે વરે પણ

(**अग्निं क्रव्याद०**) હે કન્યે ! સંતાનોત્પત્તિરૂપ યજ્ઞમાં તત્વદર્શી, પુરાતન ઋષિયોએ સ્ત્રી જાતિની ઉપસ્થેન્દ્રિયને હવ્યવાહક અગ્નિની ઉપમા આપી છે. અને જગત્સૃષ્ટા જેનો અધિષ્ઠાતા છે તેવા શુક્ર (વીર્ય)ને ઘૃતની ઉપમા આપેલી છે. તે શુક્ર હે કન્યે ! તારો પતિ તારામાં સ્થાપે.

પોતાના ઘર આગળ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી યજ્ઞશાલામાં ઉત્તમાસન ઉપર પૂર્વાભિમુખે બેસી પૂર્વોક્ત ×ઇશ્વરસ્તુતિ પ્રાર્થનોપાસના; સ્વસ્તિવાચન તથા શાંતિ પાઠ કરી વધુને ઘેર જવાનો ઢંગ કરે. (અર્થાત્ વિવાહકાર્યમાં આવેલાં મનુષ્યો સહિત પોતાને ઘેરથી વધુને ત્યાં વાજતે ગાજતે જાય) અને વધુ પક્ષનાં માણસો તેને સામા લેવા આવે. જે વખતે વર વધુના ઘરમાં પ્રવેશ કરે તે વખતે વધુ તથા કાર્યકર્ત્તા મધુપર્ક આદિ વડે તેનું આતિથ્ય નીચે પ્રમાણે કરે. એની રીત એમ છે કે વર વધુના ઘરમાં પ્રવેશ કરી પૂર્વાભિમુખે ઉભો રહે અને વધુ અથવા કાર્યકર્ત્તા વરની સમીપ ઉત્તરાભિમુખે ઉભાં રહી બોલે કે:—

साधु भवानास्तामर्चयिष्यामो भवन्तम् । सौत्रमन्त्रः ॥

ઉપર પ્રમાણે બોલે એટલે વરે તેને નીચેનું વાક્ય બોલી પ્રત્યુત્તર આપવો:—

ओं अर्चय ॥ सौत्रमन्त्रः ॥

પછી વધુ તથા કાર્યકર્ત્તાએ વરને માટે જે ઉત્તમ આસન નક્કી કર્યું હોય તેને વધુ હાથમાં લઇ વરની પાસે ઉભી રહે અને નીચે પ્રમાણે બોલે:—

ओं विष्टरो विष्टरो विष्टरः प्रतिगृह्यताम ॥ सौत्रमन्त्रः ॥

આ ઉત્તમ આસનનું આપ આપ ગ્રહણ કરો. વરે જવાબ આપવો કે:—

ओं प्रतिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

હું ગ્રહણ કરૂં છું એ પ્રમાણે બોલીને વધુના હાથમાંથી આસન લઈ પાટલા ઉપર પાથરી સભામંડપમાં પૂર્વાભિમુખે બેસીને વરે નીચેનો મંત્ર બોલવો:—

ओं वर्ष्मोऽस्मि समानाना मुद्यन्तामिव सूर्य्यः । इमन्तमभितिष्ठामि यो मा कश्चाभिधासति ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ કાર્યકર્ત્તાએ એક સુંદર પાત્રમાં જલ ભરી કન્યાના હાથમાં આપવું અને કન્યાએ નીચેનો મંત્ર બોલી વરની આગળ મૂકવું:—

ओं पाद्यं पाद्यं पाद्यं प्रतिगृह्यताम ॥

વરે નીચે પ્રમાણે બોલી તે પાત્રનું ગ્રહણ કરવું:—

ओं प्रतिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

પાણીનું પાત્ર હાથમાં લઇ પોતાના *પગનું પ્રક્ષાલન કરવું; અને તે વખતે નીચેનો મંત્ર બોલવો:—

× વિવાહમાં આવેલાં સ્ત્રીપુરૂષોએ પણ એકાગ્રચિત્ત થઇ ઇશ્વરનું ચિંતન કરવું.

(साधु०) હે શ્રેષ્ઠ પુરૂષ ! આપ બેસો અમે આપનો સત્કાર કરીએ.

(अर्चय०) ભલે સત્કાર કરો.

(वर्ष्मोऽस्मि०) સૂર્ય આગળ જેમ બીજા પ્રકાશનો લોપ થાય છે તેમ મારી સ્પર્ધા કરનારા શત્રુનો મારી સામે નાશ થાઓ. જેમ આ આસન મારી નીચે હોય હું આસનારુઢ છું, તેમજ મને દુઃખ દેનારો દુષ્ટ મારી નીચે પડો અર્થાત્ હે પરમાત્મન્ તેનો નાશ થાઓ.

(पाद्यम्०) હે આર્ય ! આ પાદ પ્રક્ષાલનને માટે પાણી છે આપ તેનું ગ્રહણ કરો.

* જો ઘરનું પ્રવેશક દ્વાર પૂર્વાભિમુખ હોય તો વરે ઉત્તરાભિમુખે અને વધુ તથા કાર્યકર્ત્તાએ પૂર્વાભિમુખે ઉભા રહીને જો બ્રાહ્મણ વર્ણ હોય તો પ્રથમ જમણો અને પછી ડાબો અને અન્ય ક્ષત્રિયાદિવર્ણો હોય તો પ્રથમ ડાબો અને પછી જમણો પગ ધોવો.

ओं विराजो दोहोऽसि विराजो दोहमशीय मयि पाद्यायै विराजो दोहः॥सौत्रमन्त्रः

તત્પશ્ચાત્ ફરીથી બીજું પાત્ર પાણીથી ભરીને કાર્યકર્ત્તાએ નીચેનો મંત્ર બોલી વરને આપવું.

ओं अर्घोऽर्घोऽर्घः प्रतिगृह्यताम् ॥ सौत्रमन्त्रः ॥

વરે હાથમાં લઇ બોલવું કેઃ—

ओं प्रतिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

અને પાત્ર હાથમાં લઇ તે વડે પોતાનું મુખ પ્રક્ષાલન કરવું અને તેજ વખતે વરે મુખ ધોઇને નીચેનો મંત્ર બોલવોઃ—

ओं आपस्थ युष्माभिः सर्वान्कामानवाप्नवानि। ओं समुद्रं वः प्रहिणोमि स्वां योनिमभिगच्छत। अरिष्टास्माकं वीरा मा परासेचिमत्पयः ॥ सौत्रमन्त्रः॥

એ પ્રમાણે બોલીને વેદીના પશ્ચિમ ભાગમાં બિછાવેલા આસન ઉપર પૂર્વાભિમુખે બેસવું તત્પશ્ચાત્ કાર્યકર્ત્તાએ એક સુંદર ઉપપાત્ર જલથી પૂર્ણ ભરી તેમાં આચમની મૂકી નીચેના મંત્ર વડે વરને આપવું:—

ओं आचमनीयमाचमनीयमाचमनीयं प्रतिगृह्यताम् ॥ सौत्रमन्त्रः ॥

વરે તે ગ્રહણ કરવું અને બોલવું કેઃ—

ओं प्रतिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

પછી તે પાત્ર પોતાની સામે મૂકી તેમાંથી આચમની વડે જમણા હાથમાં જેટલું આંગળીઓના મૂળ સુધી પહોંચે તેટલું જલ લઇ નીચેનો મંત્ર બોલી આચમન કરવું:—

ओं आमागन् यशसा सꣳसृज वर्चसा । तंमा कुरु प्रियं प्रजानामधिपतिं पशूनामरिष्टिंतनूनाम् ॥ सौत्रमन्त्रः ॥

આજ મંત્રને બોલીને ત્રણવાર આચમન કરવું. પશ્ચાત્ કાર્યકર્ત્તાએ મધુપર્ક હાથમાં લઇ:-

ओं मधुपर्को मधुपर्को मधुपर्कः प्रतिगृह्यताम् ॥ सौमन्त्रः ॥

એ પ્રમાણે બોલી કર્ત્તા વરને મધુપર્ક આપે; અને વરે તે હાથમાં લઇ કહેવું કેઃ—

ओं प्रतिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

એ પ્રમાણે બોલી નીચેનો મંત્ર બોલી મધુપર્કના તરફ જોઇ બોલવું કેઃ—

(**विराजो०**) પ્રાણીમાત્રનું જીવન અને શોભા આપની છે. તે ઇશ્વર કૃપાથી મને સદા સુખ તથા શોભાદાયક થાઓ.

(**अर्घोऽर्घो०**) આ અર્ઘને માટે અર્થાત્ મુખ પ્રક્ષાલન માટે પાણી લો.

(**आपस्थ०**) આ જલ મને સદા હિતકારક થઇ ઇશ્વર કૃપાથી મારી સર્વ ન્યાયી અને પરોપકારી કામનાઓ સિદ્ધ થાઓ સમુદ્ર આ જલનો આગમ છે તે સર્વદા પૂર્ણ રહો; આ ઉત્તમ જીવન મને સર્વથા આરોગ્યકારક થાઓ.

(**आचमनीय०**) આ આચમનને માટે જલ લો.

(**आमागन्**) આ ઉત્તમ જીવનથી મારી શરીરકાંતી સતેજ અને પ્રફુલ્લિત થાઓ. ઇશ્વર કૃપાથી સર્વ લોક મારા પરમ મિત્ર થાઓ. ઉત્તમ સંતતિ અને સંપત્તિ મને પ્રાપ્ત થઇ મારી માનસિક અને શારીરિક સંપત્તિ ઉત્તમ પ્રકારની રહો.

(**मधुपर्कः**) આ મધુપર્કનું આપ ગ્રહણ કરો.

ओं मित्रस्य त्वा चक्षुषा प्रतीक्षे ॥

ત્યારબાદ નીચેનો મંત્ર બોલી મધુપર્કના પાત્રને ડાબા હાથમાં લેવું:—

ओं देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्यां पूष्णो हस्ताभ्यां प्रतिगृह्णामि ॥

હાથમાં લીધા પછી નીચેના ત્રણ મંત્રો બોલી મધુપર્ક તરફ જોવું:—

ओं भूर्भुवः स्वः । मधुवाता ऋतायते मधुक्षरन्ति सिन्धवः । माध्वीर्नस्सन्त्वोषधीः॥ ॥ ओं भूर्भुवःस्वः । मधु नक्तमुतोषसो मधुमत्पार्थिवं रजः । मधुद्यौरस्तु नः पिता ॥ २॥ ओं भूर्भुवः स्वः । मधुमान्नो वनस्पतिर्मधुमां अस्तु सूर्यः । माध्वीर्गावो भवन्तु नः ॥ ३ ॥ मनुः अ० १३ मं० २७–२८–२९

એ પ્રમાણે અવલોકન કર્યા પછી નીચેના મંત્રવડે જમણા હાથની અનામિકા અને અંગુષ્ટ એ બે આંગળાંવડે મધુપર્કને ત્રણવાર વલોવવું:—

ओं नमः श्यावास्यायान्नशने यत्त आविद्धं तत्ते निष्कृन्तामि ॥ सौत्रमन्त्रः ॥

એ પ્રમાણે વલોવી તે મધુપર્કમાંથી વરે પોતાની આંગળી વડે નીચેના મંત્રો બોલી જૂદી જૂદી દીશાઓમાં છાંટવું:—

ओं वसवस्त्वा गायत्रेण छन्दसा भक्षयन्तु ॥ सौत्रमन्त्रः ॥

પૂર્વ દિશામાં

ओं रुद्रास्त्वा त्रैष्टुभेन छन्दसा भक्षयन्तु ॥ सौत्रमन्त्रः ॥

દક્ષિણ દિશામાં

ओं आदित्यास्त्वा जागतेन छन्दसा भक्षयन्तु ॥ सौत्रमन्त्रः ॥

પશ્ચિમમા અને

ओं विश्वेत्वा देवा आनुष्टुभेन छन्दसा भक्षयन्तु ॥ सौत्रमन्त्रः ॥

ઉત્તર દિશામાં પછી પાત્રના મધ્યભાગમાં લઈ—

ओं भूतेभ्यस्त्वा परिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

એ મંત્ર બોલી ઉપર ત્રણવાર ફેંકવું. તત્પશ્ચાત્ તે મધુપર્કના ત્રણ ભાગ કરી કાંસાના ત્રણ પાત્રોમાં નાંખી જમીન ઉપર ત્રણે પાત્રો પોતાની સન્મુખ મૂકવાં; અને નીચેનો મંત્ર એકેકવાર બોલી એક એક ભાગમાંથી વરે થોડું થોડું પ્રાશન કરવું અથવા સઘળું પ્રાશન કરવું:—

(**मित्रस्य**) હે પરમકૃપાળુ ભગવન્! આપની કૃપાથી આ મધુપર્ક મનને આરોગ્યકારક થાય અને મારી મનોવૃત્તિ ભૂતમાત્ર પ્રત્યે સૌમ્ય–દ્વેષરહિત રહે.

(**देवस्य०**) મંત્રનો અર્થ આવી ગયો છે.

(**मधुवाता०**) હે પરમાત્મન્! આપની કૃપાથી વાયુ મને સુગંધયુક્ત, મધુર તથા પુષ્ટિકારક થાઓ; સમુદ્ર નદી આદિ જલ સંચયો સંપૂર્ણ અને સુખદાયક થાઓ; અને સર્વ વનસ્પતિઓ આરોગ્યકારક થાઓ.

(**मधुनक्त**) હે ભગવન્! રાત્રિ દિવસ, સૂર્યાદિ પ્રકાશક ગોળ, પૃથ્વી, કિરણો ઇત્યાદિ પદાર્થો મને સુખદાયી થાઓ.

(**मधुमान्०**) હે જગદીશ્વર ! સૂર્ય, વનસ્પતિ, તથા યવાદિ પશુઓ અમને સુખદાયક થાઓ.

(**वसवस्त्वा० भूतेभ्यस्त्वा०**) વસુ, રૂદ્ર, આદિત્ય, વિશ્વેદેવાદિ સર્વ નાના મોટા વિદ્વજ્જનને અને બીજા પ્રાણીમાત્રને ઇશ્વર કૃપાથી આ મધુપર્ક આરોગ્યકારક અને સુખવર્દ્ધક થાઓ.

ओं यन्मधुनो मधव्यं परमꣳरूपमन्नाद्यम् । तेनाहं मधुनो मधव्येन परमेण रूपेणान्नाद्येन परमो मधव्योऽन्नादोऽसानि ॥

ત્યારબાદ તે પાત્રોમાં રહેલું ઉચ્છિષ્ટ મધુપર્ક પોતાના કોઇ સેવકને આપી દેવું અથવા તો જલમાં નાંખી દેવું; અને નીચેના એકએક મંત્ર વડે કરીને બે આચમન કરવાં:—

ओं अमृतापिधानमसि स्वाहा ।

ओं सत्यं यशः श्रीर्मयि श्रीः श्रयतां स्वाहा ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ વરે નિમ્નલિખિત મંત્રોવડે ચક્ષુરાદિ ઇન્દ્રિયોનો જલ વડે સ્પર્શ કરવો:-

ओं वाङ् मऽआस्येऽस्तु ॥ મુખ,

ओं नसोर्मे प्राणोऽस्तु ॥ નાક,

ओं अक्ष्णोर्मे च॑क्षुरस्तु ॥ આંખો,

ओं कर्णयोर्मे श्रोत्रमस्तु ॥ કાન,

ओं बाह्वोर्मे बलमस्तु ॥ બંને બાહુ,

ओं ऊर्वोर्मेऽओजोऽस्तु બંને જંઘ,

ओं अरिष्टानि मे अङ्गानितनूस्तन्वा मे सह सन्तु ॥

આખા શરીર પર જલ પ્રોક્ષણ કરવું તત્પશ્ચાત્ કન્યાએ નીચેના વાક્ય વડે વરની વિનતી કરી પોતાની શક્યતાનુસાર વરને યોગ્ય હોય તેટલું દ્રવ્ય ગોદાનાદિ આપવું:—

ओं गौर्गौर्गौः प्रतिगृह्यताम् ॥ सौत्रमन्त्रः ॥

વરે જવાબ આપવો કે:—

ओं प्रतिगृह्णामि ॥ सौत्रमन्त्रः ॥

આ ઉપરોક્ત વાક્ય બોલી તે પદાર્થનું ગ્રહણ કરવું. આ પ્રમાણે મધુપર્ક વિધિ યથાવત્ કરી વધૂ તથા કાર્યકર્ત્તાએ વરને* સભામંડપસ્થ સ્થાનમાંથી ઘરમાં લઇ જઇ શુભાસન ઉપર પૂર્વાભિમુખે બેસાડી વરની સામે પશ્ચિમાભિમુખે વધુને બેસાડવી અને પછી કાર્યકર્ત્તા યજમાને ઉત્તરાભિ મુખે બેસીને:—

ओं अमुक ×गोत्रोत्पन्नामिमाममुकनाम्नी §मलङ्कृतां कन्यां प्रतिगृह्णा तु भवान् ॥ सौत्रवाक्य ॥

એ પ્રમાણે બોલી વરનો જમણો હાથ ચત્તો રાખી તેના હાથમાં વહુનો જમણો હાથ પણ ચત્તોજ રાખી મૂકવો; અને તે વખતે વરે નીચે પ્રમાણે બોલવું:—

(**यन्मधुनो०**) આ મધુપર્ક સેવનથી ઇશ્વિર મારા શરીરની કાંતિ ઉત્તમ તથા તેને પોષણ અને આરોગ્ય પ્રાપ્ત થાઓ; અને મારી મનોવૃત્તિ સદા ન્યાયી, સદ્ધર્મી અને સુશીલ રહો.

* જો સભામંડપસ્થાન ન કર્યું હોય તો જે ઘરમાં મધુપર્કનો વિધિ કર્યો હોય તે ઘરમાંથી બીજા ઘરમાં વરને લઇ જવો.

× **અમુક** એ પદના સ્થાનમાં જે ગોત્ર અથવા કુળમાં સ્ત્રી ઉત્પન્ન થઇ હોય તે નામ બોલવું, જેમકે કોઇ કન્યા અત્રિ ગોત્રમાં ઉત્પન્ન થઇ હોય તો **अत्रिगोत्रोत्पन्ना** ઇત્યાદિ.

§ "**अमुकनाम्नीम्**"ના સ્થાનમાં કન્યાનું નામ દ્વિતીયા વિભક્ત્યન્ત બોલવું જેમકે કોઇ કન્યાનું નામ **शारदा** હોય તો **शारदानाम्नीम्** અથવા **शारदाम्** એ પ્રમાણે બોલવું.

ओं प्रतिगृह्णामि ॥

એ પ્રમાણે બોલીને પછી નીચેના મંત્ર વડે વરે કન્યાને ઉત્તમ વસ્ત્ર આપવું:—

ओं जरां गच्छ परिधत्स्व वासो भवाकृष्टीनामभिशस्तिपावा । शतं च जीव शरदः सुवर्चा रयिं च पुत्राननुसंव्ययस्वायुष्मतीदं परिधत्स्व वासः ॥ सौत्रमन्त्रः ॥

તત્પશ્ચાત્ નિમ્નલિખિત મંત્ર બોલીને વરે વધુને ઉપવસ્ત્ર (પછેડી) આપવું:—

ओं या अकृतन्न वयं या अतन्वत याश्चदेवीस्तन्तूनभितो ततन्थ । तास्त्वा देवीर्जरसे संव्ययस्वायुष्मतीदं परिधत्स्व वासः ॥ साम० मंत्र ब्रा० प्र० १ खं० १ मं० ५

આ ઉપવસ્ત્રને સ્ત્રીએ યજ્ઞોપવીતવત્ ધારણ કરવું અને નીચેનો મંત્ર બોલી વરે અધો-વસ્ત્ર ધારણ કરવું:—

ओं परिधास्यै यशोधास्यै दीर्घायुत्वाय जरदष्टिरस्मि । शतं च जीवामि शरदः पुरुची रायस्पोषमभिसंव्ययिष्ये ॥

તત્પશ્ચાત્ નિમ્નલિખિત મંત્ર બોલીને ધોતીઉં ધારણ કરવું:—

ओं यशसा मा द्यावापृथिवी यशसेन्द्रा बृहस्पती । यशो भगश्च मा विदद्यशो मा प्रतिपद्यताम् ॥

આ પ્રમાણે વધુ તથા વર વસ્ત્ર પરિધાન કરી તૈયાર થઈ જાય તેટલા વખતમાં કાર્યકર્તા અથવા બીજા કોઇએ યજ્ઞમંડપમાં જઇને કુંડની સમીપમાં જઇ કુંડમાંના અગ્નિને પ્રદીપ્ત કરવો; અને આહુતિને માટે સુગન્ધિત કરેલું ઘી અગ્નિના ઉપર ગરમ કરી કાંસાના પાત્રમાં કાઢી તૈયાર રાખવું તથા સ્રુવો આદિ હોમનાં પાત્ર, શુદ્ધ જલપાત્ર ઇત્યાદિ સામગ્રી યજ્ઞકુંડની પાસે એકઠી કરી મૂકવી પછી વરપક્ષના એક પુરૂષે શુદ્ધ વસ્ત્ર ધારણ કરી એક જળથી ભરેલો કળશ લઇ યજ્ઞકુંડની પરિક્રમા કરી કુંડના દક્ષિણ ભાગમાં ઉત્તરાભિમુખે થઇ કલશસ્થાપન અર્થાત્ ભૂમિ ઉપર પોતાની આગળ મૂકવો અને જ્યાં સુધી વિવાહવિધિ પૂરો ન થાય ત્યાં સુધી ઉત્તરાભિમુખે બેસી રહેવું. એજ પ્રમાણે વર પક્ષના બીજા માણસે પોતાના હાથમાં એક દંડ લઇને કુંડના દક્ષિણ ભાગમાં કાર્ય સમાપ્તિપર્યંત ઉત્તરાભિમુખે બેસવું. એજ પ્રમાણે વહુનો સગો ભાઇ અથવા તેના અભાવમાં પિત્રાઇ ભાઇ અથવા મામા કે માશીના છોકરાએ ડાંગરની ધાણી અને શમી વૃક્ષનાં પાત્રાં એ બંનેને મેળવી એક શુદ્ધ વાંસના સૂપડામાં લઇ યજ્ઞકુંડના પશ્ચિમ ભાગમાં પૂર્વાભિમુખે રહેવું. તત્પશ્ચાત્ કાર્યકર્ત્તાએ એક સપાટ શિલા કે, જે સુંદર લીસી હોય તેવી, તથા વધુ વરને બેસવાને માટે બે દર્ભાસન અથવા યજ્ઞિય તૃણાસન અથવા યજ્ઞિય વૃક્ષની છાલનાં કે જે પ્રથમથી તૈયાર કરી રાખ્યા હોય તે કુંડની પાસે લાવી મૂકવાં. પશ્ચાત્ વસ્ત્ર ધારણ કરેલી કન્યાને કાર્યકર્ત્તાએ વરની સન્મુખ લાવવી. આ સમયે વર તથા કન્યાએ નીચેનો મંત્ર બોલવો:—

(जरां गच्छ०) હે ગુણવાન્ વધુ ! ઇશ્વરકૃપાએ તું પૂર્ણ આયુષી થા; આ વસ્ત્ર પરિધાન કર; પ્રીતિવતી અને પતિવ્રતા થજે; સૌંદર્ય, તેજ તથા સંતતિ અને સંપત્તિ સર્વ તને પ્રાપ્ત થાઓ.

(याअकृतन्नः) હે દીર્ઘાયુષી વધુ ! સાધ્વા સ્ત્રીઓએ નિર્મેલા આ વસ્ત્રને પહેર અને તેઓના આશિર્વાદથી વૃદ્ધકાળ પર્યંત આખું આયુષ્ય સુખથી ક્રમણ કર.

ओं समञ्जन्तु विश्वेदेवाः समापो हृदयानि नौ ॥ सं मातरिश्वा सं धाता समुदेष्ट्री दधातु नौ सा० म० ब्रा० प्र० १ खं० २ मं० ९

ત્યારબાદ વર પોતાના જમણા હાથ વડે વધુનો જમણો હાથ પકડીને નીચેનો મંત્ર બોલી ઘર બહાર મંડપસ્થાનમાં કુંડની સમીપ (બંને જણુ હાથ પકડીને) આવેઃ

ओं यदैषि मनसा दूरं दिशोऽनुपवमानो वा । हिरण्यपर्णो वैकर्णः सत्वा मन्मनसां करोतु असौ* ॥ सौत्रमन्त्रः ॥

ઉપર પ્રમાણે આવ્યા બાદ નીચેના બે મંત્રો બોલીને બંને જણો યજ્ઞકુંડની પ્રદક્ષિણા કરી કુંડના પશ્ચિમભાગમાં પ્રથમથી સ્થાપન કરેલાં આસન ઉપર પૂર્વાભિમુખે (વરની જમણી બાજુએ વધુએ અને વધુની ડાબી બાજુએ વરે) બેસવું.

ओं भूर्भुवः स्वः अघोरचक्षुरपतिघ्न्येधि शिवा पशुभ्यः सुमनाः सुवर्चाः । वीरसूर्देवृकामा स्योना शन्नो भव द्विपदे शं चतुष्पदे ॥ सा० मं० ब्रा० प्रपा० १

(**समञ्जन्तु०**) હે (**विश्वेदेवाः**) (યજ્ઞશાલામાં બેઠેલા વિદ્વાનો આપ અમને બંનેને (**समञ्जन्तु**) અમારી પ્રસન્નતાપૂર્વક ગૃહસ્થાશ્રમમાં એકત્ર રહેવાને માટે એક બીજાનો સ્વીકાર કરનારાં છીએ એમ નિશ્ચયપૂર્વક જાણો; અને અમે (**नौ हृदयानि**) અમારાં હૃદય (**आपः**) જલની પેઠે સમાન (**सम्**) શાંત અને મળેલાં રહેશે એમ સ્વીકારીએ છીએ. જેમ (**धाता**) જગત્ધાતા પરમાત્મા સર્વમાં (**सम्**) મળેલો છે અને જગતને ધારણ કરે છે તેમ અમે બન્ને એક બીજાને ધારણ કરીશું જેમ (**समुदेष्ट्री**) ઉપદેશક શ્રોતાઓ ઉપર પ્રીતિ રાખે છે તેમ (**नौ**) અમારા બન્નેનો આત્મા એક બીજા સાથે દૃઢ પ્રેમ (**दधातु**) ધારણ કરો.

* (**असौ**) પદના સ્થાનમાં કન્યાના નામનું ઉચ્ચારણ કરવું હે વરાનને! (**यत् मनसा**) તું જે તારી ઇચ્છાથી મને જેમ (**पवमानः**) પવિત્ર વાયુ (**वा**) અથવા જેમ (**हिरण्यपर्णो**) (**वै कर्णः**) તેજોમય જલ આદિને કિરણોદ્વારા ગ્રહણ કરનારો સૂર્ય (**दूरम्**) દૂરસ્થ પદાર્થો અને (**दिशः तु**) દિશાઓને પ્રાપ્ત થાય છે તેમ પ્રેમપૂર્વક મને પ્રાપ્ત થાય છે તે તને (**सः**) પરમેશ્વર (**मन्मनसाम्**) મારા મનને અનુકૂલ (**करोतु**) કરે; અને હે (**वीर**) આપ જે, મનથી મને (**एषि**) પ્રાપ્ત થાઓ છો તેને જગદીશ્વર મારા મનને અનુકૂલ સદા રાખે.

(**अघोर**) હે વરાનને! (**अपतिघ्नि**) પતિની સાથે વિરોધ ન કરનારી, (**ओम्**) રક્ષણકર્ત્તા, (**भूः**) પ્રાણદાતા, (**भुवः**) સર્વ દુઃખોને દૂર કરનાર, (**स्वः**) સુખસ્વરૂપ અને સર્વને સુખના દાતા આદિ જેનાં નામ છે તે પરમાત્માની કૃપા અને પોતાના ઉત્તમ પુરૂષાર્થ વડે (**अघोरचक्षु**) પ્રિયદષ્ટિવાળી (**एधि**) થા. (**शिवा**) મંગલકારિણી (**पशुभ्यः**) સર્વ પશુઓને સુખદાતા (**सुमनाः**) પવિત્રાન્તઃકરણયુક્ત પ્રસન્ન ચિત્ત (**सुवर्चाः**) સુંદર શુભ ગુણકર્મ સ્વભાવયુક્ત અને વિદ્યાવડે સુપ્રકાશિત (**वीरसूः**) ઉત્તમ વીર પુરૂષોને જન્મ આપનારી (**देवृकामा**) દેવરની કામના કરનારી આ ઠેકાણે (**देवकामा**) એવો પાઠ કેટલેક ઠેકાણે છે અને તે વાસ્તવિક લાગે છે એ પ્રમાણે અર્થ કરતાં ગૃહસ્થાશ્રમના પંચ યજ્ઞાનુકૂલ એટલે તેમાં સહાયકારિણી એમ થાય છે. (ભાષાંતર કર્ત્તા) સુખયુક્ત થઇને (**नः**) અમારાં (**द्विपदे**) મનુષ્યાદિને માટે (**शम्-भव**) સુખ કરનારી થાઓ; અને (**चतुष्पदे**) ગવાદિ પશુઓને પણ (**शम्**) સુખદાત્રી થાય અને હું પતિ પણ તે પ્રમાણે વર્તું.

खं० २ मं० ११ ओं भूर्भुवः स्वः । सा नः पूषा शिवतमामैरयस्व न ऊरू उशति विहर । यस्यामुशन्तः प्रहराम शेपं यस्यामुकामा बहवो निविष्ट्यै ॥सौत्रमन्त्रः॥

તત્પશ્ચાત્ વધુએ નીચેનો મંત્ર બોલવો:—

ओं प्र मे पतियानः पन्थाः कल्पताᳬ शिवा आरेष्टा पतिलोकं गमेयम् ॥
शा० मं० ब्रा० प्र० १ खं० १ मं० ८

ઉપરનો મંત્ર બોલ્યા પછી યજ્ઞકુંડની સમીપમાં દક્ષિણ ભાગમાં ઉત્તરાભિમુખે પુરોહિતની સ્થાપના કરવી. બાદ નીચેના મંત્રો વડે ત્રણ આચમન પુરોહિત કાર્યકર્ત્તા વર, અને વધુ સઘળાંઓએ કરવાં.

ओं अमृतोपस्तरणमसि स्वाहा ॥ १ ॥

ओं अमृतापिधानमसि स्वाहा ॥ २ ॥

ओं सत्यं यशः श्रीर्मयि श्रीः श्रयतां स्वाहा ॥ ३ ॥

તત્પશ્ચાત્ સર્વેએ હસ્ત તથા મુખ પ્રક્ષાલન એક શુદ્ધ પાત્રમાં કરી ને દૂર મૂકાવી હાથ તથા મોઢું કોરાં કરી નીચેના મંત્ર વડે અગ્ન્યાધાન કરવું:—

ओं भुर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवी व व्वरिम्णा । तस्यास्ते पृथिवि देवयजनि पृष्ठेऽग्निमन्नादमन्नाद्यायादधे ॥ यजु० अ० ३ मं० ५

પછી નીચેના મંત્રો વડે ચંદન અથવા બીજા કોઇ સમિધ્ વૃક્ષની ત્રણ સમિધા ઘૃતમાં બોળીને અગ્નિમાં અર્પવી:—

ओं अयं त इध्मऽआत्मा जातवेद स्तेनेध्यस्व वर्धस्व चेद्ध वर्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय, स्वाहा ॥ इदमग्नये जातवेदसे–इदन्न मम ॥ १ ॥ આ બે મંત્રોવડે પ્રથમ ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् । आस्मिन्हव्या जुहोतन–स्वाहा ॥ इदमग्नये–इदन्न मम ॥ सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन । अग्नये जातवेदसे स्वाहा ॥ इदमग्नये–जातवेदसे इदन्नमम ॥–३॥ આ બે મંત્રો વડે બીજી અને तन्त्वा समिद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि । बृहच्छोचा यविष्ठ्य स्वाहा ॥ इदमग्नयेऽङ्गिरसेइदन्नमम ॥ ४ ॥

આ મંત્રો વડે ત્રીજી સમિધા આપવી ત્યારબાદ નીચેના મંત્રો વડે કુંડની ચારે દિશાઓમાં જમણા હાથની અંજલી વડે જલ છાંટવું.

ओं अदितेऽनुमन्यस्व ॥ પૂર્વદિશામાં ओं अनुमतेऽनुमन्यस्व ॥ પશ્ચિમમાં ओं सरस्वत्यनुमन्यस्व ઉત્તરમાં અને ओं देव सवितः प्रसुव यज्ञं प्रसुव यज्ञपतिं भगाय । दिव्यो गन्धर्वः केतपूः केतं नः पुनातु वाचस्पतिर्वाचं नः स्वदतु ॥

(**सा नः**) ઇશ્વર કૃપાથી એ સ્ત્રી મને પુષ્ટિકારક અને હિતકારિણી થાઓ તેના વડે મને ઉત્તમ સંતતિની પ્રાપ્તિ થાઓ અને વિષયાદિ અનેક સુખની પ્રાપ્તિ થાઓ તથા મને આનંદદાતા અને મનોવૃદ્ધિની એવી થાઓ.

(**प्रमे पतियानः०**) હે પાલક પરમાત્મન્! જેમ શુભ કલ્યાણમય, વિઘ્ન રહિત માર્ગે ચાલીને પતિકુલને પ્રાપ્ત થાઉં અર્થાત્ ત્યાં સુખ પામું અને સર્વ મને માન આપે તેવો માર્ગ દર્શાવ

આ પ્રમાણે જલસેચન કર્યા પછી કુંડમાંની સમિધા બરાબર પ્રદીપ્ત થાય એટલે વધૂવર, પુરોહિત તથા કાર્યકર્તાએ નીચેના મંત્રો વડે ચાર આધારાવાજ્ય તથા ચાર વ્યાહૃતિ આહુતિ ઘીની આપવી:—

ओं अग्नये स्वाहा ॥ इदमग्नये–इदन्न मम ॥

આ મંત્ર વડે વેદિના ઉત્તર ભાગના અગ્નિમાં,

ओं सोमाय स्वाहा ॥ इदं सोमाय–इदन्न मम ॥

આ મંત્રવડે વેદિના દક્ષિણભાગમાં,

ओं प्रजापतये स्वाहा ॥ इदं प्रजापतये इदन्न मम ॥

ओं इन्द्राय स्वाहा इदमिन्द्राय–इदन्न मम ॥

આ બે મંત્રો વડે વેદિની મધ્યમાં બે આહુતિ આપવી ત્યારબાદ નીચેના મંત્રો વડે વ્યાહૃતિ આહુતિ આપવી:—

ओं भूरग्नये स्वाहा ॥ इदमग्नये–इदन्न मम

ओं भूवर्वायवे स्वाहा ॥ इदं वायवे–इदन्न मम ॥

ओं स्वरादित्याय स्वाहा ॥ इदमादित्याय–इदन्न मम ॥

ओं भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः स्वाहा ॥

इदमाग्निवाय्वादित्येभ्य–इदन्न मम ॥

ત્યાર બાદ નીચેના મંત્રોવડે આઠ ઘીની આહુતિ આપવી:—

ओं त्वन्नोऽअग्ने वरुणस्य विद्वान् देवस्य हेडोऽअवयासिसीष्ठाः । यजिष्ठो वह्नितमः शोशुचानो विश्वाद्वेषांसि प्रमुमुग्ध्यस्मत् स्वाहा ॥ इदमग्नि वरुणाभ्याम्–इदन्न मम ॥१॥ ओं स–त्वन्नोऽअग्नेऽवमो भवोती नेदिष्ठोऽअस्या उपसो व्युष्टौ। अवयक्ष्व नो वरुणं रराणो वीहि मृडीकं सुहवो न एधि स्वाहा ॥ इदमग्नि वरुणाभ्याम्–इदन्न ॥ २ ॥ ओं इमं मे वरुण श्रुधी हवमद्या च मृडय । त्वामवस्युरा च के स्वाहा ॥ इदंवरुणाय–इदन्न मम ॥ ३॥ ओं त त्वायामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः। अहेडमानो वरुणेह बोध्युरुशंस मान आयुः प्रमोषीः स्वाहा ॥ इदं वरुणाय–इदन्न मम ॥४॥ ओं ये ते शतं वरुणं ये सहस्रं यज्ञियाः पाशा वितता महान्तः ॥ तेभिर्नोऽअद्यसवितोत विष्णुर्विश्वे मुञ्चन्तु मरुतः स्वर्काः स्वाहा ॥ इदं वरुणाय सवित्रे विष्णवे विश्वेभ्यो देवेभ्यो मरुद्भ्यः स्वर्केभ्य इदन्न मम ॥ ५ ॥ ओं अयाश्चाग्नेस्यनाभिशस्ति पाश्च सत्यमित्त्वमयासि । अया नो यज्ञं वहास्यया नो धेहिं भेषज ᳚ स्वाहा ॥ इदमग्नये अयसे–इदन्न मम ॥ ६ ॥ ॥ ६ ॥ ओं उदुत्तमं वरुण पाशमस्मदवाधमं विमध्यमं श्रथाय । अथा वयमादित्य व्रते तवानागसोऽदितये स्याम स्वाहा ॥ इदं वरुणायाऽऽदित्यायाऽदितये च–इदन्न मम मम ॥ ७ ॥ ओं भवतन्नः समनसौसचेतसावरेपसौ । मायज्ञ ᳚ हि

ॐ सिष्टं मा यज्ञपतिं जातवेदसौ शिवौ भवतमद्य नः स्वाहा ॥ इदं जातवेदोभ्यां-इदन्न मम ॥

ઉપર પ્રમાણેની સઘળી મળી સોળ આહુતિઓ ઘૃતની આપ્યા બાદ પ્રધાન હોમનો પ્રારંભ કરવો. પ્રધાન હોમ કરતી વખતે વધુએ પોતાનો જમણો હાથ વરના જમણા ખભાને અડકાડી મૂકવો; પશ્ચાત્ નિમ્નલિખિત મંત્રોવડે પ્રધાન હોમની આહુતિઓ ઘૃતની આપવીઃ—

ओं भूर्भुवः स्वः । अग्न आयूंषि पवस आसुवोर्ज्जमिषं च नः । आरे बाधस्व दुच्छुनां स्वाहा इदमग्नये पवमानाय-इदन्न मम ॥ १ ॥ ओं भूर्भुवः स्वः । अग्निर्ऋषिः पवमानः पाञ्चजन्यः पुरोहितः । तमीमहे महागयं स्वाहा ॥ इदमग्नये पवमानाय-इदन्न मम ॥ २ ॥ ओं भूर्भुव स्वः । अग्ने पवस्व स्वपा अस्मे वर्चः सुवीर्यम् । दधद्रयिं मयि पोषं स्वाहा ॥ इदमग्नये पवमानाय-इदन्न मम ॥ ३ ॥ ओं भूर्भुवः स्वः प्रजापते न त्वदेतान्यन्यो विश्वाजातानि परिताबभूव । यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम पतयो रयीणां स्वाहा ॥ इदं प्रजापतये-इन्न मम ॥ ४ ॥

ओं भूर्भुवः स्वः । त्वमर्यमा भवसि यत्कनीनां नाम स्वधावन्गुह्यं बिभर्षि । अञ्जन्ति मित्रं सुधितं न गोभिर्यद्दम्पती समनसा कृणोषि स्वाहा ॥ इदमग्नये-इदन्न मम ॥ ऋ० मं. ५ अ० १ सू. ३ मं. २

ओं ऋताषाड् ऋतधामाग्निर्गन्धर्वः । स न इदं ब्रह्म क्षत्रं पातु तस्मै स्वाहा वाट् । इदमृताषाहे ऋतधाम्ने अग्नये गन्धर्वाय-इदन्न मम ॥१॥ ओं ऋताषाडृतधामाग्निर्गन्धर्व स्तस्यौषधयोऽप्सरसो मुदो नाम ताभ्यः स्वाहा । इदमोषधिभ्योऽप्सरोभ्यो मुद्भ्यः इदन्न मम ॥२॥ यजुः० अ० १८ मं० ३८ ॥ ओं सꣳहितो विश्वसामा सूर्यो गन्धर्वः । स न इदं ब्रह्म क्षत्रं पातु तस्मै स्वाहा वाट् इदं सꣳहिताय विश्वसाम्ने सूर्याय गन्धर्वाय इदन्न मम ॥३॥ ओं सꣳहितो विश्वसामा सूर्यो गन्धर्वस्तस्य मरीचयोऽप्सरस आयुवो नाम । ताभ्यः स्वाहा ॥ इदं मरीचिभ्योऽप्सरोभ्य आयुभ्यः-इदन्न मम ॥ ४ ॥ यजुः० अ० १८ मं० ३९

ओं सुषुम्णः सूर्यरश्मिश्चन्द्रमा गन्धर्वः स न इदं ब्रह्म क्षत्रं पातु तस्मै स्वाहा वाट् ॥ इदं सुषुम्णाय, सूर्यरश्मये, चन्द्रमसे, गन्धर्वाय-इदन्न मम ॥ ५ ॥ ओं सुषुम्णः सूर्यरश्मिश्चन्द्रमा गन्धर्वस्तस्य नक्षत्राण्यप्सरसो भेकुरयो नाम ॥ ताभ्यः स्वाहा ॥ इदं नक्षत्रेभ्योऽप्सरोभ्यो भेकुरिभ्य-इदन्न मम ॥ ६ ॥ यजुः अ. १८

(त्वमर्यमा०) હે જગત્ વ્યવસ્થાપક! આપ સર્વ પ્રાણીઓનું પોષણ અને ધારણ કર્ત્તા છો; અમારૂં આ દંપતીનું પોષણ કરી પરસ્પર એક બીજાનાં અંતઃકરણ શુદ્ધ અને સમાન કરો.

मं० ४१ ॥ ओं इषिरो विश्वव्यचा वातो गन्धर्वः । स नं इदं ब्रह्म क्षत्रं पातु त-स्मै स्वाहा वाट् ॥ इदमिषिराय विश्वव्यचसे वाताय गन्धर्वाय-इदन्न मम ॥७॥ ओं इषिरो विश्वव्यचा वातो गन्धर्वस्तस्यापोऽप्सरस ऊर्ज्जो नाम । ताभ्यः स्वाहा ॥ इदमद्भ्यो अप्सरोभ्यऽऊर्ग्भ्यः-इदन्न मम ॥ ८ ॥ यतुः अ० १८ मं० ४१ ॥

ओं भुज्युः सुपर्णो यज्ञो गन्धर्वः स न इदं ब्रह्म क्षत्रं पातु तस्मै स्वाहा वाट् । इदं भुज्यवे सुपर्णाय यज्ञाय गन्धर्वाय इदं न मम ॥९॥ ओं भुज्युः सुपर्णो यज्ञो गन्धर्वस्तस्य दक्षिणा अप्सरसः स्तावा नाम । ताभ्यः स्वाहा । इदं दक्षिणाभ्यो अप्सरोभ्यः स्तावाभ्यः-इदं न मम ॥ १० ॥ओं प्रजापतिर्विश्वकर्मा मनो गन्धर्वः स न इदं ब्रह्म क्षत्रं पातु तस्मै स्वाहा वाट् इदं प्रजापतये विश्वकर्मणे मनसे ग-न्धर्वाय इदन्न मम ॥ ११ ॥ ओं प्रजापतिर्विश्वकर्मा मनो गन्धर्वस्तस्यऽऋक्सा-मान्यप्सरस एष्टयो नाम । ताभ्यः स्वाहा । इदमृक्सामेभ्योऽप्सरोभ्यः एष्टिभ्य, इदं न मम ॥ १२ ॥

આ પછી (જયા હોમ) કરવો. આ હોમના મંત્રો નિમ્ન લિખિત છે તેમના પ્રત્યેક મંત્રથી એક એક કરીને જયા હોમની ૧૩ આજ્યાહુતિ આપવી.

ओं चित्तं च स्वाहा । इदं चित्ताय, इदंन मम ॥ १ ॥ ओं चित्तिश्च स्वाहा, इदं चित्यै, इदं न मम ॥ २ ॥ ओं आकूतं च स्वाहा । इदमाकूताय, इदं नमम ॥ ॥ ३ ॥ ओं आकूतिश्चस्वाहा । इदमाकूत्यै, इदन्न मम ॥ ४ ॥ ओं विज्ञातं च स्वाहा । इदं विज्ञाताय, इदं न मम ॥ ५ ॥ ओं विज्ञातिश्च स्वाहा । इदं विज्ञात्यै इदं न मम ॥ ६ ॥ ओं मनश्च स्वाहा । इदं मनसे, इदं न मम ॥७॥ ओं शक्करीश्च स्वाहा । इदं शक्करीभ्यः, इदं न मम ॥ ८ ॥ ओं दर्शश्च स्वाहा । इदं दर्शाय इदं न मम ॥ ९ ॥ ओं पौर्णमासं च स्वाहा । इदं पौर्णमासाय इदं न मम ॥ १० ॥ ओं बृहच्च स्वाहा । इदं बृहते इदं न मम ॥ ११ ॥ ओं रथन्तरं च स्वाहा । इदं रथन्तराय, इदं न मम ॥ १२ ॥ ओं प्रजापतिजयानिन्द्रायवृष्णे प्रायच्छदुग्रः प्र-तना जयेषु । तस्मै विशः समनमन्तः सर्वाः स उग्रः स इहव्यो बभूव स्वाहा। इदं प्रजापतये जयानिन्द्राय, इदं न मम ॥ १३ ॥

આ થયા પછી નિમ્ન લિખિત મંત્રોવડે અભ્યાતન હોમ કરવો જેની ૧૮ આજ્યાહુતિ છે.

ओं अग्निर्भूतानामधिपतिः समावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्य-स्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ँ स्वाहा ॥ इदमग्नये भूतानामधिपतये इदन्न मम ॥ ११ ॥ ओं इन्द्रो ज्येष्ठानामधिपतिः सः मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ँ स्वाहा । इदमिन्द्राय ज्येष्ठानामधिपतये इदन्न मम ॥ २ ॥ ओं यमः पृथिव्याऽधिपतिः स मावत्वस्मिन्

ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्याम् पुरोधायामस्मिन् कर्मणण्यस्यां देवहूत्या स्वाहा। इदं यमाय पृथिव्या अधिपतये, इदन्न मम ॥ ३ ॥

ओं वायुरन्तरिक्षाधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा ॥ इदं वायवे अन्तरिक्षस्याधिपतये इदन्न मम ॥ ४॥

ओं सूर्यो दिवोऽधिपतिः समावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा। इदं सूर्य्याय दिवोऽधिपतये इदन्न मम ॥ ५ ॥

ओं चन्द्रमानक्षत्राणामधिपतिः समावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा। इदं चंद्रमसे नक्षत्राणामधिपतये इदन्न मम ॥६॥

ओं बृहस्पतिर्ब्रह्मणोऽधिपतिः समावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा। इदं बृहस्पतये ब्रह्मणोऽधिपतये इदन्न मम ॥ ७ ॥

ओं मित्रः सत्यानामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा। इदं मित्राय सत्यानामधिपतये इदन्न मम ॥ ८ ॥

ओं वरुणोऽपामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन्क्षत्रेऽस्यामाशिष्यस्यांपुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा। इदं वरुणायापामधिपतये, इदन्न मम॥९॥

ओं समुद्रः स्रोत्यानामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा इदं समुद्राय स्रोत्यानामधिपतये इदन्न मम ॥ १० ॥

ओं अन्न ॰ साम्राज्यानामधिपतिः समावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा। इदमन्नाय साम्राज्यानामधिपतये इदन्न मम ॥ ११ ॥

ओं सोम औषधीनामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा ॥ इदं सोमाय, औषधीनामधिपतये इदन्न मम ॥ १२ ॥

ओं सविता प्रसवानामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ॰ स्वाहा॥ इदं सवित्रे प्रसवानामधिपतये इदन्न मम ॥ १३ ॥

ओं रुद्रः पशूनामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्यां ९ स्वाहा इदं रुद्राय पशूनामधिपतये इदन्न मम ॥ १४ ॥

ओं त्वष्टा रूपाणामधिपतिः स मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्मिन् देवहूत्या ९ स्वाहा इदं त्वष्ट्रेरूपाणामधिपतये इदन्न मम ॥ १५ ॥

ओं विष्णुः पर्वतानामधिपतिः समावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ९ स्वाहा ॥ इदं विष्णवे पर्वतानामधिपतये इदन्न मम ॥ १६ ॥

ओं मरुतो गणानामधिपतयस्ते मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ९ स्वाहा ॥ इदं मरुद्भ्यो गणानामधिपतिभ्यः, इदन्न मम ॥ १७ ॥

ओं पितरः पितामहा परेऽवरे ततास्ततामहाः इह मावत्वस्मिन् ब्रह्मण्यस्मिन् क्षत्रेऽस्यामाशिष्यस्यां पुरोधायामस्मिन् कर्मण्यस्यां देवहूत्या ९ स्वाहा॥ इदं पितृभ्यः पितामहेभ्यः परेभ्योऽवरेभ्यस्ततेभ्यस्ततामहेभ्यश्च, इदन्न मम ॥ १८ ॥

ત્યાર પછી નીચે લખેલા પ્રત્યેક મંત્રથી એક એક આહુતિ કરીને આઠ આજ્યાહુતિ આપવી.

ओं अग्निरैतु प्रथमो देवताना ९ सोऽस्यै प्रजां मुञ्चतु मृत्युपाशात् तदय९ राजा वरुणोऽनुमन्यतां यथेय९ स्त्रीपौत्रमघन्नरोदात् स्वाहा ॥ इदमग्नये, इदन्न मम ॥ १ ॥

ओं इमामग्निस्त्रायतां गार्हपत्यः प्रजामस्यै नयतु दीर्घमायुः। अशून्योपस्था जीवतामस्तु माता पौत्रमानन्दमभिविबुध्यतामियं९ स्वाहा ॥ इदमग्नये इदन्न मम॥ २ ॥

ओं स्वस्तिनोऽग्ने दिवा पृथिव्याविश्वानिधेह्ययथा यजत्र। यदस्यां मयि दिवि जातं प्रशस्तं तदस्मासु द्रविणं धेहि चित्र९ स्वाहा ॥ इदमग्नये इदन्न मम ॥ ३ ॥

ओं सुगन्नु पन्थां प्रदिशन् न एहि ज्योतिष्मध्येह्यजरन्नआयुः। अपैतु मृत्युरमृतं म आगाद्वैवस्वतोनोऽभयं कृणोतु स्वाहा ।इदं वैवस्वताय इदन्न मम॥४॥

ओं परं मृत्योऽनुपरेहि पन्थां यत्रनोऽअन्यइतरो देवयानात्। चक्षुष्मते शृण्वते ते ब्रवीमीमा नः प्रजा रीरिषो मोत वीरान्त्स्वाहा ॥ इदममृत्यवे इदन्न मम ॥ ५ ॥

ओं द्योस्ते पृष्ठ ९ रक्षतु वायुरूरू अश्विनौ च । स्तनंधयस्ते पुत्रान्त्सविता

भिरक्षत्वावासस: परिधाद् बृहस्पतिर्विश्वेदेवा अभिरक्षन्तु पश्चात् स्वाहा । इदं विश्वेभ्यो देवेभ्य: इदन्न मम ॥ ६ ॥

ओं माते गृहेषु निशिघोष उत्थादन्यत्र त्वद्रुदत्य: संविशन्तु पात्वं ददत्सुर आवधिष्ठा: जीव पत्नी पतिलोके विराज पश्यन्ती प्रजा ᳪ सुमनस्य माना ᳪ स्वाहा ॥ इदमग्नये इदन्न ॥ ७ ॥

ओं अप्रजस्यं पौत्र्यमर्त्यं पाप्मान मुत वा अघम् । शीर्ष्णं स्रजमिवोन्मुच्य दिशद्भ्य: प्रतिमुञ्चामि पाश ᳪ स्वाहा । इदमग्नये इदं न मम ॥ ८ ॥

તત્પશ્ચાત્—પૂર્વે લિખિત (ओं भूरग्नये स्वाहा) ઇત્યાદિ ચાર મંત્રોથી ચાર આજ્યાહુતિઓ આપવી. આ પ્રમાણે હોમ કર્યા પછી વરે પોતાના આસન પરથી ઉઠી, પૂર્વાભિમુખ બેઠેલી વધુની સન્મુખ પશ્ચિમાભિમુખ ઉભા રહી, પોતાના ડાબા હાથ વડે વધુનો જમણો હાથ પકડીને ઉપર ઉઠાવવો તથા પોતાના જમણા હાથવડે વધુના ઉપર ઉઠાવેલા જમણા હાથની અંજલી અંગુઠા સહિત ચત્તી પકડીને નીચે લખેલા પાણી ગ્રહણના ૬ મંત્રો બોલવા.

ओं गृभ्णामि ते सौभगत्वाय हस्तं मया पत्या जरदष्टिर्यथास: । भगो अर्यमा सविता पुरन्धि मह्यं त्वादुर्गार्हपत्यायदेवा:× ॥१॥ ओं भगस्ते हस्तमग्रभीत् सविता हस्तमग्रभीत् । पत्नीत्वमसि धर्मणाहं गृहपतिस्तव* ॥ २ ॥ ममेयमस्तु पोष्या मह्यं त्वादाद्बृहस्पति । मया पत्या प्रजावति शं जीव शरद: शतम्÷ ॥ ३ ॥

× હે વરાનને–સુમુખિ ! જેમ હું (सौभगत्वाय) ઐશ્વર્ય અને સુપુત્રાદિ સૌભાગ્યની વૃદ્ધિ માટે (ते) તારો (हस्तम्) હાથ (गृभ्णामि) ગ્રહણ કરૂં છું, તું (मया) હું કે જે તારો (पत्या) પતિ છું તેની સાથે (जरदष्टि:) વૃદ્ધાવસ્થાને સુખપૂર્વક પ્રાપ્ત (आस:) થા. તથા હે વીર હું સૌભાગ્યની વૃદ્ધિ માટે તમારો હાથ ગ્રહણ કરૂં છું તમે મારી સાથે (કે જે હું તમારી પતિ છું) વૃદ્ધાવસ્થાપર્યન્ત પ્રસન્ન અને અનુકૂલ રહો, આજથી હું તમારા પત્નીભાવને પ્રાપ્ત થઇ છું અને તમે મ્હારા પતિ ભાવને પ્રાપ્ત થયા છો. (भग:) સકલ ઐશ્વર્યયુક્ત (अर्यमा) ન્યાયકારી (सविता) સર્વ જગતનો ઉત્પત્તિ કર્ત્તા (पुरन्धि:) અનેક પ્રકારે જગતને ધારણ કરનાર પરમાત્મા અને (देवा:) આ સમયે સભા મંડપમાં ઉપસ્થિત થયેલા વિદ્વાન માણસો (गार्हपत्याय) ગૃહાશ્રમકર્મના અનુષ્ઠાનને માટે (त्वा) તને (मह्यम्) મારાપ્રતિ (अदु:) અર્પણ કરે છે. આજથી આપણે પરસ્પર વેચાઇ ચુક્યાં તમે મારા અને હું તમારી એવી રીતે બંધાઇ ગયાં છઇએ, આપણે એક બીજાનું કદીપણ અપ્રિયાચરણ–ગેરવર્તણુંક નહી કરીએ.

*હે પ્રિયે, (भग:) ઐશ્વર્યયુક્ત હું (ते) તારો (हस्तम्) હાથ (अग्रभीत्) ગ્રહણ કરૂં છું તથા (सविता) ધર્મયુક્ત માર્ગમાં પ્રેરણા કરનાર હું ત્હારો (हस्तम्) હાથ (अग्रभीत्) ગ્રહણ કરી ચુક્યો છું (त्वम्) તું (धर्मणा) ધર્મવડે મારી (पत्नी) ભાર્યા (असि) છે અને (अहम्) હું ધર્મવડે (तव) ત્હારો (गृहपति:) પતિ છું આપણે બંને પ્રેમપૂર્વક મળીને ગૃહના સર્વ કાર્યો સિદ્ધ કરીશું અને એકબીજાનું અપ્રિયાચરણ–વ્યભિચારાદિ કુત્સિત કર્મો કદી નહી કરીશું; જે વડે ગૃહના સર્વ કાર્યો સિદ્ધ થાય, ઉત્તમોત્તમ સંતાન થાય તથા જેનાવડે ઐશ્વર્ય અને સુખની પ્રાપ્તિ થાય તેવું આચરણ કરીશું.

÷હે અનઘે–પાપરહિત ! (बृहस्पति) સર્વ જગતના પાલક પરમેશ્વરે (त्वा) ત્હને (मह्यम्)

त्वष्टा वासोव्यदधाच्छुभे कं बृहस्पतेः प्रशिषा कवीनाम्× ॥
ते ने मां नारीं सविता भगश्च सूर्यामिव परिधत्तां प्रजया÷ ॥ ४ ॥
इन्द्राग्नी द्यावा पृथिवी मातरिश्वा मित्रा वरुणा भगो अश्विनोभा ।
बृहस्पतिर्मरुतो ब्रह्म सोम इमां नारीं प्रजया वर्धयन्तु* ॥ ५ ॥
अहं विष्यामि मयिरूपमस्या वेददित्पश्यन्मनसा कुलायम् ।
नस्तेयमद्मि मनसोदमुच्ये स्वयं श्रन्थानो वरुणस्यपाशात्+ ॥ ६ ॥

મ્હારાપ્રતિ (अदात्) અર્પણ કરી છે. (इयम्) એ તું જ જગતમાં મારી (पोष्या) પોષણ યોગ્ય પત્ની (अस्तु) થા. હે (प्रजावति) ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરનારી તું (मया, पत्या) હું જે ત્હારો પતિ છું તેની સાથે (शतम्) સો (शरदः) શરદઋતુ અર્થાત્ સો વર્ષ પર્યન્ત (शं, जीव) સુખપૂર્વક પ્રાણ ધારણ કર, જીવન વ્યતીત કર. આ પ્રમાણે વધુ પણ વર પાસે પ્રતિજ્ઞા કરે કે, હે ભદ્ર! સુજન! સકલ જગદુત્પાદક પરમેશ્વરની કૃપાથી તમે મને પ્રાપ્ત થયા છો, મારે માટે આ જગતમાં તમ્હારા વગર કોઈપણ બીજો પતિ, અર્થાત્ પાલન કરનાર, સેવ્ય, તથા ઇષ્ટદેવ નથી. હું તમ્હારૂંજ કહ્યું કરીશ જેમ તમે મારા વગર કોઇ પણ બીજી સ્ત્રી સાથે અયુક્ત પ્રીતિ નહી કરો તેમ હું પણ તમ્હારા વગર બીજા કોઇ પણ પર પુરૂષ સાથે અયુક્ત પ્રીતિભાવનું વર્તન નહી રાખીશ, તમે મારી સાથે પ્રીતિ અને આનંદપૂર્વક સો વર્ષ સુધી જીવો. પ્રાણ ધારણ કરો.

×હે શુભાનને-શુભમુખિ જેમ (बृहस्पतेः) આ પરમાત્માની સૃષ્ટિમાં, એની તથા (कवीनाम्) આપ્ત વિદ્વાનોની (प्रशिषा) શિક્ષા વડે દંપતી થાયછે, (त्वष्टा) ને જેમ વિદ્યુત્ સર્વ વસ્તુઓમાં વ્યાપ્ત થઇને રહી છે, તેમ તું મારી પ્રસન્નતાને માટે, (वासः) સુંદર વસ્ત્રો, (शुभे) આભૂષણ તથા (कम्) સુખ જે ત્હારે માટે મારાથી થાય તેને પ્રાપ્ત થા. મ્હારી અને ત્હારી આ ઇચ્છાને તે સર્વ વ્યાપક પરમાત્મા સિદ્ધ કરે, જેમ (सविता) સકલ જગતની ઉત્પતિ કરનાર પરમેશ્વર (च) અને (भगः) સંપૂર્ણ ઐશ્વર્યયુક્ત ઇશ્વર (प्रजया) ઉત્તમ પ્રજા વડે (इमाम्) આને-ત્હને (नारीम्) કે જે તું મ્હારી સ્ત્રી છે તેને, (परिधत्ताम्)શોભાથી આચ્છાદિત-યુક્ત કરો અને હું (तेन) આ સર્વ વડે, (सूर्यमिव) સૂર્યનું કિરણ જેમ પ્રકાશમય અને શોભાયુક્ત હોય છે તેમ તને વસ્ત્ર અને ભૂષણાદિથી શોભાયુક્ત સર્વદા રાખીશ.

તથા હે પ્રિયપતિ ! હું તમને સૂર્યની પેઠે શોભાયુક્ત તથા તમને જેથી આનંદ થાય તેવું અનુકૂળ પ્રિયાચરણ કરીને ઐશ્વર્ય તથા વસ્ત્રાદિ વડે આનંદિત રાખીશ.

* હે મ્હારા સંબંધી જનો-સગા વહાલાંઓ જેમ (इन्द्राग्नी)વિદ્યુત્ અને પ્રસિદ્ધ અગ્નિ (द्यावापृथिवी) સૂર્ય અને ભૂમિ (मातरिश्वा) અન્તરિક્ષસ્થ વાયુ (मित्रा वरुणा) પ્રાણ અને ઉદાન, તથા (भगः) સમ્પૂર્ણ ઐશ્વર્ય (अश्विना) સત્ વૈદ્ય અને સત્યોપદેશક (उभा) આ બે, (बृहस्पति) મહાજન પ્રજાનો પાલક અને ન્યાયકારી રાજા (मरुतः) સભ્ય મનુષ્ય (ब्रह्म) સર્વથી શ્રેષ્ઠ પરમાત્મા અને (सोमः) ચંદ્રમા તથા સોમલતા આદિ ઔષધીઓ, સર્વ પ્રજાની જેમ વૃદ્ધિ અને પાલન કરે છે તેમ (इमां नारीम्) આ મ્હારી સ્ત્રીને (प्रजया) પ્રજા વડે વૃદ્ધિને પમાડે છે, તેમજ તમે પણ (સત્યોપદેશ સોમલતા આદિ ઓષધીઓથી મારી સ્ત્રીની (वर्द्धयन्तु) વૃદ્ધિ કરો.

+ હે કલ્યાણ કોડે ! જેમ (मनसा) મન વડે (कुलायम्) કુળની વૃદ્ધિને (पश्यन्) જોતો (अहम्) હું (अस्याः) આ તારા રૂપને (विष्यामि) પ્રાપ્ત ને તેમાં પ્રેમદ્વારા વ્યાપ્ત

ત્યાર પછી વર વધુની હસ્તાંજલી પકડીને ઉંચી કરી તેને પોતાને સાથે લઇ બંનેજણા પ્રદક્ષિણા કરે તેજ વખતે જે કળશ યજ્ઞકુંડની દક્ષિણ દિશામાં સ્થાપન કરવામાં આવ્યો હતો, તેને લઇ, કલશની પાસે બેઠેલો પુરૂષ, વર વધુની સાથે સાથે ચાલે તત્પશ્ચાત્ નિમ્ન લિખિત પ્રતિજ્ઞાઓ વર અને વધુ કરે-

ओं अमोऽहमस्मि सा त्व ँ सा त्वमस्यमोऽहं सामाहमस्मि ऋक्त्वं द्यौरहं पृथिवी त्वं तावेव विवहावहैसह रेतो दधावहै । प्रजां प्रजनयावहै पुत्रान् विन्दावहै बहून् । ते सन्तु जरदष्टयः सं प्रियौ रोचिष्णू सुमनस्यमानौ । पश्येम शरदः शतंजीवेम शरद शत ँ शृणुयाम शरदः शतम्÷ ॥ १२ ॥

ત્યારબાદ વર વધુની પછવાડે રહીને વધુની સમીપ દક્ષિણ બાજુએ જઇ, ઉત્તરાભિમુખ ઉભો રહી, વધુની જમણી હસ્તાંજલી પોતાની જમણી હસ્તાંજલી વડે પકડીને બન્ને ઉભાં રહે. તથા જે પુરૂષ વર અને વધુની સાથે ચાલ્યો હોય તે, પાછો કુંડની દક્ષિણબાજુએ કલશ લઇને બેસી જાય, તત્પશ્ચાત્ વધુની માતા અથવા ભાઇ, જે પ્રથમ ચોખા અને જુવારની ધાણી સુપડામાં રાખેલી હતી, તેને ડાબા હાથમાં લઇ જમણા હાથથી વધુનો જમણો પગ ઉપાડી પથ્થરની શિલાપર મુકીને નિમ્નલિખિત મંત્ર બોલે.

ओं आरोहेममश्मानमश्मेव त्वं स्थिरा भव । अभितिष्ठ पृतन्यतोऽवबाधस्व पृतनायतः ॥ १ ॥

આટલું થયા પછી વર અને વધુ કુંડની સમીપ આવીને બંને પૂર્વાભિમુખ ઉભા રહે અને આ જગ્યાએ વધુ દક્ષિણ બાજુએ રહી પોતાની હસ્તાંજલીને વરની હસ્તાંજલી પર રાખે તત્પશ્ચાત વધુની મા અથવા ભાઇ જે સુપડું પકડીને ઉભું હોય તે ધાણીનું સુપડું ભૂમિપર રાખી અથવા બીજા કોઇ પુરૂષના હાથમાં આપી, વર અને વધુની એકત્રિત થએલી હસ્તાંજલી પર થોડું ઘી રેડે પછી પ્રથમ સુપડામાંથી થોડી ધાણી પોતાની હસ્તાંજલીમાં બેવાર લઈ વર તથા વધુની એકત્રિત કરેલી હસ્તાંજલીમાં નાખે, પછી તે હસ્તાંજલીમાં નાખેલી ધાણીપર થોડું ઘી રેડે,

---

થાઉં છું, તેમ તું મ્હારી વધુ (**मयि**) મ્હારામાં પ્રેમથી વ્યાપ્ત થઇ અનુકૂળ વ્યવહારને (**वेदत्**) પ્રાપ્તથા જેમ હું (**मनसा**) મન વડે પણ, તું કે જે મારી વધુ છે તેની સાથે (**स्तेयम्**) ગુપ્ત કર્મને (**उदमुच्ये**) છોડી દઉંછું અને કોઇ પણ ઉત્તમ પદાર્થોનો છુપી રીતે (**नाद्मि**) નથી ભક્ષણ કરતો. (**स्वयम**) હું પોતે (**श्रन्थानः**) પુરૂપાર્થથી શિથિલ થઇ (**वरुणस्य**) ઉત્કૃષ્ટ વ્યવહારમાં વિઘ્નરૂપ દુર્વ્યસની પુરૂષોના (**पाशान्**) બંધનોને દૂર કરતો રહું (**इत्**) તેજ પ્રમાણે હે, વધુ ! તું પણ આપ્રમાણે વર્તન રાખ" આવી રીતે વધુ પણ સ્વીકાર કરે કે હું પણ તમ્હારી સાથે આવું વર્તન ચલાવીશ.

÷હે વધુ ! જેમ (**अहम**) હું (**अमः**) જ્ઞાનવાન્ જ્ઞાનપૂર્વક તારૂં પાણી ગ્રહણ કરનાર (**अस्मि**) થાઉંછું તેમ (**सा**) (**त्वम**) તું પણ જ્ઞાનપૂર્વક મને ગ્રહણ કરનારી (**असि**) થાય છે, જેમ (**अहम**) હું મ્હારા પૂર્ણ પ્રેમથી તને (**अमः**) ગ્રહણ કરૂંછું, તેમજ (**सा**) (**त्वम**) તું પણ મને ગ્રહણ કરે છે (**अहम**) હું (**साम**) સામવેદની માફક પ્રશંસિત (**अस्मि**) છું. હે વધુ.! તું (**ऋक्**) ઋગ્વેદની સમાન પ્રશંસિત છે, તથા (**त्वम**) તું પૃથિવીની પેઠે ગર્ભધારણાદિ જે ગૃહાશ્રમના વ્યવહારો છે તેને ધારણ કરનારી છે અને હું (**द्यौः**) વર્ષા કરનાર જે સૂર્ય તેની સમાન છું આપણે (**तावेव**) બન્ને જણા (**विवहावहै**) પ્રસન્નતાપૂર્વક વિવાહ કરીએ તથા (**सह**) સાથે મળીને (**रेतः**) વીર્યને (**दधावहै**) ધારણ

ત્યારબાદ વરતથા વધુની હસ્તાંજલી સહિત પોતાની હસ્તાંજલીને આગળથી નમાવી નિમ્નલિખિત દરેક મંત્રથી એક એક વાર કરી થોડી ધાણીની ત્રણ આહુતિઓ પ્રજ્વલિત ઇન્ધનપર નાખે.

ओं अर्य्यमणं देवं कन्या अग्निमयक्षत। सनोऽर्यमा देवः प्रेतो मुञ्चतु मा पतेः स्वाहा। इदमर्यम्णे अग्नये इदन्न मम ॥ १ ॥ ओं इयं नार्यु पब्रूते लाजानावपन्तिका। आयुष्मानस्तु मे पतिरेधन्तां ज्ञातयो मम स्वाहा। इदमग्नये इदं न मम ॥ २ ॥ ओं इमाँल्लाजानावपाम्यग्नौ समृद्धिकरणं तव। मम तुभ्यंच संवदनं तदाग्निरनुमन्यतामियं स्वाहा इदमग्नये इदन्न मम ॥ ३ ॥

ત્યાર પછી વર પોતાની જમણી હસ્તાંજલી વડે વધુની હસ્તાંજલી પકડીને નિમ્ન લિખિત મંત્રો બોલે.

ओं सरस्वती प्रेदभव सुभगे वाजिनीवति। यान्त्वा विश्वस्य भूतस्य प्रजायामस्याग्रतः। यस्यां भूत ँ समभवद्यस्यां विश्वमिदं जगत्। तामद्य गाथां गास्यामि या स्त्रीणामुत्तमं यशः ॥ १ ॥

પછીવર **ओं तुभ्यमग्ने पर्यवहन्त्सूर्या वहतुना सह। पुनः पतिभ्यो जायां दाग्ने प्रजया सह ॥ १ ॥ ओं कन्यला पितृभ्यः पतिलोकं पतीयम पदीक्षामयष्ट। कन्या उत त्वया वयं धारा उदन्या इवातिगाहे महिद्विषः ॥ २ ॥**

આ મંત્રો વડે યજ્ઞકુંડની પ્રદક્ષિણા કરી યજ્ઞકુંડના પશ્ચિમભાગમાં પૂર્વદિશા ભણી મ્હો કરી થોડી વાર બંનેએ ઉભા રહેવું ત્યાર બાદ ઉપર કહ્યા પ્રમાણે કલશ સહિત યજ્ઞકુંડની ૪ પ્રદક્ષિણા કરી અન્તમાં યજ્ઞ કુંડની પશ્ચિમ તરફ થોડીવાર ઉભા રહે અને ઉક્ત રીતીથી ત્રણવાર ક્રિયાપુરી થયા પછી યજ્ઞકુંડની પશ્ચિમ બાજુએ પૂર્વાભિમુખ વર અને વધુ ઉભા રહે ત્યાર પછી વધુની મા અથવા ભાઇ પેલા સૂપડાને તિરછું-વાંકુ કરી તેમાં બાકી રહેલી ધાણીને વધુની હસ્તાંજલીમાં નાખી દે ત્યાર બાદ વધુ **ओं भगाय स्वाहा। इदभगाय। इदन्न मम** ॥ આ મંત્રને બોલી વેદિમા પ્રજ્વલીત અગ્નિપર તે ધાણીની ૧ એક આહુતિ આપે તે પછી વર વધુને જમણી બાજુએ રાખી કુંડની પશ્ચિમ બાજુએ પૂર્વાભિમુખ બેસી **ओं प्रजापतयेस्वाहा इदं प्रजापतये इदं न ममं** ॥ આ મંત્ર બોલી સ્રુવાથી ધૃતની, એક આહુતિ આપે ત્યાર બાદ એકાન્તમાં જઇ વધુના બાંધેલા અંબોડાને વરે છોડવો અને નીચેના ૨ બે મંત્ર બોલવા,

प्रत्वा मुञ्चामि वरुणस्य पाशाद्येनस्त्वा बध्नात्सविता सुशेवः। ऋतस्य योनौ सुकृतस्य लोकेऽरिष्टान्त्वा सह पत्या दधामि ॥ १ ॥

કરીએ અને (**प्रजाम्**) ઉત્તમ પ્રજા (**प्रजनयावहै**) ઉત્પન્ન કરીએ તથા (**बहून्**) બહુ પુત્રોને (**विन्दावहै**) પ્રાપ્ત થઇએ (**ते**) તે પુત્રો (**जरदष्टयः**) જરાવસ્થાના અન્ત સુધી જીવન યુક્ત (**सन्तु**) રહે (**संप्रियौ**) સારી રીતે એક બીજાથી પ્રસન્ન (**रोचिष्णू**) પરસ્પરમાં રૂચિવાળા (**सुमनस्यमानौ**) સારી રીતે વિચારપૂર્વક (**शतम्**) સો (**शरदः**) શરદ ઋતુ અર્થાત શત વર્ષ પર્યંત એક બીજાને પ્રેમદષ્ટિ વડે જોતાં રહે. (**शतम्, शरदः**) સો વર્ષ પર્યન્ત આનંદથી (**जीवेम**) આપણે જીવતાં રહીએ અને (**शतम, शरदः**) સો વર્ષ પર્યન્ત પ્રિય વચનોને સાંભળતાં રહીએ.

प्रेतो मुञ्चामि नामुतस्सु बद्धाममुतस्करन् । यथेयमिन्द्र मीढ्वः सुपुत्रा सुभगा सती ॥ २ ॥

ત્યારબાદ સભામંડપમાં આવી સપ્તપદી વિધિની પ્રારંભ કરવો આ સમયે વરના ઉપવસ્ત્ર (પિછોડી) ની સાથે વધુના ઉત્તરીય વસ્ત્રની ગાંઠ વાળવી આને "જોડું" કહે છે વર અને વધુ બન્ને જણા આસનપરથી ઉઠી વરે પોતાનાં જમણા હાથ વડે વધુની જમણી હસ્તાંજલી પકડી યજ્ઞકુંડની ઉત્તર બાજુએ જવું પછી વરે પોતાનો જમણો હાથ વધુના જમણા ખભા પર રાખી બંનેજણાઓએ પાસે પાસે ઉત્તરાભિમુખ ઉભા રહેવું ત્યાર બાદ વરે નિમ્નલિખિત વાક્ય બોલી વધુને પ્રથમ પોતાનો જમણો પગ ઉપાડી ચાલવા માટે આજ્ઞા આપવી.

मासव्येन दक्षिणमतिक्राम ।

અને નીચેનો મંત્ર બોલી વર વધુને પોતાની સાથે રાખી ઇશાન દિશામાં બંને એક પગલું* ચાલે.

ओं इष एकपदी भव सा मामनुव्रता भव विष्णुस्त्वा नयतु पुत्रान् विन्दावहै बहूँस्ते सन्तु जरदष्टयः ॥ १ ॥

ओं ऊर्ज्जे द्विपदी भव આ મંત્રથી બીજું
ओं रायस्पोषाय त्रिपदी भव આ મંત્રથી ત્રીજું
ओं मयोभवाय चतुष्पदी भव આ મંત્રથી ચોથું
ओं प्रजाभ्यः पंचपदी भव આ મંત્રથી પાંચમું
ओं ऋतुभ्यः षट्पदी भव આ મંત્રવડે છઠું અને
ओं सखे सप्तपदी भव આ મંત્રવડે સાતમું.

આ પ્રમાણે આ સાત મંત્રો વડે સાત પગલાં ચાલીને વર અને વધુ બંને શુભાસનપર બેસે પછી જે પુરૂષ પ્રથમ જલનો કલશ લઇ યજ્ઞકુંડની દક્ષિણ તરફ બેઠેલો હતો તે પૂર્વસ્થાપિત જલકુંભને લઇ વર અને વધુની સમીપમાં આવે અને તેમાંથી થોડું પાણી લઇ વર અને વધુના માથા પર થોડા છાંટા નાખેને તે વખતે વર અને વધુ નિમ્ન લિખિત ચાર મંત્રોને બોલે.

ओं आपो हिष्ठा मयोभुवस्ता नं ऊर्ज्जे दधातन । महे रणाय चक्षसे ॥ १॥ योवः शिवतमो रसस्तस्य भाजयतेह नः । उशतीरिवमातरः ॥ २ ॥ तस्माऽअरं

---

* આ પગલું મુકવાનો વિધિ એવો છે કે વધુ પ્રથમ પોતાનો જમણો પગ ઉપાડીને ઇશાન કોણ તરફ આગળ કરીને મુકે પછી બીજા ડાબા પગને ઉપાડી જમણા પગની પાટલી સુધી મુકે; એટલે જમણા પગની જરા પછવાડે ડાબો પગ મુકે આને એક પગલું ગણવું. આવાં બીજાં છ ૬ પગલાંઓ એટલે બધા મળી સાત પગલાંઓ તે તે સમયના મંત્રો બોલી ઇશાન દિશા ભણી રહી ભરવાં 'भव' શબ્દની પૂર્વે પ્રથમ મંત્રમાં જે શબ્દો છે તે સર્વે બાકીના ૬ મંત્રોના "भव" પદની પૂર્વે બોલી પગલાં ભરવાની ક્રિયા કરવી.

× ફુટનોટ (૨)—અન્નાદિ ભોજ્ય પદાર્થ તથા તેજસ્વિતા. (૩) ધનાદિ ઐશ્વર્ય, (૪) મનની પ્રસન્નતા, (૫) ઉત્તમ પ્રજા તથા, (૬) સર્વ ઋતુઓ. (૭) અને આપણી પરસ્પરની પ્રસન્નતા અને પ્રીતિની વૃદ્ધિ ઇત્યાદિ પદાર્થો વાસ્તે ક્રમવાર એકેક પગલું ભર.

गमाम वो यस्य क्षयाय जिन्वथ । आपोजनयथा च नः ॥ ३ ॥ ओं आपः शिवाः शिवतमाः शान्ता शान्ततमास्ताँस्ते कृणवन्तु भेषजम् ॥ ४ ॥

ત્યારબાદ વર અને વધુ ત્યાંથી ઉઠી નિમ્નલિખિત મંત્ર બોલી સૂર્યનું અવલોકન કરે.

ओं तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् पश्येम शरदः शतं जीवेम शरदः शत ५ शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शत मदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ १ ॥

આ થયા પછી વરે વધુના જમણા ખભાપરથી પોતાનો જમણો હાથ ઉપાડી લઇ તે હાથ વડે વધુના હૃદયનો સ્પર્શ કરવો ને નીચેનો મંત્ર બોલવા.

ओं मम व्रते ते हृदयं दधामि मम चित्तमनु चित्तं ते अस्तु ।

मम वाचमेकमना जुषस्व प्रजापतिष्ट्वा नियुनक्तु मह्यम् * ॥

આ પ્રમાણે વધુએ પણ પોતાના જમણા હાથથી વરના હૃદયનો સ્પર્શ કરી ઉપરનોજ મંત્ર બોલવો.

ત્યાર બાદ વરે વધુના મસ્તકપર હાથ મુકી નીચલો મંત્ર બોલવો.

सुमङ्गलीरियं वधूरिमां समेत पश्यत । सौभाग्यमस्यै दत्त्वा यथास्तं विपरेतन ॥

તેજ વખતે સભા મંડપમા કાર્યાર્થે આવેલા સદ્ગૃહસ્થનું અવલોકન કરવું તેમની સામું જોવું ને આ વખતે તેઓ સર્વએ **ओं सौभाग्यमस्तु । ओं शुभंभवतु ॥** આ વાકયવડે આશીર્વાદ આપવો. આ થયા પછી વર અને વધુએ પાછા યજ્ઞકુંડની સમીપ પૂર્વવત્ બેસી પુનઃ આગળ લખ્યા પ્રમાણે (**ओं यदस्यकर्मणो**) આ સ્વિષ્ટકૃત્ મંત્રવડે હોમાહુતિ અર્થાત્ એક આજ્યાહુતિ આપી પ્રથમ લખેલા (**ओं भूरग्नये स्वाहा** ઇત્યાદિ) ચાર મંત્રો વડે ચાર આહુતિઓ આપવી આવી રીતે વિવાહનો વિધિ સમાપ્ત થયા પછી વર અને વધુ બંને જણા થોડીવાર વિશ્રામ કરે.

વિશ્રામ લીધા પછી વિવાહનો ઉત્તર વિધિ કરવો. આ વિધિ વિશેષે કરીને વધુના ઘરમાં જે પહેલાંથીજ તૈયાર કરી રાખેલું હોય તેમાં જઇ ઇશાન કોણમાં કરવો જોઇએ.

સૂર્યાસ્ત થયા પછી આકાશમાં નક્ષત્ર દેખાય તે સમયે વર અને વધુએ યજ્ઞકુંડના પશ્ચિમ ભાગમાં આસનપર પૂર્વ દિશામં મુખ કરી બેસી પ્રથમ લખેલા (**ओं भूर्भुवः स्वर्द्यौः**) મંત્રથી અગ્ન્યાધાન કરવું. જો કદાચિત્ પ્રથમથીજ સભા મંડપ ઇશાન કોણમાં કરવામાં આવ્યો હોય અને પૂર્વેજ અગ્ન્યાધાન કરેલુ હોય તો અગ્ન્યાધાન કરવાની કશી આવશ્યકતા નથી; પણ (**अयन्त इध्म आत्मा०** ઇત્યાદિ) ચાર મંત્રો વડે સમિદાધાન કરી જ્યારે અગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે પ્રથમ લખેલા (**ओं अग्नये स्वाहा,** ઇત્યાદિ) ચાર મંત્રો વડે ચાર આઘારાવાજ્યાહુતિઓ આપી પછી "**ओंभूरग्नये** ઇત્યાદિ" ચાર મંત્રો વડે ચાર વ્યાહૃતિ આહુતિ આપવી એટલે બધી મળી ૮ આઠ આજ્યાહુતિઓ આપવા. આ પછી નિમ્ન લિખિત મંત્રોવડે પ્રધાન હોમ કરવો, જેના ૬ ૭ મંત્રો છે દરેક મંત્ર વડે એક એક આજ્યાહુતિ આપવી.

---

*હે, વધુ (**न**) તારા (**हृदयम्**) અંતઃકરણ અને આત્માને (મમ) મ્હારા (**व्रते**) વ્રતની અનુકૂલ (**दधामि**) ધારણ કરૂં છું (**मम**) મ્હારા (**चित्तमनु**) ચિત્તને અનુકૂલ (**ते**) ત્હારૂં (**चित्तम्**) ચિત્ત સર્વદા (**अस्तु**) થાઓ (**मम**) મ્હારી (**वाचम्**) વાણીને તું (**एकमना**) એકાગ્રચિત્તથી (**जुषस्व**) સેવન કર (**प्रजापति**) પ્રજાનું પાલન કરનાર પરમેશ્વર (**त्वा**) ત્હને (**मह्यम्**) મ્હારા માટે (**नियुनक्तु**) નિયુક્ત કરે.

ओं लेखा सन्धिषु पक्ष्म स्वारोकेषु च यानि ते। तानि ते पूर्णाहुत्या सर्वाणि शमयाम्यहं स्वाहा—इदं कन्यायै, इदन्न मम ॥ ओं केशेषु यच्च पापक पापक मि-क्षिते रुदिते च यत् तानि०॥ ओं शीलेषु यच्च पापकंभाषिते हसिते च यत् तानि०॥ ओं आरोकेषु दन्तेषु हस्तयोः पादयोश्च यत् । तानि० ॥ ओं ऊर्वोपस्थे जङ्घयो सन्धानेषु च यानिते तानि० ॥ ओं यानि कानि च घोराणि सर्वाङ्गेषु नवा भवन्। पूर्णाहुतिभिराज्यस्य सर्वाणि तान्यशीशमं स्वाहा इदं कन्यायै, इदन्न मम ॥

આ થયા પછી પ્રથમ લખેલા (**ओं भूरग्नयेस्वाहा,** ઇત્યાદિ) ચાર વ્યાહૃતિ મંત્રો વડે ચાર આજ્યાહુતિ આપી વર અને વધુ ત્યાંથી ઉઠી સભા મંડપની બાહર ઉત્તર દિશામાં (જ્યાંથી ધ્રુવનો તારો દેખાય ત્યાં) જઇ " **ध्रुवं पश्य** " વરે વધુને કહી ધ્રુવનો તારો દેખાડવો.* વધુએ " **पश्यामि** " (ધ્રુવને હું જોઉંછું) એવો ઉત્તર આપવો તત્પશ્ચાત્ વધુ **ओं ध्रुवमसि ध्रुवाहं पतिकुले भुयासम्(अमूष्य×असौ)** આ મંત્રને બોલે ત્યાર પછી વરે વધુને "અ-રૂંધતી" નો તારો દેખાડવો " **अरुन्धतीं पश्य** " એમ બોલવું વધુએ તરતજ કહેવું કે **पश्यमि** (હું અરૂંધતીના તારાને જોઉંછું) તે પછી **ओं अरुंधत्यासि रुद्धाहमस्मि (अमुष्य÷ असौ)** આ વાક્ય બોલવું. આ થયા કેડે વરે વધુની સામું જોઈ મસ્તકપર હાથ મુકી નિમ્ન લિખિત બે મંત્રો બોલવા. બીજો મંત્ર બોલવામાં વધુએ પણ ભાગ લેવો જોઇએ.

ओं ध्रुवा द्यौर्ध्रुवा पृथिवी ध्रुवं विश्वमिदं जगत् । ध्रुवासःपर्वता इमे ध्रुवा स्त्री पति कुले इयम् ÷॥ ओं ध्रुवमसि ध्रुवन्त्वा पश्यामि ध्रुवैधि पोष्ये मयि मह्यं त्वादात् । बृहस्पतिर्मया पत्या प्रजावती संजीव शरदः शतम् ॥ ९ ॥

---

१ તેમજ હે ! પ્રિય-વીર સ્વામિન્ ; તમારૂં હૃદય અને આત્મા મારા શુભાચરણરૂપ કર્મમાં ધારણ કરૂં છું મારા ચિત્તની અનુકુલ આપનું ચિત્ત સદા રહે. તમે મ્હારી વાણીનું, અર્થાત્ જે કંઇ હું ધર્મ સમજી કહું તેનું એકાગ્ર ચિત્તથી સેવન કરો કેમકે પ્રજાપતિ પરમાત્માએ આ-જથી તમને મ્હારેસ્વાધીન કર્યા છે ને હું તમ્હારે આધીન થઇ છું.

આ પ્રતિજ્ઞાની અનુકુલ બંને પોતાનું વર્તન રાખે જેથી સર્વદા આનંદિત અને કીર્તિમાન થઇ પત્નીવ્રત ને પૂર્ણપણે પાળી સર્વ પ્રકારના વ્યભિચાર અને અપ્રિયાચરણથી દૂર રહી પર-સ્પર પ્રીતિયુક્ત રહે.

* ધ્રુવ દેખાડવાનું તાત્પર્ય એટલુંજ છે કે હે વધુ ! અથવા વર ! જેમ આ ધ્રુવ દૃઢ અને સ્થિર છે તેવી રીતે આપણે બે જણા એક બીજાના પ્રિયાચરણમાં—પતિપત્નીના ધર્મપાલનમાં સ્થિર અને દૃઢ થઇએ.

× '**अमुष्य**" આ પદની જગ્યાએ ષષ્ઠી વિભક્ત્યન્ત પતિનું નામ બોલવું જોઇએ જેમકે કોઇનું નામ શિવશર્મા અથવા ચક્રવર્મા હોય તો તેનું નામ **शिवशर्मणः** અથવા **चक्रवर्मणः** ઇત્યાદિ બોલવું જોઇએ તેમજ " **असौ** " પદની જગ્યાએ વધુએ પોતાનું નામ પ્રથમા વિભક્ત્યન્ત જોડી મંત્રને પૂરો બોલવો. જેમકે **"यशोदाहं शिवशर्म्मणस्ते"** ઇત્યાદિ.

÷ આ જગ્યાએ પણ (**अमुष्य**) પદની જગ્યાએ પતિનું નામ ષષ્ઠયન્ત વિભક્તિ વડે બો-લવું અને "**असौ**" ની જગ્યાએ વધુનું પ્રથમાન્ત નામ જોડી બોલવું જોઇએ જેમ કે ।

આ પછી વર અને વધુ બંને એ યજ્ઞકુંડના દક્ષિણ ભાગમાં પૂર્વાભિમુખ થઇ કુંડની સમીપમાં બેસી પ્રથમ લખેલા (**ओं अमृतोपस्तरणमसि स्वाहा,** ઇત્યાદિ) ત્રણ મંત્રો વડે ક્રમથી ત્રણ આચમનો કરવાં ત્યારબાદ સમિધા યજ્ઞકુંડમાં નાખી અગ્નિને પ્રદીપ્ત કરી પ્રથમ બતાવેલા ઘૃત, અને સ્થાલીપાક એટલે કે ભાતને તેજ વખતે તૈયાર કરવો આ થયા પછી લખેલા (**ओं अयन्त इध्म०** ઇત્યાદિ) ચાર મંત્ર વડે સમિધા હોમ બંને વરવધુએ કરવો પછી ઉપર લખ્યા પ્રમાણે ૪ આધારાવાજ્યાભાગાહુતિ અને ૪ વ્યાહૃતિ આહુતિ એમ બે મળી ૮ આઠ આજ્યાહુતિ વરવધુએ આપવી તત્પશ્ચાત્ ઉપર કહેલો ભાત જે તૈયાર કરવામાં આવ્યો હોય, તેને એક પાત્રમાં કાઢી; તેના ઉપર સ્રુવા વડે ઘી રેડી ઘી અને ભાતને સારી રીતે મેળવી જમણા હાથવડે થોડો થોડો ભાત વર અને વધુએ લેવો અને નિમ્નલિખિત મન્ત્રોવડે ક્રમથી ચાર આહુતિ આપવી.

ओ३म् अग्नये स्वाहा इदमग्नये, इदं न मम । ओ३म् प्रजापतये स्वाहा, इदं प्रजापतये, इदं न मम ॥ ओं विश्वेभ्यो देवेभ्यः स्वाहा । इदं विश्वेभ्यो देवेभ्यः । इदं न मम ॥ ओ३म् अनुमतये स्वाहा । इदमनुमतये, इदं न मम ॥

ત્યારબાદ (**ओं यदस्यकर्म्मणो०**) મંત્ર વડે એક સ્વિષ્ટકૃત આહુતિ આપવી અને પછી ૪ ચાર વ્યાહૃતિ આહુતિ અને ઉપર બતાવેલી અષ્ટાજ્યાહુતિ ૮ એમ બે મળીને ૧૨ બાર આજ્યાહુતિ આપવી તત્પશ્ચાત્ બાકી રહેલો ભાત એક પાત્રમાં કાઢી તેના ઉપર ઘી રેડવું અને પોતાનો જમણો હાથ તે ભાત ઉપર રાખી.

ओ३म् अन्नपाशेन मणिना प्राणसूत्रेण पृश्निना । बध्नामि सत्यग्रन्थिना मनश्च हृदयं च ते* ॥ १ ॥

ओ३म् यदेतद्धृदयं तव तदस्तु × हृदयं मम यदिदꣳ हृदयम् मम तदस्तु

હે, સ્વામિન્ યશોદા (**अहम्**) હું (**अमुष्य**) ચક્રવર્માની કે ભદ્રગુપ્તની અર્ધાંગી (**पतिकुले**) તમ્હારા કુળમાં ધ્રુવ નિશ્ચળ જેવા કે આપ (**ध्रुवम्**) દૃઢ નિશ્ચય કરનાર મ્હારા સ્થિર પતિ (**असि**) છો તેમ હું પણ તમ્હારી દૃઢ અને સ્થિર પત્ની થાઉં.

× હે વરાનને જેમ (**द्यौ**) સૂર્યની કાન્તિ અથવા વિદ્યુત (**ध्रुवा**) સૂર્ય અથવા પૃથિવ્યાદિ લોકોમાં નિશ્ચલ, જેમ (**पृथिवी**) પૃથિવી પોતાના સ્વરૂપમાં (**ध्रुवा**) સ્થિર; જેમ **इदम्** આ **विश्वम्**) સર્વ જગત સંસાર પ્રવાહ સ્વરૂપમાં (**ध्रुवम्**) સ્થિર છે તથા જેમ (**इमे पर्वताः**) આ પર્વતો (**ध्रुवासः**) પોતાની સ્થળમાં સ્થિર છે. તેમ (**इयम्**) આ તું મારી (સ્ત્રી) (પતિકુલે) મારા કુળમાં (**ध्रुवा**) સર્વદા સ્થીર રહે.

*હે વધુ અથવા વર જેમ અન્નની સાથે પ્રાણ અને પ્રાણની સાથે અન્ન તથા અન્ન અને પ્રાણનો અન્તરિક્ષ સાથે સમ્બન્ધ છે તેમ તે તારૂં (**हृदयम्**) હૃદય (**च**) અને (**मनः**) મન (**च**) અને જે ચિત્ત ઇત્યાદિ તેને (**सत्यग्रन्थिना**) સત્યતાની ગાંઠ વડે (**बध्नामि**) બાંધુંછું.

×હે વર વા હે સ્ત્રિ (**यदेतद्**) જે આ (**तव**) તારૂં (**हृदयम्**) આત્મા અથવા અંતઃકરણ છે (**तद्**) તે (**मम**) મારા (**हृदयम्**) આત્મા અથવા અંતઃકરણની તુલ્ય પ્રિય (**अस्तु**) થાઓ અને (**मम**) મારો (**यदिदम्**) જે આ (**हृदयम्**) આત્મા પ્રાણ અને મન છે તે (**तव**) તારા (**हृदयम्**) આત્મા વગેરેની તુલ્ય પ્રિય (**अस्तु**) સદા રહો.

हृदयं तव ॥ ओ३म् अन्न प्राणस्य षड्विꣳशस्तेन बध्नामि त्वा असौ ÷ ॥ ३ ॥

આ ત્રણ મંત્રોને મનમાં જપી વર તે ભાતમાંથી પહેલા થોડું ભક્ષણ કરી જે ઉચ્છિષ્ટ શેષ ભાગ રહેલો હોય તે તણે પોતાની વધુને ખાવા માટે આપવો જ્યારે વધુ ખાઈ ચુકે ત્યારે વર અને વધુ તૈયાર થઇ યજ્ઞ મંડપમાં શુભાસન ઉપર નિયમ પ્રમાણે પૂર્વાભિમુખ બેસે અને પ્રથમ લખ્યા પ્રમાણે સામવેદોક્ત મહાવામદેવ્ય ગાન કરે ત્યાર બાદ આગળ લખ્યા પ્રમાણે ઇશ્વરની સ્તુતિ, પ્રાર્થનોપાસના, સ્વસ્તિવાચન અને શાંતિકરણ કર્મ કરી ક્ષાર-લવણ રહિત, મિષ્ટ દુધ અને ઘીવાળું ભોજન કરવું પછી પુરોહિત આદિ સદ્ધર્મ અને કાર્યને માટે ભેગાં મળેલાં સ્ત્રી પુરૂષોને સન્માનાર્થ ઉત્તમ ભોજન કરાવવું. ત્યારપછી યથાયોગ્ય પુરૂષોનો, પુરૂષોએ અને સ્ત્રીઓનો સ્ત્રીઓએ આદર સત્કાર કરી વિદાય કરવાં. તત્પશ્ચાત્ જ્યારે દશ ઘટિકા રાત્રિ જાય ત્યારે વર અને વધુએ પૃથક પૃથક સ્થાનમાં ભૂમિપર પથારી પાથરી ત્રણ રાત્રિપર્યન્ત બ્રહ્મચર્યવ્રત પાળી શયન કરવું અને એવા પ્રકારનું ભોજન કરવું જોઇએ જેથી સ્વપ્નમાં પણ વીર્યપાત ન થાય. ત્યારબાદ ચોથે દિવસે વિધિપૂર્વક ગર્ભાધાન સંસ્કાર કરવો ચોથે દિવસે કંઈ અડચણ જેવું હોય તો અધિક દિવસ સુધી બ્રહ્મચર્યવ્રતમાં દૃઢ રહી જે દિવસે બંનેની ઇચ્છા થાય તે દિવસે ગર્ભાધાનવિધિમાં લખ્યા પ્રમાણે ગર્ભાધાનની રાત્રિ હોય તે રાત્રિમાં વિધિપૂર્વક ગર્ભાધાન કરવું ત્યારબાદ બીજે દિવસે વર પક્ષવાળા લોકો વધુ અને વરને રથ-ગાડીમાં બેસાડી મોટા સન્માનથી પોતાને ઘેર લાવે અને જો વધુ માતાપિતાના ઘરને છોડતી વખતે આંખમાં આંસુ લાવે તો નિમ્નલિખિત મંત્ર વરે બોલવો.

जीवं रुदन्ति विमयन्ते अध्वरे दीर्घामनु प्रसितिं दीधियुर्नरः । वामं पितृभ्यो य इदं समेरिरे मयः पतिभ्यो जनयः परिष्वजे ॥

ત્યાર પછી વર પોતાની જમણી બાજુએ વધુને ગાડીમાં બેસાડે નિમ્નલિખિત મન્ત્ર બોલી રથને હાંકે.

पूषा त्वेतो नयतु हस्तगृह्याश्विना त्वा प्रवहतां रथेन । गृहान् गच्छ गृहपत्नी यथासो वशिनी त्वं विदथमा वदासि ॥१॥ सुकिꣳशुकꣳ शल्मलिं विश्वरूपꣳ हिरण्यवर्णꣳ सुवृतꣳ सुचक्रम् । आरोह सूर्ये अमृतस्य लोकꣳ स्योनं पत्ये वहतुꣳ कृणुष्व ॥ २ ॥

જો વધુને એને ઘેરથી પોતાને ઘેર લાવતી વખતે એવો માર્ગ હોય કે જેથી નૌકામાં બેસવું પડે તો નિમ્નલિખિત મન્ત્ર બોલી નૌકા ઉપર બેસવું.

अश्मन्वती रीयते सꣳरभध्वमुत्तिष्ठत प्रतरता सखायः ॥

અને જે વખત નૌકામાંથી ઉતરવાનો સમય આવે ત્યારે—

अत्रा जहाम ये असन्नशेवाः शिवान्वयमुत्तरेमाभिवाजान् ।

આ ઉત્તરાર્ધ મંત્રને બોલી નાવથી ઉતરે આ પ્રમાણે માર્ગ પ્રયાણમાં બે રસ્તાઓ જ્યાં ભેગા થાય, નદી, વાઘ, ચોર, આદિથી ભય અથવા ભયંકર સ્થાન આવે તથા ઉંચી અને

÷(**असौ**) વરે વધુનું નામ બોલવું હે યશોદે! જે (**प्राणस्य**) પ્રાણનું પોષણ કરનાર (**षड्विंशः**) છવ્વીસમું તત્ત્વ (**अन्नम**) અન્ન છે (**तेन**) તે વડે (**त्वा**) તને (**बध्नामि**) દૃઢ પ્રીતિવડે બાંધું છું.

નીચી તથા ખાડાવાળી જમીન મોટા મોટા વૃક્ષોનો ઝુંડ અથવા સ્મશાન ભૂમિ આવે તો નિમ્નલિખિત મંત્ર બોલવો.

मा विंदन् परिपन्थिनो य आसीदन्ति दम्पती। सुगेभिर्दुर्गमतीतामपद्रान्त्वरातयः×॥

તત્પશ્ચાત્ વર અને વધુ જે ગાડીએ બેઠા હોય તે ગાડીનું કોઈ અંગ પૈડું ઇત્યાદિ ભાંગી જાય અથવા બીજા કોઇ પ્રકારનું અકસ્માત્—ઉપદ્રવ થાય તો માર્ગમાં કોઇ સારૂં સ્થાન જોઈ નિવાસ કરવો. સાથે રાખેલો જે વિવાહાગ્નિ તે પ્રકટ કરી તેમાં આગળ લખ્યા પ્રમાણે ૪ વ્યાહૃતિ આજ્યાહુતિ આપવી પછી વામદેવ્ય ગાન કરવું.

જ્યારે વર વધુની ગાડી વરના ઘરની પાસે આવી પહોંચે ત્યારે કુલીન પુત્રવતી સૌભાગ્યવતી કોઈ બ્રાહ્મણી અથવા પોતાના કુલની કોઈ તેવી સ્ત્રી સામે આવીને વધુનો હાથ પકડી વરની સાથે ગાડીથી નીચે ઉતારે અને વરની સાથે સભા મંડપમાં લઇ જાય સભામંડપના દ્વારસમીપ આવતાંજ અત્રે કાર્ય માટે આવેલા લોકોની તરફ જુવે અને નીચેનો મંત્ર બોલે.

*** सुमङ्गलीरियं वधूरिमाम् समेत पश्यत । सौभाग्यमस्यै दत्त्वा । याथास्तं विपरेतन ॥ १ ॥**

ત્યાં ઉપસ્થિત થયેલા લોકોએ નીચે લખેલા વાક્ય વડે આશીર્વાદ આપવો **ओं सौभाग्यमस्तु, ओं शुभंभवतु** ॥ પછી વર નીચેનો મંત્ર બોલી વધુને સભા મંડપમાં લઇ જાય.

इह प्रियं प्रजया ते समृध्यतामस्मिन् गृहे गार्हपत्याय जागृहि । येना पत्यां तन्वं १ संसृजस्वाधाजिव्रीविंदथमावंदाथः ॥

ત્યાર પછી વર અને વધુ પહેલાથી સ્થાપી રાખેલા યજ્ઞકુંડની સમીપમાં જઈ નિમ્નલિખિત મંત્ર બોલી યજ્ઞકુંડના પશ્ચિમભાગમાં બાજોઠ અથવા તૃણાસનપર વધુને પોતાની જમણી તરફ વર પૂર્વાભિમુખ બેસાડે.

ओ३म् इह गावः प्रजायध्वमिहाश्वा इहो पूरुषाः । इहो सहस्र दक्षिणोऽपि पूषा निषीदतु ॥

ત્યાર પછી પ્રથમ લખેલા (**ओ३म् अमृतोपस्तरणमसि**) ઇત્યાદિ ત્રણ મંત્રો વડે અનુક્રમે ત્રણ આચમન કરે ત્યારબાદ પેહેલાં લખ્યા પ્રમાણે કુંડમાં યથાવિધિ સમિધાઓને ગોઠવી અગ્ન્યાધાન કરવું જ્યારે તે કુંડમાં અગ્નિ પ્રદીપ્ત થઇ જાય ત્યારે તેપર ઘી ગરમ કરી શુદ્ધ કરી લેવું અને પ્રથમ લખ્યા પ્રમાણે સમિધાદાન કરી પ્રદીપ્ત થયેલા અગ્નિમાં ૪ આઘારાવાજ્યભાગાહુતિઓ અને ૪ વ્યાહૃતિ આહુતિ અને ૮ અષ્ટાજ્યાહુતિ મળી ૧૬ આજ્યાહુતિ વર અને વધુએ કરી પ્રધાન હોમનો નિમ્નલિખિત મંત્ર વડે આરંભ કરવો.

×હે પરમેશ્વર (**ये**) જે (**परिपन्थिनः**) માર્ગ રોકનાર દુષ્ટ—ચોર અથવા શત્રુ (**दम्पति**) સ્ત્રી પુરૂષોપર (**आसीदन्ति**) આક્રમણ કરે છે તેને તે સ્ત્રી પુરૂષો (**मा विदन्**) ન ગણે અર્થાત્ તે દુષ્ટથી સ્ત્રી પુરૂષો દૂર રહે અને (**सुगेभिः**)ઉત્તમ કૃત્યો અને જ્ઞાન વડે (**दुर्गम्**) સંકટોથી (**अतीताम्**) પાર પડે તથા (**अरातयः**) જે દુસ્મનો છે તે (**अपद्रान्तु**) નાશને પ્રાપ્ત થાય.

*હે વિદ્વજ્જનો ! (**इयं वधूः**) આ સ્ત્રી (**सुमङ्गलीः**) ઉત્તમ કલ્યાણ કારક ગુણોથી યુક્ત થાય તેમ (**इमाम्**) આને (**समेत**) કરો અને (**पश्यत**) જુઓ એટલે કે જે રીતે એને ઉત્તમ સુખનીપ્રાપ્તિ થાય તેવી આની ઉન્નતિ કરો. (**अस्यै**) આને માટે (**सौभाग्यम्**) ઉત્તમ સૌભાગ્ય (**दत्वा**) આપી (**अथ**) પછી (**आरतम्**) તમે પોતાને ઘેર (**विपरेतन**)પાછા જાવ.

ओ३म् इह धृतिः स्वाहा। इदमिह धृत्यै इदं न मम। ओ३म् इह स्वधृतिस्स्वाहा। इदमिह स्वधृत्यै इदं न मम। ओ३म् रन्तिः स्वाहा। इदमिह रन्त्यै इदं न मम। ओं रमस्व स्वाहा। इदमिह रमाय इदं न मम। ओं मयि धृतिः स्वाहा। इदं मयि धृत्यै, इदं न मम। ओं मयि स्वधृतिः स्वाहा। इदं मयि स्वधृत्यै इदं न मम। ओं मयि रमः स्वाहा। इदं मयि रमाय। इदं न मम। ओं मयि रमस्व स्वाहा। इदं मयि रमाय। इदं न मम॥

ઉપરના પ્રત્યેક મંત્ર વેડે ૮ આહુતિ આપવી ત્યારબાદ નિમ્ન લિખિત ૪ મંત્રોવડે અનુક્રમ ૪ ચાર આજ્યાહુતિ આપવી.

ओं आ नः प्रजां जनयतु प्रजापतिराजरसाय समनक्त्वर्यमा। अदुर्मङ्गलीः पतिलोकमाविश शन्नो भव द्विपदे शं चतुष्पदे स्वाहा। इदं सूर्यायै सावित्र्यै, इदं न मम॥ १॥ ओं अघोरचक्षुरपतिघ्न्योशिवा पशुभ्यः सुमनाः सुवर्चाः। वीरसूर्देवकामा स्योना शन्नो भव द्विपदे शं चतुष्पदे स्वाहा। इदं सूर्यायै सावित्र्यै इदन्न मम॥ २॥ ओं इमां त्वमिन्द्रमीढ्वः सुपुत्रां सुभगां कृणु। दशास्यां पुत्राना-धेहि पतिमेकादशंकृधि स्वाहा। इदं सूर्यायै सावित्र्यै इदं न मम॥ ३॥ ओं सम्राज्ञी श्वशुरे भव सम्राज्ञी श्वश्र्वां भव। ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधिदेवृषु स्वाहा। इदं सूर्यायै, इदं न मम॥ ४॥

---

(૧) હે વધુ! **(अर्यमा)** ન્યાયકારી દયાલુ **(प्रजापतिः)** પરમાત્મા કૃપા કરીને **(आजरसाय)** વૃદ્ધાવસ્થા પર્યન્ત જીવવાને માટે **(नः)** અમારી **(प्रजाम्)** ઉત્તમ પ્રજાને શુભગુણ કર્મ અને સ્વભાવથી **(आजनयतु)** પ્રસિદ્ધ કરે **(समनक्तु)** તેથી કરી ઉત્તમ સુખને પ્રાપ્ત કરે અને શુભગુણયુક્ત **(मङ्गलीः)** માંગલ્ય યુક્ત સ્ત્રિયો કુટુંબના સર્વ જનોને આનંદ **(अदुः)** આપે તેમાંની એક જે તું વરાનને **(पतिलोकम्)** પતિના ઘરને અને સુખને **(आविश)** પ્રાપ્ત થા **(नः)** અમારી **(द्विपदे)** પિતા આદિ મનુષ્યોને માટે **(शम्)** સુખ આપવાવાળી અને **(चतुष्पदे)** ગાય આદિ પશુઓને માટે **(शम्)** સુખ કરનારી **(भव)** થા.

(૨) આ મંત્રનો અર્થ પૃષ્ઠ ૧૨૭ માં કરી ગયા છીએ.

(૩) ઇશ્વર પુરૂષ અને સ્ત્રિયોને આજ્ઞા પામે છે કે હે **(मीढ्वः)** વીર્ય સેચન કરનાર **(इन्द्र)** પરમૈશ્વર્ય યુક્ત! તું આ વધુના સ્વામિન્ **(त्वम्)** તું **(इमाम्)** આ વધુને **(सुपुत्राम्)** ઉત્તમ પુત્રવાળી **(सुभगाम्)** સુંદર સૌભાગ્ય ભોગવવાવાળી **(कृणु)** કર **(अस्याम्)** આ વધુમાં **(दश)** **(पुत्रान्)** પુત્રોને **(आ, धेहि)** ઉત્પન્ન કર અધિક નહીં અને હે સ્ત્રિ! તું પણ અધિક કામના નહીં કર દશ પુત્ર અને **(एकादशम्)** અગ્યારમાં **(पतिम्)** પતિને પ્રાપ્ત થઇ સંતોષ **(कृधि)** કર જો આથી આગળ વધી સંતાનોત્પત્તિનો અધિક લોભ કરશો તો તમારા સંતાન દુષ્ટ, અલ્પાયુ, અને નિર્બુદ્ધિ થશે અને તમે પણ અલ્પાયુ અને રોગગ્રસ્ત થઇ જશો.

(૪) હે વરાનને! તું **(श्वशुरे)** મારો પિતા કે જે તારો સસરો થાય છે તેમાં પ્રીતિ કરી **(सम्राज्ञी)** પ્રકાશમાન ચક્રવર્તી રાજાની રાણીસમાન, પક્ષપાત છોડી પ્રવૃત્ત **(भव)** થા **(श्वश्राम्)** મારીમાતા કે જે તારી સાસુ થાય છે તેમાં પ્રેમયુક્ત થઇ તેની આજ્ઞામાં **(सम्राज्ञी)** સારી રીતે પ્રકાશમાન **(भव)** થા **(ननान्दरी)** મ્હારી બ્હેન જે તારી નણન્દ છે તેમાં

પછી આગળ લખ્યા પ્રમાણે ૧ હોમાહુતિ ૪ વ્યાહૃતિ આજ્યાહુતિ અને એક પ્રાજાપત્યાહુતિ મળી ૬ ઇ આજ્યાહુતિ આપવી અને નિમ્ન લિખિત મંત્ર વડે વર અને વધુએ બન્ને એ દહિ ખાવું.

समञ्जन्तुविश्वे, देवाः समापो हृदयानिनौ। सं मातरिश्वा सं धाता समुदेष्ट्रीदधातुनौ*॥

ત્યારબાદ **अहं भो अभिवादयामि०** આ વાક્યવડે વર વધુ બંને એ વરના માતા પિતા ઇત્યાદિઓને પ્રીતપૂર્વક નમસ્કાર કરવો પશ્ચાત્ ભૂષણ વસ્ત્રાદિ પહેરી શુભાસન પર બેસી આગળ લખેલું વામદેવ્યગાન કરવું અને તેજ સમયે પૃષ્ઠ ૪-૮ લખ્યા પ્રમાણે ઇશ્વરોપાસના કરવી આ વખતે યહાં આવેલા સર્વ સ્ત્રિ પુરૂષો ધ્યાનાવસ્થિત થઇ પરમેશ્વરનું ચિન્તન કરે અને વર, વધુ, પિતા, આચાર્ય અને પુરોહિત ઇત્યાદિકને કહે કે **ओ३म् स्वस्ति भवन्तो ब्रुवन्तु**। (તમે લોકો સ્વસ્તિવાચન કરો) ત્યારબાદ પિતા આચાર્ય અને પુરોહિતે વિદ્વાન્ હોય તો પૃષ્ઠ ૮-૧૧ માં લખ્યા પ્રમાણે સ્વસ્તિવાચનનો પાઠ પ્રેમપૂર્વક કરવો પિતા આચાર્ય અને પુરોહિતના અભાવમાં વર વધુ પોતે વિદ્વાન્ અને વેદવિત્ હોય તો તેઓ સ્વસ્તિવાચન કરે ત્યાર પછી કાર્યાર્થે ભેગા થયેલા સર્વ સ્ત્રી પુરૂષો **ओ३म् स्वस्ति ओ३म् स्वस्ति ओ३म् स्वस्ति** આ વાક્ય વડે વર વધુને અશીર્વાદ આપે ત્યાર પછી કાર્ય કર્તા, પિતા, કાકા ભાઇ આદિ પુરૂષોનો તથા માતા, કાકી, બ્હેન આદિ સ્ત્રીઓનો સારી રીતે સત્કાર કરી વિદાય કરવાં તત્પશ્ચાત્ જો કોઇ કારણ વિશેષથી સસરાના ઘરમાં ગર્ભાધાન સંસ્કાર ન થઇ શકે તો વર અને વધુ બંને જણાએ અતિ ખારાં અને ખાટાં ભોજનનો ત્યાગ કરી વિષયવાસનાથી રહિત થઇ વિવાહથી ચોથે દિવસે ગર્ભાધાન સંસ્કાર કરવો જો તે દિવસે ઋતુ કાલ ન હોય તો કોઇ બીજે દિસે ગર્ભસ્થાપન કરવો જો વર બીજા દેશમાં વિવાહને માટે ગયો હોય તો જે સ્થાનમાં વિવાહ કરવા માટે ઉતારો કર્યો હોય તે સ્થાનમાં ગર્ભાધાન કરવું પછી પોતાને ઘેર આવી પતિ, સાસુ, સસરા, નણંદ, દીયર, દેરાણી, જેઠ, જેઠાણી આદિ કુટુંબનાં મનુષ્યોનો વર અને વધુ સત્કાર કરે સદા પરસ્પર પ્રીતિપૂર્વક વર્તન રાખે તથા વર પોતે વધુને મધુર વાણી, વસ્ત્ર, આભૂષણ આદિ વડે હમેશાં પ્રસન્ન અને સંતુષ્ટ રાખે તેમ વધુએ પણ મધુરવાણી ઇત્યાદિથી સર્વને પ્રસન્ન રાખી વરવધુ સાથે પત્નીવ્રતઆદિ સદ્ધર્મથી વર્તે તથા પત્ની પણ પતિની સાથે પતિવ્રતા આદિ સદ્ધર્મયુક્ત ચાલ ચલાવી હમેશાં પતિની આજ્ઞા પાળવામાં તત્પર અને ઉત્સુક રહે તથા વર પણ સ્ત્રીની સાથે તેવીજ રીતે વર્તે.

॥ इति विवाहसंस्कारविधिः समाप्तः ॥

(**सम्राज्ञी**) પ્રીતિવાળી અને (**देवृषु**) મારા ભાઇ જે તારા દીયર તથા જેઠ છે તેમાં પણ પ્રીતિવડે પ્રકાશમાન (**अधिभव**) થા અર્થાત્ સર્વથી અવિરોધ પૂર્વક, પ્રીતિવાળી થા.

* આથી ઉત્તમ "**नमस्ते**" આ વેદોક્ત વાક્ય અભિવાદનને માટે નિત્યપ્રતિ સ્ત્રી પુરૂષ પિતા, પુત્ર ગુરૂશિષ્ય ઇત્યાદિને માટે છે સાંજ સવારે જ્યારે અપૂર્વ સમાગમ થાય ત્યારે આ **नमस्ते** વાક્યથી પરસ્પર અભિવાદન કરે.

॥ अथ गृहाश्रमसंस्कारविधिं वक्ष्यामः ॥

ઐહિક અને પારલૌકિક સુખની પ્રાપ્તિને માટે વિવાહ કરી, પોતાના સામર્થ્યાનુસાર પરોપકાર કરવો, અને નિયત સમયમાં યથાવિધિ ઇશ્વરોપાસના એને ગૃહકૃત્ય સારી રીતે કરી સત્યધર્મમાંજ પોતાનું તન, મન, ધન અર્પણ કરવું અને ધર્માનુસાર સન્તાનોની ઉત્પત્તિ કરવી; આને ગૃહસ્થાશ્રમ સંસ્કાર કહે છે. આ વિષયમાં પ્રમાણ.

सोमो॑ वधूयुर॑भवद॒श्विना॑स्तामु॒भा व॒रा । सू॒र्यां यत्पत्ये॒ शंस॑न्तीं॒ मन॑सा सवि॒ता दद॑ात् ॥१॥ इ॒हैव स्तं॒ मा वि यौ॑ष्टं॒ विश्व॒मायु॒र्व्य॑श्नुतम् । क्रीड॑न्तौ पु॒त्रैर्नप्तृ॑भि॒र्मोद॑मानौ॒ स्व॑स्त॒कौ ॥ २ ॥

અર્થ—(**सोमः**) સુકુમાર શુભગુણયુક્ત (**वधूयुः**) વધુની કામના કરવાવાળો પતિ, તથા પતિની કામનાવાળી વધુ, (**अश्विना**) બન્ને બ્રહ્મચર્યથી વિદ્યાને પ્રાપ્ત (**अभवत्**) થાય અને (**उभा**) બંને (**वरा**) સમાન ઉત્તમ ગુણકર્મ સ્વભાવવાળાં (**आस्ताम्**) થાય, એવી (**यत्**) જે (**सूर्य्याम्**) સૂર્યના કિરણ જેવી સુંદરતા ગુણથી યુક્ત, (**पत्ये**) પતિને માટે (**मनसा**) મનથી (**शंसन्तीम्**) ગુણ કીર્તન કરનારી વધુ છે, તેને પુરૂષ, અને તેવા પ્રકારના પુરૂષ ને સ્ત્રી (**सविता**) સકલ જગતનો ઉત્પાદક પરમાત્મા (**ददात्**) આપે છે; અર્થાત્ મોટાં ભાગ્યવડેજ જેનાં ગુણ, કર્મ, સ્વભાવ સમાન હોય તેવા સ્ત્રી પુરૂષોનું જોડું મળે છે ૧.

હે સ્ત્રી અને પુરૂષ ! હું, પરમેશ્વર આજ્ઞા કરૂં છું કે વિવાહમાં તમે જે પ્રતિજ્ઞાઓ કરી ચુક્યાં છો અને જેનો તમે બંને એ સ્વીકાર કર્યો છે, (**इहैव**) તેમાં (**स्तम्**) તત્પર રહો. (**मा, वियौष्टम्**) આ પ્રતિજ્ઞાનો ભંગ કદી ન કરો. (**विश्वमायुर्व्यश्नुतम्**) ઋતુગામી થઇ વીર્યનો અધિક નાશ ન કરી સંપૂર્ણ, આયુષ્ય કે જે ૧૦૦ સો વર્ષથી ઓછું હોતું નથી તેને પ્રાપ્ત કરો, અને પૂર્વોક્ત ધર્મ રીતિથી (**पुत्रैः**) પુત્ર અને (**नप्तृभिः**) પૌત્ર સહિત (**क्रीडन्तौ**) ક્રીડા કરતાં **स्वस्तकौ**) ઉત્તમ ગૃહવાળાં અને (**मोदमानौ**) આનન્દિત થઇ, ગૃહાશ્રમમાં પ્રીતિપૂર્વક વાસ કરો. ૨

सु॒म॒ङ्ग॒ली प्र॒तर॑णी गृ॒हाणां॑ सु॒शेवा॒ पत्ये॒ श्वशु॑राय श॒म्भूः । स्यो॒ना श्व॒श्र्वै प्र गृ॒हान् वि॑शे॒मान् ॥३॥ स्यो॒ना भ॑व॒ श्वशु॑रेभ्यः स्यो॒ना पत्ये॑ गृ॒हेभ्यः॑ । स्यो॒नास्यै सर्व॑स्यै वि॒शे स्यो॒ना पु॒ष्टायै॑षां भव ॥४॥ या दु॒र्हार्दो॑ युव॒तयो॒ याश्चे॒ह ज॑र॒तीर॑पि । वर्चो॒ न्व॑स्यै सं द॒त्ताथास्तं॑ वि॒परे॑तन ॥ ५ ॥ आ रो॑ह॒ तल्पं॑ सुमन॒स्यमा॑ने॒ह प्र॒जां ज॑नय॒ पत्ये॑ अ॒स्मै । इ॒न्द्रा॒णीव॑ सु॒बुधा॒ बुध्य॑माना॒ ज्योति॑रग्रा उ॒षसः॒ प्रति॑ जा॒ग॑रासि ॥ ६ ॥

અર્થ—હે વરાને ! તું (**सुमङ्गली**) શુભમંગલાચરણ કરવાવાળી તથા (**प्रतरणी**) દોષ અને શોકાદિથી પૃથક રહેવાવાળી થઇ (**गृहाणाम्**) ગૃહકાર્યમાં ચતુર અને તત્પર રહે; તથા (**सुशेवा**) ઉત્તમ સુખવાળી થઇ (**पत्ये**) પતિ (**श्वशुराय**) સસરા અને (**श्वश्र्वै**) સાસુને (**शंभूः**) સુખકર્તી થા તથા (**स्योना**) સ્વયં પ્રસન્ન થઇ (**इमान्**) આ (**गृहान्**) ઘરોમાં સુખ પૂર્વક (**प्रविश**) પ્રવેશ કર. ૩

હે વધુ ! તું (**श्वशुरेभ्यः**) સસરા સાસુ વગેરેને (**स्योना**) સુખ દેનારી થા, (**पत्ये**) પતિને (**स्योना**) સુખ દેનારી અને (**गृहेभ्यः**) ગૃહસ્થના સંબંધીઓને (**स्योना**) સુખદાયી

(भव) થા તથા (अस्यै) આ (सर्वस्यै) સર્વ (विशे) પ્રજાને (स्योना) સુખપ્રદ થઈ (एषां) એના (पुष्टाय) પોષણ માટે તત્પર (भव) રહે ४.

(याः) જે (दुर्हार्दः) દુષ્ટ હૃદયવાળી દુષ્ટાત્મિકા (युवतयः) જુવાન સ્ત્રીઓ (च) અને (याः) જે (इह) આસ્થાનમાં (जरतीः) વૃદ્ધ દુષ્ટ સ્ત્રીઓ હોય તે (अपि) પણ (अस्यै) આ વધુને (नु) જલદી (वर्चः) તેજ (सं, दत्त) આપે; ત્યાર પછી (अस्तम्) પોતપોતાને ઘેર (विपरेतन) ચાલી જાય અને ફરી કદીપણ આની પાસે ન આવે ५

હે વરાનને ! તું (सुमनस्यमाना) પ્રસન્ન ચિત્તવાળી થઈ (तल्पम्) પલંગપર (आरोह) ચડી શયન કર અને (इह) આ ગ્રહાશ્રમમાં સ્થિર રહી (अस्मै) આ (पत्ये) પતિને માટે (प्रजां, जनय) પ્રજા ઉત્પન્ન કર, (सुबुधा) સુજ્ઞાનવાળી (बुध्यमाना) ઉત્તમ શિક્ષાને પ્રાપ્ત કરી (इंद्राणीव) સૂર્યની કાન્તિની સમાન, (उषसः) અને પ્રભાતકાલની પહેલી (ज्योतिः) જ્યોતિની સમાન (प्रति, जागरासि) પ્રત્યક્ષ સર્વ કાર્યમાં જાગતી રહે ६.

देवा अग्रे न्यपद्यन्त पत्नीः समस्पृशन्त तन्वस्तनूभिः । सूर्येव नारि विश्वरूपा महित्वा प्रजावती पत्या संभवेह ॥ ७ ॥ संपितरावृत्विये सृजेथां माता पिता च रेतसो भवाथः । मर्य इव योषामधिरोहयैनां प्रजां कृण्वाथामिह पुष्यतं रयिम् ॥ ८ ॥ तां पूषञ्छिवतमामेरयस्व यस्यां बीजं मनुष्या वपन्ति । या न ऊरू उशती विश्रयाति यस्यामुशन्तः प्रहरेम शेपः ॥ ९ ॥

હે સૌભાગ્યપ્રદે ! (नारि) નારી તુ જેમ (इह) આ ગૃહસ્થાશ્રમમાં (अग्रे) પ્રથમ (देवाः) વિદ્વાન્ લોકો (पत्नीः) ઉત્તમ સ્ત્રીઓને (न्यपद्यन्त) પ્રાપ્ત થાય છે અને (तनूभिः) શરીરોથી (तन्वः) શરીરોનો (समस्पृशन्त) સ્પર્શ કર છે, તેમ (विश्वरूपा) વિવિધ સુંદરરૂપ ધારણ કરનારી (महित्वा) સત્કારને પ્રાપ્ત થઈ, (सूर्येव) સૂર્યની કાન્તિની સમાન (पत्या) પોતાના સ્વામીની સાથે મળી (प्रजावती) પ્રજાને પ્રાપ્ત કરનારી (संभव) થા ७.

હે સ્ત્રીપુરૂષો ! તમે (पितरौ) બાલકોનાં જનક, (ऋत्विये) ઋતુસમયમાં સંતાનોને (संसृजेथाम्) ઉત્તમ રીતે ઉત્પન્ન કરો (माता) જનની (च) અને (पिता) જનક બંને (रेतसः) વીર્યને મેળવી ગર્ભાધાન કરનારાં (भवाथः) થાઓ. હે પુરૂષ ! (एनाम्) આ (योषाम्) ત્હારી સ્ત્રીની (मर्य, इव) પ્રાપ્ત થનારા પતિની સમાન (ત્હારા જેવાં) (अधि रोहय) સંતાનોથી વૃદ્ધિ કર અને તમે બંને (इह) આ ગૃહસ્થાશ્રમમાં, પરસ્પર મળી (प्रजाम्) પ્રજા (कृण्वाथाम्) ઉત્પન્ન કરો, (पुष्यम्) ને તેનું પાલણ પોષણ કરો અને પુરૂષાર્થ કરી (रयिम्) ધન મેળવો ॥ ८ ॥

હે (पुषन्) વૃદ્ધિકારક પુરૂષ ! (यस्याम्) જેમાં (मनुष्याः) મનુષ્યો (बीजम्) વીર્ય (वपन्ति) વાવે છે, (નાખે છે) (या) જે, ((नः) અમારી (उशती) કામના કરનારી, (ऊरु) ઉરૂસ્થલનો, સુંદરતાથી (विश्रयाति) આશ્રય લે છે, (यस्याम्) જેમાં (उशन्तः) સંતાનોની કામના કરનારા, અમે, (शेपः) ઉપસ્થેન્દ્રિયનું (प्रहरेम) પ્રહરણ કરીએ છીએ (નાખીએ છીએ) (ताम्) તે (शिवतमाम्) અતિશય કલ્યાણકારી સ્ત્રીને, સંતાનોત્પત્તિ કરવા (एरयस्व) પ્રેમથી પ્રેરણા કર. ॥ ९ ॥

स्योनाद्योनेरधिबुध्यमानौ हसामुदौ महसा मोदमानौ । सुगू सुपुत्रौ सुगृहौ तराथो जीवावुषसो विभातीः ॥ १० ॥ इहेमाविन्द्र संनुद चक्रवाकेव दम्पती ।

प्रजयैनौ स्वस्तकौ विश्वमायुर्व्यश्नुताम् ॥ ११ ॥ जनियन्ति नावग्रवः पुत्रीयन्ति सुदानवः । अरिष्टासू सचेवहि बृहते वाजसातये ॥ १२ ॥

અર્થ—હે સ્ત્રી અને પુરૂષ ! જેમ સૂર્ય (**विभातिः**) સુંદર પ્રકાશયુક્ત (**उषसः**) ઉષાને પ્રાપ્ત થાય છે, તેમ (**स्योनात्**) સુખથી (**योनेः**) ઘર મધ્યે (**अधि, बुध्यमानौ**) સંતાનોત્પત્તિ વગેરે ક્રિયા સારી પેઠે જાણવાવાળાં, સદા (**हसामुदौ**) હાસ્ય અને આનંદયુક્ત, (**महसा**) ઘણા પ્રેમથી (**मोदमानौ**) અત્યંત પ્રસન્ન, (**सुगू**) ઉત્તમ વર્તનથી ધર્મયુક્ત વ્યવહારમાં સારી રીતે ચાલનારાં, (**सुपुत्रौ**) ઉત્તમ પુત્રોવાળાં, અને (**सुगृहौ**) ઉત્તમ ઘર વગેરે સાધનોથી યુક્ત થઈ (**जीवौ**) ઉત્તમ પ્રકારનું જીવન ધારણ કરી (**तराथ**) ગૃહસ્થાશ્રમના વ્યવહારને પૂર્ણ કરો ॥૧૦।

હે (**इन्द्र**) પરમૈશ્વર્યયુક્ત વિદ્વન્ રાજન્ ! તમે (**इह**) આ સંસારમાં (**इमौ**) આ સ્ત્રી અને પુરુષને યોગ્ય સમયપર વિવાહ કરવાની આજ્ઞા આપો અને એવી વ્યવસ્થા કરવા કહો કે કોઇ પણ સ્ત્રી અથવા પુરૂષ (**विवाहविधि**માં લખેલા પ્રમાણોથી) વિરૂદ્ધ અથવા બીજી કોઈ અયોગ્ય રીતે વિવાહ ન કરી શકે. (**संनुद**) સર્વને એવી પ્રેરણા કરો કે જેથી પૂર્ણબ્રહ્મચર્યસહિત વિદ્યાધ્યયન કરી (**दम्पती**) પતિપત્ની (**चक्रवाकेव**) ચક્રવાકની સમાન એક બીજાથી પ્રેમબદ્ધ થઇ રહે અને (ગર્ભાધાન સંસ્કારમાં જે વિધિ કહેવામાં આવ્યો છે. તે વિધિ પ્રમાણે) (**प्रजया**) પ્રજાથી (**एनौ**) એ બંને (**स्वस्तकौ**) સુખયુક્ત થઈ (**विश्वम्**) સંપૂર્ણ સો વર્ષ પર્યન્તના (**आयु**) આયુષ્યને (**व्यश्नुताम्**) પ્રાપ્ત કરે ૧૧. હે મનુષ્યો ! જેમ (**सुदानवः**) વિદ્યાદિ ઉત્તમ ગુણો ના દાન કરવાવાળા (**अग्रवः**) ઉત્તમ સ્ત્રી પુરૂષો (**जनियन्ति**) (ઉત્તમ) પુત્રોની ઉત્પત્તિ કરે છે તથા (અધિકની) કામના કરે છે, તેમ અમારા પુત્રો ઉત્તમ થાય, (**अरिष्टासू**) બળ અને પ્રાણનો નાશ ન કરનારાં થઇ (**बृहते**) મહાન્ (**वाजसातये**) પરોપકારાર્થ વિજ્ઞાન અને અન્નનુ દાન દેવામાં (**सचेवहि**) સર્વદા કટિબદ્ધ રહીએ જેથી અમારા સંતાનો પણ તેવાં ઉત્તમ થાય ૧૨.

प्रबुध्यस्व सुबुधा बुध्यमाना दीर्घायुत्वाय शतशारदाय । गृहान् गच्छ गृहपत्नी यथासो दीर्घं त आयुः सविता कृणोतु ॥ १३ ॥ सहृदयं सांमनस्यमविद्वेषं कृणोमि वः । अन्यो अन्यमभिहर्यत वत्सं जातमिवाघ्न्या ॥ १४ ॥

હે પત્ની તું (**शतशारदाय**) સો વર્ષ પર્યન્ત (**दुर्घायुत्वाय**) દીર્ઘકાલ જીવવાને માટે (**सुबुधा**) ઉત્તમ બુદ્ધિવાળી (**बुध्यमाना**) જ્ઞાનવાળી થઇ (**गृहान्**) મારા ઘરોને (**गच्छ**) પ્રાપ્ત થા, અને (**गृहपत्नी**) હું, જે ગૃહનો સ્વામિ છું તેની સ્ત્રી તું (**यथा**) જેમ (**ते**) તારૂ (**दीर्घम्**) દીર્ઘકાળ પર્યન્ત (**आयुः**) જીવન (**आसह**) થાય, તેનુ (**प्रबुध्यस्व**) જ્ઞાન સારી રીતે પ્રાપ્ત કર. અને જે કોઇ ઉત્તમ વ્યવહાર હોય તેને પણ જાણ, આપણી આશાને (**सविता**) સર્વ જગત્‌ની ઉત્પત્તિ કરનાર અને સંપૂર્ણ ઐશ્વર્યને આપનાર પરમાત્મા (**कृणोतु**) કૃપાવડે પાર પાડે જેથી તું અને હું સર્વદા ઉન્નતીશીલ થઇ આનંદમાં રહીએ. હે ગૃહસ્થો ! હું ઇશ્વર તમને જેવી આજ્ઞા આપુછું તેવુંજ તમારે તમારૂં વર્તન રાખવું, જેથી તમને અક્ષય સુખ થાય, એટલે કે (**वः**) તમારી (**सहृदयम्**) જેવી ઇચ્છા પોતાના સુખને માટે કરોછો અને દુઃખ નહી થાય તેમ ઇચ્છોછો તેમજ માતા, પિતા સન્તાન, સ્ત્રી. પુરૂષ. ભૃત્ય, મિત્ર, પડોસી અને બીજા બધા સાથે સમાન હૃદયથી રહો (**सांमनस्यम्**) મન વડે સારી રીતે પ્રસન્નતા અને (**अविद्वेषम्**) વૈર વિરોધાદિથી રહિત જે વ્યવહાર છે, તેને હું તમારે માટે (**कृणोमि**) સ્થિર

કરૂં છું તમે (अघ्न्या) હનન ન કરવા યોગ્ય ગાય જેમ (वत्सम् जातमिव) ઉત્પન્ન થયેલાં વાછડાં પર વાત્સલ્ય ભાવનું વર્તન રાખે છે તેમ તમે પણ (अन्योऽन्यम्) અરસ્પરસ (अभि, हर्यत) પ્રેમપૂર્વક શુભેચ્છાથી વર્ત્યા કરો.

अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमनाः॥ जाया पत्ये मधुमतीं वाचं वदतु शान्तिवान् ॥ १५ ॥ मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वसारमुत स्वसा । सम्यञ्चः सव्रता भूत्वा वाचं वदत भद्रया ॥ १६ ॥

હે ગૃહસ્થો! જેમ તમારો (पुत्रः) પુત્ર (मात्रा) એની માતા સાથે (संमनाः) પ્રીતિયુક્ત મનવાળો (अनुव्रतः) અનુકુલ આચરણવાળો (पितुः) અને પિતાના સંબંધમાં એજ પ્રકારનો પ્રેમ ધરાવનાર (भवतु) થાય, તેમ તમે પણ તમારા પુત્રોની સાથે વર્તતાં રહો, જેમ (जाया) સ્ત્રી (पत्ये) પતિની પ્રસન્નતાને માટે (मधुमती) માધુર્યતાયુક્ત (वाचम्) વાણી (वदतु) કહે, તેમ પતિ પણ (शान्तिवान्) શાંતિપૂર્વક પોતાની સ્ત્રી સાથે મધુર વાણીથી ભાષણ કર્યા કરે ॥ ૧૫ ॥ હે ગૃહસ્થો! તમારામાં (भ्राता) ભાઈ, (भ्रातरम्) ભાઇની સાથે (मा, द्विक्षन्) દ્વેષ કદી ન કરે, (उत) અને (स्वसा) બ્હેને (स्वसारम्) પોતાની બહેન સાથે દ્વેષ કદિ (मा) ન કરવો તથા બ્હેન અને ભાઇએ પરસ્પર દ્વેષ કદિ ન કરવો કિન્તુ (सम्यञ्चः) સારી રીતે પ્રેમ આદિ ગુણવાળાં (सव्रताः) સમાન ગુણકર્મ સ્વભાવવાળાં (भूत्वा) થઈ (भद्रया) મંગળકારક રીતિથી એક બીજાની સાથે (वाचं) સુખદાયક વાણી (वदतु) બોલો ॥ ૧૬ ॥

येन देवा न वियन्ति नो च विद्विषते मिथः तत्कृण्मो ब्रह्म वो गृहे संज्ञानम् पुरुषेभ्यः ॥ १७ ॥

ज्यायस्वन्तश्चित्तिनो मा वि यौष्ट संराधयन्तः सधुराश्चरन्तः । अन्यो अन्यस्मै वल्गु वदन्त एत सध्रीचीनान्वः समनसस्कृणोमि ॥ १८ ॥

હે ગૃહસ્થો હું! ઈશ્વર, (येन) જે પ્રકારના વ્યવહારથી (देवाः) વિદ્વાન લોકો (मिथः) પરસ્પર (न, वियन्ति) પૃથક્ ભાવવાળાં નથી થતાં (च) અને (नो, विद्विषते) પરસ્પર દ્વેષ કદિ નથી કરતાં (तत्) તેવાં કર્મ (वः) તમારા (गृहे) ઘરમાં (कृण्मः) નિશ્ચિત કરૂં છું અને (पुरुषेभ्यः) પુરૂષોને (संज्ञानम्) સારી રીતે ચેતાવું છું કે તમે લોકો પરસ્પર પ્રીતિથી વર્તિ બહુ (ब्रह्म) ધન અને ઐશ્વર્યને પ્રાપ્ત થાઓ ॥ ૧૭ ॥

હે ગૃહસ્થ આદિ મનુષ્યો! તમે (ज्यायस्वन्तः) ઉત્તમ વિદ્યા આદિ ગુણવાળાં (चित्तिनः) વિદ્વાન્ (सधुराः) ધુરંધર થઈ चरन्तः વિચરતાં અને (संराधयन्तः) પરસ્પર મળી ધન-ધાન્ય અને રાજ્યસમૃદ્ધિ પ્રાપ્ત કરી (मा, वियौष्ट) વિરોધ અને ભેદ ભાવ કદિ નહીં રાખો (अन्यः) એક (अन्यस्मै) બીજાને માટે (वल्गु) સત્ય મધુર ભાષણ (वदन्तः) કહેતાં (एत) રહો. તેને માટે (सध्रीचीनान्) સમાન લાભાલાભમાં એક બીજાના સહાયક (समनसः) એક મતવાળાં (वः) તમને હું (कृणोमि) કરૂં છું. અર્થાત્ હું તમને આજ્ઞા કરૂં છું કે તમે આલસ્ય છોડી તેનું પાલન કરો.

समानी प्रपा सह वोऽन्नभागः समाने योक्त्रे सह वो युनज्मि। सम्यञ्चोऽग्निं सपर्यतारा नाभिमिवाभितः ॥१९॥ सध्रीचीनान्वः संमनसस्कृणोम्येकश्नुष्टीन्त्सं-

वननेन सर्वान्। देवा इवामृतं रक्षमाणा सायं प्रातः सौमनसो वो अस्तु ॥२०॥
अथर्वः कां० ३। वर्ग० ३०। मं० १। ७॥

હે ગૃહસ્થાદિ મનુષ્યો! હું, ઈશ્વર તમને આજ્ઞા કરૂં છું કે તમારો (**प्रपा**) જળપાન, સ્નાન અને રહેવા વીગેરેનો વ્યવહાર (**समानी**) સમાન હોવો જોઇએ. (**वः**) તમારૂં (**अन्नभागः**) ખાન પાન (**सह**) સાથે થવુંજ જોઇએ. (**वः**) તમારાં (**योक्त्रे**) અશ્વાદિ યાન (**समाने**) એકજ (**सह**) તમારી પાસે રહે એવું જોઇએ અને તમને ધર્મ આદિ વ્યવહારમાં પણ એક થવા (**युनज्मि**) નિયુક્ત કરૂં છું. જેમ (**आराः**) ચક્રનાં આરા (**अभितः**) ચારેં તરફથી (**नाभिमिव**) વચલી નેમીમાં લાગેલાં રહે છે, અથવા જેમ ઋત્વિજ લોકો અને યજમાન યજ્ઞમાં મળીને (**अग्निम्**) અગ્નિઆદિના સેવન વડે જગતનો ઉપકાર કરે છે, તેમ (**सम्यञ्चः**) સારી પ્રાપ્તિવાળાં તમે, પરસ્પર મળી ધર્મયુક્ત કાર્યમાં (**समर्पयत**) એક બીજાનું હિત કર્યા કરો ॥ १९ ॥ ઈશ્વર આજ્ઞા આપે છે કે ગૃહસ્થાદિ મનુષ્યો. હું (**वः**) તમને (**सध्रीचीनान्**) સાથે રહેનાર સર્વને (**संमनः**) પરસ્પર હિતૈષી, (**एकश्नुष्टीन्**) એકજ ધર્મકૃત્યમાં શીઘ્ર પ્રવૃત્ત થવાને માટે (**सर्वान्**) સર્વને (**संवननेन**) ધર્મકાર્યોના સેવનની સાથે, અને બીજાના ઉપકારમાં નિયુક્ત (**कृणोमि**) કરૂં છું તમે (**देवा इव**) વિદ્વાન્ જનોની સમાન (**अमृतम्**) વ્યવહારિક અથવા પારમાર્થિક સુખની (**रक्षमाणः**) રક્ષા કરતાં (**सायं प्रातः**) સવાર સાંજ અર્થાત્ સર્વ સમયે એક બીજાને પ્રેમપૂર્વક ભેટો આવા વર્તનથી (**वः**) તમારો (**सौमनसः**) મનનો આનન્દવાળો શુદ્ધભાવ (**अस्तु**) સર્વદા સ્થિર રહે ॥ २० ॥

श्रमेण तपसा सृष्टा ब्रह्मणा वित्तऋते श्रिताः ॥ २१ ॥ सत्येनावृताः श्रिया प्रावृताः यशसा परीवृता ॥ २२ ॥ स्वधया परिहिताः श्रद्धया पर्यूढा दीक्षया गुप्ता यज्ञे प्रतिष्ठिता लोको निधनम् ॥ २३ ॥

અર્થ—હે સ્ત્રીપુરૂષો! હું ઇશ્વર તમને આજ્ઞા આપું છું કે તમે ગૃહસ્થી લોક (**श्रमेण**) પરિશ્રમ તથા (**तपसा**) પ્રાણાયામાદિ તપથી (**सृष्टाः**) સંયુક્ત થઈ (**ब्रह्मणा**) વેદવિદ્યા, પરમાત્મા, અને ધનાદિથી (**वीत्ते**) ભોગ કરવા યોગ્ય પદાર્થોના પ્રયત્નમાં; અને (**ऋते**) યથાર્થ, પક્ષપાત રહિત ન્યાયરૂપ ધર્મમાં (**श्रिताः**) ચાલવાવાળાં સદા રહો ॥ २१ ॥ (**सत्येन**) સત્યભાષણ આદિ કર્મોથી (**आवृताः**) ચો તરફથી યુક્ત થઇ (**श्रिया**) શોભા અને લક્ષ્મીથી (**प्रावृता**) યુક્ત (**यशसा**) કીર્તિ અને ધનથી (**परिवृता**) સર્વ રીતે સંયુક્ત રહ્યા કરો ॥ २२ ॥ (**स्वधया**) પોતાનાજ અન્નાદિ પદાર્થના ધારણથી (**परिहिता**) સર્વના હિતકારી (**श्रद्धया**) સત્ય ધારણ કરવામાં શ્રદ્ધાથી (**पर्यूढा**) સર્વ રીતે સર્વને સત્યાચરણ પ્રાપ્ત કરાનારાં (**दीक्षया**) નાના પ્રકારના બ્રહ્મચર્ય સત્યભાષણાદિ વ્રતના ધારણથી (**गुप्ताः**) સુરક્ષિત, (**यज्ञे**) વિદ્વાનોનો સત્કાર, શિલ્પવિદ્યા અને શુભગુણોના દાનમાં (**प्रतिष्ठिता**) પ્રતિષ્ઠા પ્રાપ્ત કરો; અને આવાંજ કર્મોથી (**निधनं लोकः**) આ મનુષ્યલોકને પ્રાપ્ત થઇ મૃત્યુ પર્યન્ત સર્વદા આનંદમાં રહો.

ओजश्च तेजश्च सहश्च वाक् च बलञ्चेन्द्रियं च श्रीश्च धर्मश्च ॥ २४ ॥

અર્થ—પરમેશ્વર આજ્ઞા આપે છે કે હે મનુષ્યો! તમે જે (**ओज**) પરાક્રમ (**च**) અને તેની સામગ્રી (**तेजः**) તપસ્વિપણું (**च**) અને તેની સામગ્રી (**सहः**) સ્તુતિ, નિન્દા, હાનિ, લાભ, અને શોકાદિનું સહન (**च**) તથા તેનાં સાધનો, (**बलं च**) બળ અને તેના

સાધનો, (वाक् च) સત્ય, પ્રિયવાણી અને તદનુકૂલ વ્યવહાર (इन्द्रियं च) શાન્તિ, ધર્મયુક્ત અન્તઃકરણ અને શુદ્ધાત્મા તથા જીતેન્દ્રિયતા (श्रीश्च) લક્ષ્મી અને તેની પ્રાપ્તિનો ધર્મયુક્ત ઉદ્યોગ, (धर्मश्च) પક્ષપાતરહિત ન્યાયાચરણરૂપ વેદોક્ત ધર્મ અને જે એના સાધન અને લક્ષણો છે તેને તમે પ્રાપ્ત કરીને તદનુસાર તમારો વ્યવહાર રાખો. ॥ ૨૪ ॥

ब्रह्मच क्षत्रं चं राष्ट्रंच विशश्च त्विषिश्च यशश्च वर्चश्च द्रविणंच ॥ २५ ॥ आयुश्च रूपंच नामच कीर्तिश्च प्राणश्चापानश्च चक्षुश्च श्रोत्रं च ॥ २६ ॥ पयश्च रसश्चान्नं चान्नाद्यं च ऋतं च सत्यं चेष्टं च पूर्तं च प्रजाचं पशवश्च ॥ २७ ॥

अथर्व० कां० १२ । अ० ५ । व० १-२ ॥

અર્થઃ—પરમેશ્વર આજ્ઞા આપે છે કે હે ગૃહસ્થાદિ મનુષ્યો ! તમને એજ યોગ્ય છે કે, (ब्रह्म, च) પૂર્ણવિદ્યા તથા શુભગુણવાળાં મનુષ્યો અને સર્વના ઉપકારક. શમ, દમ આદિ ગુણવાળાં બ્રહ્મકુળ (क्षत्र च) વિદ્યાદિ ઉત્તમ ગુણવાળા અને વિનય, શૌર્યાદિ ગુણવાળા ક્ષત્રિય કુલ (राष्ट्रंच) રાજ્ય અને તેનું ન્યાયથી પાલન (विशश्च) ઉત્તમ પ્રજા અને તેની ઉન્નતિ (त्विषिश्च) સદ્વિદ્યાદિનું તેજ, અને આરોગ્ય શરીર, આ સર્વના, તથા આત્માના બલથી પ્રકાશમાન, તથા તેમની વૃદ્ધિ વડે (यशश्च) કીર્તિ અને તેના સાધનોને પ્રાપ્ત થાઓ, (वर्चश्च) ભણેલી વિદ્યાનો વિચાર, નિત્ય (द्रविणं च) દ્રવ્યોપાર્જન અને તેની રક્ષા કરો, તથા ધર્મયુક્ત પરોપકારમાં ખરચો ॥ ૨૫ ॥ હે સ્ત્રીપુરૂષો ! તમે તમારાં (आयुः) જીવનની વૃદ્ધિ કરો (च) અને આખી જીંદગીમાં ધર્મયુક્ત ઉત્તમ કાર્યોજ કર્યા કરો. (रूपं च) સૌંદર્યની પ્રાપ્તિ માટે વિષયાસક્તિ કુપથ્ય અને રોગના હેતુઓ તથા અધર્માચરણ છોડીને પવિત્રતાથી રહો. વસ્ત્રાભૂષણ ધારણ કર્યા કરો. (नाम, च) નામકરણના (પાછળ લખ્યા પ્રમાણે) શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નામ ધારણ કરી (कीर्तिश्च) સત્યાચરણ વડે પ્રશંસા થાય તેવાં કાર્યો કરો. ગુણોમાં દોષારોપણ અને દોષમાં ગુણારોપણને શીઘ્ર છોડી દો. (प्राणश्च) લાંબા વખત સુધી જીવન ધારણ કરો અને તદનુકુલ યુક્ત આહાર અને વિહારાદિ સાધન (अपानश्च) સર્વ દુઃખ દુર કરવાનો ઉપાય અને તે ઉપાયની સામગ્રી, (चक्षुश्च) પ્રત્યક્ષ અનુમાન અને ઉપમાન (श्रोत्रं च) તથા શબ્દ પ્રમાણ અને તેની સામગ્રી આ સર્વને ધારણ કરો ॥ ૨૬ ॥ હે ગૃહસ્થ લોકો ! (पयश्च) ઉત્તમ પાણી દુધ અને તેનું શોધન (रसश्च) ઘી દુધ મધ ઇત્યાદિ પદાર્થોનો યોગ્ય આહાર વિહાર કરો (अन्नं च) ઉત્તમ ચોખા, ઉંઘ વગેરે અને તેનો ઉત્તમ સંસ્કાર, (अन्नाद्यं च) ખાવા યોગ્ય પદાર્થો અને તેની સાથે દાળ, ભાત, શાક, કઢી વગેરેની પ્રાપ્તિ કરો (ऋतं च) સત્ય માનવું, અને સત્ય મનાવવું; (सत्यं च) સત્ય બોલવું અને બોલાવવું, (इष्टं च) યજ્ઞ કરવો અને કરાવવો, (पुर्त्तंच) યજ્ઞની સામગ્રી પુરી પાડવી તથા કુવા વાવ વગેરે જલાશય અને બાગ બગીચાઓ પરોપકારને માટે બનાવવા અને લોકોને બનાવવા માટે પ્રેરવા. (प्रजा, च) પ્રજાની ઉત્પત્તિ, પાલન અને ઉન્નતિ સર્વદા કરવી અને કરાવવી (पशवश्च) ગાય આદિ પશુઓનું પાલન અને ઉન્નતિ સદા કરવી તથા કરાવવી; ॥ ૨૭ ॥

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छत ँ समाः । एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥ १ य० अ० ४० । मं० २ ॥

અર્થઃ --પરમાત્મા સર્વે મનુષ્યોને આજ્ઞા કરે છે કે પ્રત્યેક મનુષ્ય (इह) આ સંસારમાં શરીરથી સમર્થ થઇ (कर्माणि) સત્કર્મોને (कुर्वन्नेव) કરતાં કરતાં (शतं, समाः) ૧૦૦ સો વર્ષ સુધી (जिजीविषेत्) જીવવાની ઇચ્છા કરે, આળસુ અને પ્રમાદી કદી નહી થાય (एवम्) એ પ્રમાણે ઉત્તમ કર્મો કરતાં, (त्वयि, नरे) હે મનુષ્ય ! તું (इत) આ કારણથી

(**नान्यथा**) સુખથી ઉલટું જે (**कर्म**) દુઃખકર્મ, તેથી કરી પણ (**न, लिप्यते**) લીપ્ત થઇશ નહિ. હે મનુષ્યો ! તમે પાપકર્મમાં લિપ્ત ન થાઓ કેમકે તેમાં દુઃખ છે અને ઉત્તમ કર્મોથી દુઃખ કદી પણ (**नास्ति**) નથી થતું. માટે હે સ્ત્રીપુરૂષો ! તમે સર્વ સદા પુરૂષાર્થી થઇ ઉત્તમ કર્મો કરવામાં ઉન્નતિવાળાં થાઓ અને બીજાઓ ને તેમ કરવા હમેશા પ્રેરણા કરો. ॥ ૧ ॥

સ્ત્રી પુરૂષો હમેશા નીચે લખેલા મન્ત્રો પ્રમાણે પોતાની ઇચ્છા રાખે અને તદનુસાર આચરણ હમેશા રાખે.

भूर्भुवः स्वः । सुप्रजाः प्रजाभिः स्या ँ सुवीरो वीरैः सुपोषः पोषैः । नर्य प्रजां मे पाहि शंस्य पशून् मे पाह्यथर्य पितुं मे पाहि ॥ २ ॥ गृहा मा बिभीत मा वेपध्वमूर्जं बिभ्रत एमसि । ऊर्जं बिभ्रद्वः सुमनाः सुमेधा गृहानैमि मनसा मोदमानः ॥ ३ ॥

य० अ० ३ । मं० ३७ । ४१ ॥

હે સ્ત્રી, અથવા હે પુરૂષ ! હું, આપણા બેના સંબંધથી (**भूर्भुवः स्वः**) શરીરિક, વાચિક અને માનસિક, અર્થાત્ ત્રણ પ્રકારના સુખોથી યુક્ત થઇ, મનુષ્ય આદિ ઉત્તમ પ્રજાઓની સાથે (**सुप्रजाः**) ઉત્તમ પ્રજાવાળો થાઉં, (**वीरैः**) ઉત્તમ પુત્ર, બન્ધુ અન્ય સમ્બન્ધી અને નોકર ચાકરની સાથે (**सुवीरः**) ઉત્તમ વીર થાઉં, અને (**पोषैः**) ઉત્તમ પુષ્ટિકારક વ્યવહારોથી (**सुपोषः**) ઉત્તમ પુષ્ટિવાળો થાઉં (**नर्य**) મનુષ્યોમાં સજ્જન હે વીર ! સ્વામિન્ ! (**मे**) મ્હારી (**प्रजाम्**) પ્રજાની (**पाहि**) રક્ષા કરો. (**शंस्य**) હે પ્રશંસા કરવા યોગ્ય સ્વામિન્ ! તમે (**मे**) મ્હારા (**पशून्**) પશુઓની (**पाहि**) રક્ષા કરો. હે (**अथर्य**) હિંસારહિત, દયાળુ સ્વામિન્ ! (**मे**) મ્હારા (**पितुम्**) અન્ન ઇત્યાદિની (**पाहि**) રક્ષા કરો. તેજ પ્રમાણે, હે નારિ ! પ્રશસ્ત ગુણવાળી મ્હારી, પ્રજા, પશુઓ, અને અન્ન વગેરેનું તું રક્ષણ સર્વદા કર. હે (**गृहाः**) ગૃહસ્થ લોકો ! તમે વિધિપૂર્વક ગૃહાશ્રમમાં પ્રવિષ્ટ થવા (**मा, बिभीत**) ભય નહી રાખો. (**मा, वेपध्वम्**) કદીપણ કંપાયમાન નહી થાઓ, (**ऊर्जम्**) અન્ન, પરાક્રમ, અને વિદ્યા આદિ શુભગુણવાળાં થઇ ગૃહાશ્રમને (**बिभ्रत**) ધારણ કરો તમને અમે સત્યોપદેશક વિદ્વાન્ લોકો (**एमसि** પ્રાપ્ત થઇ સત્યોપદેશ કરીએ છઈએ. તમેજ અમારો (વાનપ્રસ્થ સંન્યાસીનો) અન્ન, પાન, વસ્ત્ર અને સ્થાન વડે નિર્વાહ કરો છો એ માટે, તમારો, ગૃહાશ્રમ વ્યવહારમાં જે વાસ છે તે સર્વોત્કૃષ્ટ છે. હે. વરાનને, જેમ હું, ત્હારો પતિ, (**मनसा**, અંતઃકરણથી (**मोदमानः**) ખુશી થઇ (**सुमनाः**) પ્રસન્ન મન અને (**सुमेधाः**) ઉત્તમ બુદ્ધિવાળો થઇ તથા હે મારા પૂજનીય પિતા અને અન્ય લોકો ! (**वः**) તમારેમાટે (**ऊर्जम्**) પરાક્રમ ધન ધાન્ય આદિ ઐશ્વર્યને (**बिभ्रत**) ધારણ કરી, તમે, (**गृहान्**) જે ગૃહસ્થો છો તેમને, (**आप्नमि**) સર્વ પ્રકારે પ્રાપ્ત થાઉં છું તેમજ તમેપણ મ્હારી સાથે પ્રસન્ન થઇ વરતો ॥ ૩ ॥

एषां मध्येति प्रवसन् येषु सौमनसो बहुः । गृहानुपह्वयामहे तेनो जानन्तु जानतः ॥ ४ ॥ उपहूता इह गाव उपहूता अजावयः । अथो अन्नस्य कीलाल उपहूता गृहेषु नः । क्षेमाय वः शान्त्यै प्रपद्ये शिव ँ शग्म ँ शंयोः शंयोः ॥५॥

यजुः० अध्या० ३ मं० ४२-४३.

હે ગૃહસ્થો ! પરદેશમાં મનુષ્ય (**एषाम्**) તેઓનું (**अध्येति**) સ્મરણ કરે છે (**येषु**) જે ગૃહસ્થોમાં (**बहुः**) બહુજ (**सौमनसः**) પ્રીતિ હોય છે તેવા (**गृहान्**) ગૃહસ્થોની અમે વિદ્વાન્ જનો, (**उप, ह्वयामहे**) પ્રશંસા કરીએ છઇએ અને તેઓ અમારી સમીપ

રહે એમ ચાહીએ છીએ (ते) તે ગૃહસ્થ લોકો (जानतः) પરસ્પર સ્મરણ કરનારાં અને જાણનાર (नः) અમને (जानन्तु) તેમના મિત્ર સમજે તેમજ તમે હે ગૃહસ્થ જનો! અમે સંન્યાસી જનો અને તમે, પરસ્પર પ્રેમભાવથી મળી વ્યવહાર તથા પરમાર્થની સિદ્ધિ કરીએ. ૪ હે ગૃહસ્થો! (नः) અમારા (गृहेषु) ઘરોમાં જેવી રીતે (गावः) ગાય વગેરે ઉત્તમ પશુઓ (उपहूता) પાસે રહે તથા (अजावयः) બકરી ઇત્યાદિ દુધ દેનારા પશુઓ (उपहूताः) પાસે રહે (अथो) ત્યારબાદ (अन्नस्य) અન્નાદિ પદાર્થોમાં (कीलालः) ઉત્તમ અન્નવગેરે પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરતા રહીએ. હે ગૃહસ્થો! હું રાજા વા ઉપદેશક (इह) આ ગ્રહસ્થાશ્રમમાં (वः) તમારા (क्षेमाय) રક્ષણ અને (शान्त्यै) સુખશાન્તિ ને માટે (प्रपद्ये) પ્રાપ્ત થાઉં છું. આપણે પ્રીતિથી પરસ્પર મળી (शिवम्) કલ્યાણ (शग्मम) વ્યવહારિક સુખ અને (शंयोः शंयोः) પારમાર્થિક સુખની પ્રાપ્તિ કરી અન્ય સર્વે જનોને સુખ આપવા પ્રયત્ન કરીએ ॥ ૫ ॥

सन्तुष्टो भार्यया भर्त्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥ १ ॥
यदि हि स्त्री न रोचेत, पुमांसं न प्रमोदयेत् ।
अप्रमोदात् पुनः पुंसः प्रजनं न प्रवर्त्तते ॥ २ ॥ मनु०

અર્થ:—શ્રીમનુમહારાજ કહે છે કે-હે ગ્રહસ્થો! જે કુળમાં સ્ત્રીથી પતિ પ્રસન્ન અને પતિથી સ્ત્રી સદા પ્રસન્ન રહે છે, તે કુળનું જરૂર કલ્યાણ થાય છે; અને જ્યાં બન્ને પરસ્પર અપ્રસન્ન રહે છે, ત્યાં નિત્ય કલહ વાસ કરે છે ૧. જો સ્ત્રી, પુરૂષપર પ્રીતિ નહી રાખે અથવા તેને ખુશ નહી રાખે તો અપ્રસન્નતા થવાથી પુરૂષના શરીરમાં કદી કામોત્પત્તિ નહી થાય, અને તે નહી થવાથી સંતાનોની પણ ઉત્પત્તિ નહી થાય અને કદાચિત્ થયાં તો દુર્બળ અને દુષ્ટ થવાનાં. ૨

स्त्रियान्तु रोचमानायां सर्वन्तद्रोचते कुलम् ।
तस्यां त्वरोचमानायां सर्वमेव न रोचते ॥ ३ ॥ मनुः०

અર્થ:—મનુ મહારાજ કહે છે કે, જે પુરૂષ સ્ત્રીને પ્રસન્ન નથી રાખતો તોતે સ્ત્રીના અપ્રસન્ન રહેવાથી બંધુ કુલ અપ્રસન્ન અને શોકાતુર રહે છે અને જ્યારે પુરૂષ સ્ત્રીથી પ્રસન્ન રહે છે ત્યારે બધુકુલ આનંદમાં રહે છે. ॥ ૩ ॥

पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभिः ॥ ४ ॥
यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥ ५ ॥
शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम् ।
न शोचन्ति तु यत्रैताः वर्द्धते तद्धि सर्वदा ॥ ६ ॥
जामयो यानि गेहानि शपन्त्यप्रतिपूजिताः ।
तानि कृत्याहतानीव विनश्यन्ति समन्ततः ॥ ७ ॥ मनु०

અર્થ—મનુ મહારાજ કહે છે કે, ભ્રાતા, પિતા, પતિ અને દીયર વીગેરેને યોગ્ય છે કે પોતાનિ કન્યા બ્હેન સ્ત્રી અને ભાભી આદિ સ્ત્રીઓનો હમેશાં સત્કાર કર્યા કરે અર્થાત્

યથાયોગ્ય, મધુર ભાષણ, ભોજન વસ્ત્ર અને આભૂષણ, વગેરેથી હમેશાં પ્રસન્ન રાખે. જેઓને પોતાના કલ્યાણની ઇચ્છા હોય તેઓએ સ્ત્રીઓને કદી પણ કલેશ નહીં આપવો ॥ ૪॥ જે કુળમાં સ્ત્રિયોને સત્કાર થાય છે તે કુલમાં ઉત્તમ ગુણ, ઉત્તમ ભોગ્ય પદાર્થ અને ઉત્તમ સન્તાન થાય છે; અને જે કુળમાં સ્ત્રીનો સત્કાર થતો નથી, ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફલ જાય છે. ॥ ૫ ॥ જે કુલમાં સ્ત્રીજનો પોતાના પુરૂષોના વેશ્યાગમન અથવા વ્યભિચાર વગેરે દોષોથી શોકાતુર રહે છે તે કુલ શીઘ્ર નાશ પામે છે, અને જે કુલમાં સ્ત્રી જનો તેઓના પુરૂષોના ઉત્તમ આચરણોથી પ્રસન્ન રહે છે, તે કુલ સર્વદા વૃદ્ધિને પામે છે. ॥૬॥ જે કુલમાં અને ઘરોમાં, અપૂજિત અર્થાત્ સત્કારને પ્રાપ્ત નહિં થનારી સ્ત્રી, જે ગૃહસ્થોને શ્રાપ આપે છે તે કુળ તથા ગ્રહસ્થો જેમ વિષ આપવાથી બહુ મનુષ્યો એકદમ નષ્ટ થઇ જાય છે, તેમ સર્વ પ્રકારે નષ્ટ થાય છે. ॥ ૭ ॥

तस्मादेताः सदा पूज्या भूषणाच्छादनाशनैः ।
भूतिकामैर्नरैर्नित्यं सत्कारेषूत्सवेषु च ॥ ८ ॥ मनु०

सदा प्रहृष्टया भाव्यं गृहकार्येषु दक्षया ।
सुसंस्कृतोपस्करया व्यये चामुक्तहस्तया ॥ ९ ॥ मनु०

અર્થઃ—આ કારણથી ઐશ્વર્યની ઇચ્છા કરનાર પુરૂષોને ઉચિત છે કે ઉત્સવોમાં, અને જ્યારે જ્યારે સત્કારનો સમય આવે ત્યારે ભૂષણ, વસ્ત્ર, ખાન, પાનાદિથી સ્ત્રીનો સત્કાર કરી તેમને પ્રસન્ન રાખો. ॥ ૮ ॥

સ્ત્રી જનોને ઉચિત છે કે સર્વદા આનન્દમાં રહી ચતુરતાથી પોતાના ગ્રહકાર્યોમાં ઉત્સુકતાથી વર્તવું, તથા અન્નાદિ પદાર્થોનો ઉત્તમ સંસ્કાર પાત્ર વસ્ત્ર તથા ગ્રહાદિને સાફ સુફ કરવામાં સદા પ્રસન્ન રહે અને ઘરમાં ભોજનાદિનો ખરચ કરવામાં કુશલતાથી હમેશાં વર્તે ॥ ૯ ॥

एताश्चान्याश्च लोकेऽस्मिन्नपकृष्टप्रसूतयः ।
उत्कर्षं योषितः प्राप्ताः स्वैः स्वैर्भर्तृगुणैः शुभैः ॥ १० ॥

અર્થઃ—દુષ્ટાચરણવાળી સ્ત્રી હોય, તથાપિ આ સંસારમાં બહુ સ્ત્રીઓ પોતાના પતિઓના શુભગુણથી ઉત્કૃષ્ટગુણવાળી થઇ ગઇ છે, થાય છે, અને થશે માટે જો પુરૂષ શ્રેષ્ઠ હોય તો સ્ત્રી શ્રેષ્ઠ, અને પુરૂષ દુષ્ટ હોય તો સ્ત્રી દુષ્ટ થઇ જાય છે એટલા કારણથી પુરૂષોએ પહેલાં પોતે ઉત્તમ થઇને પછી સ્ત્રીને ઉત્તમ કરવાની કોશીસ કરવી જોઇએ ॥ ૧૦ ॥

प्रजनार्थं महाभागाः पूजार्हा गृहदीप्तयः ।
स्त्रियःश्रियश्च गेहेषु न विशेषोऽस्तिकश्चन ॥ ११ ॥

उत्पादनमपत्यस्य जातस्य परिपालनम् ।
प्रत्यहं लोकयात्रायाः प्रत्यक्षं स्त्रीनिबन्धनम् ॥ १२ ॥

अपत्यं धर्मकार्य्याणि शुश्रूषा रतिरुत्तमा ।
दाराधीनस्तथा स्वर्गः पितृणामात्मनश्च ह ॥ १३ ॥

यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः ।
तथागृहस्थमाश्रित्य वर्तन्ते सर्व आश्रमाः ॥ १४ ॥ मनु० ॥

અર્થઃ—હે પુરૂષો ! સન્તાનોત્પત્તિને માટે, મહા ભાગ્યોદય કરનારી સત્કારયોગ્ય તથા ગૃહાશ્રમનો પ્રકાશ કરનારી સ્ત્રીઓ, જે ઘરોમાં છે તે લક્ષ્મીસ્વરુપ છે કેમકે લક્ષ્મી શોભા,

શ્રી અને સ્ત્રીઓમાં કંઇ પણ ભેદ નથી. ॥ ૧૧ ॥ હે પુરૂષો ! સન્તાનની ઉત્પત્તિ અને પાલન આદિ લોક વ્યવહાર નિત્યપ્રતિ ગ્રહસ્થાશ્રમીનું મુખ્ય કર્તવ્ય છે, તેમાં સ્ત્રી, સાક્ષાત્ કુશળ અને પ્રબન્ધ કરનારી છે. ॥ ૧૨ ॥ સન્તાનોત્પત્તિ, ધર્મકાર્ય, સેવા, ઉત્તમ રતિ, તથા પોતાનું અને પિતા આદિ વડીલોનું સર્વ સુખ સ્ત્રીને આધીન છે ॥ ૧૩ ॥ જેમ વાયુના આશ્રયથી સર્વ જીવોની સ્થિતિ છે તેમ ગૃહસ્થના આશ્રયથી બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી આ સર્વ આશ્રમોનો નિર્વાહ તેનાથીજ ચાલે છે. ॥ ૧૪ ॥

यस्मात् त्रयोऽप्याश्रमिणो दानेनान्नेन चान्वहम् ।
गृहस्थेनैव धार्यन्ते तस्माज्ज्येष्ठाश्रमो गृही ॥ १५ ॥
स संधार्यः प्रयत्नेन स्वर्गमक्षयमिच्छता ।
सुखं चेहेच्छता नित्यं योऽधार्यो दुर्बलेन्द्रियैः ॥ १६ ॥
सर्वेषामपि चैतेषां वेदस्मृतिविधानतः ।
गृहस्थ उच्यते श्रेष्ठः स त्रीनेतान् बिभर्त्ति हि ॥ १७ ॥ मनुः० ॥

અર્થ:—જેટલા માટે બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસ, આ ત્રણ આશ્રમીઓનું ધન. અને વસ્ત્રાદિ વડે નિત્યપ્રતિ ગૃહસ્થજ ધારણ અને પોષણ કરે છે તેટલા માટે ચારે આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ સર્વેમાં શ્રેષ્ઠ છે ૧૫ હે સ્ત્રી પુરૂષો ! જો તમે મુક્તના * અક્ષય સુખ અને આ સંસારના સુખની ઇચ્છા રાખતાં હો તો દુર્બલેન્દ્રિય અને નિર્બુદ્ધિ પુરૂષોથી, ધારણ ન કરવા યોગ્ય જે આ ગૃહાશ્રમ છે, તેને તમે મોટા પ્રયત્ન વડે ધારણ કરો. ૧૬ વેદ અને સ્મૃતિના પ્રમાણોથી જણાય છે કે સર્વ આશ્રમોમાં ગૃહાશ્રમ શ્રેષ્ઠ છે કેમકે આજ આશ્રમ બ્રહ્મચારિ આદિ ૩ ત્રણ આશ્રમોનું ધારણ અને પોષણ કરનાર છે. ૧૭.

यथा नदीनदाः सर्वे सागरे यान्ति संस्थितिम् ।
तथैवाश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥ १८ ॥
उपासते ये गृहस्थाः परपाकमबुद्धयः ।
तेन ते प्रेत्य पशुतां व्रजन्त्यन्नादिदायिनाम् ॥ १९ ॥
आसनावसथौ शय्यामनुव्रज्यामुपासनाम् ।
उत्तमेषूत्तमं कुर्यात् हीनं हीने समे समम् ॥ २० ॥
पाखण्डिनो विकर्मस्थान् बैडालवृत्तिकान् शठान् ।
हैतुकान् बकवृतींश्च वाङ्मात्रेणापि नार्चयेत् ॥ २१ ॥ मनुः०

અર્થ:—હે મનુષ્યો ! જેમ સર્વ મોટા મોટા નદ અને નદીઓ સાગરમાં મળી જઇ સ્થિર થાય છે, તેમ સર્વ આશ્રમી ગૃહસ્થને પ્રાપ્ત થઇ સ્થિર થાય છે ૧૮ જે, ગૃહસ્થ થઇ પારકા ઘરમાં ભોજન વગેરેની ઇચ્છા રાખે છે તે બુદ્ધિહીન ગૃહસ્થ બીજાથી પ્રતિગ્રહરુપ પાપ કરી જન્માન્તરમાં, જે અન્ન લીધું છે તે પાછું આપવા. તેમને ત્યાં પશુ બને છે. કેમકે બીજાથી અન્નાદિનુંગ્રહણ કરવું અતિથિઓનું કાર્ય છે; નહીં કે ગૃહસ્થોનું ॥ ૧૯ ॥ જ્યારે ગ્રહસ્થની પાસે કોઇ કોઇ અતિથિ આવે, ત્યારે તેને બેસવાને માટે આસન, રહેવાને માટે સ્થાન,

---

* અક્ષય સુખનો અર્થ એટલોજ છે કે મુક્તિ ભોગવવાનો જે સમય છે તેની અંદર વિષયના સંયોગથી ઉત્પન્ન થયેલા સુખની માફક દુઃખનો સંયોગ બીલકુલ થતો નથી.

તથા સુવાને માટે શય્યા, અને તેમની સમીપ બેસવાનો અને ગમન વખતે ઉત્થાન આદિનો સત્કાર યથા યોગ્ય અર્થાત્ ઉત્તમનો ઉત્તમ, મધ્યમનો મધ્યમ, અને નિકૃષ્ટનો નિકૃષ્ટ રીતે કરવો. કદી ન કરવો એમ સમજવુંજ નહીં ૨૦ કિન્તુ જે પાખંડી, વેદ નિન્દક,-નાસ્તિક, ઇશ્વર, વેદ અને ધર્મને ન માનનાર અને અધર્માચરણ કરનાર, હિંસક, શઠ, મિથ્યાભિમાની, કુતર્કી અને બકવૃત્તિ એટલે પરાયા પદાર્થને હરણ કરવામાં અથવા બીજાઓને બહેકાવવામાં બગલાની સમાન અતિથિનો વેષ ધારણ કરનાર જે આવે તેનો વાણીથી પણ ગ્રહસ્થે સત્કાર કદી નહીં કરવો. ૨૧

दशसूना समं चक्रं दश चक्रसमो ध्वजः ।
दशध्वजसमो वेषो दशवेषसमो नृपः ॥ २२ ॥
न लोकवृत्तं वर्तेत वृत्तिहेतोः कथं चन ।
अजिह्मामशठां शुद्धां जीवेद्ब्राह्मणजीविकाम् ॥ २३ ॥
सत्यधर्मार्थवृत्तेषु शौचे चैवारमेत् सदा ।
शिष्यांश्च शिष्याद्धर्म्मेण वाग्बाहूदरसंयतः ॥ २४ ॥
परित्यजेदर्थकामौ यौ स्यातां धर्मवर्जितौ ।
धर्मं चाप्यसुखोदर्कं लोकविक्रुष्टमेवच ॥ २५ ॥ मनु:०॥

અર્થઃ—દશહત્યાની સમાન ચક્ર અર્થાત્ કુંભાર અને ગાડીથી જીવિકા કરનારા, દશચક્રની સમાન ધ્વજ અર્થાત્ ધોબી અને કલાલ જે દારૂ બનાવીને વેચે છે, દશ ધ્વજની સમાન વેષ અર્થાત વેશ્યા, ભાંડ અને ભડવાઇ કરનાર તથા બીજાની નકલ કરનાર અર્થાત્ પાષાણાદિ મુર્તિઓના પુજારી ઇત્યાદિ અને દશવેશની સમાન અન્યાયકારી રાજા થાય છે. આવા લોકોની પાસેથી અતિથિએ અન્નાદિ પદાર્થ કદી પણ ગ્રહણ નહીં કરવો. ૨૨ ગ્રહસ્થે જીવિકાને માટે પણ શાસ્ત્ર વિરૂદ્ધ લોકાચારનો વર્તાવ કદી નહીં કરવો, કિન્તુ જેમાં કોઇ પ્રકારની કુટિલતા, મૂર્ખતા, મિથ્યાપણું અથવા અધર્મ ન હોય તેવી વેદોક્ત કર્મના સંબન્ધવાળી જીવિકા કરવી ૨૩ વળી સત્યધર્મ, આર્ય અર્થાત્ આપ્ત પુરૂષોના વ્યવહાર અને પવિત્રતામાંજ સર્વદા ગૃહસ્થ લોકોએ પ્રવૃત્ત રહેવું જોઇએ, સત્યવાણી બોલવી, ભોજન વગેરેમાં અલોભ કરવો અને હાથ પગની કુચેષ્ટા અને નિષ્ફલ કર્મ છોડી દઇ શિષ્યોને તથા સન્તાનોને ધર્મની ઉત્તમ શિક્ષા સર્વદા આપતાં રહેવું ૨૪. જે બહુધન અથવા મોટું રાજ્ય મળતું હોય, તથા પોતાની કામના અધર્મ વડે સિદ્ધ થતી હોય, તોપણ કદી ધર્મને છોડવો નહીં, અને અધર્મનો સર્વથા ત્યાગ કરવો વેદવિરૂદ્ધ ધર્માભાસ, કે જેનાથી પાછળથી દુઃખ અને સંસારની ઉન્નતિનો નાશ થાય, તેવા નામ માત્રને ધર્મને અને કર્મને કદી નહીં કરવાં ૨૫.

सर्वेषामेव शौचानामर्थशौचं परं स्मृतम् ।
योऽर्थे शुचिर्हि स शुचिर्नमृद्वारिशुचिः शुचिः ॥ २६ ॥
क्षान्त्या शुध्यन्ति विद्वांसो दानेनाकार्यकारिणः ।
प्रच्छन्नपापा जप्येन तपसा वेदवित्तमाः ॥ २७ ॥
अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति ।
विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति ॥ २८ ॥

दशावरा वा परिषद्यं धर्मं परिकल्पयेत् ।
त्र्यवरा वापि वृत्तस्था तं धर्मं न विचालयेत् ॥ २९ ॥
दण्डः शास्ति प्रजाः सर्वा दण्ड एवाभिरक्षति ।
दण्डः सुप्तेषु जागर्ति दण्डं धर्मं विदुर्बुधाः ॥ ३० ॥
तस्याहुः संप्रणेतारं राजानं सत्यवादिनम् ।
समीक्ष्यकारिणं प्राज्ञं धर्मकामार्थकोविदम् ॥ ३१ ॥ मनु॰ ॥

અર્થઃ—ધર્મવડેજ પદાર્થનો સંચય કરવો તેજ સર્વથી મહાન્ પવિત્રતા છે, એટલે જે મનુષ્ય કોઇના પદાર્થનું અન્યાયથી ગ્રહણ કરે નહિં તેજ પવિત્ર છે, કિન્તુ જળ અને માટી વડે જે પવિત્રતા થાય છે તે પવિત્રતા ધર્મના જેવી ઉત્તમ નથી ૨૬. વિદ્વાન્ લોકો ક્ષમાથી, દુષ્ટ કર્મકારી, સત્સંગ કરવાથી અને વિદ્યાદિ શુભ ગુણોના દાનથી, ગુપ્તપાપ કરનાર વિચારથી અને ત્યાગ બ્રહ્મચર્ય તથા સત્યભાષણ આદિ, તપ વડે વેદવિત્ શુદ્ધ થાય છે. ૨૭ કિન્તુ પાણીથી બાહ્ય અંગો પવિત્ર થાય છે. આત્મા અને મન પાણીથી શુદ્ધ થતાં નથી મન તો સત્ય માનવા, સત્ય બોલવુ અને સત્ય કરવાથીજ શુદ્ધ થાય છે, તથા જીવાત્મા વિદ્યા યોગાભ્યાસ અને ધર્માચરણથી પવિત્ર થાય છે, અને બુદ્ધિ જ્ઞાનથીજ શુદ્ધ થાય છે, પાણિ મટોડી આદિથી નહીં. ૨૮ ગૃહસ્થ લોકો એ નાના મોટાં રાજકાર્યો સિદ્ધ કરવાને માટે ઓછામાં ઓછા ૧૦ દશ, અર્થાત્ ઋગ્વેદ જાણનાર, યજુર્વેદ જાણનાર, સામવેદજાણનાર, (હેતુક) નૈયાયિક તર્ક કર્તા (नैरुक्त) નિરૂક્ત શાસ્ત્ર જાણનાર, ધર્મશાસ્ત્રાધ્યાપક, બ્રહ્મચારી, સ્નાતક અને વાનપ્રસ્થાદિ વિદ્વાનોની અથવા અતિન્યૂન હોય તો ત્રણ વેદવિત્, ઋગ્વેદજ્ઞ, યજુર્વેદજ્ઞ અને સામવેદજ્ઞ આટલા વિદ્વાનોની સભા કરી, તેમનાથી કર્તવ્યાકર્તવ્ય ધર્મ અને અધર્મનો જેવો નિશ્ચય થાય તે પ્રમાણે આચરણ કરવું જોઇએ. ૨૯. જેમ વિદ્વાનલોક દંડને ધર્મ સમજે છે તેમ બધાએ સમજવું જોઇએ. કેમકે દંડથી પ્રજાનું શાસન થાય છે, એટલે કે સર્વને નિયમમાં રાખનાર સર્વનો સર્વરીતે રક્ષક, દંડજ સુતેલાઓમાં જાગતો છે. ચોર વગેરે દુષ્ટ પુરૂષો પણ દંડના ભયથી પાપ કર્મ કરી શકતા નથી ૩૦ આ દંડને સારી રીતે ઉપયોગમાં લાવનાર અધિકારી તેજ રાજા છે કે જે સત્યવાદી, વિચારપૂર્વક કાર્યકર્તા, બુદ્ધિમાન, વિદ્વાન્, ધર્મ કામ અને અર્થ, યથાવત્ જાણવાવાળો હોય ૩૧.

सोऽसहायेन मूढेन लुब्धेनाकृतबुद्धिना ।
न शक्यो न्यायतो नेतुं सक्तेन विषयेषु च ॥ ३२ ॥
शुचिना सत्यसंधेन यथाशास्त्रानुसारिणा ।
प्रणेतुं शक्यते दण्डः सुसहायेन धीमता ॥ ३३ ॥
अदण्ड्यान्दण्डयन्राजा दण्ड्याँश्चैवाप्यदण्डयन् ।
अयशो महदाप्नोति नरकं चैव गच्छति ॥ ३४ ॥ मनु॰

અર્થઃ—જે રાજા ઉત્તમ સાહાય્ય રહિત, મૂઢ, લોભી, જેણે બ્રહ્મચર્ય વગેરે ઉત્તમ કર્મોથી વિદ્યા અને બુદ્ધિની ઉન્નતિ નથી કરી અને વિષયમાં ફસાયેલો રહે છે તે કદી પણ ન્યાયપૂર્વક ચાલી શકતો નથી ૩૨. માટે જે પવિત્ર પુરૂષોનો સંગ કરનાર રાજનીતિ શાસ્ત્રાનુકૂલ ચાલનાર ધાર્મિક પુરૂષોનાં સાહાય્યવાળો, બુદ્ધિમાન્ રાજા હોય, તેજ દંડ ધારણ કરીશકે છે. ૩૩ જે રાજા,

અપરાધી ન હોય તેને દંડ કરે ને અપરાધીને દંડ ન કરે તે આ જન્મમાં ઘણી અપકીર્તિ મેળવી મરણાન્તર નરક, અર્થાત્ મહાદુઃખ પામે છે. ૩૪.

मृगयाक्षा दिवास्वप्नः परिवादः स्त्रियो मदः ।
तौर्यत्रिकं वृथाट्या च कामजो दशको गणः ॥ ३५ ॥
पैशुन्यं साहसं द्रोह ईर्ष्याऽसूयार्थदूषणम् ।
वाग्दण्डजं च पारुष्यं क्रोधजोऽपि गणोऽष्टकः ॥ ३६ ॥
द्वयोरप्येतयोर्मूलं यं सर्वे कवयो विदुः ।
तं यत्नेन जयेल्लोभं तज्जावेतावुभौ गणौ ॥ ३७ ॥ मनुः०

અર્થઃ—મૃગયા અર્થાત્ શિકાર રમવો, જુગાર રમવો, એ ઘડી પ્રસન્નતાને માટે પણ ચોપટ વગેરે રમવી, દિવસે ઉંઘવું, હાંસી મજાક અને મિથ્યા વાદ કરવો, સ્ત્રીઓની સાથે અધિક કાળ સુધી મોહમાં રહેવું, મદ્યપાન વગેરે કેફી વસ્તુઓનું સેવન કરવું, ગાવું, વગાડવું અને નાચવું અથવા આ વસ્તુઓ જોવી, અને વૃથા જ્યાં ત્યાં રખડયા કરવું, આ દશ દુર્ગુણો કામમાંથી ઉત્પન્ન થનારા છે. ૩૫.

ચાડી ખાવી, વગર વિચારે કાર્ય કરવું, ગમે તેવાથી વૃથા વૈર બાંધવું, બીજાઓની પ્રશંસા સાંભળી અથવા ચઢતી જોઇ મનમાં બળ્યા કરવું; બીજાઓના ગુણમાં દોષ અને દોષમાં ગુણો સ્થાપન કરવા, ખરાબ કામોમાં ધન ખરચવું, ક્રૂર વાણીથી બોલવું અને વગર વિચારે કોઇને સખત દંડ કરવો આ આઠ દુર્ગુણો ક્રોધથી ઉત્પન્ન થાય છે. આ અઢાર દુર્ગુણોને રાજાએ ત્યાગવા જોઇએ ૩૬.

કામથી અને ક્રોધથી ઉત્પન્ન થનારા આ ૧૮ અઢાર દુર્ગુણોનું મુળ વિદ્વાન્ લોકો લોભને સમજે છે; માટે લોભને રાજાએ જીતવો જોઇએ કેમકે ઉપર કહેલા ૧૮ દોષો અને બીજા પણ ઘણા દોષો લોભથી થાય છે. એટલા કારણથી હે ગૃહસ્થ જનો! આવા દોષોવાળો, રાજાનો મ્હોટો પુત્ર હોય તો તેને પણ રાજા બનાવવો નહી જોઇએ. જો કદાચિત્ ભૂલથી થઇ ગયો હોય તોપણ તેને રાજ્યગાદીએથી ઉઠાડી મુકવો જોઇએ અને રાજકુટુંબના બીજા કોઇ યોગ્ય પુરૂષને ગાદીએ બેસાડવો જોઇએ. ત્યારેજ પ્રજામાં સુખ, શાંતિ, અને આનંદ વધશે ૩૭.

सैनापत्यं च राज्यं च दण्डनेतृत्वमेव च ।
सर्वलोकाधिपत्यं च वेदशास्त्रविदर्हति ॥ ३८ ॥
मौलान् शास्त्रविदः शूरान् लब्धलक्षान्कुलोद्गतान् ।
सचिवान् सप्त चाष्टौ वा प्रकुर्वीत परीक्षितान् ॥ ३९ ॥
अन्यानपि प्रकुर्वीत शुचीन्प्राज्ञानवस्थितान् ।
सम्यगर्थसमाहर्तॄनमात्यान् सुपरीक्षितान् ॥ ४० ॥ मनुः०

અર્થઃ—જે વેદશાસ્ત્રને જાણનાર, ધર્માત્મા, જીતેન્દ્રિય, ન્યાયકારી અને આત્મબલવાલો હોય તેવાને, સેના, રાજ્ય, દંડનીતિ અને પ્રધાન પદનો અધિકાર આપવો જોઇએ. ૩૮ જેઓ પોતાના રાજ્યમાં જન્મ્યા હોય, શાસ્ત્રના જાણનાર, શુરવીર, જેઓના વિચાર નિષ્ફલ નહીં હોય. તેવા, કુલીન, ધર્માત્મા અને સ્વરાજ્ય ભક્ત હોય એવા, ૭=૮—માણસોની સારી રીતે પરીક્ષા કરી, તેમને મંત્રી બનાવવા જોઇએ તથા તેમની સભામાં રાજાએ પોતે પણ જોડાઇ ૮—૯ પુરૂષ

એકત્ર થઇ કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરવો ૩૯.તેજ પ્રમાણે બીજાઓ, જેઓ રાજ અને સેનાઓના અધિકારી હોય, અને જેઓથી રાજકાર્ય સારી રીતે સિદ્ધ થઇ શકે તેવા પવિત્ર, ધાર્મિક, વિદ્વાન્, ચતુર અને સ્થિરબુદ્ધિવાળા પુરૂષોને રાજ્ય કારભાર સારી રીતે રાખવા નિયત કરવા ૪૦.

दूतं चैव प्रकुर्वीत सर्वशास्त्रविशारदम् ।
इङ्गिताकारचेष्टज्ञं शुचिं दक्षं कुलोद्गतम् ॥ ४१ ॥
अलब्धमिच्छेद्दण्डेन लब्धं रक्षेदवेक्षया ।
रक्षितं वर्धयेत् वृद्ध्या वृद्धं पात्रेषु निःक्षिपेत् ॥ ४२ ॥ मनुः०॥

અર્થઃ—તથા જે સર્વ શાસ્ત્રમાં નિપુણ, આંખો વિગેરેના સંકેત, સ્વરુપ તથા ચેષ્ટા વડે બીજાના હૃદયની વાત જાણનાર, શુદ્ધ સારી સ્મૃતિવાળો, દેશકાળને જાણનાર, સુન્દર સ્વરુપવાન્, મોટો વકતા અને પોતાના કુલમાં મુખ્ય હોય તેવાને, તથા સ્વરાજ્ય અને પરરાજ્યના સમાચાર આપનાર બીજા દૂતોને પણ નિયત કરવા, ૪૧. તથા રાજા વગેરે એ અલબ્ધ રાજ્યની ઇચ્છા દંડથી, અને પ્રાપ્ત રાજ્યની ઇચ્છા સંભાળથી, રક્ષિત રાજ્ય અને ધનને વ્યાપાર, અને વ્યાજથી વધારી સુપાત્રોની દ્વારા સત્યવિદ્યા અને સત્ય ધર્મના પ્રચાર વગેરે ઉત્તમ વ્યવહારમાં ઉપર વર્ણવેલા પ્રકારથી મેળવેલાં ધનનો ઉપયોગ કરવો અને સર્વની ઉન્નતિ કરતા રહેવું. ૪૨.

હવે ગૃહસ્થો એ નિત્ય નિયમ કયા કયા પાળવાના છે તે કહીશું.

विधिः—હમેશા સ્ત્રી પુરૂષોએ રાત્રિના ૧૦ દશ વાગે સુવું, અને રાત્રિના પાછલા પહોરે ઉઠી, હૃદયમાં પ્રથમ ઇશ્વરનું ચિન્તન કરી ધર્મ અને અર્થનો વિચાર કરવો. ધર્મ અને અર્થના અનુષ્ઠાન અથવા ઉદ્યોગમાં કદાચિત્ પીડા થાય, તો પણ ધર્મયુક્ત પુરૂષાર્થને કદી ન છોડવો; કિન્તુ સર્વદા શરીર અને આત્માની રક્ષાને માટે યુક્ત આહાર, વિહાર, ઔષધ સેવન અને પથ્ય આદિમાં હમેશાં ઉદ્યોગ કરી વ્યાવહારિક ને પરમાર્થિક કર્મની સિદ્ધિ કરવા ઇશ્વરની સ્તુતિ પ્રાર્થના, ઉપાસના કરવી, કે જે પરમેશ્વરની કૃપાદષ્ટિ અને સાહાય્યથી મોટાં મોટાં કઠણ કામો સહેલથી સિદ્ધ થઇ શકે છે. પ્રાતઃકાલે ઉઠીને બોલવાના મન્ત્રો નિમ્નલિખિત છે.

प्रातरग्निं प्रातरिन्द्रं हवामहे प्रातर्मित्रावरुणा प्रातरश्विना ।
प्रातर्भगं पूषणं ब्रह्मणस्पतिं प्रातस्सोममुत रुद्रं हुवेम ॥ १ ॥
प्रातर्जितं भगमुग्रं हुवेम वयं पुत्रमदितेर्यो विधर्त्ता ।
आध्रश्चिद्यं मन्यमानस्तुरश्चिद्राजा चिद्यं भगं भक्षीत्याह ॥२॥ *

÷ હે સ્ત્રી પુરૂષો જેમ અમે વિદ્વાન્ ઉપદેશક લોકો (**प्रातः**) પ્રભાતકાળમાં (**अग्निम्**) સ્વપ્રકાશસ્વરૂપ (**प्रातः**) (**इन्द्रम्**) પરમૈશ્વર્યનો દાતા સર્વૈશ્વર પરમાત્મા (પ્રાતઃ) (**मित्रावरुणा**) પ્રાણ અને ઉદાનની સમાન અતિપ્રિય સર્વશક્તિમાન્ (પ્રાતઃ) (**अश्विना**) સૂર્ય અને ચન્દ્રને જેણે ઉત્પન્ન કર્યા છે તે પરમાત્માની (**हवामहे**) સ્તુતિ કરીએ છિએ અને (**प्रातः**) (**भगम्**) સેવા કરવાને યોગ્ય, ઐશ્વર્યવાળો, (**पूषणम्**) વિવિધ પ્રકારે પુષ્ટિ કરનાર (**ब्रह्मणस्पतिम्**) પોતાના ઉપાસક વેદ, અને સર્વ બ્રહ્માંડનુ પાલન કરનાર, (**प्रातः**) (**सोमम्**) અન્તર્યામી, પ્રેરક, (**उत**) અને (**रुद्रम्**) પાપીઓનો દંડ કરી રડાવનાર તથા સર્વ રોગનાશક જે જગદીશ્વર તેની (**हुवेम**) સ્તુતિ કરીએ છિયે; તેવી રીતે તમે પણ પ્રાતઃકાલે સ્તુતિ કર્યા કરો.

* (પ્રાતઃ) પાંચ ઘડી રાત્રિબાકી રહે તેવી વખતે (**जितम्**) સર્વત્ર જયકરનાર (**भगम्**) ઐશ્વર્યનો દાતા, (**उग्रम्**) તેજસ્વી, (**अदितेः**) અન્તરિક્ષના (**पुत्रम्**) સૂર્યની ઉત્પત્તિ કરનાર,

भग प्रणेतर्भग सत्यराधो भगेमां धियमुदवा ददन्नः ।
भग प्रणो जनय गोभिरश्वैर्भग प्र नृभिर्नृवन्तः स्याम× ॥ ३ ॥
उतेदानीं भगवन्तः स्यामोत प्रपित्व उत मध्ये अह्नाम् ।
उतोदिता मघवन्त्सूर्यस्य वयं देवानां सुमतौ स्याम§ ॥ ४ ॥
भग एव भगवाँ अस्तु देवास्तेन वयं भगवन्तः स्याम तं त्वा भग सर्व इज्जोहवीति सनो भग पुर एता भवेह§ ॥ ५ ॥ ऋ० मं० ७ । सू० ४१ ॥

આ પ્રમાણે પરમેશ્વરની પ્રાર્થના તથા ઉપાસના કરવી ત્યાર પછી શૌચ, દંતધાવન અને મુખપ્રક્ષાલનની ક્રિયા સમાપ્ત કરી સ્નાન કરવું. પછી એક કે દોઢ કોસ દૂર કોઇ જંગલ હોય તો તેમાં, અથવા એકાન્તમાં જઇ, યોગાભ્યાસની જે રીતિઓછે તે રીતિથી પરમેશ્વરની

(**यः**) જે, સૂર્યાદિ લોકોના (**विधर्त्ता**) ધારણ કરનાર, (**आध्रः**) સર્વ વસ્તુઓનાં સર્વ રીતે ધારણ કર્તા (**यं चित्**) સર્વને (**मन्यमानः**) જાણનાર, (**तुरश्चित्**) દુષ્ટોને દંડ કરનાર અને (**राजा**) સર્વનો પ્રકાશક (**यम्**) જે (**भगम्**) સેવા કરવા યોગ્ય જેવું સ્વ રૂપ છે તેની (**चित्**) જ (**भक्षीति**) હું સેવા કરૂં છું; અને તેજ પ્રમાણે ભગવાન્ પરમેશ્વર સર્વને (**आह**) ઉપદેશ કરે છે કે " હું, જે સૂર્યાદિ જગતનો બનાવનાર અને ધારણ કરનાર છું, તેની ઉપાસના કર્યા કરો, અને મ્હારી આજ્ઞામાં ચાલો" તેથી (**वयम्**) અમે (મનુષ્યો) તે પરમેશ્વરની (**हुवेम**) સ્તુતિ કરીએ છીએ.

× હે (**भग**) હે ભગ ભજનીયસ્વરૂપ ! (**प्रणेत**) સર્વનો ઉત્પાદક અને સત્યાચારમાં પ્રેરણા કરનારા (**भग**) ઐશ્વર્યપ્રદ ! (**सत्यराधः**) સત્યરૂપ ધનને આપનાર (**भग**) સત્યાચારથી વર્તનારાઓને ઐશ્વર્ય આપનાર, તમ પરમેશ્વર ! (**नः**) અમને (**इमाम्**) આ (**धियम्**) બુદ્ધિને, (**ददत्**) આપો અને તે દાનથી અમારી (**उदव**) રક્ષા કરો. હે (**भग**) ઐશ્વર્યવાન્ (**गोभिः**) ગાય અને (**अश्वैः**) અશ્વ ઇત્યાદિ ઉત્તમ પશુઓથી યુક્ત જે રાજ્યશ્રી છે તેને (**नः**) અમારે માટે (**प्रजनय**) પ્રકટ કરો હે (**भग**) અતૈશ્વર્યસમ્પન્ન ! તમારી કૃપાથી અમે (**नृभिः**) ઉત્તમ મનુષ્યોના યોગથી (**नृवन्तः**) બહુ વીર મનુષ્યવાળાં (**प्र स्याम**) સારી રીતે થઇએ. ॥ ૩ ॥

§ હે ભગવાન્ ! તમારી કૃપા (**उत**) અને અમારા પુરૂષાર્થથી અમે (**इदानीम्**) આસમયે (**प्रपित्वे**) ઉત્તમતાની પ્રાપ્તિમાં (**उत**) અને (**अन्हाम्**) આ દિવસો (**मध्ये**) મધ્યે (**भगवन्तः**) ઐશ્વર્યયુક્ત અને શક્તિમાન્ (**स्याम**) થઇએ; (**उत**) અને હે (**मघवन**) પરમપૂજિત ! અસંખ્ય ધન આપનાર (**सूर्यस्य**) સૂર્ય લોકના (**उदिता**) ઉદયમાં (**देवानाम्** પૂર્ણ વિદ્વાન્ ધાર્મિક તમારા લોકોની (**सुमतौ**) ઉત્તમ પ્રજ્ઞા (**उत**) અને સુમતિમાં (**वयम्**) અમે (**स्याम**) સર્વદા પ્રવૃત્ત રહીએ.

§ હે (**भग**) સકલૈશ્વર્યસંપન્ન જગદીશ્વર ! જેથી (**तम् त्वा**) આપની (**सर्वः**) સર્વસજ્જનો (**इज्जोहवीति**) નિશ્ચયપણે પ્રશંસા કરે છે, (**सः**) તે તમે હે (**भग**) ઐશ્વર્યપ્રદ (**इह**) આ સંસાર અને (**नः**) અમારા ગૃહાશ્રમમાં (**पुर एता**) અગ્રગામી અને સત્યકર્મમાં આગળ અને આગળ વધારનાર (**भव**) થાઓ કેમકે (**भग एव**) સંપૂર્ણ ઐશ્વર્યવાન્ અને સમસ્ત ઐશ્વર્યના દાતા તમેજ હોવાથી અમારા (**भगवान्**) પૂજનીય દેવ (**अस्तु**) છો અને (**तेन**) તે માટે (**देवाः वयम्**) અમે વિદ્વાન્ જનો (**भगवन्तः**) સકલ ઐશ્વર્ય સંપન્ન થઇ સંસારનો ઉપકાર કરવામાં, તન મન અને ધનથી (**स्याम**) પ્રવૃત્ત) થઇએ.

ઉપાસના કરી, સૂર્યોદય થતાં સુધી અથવા ઘડી અર્ધઘડી જ્યારે દિવસ ચઢે ત્યાં સુધીમાં ઘેર આવી સંધ્યોપાસનાદિ નિત્યકર્મ નીચે લખ્યાપ્રમાણે યથાવિધિ ઉચિત સમયે કરવું, આ નિત્ય કરવા યોગ્ય કર્મોમાં નિચે લખેલા મંત્રોનો અર્થ અને તેમાં શું શું પ્રમાણો છે તે પંચમહાયજ્ઞવિધિમાં જોઈ લેવું. પહેલાં શરીર શુદ્ધિ અર્થાત્ સ્નાન કરી સંધ્યોપાસનનો આરંભ કરવો. આરંભ કરતી વખતે જમણા હાથની હથેલીમાં થોડું પાણી લઇ નીચેના ત્રણ મંત્રો વડે ક્રમથી ત્રણ આચમનો કરવાં

ओं अमृतोपस्तरणमसि स्वाहा ॥ १ ॥

ओं अमृतापिधानमसि स्वाहा ॥ २ ॥

ओं सत्यं यशः श्रीर्मयि श्रीः श्रयतां स्वाहा ॥ ३ ॥

પછી હાથ ધોઇ નાખી કાન, આંખ તથા નાક વગેરેનો શુદ્ધ જળ વડે સ્પર્શ કરવો. અને શુદ્ધ દેશ અને પવિત્ર આસનપર, જે તરફનો વાયુ હોય તે તરફ મોં કરી નાભની નીચેથી મુલેન્દ્રિયનો ઉપરની બાજુ સંકોચ કરી હૃદયના વાયુને બહાર કાઢી, જ્યાંસુધી રોકવાની શક્તિ હોય ત્યાં સુધી રોકવો, પછી હળવે હળવે વાયુને અંદર લઈ થોડીવાર રોકવો. આને એક પ્રાણાયામ કહે છે આવી રીતે ઓછામાં ઓછા ત્રણ પ્રાણાયામ કરવા. હાથ વડે નાક પકડવું નહી જોઇએ આ વખતે પરમેશ્વરની સ્તુતિ પ્રાર્થનોપાસના હૃદયમાં કરી નીચે લખેલા એક મંત્ર વડે ત્રણ આચમનો કરવાં.

ओं शन्नोदेवी रभिष्टय आपो भवन्तु पीतये । शंयो रभि स्रवन्तु नः ॥
यजुः० अ० ३६ ॥

ત્યારપછી મધ્યમાં તથા અનામિકા, આ બે આંગળીઓ પાણીથી ભીજવી તે વડે નીચે લખ્યા પ્રમાણે જ્યાં જ્યાં સ્પર્શ કરવાનો કહ્યો છે ત્યાં ત્યાં, પહેલા જમણા ને પછી ડાબા અંગનો સ્પર્શ કરવો.

ओं वाक् वाक् ॥ આ મંત્ર વડે મુખના જમણા અને ડાબા ભાગનો સ્પર્શ કરવો.

ओं प्राणः प्राणः ॥ આ મંત્રથી નાકના બે છિદ્રો,
ओं चक्षुश्चक्षुः ॥ આ મંત્રો વડે બે આંખો,
ओं श्रोत्रं श्रोत्रम् ॥ આથી બન્ને કાન,
ओं नाभिः ॥ આથી નાભી,
ओं हृदयम् ॥ આ વડે હૃદય,
ओं कण्ठः ॥ આ મંત્ર વડે કંઠ,
ओं शिरः ॥ આથી માથાનો,
ओं बाहुभ्यां यशो बलम् ॥ આ વડે ભુજાઓના મુળ સ્કંધોનો અને
ओं करतलकरपृष्ठे ॥ આ મંત્ર વડે બંને હાથના કરતલો અર્થાત્ હથેળીના પાછલા ભાગોનો સ્પર્શ કરવો.

આ થયા પછી માર્જન કરવું, અર્થાત્ થોડા થોડા પાણીના છાંટા નીચે લખેલે ઠેકાણે ક્રમથી છાંટવા.

ओं भूः पुनातु शिरसि ॥ આ મંત્રથી માથાપર,
ओं भुवः पुनातु नेत्रयोः ॥ આ મંત્રથી આંખોપર,
ओं स्वः पुनातु कण्ठे ॥ આથી કંઠપર,

ओं महः पुनातु हृदये ॥ આથી હૃદયપર,
ओं जनः पुनातु नाभ्याम् ॥ આથી નાભીપર,
ओं तपः पुनातु पादयोः ॥ આથી બન્ને પગોપર,
ओं सत्यं पुनातु पुनः शिरसि ॥ આથી બીજીવાર માથાપર અને,

ओं खं ब्रह्म पुनातु सर्वत्र ॥ આ મંત્રથી સર્વ અંગોપર છાંટા નાખવાં ત્યારપછી બીજીવાર ઉપર કહ્યા પ્રમાણે પ્રાણાયામની ક્રિયા કરવી અને નીચેના મંત્રનો જપ મનમાં કરતા જવું. ओ३म् भूः ओ३म् भुवः ओ३म् स्वः ओ३म् महः, ओ३म् जनः, ओ३म् तपः, ओ३म् सत्यम् ॥ આવી રીતે ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે ૨૧ પ્રાણાયામ કરવા, ત્યાર પછી સૃષ્ટિ કર્ત્તા પરમાત્મા અને સૃષ્ટિક્રમનો વિચાર કરવો જે નિમ્નલિખિત મંત્રમાં પરમેશ્વરે બતાવેલો છે, અને પરમેશ્વરને જગદીશ્વર, સર્વવ્યાપક ન્યાયકારી, સર્વત્ર અને સર્વદા સર્વ જીવોના દ્રષ્ટા છે એમ નિશ્ચિત જાણી, પાપની તરફ જતાં પોતાના મનને રોકવું તથા સર્વદા ધર્મયુક્ત કાર્યોમાં પ્રવૃત્ત થવું.

ओ३म् ऋतं च सत्यं चाभीद्धात्तपसोऽध्यजायत । ततो रात्र्यजायत ततः समुद्रो अर्णवः ॥ १ ॥ समुद्रादर्णवादधि संवत्सरो अजायत । अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ॥ २ ॥ सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः ॥ ३ ॥ ऋ० मं० १० । सू० १९० ॥

આ મંત્રો બોલી પાછું (शन्नोदेवी०) આ મંત્રથી ૩ ત્રણ આચમન કરવાં અને નિમ્નલિખિત મંત્ર વડે સર્વવ્યાપક પરમાત્માની સ્તુતિ પ્રાર્થના કરવી.

ओं प्राची दिगग्निरधिपतिरसितो रक्षितादित्या इषवः ॥ तेभ्यो नमोऽधिपतिभ्यो नमो रक्षितृभ्यो नम इषुभ्यो नम एभ्यो अस्तु । यो३ऽस्मान्द्वेष्टि यं वयं द्विष्मस्तं वो जम्भे दध्मः ॥ १ ॥ दक्षिणा दिगिन्द्रोऽधिपतिस्तिरश्चिराजी रक्षिता पितर इषवः । तेभ्यो० ॥ २ ॥ प्रतीची दिग्वरुणोऽधिपतिः पृदाकू रक्षितान्नमिषवः । तेभ्यो० ॥ ३ ॥ उदीची दिक्सोमोऽधिपतिः स्वजो रक्षिताऽशनिरिषवः । तेभ्यो० ॥ ४ ॥ ध्रुवादिग् विष्णुरधिपतिः कल्माषग्रीवो रक्षिता वीरुध इषवः । तेभ्यो० ॥ ५ ॥ ऊर्ध्वा दिग्बृहस्पतिरधिपतिः श्वित्रो रक्षिता वर्षमिषवः । तेभ्यो० ॥ ६ ॥ अथर्व० कां० ३ । सू० २७ । मं० १–६ ॥

ઉપરના મંત્ર ભણતા જવું અને પોતાના મનથી ચારો તરફ બહાર અન્દર પરમાત્માને પૂર્ણ જાણી નિર્ભય, નિઃશંક, ઉત્સાહી, આનન્દિત અને પુરૂષાર્થી રહેવું. ત્યારપછી પરમાત્માનું ઉપસ્થાન કરવું, એટલે કે, પરમેશ્વરની નિકટ હું છું, અને મારી અતિ નિકટ પરમાત્મા છે, એવો દૃઢ વિચાર કરી નિમ્ન લિખિત મંત્રો બોલવા

जातवेदसे सुनवाम सोममरातीयतो निदहाति वेदः ॥ स नः पर्षदति दुर्गाणि विश्वा नावेव सिन्धुं दुरितात्यग्निः ॥ १ ॥ ऋ० मं० १ । सू० ९९ ॥ मं० १–२ ॥

चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः । आप्रा द्यावा पृथिवीऽअन्तरिक्षꣳ सूर्यऽआत्मा जगतस्तस्थुषश्च ॥ १ ॥ य० अ० १३ । मं० ४६ ।

उदु त्यं जातवेदसं देवं वहन्ति केतवः दृशे विश्वाय सूर्यम् ॥ २ ॥ यजुः० अ० ३३ । मं० ३७ ।

उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् । देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥ ३ ॥ य० अ० ३५ । मं० १४ । तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदःशतꣳ शृणुयाम शरदः शतम् प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ ४ ॥ यजु० । अ० ।३६ मं० २४॥

ત્યારપછી (शन्नो देवी०) આ મંત્રને પાછો બોલી ત્રણ વાર આચમન કરવાં, પછી (ओं भू र्भुवः स्वः) ઇત્યાદિ ગાયત્રીમંત્રનો જપ કરવો, અને તેનો અર્થ સારી રીતે વિચારવો. તે પછી પરમાત્માની સ્તુતિ, પ્રાર્થનો પાસના કરવી કે હે ! પરમેશ્વર દયાનિધે ! તમારી કૃપાથી જપ તથા ઉપાસના આદિ કર્મો કરી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ અમે શીઘ્ર કરીએ; આ પછીઃ-

ओं नमः शम्भवाय च मयोभवाय च नमः शङ्कराय च मयस्कराय च नमः शिवाय च शिवतराय च ॥ यजु० अ० १६ । मं० ४१ ॥

આ મંત્રથી પરમેશ્વરને નમસ્કાર કરી (शन्नोदेवी०) આ મંત્રથી વળી પાછા ત્રણ આચમન કરવાં, આટલું થયા પછી અગ્નિહોત્રનો પ્રારંભ કરવો. આ સંક્ષિપ્ત સંધ્યોપાસન વિધિ સમાપ્ત થયો.—

अग्निहोत्रं ।

જેમ સાંજ અને સવારના, બંને સન્ધિ સમયમાં સંધ્યોપાસના કરવીજ જોઇએ તેવીજ રીતે બંને સ્ત્રી પુરૂષોએ[1] અગ્નિ હોત્રપણ સવાર સાંજ બે વખતે નિત્ય કરવો જોઇએ. આગળ લખ્યા પ્રમાણે અગ્ન્યાધાન, સમિદાધાન અને (ओं अदितेऽनुमन्यस्व) ઇત્યાદિ ૪ મંત્રોથી યથાવિધિ કુંડની ચારે તરફ પ્રોક્ષણ કરી, સુગન્ધી દ્રવ્યોથી યુક્ત ઘીને તપાવી, એક પાત્રમાં રેડી યજ્ઞકુંડના પશ્ચિમ ભાગમાં પૂર્વાભિમુખ બેસી, પ્રથમ લખેલી ૪ આઘારાવાજ્ય ભાગાહુતિ આપવી અને નીચે લખેલા મંત્રોથી સવારના રોજ અગ્નિહોત્ર કરવો.

ओं सूर्यो ज्योतिर्ज्योतिः सूर्यः स्वाहा ॥ १ ॥

ओं सूर्यो वर्चो ज्योतिर्वर्चः स्वाहा ॥ २ ॥

ओं ज्योतिःसूर्यः सूर्योज्योतिः स्वाहा ॥ ३ ॥

નીચે લખેલા મંત્રો સાંજના અગ્નિહોત્ર કરતી વખતે બોલવાના છે.

ओं अग्निर्ज्योतिर्ज्योतिरग्निः स्वाहा ॥ १ ॥

ओं अग्निर्वर्चो ज्योतिर्वर्चः स्वाहा ॥ २ ॥

---

૧ કોઇ કારણ વિશેષથી સ્ત્રી અને પુરૂષ અગ્નિહોત્રનાં સમયે બંને સાથે ઉપસ્થિત ન હોય તો એકલી સ્ત્રીએ, અથવા એકલા પુરૂષે, એક બીજાનું કાર્ય પોતેજ કરીલેવું; એટલે એક મંત્ર બે વાર બોલી બે વાર આહુતિ આપવી જોઇએ.

પ્રથમનો મંત્ર મનમાં બોલી તે વડે આહુતિ આપવી.

ओं सजूर्देवेन सवित्रा सजूरात्र्येन्द्रवत्या जुषाणो अग्निर्वेतु स्वाहा ।

ત્યાર પછી નિમ્નલિખિત મંત્રોવડે જે સાંજ સવાર બંને વખત બોલવાના છે તે વડે આહુતિ આપવી.

ओं भूरग्नये प्राणाय स्वाहा ॥ इदमग्नये, प्राणाय, इदं न मम ॥ १ ॥ ओं भुवर्वायवेऽपानाय, स्वाहा ॥ इदंवायवेऽपानाय, इदं न मम ॥२॥ ओं स्वरादित्याय व्यानाय स्वाहा ॥ इदमादित्याय व्यानाय इदं न मम ॥ ३ ॥ ओं भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः प्राणापान व्यानेभ्यः स्वाहा ॥ इदमग्नि वाय्वादित्येभ्यः प्राणापानव्यानेभ्य, इदं न मम ॥ ४ ॥ ओं आपो ज्योतिरसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरों स्वाहा ॥५॥ ओं यां मेधां देवगणाः पितरश्चोपासते । तयामामद्यमेधयाग्ने मेधाविनं कुरुस्वाहा ॥६॥ य०अ० ३२। मं० १४ ॥ ओं विश्वानिदेव सवितर्दुरितानि परासुव । यद्भद्रं तन्न आसुव स्वाहा ॥ ७ ॥ य० । अ० ३० । मं० ३ । ओं अग्ने नय सुपथा राये ऽस्मान् विश्वानि देव वयुनानि विद्वान् । युयोध्यस्मज्जुहुराणमे नो भूयिष्ठान्ते नम उक्तिं विधम स्वाहा ॥ ८ ॥ य० अ० ४० । मं० १५ ॥

આ ૮ મંત્રો વડે અનુક્રમે ૮ આહુતિ આપી અને પછી ओं सर्वं वै पूर्णं स्वाहा ॥ આ મંત્રની ૩ ત્રણ પૂર્ણાહુતિઓ અર્થાત્ ત્રણ વાર બોલી અનુક્રમથી આહુતિઓ આપવી આને પૂર્ણાહુતિ કહે છે. આ સંક્ષિપ્ત અગ્નિહોત્રનો વિધિ સમાપ્ત થયો.

पितृयज्ञ.

અગ્નિહોત્રનો વિધિ પૂર્ણ કરી પછી પિતૃયજ્ઞ કરવો, એટલે જીવતાં માતાપિતા વગેરેની યથાવત સેવા કરવી, તેને પિતૃયજ્ઞ કહે છે. ત્યાર પછી બલિ વૈશ્વદેવ કરવો. બલિ વૈશ્વદેવના મંત્ર નીચે પ્રમાણે જાણવા, તે મંત્રોથી ઘૃતમિશ્રિત ભાત અને જો ભાત તૈયાર ન હોય તો ક્ષાર અને લવણ શિવાય જે કંઈ પાક થયો હોય તેની ૧૦ દશ આહુતિઓ આપવી.

ओं अग्नये स्वाहा ॥ ओं सोमायस्वाहा । ओं अग्नीषोमाभ्यां स्वाहा । ओं विश्वेभ्यो देवेभ्यः स्वाहा ॥ ओं धन्वन्तरये स्वाहाः ओं कुह्वै स्वाहा । ओं अनुमत्यै स्वाहा । ओं प्रजापतये स्वाहा । ओं सहद्यावापृथिवीभ्यां स्वाहा । ओं स्विष्टकृते स्वाहा ।

ત્યાર પછી બલિદાન કરવું બલિદાન મંત્રો નિચે પ્રમાણે છે.

ओं सानुगायेन्द्राय नमः	આથી પૂર્વ.
ओं सानुगाय यमाय नमः	આથી દક્ષિણ,
ओं सानुगाय वरुणाय नमः	આથી પશ્ચિમ,
ओं सानुगाय सोमाय नमः	આથી ઉત્તર,
ओं मरुद्भ्यो नमः	આથી બારણામાં,
ओं अद्भ्यो नमः	આથી પાણીમાં,
ओं वनस्पतिभ्यो नमः	આથી મુસળ (દસ્તો) અને ઉલુખલમાં (ઉખલી)
ओं श्रियै नमः	આથી ઇશાન,

ओं भद्रकाल्यै नमः આથી નૈઋત્ય,
ओं ब्रह्मपतये नमः। ओं वास्तुपतये नमः। આ મંત્રથી મધ્યમાં,
ओं विश्वेभ्यो देवेभ्यो नमः ओं नक्तं चारिभ्यो भूतेभ्यो नमः। આથી ઉપર,
ओं सर्वात्मभूतये नमः આથી પછવાડે અને,
ओं पितृभ्यः स्वधायिभ्यः स्वधा नमः। આ મંત્રથી દક્ષિણદિશામાં,

૧ પત્રાવળી અથવા થાળીમાં ઉપર કહેલી દિશાઓમાં થોડો થોડો ભાગ ધરવો જો તે વખતે કોઈ અતિથિ આવી ચડે તો તેને સર્વ આપી દેવું. નહીં તો અગ્નીમાં નાખી દેવું. પછી ઘી સહિત લવણાન્ન શિવાયનો પાક થોડો થોડો લઈ કુતરાં, પતિત, ચંડાલ, પાપી, રોગી, કાગડા અને કીડા વીગેરે માટે ૬ ભાગ લઈ પૃથિવીમાં મૂકવા અને પછી જેના જેના નામનો ભાગ હોય તેને તેને આપી દેવો. આ વિષયનું પ્રમાણઃ—

शुनां च पतितानां च श्वपचां पापरोगिणाम्।
वायसानां कृमीणांच शनकैर्निर्वपेद्भुवि ॥

अतिथि यज्ञ.

પાંચમો અતિથિ યજ્ઞ છે જેમાં ધામક, પરોપકારી, સત્યોપદેશક, પક્ષપાતરહિત, શાન્ત અને સર્વ હિતકારક વિદ્વાનોની અન્ન વગેરેથી સેવા કરવી તથા એમની સાથે પ્રશ્નોત્તર કરી વિદ્યા પ્રાપ્ત કરવી આને અતિથી યજ્ઞ કહે છે. આ યજ્ઞ નિત્ય કરવો જોઈએ. આ પ્રમાણે પંચ મહાયજ્ઞો તે સ્ત્રી પુરૂષોએ નિત્ય કરવા જોઇએ આ પછી પક્ષયજ્ઞ, અર્થાત પુનમ અને અમાવાસ્યાને દિવસે નિત્ય કરવાના અગ્નિહોત્રની આહુતિઓ આપ્યા પછી, સ્થાલીપાક તૈયાર કરી નિચે લખેલા મંત્રોવડે વધારે આહુતિઓ આપવી.

ओं अग्नये स्वाहा॥ ओं अग्निषोमाभ्यां स्वाहा ॥ ओं विष्णवे स्वाहा ॥

આ મંત્રો વડે સ્થાલીપાકની ત્રણ આહુતિઓ આપવી, પણ અહીં એટલું ધ્યાનમાં રાખવું કે અમાવાસ્યાને દિવસે ઉપલા ત્રણ મંત્રમાં " ओं अग्निषोमाभ्यां स्वाहा " આ મંત્રની જગ્યાએ "ओं इन्द्राग्निभ्यां स्वाहा"॥ આ મંત્ર બોલી સ્થાલીપાકની આહુતિઓ આપવી. આવી રીતે પક્ષ યજ્ઞ કરવે.

જે ઘરમાં દુર્ભાગ્યથી નિત્યનો અગ્નિહોત્ર ન થતો હોય તો, પક્ષ યજ્ઞમાં, પ્રથમ લખ્યા પ્રમાણે યજ્ઞકુંડ બનાવવો તથા યજ્ઞ સામગ્રી અને યજ્ઞમંડપ તૈયાર કરી આગળ લખ્યા પ્રમાણે અગ્ન્યાધાન અને સમિધાદાન કરી પ્રથમ લખેલી આઘારાવાજ્ય ભાગાહુતિઓ આપવી પછી વેદીની ચારો તરફ જલ સેચન કરી, ઇશ્વરોપાસના સ્વસ્તિવાચન, અને શાંતિકરણ યથાયોગ્ય કરવાં; અને જ્યારે જ્યારે નવું અન્ન પાકે ત્યારે નવશસ્યેષ્ટિ કરવી અને વર્ષના આરંભમાં નિમ્નલિખિતવિધિ કરવો જોઇએ. નવશસ્યેષ્ટિ કર્યા પછીજ નવીન અન્નને ભોજનના કામમાં લેવું, જ્યારે નવશસ્યેષ્ટિ અને વર્ષેષ્ટિ કરવાનો વિચાર હોય તો જે દિવસે પ્રસન્નતા હોય તેનેજ શુભદિવસ ગણી, ગ્રામ અને શહેરની બહાર કોઈ સારા ખેતરમાં યજ્ઞમંડપ બનાવી, સામાન્ય પ્રકરણમાં લખેલો સર્વ વિધિ સમાપ્ત કરી, પ્રથમ ૪ આઘારાવાજ્યાહુતિ તથા ૮ આજ્યાહુતિ મળી સોળ આજ્યાહુતિઓ આપવી, પછી કાર્ય કર્તાએ નિમ્નલિખિત પાંચ મંત્રોવડે પ્રધાન હોમની ૫ આજ્યાહુતિ આપવી.

ओं पृथिवी द्यौः प्रदिशो दिशो यस्मै द्युभिरावृताः । तमिहेन्द्रमुपह्वये शिवा नः सन्तु हेतयः स्वाहा ॥ १ ॥ ओं यन्मे किंचिदुपेप्सितमस्मिन् कर्म्मणि वृत्रहन् । तन्मे सर्वᳪं समृध्यतां जीवतः शरदः शतᳪं स्वाहा ॥ २ ॥ ओं सम्पतिर्भूतिर्भूमिर्वृष्टिर्ज्यैष्ठ्यᳪं श्रैष्ठ्यᳪं श्रीः प्रजामिहावतु स्वाहा, इदमिन्द्राय इदन्न मम ॥ ३ ॥ ओं यस्या भावे वैदिकलौकिकानां भूतिर्भवति कर्म्मणाम् । इन्द्रपत्नीमुपह्वये सीताᳪं सा मे त्वनपायिनी भूयात् कर्म्मणि कर्म्मणि स्वाहा, इदमिन्द्र पत्न्यै इदन्न मम ॥ ४ ॥ ओं अश्वावती गोमती सूनृतावती बिभर्ति या प्राणभृतो अतन्द्रिता । खलामालिनीमुर्वरामस्मिन् कर्मण्युपह्वये ध्रुवाᳪं सा मे त्वनपायिनी भूयात्स्वाहा, इदं सीतायै इदन्न मम ॥ ६ ॥

ત્યાર પછી ओं सीतायै स्वाहा ॥ ओं प्रजायै स्वाहा ॥ ओं शमायै स्वाहा ॥ ओं भूत्यै स्वाहा ॥

આ ચાર મંત્રો વડે ચાર અને (**यदस्य**) મંત્ર વડે એક સ્વિષ્ટકૃત્ હોમાહુતિ મળી પાંચ સ્થાલીપાકની આહુતિઓ આપી પ્રથમ લખ્યા પ્રમાણે અષ્ટાજ્યાહુતિ વ્યાહૃતિ ચાર એમ બધી મળીને ૧૨ બાર આજ્યાહુતિ દઈ પ્રથમ લખ્યા પ્રમાણે વામદેવ્યગાન, ઈશ્વરોપાસના, સ્વસ્તિવાચન તથા શાન્તિ કરણ કરીને યજ્ઞની સમાપ્તિ કરવી.

॥ अथ शालाकर्म विधिं वक्ष्यामः ॥

મનુષ્ય અને ગાય વગેરે પશુઓને રહેવા માટે, અન્નાદિ પદાર્થો રાખવા માટે, જે ગૃહ અર્થાત્ સ્થાન વિશેષ બનાવવામાં આવે છે; તેને શાલા કહે છે. તે શાલાની રચના વગેરેનું પ્રમાણ તથા તૈયાર થયા પછી શું શું કરવું જોઈએ તેનો વિધિ. એમ બે વિષયો છે તેમાં પ્રથમ પ્રમાણ અને પછી વિધિ એમ અનુક્રમથી લખશું

अत्रप्रमाणानि–उपमितां प्रति मितामथो परिमितामुत ।
शालाया विश्ववाराया नद्धायानि निचृतामसि ॥ १ ॥
हविर्धानमग्निशालं पत्नीनां सदनं सदः । सदो देवानामसि देवि शाले ॥ २ ॥

અર્થઃ—મનુષ્યોને ઉચિત છે, કે જ્યારે કોઈ પણ મનુષ્ય કોઈ પ્રકારનું ઘર બનાવે ત્યારે તે ઘર (**उपमिताम्**) સર્વ પ્રકારની ઉત્તમ ઉપમાયુક્ત, જેને જોઈ. (ગૃહબન્ધનક્રિયામાં) વિદ્વાન્ જનો પ્રશંસા કરે (**प्रतिमिताम्**) પ્રતિમાન્ અર્થાત્ એક દરવાજાની સામે બીજો દરવાજો ખુણાં અને કક્ષા પણ સન્મુખ હોવી જોઈએ. (**अथो**) ત્યાર બાદ (**परिमिताम्**) તે શાલા ચારો તરફના પરિમાણથી સમચોરસ હોવી જોઈએ (**उत**) અને (**शालायाः**) શાળા (**विश्ववारायाः**) વિશ્વવારા અર્થાત્ તેના દરવાજાઓ એવી રીતે રાખવા જોઈએ કે ચારે તરફનો પવન તેમાં સારી રીતે આવી શકે (**नद्धानि**) તે શાળાનું બાંધકામ અને ચણતર પણ મજબુત હોવું જોઈએ. હે મનુષ્યો ! જેમ અમે શિલ્પી, અર્થાત્ ગૃહબંધન ક્રિયામાં ઉત્તમ વિદ્વાન્, તે શાલાને (**निचृतामसि**) સારી રીતે ગ્રન્થિત અર્થાત્ બન્ધનયુક્ત કરીએછિયે, તેમ તમે પણ કરો. ૧ તે શાળામાં (**हविर्धानम्**) હોમ કરવાના પદાર્થો રાખવાનું સ્થાન, (**अग्निशालम्**) અગ્નિહોત્રનું સ્થાન, (**पत्नीनाम्**) સ્ત્રીઓને, (**सदनम्**) રહેવાનું, (**सदः**) સ્થાન અને

(हविर्धानाम्) પુરૂષો અને વિદ્વાનોને બેસવા, મેળાપ કરવા અને સભા માટે (सद्‌) સ્થાન તથા સ્નાન, ભોજન અને ધ્યાન વીગેરેને માટે પણ ભિન્ન ભિન્ન સ્થાન બનાવો. આવા પ્રકારની (देवि) દિવ્ય કામના કરવા યોગ્ય (शाले) બનાવેલી શાળા (असि) સુખ દાયક થાય છે ૨.

अन्तरा द्यां च पृथिवीं च यद्व्यचस्तेन शालां प्रतिगृह्णामि त इमाम् । यद॒न्तरिक्षं रजसो विमानं तत्कृण्वेऽहमुदरं शेवधिभ्यः । तेन शालां प्रतिगृह्णामि तस्मै ॥ ३ ॥ ऊर्जस्वती पयस्वती पृथिव्यां निमिता मिता । विश्वान्नं बिभ्रती शाले मा हिंसीः प्रतिगृह्णतः ॥ ४ ॥

અર્થ—જે શાળામાં (अन्तरा) જુદી જુદી (पृथिवीम्) શુદ્ધ ભુમિઓ, અર્થાત ચારો તરફ શુદ્ધસ્થાન હોવાં જોઇએ, (च) અને (द्याम) જેમાં સૂર્યનો પ્રતિભાસ આવતો હોય તેવી, પ્રકાશસ્વરૂપ દિવ્ય ભુમિની સમાન મજબુત શાળા બનાવવી જોઇએ,(च) અને (यत्) જે (व्यचः) તેનો વ્યાપ્તિ એટલે વિસ્તાર, હે સ્ત્રી ! (ते) તારે માટે છે, (तेन) તેથી સર્વ રીતે યુક્ત (इमाम्) આ, (शालाम्) શાલાને, બનાવું છું; તું આમાં નિવાસ કર. અને હું પણ નિવાસને માટે, આને (प्रतिगृह्णामि) ગ્રહણ કરૂં છું, (यत्) આના મધ્યમાં (अन्तरिक्षम्) પુષ્કલ અવકાશ અને (रजसः) તે ઘરનોજ વિશેષ પરિમાણ યુક્ત, લાંબો અને ઉંચો ઉપરનો ભાગ, (उदरम्) અને અન્દરનો વિસ્તારવાળો પ્રસાર હોવો જોઇએ, (तत्) તેને તથા (शेवधिभ्यः) સુખ આપનારી અનેક કક્ષાઓ વડે સુશોભિત તે શાલાને (अहम्) હું (कृण्वे) કરૂં છું (तेन) ઉપર કહેલા સર્વ લક્ષણોથી યુક્ત (शालाम्) શાળાને (तस्मै) તે ગૃહાશ્રમના સર્વ વ્યવહારો માટે (प्रतिगृह्णामि) હું ગ્રહણ કરૂં છું ૩.

જે (शाले) શાળા (ऊर्जस्वती) બહુ બળ, આરોગ્ય અને પરાક્રમને વધારનારી તથા ધન ધાન્યથી પરિપૂર્ણ; (पयस्वती) જળ, દુધ, વગેરે રસોથી પૂર્ણ (पृथिव्याम्) ભૂમિમાં (मिता) પરિમાણયુક્ત (निमिता) નિમિત કરેલી (विश्वान्नम्) સંપૂર્ણ અન્ન વગેરે ઐશ્વર્યને (बिभ्रती) ધારણ કરનારી (प्रतिगृह्णतः) ગ્રહણ કરનારાઓને રોગાદિથી (मा हिंसीः) પીડા ન કરે તેવી બનાવવી જોઇએ ૪.

ब्रह्मणा शालां निमितां कविभिर्निमितां मिताम् ।
इन्द्राग्नी रक्षतां शालाममृतौ सोम्यं सदः ॥ ५ ॥

અર્થ—(अमृतौ) સ્વરૂપથી નાશરહિત (इन्द्राग्नी) વાયુ અને અગ્નિ (कविभिः) ઉત્તમ વિદ્વાન્ શિલ્પીઓએ (मिताम्) પ્રમાણ યુક્ત, અર્થાત્ માપમાં જેવી જોઇએ તેવી (मिताम्) બનાવેલી શાળાને, અને (ब्रह्मणा) ચારો વેદોના જાણનાર વિદ્વાનો સર્વ ઋતુઓમાં સુખ આપે તેવી (निमिताम्) બનાવેલી (शालाम्) શાળાને પ્રાપ્ત થઈ ત્યાં રહેવાવાળા સર્વની (रक्षताम्) રક્ષા કરે, અર્થાત્ ચારો તરફનો શુદ્ધ વાયુ શાળામાં દાખલ થઈ અશુદ્ધ વાયુને બહાર કાઢતો રહે અને જેમાં ઘી અને સુગન્ધિવાળા પદાર્થોનો હોમ કરવામાં આવે તે અગ્નિ દુર્ગન્ધને બહાર કહાડી સુગન્ધને અન્દર સ્થાપન કરે; જે (सोम्यम्) ઐશ્વર્ય, આરોગ્ય સર્વદા સુખદાયક (सदः) રહેવાને માટે ઉત્તમ ઘર હોય તે સારૂં અને નિવાસને માટે યોગ્ય છે ૫.

या द्विपक्षा चतुष्पक्षा षट्पक्षा या निमीयते ।
अष्टापक्षां दशपक्षां शालां मानस्य पत्नीमग्निर्गर्भ इवाशये ॥ ६ ॥

અર્થ—હે મનુષ્યો ! (**या**) જે (**द्विपक्षा**) બે પક્ષ અર્થાત્ મધ્યમાં ૧ એક અને પૂર્વ પશ્ચિમમાં એકેક શાલાયુક્ત ઘર, અથવા (**चतुष्पक्षा**) જેના પૂર્વ, પશ્ચિમ દક્ષિણ અને ઉત્તરમાં એકેક શાળા અને આ શાળાઓની મધ્યમાં ૫ મી એક મોટી શાળા અથવા (**षट्पक्षा**) ૧ મધ્યમાં અને બે બે પૂર્વ પશ્ચિમ, તથા એક એક ઉત્તર દક્ષિણમાં શાળાઓ હોવી જોઇએ. (**या**) જે આવી શાળા (**निर्मीयते**) બનાવવામાં આવે છે તે ઉત્તમ હોય છે અને તેમાં પણ જે (**अष्टापक्षाम**) ચારો તરફ બે બે શાળાઓ, અને તેઓની મધ્યમાં એક નવમી શાળા હોય, અથવા (**दशपक्षाम**) જેની વચ્ચે ૨ બે શાળા અને આજુબાજુ ચાર દિશાઓમાં બબ્બે શાળા હોય તેવી (**मानस्य**) માપથી બનાવેલી (**शालाम्**) શાળાને, જેમ (**पत्नीम**) પત્નીને પ્રાપ્ત થઇને (**अग्निः**) અગ્નિમય આર્તવ અને વીર્ય (**गर्भइव**) ગર્ભરૂપ થઈ (**आशय**) ગર્ભાશયમાં રહે છે તેમ, સર્વ શાળાઓના દરવાજા બબ્બે હાથપર સિધા અને બરાબર હોવા જોઇએ. તથા જેની ચારો તરફની શાળાઓનું પરિમાણ ત્રણ ત્રણ વાર હોય અને મધ્યની શાળાઓનું ૭, ૭, વારના પરિમાણથી ઓછું, ન હોય અને ચાર ચાર વાર ચારો દિશામાં આવેલી આઠ આઠ વાર મધ્યમાં આવેલી શાળાઓનું પરિમાણ હોય અથવા મધ્યની શાળાઓને ૧૦ વારથી અધિક વિસ્તાર ન હોય તેવી શાળામાં ગૃહસ્થોએ રહેવું જોઇએ. જો તે સભાનું સ્થાન હોય તો બહારના દરવાજામાં ચારો તરફ બારણા અને મધ્યમાં થાંભલાઓ બનાવી ચારો બાજુએ ખુલ્લું બનાવવું જોઇએ કે જેના બારણા ઉઘાડવાથી ચારો તરફનો પવન તેમાં આવે તેમજ સર્વ ઘરોની ચારો બાજુએ વાયુ આવવા માટે અવકાશ તથા વૃક્ષફલ અને પુષ્કરની કુંડ હોવા જોઇએ; અને તેજ ઘર રહેવા માટે યોગ્ય છે ૬.

प्रतीचीं त्वा प्रतीचीनः शाले प्रैम्यहिंसतीम् ।

अग्निर्ह्य१ न्तरापश्च ऋतस्य प्रथमा द्वाः ॥ ७ ॥

અર્થ—જે (**शाले**) શાલાગૃહ (**प्रतीचीनः**) પૂર્વાભિમુખ, તથા જે ઘર (**प्रतीचीम**) પશ્ચિમ તરફના દ્વારવાળું (**अहिंसतीम**) હિંસા વગેરે દોષથી રહિત હોય, પશ્ચિમદ્વારના સન્મુખ પૂર્વનું દ્વાર જેમાં (**हि**) નિશ્ચય કરી (**अन्तः**) વચમાં (**अग्निः**) અગ્નિનું સ્થાન (**च**) અને (**आपः**) જળનું સ્થાન (**ऋतस्य**) સત્ય વસ્તુનું ચિંતન કરવા માટે એક સ્થાન અને (**प्रथमा**) (**द्वाः**) દરવાજા છે (**त्वा**) તે શાળાને (**प्रैमि**) યોગ્ય પ્રકારે હું પ્રાપ્ત થાઉં છું ૭.

मा नः पाशं प्रतिमुचो गुरुर्भारो लघुर्भव ।

वधूमिव त्वा शाले यत्रकामं भरामसि ॥ ८ ॥

अथर्व० कां० ९ अ० २ व० ३ ॥

અર્થઃ—હે કારીગર લોકો! જેમ, (**नः**) અમારી (**शाले**) શાળા, અર્થાત્ ઘર (**पाशम**) બન્ધનને (**मा प्रतीमुचः**) કદી ન છોડે, અર્થાત્ સર્વદા મજબુત રહે. જેમાં (**गुरुर्भारः**) મ્હોટો ભાર (**लघुर्भव**) નાનો થાય એવી શાલાઓ બનાવો; (**त्वा**) તે શાળાને (**यत्र, कामम**) જ્યાં જેવી ઇચ્છા હોય ત્યાં તેવી રીતે અમે લોકો (**वधूमिव**) સ્ત્રીની સમાન (**भरामसि**) સ્વીકાર કરીએ છિયે, તેમ તમે પણ તેનું ગ્રહણ કરો ૮.

આ પ્રમાણે જ્યારે ઘર બનીને તૈયાર થાય ત્યારે તેમાં પ્રવેશ કરતી વખતે શું શું વિધિ કરવો જોઇએ, તે નીચે લખ્યા પ્રમાણે જાણવી.

अथ विधिः—જ્યારે ઘર બનીનેતૈયારથાય તે વખતેતેને સારીરીતે સાફકરાવીચારે દિશાઓના બહારના દરવાજાઓમાં ચાર વેદી અને ઘરની મધ્યભાગમાં એક વેદી, અથવા વેદીની સમાન

તાંબાનો કુંડ બનાવી લેવો કે જેથી સઘળે ઠેકાણે એક કુંડથીજ કામ થાય. પછી સર્વ પ્રકારની સામગ્રી અર્થાત્ આગળ લખ્યા પ્રમાણે સમિધા, ઘી, ચોખા, મિષ્ટાન્ન, સુગન્ધ અને પુષ્ટિકારક દ્રવ્યોને લઇ તેને સાફ કરી એકાદ દીન પહેલાથીજ રાખી મુકવાં અને જ્યારે ગૃહપતિનું મન પ્રસન્ન હોય તેવા શુભ દિવસમાં ગૃહપ્રતિષ્ઠા કરવી તેમાં ધર્માત્મા અને વિદ્વાન્ ઋત્વિક,-હોતા, અધ્વર્યુ, અને બ્રહ્માનું વરણ કરવું અર્થાત્ તેમને બોલાવવાં. હોતાનું આસન પશ્ચિમ ભણી હોવું જોઇએ અને તેના પર તે પોતે પૂર્વાભિમુખ બેસે; અધ્વર્યુનું આસન ઉત્તરના ભાગમાં અને તે અધ્વર્યુ તેપર દક્ષિણાભિમુખ બેસે; ઉદ્ગાતાનું આસન પૂર્વ દિશામાં અને તેપર તે પશ્ચિમાભિમુખ બેસે અને બ્રહ્માનું દક્ષિણ તરફ ઉત્તમ આસન પાથરી ઉત્તરાભિમુખ બેસે; આ પ્રમાણે ચારો આસનો ઉપર ચાર પુરૂષોને બેસાડી ગૃહપતિએ સર્વત્ર પશ્ચિમ દિશામાં આસન પાથરી પૂર્વાભિમુખ બેસવું તેવીજ રીતે ઘરની મધ્યમાં આવેલી વેદીની ચારે તરફ બીજા આસનો પથરાવી રાખવાં અને પછી નિષ્ક્રમ્યદ્વાર એટલે જે દ્વારથી મુખ્ય કરી ઘરમાંથી આવજા થતી હોય તે દ્વારની સમીપ બ્રહ્મા સહિત ગૃહપતિ બહાર રહી **ओं अच्युताय भौमाय स्वाहा ॥** આ મંત્ર વડે ૧ આહુતિ આપી જેમાં ધ્વજા લગાડેલી હોય તેવા સ્તમ્ભને ઉભો કરવો અને ઘરની ઉપર ચારે ખુણામાં ૪ ચાર ધ્વજા લગાડવી તથા કાર્યકર્તા ગૃહપતિ, સ્તમ્ભને ઉભો કરી તેના મૂળમાં જલ સેચન કરે, જેથી તે મજબુત રહે, દ્વારની સન્મુખ બહાર જઇ નીચેના ૪ મંત્ર વડે ભિન્ન ભિન્ન દિશાઓમાં જલ સેચન કરે.

ओं इमामुच्छ्रयामि भुवनस्य नाभिं वसोर्द्धारां प्रतरणीं वसूनाम् ।
इहैवध्रुवां निमिनोमि शालाम् क्षेमे तिष्ठतु घृतमुच्छ्रयमाणा ॥ १ ॥

આ મંત્રથી પૂર્વદ્વારની સામે જલ છાંટવું.

अश्वावती गोमती सूनृतावत्युच्छ्रयस्व महते सौभगाय ।
आत्वा शिशुराक्रन्दन्त्वा गावो धेनवो वाश्यमानाः ॥ २ ॥

આથી દક્ષિણદ્વાર તરફ.

आत्वा कुमारस्तरुण आवत्सो जगदैः सह । आत्वा परिस्रुतः कुम्भ आदध्नः कलशैरुप क्षेमस्य पत्नी बृहती सुवासः रयिं नो धेहि सुभगे सुवीर्य्यम् ॥ ३ ॥

આથી પશ્ચિમદ્વારાભિમૂખ.

अश्वावद् गोमदुर्जस्वत्पर्णं वनस्पतेरिव । अभिनः पूर्यतां रयिरिदमनुश्रेयो वसानः ॥ ४ ॥

આ મંત્રથી ઉત્તર દ્વાર સન્મુખ જળ છાંટી પછી બધા દરવાંજાઓ ઊપર પુષ્પ અને પાંદડાં તથા કદલી સ્તમ્ભ અથવા કદલી પત્ર પણ દરવાજાની શોભાને માટે લટકાવવાં પછી ગૃહપતિએ નીચલું વાક્ય બોલવું. **ब्रह्मन् प्रविशामीति ।** હે બ્રહ્મન્! હું પ્રવેશ કરૂં છું. બ્રહ્માએ **वरं भवान् प्रविशतु ।** ભદ્ર ખુશીથી પ્રવેશ કરે. આવો પ્રત્યુત્તર આપવો. પછી ગૃહપતિએ બ્રહ્માની અનુમતિ લઇ નીચેનું વાક્ય બોલી ઘરની અંદર પ્રવેશ કરવો.

ओं ऋतं प्रपद्ये शिवं प्रपद्ये ત્યાર પછી જે ઘી ગરમ કરી ગાળી તથા સુગન્ધી દ્રવ્યો મેળવીને રાખેલું હોય તેને એકસારા પાત્રમાં કહાડી જે દ્વારમાંથી પહેલા પ્રવેશ કરવામાં આવ્યો હોય તે દ્વારમાં પ્રવેશ કરી, આગળ લખ્યા પ્રમાણે અગ્ન્યાધાન, સમિદાધાન, જલપ્રોક્ષણ અને આચમન કરી ઘીનીજ આઘારાવાજ્ય ભાગાહુતિઓ અને ૪ વ્યાહૃતિ

આહુતિ તથા ૧ સ્વિષ્ટકૃત્ આજ્યાહુતિ આપવી અર્થાત્ સર્વદિશાઓના દ્વારમાં આવેલી વેદીઓમાં અગ્ન્યાધાનથી લઇ સ્વિષ્ટકૃત્ આહુતિ સુધી વિધિ કરવો. ત્યારબાદ પૂર્વદિશાના દ્વારમાં આવેલા કુંડમાં નિમ્નલિખિત મંત્ર વડે ઘીની ૨ આહુતિ આપવી.

ओं प्राच्या दिशः शालाया नमो महिम्ने स्वाहा। ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा।

તેવીજ રીતે નિમ્ન લિખિત ૨ મંત્ર વડે દક્ષિણદ્વારની વેદિમાં અનુક્રમથી ૨ આહુતિઓ આપવી.

ओं दक्षिणाया दिशः शालाया नमो महिम्ने स्वाहा ॥

ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा ॥

નીચેનાં ૨ મંત્રોવડે ૨ આહુતિઓ પશ્ચિમ દિશાના દ્વાર પાસેના કુંડમાં આપવી.

ओं प्रतीच्या दिशः शालाया नमो महिम्ने स्वाहा।

ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा।

ओं उदीच्या दिशः शालाया नमो महिम्ने स्वाहा।

ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा ॥

આ મંત્ર વડે ઉત્તર દિશાની વેદીમાં ૨ આજ્યાહુતિઓ આપવી. પછી શાલાના મધ્ય ભાગની વેદીની સમીપ જઇ સર્વેએ પોતપોતાની, કહેલી દિશાઓમાં બેસી, નીચે લખેલા ૬ મંત્રો વડે અનુક્રમે ૬ આજ્યાહુતિઓ આપવી.

ओं ध्रुवाया दिशः शालाया नमो महिम्ने स्वाहा ॥

ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा।

ओं ऊर्ध्वाया दिशः शालाया नमो महिम्ने स्वाहा।

ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा।

ओं दिशो दिशः शालाया नमो महिम्ने स्वाहा।

ओं देवेभ्यः स्वाह्येभ्यः स्वाहा ॥

આટલું થયા પછી પૂર્વ દિશાના દ્વારની વેદીમાં અગ્નિ પ્રજ્વલિત કરી વેદીના દક્ષિણભાગમાં બ્રહ્માનું આસન, તથા હોતા વગેરેના ઉપર કહ્યા પ્રમાણે આસનો પથરાવી, તેજ વેદીના ઉત્તર ભાગમાં એક કળશ સ્થાપન કરી સ્થાલીપાક બનાવી એક બાજુએ રાખવો નિષ્ક્રમ્યદ્વારની સમીપ થોડી વાર થોભી બ્રહ્માદિ સહિત ગૃહપતિએ મધ્યશાલામાં પ્રવેશ કરી બ્રહ્માવિગેરેને તેમના નિયત કરેલા આસન ઉપર બેસાડી પોતે પૂર્વાભિમુખ બેસી, જે ઘીને ગરમ કરી ગાળી કસ્તુરી વગેરે નાખી હોય તેને એક પાત્રમાં લઈ સર્વની સામે એક એક પાત્ર ભરી રાખવું અને સ્રુવા વડે, નિમ્નલિખિત ૪ મંત્રો બોલી ૪ આજ્યાહુતિઓ આપવા.

ओं वास्तोष्पते प्रतिजानीह्यस्मान्त्स्वावेशो अनमीवो भवानः। यत्त्वेमहे प्रतितन्नो जुषस्व शन्नो भव द्विपदे शं चतुष्पदे स्वाहा ॥ १ ॥ वास्तोष्पते प्रतरणो न एधि गयस्फानो गोभिरश्वेभिरिन्द्रो। अजरासस्ते सख्ये स्याम पितेवपुत्रान् प्रतितन्नो जुषस्व स्वाहा ॥ २ ॥ वास्तोष्पते शग्मया संसदा ते सक्षीमहि रण्वया

गातुमस्याः । पाहि क्षेमंऽउत योगे वरं नो यूयं पात स्वस्तिभिः सदा नः स्वाहा ॥ ३ ॥ ऋ० मं० ७ सू० ५४ ॥

अमीवहा वास्तोष्पते विश्वारूपाण्याविशन् । सखा सुशेव एधि नः स्वाहा ॥ ४ ॥ ऋ० । मं० ७ सू० ५५ । म० १ ॥

પછી જે સ્થાલીપાક, અર્થાત્ ભાત બનાવ્યો હોય તેને કોઇ કાંસાના પાત્રમાં કાઢી તેપર યથાયોગ્ય ઘી રેડી સૌએ પોત પોતાની સામું મુકવું અને તેમાંથી સર્વેએ થોડું થોડું લઇ નિમ્નલિખિત ૭ ૬ મંત્રો વડે છ આહુતિઓ આપવી.

ओं अग्निमिन्द्रं बृहस्पतिं विश्वाँश्च देवानुपह्वये सरस्वतीञ्च वाजीञ्च वास्तु मे दत्तवाजिनः स्वाहा ॥ १ ॥

सर्पदेवजनान्त्सर्वाहिमवन्तं सुदर्शनम् ॥ वसूँश्च रुद्रानादित्यानीशानं जगदैः सह । एतान्त्सर्वान् प्रपद्येऽहं वास्तु मे दत्तवाजिनः स्वाहा ॥ २ ॥

पूर्वाह्णमपराह्णं चोभौ माध्यंदिना सह । प्रदोषमर्धरात्रं च व्युष्टां देवीं महापथाम् । एतान्त्सर्वान् प्रपद्येऽहं वास्तु मे दत्तवाजिनः स्वाहा ॥ ३ ॥

ओं कर्त्तारञ्च विकर्तारं विश्वकर्माण मोषधीश्च वनस्पतीन् ।

एतान्त्सर्वान् प्रपद्येऽहं वास्तु मे दत्तवाजिनः स्वाहा ॥ ४ ॥

धातारं च विधातारं निधीनां च पतिं सह । एतान्त्सर्वान् प्रपद्येऽहं वास्तु मे दत्तवाजिनः स्वाहा ॥ ५ ॥

स्योनं शिवमिदं वास्तु दत्तं ब्रह्मप्रजापती । सर्वाश्च देवताश्च स्वाहा ॥६॥

પછી કાંસાના પાત્રમાં ઉદુંબર, પલાશ, (ખાખરો) અને ઉભરાડાના પાંદડા, શાદ્વલ, (નવતૃણ) ગાયનું છાણ, દહીં, મધ, ઘી, કુશ અને જળ આ સર્વ વસ્તુઓ લઈ તેને મેળવી નિમ્નલિખિત ચાર મંત્રો વડે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, અને ઉત્તર આ ચારે દિશાઓના દ્વાર સમીપ નાખવી.

ओं श्रीश्च त्वा यशश्च पूर्वे संधौ गोपायेताम् ॥ આ મંત્રથી પૂર્વદ્વાર.

यज्ञश्च त्वा दक्षिणा च दक्षिणे संधौ गोपायेताम् ॥ આથી દક્ષિણ.

अन्नञ्च त्वा ब्राह्मणश्च पश्चिमे संधौ गोपायेताम् ॥ આથી પશ્ચિમ.

ऊर्क् च त्वा सूनृता चोत्तरे संधौ गोपायेताम् ॥ અને આથી ઉત્તર દિશાના દ્વાર સમીપ નાખવી અને જળ સેચન પણ કરવું

પછી નિમ્નલિખિત ચાર મંત્રો વડે ચાર દિશાઓમાં પરમાત્માનું ઉપસ્થાન કરવું.

केता च मां सुकेता च पुरस्ताद् गोपायेतामित्यग्निर्वैकेता ऽऽदित्यः सुकेता तौ प्रपद्ये ताभ्यां नमोऽस्तु तौमा पुरस्ताद् गोपायेताम् ॥ १ ॥

આ મંત્રથી પૂર્વ દિશામાં પરમાત્માનું ઉપસ્થાન કરી દક્ષિણ દ્વારની સન્મુખ દક્ષિણાભિમુખ થઈ

दक्षिणतो गोपायमानं च मा रक्षमाणा च दक्षिणतो गोपायेतामित्यहर्वैगोपायमानं रात्रीरक्षमाणा ते प्रपद्ये ताभ्यां नमोस्तुते मा दक्षिणतो गोपायेताम् ॥२॥

આ મંત્રથી જગદીશનું ઉપસ્થાન કરી પશ્ચિમ દ્વારની સંમુખ પશ્ચિમાભિમુખ થઈ—

दीदिविश्च मा जागृविश्च पश्चाद् गोपायेतामित्यन्नं वै दीदिविः प्राणो जागृविस्तौ प्रपद्ये ताभ्यां नमोऽस्तु तौ मा पश्चाद् गोपायेताम् ॥ ३ ॥

આ મંત્રથી સર્વ રક્ષક પરમાત્માનું ઉપસ્થાન કરી ઉત્તરદિશાના દ્વારની સન્મુખ ઉત્તરાભિમુખ થઈ—

अस्वप्नश्च मानवद्राणश्चोत्तरतो गोपायेतामिति चन्द्रमा वा अस्वप्नो वायुरनवद्राणस्तौ प्रपद्येताभ्यां नमोस्तु तौ चोत्तरतो गोपायेतामिति ॥ धर्मस्थूणा राजं॰ श्रीसूर्य्यामहोरात्रे द्वारफलके इन्द्रस्य गृहावसुमतो वरूथिनस्तानहं प्रपद्ये सह प्रजया पशुभिस्सह यन्मे किञ्चदस्त्युपहूतः सर्वगणाः सखायः साधुसंमतस्तां त्वाशाले अरिष्टवीरा गृहा नः सन्तु सर्वतः ॥

આ મંત્રથી સર્વાધિષ્ઠાતા પરમાત્માનું ઉપસ્થાન કરવું. પછી સુપાત્ર, વેદ જાણવાવાળા; અને ધાર્મિક હોતા વગેરે તથા જે ગુણ કર્મ અને સ્વભાવથી બ્રાહ્મણ હોય તેઓને તેમની પત્ની સહિત, તથા ઇષ્ટમિત્ર અને સંબંધીઓને ઉત્તમ ભોજન કરાવી તેમનો યથા યોગ્ય સત્કાર કરી દક્ષિણા આપવી અને પુરૂષોને પુરૂષોએ તથા સ્ત્રીઓને સ્ત્રીઓએ પ્રસન્નતાપૂર્વક વિદાય કરવાં; તેઓએ જતી વખતે ગૃહપતિ અને ગૃહપત્ની ઇત્યાદિને નિમ્ન લિખિત વાક્ય વડે આશીર્વાદ આપી પોતપોતાન ઘેર જવું.

सर्वे भवन्तोऽत्रानन्दिताः सदा भूयासुः ॥

તમે સર્વ હમેશા આનંદિત રહો. એવી અમારી આશીશ છે.

આ પ્રમાણે વાડી વગેરેની પણ પ્રતિષ્ઠા કરવી આમાં વિશેષ એટલુંજ છે કે જે તરફનો વાયુ વાડી અથવા બગીચામાં આવતો હોય તે તરફ હોમ કરવો કે જેથી વૃક્ષ વગેરે સુગન્ધિત થાય અને જો તે બગીચામાં કોઇ ઘર વગેરે બનાવેલું હોય તો તેની પણ શાલાની સમાન પ્રતિષ્ઠા કરવી જોઇએ.

ઇતિ શાલાદિસંસ્કારવિધિઃ સમાપ્તઃ।

આવી રીતે ગૃહાદિની રચના કરી ગૃહસ્થાશ્રમમાં પોતપોતાના વર્ણાનુસાર જે જે કર્તવ્યકર્મ હોય તેને બરાબર કરવાં.

॥ अथ ब्राह्मण स्वरूप लक्षणम् ॥

હવે બ્રાહ્મણના સ્વરૂપ, લક્ષણ અને કર્તવ્ય, વીશે લખીશું.

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहं चैव ब्राह्मणानामकल्पयत् ॥ मनु० ॥ १ ॥
शमोदमस्तपः शौचं क्षान्तिरार्जवमेवच ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ २ ॥ गीता० ॥

અર્થ-પૂર્ણ વિદ્યાભ્યાસ કરવો-(૧) કપટનો ત્યાગ કરી પ્રીતિપૂર્વક, પુરૂષે, પુરૂષોને અને સ્ત્રીએ, સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરાવવો (૨) અગ્નિહોત્રાદિ યજ્ઞો કરવા (૩) અને કરાવવા (૪) વિદ્યા અથવા સુવર્ણ ઇત્યાદિનું દાન સુપાત્રોને આપવું, (૫) અને ન્યાયથી ધનોપાર્જન

કરનારા ગૃહસ્થો પાસેથી દાન લેવું, (૬) આ છ કર્મો બ્રાહ્મણનાં છે. આ છ કર્મોમાં પહેલાં ત્રણ કર્મો ભણવું, યજ્ઞ કરવો, અને દાન દેવું આ * ધર્મ તરીકે જાણવાં; અને બાકીનાં, ભણાવવું, યજ્ઞ કરાવવો, અને દાનલેવું આ ત્રણ કર્મો જીવિકા માટે છે. પણ શ્રી મનુમહારાજ તો એમ કહે છે કે *प्रतिग्रहःप्रत्यवरः ॥ मनु० ॥ દાન લેવું એ ઘણું નીચ કર્મ છે કિંતુ યજ્ઞ કરાવીને અને ભણાવીને પોતાની આજીવિકા ચલાવવી ઉત્તમ છે ૧.

(शमः) મનને અધર્મમાં ન જવા દેવું પ્રત્યુત અધર્મ કરવાની ઇચ્છા પણ મનમાં ન કરવી (दमः) શ્રોત્રાદિ ઇન્દ્રિયોને અધર્માચરણથી સર્વદા દૂર રાખીને ધર્મમાં પ્રવૃત્ત કરવી (तपः) બ્રહ્મચર્ય વિદ્યા અને યોગાભ્યાસની સિદ્ધિને માટે શીતોષ્ણ, નિન્દા, સ્તુતિ, ક્ષુધા, તૃષા, માનાપમાન, વગેરે દ્વન્દ્વનું સહન કરવું (शौचम्) રાગ, દ્વેષ અને મોહ વગેરેથી મન અને આત્માને તથા જળ વગેરેથી શરીરને પવિત્ર રાખવાં (क्षान्तिः) ક્ષમા એટલે કોઈ, નિન્દા ઇત્યાદિથી પીડા કરે તો પણ તેના ઉપર કૃપાલુ થઈ ક્રોધ ન કરવો. (आर्जवम्) નિરભિમાન થઇ, દંભ સ્વાત્મશ્લાઘા, અર્થાત્ પોતાના મુખથી પોતાની પ્રશંસા ન કરવી, નમ્રતા, સરલતા, અને પવિત્રતા રાખવી (ज्ञानम्) સર્વ શાસ્ત્રોને સારી રીતે ભણી તેનું મનન કરી તેના શબ્દાર્થ સંમ્બધને યથાવત્ જાણી ભણાવવામાં પૂર્ણ સામર્થ્ય મેળવવા પરિશ્રમ કરવો (विज्ञानम्) પૃથ્વીથી લઇ પરમેશ્વર પર્યન્ત પદાર્થોને સારી રીતે જાણી ક્રિયા કુશલતા તથા યોગાભ્યાસ વડે સાક્ષાત્કાર કરી યથાવત્ ઉપકાર કરવો અને બીજાઓને તેમ કરવા પ્રેરણા કરવી. (आस्तिक्यम्) પરમેશ્વર, વેદ, ધર્મ, પરલોક, પરજન્મ, કર્મફલ અને મુક્તિ માનવાં; આ ૯ ગુણ કર્મનો ધર્મમાં અન્તર્ભાવ છે. આવાં ઉત્તમ ગુણ કર્મ અને ઉત્તમ સ્વભાવ જેનામાં હોય તે બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી છે. વિવાહ પણ તેવાજ ગુણકર્મ સ્વભાવ જેની સાથે મળતાં આવતાં હોય તેમની સાથે કરવો જોઇએ. મનુષ્ય માત્રે જેનામાં ઉપર કહેલા ગુણકર્મ અને સ્વભાવ હોય તેનેજ બ્રાહ્મણ વર્ણનો અધિકાર આપવો જોઇએ ૨.

॥ अथ क्षत्रिय स्वरूप लक्षणम् ॥

प्रजानां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
विषयेष्वप्रसाक्तिश्च क्षत्रियस्य समासतः ॥ १ ॥ मनु० ॥
शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रकर्म्मस्वभावजम् ॥ २ ॥ गीता० ॥

અર્થ--દીર્ઘકાલપર્યન્ત બ્રહ્મચર્ય પાળી (अध्ययनम्) સાંગોપાંગ વેદાદિ શાસ્ત્રોને યથાવત્ ભણવા (इज्या) અગ્નિહોત્રાદિ યજ્ઞો કરવા (दानम्) સુપાત્રોને વિદ્યા તથા સુવર્ણ આદિ અને પ્રજાને અભયદાન આપવું (प्रजानां रक्षणम्) પ્રજાઓની સર્વ પ્રકારથી સર્વદા યથાવત્ રક્ષા કરવી આટલાં કર્મ ક્ષત્રિયોના ધર્મના લક્ષણોમાં જાણવાં; અને શસ્ત્રવિદ્યા શીખવવી ન્યાયાલય

---

* ધર્મ એટલે ન્યાયાચરણ, પક્ષપાત છોડીને વર્તવું તેને ન્યાય કહે છે અને પક્ષપાત છોડવો, એટલે સર્વદા અહિંસા આદિ નિર્વૈરતા, અને સત્યભાષણ, આદિમાં સ્થિર રહી હિંસા, દ્વેષાદિ અને મિથ્યાભાષણ વગેરેનો ત્યાગ કરવામાંજ સર્વ મનુષ્યોનો ધર્મ છે જે જે ધર્મના લક્ષણ વર્ણ, કર્મમાં જુદા જુદા આપ્યા છે. તેથીજ ૪ ચાર વર્ણ પૃથક્ પૃથક્ ગણવામાં આવે છે.

*प्रतिग्रहाद्याजनाद्वा तथैवाध्यापनादपि । प्रतिग्रहः प्रत्यवरः प्रेत्यविप्रस्य गर्हितः ॥ मनु० अ० १० श्लो० १०९

અને સેનામાં રહી પોતાની જીવિકા કરવી એ ક્ષત્રિયની આજીવિકા જાણવી (**विषयेष्वप्रसक्तिः**) વિષયોમાં આસક્ત ન થઇ સદાજીતેન્દ્રિય રહેવું, લોભ, વ્યભિચાર અને મદ્યપાન વગેરેના કેફથી, તથા દુર્વ્યસનોથી દૂર રહેવું, વિનય, સુશીલતાદિ શુભકર્મમાં સર્વદા પ્રવૃત્ત થવું (**शौर्य्यम**) સંગ્રામ, મૃત્યુ અને શસ્ત્ર પ્રહાર આદિથી ન ડરવું (**तेजः**) પ્રગલ્ભ અને ઉત્તમ પ્રતાપી થઈ કોઇની પણ સામે ભીરૂ અથવા દીન ન થવું (**धृतिः**) ચાહે ગમે તેટલી આપત, વિપત્, કલેશ અથવા દુઃખ પ્રાપ્ત થાય તથાપિ ધૈર્ય રાખવું અને કદિ ન ગભરાવું, (**दाक्ष्यम्**) સંગ્રામ, વાગ્યુદ્ધ, દુતત્વ (દુતપણું), ન્યાય અને વિચાર વગેરેમાં અતિચતુરતા અને બુદ્ધિમત્તા રાખવી (**युद्धेचाप्यपलायनम्**) તથા યુદ્ધમાં સર્વદા તૈયાર રહેવું યુદ્ધથી ધભરાઈ શત્રુના વશમાં કદિ ન થવું. (**दानम्**) સુપાત્રોને વિદ્યા સુવર્ણ વગેરે અને પ્રજાને અભય દાન આપવું (**इश्वर-भावः**) જેમ પરમેશ્વર સર્વની ઉપર દયા કરી પિતાની પેઠે વર્તી, પક્ષપાત છોડી, ધર્મ અને અધર્મ કરનારાઓને યથાયોગ્ય સુખ દુઃખરૂપ ફલ આપે છે અને પોતાના સર્વજ્ઞતા આદિ સાધનો વડે સર્વનો અંતર્યામી થઈ સર્વના સારાં નઠારાં કર્મ યથાવત્ જુવે છે, તેમ પ્રજાની સાથે વર્તી ગુપ્ત દૂત વગેરે મોકલી પ્રજા તથા અન્ય રાજપુરૂષોનાં સારાં અને નઠારાં કર્મો સારી રીતે જાણવાં, રાત્ર દિવસ ન્યાય કરવો, પ્રજાને યથાવત સુખ આપવું, શ્રેષ્ઠોને માન અને દુષ્ટોને દંડદેવામાં સદાપ્રવૃત્ત રહેવું અને પોતે શરીરે સર્વ રીતે રોગ રહિત થઇ, બલિષ્ઠ, દૃઢ, તેજસ્વી અને દીર્ઘાયુ બની પોતાના આત્માને ન્યાયમાર્ગમાં પ્રવૃત્ત રાખવામાં પોતાનું જીવન સાર્થક સમજવું ઇત્યાદિ ઉત્તમ ગુણકર્મનાં યોગ જેમાં હોય તેને ક્ષત્રિય અને ક્ષત્રિયા જાણવી. એનો વિવાહ પણ તેવાજ ગુણ, કર્મ અને સ્વભાવ જેનામાં હોય તેની સાથે થવો જોઇએ. જેમ બ્રાહ્મણ પુરૂષોને અને બ્રાહ્મણી સ્ત્રીઓને ભણાવે. તેમ રાજા પુરૂષોને અને રાણી સ્ત્રીઓને ન્યાય તથા ઉન્નતિ સંર્વદા કર્યા કરે. જે ક્ષત્રિય, રાજા ન હોય તેણે રાજ્યમાંજ યથાધિકાર પદવી મેળવવી.

॥ अथ वैश्य स्वरूप लक्षणम् ॥

पशूनां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
वणिक्पथं कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥ मनु० ॥

અર્થ—(**अध्ययनम्**) વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરવું (**इज्या**) અગ્નિહોત્રાદિ યજ્ઞો કરવા અને (**दानम्**) અન્ન વગેરેનું દાન આપવું, આત્રણ વૈસ્યધર્મના લક્ષણ જાણવાં અને (**पशूनां रक्षणम्**) ગાય વગેરે પશુઓનું પાલન કરવું અને તેમનું દુધ ઇત્યાદિ વેચવું (**वणिक्पथम्**) ભિન્ન ભિન્ન દેશોની ભાષા, હિસાબ, ભૂગર્ભવિદ્યા, ભુમિ, બીજ વગેરેના ગુણ જાણવા અને સર્વ પદાર્થના ભાવાભાવનું ધ્યાન રાખવું **कुसीदम्**[1] વ્યાજ લેવું (**कृषिमेव च** તથા ખેતીની વિદ્યા જાણી અન્ન વગેરેની રક્ષા કરવી, ખાતર અને ભુમિની પરીક્ષા હળ જોડવા તથા બી વાવવા વગેરેનું સારી પેઠે જ્ઞાન રાખવું આ ૪ ચાંર કર્મ વૈસ્યની જીવિકા માટે છે આ ગુણકર્મ જેમાં હોય તે વૈસ્ય અને વૈસ્યા છે, આનો વિવાહ તેવાજ કોઇ ગુણકર્મ ધારનાર સાથેજ થવો જોઇએ ॥ ૧ ॥

---

૧ સેંકડે સવા રૂપિયાથી અધિક અને ૪ આનાથી ઓછું વ્યાજ ન લેવું અને ન આપવું. વ્યાજ લેતાં જયારે બમણું ધન થાય ત્યારે પછી બદામ પણ ન લેવી જેટલું ઓછું વ્યાજ લેવામાં આવશે તેટલુંજ ધન વધશે, અને કદિ પણ ધનનો નાશ, અને કુળમાં કુસંતાનની ઉત્પત્તિ નહી થાય.

॥ अथ शूद्र स्वरूप लक्षणम् ॥

एकमेवतु शूद्रस्य प्रभु कर्म समादिशत्।
एतेषामेव वर्णानां शुश्रूषामनसूयया ॥ १ ॥ मनुः

અર્થ—**(प्रभु)** પરમેશ્વર **(शूद्रस्य)** વિદ્યાહીન એટલે જેને ભણાવવાથી પણ વિદ્યા ન આવડે તેવા શરીરથી પુષ્ટ, સેવામાં કુશળ શુદ્રને માટે **(एतेषामेव वर्णानाम्)** બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણે વર્ણોની, **(अनसूयया)** નિન્દાનો ત્યાગ કરી **(शुश्रूषाम)** પ્રતિથી સેવા, કરવી **(एकमेव कर्म तु)** આજ એક કર્મ **(समादिशत्)** કરવાની આજ્ઞા આપી છે, આ મૂર્ખત્વાદિ ગુણ અને સેવા વગેરે કર્મ જે વ્યક્તિમાં હોય તેને શુદ્ર અથવા શુદ્રા જાણવાં અને આવા સ્ત્રીપુરૂષોનો તેવાજ ગુણ કર્મ ધરાવનાર સાથે વિવાહ થવો જોઇએ; અને તેમને અધિકાર પણ તેવોજ આપવો જોઇએ. આ પ્રમાણે ગુણ કર્મ અને સ્વભાવના યોગથી વર્ણવ્યવસ્થા જ્યાં હોય છે તે કુલ, દેશ, અને મનુષ્ય સમુદાયની ઘણી ઉન્નતિ થાય છે. હવે બ્રાહ્મણાદિ વર્ણવાળા મનુષ્યો પોતપોતાના કર્મોમાં નિમ્નલિખિત રીતિથી વર્તે.

वेदोदितं स्वकं कर्म नित्यं कुर्याद तन्द्रितः ।
तद्धि कुर्वन्यथाशक्ति प्राप्नोति परमां गतिम् ॥ १ ॥
नेहेतार्थान् प्रसंगेन न विरुद्धेन कर्म्मणा ।
न विद्यमानेष्वर्थेषु नार्त्तामपि यतस्ततः ॥ २ ॥

અર્થ—બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યાદિ દ્વિજોએ પોતપોતાના વેદોક્ત કર્મો, આલસ્ય છોડીને નિત્ય કરવાં કારણકે તે કર્મોને પોતાના સામર્થ્યાનુસાર કરવાવાળો મુક્તિ પર્યન્તના પદાર્થોને પામે છે. ॥ ૧ ॥ ગૃહસ્થે, કદીપણ દુષ્ટતા પ્રસંગથી ધર્મવિરૂદ્ધ કર્મથી અને વિદ્યમાન પદાર્થ હોવા છતાં તેને ગુપ્ત રાખી, બીજાથી છળ કરીને અને ગમે એટલું દુઃખ આવી પડે તો પણ અધર્મથી, અથવા બીજા કોઇ એવા કુમાર્ગથી દ્રવ્યોનો સંચય કદી ન કરવો. ॥ ૨ ॥

इन्द्रियार्थेषु सर्वेषु न प्रसज्येत कामतः ।
अतिप्रसक्ति चैतेषां मनसा सन्निवर्तयेत् ॥ १ ॥
सर्वान्परित्यजेदर्थान् स्वाध्यायस्य विरोधिनः ।
यथा तथाऽध्यापयंस्तु साह्यस्य कृतकृत्यता ॥ २ ॥

અર્થ—ઇન્દ્રિયોના વિષયોમાં કામથી કદી ન ફસવું અને વિષયોની અત્યંત આ શક્તિથી મનને સારી રીતે રોકી રાખવું. ॥ ૩ ॥

જે પદાર્થો સ્વાધ્યાયના વિરોધી હોય તે સઘળાને છોડી દેવા અને ગમે તે પ્રકારથી વિદ્યા ભણાવવી, એજ ગૃહસ્થને માટે કૃતકૃત્યતા છે. ॥ ૪ ॥

बुद्धिवृद्धिकराण्याशु धन्यानि च हितानि च ।
नित्यं शास्त्राण्यवेक्षेत निगमांश्चैव वैदिकान् ॥
यथा यथाहि पुरुषः शास्त्रं समधिगच्छति ।
तथा तथा विजानाति विज्ञानं चास्य रोचते ॥ ६ ॥

न संवसेच्च पतितैर्न चाण्डालैर्न पुक्कशैः ।
न मूर्खैर्नावलिप्तैश्च नान्त्यैर्नान्त्यावसायिभिः ॥ ७ ॥

नात्मानमवमन्येत पूर्वाभिरसमृद्धिभिः ।
आमृत्योः श्रियमन्विच्छेन्नैनां मन्येत दुर्लभाम् ॥ ८ ॥

सत्यं ब्रूयात् प्रियं ब्रूयान्नब्रूयात् सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयादेष धर्म्मः सनातनः ॥ ९ ॥

અર્થ-હે સ્ત્રી પુરૂષો ! તમે જે ધર્મ, ધન અને બુદ્ધિ વગેરેની શીઘ્ર વૃદ્ધિ કરનાર શાસ્ત્રો છે તેનો, તથા જે વેદસમ્બધી ગ્રન્થો હોય તેનો અભ્યાસ કરો. ॥ ૫ ॥ મનુષ્ય જેમ જેમ શાસ્ત્રોનો વિચાર કરી તેના યથાર્થ મર્મોને સમજે છે તેમ તેનું જ્ઞાન અધિકને અધિક થાય છે; અને તેની પ્રીતિ વિજ્ઞાનમાં વધતી જાય છે. ૬ સજ્જન ગૃહસ્થ જનોને યોગ્ય છે કે જે પતિત, દુષ્ટકર્મ કરનારા, ચંડાલ, ગારૂડી (વાદી) મૂર્ખ, મિથ્યાભિમાની, અને જેઓના ઉદ્દેશ નીચ હોય, તેઓનો કદી પણ સંગ ન કરવો. ॥ ૭ ॥ જે ગૃહસ્થો પ્રથમ પુષ્કલ ધનવાન્ હોય અને પછી (દુર્ભાગ્ય વશ) નિર્ધન સ્થિતિમાં આવી પડે તો તે વખતે પોતાના આત્માનું અપમાન અથવા વિલાપ કદી ન કરવો કે હાય અમે નિર્ધન થઇ ગયા વગેરે; કિન્તુ મરણ પર્યન્ત લક્ષ્મીની ઉન્નતિમાં પુરૂષાર્થ કરવો અને તે દુર્લભ છે એમ કદીપણ નહીં સમજવું. ૮ મનુષ્યોએ સદૈવ સત્ય તથા પ્રિય બોલવું અપ્રિય સત્ય નહિ બોલવું જેમકે કાણાને કાણો અને મૂર્ખને મૂર્ખ વગેરે અપ્રિય વચન તેની સન્મુખ કદી નહીં બોલવાં; અને જે મિથ્યા ભાષણથી બીજાઓ પ્રસન્ન થાય તેવું પણ કદી નહિ બોલવું એ સનાતન ધર્મ છે ૯.

अभिवादयेद्वृद्धाँश्च दद्याच्चैवासनं स्वकम् ।
कृताञ्जली रूपासीत गच्छतः पृष्ठतोऽन्वियात् ॥ १० ॥

श्रुतिस्मृत्युदितं सम्यङ् निबद्धं स्वेषु कर्म्मसु ।
धर्ममूलं निषेवेत सदाचारमतन्द्रितः ॥ ११ ॥

आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥ १२ ॥

दुराचारो हि पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागीच सततं व्याधितोऽल्पायुरेवच ॥ १३ ॥

सर्वलक्षणहीनोऽपि यः सदाचारवान्नरः ।
श्रद्दधानोऽनसूयश्च शतं वर्षाणि जीवति ॥ १४ ॥

અર્થ—સદા વિદ્યાવૃદ્ધ અને વયોવૃદ્ધોને "નમસ્તે" શબ્દથી પ્રણામ કરવા અર્થાત્ તેમનું સન્માન કરવું જ્યારે સમીપ આવે ત્યારે ઉભા થઇ માન પૂર્વક લેવા જેવું અને પોતાના આસન ઉપર બેસાડવાં પછી હાથ જોડી સામ બેસી જે પૂછે તેનો યથાયોગ્ય ઉત્તર આપવો અને જ્યારે જાય ત્યારે તેમના સાથે દૂર જઈ "નમસ્તે" કરી વિદાય કરવાં તથા વૃદ્ધ લોકોએ પણ વખતો વખત જ્યાં ત્યાં વ્યર્થ ન જવું. ॥૧૦॥ ગૃહસ્થ લોકોએ સર્વદા આલસ્યનો ત્યાગ કરી વેદ અને મનુસ્મૃતિમાં વેદાનુકુલ કહેલાં પોત પોતાના કર્મમાં નિબદ્ધ રહી, તથા ધર્મનું મૂલ જે સદાચાર, અર્થાત્ સત્ય, અને સત્પુરૂષ આપ્તધર્માત્માઓના જે આચરણો છે તેનું સેવન સર્વદા કર્યા કરવું ॥ ૧૧ ॥

ધર્માચરણથીજ લાંબુ આયુષ્ય, ઉત્તમ પ્રજા, અને અક્ષય ધનને પ્રાપ્ત થય છે અને ધર્મથીજ અધર્મયુક્ત લક્ષણોનો નાશ થાય છે. ॥ ૧૨ ॥

જે, દુષ્ટાચારી પુરૂષ છે તે સર્વત્ર નિન્દિત, દુ:ખભાગી અને રોગગ્રસ્ત થઈ અલ્પ આયુષ્યવાળો થાય છે. ॥ ૧૩ ॥

જે સર્વ લક્ષણોથી હીન હોવા છતાં પણ, સદાચારયુક્ત, સત્યમાં શ્રદ્ધાવાળો અને નિન્દા વગેરે દોષરહીત હોય છે, તે સુખ પૂર્વક ૧૦૦ વર્ષ જીવે છે ॥ ૧૪ ॥

यद्यत्परवशं कर्म तत्तद्यत्नेन वर्जयेत् ।
यद्यदात्मवशं तु स्यात्तत्तत्सेवेत यत्नतः ॥ १५ ॥
सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
एतद्विद्यात् समासेन लक्षणं सुखदुःखयोः ॥ १६ ॥
अधार्मिको नरो यो हि यस्य चाप्यनृतं धनम् ।
हिंसारतश्च यो नित्यं नेहासौ सुखमेधते ॥ १७ ॥

અર્થ—મનુષ્યોએ જે જે કર્મો પરાધીન હોય તેનો પ્રયત્ન વડે ત્યાગ કરવો અને જે સ્વાધીન કર્મો હોય તેનું સેવન પ્રયત્નથી કરવું. ॥ ૧૫ ॥

કેમકે જેટલું પારકાના વશમાં રહેવું, તેટલુંજ દુઃખ, અને જેટલી સ્વાધીનતા છે તેટલુંજ સુખ છે. સુખદુઃખનુ આજ લક્ષણ સંક્ષેપથી જાણવું. ॥ ૧૬ ॥

જે અધાર્મિક મનુષ્ય છે. જે અધર્મથી ધન મેળવે છે, અને સર્વદા હિંસા વૈર, વગેરેમાં પ્રવૃત્ત રહે છે તે આલોકમાં, અને પરલોક, અર્થાત્ પરજન્મમાં સુખ પામતો નથી. ॥ ૧૭ ॥

नाधर्मश्चरितो लोके सद्यः फलति गौरिव ।
शनैरावर्तमानस्तु कर्त्तुर्मूलानि कृन्तति ॥ १८ ॥
यदि नात्मनि पुत्रेषु न चेत्पुत्रेषु नप्तृषु ।
नत्वेवन्तु कृतोऽधर्मः कर्त्तुर्भवति निष्फलः ॥ १९ ॥
सत्यधर्मार्यवृत्तेषु शौचे चैवारमेत्सदा ।
शिष्यांश्च शिष्याद्धर्मेण वाग्बाहूदरसंयतः ॥ २० ॥

અર્થ–મનુષ્યોએ નિશ્ચયથી જાણવું જોઇએ કે આ સંસારમાં, જેમ ગાયની સેવાનું ફળ જે દુધ વગેરે છે તે એકદમજ મળતું નથી કિન્તુ શનૈઃ શનૈઃ થાય છે તેમજ કરેલ અધર્મનું ફળ એકદમ મળતુ નથી કિન્તુ હળવે હળવે અધર્મ કરનારના સુખોનો પ્રતિરોધ કરી, સુખના મૂળોનો નાશ કરે છે પશ્ચાત્ અધર્મી દુઃખ ભોગવે છે ॥ ૧૮ ॥

જો અધર્મનું ફળ કર્તાની હૈયાતીમાં ન થાય તો પુત્રો નાસમયમાં, અને પુત્રોના સમયમાં ન થાય તો પૌત્ર વગેરે નાસમયમાં અવશ્ય પ્રાપ્ત થાય છે. કર્તાના કીધેલાં કર્મો નિષ્ફળ જાય એવું કદી બની શકેજ નહિ ॥ ૧૯ ॥

માટે મનુષ્યોને યોગ્ય છે કે સત્ય ધર્મ, અને આર્ય, અર્થાત્ ઉત્તમ પુરૂષોના આચરણોનું અવલંબન તથા બાહ્ય અને આન્તરિક શુદ્ધિ સર્વદા રાખવી, અને તેમાંજ રમણ કરવું. વાણી બાહુ અને ઉદરને નિયમમાં રાખી તથા સત્ય ધર્મનું પાલન કરી શિષ્યોને સર્વદા સુશિક્ષાનો ઉપદેશ કરવો ॥ ૨૦ ॥

परित्यजेदर्थकामौ यौ स्यातां धर्मवर्जितौ ।
धर्मं चाप्यसुखोदर्कं लोकविक्रुष्टमेव च ॥ २१ ॥
धर्मं शनैस्संचिनुयाद् वल्मीकमिव पुत्तिकाः ।
परलोकसहायार्थं सर्वभूतान्यपीडयन् ॥ २२ ॥
उत्तमैरुत्तमैर्नित्यं सम्बन्धानाचरेत्सह ।
निनीषुः कुलमुत्कर्षमधमानधमाँस्त्यजेत् ॥ २३ ॥
वाच्यर्था नियताः सर्वे वाङ्मूला वाग्विनिःसृताः ।
तान्तु यः स्तेनयेद्वाचं स सर्वस्तेयकृन्नरः ॥ २४ ॥
स्वाध्यायेन जपैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ।
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ २५ ॥

અર્થ—જે ધર્મથી વર્જીત પદાર્થ, અને કામ હોય તેને સર્વથા શીઘ્ર છોડી દેવાં અને જે ધર્માભાસ અર્થાત્ ઉત્તરકાળમાં દુઃખદાયક નીવડે અને જે લોકોને નિન્દિત કર્મમાં પ્રવૃત્ત કરનારાં છે, તેમનાથી દૂર રહેવું ॥ ૨૧ ॥

જેમ ઉધઈ હળવે હળવે મોટું ઘર બનાવે છે, તેમ મનુષ્યોએ પરજન્મમાં સાહાય્ય માટે પ્રાણીમાત્રને દુઃખ દીધા વગર ધર્મનો સંચય હળવે હળવે કરવો. ॥ ૨૨ ॥

જે માણસ પોતાના કુળને ઉત્તમ કરવા ઇચ્છતો હોય તેણે નીચ પુરૂષોનો સંગ છોડી નિત્ય સત્પુરૂષોના સંગમાં રહેવું જોઇએ. ॥ ૨૩ ॥

વાણીથી સર્વ વ્યવહારોનો નિશ્ચય થાય છે, વાણીજ સર્વનું મૂળ છે અને વાણીથીજ સર્વ વ્યવહારો સિદ્ધ થઇ શકે છે, એટલા માટે જે માણસ વાણીની ચોરી કરે છે એટલે મિથ્યાભાષણ કરે છે તે સર્વ ચોરી વગેરે પાપને કરે છે એમ જાણવું; માટે મિથ્યા ભાષણનો ત્યાગ કરી સર્વદા સત્ય ભાષણ કરવું. ॥ ૨૪ ॥

ધર્મથી વેદાદિ શાસ્ત્રોનું પઠન, પાઠન, ગાયત્રી પ્રણવ આદિના અર્થનો વિચાર, ધ્યાન અગ્નિહોત્રાદિ હોમ, કર્મોપાસના, જ્ઞાન, વિદ્યા, પૌર્ણમાસ્યાદિ ઇષ્ટી, પંચમહાયજ્ઞ, અગ્નિષ્ટોમ આદિ યજ્ઞ, ન્યાયથી રાજ્ય પાલન, સત્યોપદેશ અને યોગાભ્યાસાદિ ઉત્તમ કર્મ કરવાથી આ શરીર બ્રાહ્મી અર્થાત્ બ્રહ્મકર્મને યોગ્ય થાય છે. ॥ ૨૫ ॥

अथ सभा.

જે જે વિશેષ મોટા કામો હોય જેવાં કે રાજ્યતંત્ર વગેરે; તે તે સભાથી નિશ્ચિત થવાં જોઇએ. આને માટે પ્રમાણઃ—

तं सभा च समितिश्च सेना च ॥ १ ॥ अथर्व० कां० १५ । सू० ९ । मं० २ ॥

सभ्यं सभां मे पाहि ये च सभ्याः सभासदः ॥ २ ॥
अथर्व० कां० १९ । सू० ५५ । मं० ६ ॥

त्रीणि राजाना विदथे पुरूणि परि विश्वानि भूषथः सदांसि ॥ ३ ॥
ऋ० मं० ३ । सू० ३८ । मं० ६ ॥

અર્થ—(**तम्**) સંસારમાં ધર્મની સાથે જે રાજ્ય પાલન વિગેરે વ્યવહાર કરવામાં આવે છે, તેને સભા સંગ્રામ અને સેનાથી સર્વ પ્રકારે સંચિત કરવો ૧

હે સભ્ય ! સભાને યોગ્ય સભાપતિ રાજા તું (**मे**) મારી (**सभाम्**) સભાની (**पाहि**) રક્ષા તથા ઉન્નતિ કર (**ये च**) અને જે (**सभ्याः**) સભાને યોગ્ય ધાર્મિક આપ્ત (**सभासदः**) સભાસદ વિદ્વાન્ લોકો છે તેઓ પણ સભાની યોજના, રક્ષા વડે સર્વની ઉન્નતિ કરે ૨.

(**राजाना**) રાજા તથા પ્રજાના, ભદ્રપુરૂષો બંને એકત્ર થઇ (**विदथे**) ઉત્તમ જ્ઞાન, લાભદાયક કામ અથવા સંગ્રામાદિ કાર્ય માટે આ જગતમાં (**त्रीणि**) રાજસભા, ધર્મસભા, અને વિદ્યાસભા અર્થાત્ વિદ્યા વગેરેના વ્યવહારની વૃદ્ધિને માટે આ ત્રણ પ્રકારની (**सदांसि**) સભા નિયત કરી આથાજ સર્વ સંસારની સર્વ પ્રકારે ઉન્નતિ કરે ૩.

अनाम्ना तेषु धर्मेषु कथं स्यादिति चेद् भवेत् ।

यं शिष्टा ब्राह्मणा ब्रूयुस्स धर्मः स्यादशङ्कितः ॥ १ ॥

धर्मेणाधिगता यस्तु वेदः स परिबृंहणः ।

ते शिष्टा ब्राह्मणा ज्ञेयाः श्रुतिप्रत्यक्षहेतवः ॥ २ ॥

અર્થ—હે ગૃહસ્થ જનો ! જે ધર્મયુક્ત વ્યવહારો મનુસ્મૃતિ આદિમાં પ્રત્યક્ષ ન કહ્યા હોય તેમાં જે કોઇ શંકા હોય, તો જેને શિષ્ટ, આપ્ત, વિદ્વાન્ જાણતા હો, તે જે કહે તેને શંકા રહિત જાણી ધર્મ સમજો. ॥ ૧ ॥

સર્વ મનુષ્યો કંઇ શિષ્ટ હોતા નથી, પણ જેઓએ પૂર્ણ બ્રહ્મચર્ય અને ધર્મથી સાંગોપાંગ વેદોનું અધ્યયન કર્યું હોય, તથા શ્રુતિ-પ્રમાણ અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિધિ અથવા નિષેધ કરવામાં સમર્થ છે, તેવા ધાર્મિક અને પરોપકારી મનુષ્યોજ આપ્ત થઇ શકે છે ॥ ૨ ॥

दशावरा वा परिषद्यं धर्मं परिकल्पयेत् ।

त्र्यवरा वापि वृत्तस्था तं धर्मं न विचालयेत् ॥ ३ ॥

त्रैविद्यो हैतुकस्तर्की नैरुक्तो धर्मपाठकः ।

त्रयश्चाश्रमिणः पूर्वे परिषत्स्याद्दशावरा ॥ ४ ॥

ऋग्वेदविद्यजुर्विच्च सामवेदविदेव च ।

त्र्यवरा परिषज्ज्ञेया धर्मसंशयनिर्णये ॥ ५ ॥

एकोऽपि वेदविद्धर्मं यं व्यवस्येद् द्विजोत्तमः ।

स विज्ञेयः परो धर्मो नाज्ञानामुदितोऽयुतैः ॥ ६ ॥

અર્થ—ઉપર દર્શાવેલા (આપ્ત) ઓછામાં ઓછા દશ ૧૦ પુરૂષોની સભા હોવી જોઇએ અથવા જેઓ પૂર્ણવિદ્વાન્ હોય તેવા ત્રણની પણ સભા થઇ શકે. સભાથી જે ધર્મ અને કર્મ નિશ્ચિત થાય તે, સર્વ લોકોએ માનવું અને તે પ્રમાણે ચાલવું જોઇએ ॥ ૩ ॥

આ દશ વિદ્વાનોમાં એવા પ્રકારના વિદ્વાનો હોવા જોઇએ કે જેઓમાં ત્રણ વેદોના વિદ્વાનો, ચતુર્થ હૈતુક, અર્થાત્ કારણ અને અકારણનો જ્ઞાતા, પાંચમો તર્કી, એટલે ન્યાયશાસ્ત્ર જાણનાર, છઠ્ઠો નિરૂક્ત જાણનાર, સાતમો ધર્મશાસ્ત્રવિત્, આઠમો બ્રહ્મચારી, નવમો કોઇ સજ્જન ગૃહસ્થ અને દશમો વાનપ્રસ્થ આ મહાત્માઓની સભા થવી જોઇએ ॥ ૪ ॥

તથા ઋગ્વેદ જાણનાર, યજુર્વેદ જાણનાર, અને સામવેદ જાણનાર આ ત્રણ વિદ્વાનોની સભા ધર્મસંશય અર્થાત્ તે સંબંધીના સર્વ વ્યવહારોનો નિર્ણય કરવા માટે નિમવી જોઇએ, સભામાં જેટલા મનુષ્યો અધિક હશે તેટલું વધારે ઉત્તમ છે. ॥ ૫ ॥

દ્વિજોમાં ઉત્તમ, અર્થાત્ ચતુર્થાશ્રમી સંન્યાસી, એકલો પણ કોઇ સદ્ધર્મસંબંધી વ્યવહારનો નિશ્ચય કરે તો તેનેજ પરમ ધર્મ સમજવો; કિન્તુ અજ્ઞાની મનુષ્યો લાખો કે કરોડોની સંખ્યામાં હોય પણ તેમનું કહેવું ધર્મ તરીકે ન ગણવું. ધર્માત્મા વિદ્વાનો અને પરમ વિદ્વાન સન્યાસીનું વેદાદિ શાસ્ત્રના પ્રમાણથી યુક્ત કથન માનવા યોગ્ય છે. ॥ ૬ ॥

જો સભામાં મતભેદ રહે તો બહુ મતાનુસાર કાર્ય કરવું, જો બંને પક્ષોના મતો સમ હોય તો બે પક્ષોમાં જે ઉત્તમ જણાતો હોય તેનો સ્વીકાર કરવો, ને જો બંને પક્ષો ઉત્તમ હોય તો તે સમયે સંન્યાસીઓની સંમતિ લેવી; જે તરફ પક્ષપાત રહિત સર્વહિતૈષી સંન્યાસીઓની સંમતિ હોય તેજ પક્ષને ઉત્તમ સમજવો.

चतुर्भिरपि चैवैतैर्नित्यमाश्रमिभिर्द्विजैः ।
दशलक्षणको धर्मस्सेवितव्यः प्रयत्नतः ॥ ७ ॥
धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ ८ ॥ मनु० ॥

અર્થ—બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી વગેરે સર્વ મનુષ્યોને યોગ્ય છે કે નિમ્નલિખિત ધર્મનું સેવન કરવું અને તેથી વિરૂદ્ધ અધર્મ છે, તેનો પ્રયત્નથી ત્યાગ કરવો જોઇએ ૭.

ધર્મ, ન્યાય એટલે પક્ષપાત છોડી સત્યને સર્વદા આચરણમાં લાવવું અને અસત્યનો સર્વદા પરિત્યાગ કરવો આ ધર્મમાં ૧૧ અગીયાર લક્ષણો છે **(अहिंसा)** કોઇથી વૈરબુદ્ધિ કરી તેનું અનિષ્ટ કરવાની ઇચ્છા સરખી પણ ન કરવી **(धृतिः)** સુખ, દુઃખ, હાનિ અને લાભમાં ગભરાઇ જઇ ધર્મનો ત્યાગ કદી ન કરવો; કિંતુ શાન્તિપૂર્વક ધર્મમાં સ્થિર રહેવું. **(क्षमा)** સ્તુતિ, નિંદા તથા માન અપમાન ને સહન કરી ધર્મમાંજ સ્થિર રહેવું, **(दमः)** મનને સર્વદા અધર્મથી રોકી ધર્મમાંજ પ્રવૃત્ત રાખવું, **(अस्तेयम)** મન, વચન, અને કર્મથી અન્યાયનો ત્યાગ કરવો, તથા અધર્મથી પારકાનું દ્રવ્ય ન લેવું, **(शौचम)** રાગ દ્વેષાદિનો ત્યાગ કરી આત્મા અને મનને પવિત્ર રાખવાં અને જળ વગેરેથી શરીરને પવિત્ર રાખવું, **(इन्द्रियनिग्रहः)** શ્રોત્રાદિ બાહ્ય ઇન્દ્રિયોને અધર્મમાં ન જવા દઇ ધર્મમાં પ્રવૃત્ત રાખવી. **(धीः)** વેદાદિ સત્યવિદ્યાનો અભ્યાસ કરવો, બ્રહ્મચર્ય પાળવું, અને સત્પુરૂષનો સંગ કરી, કુસંગ, દુર્વ્યસન મદ્યપાનાદિનો ત્યાગ કરી બુદ્ધિની સર્વદા વૃદ્ધિ કરવી, **(विद्या)** જે વડે ભૂમિથી લઇ પરમેશ્વર પર્યન્તનો યથાર્થ બોધ થતો હોય તે વિદ્યા પ્રાપ્ત કરવી, **(सत्यम)** સત્ય ને માનવું સત્ય બોલવું અને તે પ્રમાણે વર્તવું, **(अक्रोधः)** ક્રોધાદિ દુર્ગુણોનો ત્યાગ કરી શાન્તિ વગેરે સદ્‌ગુણો ધારણો કરવા, તે ધર્મ કહેવાય છે. આ ધર્મના ૧૧ લક્ષણોની અનુકુળ પોતાનું વર્તન રાખવું અને તેથી ઉલટાં, પક્ષપાત કરી વૈરબુદ્ધિ રાખવી, અધૈર્ય, અક્ષમા, મનને અધર્મમાં જવા દેવું, ચોરી કરવી અપવિત્ર રહેવું, ઇન્દ્રિયોને વશ થઇ અધર્મમાં પ્રવૃત્તિ રાખવી, કુસંગ કરવો, દુર્વ્યસન જે મદ્યપાનાદિ છે તે વડે બુદ્ધિનો નાશ કરવો, અવિદ્યા અર્થાત્ અજ્ઞાનાન્ધકારમાં ફસી અધર્માચરણ રાખવું, અસત્ય માનવું, અસત્ય બોલવું, અને અસત્ય કરવું, અને ક્રોધ વગેરે દુર્ગુણોમાં ફસી અધર્મી અને દુષ્ટાચારી થવું, આ અગીયાર ૧૧ લક્ષણો અધર્મના છે; આથી સર્વદા દૂર રહેવું. ॥ ૮ ॥

न सा सभा यत्र न संति वृद्धा, न ते वृद्धा ये न वदन्ति धर्मम् ।
नासौ धर्मो यत्र न सत्यमस्ति, न तत्सत्यं यच्छलेनाभ्युपेतम् ॥ ९ ॥
सभां वा न प्रवेष्टव्यं वक्तव्यं वा समञ्जसम् ॥ [महाभारते ॥
अब्रूवन् विब्रुवन्वापि नरो भवति किल्बिषी ॥ १० ॥

धर्मो विद्धस्त्वधर्मेण सभां यत्रोपतिष्ठते।
शल्यं चास्य न कृन्तन्ति विद्धास्तत्र सभासदः ॥११॥
विद्वद्भिः सेवितः सद्भिर्नित्यमद्वेषरागिभिः ।
हृदयेनाभ्यनुज्ञातो यो धर्मस्तन्निबोधत ॥ १२ ॥

તે સભાજ નથી કે જેમાં કોઇ વૃદ્ધ પુરૂષ નથી, અને તે વૃદ્ધોજ નથીકે, જે ધર્મકથન કરતાનથી, અને તે ધર્મજ નથી, કે જેમાં સત્ય નથી, અને તે સત્યજ નથી કે જે છળથી યુક્ત હોય છે ૯.

મનુષ્યોને યોગ્ય છે કે પ્રથમ સભામાં પ્રવેશજ ન કરવો, અને કદી જવું તો સત્યજ બોલવું પણ સભામાં બેસી અસત્ય વાતને સાંભળે કે મૌન રહે અથવા સત્યથી વિરૂદ્ધ બોલે તો તે મનુષ્ય અતીવ પાપી છે. ૧૦.

અધર્મથી ધર્મ જે સભામાં હણાય છે તે સભાનાં સભાસદો જો તે ઘાને રૂઝવવા પ્રયત્ન ન કરે તો નિશ્ચયથી જાણવું કે તે સભાના સર્વે સભાસદો ઘાયલ થઇ પડેલા છે. ૧૧.

જેને સત્પુરૂષો અને વિદ્વાનો રાગ દ્વેષ રહિત થઈ પોતાના હૃદયને અનુકૂલ જાણી સેવે છે તેને તમે લોકો ધર્મ જાણો ૧૨.

धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हंतव्यो मानो धर्मो हतोऽवधीत् ॥१३॥
वृषो हि भगवान्धर्मस्तस्य यः कुरुते ह्यलम् ।
वृषलं तं विदुर्देवा स्तस्माद्धर्मं न लोपयेत् ॥ १४ ॥

જે પુરૂષ ધર્મનો નાશ કરે છે તેનો નાશ ધર્મ કરી દે છે અને જે ધર્મની રક્ષા કરે છે તેની રક્ષા ધર્મ કરે છે; તે માટે નષ્ટ થયેલો ધર્મ અમારો નાશ ન કરે આ ભયથી ધર્મનું હનન અર્થાત્ ત્યાગ કદી નહીં કરવો ૧૩.

જે સુખની વૃષ્ટિ કરતાર સર્વ ઐશ્વર્યનો દાતા છે તેનો જે લોપ કરે છે તેને વિદ્વાન્ લોકો વૃષલ નીચ કહે છે. ॥ ૧૪ ॥

न जातु कामान् न भयान्न लोभात् धर्मं त्यजेत जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखेत्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥ १५ ॥
यत्र धर्मो ह्यधर्मेण सत्यं यत्रानृतेन च । [॥ महाभारते ॥
हन्यते प्रेक्षमाणानां हतास्तत्र सभासदः ॥ १६ ॥ मनुः ॥

निन्दतु नीतिनिपुणा यदिवा स्तुवन्तु लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वान्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥१७॥
भर्तृहरिः

મનુષ્યોને યોગ્ય છે કે, કામથી એટલે અસત્ય કામનાથી સિદ્ધિ થતી હોય અથવા નિન્દા સ્તુતિ વગેરેના ભયથી અથવા લોભથી ધર્મનો ત્યાગ કદી નહીં કરવો, ચાહે અધર્મથી ચક્રવર્તિ- રાજ્યની પ્રાપ્તિ થતી હોય તથાપિ ધર્મને છોડી ચક્રવર્તિ રાજ્ય કદીપણ ગ્રહણ નહીં કરવું ને ભોજન, છાદન, જળપાન, વગેરેની જીવિકા પણ અધર્મથી થતી હોય પરંતુ તેને માટે, પ્રાણ પણ જાય તો પણ ધર્મ ન છોડવો કેમ કે જીવ અને ધર્મ નિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છે; અનિત્યને માટે નિત્યનો ત્યાગ કરવો એ અતીવ દુષ્ટ પુરૂષનું કામ છે. ધર્મનો હેતુ જે શરીર તે પણ અનિત્ય છે. ધન્ય છે તે મનુષ્યોને કે જે અનિત્ય શરીર અને સુખ દુઃખ વગેરે વ્યવહારોમાં વિદ્યમાન રહી ધર્મ કે જે નિત્ય છે તેનો ત્યાગ નથી કરતા ॥ ૧૫. ॥

જે સભામાં ઉપસ્થિત થયેલા સભાસદોની સન્મુખ અધર્મથી ધર્મ અને અસત્યથી સત્યનું હનન થાય છે તે સભામાં સર્વે સભાસદો મરેલા જેવા જાણવા. ૧૬.

સર્વ મનુષ્યોએ આ નિશ્ચયપૂર્વક જાણવું જોઇએ કે ગમે તો પોતાના સાંસારિક પ્રયોજનની નીતિમાં વર્તનારા ચતુર પુરૂષો નિન્દા અથવા સ્તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાય કે નષ્ટ થાય, આજેજ મૃત્યુ આવે કે યુગાન્તરમાં આવે તથાપિ જે મનુષ્ય ધાર્મિક માર્ગથી એક પણ પગલું વિરૂદ્ધ ચાલતા નથી, તે વીરપુરૂષને ધન્યવાદ છે. ૧૭.

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् । देवा भागं यथा पूर्वे संजानानाउपासते ॥ १ ॥ ऋ० मं० १० सू० १९१ । मं० २ ॥ दृष्ट्वा रूपे व्याकरोत् सत्यानृते प्रजापतिः । अश्रद्धामनृतेऽदधाच्छ्रद्धाᳫं सत्ये प्रजापतिः ॥ २ ॥ यजु० अ० १९ ॥ मं० ७७ ॥ सह नाववतु सहनौ भुनक्तु सह वीर्य्यं करवावहै । तेजस्विना वधीतमस्तु मा विद्विषा वहै ॥ ओं शान्तिश्शान्तिश्शान्तिः ॥ तै० अष्टमप्रपाठकः । प्रथमानुवाकः ।

હે ગૃહસ્થાદિ મનુષ્યો ! તમને, હું, ઈશ્વર આજ્ઞા આપું છું કે (**यथा**) જેમ પૂર્વે વિદ્યોપાર્જન કરી યોગાભ્યાસ કરનારા (**संजानानाः**) સમ્યક્ જ્ઞાની (**देवाः**) વિદ્વાન્ લોકો સાથે મળી (**भागम्**) સત્ય અને અસત્યનો નિર્ણય કરી અસત્યનો ત્યાગ કરી સત્યની (**उपासते**) ઉપાસના કરતા હતા તેમ (**सं, जानताम्**) આત્માની સહાયથી ધર્મ અને અધર્મ, પ્રિય તથા અપ્રિયને, સારી રીતે સમજવાવાળા તમારાં (**मनांसि**) મન, એક બાજુથી અવિરોધી થઇ ઉપર કહેલાં લક્ષણોથી યુક્ત એક ધર્મમાં સંમત થાય અને તમે તેજ ધર્મને, (**संगच्छध्वम्**) સારી રીતે એકત્ર થઇ પ્રાપ્ત કરો જેમાં તમારી એક સંમતિ થાય અને વિરૂદ્ધરૂપ અધર્મ છોડી દઇ (**सं, वदध्वम्**) સારી રીતે સંવાદ અર્થાત્ પરસ્પર પ્રીતિપૂર્વક પ્રશ્નોત્તર કરી એક બીજાની ઉન્નતિ કરતા રહો, ૧ (**प्रजापतिः**) સકલસૃષ્ટિની ઉત્પત્તિ અને પાલન કરનાર, સર્વવ્યાપક, સર્વજ્ઞ ન્યાયકારી, અને અદ્વતીય સ્વામી, પરમાત્મા (**सत्यानृते**) સત્યને અનૃત તથા અસત્ય (**रूपे**) એમ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા ધર્મને અને અધર્મને (**दृष्ट्वा**) પોતાની સર્વજ્ઞતા વડે યથાવત જોઇ (**व्याकरोत्**) ભિન્ન ભિન્ન નિશ્ચિત કરે છે. માટે (**अनृते**) મિથ્યા ભાષણ વગેરે અધર્મમાં (**अश्रद्धाम्**) અપ્રીતિ કરો, (**प्रजापतिः**) તે પરમાત્મા (**सत्ये**) સત્ય ભાષણ વગેરે લક્ષણયુક્ત ન્યાય અને પક્ષપાત રહીત ધર્મમાં તમારી (**श्रद्धाम्**) પ્રીતિને (**अदधात्**) ધારણ કરાવે છે, તેમજ તમે કરો. ૨

અમે, સ્ત્રીપુરૂષ, સેવક સ્વામી, મિત્ર મિત્ર, અને પિતા પુત્ર, વગેરે (**सह**) પરસ્પર મળી (**नौ**) બન્ને જણા પ્રીતિથી (**अवतु**) એક બીજાની રક્ષા કરતા રહીએ અને (**सह**) પ્રીતિથી એક બીજાથી મળી પરસ્પરના (**वीर्यम्**) પરાક્રમની વૃદ્ધિ (**करवावहै**) સર્વદા કરતા રહીએ. (**नौ**) અમારૂં (**अवधीतम्**) પઠન પાઠન (**तेजस्वि**) અતિ પ્રકાશમાન (**अस्तु**) થાય અને અમે એક બીજાથી (**मा विद्विषावहै**) વિદ્વેષ કદી ન કરીએ કિન્તુ સદા મિત્રભાવ અને સત્ય પ્રેમથી એક બીજા સાથે વર્તિએ અને સર્વે ગૃહસ્થો સદ્વ્યવહારોની વૃદ્ધિ કરતા રહીએ તથા સર્વદા આનંદમાં રહીએ. જે પરમાત્માનું "**ओ३म्**" નામ છે તેની કૃપા અને અમારા ધર્મયુક્ત પુરૂષાર્થથી અમારાં શરીર, મન અને આત્માના ત્રણ પ્રકારના દુઃખ છે તેનો નાશ થઈ જાય અને અમે લોકો પ્રીતિથી એક બીજા સાથે વર્તીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિમાં સફલ થઇ, હમેશાં આનંદમાં રહી સર્વને આનંદમાં રાખીએ.

इति गृहस्थाश्रमसंस्कारविधिः समाप्तः ॥

॥ अथ वानप्रस्थसंस्कारविधिं वक्ष्यामः ॥

વાનપ્રસ્થ સંસ્કાર એને કહેવામાં આવે છે કે જ્યારે વિવાહથી સન્તાનોત્પત્તિ કર્યા પછી પુત્ર પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી વિવાહ કરે અને તે પુત્રનેત્યાંપણ પુત્રપ્રાપ્તિ થાય. અર્થાત્ છોકરાને ઘરે જ્યારે છોકરાં થાય ત્યારે પુરૂષ વાનપ્રસ્થાશ્રમ અર્થાત્ વનમાં જઇને નીચે લખ્યા પ્રમાણે વર્તે.

अत्रप्रमाणानि—ब्रह्मचर्याश्रमं समाप्यगृही भवेद्गृहीभूत्वावनी भवेद्वनी भूत्वा प्रव्रजेत् ॥ शतपथब्राह्मणे ॥१॥ व्रतेन दीक्षामाप्नोति दीक्षयाप्नोति दक्षिणाम् । दक्षिणा श्रद्धामाप्नोति श्रद्धया सत्यमाप्यते ॥ २ यजु० अ० १९ मं० ३०

અર્થઃ—મનુષ્યોની એ ફરજ છે કે બ્રહ્મચર્ય આશ્રમ પૂર્ણ કર્યા પછી ગૃહસ્થ થાય. ગૃહસ્થ થયા પછી વની, અર્થાત્ વાનપ્રસ્થ થાય. વાનપ્રસ્થ થયા પછી સન્યાસ ગ્રહણ કરે. જ્યારે મનુષ્ય બ્રહ્મચર્યાદિ તિર્થ સત્યભાષણાદિ વ્રતો અને નિયમોનું સેવન કરે છે ત્યારે તે (**व्रतेन**) વ્રતના પ્રભાવથી ઉત્તમ પ્રતિષ્ઠા રૂપ (**दीक्षां**) દીક્ષાને મેળવે છે. વળી (**दीक्षया**) બ્રહ્મચર્યાદિ આશ્રમોના નિયમોનું પાલન કરવાથી (**दक्षिणाम्**) સત્કાર પૂર્વક ધનાદિ પદાર્થોને પ્રાપ્ત થાય છે. (**दक्षिणयां**) અને તે સત્કારથી (**श्रद्धाम्**) સત્યના સેવનમાં પ્રીતીને પ્રાપ્ત થાય છે અને (**श्रद्धया**) સત્ય ધાર્મિક જનોમાં પ્રીતિ કરવાથી (**सत्यम्**) સત્યવિદ્વાન્ અથવા સત્ય પદાર્થ મનુષ્યને પ્રાપ્તથાય છે. એટલા માટે શ્રદ્ધાપુર્વક બ્રહ્મચર્ય અને ગહસ્થાશ્રમનું સેવન કર્યા પછીજ મનુષ્યે અવસ્ય વાનપ્રસ્થાશ્રમ લેવો.

अभ्या दधामि समिधमग्ने व्रतपतेत्वयि । व्रतंचश्रद्धांचोपैमीन्धेत्वां दीक्षितोऽहम् ऋ० अ० २० मं० २४ आ नयैतमारभस्वसुकृतां लोकमपि गच्छतु प्रजानन्। तीर्त्वा तमांसि बहुधा महान्त्यजो नाकमाक्रमतां तृतीयम् ॥ ४ ॥

હે (**व्रतपतेऽग्ने**) નિયમનું પાલન કરવાવાળાના પ્રભુ, (**दीक्षितः**) દીક્ષા લીધેલ (**अहम्**) હું (**त्वयि**) તારી અંદર સ્થિર થઇને (**व्रतम्**) બ્રહ્મચર્યાદિ આશ્રમોનું સેવન (**च**) તથા તેના સાધનો (**श्रद्धाम्**) સત્યનુ સેવન. (**च**) તથા તેને પ્રાપ્ત કરવાના ઉપાયોને (**उपैमि**) પ્રાપ્ત થાઉં છું. એટલા વાસ્તે જેવીરીતે અગ્નિમાં સમિધા (**समिधम्**) (**अभ्या दधामिं**) ધારણ કરૂં છું અર્થાત્ મુકું છું તેવીજ રીતે વિદ્યા અને વ્રતાદિકને ધારણ કરી પ્રકાશિત કરૂં છું અને તેવીજ રીતે (**त्वा**) તને પણ મારા આત્માની અંદર ધારણ કરીને સદા (**इन्धे**) પ્રકાશિત કરૂં છુ હે (**प्रजानन्**) સમ્યક્ જ્ઞાનવાન્ તું (**एतम्**) આ વાનપ્રસ્થાશ્રમને; (**आरभस्व**) આરંભકર. (**आनय**) તારા મનને ગૃહસ્થાશ્રમમાંથી ખસેડી એની તરફ દોર. (**सुकृताम्**) પુણ્યાત્માઓને (**लोकमपि**) જોવા યોગ્ય આ વાનપ્રસ્થાશ્રમને પણ (**गच्छतु**) પ્રાપ્ત થા. (**बहुधा**) અનેક પ્રકારના (**महान्ति**) મોટા મોટા (**तमांसि**) અજ્ઞાન અંધકારાદિ સંસારના મોહને (**तीर्त्वा**) તરી જઇને અર્થાત્ તેનાથી અલગ થઇને (**अजः**) તારા આત્માને અજર અમર જાણી (**तृतीयम्**) ત્રીજા (**नाकम्**) દુઃખરહિત વાનપ્રસ્થાશ્રમને (**आक्रमताम्**) આક્રમણકર; અર્થાત્ વિધિપૂર્વક આરૂઢ થા. ॥ ૪ ॥

भद्रमिच्छन्त ऋषयस्स्वर्विदस्तपो दीक्षामुपनिषेदुरग्रे ।

ततो राष्ट्रं बलमोजश्च जातं तदस्मै देवा उपसन्नमन्तु ॥ ५ ॥

अथर्व० कां० १९ सू० ४१ मं० १

मानो मेधां मानो दीक्षां मानो हिंसिष्ट यत्तपः ।

शिवा न स्सन्त्वायुषे शिवा भवन्तु मातरः ॥ ६ ॥

अथर्व० कां० १९ सू० ४० मं० ३

અર્થ—હે વિદ્વાન્ મનુષ્યો જેવી રીતે (**स्वर्विदः**) સુખને પ્રાપ્ત કરવાવાળા (**ऋषयः**) વિદ્વાન મનુષ્યો (**अग्रे**) સૌથી પ્રથમ (**दीक्षाम्**) બ્રહ્મચર્યાદિ આશ્રમોની દીક્ષા અને ઉપદેશ લઇને (**तपः**) પ્રાણાયામ અને વિદ્યાધ્યયન જીતેન્દ્રિયત્વાદિ શુભ લક્ષણોને (**उपनिषेदुः**) પ્રાપ્ત કરી તેઓનું સેવન કરે છે તેવીજ રીતે આ (**भद्रं**) કલ્યાણકારક વાનપ્રસ્થાશ્રમની (**इच्छन्तः**) ઇચ્છા કરો. જેવી રીતે રાજકુંવરો બ્રહ્મચર્યાશ્રમને (**ततः**) સેવ્યાથીજ(**ओजः**) પરાક્રમ (**च**) અને (**बलम्**) બલને પ્રાપ્ત કર્યા પછી (**जातम्**) પ્રસિદ્ધ (**राष्ट्रं**) રાજ્યની ઇચ્છા અને રક્ષા કરી શકે છે અને (**अस्मै**) એવા ન્યાયકારી ધર્મિક વિદ્વાન્ રાજાને (**देवाः**) વિદ્વાન્ લોકો નમન કરે છે (**तत्**) એવી રીતે સર્વે મનુષ્યો વાનપ્રસ્થાશ્રમનું સેવન કરવાવાળા તમને (**उप, सं, नमन्तु**) પ્રાપ્ત થઇ યથાયોગ્યરીતે નમસ્કાર કરો. (૫) સંબંધીજન (**नः**) અમારી વાનપ્રસ્થાશ્રમવાળાઓની (**मेधां**) પ્રજ્ઞા, (**नः दीक्षां**) દીક્ષા, (**नः तपः**) અમારાં પ્રાણાયામ આદિ ઉત્તમ તપ ઇત્યાદિનો (**मा हिंसिष्ट**) નાશ ન કરે, અમારી દીક્ષા અને આયુષ્યને માટે સર્વ પ્રજા (**शिवाः**) કલ્યાણ કરવાવાળી (**सन्तु**) થાઓ અને જેવી રીતે અમારી (**मातरः**) માતા, પિતામહી, પ્રપિતામહી આદિ (**शिवाः**) કલ્યાણ કરવાવાળા છે તેવીજ રીતે સર્વ લોક પ્રસન્ન થઇને અમને વામપ્રસ્થાશ્રની અનુમતિ દેવાવાળા (**भवन्तु**) થાઓ. ૬.

तपः श्रद्धेये ह्युपवसन्त्यरण्ये शान्त्या विद्वांसो भैक्ष्य चर्याञ्चरन्तः। सूर्यद्वारेण ते विरजाः प्रयान्तियत्रामृतः स पुरुषो ह्यव्ययात्मा ॥७॥ मुण्डकोपनिषद् खं०मं७

અર્થ—હેમનુષ્યો (**ये**) જે(**विद्वांसः**) વિદ્વાન લોકો (**अरण्ये**) જંગલમાં (**शान्त्या**) શાન્તિપુર્વક (**तपः श्रद्धे**)યોગાભ્યાસ અને પરમાત્મામાં પ્રીતિ રાખી (**उपवसन्ति**) વનવાસીઓની સમીપ વાસ કરે છે અને (**भैक्ष्य चर्याम्**) ભિક્ષા ચરણ (**आचरन्तः**) કરીને વનમાં નિવાસ કરે છે (**ते**) તે (**हि**) જ (**विरजाः**) લોકો નિર્મળ નિર્દોષ અને નિષ્પાપ થઇને (**सूर्य द्वारेण**) પ્રાણદ્વારા (**यत्र**) જ્યાં (**सः**) તે (**अमृतः**) નિત્ય (**अव्ययात्मा**) નાશરહિત (**पुरुषः**) પુર્ણ પરમાત્મા બીરાજે છે (**हि**) ત્યાં (**प्रयान्ति**) જાય છે અર્થાત્ મોક્ષ પામે છે. એટલા માટે વાનપ્રસ્થાશ્રમનુ સેવન કરવું અતિ ઉત્તમ છે.

एवं गृहाश्रमे स्थित्वा विधिवत्स्नातको द्विजः ।

वने वसेत्तु नियतो यथा वद्विजितेन्द्रियः ॥ १ ॥

गृहस्थ स्तु यदा पश्येद् वली पलितमात्मनः ।

अपत्यस्यैव चापत्यं तदारण्यं समाश्रयेत् ॥ २ ॥

सन्त्यज्य ग्राम्यमाहारं सर्वञ्चैव परिच्छदम् ।
पुत्रेषु भार्यां निक्षिप्य वनंगच्छेत्सहैव वा ॥ ३ ॥

અર્થ—આગળ બતાવેલ વિધિ પ્રમાણે બ્રહ્મચર્યસહિત પૂર્ણ વિદ્યાનું અધ્યયન કર્યા પછી સમાવર્તન વખતે સ્નાનવિધિ કરવાવાળા દ્વિજે અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યે, જીતેન્દ્રિય અને જીતાત્મા થઇ યથાવત્ ગૃહસ્થાશ્રમ કર્યા પછી વનમાં વસવું ૧. ગૃહસ્થે; જ્યારે પોતાના શરીરની ત્વચાને ઢીલી થતી અને બાળને સફેત થતાં જુએ અને પુત્રને ઘેર પણ પુત્ર થાય ત્યારે વનનો આશ્રય લે. (૨) જ્યારે વાનપ્રસ્થ ગૃહણ કરે ત્યારે ગામમાં પેદા થયેલા આહારને છોકરાને અને ઘરના સર્વ પદાર્થોને છોડી દે અને .પોતાની સ્ત્રીને પુત્રપાસે રાખી જાય અથવા વનમાં પોતાની સાથે લઇ જાય. (૩)

अग्निहोत्रं समादाय गृह्यं चाग्निपरिच्छदम् ।
ग्रामादरण्यं निसृत्य निवसेन्नियतेन्द्रियः ॥ ४ ॥

જ્યારે ગૃહસ્થ વાનપ્રસ્થ થવાની ઇચ્છા કરે ત્યારે સર્વ સાધનો સહિત અગ્નિહોત્રને સાથે લઇ ગામમાંથી બહાર નીકલી જંગલમાં જીતેન્દ્રિયતા પૂર્વક નિવાસ કરે. (૪)

स्वाध्याये नित्य युक्तः स्याद्दान्तो मैत्रःसमाहितः ।
दाता नित्य मनादाता सर्व भूतानुकम्पकः ॥ ५ ॥
तापसेष्वेव विप्रेषु यात्रिकं भैक्ष्यमाहरेत् ।
गृहमेधिषु चान्येषु द्विजेषु वनवासिषु ॥ ६ ॥
एताश्चान्याश्च सेवेत दीक्षा विप्रो वने वसन् ।
विविधाश्चौपनिषदी रात्म संसिद्धये श्रुतीः ॥ मनु अ० ६ ॥

અર્થ—ત્યાં જંગલની અંદર વેદાદિ શાસ્ત્રોના પઠન પાઠનમાં મનને હમેશાં યુક્ત કરે અને ઇંદ્રિયોને જીતીને પોતાની સ્ત્રી સાથે અને પાસે હોય તોપણ તેની પાસેથી સેવા શિવાય વિષય સેવનનો પ્રસંગ કોઇ દિવસ ન કરે સર્વની સાથે મિત્રભાવ સાવધાન હમેશા દાન દેવા વાળો, કોઇની પાસેથી જરા પણ ન લેતાં પ્રાણી માત્ર સાથે અનુકમ્પા અને કૃપાથી વર્તે (૫) જંગલમાં જે ભણાવવાવાળા અને યોગાભ્યાસ કરવાવાળા તપસ્વી ધર્માત્મા વિદ્વાન ગૃહસ્થ અથવા વાનપ્રસ્થાશ્રમી રહેતા હોય તેઓના ઘરમાંથી ભીક્ષા ગ્રહણ કરે (૬) અને એવી રીતે વનમાં વસતાં ઉપર બતાવેલ તથા એવીજ બીજી દીક્ષાઓનું સેવન કરે અને આત્મા તથા પરમાત્માના જ્ઞાનને માટે વિવિધ પ્રકારના ઉપનિષદ અર્થાત્ જ્ઞાન ઉપાસના વિધાયક શ્રુતિઓના અર્થોનો વિચાર કર્યા કરે. આવી રીતે જ્યાં સુધી સન્યાસ લેવાની ઇચ્છા ન થાય ત્યાં સુધી વર્ત્યા કરે.

अथ विधिः—

વાનપ્રસ્થાશ્રમ લેવાનો વખત ૫૦ વર્ષની ઉપરનો છે જ્યારે પુત્રને ઘેર પુત્ર થાય ત્યારે પોતાના સ્ત્રી, પુત્ર, ભાઇ, બન્ધુ, પુત્રની સ્ત્રી ઇત્યાદિ સર્વને ગૃહસ્થાશ્રમની સર્વ પ્રકારેની શિક્ષા આપી

વનમા યાત્રા કરવાની તૈયારી કરે જો સ્ત્રી સાથે આવે તો તેને સાથે લઇજવી, નહિ તો વડીલ પુત્રને સોંપી જવી કે તેની યથાયોગ્ય સેવા કરે અને પોતાની પત્નીને એવી શિક્ષા દેતા જવું કે તે હમેશાં પુત્રાદિને ધર્મમાર્ગમાં ચલાવવાની અને અધર્મથી દુર રાખવાને હમેશાં શિક્ષા કરતી રહે ત્યારપછી આગળ લખ્યા પ્રમાણે યજ્ઞશાલા વેદી આદિ સર્વ બનાવી (ओं भूर्भुवः स्वर्द्यौं०) એ મંત્રોથી અગ્ન્યાધાન અને (अयन्त इध्म०)ઇત્યાદિ ચાર મંત્રોથી સમીદાધાન કરીને ओं अदितेनुमन्यस्व ઇત્યાદિ ચાર મંત્રોથી કુણ્ડની ચારો તરફ જલ પ્રોક્ષણ કરી આળગ લખ્યા પ્રમાણે આધારાવાજ્ય ભાગહુતિ ચાર ૪ અને વ્યાહૃતિ આજ્યાહુતિ ૪ કર્યા પછી આગળ લખ્યા પ્રમાણે સ્વસ્તિવાચન તથા શાન્તિ કરણ કરીને સ્થાલીપાક બનાવી તેના ઉપર ધૃત સેચન કરી નીચે લખ્યા પ્રમણે મંત્રોથી આહુતી દેવી.

ओं काय स्वाहा । कस्मै स्वाहा। कतमस्मै स्वाहा।आधिमाधीताय स्वाहा। मनः प्रजापतये स्वाहा। चित्तं विज्ञातायादित्यै स्वाहा। अदित्यै मह्यै स्वाहा। अदित्यै सुमृडीकायै स्वाहा। सरस्वत्यै स्वाहा । सरस्वत्यै पावकायै स्वाहा। सरस्वत्यै बृहत्यै स्वाहा। पूषणे स्वाहा। पूषणे प्रपथ्याय स्वाहा। पूषणे नरन्धिषाय स्वाहा। त्वष्ट्रे स्वाहा। त्वष्ट्रे तुरीपाय स्वाहा। त्वष्ट्रे पुरुरूपाय स्वाहा। भुवनस्य पतये स्वाहा। अधिपतये स्वाहा। प्रजापतये स्वाहा । ओं आयुर्यज्ञेन कल्पताᳫं स्वाहा।। प्राणो यज्ञेन कल्पताᳫं स्वाहा। अपानो यज्ञेन कल्पताᳫं स्वाहा। व्यानो यज्ञेन कल्पताᳫं स्वाहा। उदानो यज्ञेन कल्पताᳫं स्वाहा। समानो यज्ञेन कल्पताᳫं स्वाहा। चक्षुर्यज्ञेन कल्पताᳫं स्वाहा। श्रोत्रं यज्ञेन कल्पताᳫं स्वाहा। वाग्यज्ञेय कल्पताᳫं स्वाहा। मनो यज्ञेन कल्पताᳫं स्वाहा। आत्मा यज्ञेन कल्पताᳫं स्वाहा। ब्रह्मा यज्ञेन कल्पताᳫं स्वाहा । ज्योतिर्यज्ञेन कल्पताᳫं स्वाहा। स्वर्यज्ञेन कल्पताᳫं स्वाहा। पृष्ठं यज्ञेन कल्पताᳫं स्वाहा। यज्ञो यज्ञेन कल्पताᳫं स्वाहा। एकस्मै स्वाहा। द्वाभ्यां स्वाहा। शताय स्वाहा। एकशताय स्वाहा। व्युष्ट्यै स्वाहा। स्वर्गाय स्वाहा।

આ મંત્રોથી એક એક કરીને ૪૩ સ્થાલી પાકની આજ્યાહુતિ દઇને પુનઃ આગળ લખ્યા પ્રમાણે વ્યાહૃતિ આહુતિ ૪ ચાર દઇ સામ ગાન કરીને ઇષ્ટ મિત્રો સાથે મલી પુત્રાદિ ઉપર ઘરનો સર્વ કારભાર મૂકી અગ્નિહોત્રની સામગ્રી સહિત જંગલમાં જઇ એકાંતમાં નિવાસ કરી યોગાભ્યાસ, શાસ્ત્રોનો વિચાર, મહાત્માઓનો સંગ કરી સ્વાત્મા, તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે પ્રયત્ન કર્યા કરવો.

॥ इति वानप्रस्थसंस्कारविधिः समाप्तः ॥

॥ अथ संन्याससंस्कारविधिं वक्ष्यामः ॥

મનુષ્ય મોહાદિ આવરણ અને પક્ષપાતથી રહીત થઈ વિરક્ત બની, પરોપકારને માટે આખી પૃથિવીમાં ફરે તેને સંન્યાસ સંસ્કાર કહેવામાં આવે છે.

અર્થાત્—सम्यङ् न्यस्यन्त्यधर्माचरणानि येन वा सम्यङ् नित्यं सत्कर्मस्वास्त उपविशति स्थिरीभवति येन स संन्यासः, संन्यासोविद्यते यस्य स संन्यासी ॥

કાલ. (સંન્યાસ માટે)

પ્રથમ વાનપ્રસ્થાશ્રમની શરૂઆતમાં જે કહેવામાં આવ્યું કે બ્રહ્મચર્ય પુરૂં કરીને ગૃહસ્થ. ગૃહસ્થ થયા પછી વાનપ્રસ્થ, અને વાનપ્રસ્થ થયાપછી સંન્યાસી થાય તેને ક્રમ સંન્યાસ અર્થાત્ દરેક આશ્રમોનું અનુષ્ઠાન કરતાં વૃદ્ધાવસ્થામાં જે સંન્યાસ લેવામાં આવે છે તેને ક્રમસન્યાસ કહેવામાં આવે છે.

द्वितीय प्रकार ॥

यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेद्वनाद्वा गृहाद्वा ॥

આ બ્રાહ્મણ ગ્રંથનું વચન છે. અર્થઃ—જે દિવસે દૃઢ વૈરાગ્ય પ્રાપ્ત થાય, તેજ દિવસે વાનપ્રસ્થાશ્રમનો સમય પુરો ન થયો હોય તો પણ, અથવા વાનપ્રસ્થાશ્રમનું અનુષ્ઠાન કર્યા વગર ગૃહસ્થાશ્રમમાંથીજ સંન્યાસને ગ્રહણ કરે કારણ કે સંન્યાસાશ્રમમાં દૃઢ વૈરાગ્ય અને યથાર્થ જ્ઞાનનું હોવું એજ મુખ્ય જરૂરનું છે.

तृतीय प्रकार ॥

ब्रह्मचर्या देव प्रव्रजेत—આ પણ બ્રાહ્મણગ્રંથનું વચન છે. અર્થ—જો પૂર્ણ અખંડિત, બ્રહ્મચર્ય, સાચો વૈરાગ્ય તથા પૂર્ણ જ્ઞાન અને વિજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી આત્માની અંદરથી વિષયાસક્તિની ઇચ્છા બરાબર નીકળી જાય, પક્ષપાત રહિત થઇ સર્વનો ઉપકાર કરવાની ઇચ્છા હોય, મરણ પર્યન્ત સંન્યાસ ધર્મનું યથાવત્ પાલન કરી શકીશ એવો જેને દૃઢ નિશ્ચય થઈ જાય, તેને ગૃહસ્થ કે વાનપ્રસ્થ થવાની જરૂર નથી પણ તે તો બ્રહ્મચર્યાશ્રમને પુરો કરીને તરતજ સંન્યાસાશ્રમને ગ્રહણ કરે.

अत्र वेदप्रमाणानि ॥

शर्य्यणावति सोममिन्द्रः पिबतु वृत्रहा। बलन्दधान आत्मनि करिष्यन् वीर्यं महदिन्द्रायेन्दो परि स्रव ॥ १ ॥ आपवस्व दिशांपत आर्जीकात् सोम मीढ्वः । ऋतवाकेन सत्येन श्रद्धया तपसा सुत इन्द्रायेन्दो परि स्रव ॥ २ ॥

અર્થ—હું ઇશ્વર સંન્યાસ લેવાવાળા સર્વ મનુષ્યોને ઉપદેશ આપું છું કે જેવી રીતે (**वृत्रहा**) મેઘનો નાશ કરવાવાળો (**इन्द्र**) સૂર્ય (**शर्य्यणावति**) હિંસનીય પદાર્થોયુક્ત ભૂમીતલમાં રહેલ (**सोमं**) સોમ રસને પીયે છે તેવી રીતે સંન્યાસ લેવાવાળા પુરૂષ ઉત્તમ મૂળ અને ફળોના રસને (**पिबतु**) પીએ અને (**आत्मनि**) પોતાના આત્મામાં (**महत्**) મહાન્ (**वीर्य्यं**) બળવાન્ (**करिष्यन्**) કરીશ એવી ઇચ્છા રાખીને (**बलं दधानः**) દિવ્ય બલને ધારણ કરીને (**इन्द्राय**) પરમૈશ્વર્યને માટે (**इन्दो**) ચંદ્રમાની માફક સર્વને આનંદિત કરવાવાળા હે વિદ્વાન્ તું સંન્યાસ લઇને સર્વના ઉપર (**परिस्रव**) સત્યોપદેશની વૃષ્ટિ કર ॥૧॥

હે (**सोम**) સૌમ્ય ગુણસમ્પન્ન (**मीढ्वः**) સત્યથી સર્વના હૃદયનું સીંચન કરવાવાળા (**दिशांपते**) સર્વ દિશાઓમાં વસતા મનુષ્યોને જ્ઞાન આપી પાલન કરવાવાળા (**इन्दो**) શમાદિ ગુણયુક્ત હે સંન્યાસિ, તું (**ऋत वाकेन**) યથાર્થ વાક્ય (**सत्येन**) સત્ય ભાષણ, (**श्रद्धया**) સત્યનું પાલન કરવામાં સાચી પ્રીતિ (**तपसा**) પ્રણાયામ અને યોગાભ્યાસાદિ તપ વડે (**आर्जीकात्**) સરલતાથી (**सुतः**) નિષ્પન્ન થઈને તારૂં શરીર, ઇંદ્રિય, મન અને બુદ્ધિ વીગેરેને (**आ, पवस्व**) પવિત્ર કર (**इन्द्राय**) પરમૈશ્વર્ય યુક્ત પરમાત્માને માટે (**परिस्रव**) દરેક રીતે પ્રયત્ન કર.

ऋतं वदन्नृतद्युम्न सत्यं वदन्त्सत्यकर्मन् । श्रद्धां वदन्त्सोम राजन् धात्रा सोम परिष्कृत इन्द्रायेन्दो परि स्रव ॥ ३ ॥

અર્થ—હે (**ऋतद्युम्न**) સત્ય ધન અને સત્ય કીર્તિવાળા યતિવર (**ऋतं, वदन्**) પક્ષપાત છોડીને યથાર્થ બોલતાં (**सत्यकर्मन्**) સત્ય વેદોક્ત કર્મવાળા સંન્યાસી (**सत्यं वदन्**) સત્ય બોલતાં (**श्रद्धाम्**) સત્યના ધારણમાં પ્રીતિ કરવા માટે (**वदन्**) ઉપદેશ કરતાં (**सोम**) સૌમ્ય ગુણ સમ્પન્ન (**राजन्**) સર્વ પ્રકાશથી યુક્ત આત્માવાળો થઇ (**सोम**) યોગૈશ્વર્યયુક્ત (**इन्दो**) સર્વને આનંદદાયક હે સંન્યાસી તું (**धात्रा**) સકલ વિશ્વના ધારણ કરવાવાળા પરમાત્માના સહવાસથી યોગાભ્યાસ દ્વારા (**परिष्कृत**) શુદ્ધ થઇને (**इन्द्राय**) યોગથી ઉત્પન્ન થનારી પરમૈશ્વર્યરૂપ સિદ્ધિને માટે (**परिस्रव**) યથાર્થ પુરૂષાર્થ કર ॥ ૩ ॥

यत्र ब्रह्मा पवमान छन्दस्यां३ वाचं वदन् । ग्राव्णा सोमे महीयते सोमेनानन्दं जनयन्निन्द्रायेन्दो परि स्रव ॥ ४ ॥

અર્થ—હે (**छन्दस्याम्**) સ્વતંત્રાયુક્ત (**वाचम्**) વાણીને (**वदन्**) કહેનાર (**सोमेन**) વિદ્યા યોગાભ્યાસ અને પરમેશ્વરની ભક્તિથી (**आनन्दम्**) સર્વને માટે આનંદને (**जनयन्**) પ્રકટ કરનાર (**इन्दो**) આનંદપ્રદ (**पवमान**) પવિત્રાત્મન પવિત્ર કરવાવાળા સંન્યાસી (**यत्र**) જે (**सोमे**) પરમૈશ્વર્યયુક્ત પરમાત્મામાં (**ब्रह्मा**) ચારો વેદોના જાણવાળા વિદ્વાન્ (**महीयते**) મહત્વને પ્રાપ્ત થઇને સત્કારને પ્રાપ્ત થાય છે જેવી રીતે (**ग्राव्णा**) મેઘથી સર્વ જગતને આનંદ થાય છે તેવી રીતે તું સર્વને (**इन्द्राय**) પરમૈશ્વર્યયુક્ત મોક્ષનો આનંદ આપવા વાસ્તે (**परिस्रव**) સર્વ સાધનોને સર્વ પ્રકારથી પ્રાપ્ત કર. ॥ ૪ ॥

यत्र ज्योतिरजस्रं यस्मिँल्लोके स्वर्हितम् । तस्मिन् मां धेहि पवमानामृते लोके अक्षित इन्द्रायेन्दो परि स्रव ॥ ५ ॥

અર્થ—હે (**पवमान**) અવિદ્યાદિ ક્લેશોના નાશ કરવાવાળા પવિત્રસ્વરૂપ (**इन्दो**) સર્વાનન્દ દાયક પરમાત્મન (**यत्र**) જ્યાં તારા સ્વરૂપમાં (**अजस्रं**) નિરંતર વ્યાપક તારૂં (**ज्योतिः**) તેજ છે (**यस्मिन्**) (**लोके**) જે જ્ઞાનથી દેખવા યોગ્ય તારામાં (**स्वः**) જે નિત્ય સુખ (**हितम्**) સ્થિત છે (**तस्मिन्**) (**अमृते**) તે અમૃત અર્થાત્ જન્મ મરણથી રહિત (**अक्षिते**) અને નાશથી રહિત (**लोके**) આપના દ્રષ્ટવ્ય સ્વરૂપમાં આપ (**मा**) મને (**इन्द्राय**) પરમૈશ્વર્ય પ્રાપ્તિને માટે (**धेहि**) કૃપા કરી ધારણ કરો અને મારા ઉપર માતા તુલ્ય કૃપા ભાવથી (**परिस्रव**) આનંદની વૃષ્ટિ કરો. ॥ ૫ ॥

यत्र राजा वैवस्वतो यत्रावरोधनं दिवः । यत्रामूर्यह्वतीरापस्तत्र माममृतं कृधीन्द्रायेन्दो परि स्रव ॥ ६ ॥

अर्थ—હે (इन्दो) આનંદપ્રદ પરમાત્મન્ તું કે જેની અંદર (वैवस्वतः) સૂર્યનો પ્રકાશ (राजा) પ્રકાશમાન્ થઇ રહ્યો છે (यम) જેની અંદર (दिवः) વિજલી અથવા બુરી કામનાની (अवरोधनं) રૂકાવટ છે (यत्र) જેમાં (अमूः) તે કારણરૂપ (यह्वतिः) મહાન્ વ્યાપક આકાશસ્થ (आपः) પ્રાણપ્રદ વાયુ છે (तत्र) તે આપના સ્વરૂપમાં (माम्) મને (अमृतम्) મોક્ષને પ્રાપ્ત (कृधि) કરો (इन्द्राय) પરમૈશ્વર્ય માટે (परिस्रव) આર્દ્રભાવથી આપ મને પ્રાપ્ત થાઓ. ॥ ૬ ॥

यत्रानुकामं चरणं त्रिनाके त्रिदिवे दिवः । लोका यत्र ज्योतिष्मन्तस्तत्र मामृतं कृधीन्द्रायेन्दो परिस्रव ॥ ७ ॥

अर्थ—હે (इन्दो) પરમાત્મન્ (यत्र) જે આપની અંદર (अनुकामम्) ઇચ્છાને અનુકુલ સ્વતંત્ર (चरणम्) ગમન છે (यत्र) જેમાં (त्रिनाके) ત્રિવિધ અર્થાત્ આધ્યાત્મિક આધિભૌતિક અને આધદૈવિક દુઃખથી રહિત (त्रिदिवे ત્રણ) સૂર્યથી અર્થાત્ સૂર્ય વિદ્યુત અને ભૌતિક અગ્નિથી પ્રકાશિત સ્વસુખ સ્વરૂપમાં (दिवः) કામના કરવા યોગ્ય શુદ્ધ કામનાવાળા (लोकाः) યથાર્થ સુખરૂપ જ્ઞાનયુક્ત (ज्योतिष्मंतः) શુદ્ધ વિજ્ઞાનયુક્ત મુક્તિને પ્રાપ્ત થયેલા સિદ્ધ પુરૂષો વિચરે છે (तत्र) તે આપના સ્વરૂપમાં (मां) મને (अमृतं) મુક્ત (कृधि) કરો અને (इन्द्राय) પરમેશ્વર્યને માટે (परिस्रव) કૃપાથી પ્રાપ્ત થાઓ. ॥ ૭ ॥

यत्र कामा निकामाश्च यत्र ब्रध्नस्य विष्टपम् । स्वधा च यत्र तृप्तिश्च तत्र मामृतं कृधीन्द्रायेन्दो परिस्रव ॥ ८ ॥

अर्थ—હે (इन्दो) નિષ્કામાનંદપ્રદ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્મા (यत्र) આપ કે જેની અંદર (कामा) સર્વ કામના (निकामाः) અને અભિલાષા છુટી જાય છે (च) અને (यत्र) જેમાં આપ (ब्रध्नस्य) મહાન્ પ્રકાશમાન્ સૂર્યનું (विष्टपम्) વિશિષ્ટ સુખ, તથા જે આપની અંદર (स्वधा) આપનું ધારણ તથા (तृप्तिः) પૂર્ણ તૃપ્તિ છે (तत्र) તે આપના સ્વરૂપમાં (मां) મને (अमृतंकृधि) મુક્ત કરો તથા (इन्द्राय) પરમૈશ્વર્ય માટે સર્વ દુઃખને દુર કરી મારા ઉપર ((परिस्रव) કરૂણા કરો. ॥ ૮ ॥

यत्रानन्दाश्च मोदाश्च मुदः प्रमुद आसते । कामस्य यत्राप्ताः कामास्तत्र मामृतं कृधीन्द्रायेन्दो परिस्रव ॥ ९ ॥ ऋ० मं० ९ । सू० ११३ ॥

હે (इन्दो) સર્વાનન્દયુક્ત જગદીશ્વર (यत्र) આપની અંદર (आनन्दाः) સંપૂર્ણ સમૃદ્ધિ તથા (च) (मोदः) સમ્પૂર્ણ હર્ષ (मुदः) તથા પ્રસન્નતા (च) તથા (प्रमुदः) પ્રકૃષ્ટ પ્રસન્નતા (आसते) સ્થિત છે (यत्र) જેમાં (कामस्य कामाः) અભીલાષિ પુરૂષની પૂર્વ અભિલાષા (आप्ता) પુર્ણ થાય છે (तत्र) તે આપના સ્વરૂપમાં પરમૈશ્વર્યને માટે (माम्) મને (अमृतं कृधि) જન્મ મૃત્યુના દુઃખથી રહિત કરી મોક્ષથી યુક્ત કરો કે જેથી કરી મુક્તિના સમયની વચમાં સંસારમાં આવવું નથી પડતું તથા તેવીજ રીતે સર્વ જીવોને પણ સર્વ રીતે પ્રાપ્ત થાઓ. ॥ ૯ ॥

यद्देवा यतयो यथा भुवनान्यपिन्वत । अत्रा समुद्र आगूढमासूर्यमजभर्त्तन ॥ ॥ १० ॥ ऋ० मं० १० । सू० ७२ । मं० ७ ।

અર્થ—હે (देवाः) પૂર્ણ વિદ્વાન્ (यतयः) સન્યાસી લોકો તમે (यथा) જેવી રીતે (अत्र) આ (समुद्रे) આકાશમાં (गूढं) ગુપ્ત (आसूर्य्यम्) સ્વયં પ્રકાશસ્વરૂપ સુર્યાદિના પ્રકાશક પરમાત્મા છે તેને (आ, अजभर्त्तन) ચારો તરફથી તમારા આત્મામાં ધારણ કરો અને આનંદિત થાઓ તેવી રીતે (यत्) જે (भुवनानि) સર્વ ભુવનસ્થ ગૃહસ્થાદિ મનુષ્ય છે તેમને હમેશાં (अपिन्वत) વિદ્યા અને ઉપદેશથી સંયુક્ત કર્યા કરો તેજ તમારો પરમ ધર્મ છે. ॥૧૦॥

भद्रमिच्छन्त ऋषयः स्वर्विदस्तपो दीक्षामुप निषेदुरग्रे। ततो राष्ट्रं बलमोजश्च जातं तदस्मै देवा उपसन्नमन्तु ॥ ११ ॥ अथर्व० कां० १९। सू० ४१। मं० १॥

અર્થ—હે વિદ્વાનો જે (ऋषयः) વેદાર્થ વિદ્યાને તથા (स्वर्विदः) સુખને પ્રાપ્ત કરનાર (अग्रे) પ્રથમ (तपः) બ્રહ્મચર્યરૂપ આશ્રમને પુર્ણતાથી સેવન અને યથાવત ધૈર્યથી પ્રાપ્ત કર્યા પછી (भद्रं) કલ્યાણની (इच्छन्तः) ઇચ્છા કરનાર (दीक्षां) સન્યાસીને યોગ્ય દીક્ષાને (उपनिषेदुः) બ્રહ્મચર્યથીજ પ્રાપ્ત થાય છે તેનો (देवाः) વિદ્વાન્ લોકો (उप,सन्नमन्तु) યથાવત્ સત્કાર કરે (ततः) તદનન્તર (राष्ट्रं) રાજ્ય (बलं) બલ (च) તથા (ओजः) પરાક્રમ (जातं) વીગેરે ઉત્પન્ન થાય છે तत् એટલા વાસ્તે अस्मै આ સંન્યાસાશ્રમનું પાલન કરવા માટે યત્ન કર્યા કરો. ॥ ૧૧ ॥

अथ मनुस्मृतेश्श्लोकाः ।

वनेषु तु विहृत्यैवं तृतीयं भागमायुषः ।
चतुर्थमायुषो भागं त्यक्त्वा संगान् परिव्रजेत् ॥ १ ॥
अधीत्य विधिवद्वेदान् पुत्राँश्चोत्पाद्य धर्मतः ।
इष्ट्वा च शक्तितो यज्ञैर्मनो मोक्षे नियोजयेत् ॥ २ ॥
प्राजापत्यां निरुप्येष्टिं सर्ववेदसदक्षिणाम् ।
आत्मन्यग्नीन्समारोप्य ब्राह्मणः प्रव्रजेद् गृहात् ॥ ३ ॥
यो दत्त्वा सर्वभूतेभ्यः प्रव्रजत्यभयं गृहात् ।
तस्य तेजोमया लोका भवन्ति ब्रह्मवादिनः ॥ ४ ॥
आगारादभिनिष्क्रान्तः पवित्रोपचितो मुनिः ।
समुपोढेषु कामेषु निरपेक्षः परिव्रजेत् ॥ ५ ॥
अनग्निरनिकेतः स्याद् ग्राममन्नार्थमाश्रयेत् ।
उपेक्षकोऽसङ्कसुको मुनिर्भावसमाहितः ॥ ६ ॥
नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतीक्षेत निर्देशं भृतको यथा ॥ ७ ॥
दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचरेत् ॥ ८ ॥
अध्यात्मरतिरासीनो निरपेक्षो निरामिषः ।
आत्मनैव सहायेन सुखार्थी विचरेदिह ॥ ९ ॥

क्लृप्तकेशनखश्मश्रुः पात्री दण्डी कुसुम्भवान् ।
विचरेन्नियतो नित्यं सर्वभूतान्यपीडयन् ॥ १० ॥
इन्द्रियाणां निरोधेन रागद्वेषक्षयेण च ।
अहिंसया च भूतानाममृतत्वाय कल्पते ॥ ११ ॥
दूषितोपि चरेद्धर्मं यत्र तत्राश्रमे रतः ।
समः सर्वेषु भूतेषु न लिङ्गं धर्मकारणम् ॥ १२ ॥
फलं कतकवृक्षस्य यद्यप्यम्बुप्रसादकम् ।
न नामग्रहणादेव तस्य वारि प्रसीदति ॥ १३ ॥
प्राणायामा ब्राह्मणस्य त्रयोऽपि विधिवत्कृताः ।
व्याहृतिप्रणवैर्युक्ता विज्ञेयं परमं तपः ॥ १४ ॥
दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः ।
तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥ १५ ॥
प्राणायामैर्दहेद्दोषान् धारणाभिश्च किल्बिषम् ।
प्रत्याहारेण संसर्गान् ध्यानेनानीश्वरान् गुणान् ॥१६॥
उच्चावचेषु भूतेषु दुर्ज्ञेयामकृतात्मभिः ।
ध्यानयोगेन संपश्येद् गतिरस्यान्तरात्मनः ॥ १७ ॥
सम्यग्दर्शनसंपन्नः कर्मभिर्न निबध्यते ।
दर्शनेन विहीनस्तु संसारं प्रतिपद्यते ॥ १८ ॥
अहिंसयेन्द्रियासंगै र्वैदिकैश्चैव कर्मभिः ।
तपसश्चरणैश्चोग्रैः साधयन्तीह तत्पदम् ॥ १९ ॥
यदा भावेन भवति सर्वभावेषु निःस्पृहः ।
तदा सुखमवाप्नोति प्रेत्य चेह च शाश्वतम् ॥ २० ॥
अनेन विधिना सर्वांस्त्यक्त्वा सङ्गाञ्शनैः शनैः ।
सर्वद्वन्द्वविनिर्मुक्तो ब्रह्मण्येवावतिष्ठते ॥ २१ ॥
इदं शरणमज्ञानामिदमेव विजानताम् ।
इदमन्विच्छतां स्वर्ग्यमिदमानन्त्यमिच्छताम् ॥ २२ ॥
अनेन क्रमयोगेन परिव्रजेति यो द्विजः ।
स विधूयेह पाप्मानं परं ब्रह्माधिगच्छति ॥ २३ ॥

અર્થ:—આવી રીતે જંગલોની અંદર આયુષ્યનો ત્રીજો ભાગ અર્થાત્ વધારેમાં વધારે ૨૫ વર્ષ અને ઓછામાં ઓછા ૧૨ વર્ષ સુધી વિહાર કરીને આયુષ્યનો ચોથો ભાગ, અર્થાત્ લગભગ ૭૦ વર્ષની ઉંમર પછીના સમયમાં સર્વ મોહાદિ સંગોનો ત્યાગ કરી સંન્યાસી

બને ॥ ૧ ॥ બ્રહ્મચર્યાશ્રમમાં વિધિ પૂર્વક સર્વ વેદોને ભણીને ગૃહસ્થાશ્રમી થયા પછી ધર્મથી પુત્રોત્પાદન કરી વાનપ્રસ્થમાં પોતાના સામર્થ્યાનુસાર યજ્ઞાદિ ક્રિયા કર્યા પછી મોક્ષમાં અર્થાત્ સંન્યાસાશ્રમમાં મનને લગાડવું. ॥૨॥ પ્રજાપતિ પરમાત્માની પ્રાપ્તિને માટે પ્રાજાપત્યેષ્ટિ (જેની અંદર શીખા અને સુત્ર અર્થાત્ યજ્ઞોપવીતનો ત્યાગ કરવામાં આવે છે) યજ્ઞ કરીને આહવનીય, ગાર્હપત્ય તથા દક્ષિણાત્ય સંજ્ઞાવાળા અગ્નિઓનું આત્મામાં સમારોપણ કરી, વિદ્વાન્ બ્રાહ્મણ ગૃહસ્થાશ્રમમાંથી સંન્યાસ ગ્રહણ કરે. ॥ ૩ ॥ જે પુરૂષ સર્વ પ્રાણીમાત્રને અભયદાન આપી, સત્ય ઉપદેશ દઇ ગૃહસ્થાશ્રમમાંથી સંન્યાસ ગ્રહણ કરે છે તે બ્રહ્મવાદી વેદોક્ત સત્યોપદેશક સંન્યાસીને માટે મોક્ષ લોક અને બીજા સર્વ લોક લોકાંતર તેજોમય અર્થાત્ જ્ઞાનથી પ્રકાશમય થઈ જાય છે ॥ ૪ ॥ જ્યારે સર્વ કામોને જીતી લઈ તેની અપેક્ષા રાખ્યા વગર પવિત્રાત્મા અને પવિત્રાન્તઃકરણ, તથા મનનશીલ થાય ત્યારે ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસ ગ્રહણ કરે અથવા બ્રહ્મચર્યથીજ સંન્યાસી થાય. ॥ ૫ ॥ તે સંન્યાસિ. (અનગ્નિઃ) ＄ આહવનીયાદિ અગ્નિયોથી અને સ્વાભિમત ઘરથી રહિત રહે તથા અન્ન અને વસ્ત્રને માટે ગામનો આશ્રય લીયે, ખરાબ માણસોની ઉપેક્ષા કરતો રહે અને સ્થિર બુદ્ધિ તથા મનનશીલ થઇને પરમેશ્વરમાં પોતાની ભાવનાનું સમાધાન કરીને વિચરે. ॥૬॥ પોતાના જીવનમાં આનંદ અથવા મૃત્યુથી દુઃખ ન પામે કિન્તુ જેવી રીતે એક ક્ષુદ્ર નોકર પોતાના સ્વામીની આજ્ઞાની રાહ જોઈ રાખે છે તેવી રીતે મૃત્યુ અને કાલની પ્રતિક્ષા કરતો રહે. ॥ ૭ ॥ ચાલતી વખતે આગળ જોઇ તપાસીને ચાલે, અર્થાત્ પગ ધરે અને સદા વસ્ત્રથી ગાળીને પાણી પીયે, હમેશાં સત્યથી પવિત્ર કરેલી વાણીને બોલે અર્થાત સત્યોપદેશ કર્યા કરે અને જે કંઈ વ્યવહાર કરે તે બધો મનની પવિત્રતાથી કરે. ॥ ૮ ॥ આ સંસારમાં પોતાના આત્માની શ્રદ્ધામાં સ્થિત થઇ અપેક્ષા રહિત બની મદ્યમાંસાદિનો ત્યાગી બની આત્માની સહાયથી સર્વના સુખ માટે સર્વને સત્યોપદેશ કરવા ફર્યા કરે. ॥૯॥ આખા માથાના વાળ, દાઢી, મુંછ તથા નખોને વખતો વખત ઉતરાવ્યા કરે, એક પાત્ર, દંડ, તથા કુસુંભથી રંગેલાં કપડાંને* ધારણ કરે અને પ્રાણીમાત્રને દુઃખ દીધા વગર દ્રઢાત્મા થઇ હમેશાં વિચરે. ॥૧૦॥ જે સંન્યાસી ખરાબ કૃત્યોમાંથી ઈંદ્રિયોને રોકી રાગદ્વેષાદિ દોષોનો ક્ષય કરી નિર્વૈરતાથી સર્વ પ્રાણી માત્રનું કલ્યાણ કરે છે તે મોક્ષને પામે છે. ॥૧૧॥ કદી સંન્યાસિને સંસારના મૂર્ખ લોકો નિન્દા આદિથી દુષિત કરે અપમાન કરે તોપણ ધર્મનું આચરણ કર્યા કરે અને તેવીજ રીતે બીજા બ્રહ્મચર્યાદિ આશ્રમોના મનુષ્યો એ પણ કરવું જોઇએ. સર્વ પ્રાણીઓમાં સમાન બુદ્ધિ રાખી પક્ષપાત રહિત થઈ રહે. આવાં આવાં ઉત્તમ કામ કરવા માટેજ સંન્યાસાશ્રમનું વિધાન છે. માત્ર દંણ્ડાદિ ચિન્હ ધારણ કરવા એજ ધર્મનું કારણ નથી. ॥ ૧૨ ॥ જો કે નિર્મલી વૃક્ષનું ફલ જલને શુદ્ધ કરે છે તો પણ તેનું માત્ર નામ લેવાથી જળ શુદ્ધ નથી થઇ જતું પણ તેને વાટીને જળમાં નાખવાથીજ શુદ્ધ થાય છે; તેવીજ રીતે માત્ર આશ્રમથી કંઇ પણ લાભ થતો નથી પોત પોતાના આશ્રમના ધર્મયુક્ત કર્મ કરવાથીજ આશ્રમનું ધારણ કરવું સફલ થાય છે નહિ કે બીજી કોઈ રીતે. ॥ ૧૩ ॥ આ પવિત્ર આશ્રમને સફલ કરવા વાસ્તે સંન્યાસી પુરૂષ વિધિવત્ યોગશાસ્ત્રની રીતિ પ્રમાણે સાત વ્યાહૃતિઓની પૂર્વે સાત પ્રણવ સહિત જેની

＄ આપદ્દથી ભ્રાંતિમાં પડીને સંન્યાસીઓનો અગ્નિ સંસ્કાર કરતા નથી અને સંન્યાસી લોકો અગ્નિને અડતા પણ નથી એ એક પાપ સંન્યાસીઓની પછવાડે લાગી ગયું. આ જગ્યોએ તો આહવનીયાદિ સંજ્ઞક અગ્નિઓને છોડવાનું છે નહિ કે અગ્નિનો સ્પર્શ તથા દાહ કર્મ.

* અથવા ગેરૂથી રંગેલાં વસ્ત્ર પહેરે.

રીતે આગળ પ્રાણાયામના મંત્ર લખ્યા છે તેની રીતે મનમાં જપીને માત્ર ત્રણજ પ્રાણાયામ કરે તો તે અત્યુત્કૃષ્ટ તપ કરે છે એમ સમજવું ॥ ૧૪ ॥ કારણ કે જેવી રીતે અગ્નિમાં તપાવવાથી ધાતુઓના મળ દુર થઈ જાય છે તેમજ પ્રાણનો નિગ્રહ કરવાથી ઇન્દ્રીયોના દોષ નષ્ટ થઇ જાય છે. ॥ ૧૫ ॥ આટલા માટે સંન્યાસી પ્રાણાયામથી ઇન્દ્રીયોના દોષ, ધારણાએથી અંતઃકરણનો મેલ, પ્રત્યાહારથી સંગથી થયેલ દોષો, અને ધ્યાનથી. અવિદ્યા પક્ષપાતાદિ અનિશ્વરતાના દોષોને છોડીને પક્ષપાતરાહિત્યાદિ ઇશ્વરી ગુણોને ધારણ કરી સર્વ દોષોને ભસ્મ કરી નાંખે ॥ ૧૬ ॥ નાના અને મોટા પ્રાણી અને અપ્રાણીમાં અશુદ્ધાત્મા જેને નથી જોઇ શકતા એવા અંતર્યામી પરમાત્માની ગતીને અર્થાત્ વ્યાપકતાને ધ્યાન યોગથી સંન્યાસી જોયા કરે. ॥ ૧૭ ॥ જે સંન્યાસી યથાર્થ જ્ઞાન અથવા ષડ્દર્શનોથી યુક્ત હોય છે તે દુષ્ટકર્મમાં બંધાતો નથી પણ જે જ્ઞાન, વિદ્યા, યોગાભ્યાસ સત્સંગ ધર્માનુષ્ઠાન અથવા ષડ્ દર્શન ઇત્યાદિ રહિત અને વિજ્ઞાનહીન હોય છે તે સંન્યાસ પદવી તથા મોક્ષને પ્રાપ્ત ન થતાં જન્મમરણરૂપ સંસારને પ્રાપ્ત થાય છે અને એવા મૂર્ખ અધર્મીનો સંન્યાસ વ્યર્થ અને ધિક્કારવા યોગ્ય છે. ॥ ૧૮ ॥ પણ જે નિર્વૈર, ઇન્દ્રીઓના વિષયના સંબંધથી અલગ, વૈદિક કર્માચરણ અને પ્રાણાયામ સત્યભાષણાદિ ઉત્તમ ઉગ્રકર્મોથી યુક્ત સંન્યાસી હોય છે તે આજ જન્મમાં અને વર્તમાન સમયમાંજ પરમેશ્વરની પ્રાપ્તિ રૂપ ઉત્તમ પદને પ્રાપ્ત થાય છે અને તેઓનોજ સંન્યાસ સફલ અને ધન્યવાદને યોગ્ય છે. ॥ ૧૯ ॥ જ્યારે સંન્યાસી સર્વ પદાર્થોમાં નિસ્પૃહ ભાવને પામે છે ત્યારે આ લોકમાં અને આ જન્મમાં તથા મૃત્યુ પછી પરલોકમાં નિરંતર + મુક્તિ અને પરમાત્માના સુખને પામે છે. ॥૨૦॥ આ વિધાથી ધીરે ધીરે સર્વ સંગથી થયેલાં દોષોને છોડીને સર્વ હર્ષ શોકાદિ દ્વન્દ્વોથી તદ્દન નિર્મુક્ત થઇ વિદ્વાન્ સંન્યાસી બ્રહ્મમાંજ સ્થિર થાય છે. ॥૨૧॥ અને જે વિવિદિષા અર્થાત્ જ્ઞાનની ઇચ્છાથી ગૌણ સંન્યાસ લે તેપણ વિદ્યાનો અભ્યાસ, સત્પુરૂષોનો સંગ, યોગાભ્યાસ અને ઓંકારનો જપ તથા તેના વાચક પરમેશ્વરનો વિચાર પણ કર્યા કરે. આજ અજ્ઞાનીઓનું શરણ, અર્થાત્ ગૌણ સંન્યાસીઓ અને વિદ્વાન્ સંન્યાસીઓનું, સુખની શોધ કરવાવાળાઓનું અને અનંત સુખની ઇચ્છા કરવાવાળાઓનું આશ્રમ સ્થાન છે. ॥ ૨૨ ॥ આ ક્રમાનુસાર સંન્યાસ યોગથી જે દ્વિજ અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જે કોઇ સંન્યાસ ગ્રહણ કરે છે તે આ સંસાર અને શરીરના સર્વ પાપોને દુર કરી પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ॥ ૨૩ ॥

વિધિઃ—જે પુરૂષ સંન્યાસ લેવા ઇચ્છે તેણે જે દિવસે સર્વથા પ્રસન્નતા હોય, તે દિવસે નિયમ અને વ્રત અર્થાત્ ત્રણ દિવસ સુધી દુગ્ધપાન કરીને અપવાસ કરવો, ભુમિપર શયન કરવું, પ્રાણાયામ, ધ્યાન તથા એકાંત દેશમાં ઓંકારનો જપ કર્યા કરવો અને આગળ લખ્યા પ્રમાણે સભામંડપ, વેદી, સમિધા ધૃતાદિ સાકલ્ય, સામગ્રી એક દિવસ આગળથી તૈયાર રાખી જે દિવસે સંન્યાસ લેવો હોય તે દિવસે એક પ્રહર રાત્રી રહે ત્યારે ઉઠી શૌચ સ્નાનાદિ આવશ્યક કર્મ કરીને પ્રાણાયામ ધ્યાન તથા પ્રણવનો જપ કરે અને સુર્યોદય વખતે ઉત્તમ ગૃહસ્થ અને ધાર્મિક વિદ્વાનોનું વરણ તથા અગ્ન્યાધાન, સમિધાદાન, ધૃતપ્રતપન, તથા સ્થાલીપાક બનાવી, સ્વસ્તિવાચન તથા શાંતિકરણનો પાઠ કરી ચારે તરફ જલ પ્રોક્ષણ, આધારાવાજ્યભાગાહુતિ ૪ ચાર તથા વ્યાહૃતિ ૪ ચાર તથા **ओं भुवनपतये स्वाहा ।**

+ નિરંતર શબ્દનો અર્થ એટલોજ છે કે મુક્તિના નિયત સમયની વચમાં દુઃખ આવીને વિઘ્ન કરી શકતું નથી.

ओं भूतानां पतये स्वाहा । ओं प्रजापतये स्वाहा ॥ આ ત્રણુમાંના એક મંત્રથી એકેક એવી રીતે કુલ અગીયાર આજ્યાહુતિ દઇને વિધિપૂર્વક જે ભાત બનાવ્યો હોય તેમાં ઘી નાંખીને યજમાન અર્થાત્ સંન્યાસ લેવાવાળો પુરૂષ તથા બન્ને ઋત્વિજ નીચે લખેલા મંત્રોથી ભાતનો હોમ કરે અને બાકીના બે ઋત્વિજ પણ તેજ વખતે આહુતિ દેતા જાય.

ओं ब्रह्म होता ब्रह्म यज्ञो ब्रह्मणा स्वरवो मिताः । अध्वर्युर्ब्रह्मणो जातो ब्रह्मणोऽन्तर्हितं हविः स्वाहा ॥१॥ ब्रह्म स्रुचो घृतवतीर्ब्रह्मणा वेदिरुद्धिता । ब्रह्मयज्ञश्च सत्रं च ऋत्विजो ये हविष्कृतः । शमिताय स्वाहा ॥ २ ॥ अंहोमुचे प्रभरे मनीषा मा सुत्राम्णे सुमतिमावृणानः । इदमिन्द्र प्रति हव्यं गृभाय सत्यासन्तु यजमानस्य कामः स्वाहा ॥ ३ ॥ अंहोमुचं वृषभं यज्ञियानां विराजन्तं प्रथममध्वराणाम् । अपां नपातमश्विना हुवे धियेन्द्रेण म इन्द्रियं दत्तमोजः स्वाहा ॥४॥ यत्र ब्रह्मविदो यान्ति दीक्षया तपसा सह । अग्निर्मा तत्र नयत्वग्निर्मेधां दधातु मे । अग्नये स्वाहा ॥ इदमग्नये, इदन्न मम ॥ ५ ॥ यत्र० । सूर्यो मा तत्र नयतु वायुः प्राणान् दधातु मे । वायवे स्वाहा ॥ इदं वायवे, इदन्न मम ॥ ६ ॥ यत्र० सूर्यो मा तत्र नयतु चक्षुस्सूर्यो दधातु मे । सूर्याय स्वाहा ॥ इदं सूर्याय, इदन्न मम ॥ ७ ॥ यत्र० । चन्द्रो मा तत्र नयतु मनश्चन्द्रो दधातु मे चन्द्राय स्वाहा ॥ इदं चन्द्राय, इदन्न मम ॥ ८ ॥ यत्र० । सोमो मा तत्र नयतु पयः सोमो दधातु मे । सोमाय स्वाहा ॥ इदं सोमाय, इदन्न मम ॥ ९ ॥ यत्र० । इन्द्रो मा तत्र नयतु बलमिन्द्रो दधातु मे । इन्द्राय स्वाहा ॥ इदमिन्द्राय, इदन्न मम ॥ १० ॥ यत्र० । आपो मा तत्र नयन्त्वमृतं मोपतिष्ठतु । अद्भ्यःस्वाहा ॥ इदमद्भ्य, इदन्न मम ॥ ११ ॥ यत्र ब्रह्मविदो यान्ति दीक्षया तपसा सह । ब्रह्मा मा तत्र नयतु ब्रह्मा ब्रह्म दधातु मे । ब्रह्मणे स्वाहा इदं ब्रह्मणे, इदन्न मम ॥१२॥ अथर्व० कां० १६ सू० ४२। ४३ ॥

ओं प्राणापानव्यानोदानसमाना मे शुध्यन्ताम् । ज्योतिरहं विरजा विपाप्मा भूयासꣳ स्वाहा ॥ १ ॥ वाङ्मनश्चक्षुः श्रोत्रजिह्वाघ्राणरेतोबुद्ध्याकूतिसंकल्पा मे शुध्यन्ताम् । ज्योतिरहं विरजा विपाप्मा भूयासꣳ स्वाहा ॥ २ ॥ शिरः पाणिपादपृष्ठोरूदरजंघाशिश्नोपस्थपायवो मे शुध्यन्ताम् ज्योति० ॥ ३ ॥ त्वक्चर्ममांससरुधिरमेदोमज्जास्नायवोऽस्थीनि मे शुध्यन्ताम् । ज्योति० ॥ ४ ॥ शब्दस्पर्शरूपरसगन्धा मे शुध्यन्ताम् ज्योति० ॥ ५ ॥ पृथिव्यप्तेजोवाय्वाकाशा मे शुध्यन्ताम् । ज्योति० ॥ ६ ॥ अन्नमयप्राणामयमनोमयविज्ञानमयानन्दमया मे शुध्यन्ताम् । ज्योति० ॥ ७ ॥ विविष्ट्यै स्वाहा ॥ ८ ॥ कषोत्काय स्वाहा ॥ ९ ॥ उत्तिष्ठ पुरुष हरित लोहित पिङ्गलाक्षि देहि देहि ददापयिता मे शुध्यन्ताम् । ज्योति ॥ १० ॥ ओं स्वाहा मनोवाक्कायकर्माणि मे शुध्यन्ताम् । ज्योति० ॥ ११ ॥ अव्यक्तभावै

रहङ्कारैर्ज्योति० ॥ १२ ॥ आत्मा मे शुध्यताम् । ज्योति० ॥ १३ ॥ अन्तरात्मा मे शुध्यताम् । ज्योति० ॥ १४ ॥ परमात्मा मे शुध्यताम् ज्योतिरहं विरजा विपाप्मा भूयास९ स्वाहा* ॥ १५ ॥

આ ૧૫ મંત્રોથી એક એક ભાતની આહુતી આપવી પછી નીચેના મંત્રોથી ૩૫ આહુતીદેવી

ओमग्नये स्वाहा ॥ १६ ॥ ओं विश्वेभ्यो देवेभ्यः स्वाहा ॥ १७ ॥ ओं ध्रुवाय भूमाय स्वाहा ॥ १८ ॥ ओं ध्रुवक्षितये स्वाहा ॥ १९ ॥ ओमच्युतक्षितये स्वाहा ॥ २० ॥ ओमग्नये स्विष्टकृते स्वाहा ॥ २१ ॥ ओं धर्माय स्वाहा ॥ २२ ॥ ओमधर्माय स्वाहा ॥ २३ ॥ ओमद्भ्यः स्वाहा ॥ २४ ॥ ओमोषधिवनस्पतिभ्यः स्वाहा ॥ २५ ॥ ओं रक्षोदेवजनेभ्य स्वाहा ॥ २६ ॥ ओं गृह्याभ्यः स्वाहा ॥२७॥ ओमवासनेभ्य स्वाहा ॥ २८ ॥ ओमवासनपतिभ्यः स्वाहा ॥ २९ ॥ ओं सर्वभूतेभ्यः स्वाहा ॥३०॥ ओं कामाय स्वाहा ॥ ३१ ॥ ओमन्तरिक्षाय स्वाहा ॥३२॥ ओं पृथिव्यै स्वाहा ॥३३॥ ओं दिवे स्वाहा ॥ ३४॥ ओं सूर्याय स्वाहा ॥३५॥ ओं चन्द्रमसे स्वाहा ॥ ३६ ॥ ओं नक्षत्रेभ्यः स्वाहा ॥ ३७॥ ओमिन्द्राय स्वाहा ॥ ३८ ॥ ओं बृहस्पतये स्वाहा ॥ ३९ ॥ ओं प्रजापतये स्वाहा ॥४०॥ ओं ब्रह्मणे स्वाहा ॥ ४१ ॥ ओं देवेभ्यः स्वाहा ॥ ४२ ॥ ओं परमेष्ठिने स्वाहा ॥ ॥ ४३ ॥ तद् ब्रह्म ॥ ४४ ॥ ओं तद्वायु ॥ ४५ ॥ ओं तदात्मा ॥ ४६ ॥ ओं तत्सत्यम् ॥ ४७ ॥ ओं तत्सर्वम् ॥ ४८ ॥ ओं तत्पुरोर्नमः ॥ ४९॥ अन्तश्चरति भूतेषु गुहायां विश्वमूर्तिषु । त्वं यज्ञस्त्वं वषट्कारस्त्वमिन्द्रस्त्व९ रुद्रस्त्वं विष्णुस्त्वं ब्रह्म त्वं प्रजापतिः । त्वं तदपि आपो ज्योतीरसोऽमृतं ब्रह्म भूर्भुवः सुवरों स्वाहाः ॥ ५० ॥

આ બધા મન્ત્રોથી આજ્યાહુતિ આપવી. સંન્યાસ લેવાવાળા પુરૂષ પાંચ અથવા છ વાળને છોડીને દાઢી મૂંછ, કેશ, શરીરપરના વાળ ઈત્યાદિ ઉતરાવીને યથાવત્ સ્નાન કરે પછી પોતાના મસ્તક ઉપર પુરૂષ સૂક્તના મન્ત્રોથી ૧૦૮ વાર અભિષેક કરે ત્યારબાદ આચમન પ્રાણાયામ વગેરે કરી હાથ જોડી વેદીની સામે આંખો મીંચી મનથી--

---

* (**प्राणापान**) ઇત્યાદિ મંત્રોથી આરંભી (**परमात्मा मे शुध्यताम्**) એ મંત્રસુધી સંન્યાસીને વાસ્તે ઉપદેશ છે. અર્થાત્ જે સંન્યાસગ્રહણ કરે તે ધર્માચરણ, સત્યોપદેશ, યોગાભ્યાસ, શમ, દમ, શાન્તિ, સુશીલાદિ, તથા વિદ્યા વિજ્ઞાનાદિ શુભ ગુણ કર્મ સ્વભાવયુક્ત થઈને પરમાત્માને પોતાના સહાયક માની અત્યન્ત પુરૂષાર્થથી શરીર, પ્રાણ, મન તથા ઇંદ્રીઓ વીગેરેને અશુદ્ધ વ્યવહારથી દુર રાખી શુદ્ધ વ્યવહારમાં ચલાવી, પક્ષપાત કપટ અને અધર્મયુક્ત વ્યવહાર છોડી દઈ, અન્યના દોષ બતાવી ઉપદેશ દ્વારા છોડાવીને સ્વયં આનંદિત થઈ સર્વ મનુષ્યોને આનંદ આપતો રહે.

ओं ब्रह्मणे नमः। ओमिन्द्राय नमः। ओं सूर्याय नमः। ओं सोमाय नमः। ओं मात्मनेनमः। ओमन्तरात्मने नमः। એ ૭ મંત્રોનો જપ કરી.

ओं आत्मने स्वाहा। ओ मन्तरात्मने स्वाहा। ओं परमात्मने स्वाहा। ओं प्रजापतये स्वाहा॥

એ ચારમંત્રોથી ચાર આજ્યાહુતી દઇને કર્મ કર્ત્તા સંન્યાસગ્રહણ કરવાવાળો પુરૂષ આગળ લખ્યા પ્રમાણે મધુપર્કની ક્રિયા કરે અને ત્યાર પછી પ્રાણાયામ કરીને—

ओं भूः सावित्रीं प्रविशामि तत्सवितुर्वरेण्यम्। ओं भुवः सावित्रीं प्रविशामि भर्गो देवस्य धीमहि। ओं स्वः सावित्रीं प्रविशामि धियो यो नः प्रचोदयात्। ओं भूर्भुवः स्वः सावित्रीं प्रविशामि तत्सवितुर्वरेण्यं भर्गो देवस्यधीमहि। धियो यो नः प्रचोदयात्

આ મંત્રને મનમાં જપે—

ओं अग्नये स्वाहा। ओं भूः प्रजापतये स्वाहा। ओमिन्द्राय स्वाहा। ओं प्रजापतये स्वाहा। ओं विश्वेभ्यो देवेभ्यः स्वाहा। ओं ब्रह्मणे स्वाहा। ओं प्राणाय स्वाहा। ओमपानाय स्वाहा। ओं व्यानाय स्वाहा। ओमुदानाय स्वाहा। ओं समानाय स्वाहा॥

આ મંત્રોથી આજ્યાહુતી આપીને—

ओं भूः स्वाहा।

આ મંત્રોથી પૂર્ણાહુતી આપીને—

पुत्रैषणायाश्च वित्तैपणायाश्च लोकैषणायाश्चोत्थाय भिक्षाचर्यां चरति *।
श॰ कां॰ १४॥

पुत्रैषणा वित्तैषणा लोकैषणा मयापरित्यक्ता मत्तः सर्वभूतेभ्योऽभयमस्तु स्वाहा॥

આ વાક્ય બોલીને સર્વની સામે પાણીને જમીનપર મૂકે પછી નાભી માત્ર જળમાં પૂર્વાભિમુખ ઉભા રહી—

ओं भूः सावित्रीं प्रविशामि तत्सवितुर्वरेण्यम्। ओं भुवः सावित्रीं प्रविशामि भर्गो देवस्य धीमहि। ओं स्वः सावित्रीं प्रविशामि धियो यो नः प्रचोदयात्। ओं भूर्भुवः स्वः सावित्रीं प्रविशामि परो रजसे सावदोम्॥

આ મંત્ર મનમાં જપીને પ્રણવાર્થ પરમાત્માનું ધ્યાન કરી પૂર્વોક્ત (**पुत्रैषणायाश्च**) એ સમગ્ર કંડીકાને બોલીને પ્રૈષ્ય મંત્રોચ્ચારણ કરવું.

---

* પુત્રાદિનો મોહ, વિત્તાદિ પદાર્થોનો મોહ અને લોકસ્થ પ્રતિષ્ઠાની ઇચ્છાથી મનને હઠાવી પરમાત્મામાં આત્માને દૃઢ કરી જે ભિક્ષાચરણ કરે છે તેજ સર્વને સત્યોપદેશથી અભયદાન આપી શકે છે, અર્થાત્ જમણા હાથમાં જળ લઇને મેં આજથી પુત્રાદિનો તથા ધનાદિનો મોહ અને લોકની પ્રતિષ્ઠાની ઇચ્છા વીગેરેનો ત્યાગ કર્યો છે અને પ્રાણી માત્રને મારા તરફથી પ્રાપ્ત અભય થાય એ મારી સત્ય વાણી તથા ઇચ્છા છે.

ओं भूः संन्यस्तं मया । ओं भुवः संन्यस्तं मया । ओं स्वः संन्यस्तं मया ॥

આ મંત્ર મનમાં ઉચ્ચારણુ કરી જળની અંજલી ભરી પુર્વાભિમુખ થઇ સંન્યાસ લેવો.

ओं अभयं सर्वभूतेभ्यो मत्तः स्वाहा ॥

આ મંત્રથી બંને હાથની અંજલી પુર્વ દીશામાં છોડી દેવી.

येनां सहस्रं वहसि येनाग्ने सर्ववेदसम् । तेनेमं यज्ञं नो वह स्वर्देवेषु गन्तवे*

॥ १ ॥ अथर्व० कां० ९ सू० ५ । मं० १७ ॥

આના ઉપર સ્મૃતિ વાક્ય છે કે—

प्राजापत्यां निरूप्येष्टिं सर्ववेदसदक्षिणाम् ।

आत्मन्यग्नीन् समारोप्य ब्राह्मणः प्रव्रजेद् गृहात् ॥ १ ॥

આ શ્લોકના અર્થ આગળ લખાઇ ગયા છે.

આના પછી મૌન ધારણ કરી શીખા વાસ્તે આગળ જે ચાર પાંચ કેશ બાકી રાખ્યા હોય તેને એકેક લઇ ઉખેડી નાખી યજ્ઞોપવિત ઉતારી હાથમાં લઈ જળની અંજલી ભરી.

ओमापो वै सर्वा देवताः स्वाहा ॥ ओं भूः स्वाहा ॥

આ મંત્રથી શીખાના વાળ તથા યજ્ઞોપવીત સહિત જળની અંજલીનેજળમાં નાખી દે અને પછી આચાર્યે શિષ્યને જળમાંથી બ્હાર કાઢી ભગવું વસ્ત્ર કોપીન, કટી વસ્ત્ર, અથવા પછેડી આદિ પ્રીતિપૂર્વક આપી. આગળ લખ્યાપ્રમાણે (**यो मे दण्ड**) એ મંત્રથી દંડ ધારણ કરી. આત્મામાં આહવનીયાદિ અગ્નિને આરોપણ કરે.

यो विद्याद् ब्रह्म प्रत्यक्षं परूंषि यस्य संभारा ऋचो यस्यानूक्यम् [१] ॥१॥ सामानि यस्य लोमानि यजुर्हृदयमुच्यते परिस्तरणमिद्धविः [२] ॥ २ ॥ यद्वा अतिथिपतिरतिथीन् प्रति पश्यति देवयजनं प्रेक्षते [३] ॥३॥ यदभिवदति

---

* હે (**अग्ने** વિદ્વાન (**येन**) જેનાથી **सहस्रं**) સર્વ સંસારને અગ્નિ ધારણ કરે છે તથા (**येन**) જેનાથી તું (**सर्व वेदसम**) ગ્રહસ્થાશ્રમસ્થ પદાર્થ યજ્ઞોપવીત તથા શીખાદિને (**वहसि**) ધારણ કરે છે તેને છોડીને (**तेन**) અને તેનો ત્યાગ કરી (**नः**) અમારા (**इयं**) આસંન્યાસરૂપ (**स्वाहा**) સુખ દેવાવાળા (**यज्ञं**) પ્રાપ્ત કરવા યોગ્ય યજ્ઞને (**देवेषु गन्तवे**) વિદ્વાનોમાં જવાને માટે પ્રાપ્ત થા.

૧ (**यः**,જે પુરૂષ (**प्रत्यक्षम्**) સાક્ષાત્કારથી (**ब्रह्म**) પરમાત્માને (**विद्यात्**) જાણે છે અને (**यस्य**) જેના (**परूंषि**) કઠોર સ્વભાવાદિ (**संभारा**) હોમ કરવા યોગ્ય દ્રવ્યો છે અને (**यस्य**) જેનો (**ऋचः**) યથાર્થ સત્ય ભાષણ, સત્યોપદેશ અને ઋગ્વેદાદિ વેદની (**अनूक्यम्**) વાણીજ અનુકુળતા પ્રમાણે કથનનો વિષય છે તેજ મનુષ્ય સંન્યાસ ગ્રહણ કરે.

૨ (**यस्य**) (**सामानि**) (**लोमानि**) સામવેદ જેના લોમ અર્થાત્ વાળની સમાન છે (**यजुः**) યજુર્વેદ જેના (**हृदयं**) હૃદયની ઉપમાં (**उच्यते**) અપાય છે (**परिस्तरणम्**) જેની સર્વ રીતે શસ્ત્ર અને અસ્ત્ર આસન આદિ સામગ્રીને (**हविः**) હોમ કરવાને યોગ્ય છે તે પુરૂષ સંન્યાસ ગ્રહણ કરવાને યોગ્ય થાય છે

૩ (**यद्वा**) અથવા જે (**अतिथिपतिः**) અતિથિઓનું પાલન કરવાવાળા (**अतिथिन्**) અતિથિઓની તરફ માન અને સત્કારથી (**प्रतिपश्यति**) જુએ છે તેજ સંન્યાસી (**देवयजम्**)

दीक्षामुपैति यदुदकं याचत्यपः प्रणयाति [४] ॥४॥ या एव यज्ञ आपः प्रणीयन्ते ता एव ताः [५] ॥५॥ यदावसथान् कल्पयन्ति सदोहविर्धानान्येव तत्कल्पयन्ति [६] ॥६॥ यदुपस्तृणन्ति बर्हिरेव तत् [७] ॥ ७ ॥ तेषामासन्नानामतिथिरात्मं जुहोति [८] ॥८॥ स्रुचा हस्तेन प्राणे यूपे स्रुक्कारेण वषट्कारेण [१] ॥९॥ एते वै प्रियाश्चाप्रियाश्चर्त्विजः स्वर्गं लोकं गमयन्ति यदतिथयः [२] ॥ १० ॥ प्राजापत्यो वा एतस्य यज्ञो विततो य उपहरति [३] ॥ ११ ॥ प्रजापतेर्वा एष

બીજા અતિથીઓને વિદ્વાન સમજી પુજ્ય દૃષ્ટિથી જુએ છે અને તેજ સંન્યાસી થવાને યોગ્ય અધિકારી છે.

૪ **(यत्)** જે સંન્યાસી બીજા વિદ્વાન્ મનુષ્યોની સાથે સંવાદ **(अभिवदान्ति)** અથવા તેઓને અભિવાદન કરે છે **(दीक्षां उपैति)** તે દિક્ષાનેજ પ્રાપ્ત થાય છે એમ સમજવું, અને **(यत्)** જે **(उदकम्)** જળની યાચના કરે છે તે **(उप प्रणियाति)** પ્રણીતામાં જલને રેડે છે એમ સમજવું.

૫ **(यज्ञे)** યજ્ઞમાં **(यातेव)** જે જળનું **(प्रणियन्ते)** પ્રણિધાન કરવામાં આવે છે **(ता एव)** તેજ જળ **(ताः)** પ્રણીતાપાત્રમાં રાખેલ સંન્યાસીએ રાખેલા જળની સમાન છે.

૬ સંન્યાસી **(यत्)** જેને **(आवसथान्)** નિવાસસ્થાન **(कल्पयन्ति)** કલ્પે છે તે ગૃહ **(सदः) (हविर्यान्यान्येव)** હવિષને સ્થાપન કરવાનું પાત્ર છે અર્થાત્ યજ્ઞશાળાની ઉપમા આપવા યોગ્ય છે.

કારણ કે સંન્યાસી પોતેજ જ્ઞાનયજ્ઞનું પુતળું હોવાથી અને જે ગૃહમાં તે જાય છે ત્યાં પણ હમેશાં જ્ઞાન યજ્ઞ થવાથી તેને અને તે ગૃહને પણ જ્ઞાન યજ્ઞશાળા કહેવામાં આવે છે. આ અર્થ અલંકારિક છે. અને સત્ય તથા યથાર્થ છે.

૭ તથા **(यत्)** સંન્યાસી જે **(उपस्तृणान्ति)** બીછાનુ વાગેરે કરે છે તે **(बर्हिरेवतत्)** તે કુશ પિંજલીની સમાન છે એમ સમજવું.

૮ તથા **(तेषाम्) (आसन्नानाम्)** જે પોતાની સમીપ બેઠેલા હોય છે તેઓની પાસે બેસવાવાળો **(अतिथिः)** અતિથ જેની આવવા અથવા જવાની કોઈ નીયત તિથિ હોતી નથી તેવા જે સંન્યાસી જે કંઈ ભોજન કરે છે. તે **(आत्मम्)** આત્મારૂપી વેદીની અંદર હોમજ કરે છે એમ સમજવું.

૯ તથા જે સંન્યાસી **(हस्तेन)** હાથથી ભોજન કરે છે તે **(स्रुचा)** હાથરૂપી સ્રુવાવડે જઠરાગ્નિરૂપી વેદીમાં અગ્નિહોત્ર કરે છે એમ સમજવું તથા યુપ એટલે યજ્ઞસ્તંભને જેમ અનેક પ્રકારના પશુઓ બાંધવામાં આવે છે તેમ તે સંન્યાસી **(स्रुक्कारेण)** સ્રુવાની સમાન **(वषट्कारेण)** વષટકારથી હોમક્રીયાની માફક **(प्राणे)** પ્રાણમાં મન અને ઇંદ્રીઓને બાંધે છે એમ સમજવું.

૧૦ **(एते वै)** તેજ **(ऋत्विजः)** ઋતુ ઋતુમાં પ્રાપ્ત થવાવાળા, પ્રિય અથવા અપ્રિય સંન્યાસી **(प्रियाः च अप्रियाः)** લોકો અતિથીરૂપ છે અને તેથીજ તેઓ ગૃહસ્થોને **(स्वर्गं लोकं)** જોવા યોગ્ય, અને અનુભવવા યોગ્ય અત્યંત સુખને **(गमयन्ति)** પ્રાપ્ત કરાવે છે.

૧૧ **(एतस्य)** આ સંન્યાસીનો **(प्राजापत्यः)** પ્રજાપતિ પરમાત્માને ઓળખવાનો આ આશ્રમ ધર્મના અનુષ્ઠાનરૂપ **(यज्ञः)** સારી રીતે પાળવા યોગ્ય યતી ધર્મ **(विततः)** વિસ્તાર પામે છે અર્થાત્ **(यः)** જે આ સંન્યાસ ધર્મને સર્વોપરી સમજીને **(उपहरति)** તેનો સ્વીકાર કરે છે **(वै)** તેજ સંન્યાસી થઈ શકે છે.

विक्रमानंनुविक्रमते यऽउपहरति ॥ १२ ॥ योऽतिथीनां स आहवनीयो योवेश्मनि स गार्हपत्यो यस्मिन् पचन्ति स दक्षिणाग्निः [५ ॥ १३ ॥ इष्टं च वा एष पूर्तं च गृहाणामश्नाति यः पूर्वोऽतिथेरश्नाति [६] ॥१४॥ अथर्व० कां० ९ । सू० ६॥

तस्यैवं विदुषो यज्ञस्यात्मा यजमानः श्रद्धा पत्नी शरीरमिध्ममुरो वेदिर्लोमानि बर्हिर्वेदः शिखाहृदयं यूपः काम आज्यं मन्युः पशुस्तपोऽग्निर्दमः शमयिता दक्षिणा वाग्घोता* प्राण उद्गाता चक्षुरध्वर्युर्मनो ब्रह्मा श्रोत्रमग्नीत्। यावद् ध्रियते सा दीक्षा यदश्नाति तद्धविर्यत्पिबति तदस्य सोमपानम् यद्रमते तदुपसदो यत्सञ्चरत्युपविशत्युत्तिष्ठते च स प्रवर्ग्यो यन्मुखं तदा हवनीयो या व्याहृति राहुतिर्यदस्य विज्ञानं तज्जुहोति यत्सायं प्रातरत्ति तत्समिधे यत्प्रातर्मध्यन्दिन९ सायं

---

१२ (यः) જે (एषः) સંન્યાસી (प्रज्ञापतेः) પરમેશ્વરને જાણવા રૂપ સંન્યાસાશ્રમના (विक्रमान्) સત્યચારોને अनु विक्रमते) અનુકુળતા પ્રમાણે યથાયોગ્ય પાળે છે (वै) તેજ સર્વ શુભગુણોને (उपहरति) પામે છે.

१३ (यः) (अतिथीनाम्) ઉત્તમ સંન્યાસીનો જે સંગ કરવામાં આવે છે (सः) તેજ સંન્યાસીને માટે (आहवनीयः) આહવનીય અર્થાત્ (બ્રહ્મચર્ય આશ્રમમાં જે બ્રહ્મચારી હોમ કરે છે) તેજ છે અને (यः) જે ઘરમાં સંન્યાસી વસે છે (सः) તેજ તેને માટે (गार्हपत्यः) ગૃહસંબંધી અગ્નિ છે. અને (यस्मिन्) જે જઠરાગ્નિમાં અન્નાદિને (पचन्ति) પચાવે છે (सः) તેજ તેને માટે (दक्षिणाग्निः) વાનપ્રસ્થ સંબંધી અગ્નિ છે. આવી રીતે સંન્યાસી સર્વ અગ્નિઓને આત્મામાં આરોપણ કરે.

१४ (यः) જે ગૃહસ્થ (अतिथेः पुर्वः) સંન્યાસીની પહેલાં (अश्नाति) ભોજન કરે છે (एषः) તે (गृहाणाम, इष्टम्, च पूर्तं) તે ગૃહસ્થાશ્રમનાં સર્વ સુખ અને તેનાં સાધનો તથા પરિપૂર્ણ ઐશ્વર્ય (च) અને તેના સાધનોને (वै) ખચીત (अश्नाति) ભક્ષણ કરે છે. અર્થાત્ નાશ કરે છે. એટલા માટે જે ગૃહસ્થને ત્યાં અતિથી અથવા સંન્યાસી આવે તો તેને પ્રથમ જમાડીને પછી પોતે ભોજન કરવું એજ યોગ્ય છે.

*અર્થ--(एवम्) આવી રીતે સંન્યાસ ગ્રહણ કરવાવાળો (तस्य विदुषः) તે વિદ્વાન્ સંન્યાસી (यज्ञस्य) સારી રીતે અનુષ્ટાન કરવા યોગ્ય સંન્યાસ આશ્રમરુપ યજ્ઞના (यजमानः) પતિ (आत्मा) રૂપ છે. અને જે ઇશ્વર વેદ તથા સત્ય ધર્માચરણ અને પરોપકારમાં (श्रद्धा) સત્ય ધારણ રૂપ તે સંન્યાસીની દૃઢ પ્રીતિ છે તેજ તેની સ્ત્રી છે (शरीरम्) અને તેનું શરીર (इध्मम्) આ સંન્યાસ આશ્રમ રૂપ યજ્ઞને માટે ઇન્ધનરૂપ છે. અને તેનું (उरः) વૃક્ષસ્થળ (वेदिः) યજ્ઞ કરવા માટે કુંડરૂપ છે. તથા તેના શરીર ઉપર (लोमानि) જે રોમ છે તે (बर्हिः) કુશાતુલ્ય છે અને જે (वेदः) વેદ અને તેનો શબ્દાર્થ સંબંધ જાણીને આચરણ કરવામાં આવે છે તે સંન્યાસીની (शिखा) શીખા છે. તથા સંન્યાસીનું (हृदयं) જે હૃદય છે તે (यूपः) યજ્ઞનો સ્તંભ છે તથા જે તેના શરીરમાં (कामः) કામ અથવા ક્રોધ પણ જાતની ઇચ્છા છે તે (आज्यम्) જ્ઞાનરૂપ અગ્નિમાં હોમ કરવા રૂપ યજ્ઞસામગ્રી છે. તથા (मन्युः) સંન્યાસીમાં જે ક્રોધ છે તે (पशुः) શરીરના મળની માફક છોડવા યોગ્ય વસ્તુ છે. તથા તે સંન્યાસી (तपः) સત્યધર્માનુષ્ટાન તથા પ્રાણાયામાદિ યોગાભ્યાસ વિગેરે જે ક્રિયા કરે છે તે વેદોની (अग्नि) અગ્નિસમાન છે જે સંન્યાસી (दमः) અધર્મ આચરણથી ઇંદ્રિયોને રોકીને ધર્માચરણમાં સ્થિર રાખી પોતાનું વર્તન ચલાવે છે તે (शमयिता) દુષ્ટોને દંડ દેવાવાળો સભ્ય પુરૂષ છે એમ સમજવું. તથા જે સંન્યાસીની (वाक्) વાણી સત્યોપદેશ કરવાને માટેજ છે તે સંન્યાસી સર્વને અભયદાન આપે છે એમ સમજવું. જે સંન્યાસીના

च तानि सवनानि । ये अहो रात्रे ते दर्शपौर्णमासौ येऽर्द्धमासाश्च मासाश्च ते चातुर्मास्यानि य ऋतवस्ते पशुबन्धा ये संवत्सराश्च परिवत्सराश्च तेऽहर्गणाः सर्ववेदसं वा एतत्सत्रं यन्मरणं तदवभृथः । एतद्वै जरामर्यमग्निहोत्रꣳ सत्रं य एवं विद्वानुदगयने प्रमीयते देवानामेव महिमानं गत्वादित्यस्य सायुज्यं गच्छत्यथ यो दक्षिणे प्रमीयते पितृणामेव महिमानं गत्वा चन्द्रमसः सायुज्यं सलोकतामाप्नोत्येतौ वै सूर्यचन्द्रमसोर्महिमानौ ब्राह्मणो विद्वानभिजयति तस्माद् ब्रह्मणे महिमानमाप्नोति तस्माद् ब्रह्मणो महिमानमित्युपनिषत् तैत्ति० प्रपा० १० अनु० ६४ ॥

શરીરમાં (**प्राणः**) પ્રાણ છે તે (**होता**) હોતાની સમાન છે. જે તેના (**चक्षुः**) ચક્ષુ છે તે (**उद्गाता**) ઉદ્‌ગાતાની સમાન છે. તથા તેનું (**मनः**) મન (**अध्वर्युः**) અધ્વર્યુ છે અને જે (**श्रोत्रं**) તેના કર્ણ છે તે (**ब्रह्मा**) બ્રહ્મા છે તથા (**अग्नीत**) અગ્ની લાવવાવાળાનીમાફક (**यावत् ध्रियते**) તે સંન્યાસી જે કાંઈ ધારણ કરે છે. (**सा**) તે **दीक्षा**) દીક્ષા ગ્રહણ રૂપ છે અને (**यदश्नाति**) તે સંન્યાસી જે કંઇ ખાય છે, (**तद्हविः**) તે ધૃતાદિ સામગ્રીની માફક હોમવા યોગ્ય પદાર્થ છે, તથા (**यत्पिबति**) તે જે કંઇ જળ અથવા દૂધાદિ પદાર્થ પીએ છે (**तत् तस्यसोमपानं**) તેજ તેનું સોમ પાન છે તથા (**यद्रमते**) તે જે જે ઠેકાણે ગમન કરે છે તે (**तदुपसदः**) ઉપસામગ્રી છે તથા (**यत् सञ्चरत्युपविशत्यु त्तिष्ठते**) જે કાંઇ તે આવજાવ અને બેસવા ઉઠવાની ક્રિયા કરે છે. (**स प्रवर्ग्यः**) તે તેનો પ્રવર્ગ્ય છે. (**यन्मुखम्**) જે તેનું મુખ છે (**तदाहवनीयः**) તે સંન્યાસીના આહવનીય અગ્નિની સમાન છે તથા (**या व्याहृतिर्यदस्य विज्ञानम**) તે સંન્યાસીનું વ્યાહૃતિ ઉચ્ચારણ. અથવા તેનું વિજ્ઞાન આહુતિરૂપ છે અને (**तज्जुहोति**) તે તેનોજ હોમ કરે છે એમ સમજવું તથા (**यत् सायं प्रातरत्ति**) તે સંન્યાસી સંન્ધ્યાસમયે તથા પ્રાતઃકાળે જે કાંઇ ભોજન કરે છે (**तत्सामिधम्**) તે સમિધા છે. તથા (**यत्प्रातर् मध्यन्दिनम् सायं च**) તે સંન્યાસી પ્રાતઃમધ્યાન્હ અને સાયંકાળમાં જે કાંઇ કર્મ કરે છે તે ત્રણ (**सवनानि**) સવન છે. (**ये अहोरात्रे**) તથા જે દિવસ અને રાત્ર છે તે (**ते दर्शपौर्णमासौ**) તે સંન્યાસીના પૌર્ણમાસ તથા અમવાસ્યેષ્ટિ છે (**अर्धमासाश्च, मासाश्च**) જે કૃષ્ણપક્ષ શુકલ પક્ષ તથા મહિના છે તે તે સંન્યાસીના ચાતુર્માસ્ય યજ્ઞ છે. (**यऋतवः**) તથા વસંતાદિ ૠતુ છે તે (**पशुबन्धः**) સંન્યાસીનો પશુ બંધ અર્થાત્ છ પશુઓનું બાંધવું છે. (**ये संवत्सराश्च परिवत्सराश्च**) જે સંવત્સર અને પરિવત્સર અર્થાત્ વર્ષવર્ષાંતર છે (**तेऽहर्गणाः**) તે સંન્યાસીનું અહર્ગણ ' અર્થાત્ બે રાત્ર અથવા ત્રણ રાતનું વ્રત છે. અને જે (**सर्व वेदस वै**) સર્વ વેદસ્ દક્ષિણા અર્થાત્ શીખા સુત્રાદિ પૂર્વાશ્રમના ચિન્હોનો ત્યાગછે તે સર્વથી મહાન યજ્ઞ છે. અને (**यन्मरणं**) જે તેનું મૃત્યુ છે તે (**तदवभृथः**) યજ્ઞને અંતે કરવામાં આવતું સ્નાન છે (**एतद्वै जरा मर्यमग्नि होत्रꣳ सत्रम्**) જરાવસ્થા અને મૃત્યુપર્યંત અર્થાત્ યાવત્ જીવન રહે ત્યાં સુધી સત્યોપદેશ અને યોગાભ્યામાદિ સન્યાસ ધર્મનું અનુષ્ઠાન કરવારૂપ સર્વથી મહાન અગ્નિહોત્ર છે (**य एवं विद्वानुदगयते**) અને આવી રીતે જે વિદ્વાન્ સંન્યાસ લઇને વિજ્ઞાન પ્રાપ્ત કરી તથા યોગાભ્યાસ કરી શરીરને છોડે છે તે મહાન્ વિદ્વાનોના મહિમાને પ્રાપ્ત થઇ સ્વપ્રકાશક સ્વરૂપ પરમાત્માના સંગને પ્રાપ્ત થાય છે. તથા જે યોગ અને વિજ્ઞાનથી રહિત હોય છે તે, સાંસારિક દક્ષિણાયન રૂપ વેહેવારમાં મૃત્યુને પ્રાપ્ત થાય છે અને તે ફરી ફરીને માતપિતાની પદવીને પ્રાપ્ત થઈ ચંદ્રલોકના સમાન વૃદ્ધ તથા ક્ષયને પ્રાપ્ત થાય છે પરંતુ જે વિદ્વાન્ બ્રાહ્મણ આ બંનેના યોગ્ય મહિમામાં ન ફરતા તેને જીતી લે છે તે સંન્યાસી. આ સર્વથીપર એવા પરમાત્માના મહિમાને પ્રાપ્ત થઇ મુક્તિ તથા મોક્ષના સુખનો અનુભવ કરે છે.

॥ अथ संन्यासे पुनः प्रमाणानि ॥

न्यास*इत्याहुर्मनीषिणो ब्रह्माणम् । ब्रह्मा विश्वः कतमः स्वयम्भूः प्रजापतिः संवत्सर इति । संवत्सरोऽसावादित्यो यऽएष आदित्ये पुरुषः स परमेष्ठी ब्रह्मात्मा । याभिरादित्यस्तपति रश्मिभिस्ताभिः पर्जन्यो वर्षति पर्जन्येनोषधिवनस्पतयः प्रजायन्त ओषधिवनस्पतिभिरन्नं भवत्यन्नेन प्राणाः प्राणैर्बलं बलेन तपस्तपसा श्रद्धा श्रद्धया मेधा मेधया मनीषा मनीषया मनो मनसा शान्तिः शान्त्या चित्तं चित्तेन स्मृति ँ स्मृत्या स्मार ँ स्मारेण विज्ञानं विज्ञानेनात्मानंवेदयति तस्मादन्नं ददन्त्सर्वाण्येतानि ददात्यन्नात् प्राणा भवन्ति भूतानाम् । प्राणैर्मनो मनसश्च विज्ञानं विज्ञानादानन्दो ब्रह्मयोनिः । स वा एष पुरुषः पञ्चधा पञ्चात्मा येन सर्वमिदं प्रोतं पृथिवी चान्तरिक्षं च द्यौश्च दिशश्चावान्तरादिशाश्च स वै सर्वमिदं जगत् स भूत ँ भव्यं जिज्ञासक्लृप्त ऋतजा रयिष्ठाः श्रद्धा सत्यो महस्वांस्तमसो वरिष्ठात् । ज्ञात्वा तमेवं मनसा हृदा च भूयो न मृत्युमुपयाहि विद्वान् । तस्मान् न्यासमेषां तपसामतिरिक्तमाहुः । वसुरण्वो विभूरसि प्राणो त्वमसि संधाता ब्रह्मंस्त्वमसि विश्वसृत्तेजोदास्त्वमस्यग्नेरसि वर्चोदास्त्वमसि सूर्यस्य द्युम्नोदास्त्वमसि चन्द्रमस उपयामगृहीतासि ब्रह्मणेत्वा महसे । ओमित्यात्मानं युञ्जीत । एतद्वै महोपनिषदं देवानां गुह्यम् । य एवं वेद ब्रह्मणो महिमानमाप्नोति तस्माद्ब्रह्मणो महिमानमित्युपनिषत् । तैत्ति० प्रपा० १० । अनु० ६३ ॥

---

* (न्यास इत्याहुर्मनीषिणः) આ અનુવાકનો અર્થ સુગમ છે એટલા માટે ભાવાર્થજ કહીશું ન્યાસ અર્થાત્ સંન્યાસ શબ્દનો અર્થ જે આગળ કહેવાઇ ગયો છે તે રીતી પ્રમાણે જે સંન્યાસ લખે છે તે પરમાત્માનો ઉપાસક છે. તે પરમાત્મા સુર્યાદિ લોકમાં વ્યાપ્ત અને પુર્ણ છે, કે જેના પ્રતાપથી સુર્ય તપે છે. સુર્યના તપવાથી વર્ષાદ અને વર્ષાદિથી ઔષધી તથા વનસ્પતિની ઉત્પત્તિ થાય છે. તે વનસ્પતિથી અન્ન, અન્નથી પ્રાણ પ્રાણથી બલ, બલથી તપ અર્થાત્ પ્રાણાયામ, યોગાભ્યાસ વગેરે, અને તેનાથી શ્રદ્ધા; સત્યના ધારણમાં પ્રીતિ અને તેથી બુદ્ધિ તપ, બુદ્ધથી વિચારશક્તિ અને વિચાર શક્તિથી જ્ઞાન, જ્ઞાનથી શાંતિ શાંતિથી ચેતના, ચિત્તથી સ્મૃતિ અને સ્મૃતિની આગળ પાછળનું જ્ઞાન થાય છે. તે જ્ઞાનથી વિજ્ઞાન અને એ વિજ્ઞાનથી સંન્યાસી આત્માને જાણી શકે છે. આટલા માટે અન્નદાન શ્રેષ્ટ છે કે જેનાથી પ્રાણ બળ, વિજ્ઞાનાદિની ઉત્પત્તિ થાય છે, જે પ્રાણોનો આત્મા છે અને જેનાથી આ આખું જગત્ ઓતપ્રોત વ્યાપ્ત છે તથા જે સર્વે જગતનો કર્ત્તા છે એને જે પુર્વ કલ્પમાં પણ જગતને સર્જે છે એવા પરમાત્માને જાણવાની ઇચ્છાથી હે વિદ્વાન્ સંન્યાસી તું તેને જાણીને ફરીથી વારંવાર જન્મ મરણને પ્રાપ્ત ન થા, પરંતુ મુક્તિના પૂર્ણ સુખને પ્રાપ્ત કર. આ કારણને લીધેજ સંન્યાસને સર્વ તપથી શ્રેષ્ટ અને ઉત્તમ કહેવામાં આવે છે. હે પરમેશ્વર તું સર્વેની અંદર વસી રહ્યો છે, વિભૂ છે, પ્રાણનો પ્રાણ તથા સર્વનું સંધાત:કરવાવાળો અને બિશ્વનો પેદા કરનાર

॥ संन्यासिनुं कर्त्तव्याऽकर्त्तव्य ॥

दृते दृꣳह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् । मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे । मित्रस्य चक्षुषा समीक्षामहे ॥ १ ॥

यजु० अ० ३६ । मं० १८ ॥

अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् । युयोध्य-स्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते नम उक्तिं विधेम ॥ २ ॥ यस्तु सर्वाणि भूतान्यात्म-न्येवानुपश्यति ॥ सर्वभूतेषु चात्मानं ततो न विचिकित्सति ॥ ३ ॥ यस्मिन्त्सर्वाणि भूतान्यात्मैवाऽभूद्विजानतः । तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥ ४ ॥ यजु० अ० ४० । मं० १६ । ६ । ७ ॥

परीत्य भूतानि परीत्य लोकान् परीत्य सर्वाः प्रदिशो दिशश्च । उपस्थाय प्रथमजामृतस्यात्मनात्मानमभिसंविवेश ॥ ५ ॥ य० अ० ३२ । मं० ११ ॥

ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः । यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥ ६ ॥ ऋ० मं० १ । सू० १६४ । मं० ३९ ॥

અર્થ—હે (**दृते**) સર્વ દુઃખ વિદારક પરમાત્મન્ તું (**मा**) મને સંન્યાસ માર્ગમાં (**दृंह**) આગળ ચલાવ. હે સર્વ મિત્ર તું (**मित्रस्य**) સર્વ સુહૃદ આપ્ત પુરૂષોની (**चक्षुषा**) દૃષ્ટીથી (**मा**) મને સર્વને મિત્ર બનાવ જેથી (**सर्वाणि**) સર્વ (**भूतानि**) પ્રાણિમાત્ર મને મિત્રની દૃષ્ટિથી (**समीक्षन्ताम्**) જુએ તથા (**अहं**) હું પણ (**मित्रस्य**) મિત્રની (**चक्षूषा**) દૃષ્ટીથી (**सर्वाणि भूतानि**) સર્વ ભૂત પ્રાણિમાત્રને (**समीक्षे**) જોઉં. આવી રીતે આપની કૃપા અને અમારા પુરૂષાર્થથી અમે લોકો એક બીજાની તરફ (**मित्रस्य चक्षुषा**) સુહૃદભાવની દૃષ્ટીથી (**समीक्षामहे**) જોતા રહીએ (મિત્રભાવથી વર્તીએ) (૧) હે (**अग्ने**) સ્વપ્રકાશ સ્વરૂપ સર્વ દુઃખદાહક (**देव**) સર્વ સુખ દાતા પરમેશ્વર **विद्वान्** આપ (**राये**) યોગ અને વિજ્ઞાન રૂપ ધનની પ્રાપ્તિ માટે (**सुपथा**) વેદોક્ત ધર્મમાર્ગથી (**अस्मान्**) અમને સૌને તથા અમારા (**विश्वानि**) સમ્પૂર્ણ (**वयुनानि**) પ્રજ્ઞાન તથા ઉત્તમ કર્મોને (**नय**) કૃપા કરી શુભ માર્ગમાં પ્રેરો તથા (**अस्मत्**) અમારાથી (**जुहुराणम्**) કુટીલ પક્ષપાતસહિત, (**एनः**) અપરાધ તથા પાપકર્મોને (**युयोधि**) દુર રાખો અને આવાં બીજા અધર્માચરણથી અમને સદા દુર રાખો, એટલા માટે (**ते**) આપનીજ (**नम उक्तिं**) નમસ્કારપૂર્વક પ્રશંસાને અમે (**भूयिष्ठां**) બહુ પ્રકારે (**विधेम**) ગાઇએ છીએ ॥ ૨ ॥ (**यः**) જે સન્યાસી (**तु**) વારંવાર (**आत्मन्येव**) આત્મા અર્થાત્ પરમેશ્વરમાંજ પોતાના આત્મા તુલ્ય (**सर्वाणि भूतानि**) સંપૂર્ણ ભૂત પ્રાણીમાત્ર, જીવ અને જગતસ્થ પદાર્થને (**अनुपश्यति**) અનુકુળતાથી જુએ છે

તથા ધારણ કરનાર છે અને સૂર્યોદિને તેજ આપવાવાળો છે તું અગ્નિથી પણ તેજસ્વી, વિદ્યાનો આપનાર, સુર્યનો કર્તા, તથા ચંન્દ્રમાના પ્રકાશનો પ્રકાશ કર્તા છે, તું સર્વથી મહાન્ અને પુજનીય દેવ છે, આટલા માટે (ઓ ૩ મ્) આ મંત્રનો મનથી ઉચ્ચારણ કરીને પરમાત્મામાં આત્માને લગાડવો અને જે મનુષ્ય વિદ્વાનોને ગ્રહણકરવા યોગ્ય આ મહોત્તમ વિદ્યાને ઉપર કહ્યા પ્રમાણે જાણે છે તે સંન્યાસી, પરમાત્માને તથા તેના મહત્વને જાણીને આનંદમાં રહે છે.

(च) તથા (सर्वभूतेषु) સંપૂર્ણ પ્રાણી અપ્રાણીયોમાં (आत्मानं) પરમાત્માને વ્યાપી રહેલ જુવે છે (ततः) ત્યારે તે કોઇ પણ વ્યવહારમાં (न विचिकित्सति) સંશયને પ્રાપ્ત થતો નથી. અર્થાત્ પરમેશ્વરને સર્વ વ્યાપક, સર્વાંતર્યામી તથા સર્વ સાક્ષી જાણીને પોતાના આત્માતુલ્ય પ્રાણી માત્રની હાની લાભ, સુખ દુઃખાદિને જુએ છે ત્યારેજ તે ઉત્તમ સન્યાસ ધર્મને પ્રાપ્ત થાય છે ॥ ૩ ॥ (विजानतः) જે વિજ્ઞાનયુક્ત સંન્યાસિના (यस्मिन्) પક્ષપાત રહિત ધર્મયુક્ત સંન્યાસમાં (सर्वाणि भूतानि) સર્વ પ્રાણીમાત્ર (आत्मैव) આત્મા સમાન ગણવામાં આવે છે. અર્થાત્ જેવી રીતે આપણો આત્મા આપણને પ્રિય છે તેવીજ રીતે પ્રાણી-માત્રને પોતાનો આત્મા પ્રિય છે એવા પ્રકારનો નિશ્ચય (अभूत) થાય છે. (तत्र) એવા સંન્યાસાશ્રમમાં (एकत्वमनुपश्यतः) આત્માના સમાન ભાવને અનુભવવાળા સંન્યાસીને (को, मोहः) વળી મોહ શાનો થાય, અને શોક પણ(कः शोकः) ક્યાંથીજ હોય? આ કારણથી સંન્યાસી શોક મોહાદ દોષોથી રહીત થઇ હમેશાં સર્વનો ઉપકાર કરે છે. ॥૪॥

આવી રીતે પરમાત્માની સ્તુતિ પ્રાર્થના અને ધર્મમાં દ્દઢ નિષ્ઠા રાખી જે પુરૂષ (भूतानि) સંપૂર્ણ પૃથિવ્યાદિ ભૂતોમાં (परीत्य) વ્યાપ્ત (लोकान्) સંપૂર્ણ લોક લોકાંતરમાં (परीत्य) પૂર્ણ (सर्वाः) (प्रदिशो, दिशश्च) તથા સર્વ દિશા અને ઉપદિશાઓમાં (परीत्य) વ્યાપક રૂપે સ્થિત છે તથા જે (ऋतस्य) સત્ય કારણના યોગથી (प्रथमजाम्) સર્વ મહત્તત્વાદિ સષ્ટીને ધારણ કરીને પાલન પોષણ કરી રહ્યો છે એવા (आत्मानम्) પરમાત્માને સંન્યાસી (आत्मना) પોતાના આત્માથી (उपस्थाय) સમીપ પહોંચીને અર્થાત્ જાણીને તેમાં (अभि-संविवेश) પ્રતિદીન સમાધિયોગથી પ્રવેશ કરે ॥ ૫ ॥ હે સંન્યાસી લોકો (यस्मिन् परमे व्योमन् अक्षरे) સર્વોત્તમ આકાશવત્ વ્યાપક નાશ રહિત પરમાત્માની અંદર (ऋचः) ૠગ્વેદાદિ વેદ તથા (विश्वदेवाः) સર્વ પૃથિવ્યાદિ લોક અને સમત વિદ્વાન્ (अधिनिषेदुः) સ્થિર છે અને થાય છે. (तत्) તે પરમાત્માને (यः) જે મનુષ્ય (नवेद) નથી ઓળખતો તોપછી તે (ऋचा) વેદાદિશાસ્ત્ર જાણીને (किंकरिष्यति) શું સુખ અથવા લાભ મેળવશે? અર્થાત્ વિદ્યા વિના પરમેશ્વરનું જ્ઞાન કદી થતું નથી પણ જો વિદ્યા ભણ્યા પછી પણ જો પરમેશ્વરને જાણવામાં ન આવે અને તેની આજ્ઞા પ્રમાણે વર્તવામાં ન આવે તો તેનું મનુષ્ય શરીર ધારણ કરવું નિષ્ફલ જાય છે. પણ (ये) જે વિદ્વાન્ લોકો તે પરમાત્માને જાણે છે (विदुः) (ते, इमे, इत्) તેજ તે પરમાત્માની અંદર (समासते) સારી રીતે સમાધિદ્વારા સ્થિર થાય છે ॥ ૬ ॥ (समाधिनिर्धूतमलस्य) સમાધિના યોગથી જેનો મળ ધોવાઇ ગયા છે અને તેથી જેનું (चेतसः) મન નિર્મલ થયેલું છે. અને તેવા ચિત્તનો (आत्मानि) પરમાત્માનિ અંદર જેણે (निवेशितस्य) પ્રવેશ કરાવ્યો છે એવા પુરૂષને જે (यत् सुखं) સુખાનુભવ (भवेत्) થાય છે તેનું (गिरा) વાણીદ્વારા (वर्णयितुं न शक्यते) વર્ણન થઇ શકતુંજ નથી. કારણ કે (तदा) તે વખતે સમાધિમાં તે જીવ (तत्) તે પરમાત્માને (अंतःकरणेन) શુદ્ધ અંતઃકરણથીજ (गृह्यते) ગ્રહણ કરે છે. જેથી તેનું વર્ણન પૂર્ણ રીતીથી કદીપણ થઇ શકતું નથી ॥૭॥ આટલા માટે સંન્યાસી લોકોએ પરમાત્મામાં સ્થિર રહેવું. અને તેની આજ્ઞા અર્થાત્ પક્ષપાત રહિત, ન્યાયધર્મમાં સ્થિત રહીને, સત્યોપદેશ તથા સત્ય વિદ્યાના પ્રચારથી સર્વ મનુષ્યોને સુખ આપતા રહેવું.

समानाद् ब्राह्मणो नित्यमुद्विजेत विषादिव ।
अमृतस्येव चाकाङ्क्षेदवमानस्य सर्वदा ॥ १ ॥
यमान् सेवेत सततं न नियमान् केवलान् बुधः ।
यमान् पतत्यकुर्वाणो नियमान् केवलान् भजन् ॥ २ ॥ मनु.

અથ—સંન્યાસીએ જગતના સન્માનથી વિષની માફક ડરતા રહેવું અને અમૃતની માફક અપમાનની ઇચ્છા કર્યા કરવી કારણ કે જે અપમાનથ ડરે છે અને માનની ઇચ્છા કરતો રહે છે તે બીજાની મિથ્યા પ્રશંસા કરવાવાળો બની મિથ્યાવાદિ અને પતિત થઇ જાય છે. એટલા વાસ્તે; નિન્દા, પ્રશંસા, માન, અપમાન, જીવન, મરણ, હાની અથવા લાભ ગમે તે હોય, ચાહે કોઇ પ્રીતિ કરે અથવા વૈર બાંધે, અન્ન, પાન, વસ્ત્ર, ઉત્તમ સ્થાનાદિ પ્રાપ્ત થાય અથવા ન થાય ગમે તેટલી ગરમી અથવા ઠંડી ભલે હોય તોપણ આ સર્વ દ્વંદ્વનું સહન કરે. અને અધર્મનું ખંડન તથા ધર્મનું મંથન હમેશાં કરતો રહે. આથી ઉત્તમ ધર્મ બીજો એકપણ નથી, પરમેશ્વરના શિવાય તેથી ભિન્ન બીજા કોઇની પણ ઉપાસના ન કરે અને વેદ વિરૂદ્ધ કંઇપણ ન માને, પરમેશ્વરના સ્થાનમાં સૂક્ષ્મ અથવા જડ અને જીવને પણ ન માને. પરમેશ્વરને હમેશાં પોતાનો સ્વામી માની પોતે તેનો સેવક બની રહે. અને તેવોજ ઉપદેશ બીજાઓને પણ કર્યા કરે, જે જે કર્મ કરવાથી ગૃહસ્થોની ઉન્નતિ થાય અથવા માતા, પિતા, પુત્ર, સ્ત્રી, પતિ, બંધુ, બેહેન, મિત્ર, પડોસી, નોકર, તથા નાના મોટા વિગેરેનો વિરોધ છુટી પ્રેમ વધે એવી એવી વાતોનો ઉપદેશ કર્યા કરે, વેદથી વિરૂદ્ધ મતમતાંતરના ગ્રંથો જેવાકે બાઇબલ, કુરાન, પુરાણ, મિથ્યાભિલાપ, તથા કાવ્યાલંકાર, કે જેના ભણવાથી અથવા સાંભળવાથી મનુષ્ય વિપર્યી અને પતિત થઇ જાય છે તે સર્વનો નિષેધ કરતો રહે. વિદ્વાન્ તથા પરમેશ્વરથી ભિન્ન બીજા કોઇને દેવ ન માને, તથા વિદ્યા, યોગાભ્યાસ, સત્સંગ અને સત્યભાષણાદિથી ભિન્ન બીજું કોઇ તીર્થ ન માને વિદ્વાનોની મૂર્ત્તિઓથી ભિન્ન પાષાણાદિ મૂર્તિઓને પણ ન માને અથવા મનાવે, એવીજ રીતે ગૃહસ્થોને માટે માતાપિતા આચાર્ય અને અતિથિ, તથા સ્ત્રિને માટે વિવાહિત પુરૂષ અને પુરૂષને માટે વિવાહિતા સ્ત્રીની, મૃત શિવાય બીજા કોઇની જડ મૂર્તિ પુજા છે એવો ઉપદેશ પણ ન આપે પરંતુ વૈદિક મતની ઉન્નતિ તથા વેદ વિરૂદ્ધ પાખંડ મતોનું ખંડન કરવામાં હમેશાં પ્રયત્ન કર્યા કરે. આ ઉપરાંત આગળ કેહેવામાં આવેલ ઉપદેશની માફક પોત પોતાના આશ્રમાનુકુલ કર્તવ્યકર્મોને કર્યા કરે. ખંડન કરવા યોગ્ય કર્મનું ખંડન કરવું કદી પણ છોડે નહિ. આસુર અર્થાત્ પોતાને ઇશ્વર અથવા બ્રહ્મ માનવાવાળાઓનું પણ યથાવત્ ખંડન કરતો રહે અને પરમેશ્વરના ગુણ કર્મ, તથા સ્વભાવાદિ ગુણોનો પ્રકાશ કરતો રહે. આવાં પ્રકારના કર્મ કરતા છતાં પણ પોતે આનંદમાં રહી બીજાઓને પણ આનંદીત રાખે સર્વદા (**अहिंसा**) નિર્વૈરતા (**सत्य**) સત્ય બોલવું, સત્ય માનવું તથા સત્ય કરવું (**अस्तेयम**) મન, વચન, તથા કર્મથી અન્યાય કરીને બીજાના પદાર્થનું ગ્રહણ ન કરવું તથા બીજાને પણ તે પ્રકારે કરવાનો ઉપદેશ ન આપવો (**ब्रह्मचर्य**) સદા જીતેન્દ્રિય થઇ આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ કરી વીર્યની રક્ષા અને ઉન્નતિ કરીને દીર્ઘાયુષિ થઇ સર્વનો ઉપકાર કરતા રહેવું (**अपरिग्रहः**) અભિમાનાદિ દોષ રહિત થઇ સંસારના ધનાદિ કોઇપણ પદાર્થમાં મોહિત થઇ કદી ન ફસાવું. આ પાંચ યમોનુ સેવન સદા કર્યા કરવું અને તેની સાથેપાંચ નિયમ અર્થાત્ (**शौच**) બહાર તેમજ અંદરથી પવિત્ર રહેવું (**संतोष**) પુરૂષાર્થ કરતા રહેવું અને હાની અથવા લાભથી પ્રસન્ન અથવા અપ્રસન્ન ન થવું (**तपः**) સદા પક્ષપાત રહિત ન્યાયરૂપ ધર્મનું સેવન, પ્રાણાયામાદિ યોગાભ્યાસ (**स्वाध्याय**) સદા પ્રણવનો જપ અર્થાત્ મનમાં ચિંતન અને તેના અર્થ અને વાચક ઇશ્વરનો વિચાર કરતા રહેવું (**ईश्वरप्राणिधान**) અર્થાત્ પોતાના આત્માને પરમેશ્વરની વેદોક્ત આજ્ઞાનું પાલન કરવામાં સમર્પિત કરીને પરમાનન્દ પરમેશ્વરનાં સુખને જીવનમુક્ત થઇ ભોગવવું અને શરીર છોડયા પછી સર્વાનન્દ યુક્ત મોક્ષને પ્રાપ્ત થવું એ સંન્યાસીઓના મુખ્ય કર્મ છે. હે જગદીશ્વર, સર્વ શક્તિમાન, સર્વાન્તર્યામિન્, દયાલુ, ન્યાયકારીન્, સચ્ચિદાનન્દાનન્ત, નિત્ય શુદ્ધ મુક્ત સ્વભાવ, અજર, અમર, પવિત્ર, પરમાત્મન્ તમારી કૃપાથી સંન્યાસીઓને પૂર્વોક્ત કર્મોમાં પ્રવૃત્ત રાખી પરમમુક્તિ સુખને પ્રાપ્ત કરાવતા રહો. ॥

॥ इति संन्याससंस्कारविधिः समाप्तः ॥

॥ अथान्त्येष्टिकर्मविधिंवक्ष्यामः ॥

શરીરનો જે અંતનો સંસ્કાર છે અર્થાત્ જેની પછી આ શરીરને માટે કોઈ પણ અન્ય પ્રકારનો સંસ્કાર છેજ નહિ તેને નરમેધ, પુરૂષ મેધ, નરયાગ, પુરૂષયાગ, તથા અન્ત્યેષ્ટિકર્મ, પણ કહેવામાં આવે છે.

भस्मान्तꣳ शरीरम् ॥ य० अ० ४० मं० १५

निषेकादि श्मशानान्तो मन्त्रैर्यस्योदितोविधिः ॥ मनु० ॥

અર્થ—આ શરીરનો સંસ્કાર (**भस्मान्तम्**) ભસ્મ કરવા પર્યન્ત છે. શરીરનો આરંભ ઋતુદાનથી અને અંત શ્મશાન અર્થાત્ મૃતક કર્મ છે.

પ્રશ્ન—ગરૂડપુરાણમાં દશરાત્ર એકાદશાહ, દ્વાદશાહ, સપિંડી કર્મ, માસિક, વાર્ષિક, ગયા શ્રાદ્ધ આદિ જે ક્રિયાઓ લખી છે શું તે બધી અસત્ય છે?

ઉત્તર—હાં; અવશ્ય, મિથ્યા છે, કારણ કે વેદોમાં તેવા કર્મ કરવાનું વિધાન નથી, એટલા માટે અકર્તવ્ય છે, વળી મૃતક જીવનો સંબંધ પૂર્વસંબંધીઓ સાથે જરા પણ રહેતો નથી, અને તેવીજ રીતે જીવના સબંધીઓનો પણ કંઇ સમ્બંધ નથી રહેતો, તે જીવનો પોતાના કર્માનુસાર જન્મ પામે છે

પ્રશ્ન—મરણની પછી જીવ ક્યાં જાય છે?

ઉત્તર—યમાલયમાં

પ્રશ્ન—યમાલય કોને કહે છે.

ઉત્તર—વાયવાલયને,

પ્રશ્ન—વાય્વાલય કોને કહે છે?

ઉત્તર-અંતરિક્ષને અર્થાત્ આ જે પોલ છે તને.

પ્રશ્ન—શું ત્યારે ગરૂડ પુરાણ આદિમાં યમલોક વીષે લખ્યું છે તે ખોટું છે?

ઉત્તર—અવશ્ય ખોટુંજ છે,

પ્રશ્ન—તો પછી સંસાર શા માટે માને છે?

ઉત્તર—વેદ સંબંધી અજ્ઞાન તથા ઉપદેશનાં અભાવથી યમસંબંધી જે કથા લખી રાખી છે તે બધી મિથ્યા છે, કારણ કે યમનામ નીચે લખ્યા પદાર્થોનું છે.

१ षडिद्यमा ऋषयो देवजा इति । ऋ० मं० १ सू० १६४ मं० १५

२ शकेम वाजीनो यमम् । ऋ० मं० २ सू० ५ मं० १

३ यमाय जुहुता हविः यमं हयज्ञो गच्छत्यग्नि दूतो अरंकृतः ।

ऋ० मं० १० सू० १४ मं० १३

४ यमः सूयमानो विष्णुः सम्भ्रियमाणो वायुः पूयमानः ।

य० अ० ८ मं० ५७.

५ वाजिनं यमम् । ऋ० मं० ८ सू० २४ मं० २

६ यमं मातरिश्वानमाहुः । ऋ० मं० १ सू० १६ मं० ४६

અર્થ—૧ અહિં ઋતુઓનું નામ યમ છે.

૨ પરમેશ્વર.

૩ અગ્નિ.

૪ વાયુ, વિદ્યુત, તથા સૂર્યનું નામ યમ છે.

૫ અહિં પણ વેગવાન હોવાથી વાયુનું નામ યમ છે.

૬ અહિં પરમેશ્વરનું નામ યમ છે.

આટલા પદાર્થોનું નામ યમ છે એટલા માટે પુરાણાદિની સર્વ કલ્પના મિથ્યા છે.

विधिः—संस्थिते भूमिभागं खानयेद्दक्षिणपूर्वस्यां दिशि दक्षिणापरस्यां वा ॥ १ ॥ दक्षिणा प्रवणं प्राग्दक्षिणाप्रवणं वा प्रत्यग्दक्षिणा प्रवणमित्येके ॥ २ ॥ यावानुदाहुकः पुरुष स्तावदायामम् ॥३॥ वितस्त्यर्वाक् ॥ ४ ॥ केशश्मश्रु लोमन खानी शुक्रं पुरस्तात् ॥५॥ द्विगुल्फं बर्हिं राज्यं च ॥६॥ दधन्यत्र सर्पिरानयन्त्येतत् पित्र्य पृषदाज्यम् ॥ ७ ॥ अथैता दिशमग्नीन्नयन्ति यज्ञ पात्राणि च ॥ ८ ॥

અર્થ—જ્યારે કોઇ મરી જાય ત્યારે જો મરનાર પુરૂષ હોયતો પુરૂષ અને સ્ત્રી હોયતો સ્ત્રીઓ મરનારને સ્નાન કરાવે. ચન્દનાદિ સુગંધીનું લેપન અને નવીન વસ્ત્ર ધારણ કરાવે. મરનારના શરીરના વજન પ્રમાણે ઘી અને જો વિશેષ સામર્થ્ય હોય તો તેથી પણ અધિક ઘી લેવું અને જો મહાદરિદ્રભિક્ષુક હોય અને જેનીપાસે કંઇ ન હોય તેને શ્રીમાન્ અથવા પંચ અરધા મણથી ઓછું ઘી ન આપે અને શ્રીમાન્ લોક શરીરના તોલ પ્રમાણે ચંદન; શેર એક ઘીમાં એક રતી કસ્તુરી, એક માસો કેસર, એક એક મણ ઘીમાં એક એક શેર અગર તગર તથા ધૃતમાં ચંદનનો ભૂકો પણ યથાશક્તિ નાંખીને કપુર પલાશ આદિ લાકડાં વગેરે મલી શરીરના તોલથી બમણી સામગ્રી શ્મશાનમાં મોકલાવવી. ત્યાર પછી મૃતકને શ્મશાનમાં લઇ જવો અને આગલની વેદી બનેલી હોય તો તે નહિ તો નવી વેદી ભુમીમાં ખોદવી. શ્મશાનનું સ્થાન વસ્તીની દક્ષિણ તથા આગ્નેય અથવા નૈઋત્ય ખુણામાં હોય ત્યાં ભુમીને ખોદવી. મૃતકના પગ દક્ષિણાગ્નેય અથવા નૈઋત્ય ખુણામાં રાખવા તથા માથું ઉત્તર ઇશાન અથવા વાયવ્ય ખુણામાં રાખવું. મૃતકનાપગની તરફનું વેદીનું તળીયું જરા નીચું અને માથાની તરફનો ભાગ જરા ઉંચો રહેવો જોઇએ; આ વેદીનું માપ પુરૂષ ઉભો રહી માથાં તરફ ઉંચાં હાથ કરે એટલી લાંબી અને બંને હાથને બાજુમાં લંબાવવાથી જેટલી પહોળાઇ થાય તેટલી પહોળી અર્થાત્ મૃતકના સાડાત્રણ અથવા ત્રણ હાથથી વધારે પહોળી જોઇએ અને છાતીની બરાબર ઉંડી હોવી જોઇએ અને એક વેંત જેટલો મારગ તેની નીચે રહેવો જોઇએ; આવી વેદીની અંદર થોડું થોડું જલ છાંટવું અને ગાયનું છાણજો ઉપસ્થિત હોય તો તેનું લેપન કરવું અને પછી નીચેથી અરધી વેદી જેવી રીતે ભીંતમાં ઇંટો ગોઠવવામાં આવે છે, તેવી રીતે એક ઉપર એક બરાબર જમાવીને લાકડાંઓ ગોઠવવાં. લાકડાઓની વચમાં થોડો થોડો કપુર જરા જરા અંતરે મુકવો આ ચિતાની ઉપર મધ્યમાં મૃતકને મૂકવું અને ચારે તરફ વેદી બરાબર ખાલી રહે તેમ કરવું પછી ચારે તરફ આજુ બાજુ એજ ઉપર ચન્દન, પલાશ, આદિના કષ્ટ બરાબર ગોઠવીને વેદીની બહાર એક વેંત નીકળે ત્યાં સુધી મુકવાં. જ્યાંસુધી આ ક્રિયા ચાલે તેટલા વખતમાં એક જુદો ચુલો બનાવી અગ્નિ કરી ઘીને તપાવી ગાળીને એક પાત્રમાં રાખવું અને તેની અંદર કસ્તુરી આદિ સર્વે પદાર્થો મેળવા દેવા, લાંબી લાંબી લાકડીઓ ચાર ચમચા જે લાકડાં, ચાંદી, સોનું અથવા લોઢાના હોય, અને જેમાં એક છટાંકથી વધારે અને અરધા છટાંકથી ઓછું ઘી ન આવી શકે એવા ચમચાને તે લાકડીઓ સાથે મજબુત બાંધી પછી ઘીનો દીવો કરીને કપુરમાં લગાવી માથા પાસેથી આરંભી પગ સુધી અને વચમાં વચમાં અગ્નિ પ્રજ્વલિત કરાવવો અને અગ્નિપ્રવેશ કરીનેઃ—

ओमग्नये स्वाहा । ओं सोमाय स्वाहा । ओं लोकाय स्वाहा ओं मनुमतये स्वाहा । ओं स्वर्गाय स्वाहा ॥

આ પાંચ મંત્રોથી આહુતિ આપવી અને અગ્નિને પ્રદીપ્ત થવા દેવો ત્યારપછી ચાર માણસો જુદા જુદા ઉભા રહી વેદોના મંત્રથી આહુતી દેતા જાય અને સ્વાહા આવે ત્યાં આહુતી મુકતા જાય.

॥ अथ वेदमन्त्राः ॥

सूर्यं चक्षुर्गच्छतु वातमात्मा द्यां च गच्छ पृथिवीं च धर्मणा । अपो वा गच्छ यदि तत्र ते हितमोषधीषु प्रति तिष्ठा शरीरैः स्वाहा ॥ १ ॥ अजो भागस्तपसा तं तपस्व तं ते शोचिस्तपतु तं ते अर्चिः । यास्ते शिवास्तन्वो जातवेदस्ताभिर्वहैनं सुकृतामु लोकं स्वाहा ॥ २ ॥ अवसृज पुनरग्ने पितृभ्यो यस्त आहुतश्चरति स्वधाभिः । आयुर्वसान उपवेतु शेषः संगच्छतां तन्वा जातवेद स्वाहा ॥ ३ ॥ अग्नेर्वर्म परि गोभिर्व्ययस्व सम्प्रोर्णुष्व पीवसा मेदसा च । नेत्त्वा धृष्णुर्हरसा जर्हृषाणो दधृग्विधक्ष्यन्पर्यङ्खयाते स्वाहा ॥ ४ ॥ यं त्वमग्ने समदहस्तमु निर्वापया पुनः । कियाम्ब्वत्र रोहतु पाकदूर्वा व्यल्कशा स्वाहाः ॥ ५ ॥ ऋ० मं० १० सू० १६ मं ३।४।५।७।१३ ॥

परेयिवांसं प्रवतो महीरनु बहुभ्यः पन्थामनुपस्पशानम् । वैवस्वतं सङ्गमनं जनानां यमं राजानं हविषा दुवस्य स्वाहा ॥ ६ ॥ यमो नो गातुं प्रथमो विवेद नैषा गव्यूतिरपभर्तवा उ । यत्रा नः पूर्वे पितरः परेयुरेना जज्ञानाः पथ्या ३ अनुस्वाः स्वाहा ॥ ७ ॥ मातली कव्यैर्यमो अङ्गिरोभिर्बृहस्पतिर्ऋक्वभिर्वावृधानः । यांश्च देवा वावृधुर्ये च देवान्त्स्वाहान्ये स्वधयान्ये मदन्ति स्वाहा ॥ ८ ॥ इमं यम प्रस्तरमा हि सीदाङ्गिरोभिः पितृभिः संविदानः । आत्वा मन्त्राः कविशस्ता वहन्त्वेना राजन्हविषा मादयस्व स्वाहा ॥९॥ अङ्गिरोभिरागहि यज्ञियेभिर्यम वैरूपैरिह मादयस्व । विवस्वन्तं हुवे यः पिता तेऽस्मिन्यज्ञे बर्हिष्यानिषद्य स्वाहा ॥ १० ॥ प्रेहि प्रेहि पथिभिः पूर्व्येभिर्यत्रा नः पूर्वे पितरः परेयुः । उभा राजाना स्वधया मदन्ता यमं पश्यासि वरुणं च देवं स्वाहा ॥ ११ ॥ संगच्छस्व पितृभिः संयमेनेष्टापूर्तेन परमे व्योमन् । हित्वायावद्यं पुनरस्तमेहि संगच्छस्व तन्वा सुवर्चाः स्वाहा ॥१२॥ अपेत वीत वि च सर्पतातोऽस्मा एतं पितरो लोकमक्रन् । अहोभिरद्भिरक्तुभिर्व्यक्तं यमो ददात्यवसानमस्मै स्वाहा ॥ १३ ॥ यमाय सोमं सुनुत यमाय जुहुता हविः । यमं ह यज्ञोगच्छत्यग्निदूतो अरङ्कृतः स्वाहा ॥१४॥ यमाय घृतवद्धविर्जुहोत प्र च तिष्ठत । स नो देवेष्वायमद्दीर्घमायुः प्रजीवसे स्वाहा ॥ १५ ॥ यमाय मधुमत्तमं राज्ञे हव्यं जुहोतन । इदं नम ऋषिभ्यः पूर्वजेभ्यः पूर्वेभ्यः पथिकृद्भ्यः स्वाहा ॥ १६ ॥ ऋ० मंड० १० सू० ॥ १४ ॥ कृष्णः श्वेतोऽरुषो यामो अस्य ब्रध्न ऋज्र उतशोणो यशस्वान् । हिरण्यरूपं जनिता जजान स्वाहा ॥ १७ ॥ ऋ० मं० १० सू० २० मं० ९ ॥

આ ઋગ્વેદના મંત્રોથી ચારેજણ ૧૭, સતર આહુતી દઇને નિમ્નલિખિત મંત્રોથી એવીજ રીતે આહુતી આપે.

प्राणेभ्यः साधिपतिकेभ्यः स्वाहा ॥ १ ॥ पृथिव्यै स्वाहा ॥ २ ॥ अग्नये स्वाहा ॥ ३ ॥ अन्तरिक्षाय स्वाहा ॥ ४ ॥ वायवे स्वाहा ॥ ५ ॥ दिवे स्वाहा ॥ ६ ॥ सूर्याय स्वाहा ॥ ७ ॥ दिग्भ्यः स्वाहा ॥ ८ ॥ चन्द्राय स्वाहा ॥ ९ ॥ नक्षत्रेभ्यः स्वाहा ॥ १० ॥ अद्भ्यः स्वाहा ॥ ११ ॥ वरुणाय स्वाहा ॥ १२ ॥ नाभ्यै स्वाहा ॥ १३ ॥ पूताय स्वाहा ॥ १४ ॥ वाचे स्वाहा ॥ १५ ॥ प्राणाय स्वाहा ॥ १६ ॥ प्राणाय स्वाहा ॥ १७ ॥ चक्षुषे स्वाहा ॥ १८ ॥ चक्षुषे स्वाहा ॥ १९ ॥ श्रोत्राय स्वाहा ॥ २० ॥ श्रोत्राय स्वाहा ॥ २१ ॥ लोमभ्यः स्वाहा ॥ २२ ॥ लोमभ्यः स्वाहा ॥ २३ ॥ त्वचे स्वाहा ॥ २४ ॥ त्वचे स्वाहा ॥ २५ ॥ लोहिताय स्वाहा ॥ २६ ॥ लोहिताय स्वाहा ॥ २७ ॥ मेदोभ्यः स्वाहा ॥ २८ ॥ मेदोभ्यः स्वाहा ॥ २९ ॥ मांसेभ्यः स्वाहा ॥ ३० ॥ मांसेभ्यः स्वाहा ॥ ३१ ॥ स्नावभ्यः स्वाहा ॥ ३२ ॥ स्नावभ्य स्वाहा ॥ ३३ ॥ अस्थभ्यः स्वाहा ॥ ३४ ॥ अस्थभ्यः स्वाहा ॥ ३५ ॥ मज्जभ्यः स्वाहा ॥ ३६ ॥ मज्जभ्यः स्वाहा ॥ ३७ ॥ रेतसे स्वाहा ॥ ३८ ॥ पायवे स्वाहा ॥ ३९ ॥ आयासाय स्वाहा ॥ ४० ॥ प्रायासाय स्वाहा ॥ ४१ ॥ संयासाय स्वाहा ॥ ४२ ॥ वियासाय स्वाहा ॥ ४३ ॥ उद्यासाय स्वाहा ॥ ४४ ॥ शुचे स्वाहा ॥ ४५ ॥ शोचते स्वाहा ॥ ४६ ॥ शोचमानाय स्वाहा ॥ ४७ ॥ शोकाय स्वाहा ॥ ४८ ॥ तपसे स्वाहा ॥ ४९ ॥ तप्यते स्वाहा ॥ ५० ॥ तप्यमानाय स्वाहा ॥ ५१ ॥ तप्ताय स्वाहा ॥ ५२ ॥ घर्माय स्वाहा ॥ ५३ ॥ निष्कृत्यै स्वाहा ॥ ५४ ॥ प्रायश्चित्यै स्वाहा ॥ ५५ ॥ भेषजाय स्वाहा ॥ ५६ ॥ यमाय स्वाहा ॥ ५७ ॥ अन्तकाय स्वाहा ॥ ५८ ॥ मृत्यवे स्वाहा ॥ ५९ ॥ ब्रह्मणे स्वाहा ॥ ६० ॥ ब्रह्महत्यायै स्वाहा ॥ ६१ ॥ विश्वेभ्यो देवेभ्यः स्वाहा ॥ ६२ ॥ द्यावापृथिवीभ्यां स्वाहा ॥ ६३ ॥ यजु० अ० ३९ ॥

આ ૬૩ મન્ત્રોથી ૬૩ આહુતી દઇને નીચે લખેલા મન્ત્રોથી આહુતી આપવી.

सूर्यं चक्षुषा गच्छ वातमात्मना दिवं च गच्छ पृथिवीं च धर्मभिः । अपो वा गच्छ यदि तत्र ते हितमोषधीषु प्रतितिष्ठा शरीरैः स्वाहा ॥ १ ॥ सोम एकेभ्यः पवते घृतमेक उपासते । येभ्यो मधु प्रधावति तांश्चिदेवापि गच्छतात् स्वाहा ॥ २ ॥ ये चित्पूर्व ऋतसाता ऋतजाता ऋतावृधः । ऋषींस्तपस्वतो यम तपोजाँ अपि गच्छतात् स्वाहा ॥ ३ ॥ तपसा ये अनाधृष्यास्तपसा ये स्वर्ययुः । तपो ये च चक्रिरे महस्तांश्चिदेवापि गच्छतात् स्वाहा ॥ ४ ॥ ये युद्ध्यन्ते प्रधनेषु शूरासो ये तनूत्यजः । ये वा सहस्रदक्षिणास्तांश्चिदेवापि गच्छतात् स्वाहा ॥ ५ ॥ स्योनास्मै भव पृथिव्यनृक्षरा निवेशनी । यच्छास्मै शर्म स प्रथाः स्वाहा ॥ ६ ॥

अथेमे जीवा अदध्रन् गृहेभ्यस्तन्निर्वहत परिग्रामादितः । मृत्युर्यमस्यासीद्दूतः प्रचेता असून् पितृभ्यो गमयाञ्चकार स्वाहा ॥ ७ ॥ यमः परोवरो विवस्वांस्ततः परं नातिपश्यामि किञ्चन । यमे अध्वरो अधि मे निविष्टो भुवो विवस्वानन्वाततान स्वाहा ॥ ८ ॥ अपागूहन्नमृतां मर्त्येभ्यः कृत्वा सवर्णामदधुर्विवस्वते । उताश्विनावभरद्यत्तदासीदजाहादु द्वा मिथुना सरण्यूः स्वाहा ॥ ९ ॥ इमौ युनज्मि ते वह्नी असुनीताय वोढवे। ताभ्यां यमस्य सादनं समितिश्चावगच्छात् स्वाहा॥१०॥ अथर्व० कां० १८ सू० २

આ દશ મંત્રોથી આહુતી દઈને—

अग्नये रयिमते स्वाहा ॥ १ ॥ पुरुषस्य सयावर्यपेदघानि मृज्महे । यथा नो अत्र नापरः पुरा जरस आयति स्वाहा ॥ २ ॥ य एतस्य पथो गोप्तारस्तेभ्यः स्वाहा ॥ ३ ॥ य एतस्य पथो रक्षितारस्तेभ्यः स्वाहा ॥ ४ ॥ य एतस्य पथोऽभिरक्षितारस्तेभ्यः स्वाहा ॥ ५ ॥ ख्यात्रे स्वाहा ॥ ६ ॥ अपाख्यात्रे स्वाहा ॥ ७ ॥ अभिलालपते स्वाहा ॥ ८ ॥ अपलालपते स्वाहा ॥ ९ ॥ अग्नये कर्मकृते स्वाहा ॥ १० ॥ यमत्र नाधीमस्तस्मै स्वाहा ॥ ११ ॥ अग्नये वैश्वानराय सुवर्गाय लोकाय स्वाहा ॥१२॥ आयातु देवः सुमनाभिरूतिभिर्यमो ह वेह प्रयताभिरक्ता। आसीदताᳬ सुप्रयते ह बर्हिष्यूर्जाय जात्यैममशत्रुहत्ये स्वाहा ॥१३॥ योस्य कौष्ठ्य जगतः पार्थिवस्यैक इद्वशी । यमं भङ्ग्यश्रवो गाय योराजऽनपरोध्यः स्वाहा ॥ १४ ॥ यमं गाय भङ्ग्यश्रवो यो राजाऽनपरोध्यः । येनाऽऽपो नद्यो धन्वानि येन द्यौः पृथिवी दृढा स्वाहा ॥ १५ ॥ हिरण्यकक्ष्यान्त्सुधुरान् हिरण्याक्षानयःशफान् । अश्वाननश्वतो दानं यमो राजाभितिष्ठति स्वाहा ॥ १६ ॥ यमो दाधार पृथिवीं यमो विश्वमिदं जगत् । यमाय सर्वमित्तस्थे यत् प्राणद्वायुरक्षितं स्वाहा ॥ १७ ॥ यथा पञ्च यथा षड् यथा पञ्चदशर्षयः । यमं यो विद्यात् स ब्रूयाद्यथैक ऋषिर्विजानते स्वाहा ॥ १८ ॥ त्रिकद्रुकेभिः पतति षडुर्वीरेकमिद्बृहत् । गायत्री त्रिष्टुप्छन्दांᳬसि सर्वा ता यम आहिता स्वाहा ॥ १९ ॥ अहरहर्नयमानो गामश्वं पुरुषं जगत् । वैवस्वतो न तृप्यति पञ्चभिर्मानवैर्यमः स्वाहा ॥ २० ॥ वैवस्वते विविच्यन्ते यमे राजनि ते जनाः । ये चेह सत्ये नेच्छन्ते य उ चानृतवादिनः स्वाहा ॥ २१ ॥ ते राजन्निह विविच्यन्तेथा यन्ति त्वमुप । देवांश्च ये नमस्यन्ति ब्राह्मणांश्चापचित्यति स्वाहा ॥ २२ ॥ यस्मिन्वृक्षे सुपलाशे देवैः संपिबते यमः । अत्रा नो विश्पतिः पिता पुराणा अनुवेनति स्वाहा ॥ २३ ॥ उत्ते स्तभ्नोमि पृथिवीं त्वत्परीमं लोकं निदधन्मो अहᳬरिषम् । एताᳬ स्थूणां पितरो धारयन्तु

तेऽत्रा यमः सादनाते मिनोतु स्वाहा ॥ २४ ॥ यथाऽहान्यनुपूर्वं भवन्ति यथर्त्तव ऋतुर्लिर्यन्ति क्लृप्ताः । यथा नः पूर्वमपरो जहात्येवाधा तरायूंषि कल्पयैषां स्वाहा ॥ २५ ॥ न हि ते अग्ने तनवै क्रूरं चकार मर्त्यः । कपिर्बभस्ति तेजनं पुनर्जरायुर्गौरिव । अप न शोशुचदघमग्ने शुशुध्या रयिम् । अप नः शोशुचदघं मृत्यवे स्वाहा ॥ २६ ॥ तैत्ति० प्र० ६ अनु० १-१०॥

આ બધી ૨૬ આહુતીઓ મળીને (**ओमग्नये स्वाहा**) એ મન્ત્રોથી લઇને (**मृत्यवे स्वाहा**) સુધી એકસો એકવીશ આહુતી થઇ અર્થાત્ ચારજણની મલીને ૪૮૪ ચારસો ચોરાશી અને જો બે જણા આહુતિ દેતા હોય તો ૨૪૨ બેસો બેતાલીશ થઇ વલી પણ જો ઘી વધારે હોય તો ફરીથી તેજ એકસો એકવીશ મંત્રથી આહુતી આપવી.

જ્યાં સુધી શરીર ભસ્મ ન થઇ જાય ત્યાં સુધી આવી રીતે આહુતિ આપવી પછી જ્યારે શરીર ભસ્મ થઇ જાય ત્યારે સર્વ મનુષ્યો કપડાં ધોઇ સ્નાન કરી જેના ઘરમાં મૃત્યુ થયું હોય તેના ઘરને માર્જન, લેપન, અને પ્રક્ષાલન આદિથી શુદ્ધ કરી. આગળ લખ્યા પ્રમાણે સ્વસ્તિ વાચન તથા શાન્તિપ્રકરણનો પાઠ અને ઇશ્વરોપાસના કરીને તેજ શાન્તિકરણ અને સ્વસ્તિવાચનમાં મન્ત્રોથી જ્યાં અંક પૂરો થાય ત્યાં સ્વાહા શબ્દનો ઉચ્ચારણ કરીને સુગન્ધી આદિથી મિશ્રિત કરેલી ઘીથી આહુતિ ઘરમાં આપવી કે જેથી કરીને મૃતકના ઘરનો વાયુ ઘરની બહાર નીકળી જાય અને શુદ્ધ વાયુ ઘરમા પ્રવેશ કરે. અને સર્વનું ચિત્ત પ્રસન્ન રહે. પણ જો તે દિવસે રાત્રી પડી જાય તો થોડીક આહુતી આપવી અને પછી બીજે દિવસે સવારમાં તેવીજ રીતે સ્વસ્તિવાચન અને શાન્તિકરણના મન્ત્રોથી આહુતી આપવી ત્યારપછી જ્યારે ત્રીજે દિવસ થાય ત્યારે મૃતકનો કોઇ સંબંધી શ્મશાનમાં જઇ ચિતામાંથી અસ્થિ ઉપાડીને તે શ્મશાન ભૂમિમાં ક્યાંક પૃથક્ મુકી દીએ બસ આનાથી વિશેષ મૃતક વાસ્તે બીજું કંઇ પણ કર્મ કર્તવ્ય નથી કારણ કે પૂર્વ (**भस्मांतं शरीरं**) યજુર્વેદના મંત્રના પ્રમાણથી સ્પષ્ટ થઇ ગયું છે કે દાહ કર્મ અને અસ્થિ સંચયનથી વિશેષ કર્મ મૃતકને વાસ્તે કંઇ પણ કર્તવ્ય નથી. હાં જો મરનારની ખુશી હોય તો તેની હૈયાતીમાંજ અથવા તેનાં મૃત્યુ પછી તેનાં સંબન્ધી વેદવિદ્યા અને વેદોક્ત ધર્મનો પ્રચાર, અનાથ પાલન, તથા વેદોક્ત ધર્મોપદેશની પ્રવૃત્તિને માટે ગમે તેટલું ધનપ્રદાન કરે, તો તે અત્યુત્તમ છે.

॥ इति मृतकसंस्कारविधिः समाप्तः ॥

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्याणां श्रीयुतविरजानन्दसरस्वतीस्वामिनां महाविदुषां शिष्यस्य वेदविहिताचारधर्म निरुपकस्य श्रीमद्दयानन्दसरस्वती स्वामिनः कृतो संस्कारविधिग्रन्थः पूर्तिमगात्

इदं पुस्तकं युनीयनन्यामुद्रणालये मुद्रितम्.

शुद्धिपत्र.

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
षोडशवै	षोडशैव	१	१८	देवस्तवा	देवस्त्वा	२०	४
यज्ञस्य	यज्ञस्य	५	५	त्या	त्वा	२०	१६
।मत्रं	मित्रं	५	२७	स्रचो	स्रुचो	२०	२७
ना	नो	६	१७	खड्गा	खड्गा	२०	३०
क्षालि	क्षमि	६	२२	सालुखलः	सोलुखलः	२१	१
व्यशेमहि	व्यशेमहि	६	२२	कार्यो	कार्यौ	२१	२
अदित्यान्	आदित्यान्	८	२६	मत्राः	मात्राः	२१	९
પ્રાણા વિદ્યા	પ્રાણુવિદ્યા	८	१६	तक्ष्णाग्रान्	तीक्ष्णाग्रान्	२१	१०
(न)	(नः)	८	२४	બેસવું	બેસું	२२	२१
मवाभिः	मवोभिः	१२	१	કરવું	કરૂં	२२	२२
नभवता	भवता	१३	१	वाह्नोर्मे	बाह्नोर्मे	२३	८
सुतस्य	सुतस्य	१३	१०	જંધાંએ	ઝંધાએ	२३	१३
पव	पूर्वं	१३	१२	લાકડનાં	લાકડાંનાં	२३	२४
अवेभिः	अवोभिः	१४	१	र्धस्य	वर्धस्य	२४	९
मित्रावरुण	मित्रावरुणौ	१४	२२	जातदेव	जातवेद्	२४	१२
भवताम	भवताम्	१६	२३	दुवस्य	दुवस्यत	२४	१९
ભણાવાયે	ભણાવિયે	१७	६	घ्रतम	घृतम	२४	२६
श्याम	स्याम	१७	७	वाचः	वाचं	२५	२७
આધક	અધિક	१७	८	આપવા	આપવી	२७	१७
જગત્પત ?	જગત્પતે ?	१७	६	मियत्व	मित्त्व	२८	१७
अमृत्तेन	अमृतेन	१७	२७	उयत्तमं	उदुत्तमं	२८	२९
भतं	भूतं	१७	२७	पार्ति	पर्ति	२८	२
અથવૈ	અથર્વ	१७	३३	કરિતે	કરીને	२८	८
મણિયોની	મણિયોથી	१८	१	स्रवामां	સૂત્રામાં	२९	१९
मुषारथिः	सुषारथिः	१८	३	दार्त्तये	दार्त्तवे	३२	२७
कश्वानिय	रश्वानिव	१८	३	विषर्यय:	विपर्यय:	३३	२
वजिन	वाजिन	१८	५	છઠ્ઠા	છઠ્ઠી	३३	२२
द्रत्	हृत्	१८	७	નિચેના	નીચેનો	३५	२०
गर्व	गर्त्रे	१८	११	જવા	જવું	३५	२०
આવાંને-धावा	આ બંને-धावां	१८	१६	श्चन्द्र	चन्द्र	३७	२
पश्चाते	पश्चात्	१८	१७	श्चन्द्र	चन्द्र	३७	१३
नक्तेम	नक्तम्	१८	२३	स्वा	स्त्वा	३७	१६
				श्चन्द्र	चन्द्र	३७	२३
				अग्नये	अग्नये	३८	१५
				स्यामः	स्याम	३८	४

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
सूतु	सूतुं	૩૯	૭
का०	की०	૩૯	૧૦
समर्घय	समर्धय	૪૦	૧
वृकधि	वृकूधि	૪૦	૯
दिवस्यातु	दिवस्पातु	૪૦	૧૧
शुद्धो	शुद्धौ	૪૨	૨૩
ઔષધિયોના	ઔષધિયો	૪૩	૨૫
जरायुग	जरायुणा	૪૪	૩
એવા	એવી	૪૪	૨૫
કરાને	કરીને	૪૪	૩૧
તેમાંથા	તેમાંથી	૪૫	૨૧
तंदुलयस्य	तंदुलस्य	૪૫	૨૪
પુત્રના	પુત્રની	૪૬	૨૨
ચારા	ચાર	૪૭	૧૫
બ્રહ્મો	બ્રાહ્મી	૪૮	૧૭
ાદવસે	દિવસે	૪૯	૧૨
तन्वा	तन्त्वा	૫૦	૮
स्तेते	स्तेने	૫૦	૧૨
દામ ભાગના	દાય ભાગના	૫૧	૨૯
यज्ञपर्ति	यज्ञपार्ति	૫૩	૮
दूर्मित्रिया	दुर्मित्रिया	૫૩	૨૮
च	०	૫૩	૧૯
बोंधतु	बोधतु	૫૪	૫
तामिर्नो	ताभिर्नो	૫૪	૭
प्रजा	प्रजाः	૫૪	૧૪
હે। સ્ત્ર?	હે સ્ત્રિ?	૫૪	૩૧
વિાધ	વિધિ	૫૫	૧૧
રીતિ	રીતે	૫૫	૨૯
જયં	જ્યાં	૫૬	૧
સ્ત્રી	૦	૫૬	૨૫
स्वस्तयि	स्वस्तये	૫૬	૩૫
ધાર	વાર	૫૭	૧૨
જયા	જ્યાં	૫૮	૬
ताद्दिद्या	ताद्विद्या	૫૯	૩
सन्वाहने	सत्वाहने	૫૯	૧૪
જીએ	જીવિયે	૫૯	૨૦
वस्वा	वस्त्वा	૬૦	૧
मस्तृतं	ममृतं	૬૦	૬
મત્રો	મંત્રો	૬૧	૧૧
મત્રો	મંત્રો	૬૧	૨૦
રાખાને	રાખીને	૬૬	૧૭
દીર્ઘાયું	દીર્ઘાયુ	૬૬	૨૯
અન્નપાશન	અન્નપ્રાશન	૬૭	૧
મત્રો વડે	મંત્રો વડે	૬૮	૧૬
मूज्ञं	मूर्ज्ञं	૬૮	૨૨
देवी	देर्वी	૬૮	૨૫
शुष्मेणः	शुष्मिणः	૬૯	૧૫
માતા પતા	માતાપિતા	૬૯	૧૮
પરાક્રમાદ	પરાક્રમાદિ	૬૯	૨૬
चडाकर्म	चूडाकर्म	૭૦	૧
શાતિ	શાંતિ	૭૦	૧૪
મળ સોળ	મળી સોળ	૭૦	૧૭
उदकेनाहि	उदकेनैधि	૭૦	૨૨
सुश्लोक्याम	सुश्लोक्याय	૭૩	૨
રાખવા	રાખવું	૭૩	૨૮
ऽयायुषय०	ऽयायुषंज०	૭૩	૩૧
सावित्रिका	सावित्रिका	૭૫	૧
आभिक्षा	आमिक्षा	૭૫	૨૩
पृषे	पृष्ठे	૭૭	૧૧
मिष्ठा	मिष्ठा	૭૭	૧૪
स्ययनो	स्यायनो	૭૯	૧૨
હાથના	હાથનો	૮૩	૯
વેશોપક	વૈશેષિક	૮૫	૨૪
આાદ	આદિ	૮૯	૨૫
इदन्न	इदन्नमम	૯૧	૧૨
ાનઃસંદેહ	નિઃસંદેહ	૯૬	૨૯
वर्षाणि	वर्षाणि	૯૩	૮
चेदतस्मिन्	चेदेतस्मिन्	૯૩	૧૯
अभूत	अमृत	૯૬	૧૧
ાશક્ષા	શિક્ષા	૯૯	૨

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
ભણાવવી	ભણાવવા	૯૯	૮
ાનઘંટુ	નિઘંટુ	૯૯	૧૩
અહુચ	અહૃચ	૯૯	૨૮
સૂત્રના	સૂત્ર	૯૯	૩૨
છે	૦	૯૯	૩૮
ધતુર્પેદ	ધતુર્વેદ	૧૦૦	૭
મેળવવાને	મેળવીને	૧૦૧	૧
કરવા	કરવી	૧૦૧	૧૧
મૂકેલી	મૂકેલા	૧૦૨	૯
સંપાત્તને	સંપત્તિને	૧૦૩	૩૭
મંત્ર વડ	મંત્ર વડે	૧૦૪	૧૩
પુરૂષાથી	પુરૂષાર્થી	૧૦૫	૧૬
निच्छन्दो	निश्छन्दो	૧૦૬	૧૩
કુસમાં	કુલમાં	૧૦૭	૨૪
પુાષ્ટ	પુષ્ટિ	૧૦૯	૨૫
દુર્વ્યસનોનો	દુર્વ્યસનોને	૧૧૦	૨૨
ताम	ताम्	૧૧૪	૧૩
आनुष्टभेन	आनुष्टुभेन	૧૧૬	૩૦
મત્ર	મંત્ર	૧૧૬	૨
છુચ્છિષ્ટ	ઉચ્છિષ્ટ	૧૧૭	૩
स्वायुष्मतीद	स्वायुष्मतीदं	૧૧૮	૧૩
યઘ	યજ્ઞ	૧૧૮	૨૪
चक्षुपति	चक्षुरपति	૧૧૯	૧૦
विश्वेदेवः	विश्वेदेवाः	૧૧૯	૧૨
अघोरचक्षु	अघोरचक्षुः	૧૧૯	૧૮
चाम्मान्	चास्मान्	૧૨૦	૧૮
नूमन्यस्व	नुमन्यस्व	૧૨૦	૨૮
૪૧	૪૦	૧૨૩	૧
निद्राय	निन्द्राय	૧૨•	૨૫
कर्मणण्यस्यां	कर्मण्यस्यां	૧૨૪	૧
देवहूत्या	देवहूत्या -	૧૨૪	૧
कर्मण्यस्मिन्	कर्मण्यस्यां	૧૨૫	૫
शरद	शरदः	૧૨૮	૮
यथे मिन्द्र	यथेयमिन्द्र	૧૩૦	૧
વિધિની	વિધિનો	૧૨૦	૩

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
વધુન	વધુના	૧૩૦	૨૨
બોલવા	બોલવો	૧૩૧	૮
વિધ	વિધિ	૧૩૧	૨૧
આપવા	આપવી	૧૩૧	૩૦
न	ते	૧૩૧	૩૨
भुवाह	भुवाहं	૧૩૨	૧૧
पश्यमि	पश्यामि	૧૩૨	૧૨
अरुन्धत्यासि	अरुन्धत्यसि	૧૩૨	૧૨
यशोदाह	यशोदाहं	૧૩૨	૩૧
પોતાની	પોતાના	૧૩૩	૨૬
તણે	તેણે	૧૩૪	૩
पतिश्या	पतिश्यो	૧૩૪	૨૮
यथासो	यथासौ	૧૩૪	૨૨
ાનવાસ	નિવાસ	૧૩૫	૬
याथास्तं	याथारतं	૧૩૫	૧૨
दम्पति	दम्पती	૧૩૫	૨૯
रन्तिः	इहरन्तिः	૧૩૬	૨
रमस्व	इह रमस्व	૧૩૬	૩
ક્રમ	ક્રમે	૧૩૬	૮
सावित्र्ये	सावित्र्यै	૧૩૬	૧૨
घेहि	धेहि	૧૩૬	૧૪
श्वश्राम्	श्वश्र्वाम्	૧૩૬	૩૪
પ્રાજાત્યા	પ્રાજાપત્યા	૧૩૭	૨
પ્રીતપૂર્વક	પ્રીતિપૂર્વક	૧૩૭	૬
અભવમાં	અભાવમાં	૧૩૭	૧૨
ત્રાકયથી	વાકયથી	૧૩૭	૩૨
जती	जरती	૧૩૮	૨૪
श्वश्रवै	श्वश्र्वै	૧૩૮	૩૦
महित्या	महित्वा	૧૩૯	૧૪
शेषः	शेपः	૧૩૯	૧૭
જેગાં	જેમાં	૧૩૯	૩૦
स्योनघोने	स्योनाघोने	૧૩૯	૩૬
सुगहौ	सुगृहौ	૧૪૦	૭
ताराथ	तराथः	૧૪૦	૯
सद्	स	૧૪૦	૨૩

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
પર્યેન્ત	પર્યંન્ત	૧૪૦	૨૮
सांभनस्यम	सांमनस्यम्	૧૪૦	૨૩
सुबूधा	सुबुधा	૧૪૦	૨૫
વર	વૈર	૧૪૦	૩૭
भद्रय	भद्रया	૧૪૧	૬
अन्नेभागः	अन्नभागः	૧૪૧	૩૪
निघनम्	निधनम्	૧૪૨	૨૦
न्यं	यं	૧૪૨	૩૩
रसश्चाम्न	रसश्चाम्नं	૧૪૩	૭
क्षत्रं-ાવધાદિ	क्षत्रं-વિધાદિ	૧૪૩	૧૧
હમેશા	હમેશાં	૧૪૪	૪
पुमांसं	पुमांसं	૧૪૫	૧૩
ઉત્સવેમાં	ઉત્સવોમાં	૧૪૬	૧૫
સ્વરૂપ	સ્વરૂપ	૧૪૬	૩૬
ઠદી	કદી	૧૪૮	૧૯
માત્રને	માત્રના	૧૪૮	૨૭
સામનેદના	સામવેદના	૧૪૯	૧૮
संघेन	संगेन	૧૪૯	૨૮
આધક	અધિક	૧૫૦	૧૦
ગૃ છે	ગૃહ છે	૧૫૨	૧૨
સૂયાદિ	સૂર્યાદિ	૧૫૨	૧૪
પદ	પ્રદ	૧૫૨	૧૮
તમ	તમે	૧૫૨	૧૯
मघवन	मघवन्	૧૫૨	૨૬
પદ	પ્રદ	૧૫૨	૩૧
નાભની	નાભિની	૧૫૩	૧૧
હાથ	હાથ	૧૫૩	૧૪
श्रोत्र	श्रोत्रं	૧૫૩	૨૫
ओ०म	ओ३म्	૧૫૪	૧૩
०	ओ३म् सजूर्देवेन सवित्रा सजूरुषसे न्द्रवत्या॥ जुषाणः सूर्यावेतु स्वाहा	૧૫૫	૨૬
विघम	विधेम	૧૫૬	૧૪
બાલ	બલિ	૧૫૬	૨૦

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
मुपह्वय	मुपह्वये	૧૫૮	૫
क्रम्मार्णि	कर्मणि	૧૫૮	૬
नक्षायानि	नक्षानि	૧૫૮	૨૨
समन	સમાન	૧૫૯	૧૧
ભાગ	ભાગ	૧૬૦	૧૬
અઠ	આઠ	૧૬૦	૧૨
प्रतमुिचः	प्रति मुचः	૧૬૦	૩૦
દરવાજાંઓ	દરવાજાઓ	૧૬૧	૨૮
આપવી	આપવી	૧૬૨	૬
ભાંગની	ભાગની	૧૬૨	૧૫
स्वरस्वती	सरस्वती	૧૬૩	૮
कत्तार	कर्त्तार	૧૬૩	૧૪
संघौ	संघौ	૧૬૩	૨૫
આપવા	આપવી	૧૬૩	૨૯
वार	वीरा	૧૬૪	૧૦
આશાર્વાદ	આશિર્વાદ	૧૬૪	૧૬
પોતાન	પોતાને	૧૬૪	૧૬
પેતાની	પોતાની	૧૬૫	૧૨
ધભરાઇ	ગભરાઇ	૧૬૬	૭
अध्यथनम्	अध्ययनम्	૧૬૬	૨૩
कुसदिम्	कुसीदम्	૧૬૬	૨૭
પ્રતિથી	પ્રીતિથી	૧૬૭	૬
આશક્તિથી	આસક્તિથી	૧૬૭	૨૬
સામ	સામા	૧૬૮	૩૧
થય છે	થાય છે	૧૬૯	૧
सेवत	सेवेत	૧૬૯	૮
મળતુ	મળતું	૧૬૯	૨૭
અધર્મા	અધર્મી	૧૬૯	૨૮
ાનત્ય	નિત્ય	૧૭૦	૧૬
ચેરી	ચોરી	૧૭૦	૨૦
વેદાાદ	વેદાદિ	૧૭૦	૨૨
પં મહાયજ્ઞ	પંચમહાયજ્ઞ	૧૭૦	૨૩
પુરૂષે	પુરૂષો	૧૭૧	૪
ાનયત	નિયત	૧૭૧	૭
यरतु	यस्तु	૧૭૧	૧૦

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ
પ્રમણોથી	પ્રમાણોથી	૧૭૧	૧૬
કરવની	કરવાની	૧૭૨	૧૭
ધર્મમજ	ધર્મમાંજ	૧૭૨	૧૯
અત્મા	આત્મા	૧૭૨	૨૧
રાખવા	રાખવાં	૧૭૨	૨૨
अब्रूवन्	अब्रुवन्	૧૭૨	૩૭
ચળથી	છળથી	૧૭૩	૬
ધયલ	ઘાયલ	૧૭૩	૧૧
ધમ	ધર્મ	૧૭૪	૧૬
આદ્વતીય	અદ્વિતીય	૧૭૪	૨૨
મિત્ર મિત્ર	મિત્રામિત્ર	૧૭૪	૨૭
પ્રાતિથી	પ્રીતિથી	૧૭૪	૨૮
સવદા	સર્વદા	૧૭૪	૨૯
प्रवजेत्	प्रव्रजेत्	૧૭૫	૭
તિર્થ	તીર્થ	૧૭૫	૧૧
પ્રીતીને	પ્રીતિને	૧૭૫	૧૪
જીતેન્દ્રિયત્વદિ	જીતેન્દ્રિયત્વાદિ	૧૭૬	૯
ધર્મિક	ધાર્મિક	૧૭૬	૧૩
વાનપ્રસ્થાશ્રની	વાનપ્રસ્થાશ્રમની	૧૭૬	૨૦
પ્રતિ	પ્રીતિ	૧૭૬	૨૫
નીકલી	નીકળી	૧૭૭	૧૩
હમેશા	હમેશાં	૧૭૭	૨૨
ભીક્ષા	ભિક્ષા	૧૭૭	૨૫
સ્ત્રી	સ્ત્રી	૧૭૮	૧
સમીદાધાન	સમિદાધાન	૧૭૮	૬
जादिंत	अदिंत	૧૭૮	૬
આળગ	આગળ	૧૭૮	૭
ભાગહુતિ	ભાગાહુતિ	૧૭૮	૭
यज्ञेय	यज्ञेन	૧૭૮	૧૯
सोमभिन्द्रः	सोम मिन्द्रः	૧૭૯	૧૫
करिष्यन्	करिष्यत्	૧૭૯	૨૫
પ્રણાયામ	પ્રાણાયામ	૧૮૦	૪
वन्दन्	वदन्	૧૮૦	૭
સૌય	સૌમ્ય	૧૮૦	૧૨
સંન્યસિ	સંન્યાસી	૧૮૦	૧૩
पृते	मृते	૧૮૦	૨૫
સ્વતંત્રા	સ્વતંત્રતા	૧૮૦	૧૮
પવિત્રાત્મન	પવિત્રાત્મન્	૧૮૦	૨૦
પરમાત્મન	પરમાત્મન્	૧૮૦	૨૮
यम	यत्र	૧૮૧	૨
મહન્	મહાન્	૧૮૧	૨૦
અભીલાષિ	અભિલાષિ	૧૮૧	૨૮
निःक्रान्तः	निष्क्रान्त	૧૮૨	૨૪
ધ્નાનેના	ધ્યાનેના	૧૮૩	૧૪
પ્રજાપત્યેષ્ટિ	પ્રાજાપત્યેષ્ટિ	૧૮૪	૩
મધ	મઘ	૧૮૪	૨૦
વિધિવત્	વિધિવત્	૧૮૪	૩૪
આાદ	આદિ	૧૮૯	૧૫
प्रजापत्यं	प्राजापत्यो	૧૯૦	૬
સત્યચારે	સત્યાચારોને	૧૯૦	૧૧
सुचा	स्रुचा	૧૯૦	૨૭

ઓ૩મ્.

છપાઇ તૈયાર થયો છે. પ્રથમથી નામ નોંધાવો.

મહર્ષિ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજી વિરચિત.

વેદાદિસત્ શાસ્ત્રપ્રમાણ યુક્ત વૈદિક સાહિત્યનો અપૂર્વ ગ્રંથ.

સત્યાર્થ પ્રકાશ.

(ગુજરાતી અનુવાદ.)

પં. મયાશંકર શર્મા દ્વારા સર્વથા નવિન અનુવાદ કરાવેલી.

(સંશોધન પૂર્વક—બીજી આવૃત્તિ.)

છપાઇને તૈયાર થઈ ગઈ છે.

જીલ્દ બંધાઇ જાન્યુઆરી માસની આખરમાં મળી શકશે.

મૂલ્ય રૂ. ૧—૮—૦. પોસ્ટ ખર્ચ જુદું.

નામ નોંધાવો:—

જમનાદાસ નારણદાસ ચહાવાળા.

પુસ્તકાધ્યક્ષ. મું. પ્ર. આ. પ્ર. સભા.

કાકડવાડી-ગીરગામ. મુંબાઈ.